પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 5-6, August-September 2015, PAGES 172 PRICE 20/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩) અંક-૫-૬
ઑગષ્ટ, સપ્ટેમ્બર, ૨૦૧૫ • પાના ૧૭૨ • કીમત રૂા. ૨૦/-


સામાયિક


ચઉવિસત્થો


વાંદણા


પ્રતિક્રમણ


કાર્યોત્સર્ગ


પ્રત્યાખ્યાન

## જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ

સામાયિક
ચઉવિસત્થો
વાંદણા

પ્રતિક્રમણ
કાર્યોત્સર્ગ
પ્રત્યાખ્યાન

अहिंसा
परस्परोपग्रहो जीवानाम्


હિન્દુ ધર્મ


સ્વામિનારાયણ ધર્મ


બૌદ્ધ ધર્મ


ખ્રિસ્તી ધર્મ


ઈસ્લામ ધર્મ


નાથ સંપ્રદાય

## જિન-વચન

**ક્રોધ અને માનનો ત્યાગ કરે છે તે પૂજ્ય છે.**

तहेव डहरं व महल्लगंवा इत्थी
वुमं पव्वइयं गिहिं वा ।
नो हीलए नो वि य खिंसएज्जा
थंभं च कोहं च चए स पुज्जो ।।
(द. ९-(३)-८)

બાળક હોય કે મોટા માણસ, સ્ત્રી હોય કે પુરુષ દીક્ષિત હોય કે ગૃહસ્થ, ગમે તે હોય, પરંતુ જેઓ કોઈની નિંદા કરતા નથી કે તિરસ્કાર કરતા નથી, તેમ જ જેઓ ક્રોધ કે માનનો ત્યાગ કરે છે તેઓ પૂજ્ય છે.

Whether a child or an elderly person, a man or a woman, a monk or a householder-Whoever he or she may be, but the one who neither backbites nor hates other and who neither loses temper nor becomes arrogant, commands respect.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઓગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### અપરાધ ખમાવવા ઉપર કથા

ઉજ્જયિની નગરીમાં ચંડરૂદ્રાચાર્ય નામે આચાર્ય હતા. કર્મયોગે આચાર્યશ્રી શિષ્યોની સ્ખલના સહન કરી શકતા ન હતા. આથી તેમને ઘણો સંતાપ થતો અને ક્રોધી થઈ જતા. આ ક્રોધ એ પોતાનો મહાન દોષ છે, તે એ સમજતા હતા. આવા દોષના પ્રસંગો વારંવાર ન બને તે માટે સમુદાયથી થોડે દૂર રહેતા.

એક દિવસ પાંચ-સાત તોફાની યુવાનો મજાક-મસ્તી કરતા ત્યાં આવી પહોંચ્યાં. એમની સાથે નવો પરણેલો ભદ્રસેન નામનો એક યુવાન હતો. યુવાનોએ મશ્કરી કરતા કરતા સાધુઓને કહ્યું કે, 'અમારા આ મિત્રને દીક્ષા આપો, તેનું માથું મુંડી નાખો.' સાધુઓ સમજી ગયા કે આ યુવકો ફક્ત ટીખળ કરવા આવ્યા છે. સાધુ સમુદાયે અલગ બેઠેલા ગુરુ મહારાજને બતાવ્યા અને તેમની પાસે જવાનું કહ્યું.

એટલે એ ટોળકી આચાર્યશ્રી ચંડરૂદ્રસૂરિજી પાસે આવીને પણ તેવી જ રીતે ભદ્રસેનની મશ્કરી કરવા લાગ્યા. તેથી આચાર્યશ્રીને ક્રોધ આવતા રાખોડી મંગાવી. ભદ્રસેનના માથે ચોળી વાળનો લોચ કરી નાખ્યો અને નવા પરણેલા ભદ્રસેનને દીક્ષા આપી દીધી. આથી સાથે આવેલા મિત્રો સ્તબ્ધ થઈ ગયા અને ત્યાંથી નાસી ગયા.

નવ દીક્ષિત ભદ્રસેન સાધુએ આચાર્યને કહ્યું, 'ગુરુજી તમે મારા મિત્રોએ મશ્કરીમાં કહેવાથી મને દીક્ષા તો આપી દીધી પરંતુ મારા લગ્ન તો તાજેતરમાં જ થયેલા છે. મારા સાસરિયાને મારી દીક્ષાની વાતની ખબર પડશે તો તરત જ તેઓ અહીં આવીને ધમાલ કરશે માટે આપણે બંને અહીંથી દૂર જતા રહીએ. એમ કહી, રાત્રિના સમયે આચાર્યશ્રી વયોવૃદ્ધ હોવાથી, પોતાના ખભે બેસાડી ત્યાંથી ચાલી નીકળ્યા. અંધારી રાત્રિ હોવાથી ઊંચા નીચા રસ્તામાં ચાલતા ગુરુ મહારાજને આંચકા લાગતા હતા. તેથી ગુરુ મહારાજને ક્રોધ આવતા પોતાના હાથમાં રહેલો ડાંડો નવદીક્ષિત ભદ્રસેનના માથામાં માર્યો. તાજો જ લોચ કરેલો હોવાથી શિષ્યના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. ત્યારે નવદીક્ષિત શિષ્ય સમતા રાખી, મનમાં ચિંતવે છે કે મારા લીધે ગુરુ મહારાજને ખૂબ કષ્ટ થાય છે, મારાથી ગુરુને ઘણી અશાતા થાય છે. એમ નૂતન મુનિ પોતાના દોષોને જોતાં ગુરુ ભક્તિથી શુભ ધ્યાને ચડ્યા અને ક્ષપક શ્રેણી પર ચડીને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાની એવા ભદ્રસેન મુનિને જ્ઞાનના યોગે રસ્તો બરાબર દેખાતા તે ગુરુને આંચકો ન આવે તેવી રીતે બરાબર ચાલવા લાગ્યા. તેથી આચાર્યશ્રીએ પૂછ્યું, 'તું હવે આ અંધારી રાત્રિ હોવા છતાં કેવી રીતે બરાબર ચાલવા માંડ્યો.' શિષ્યે નમ્રતાથી કહ્યું, 'આપની કૃપાથી, જ્ઞાનથી હવે રસ્તો બરાબર જાણી શકાય છે.' ગુરુએ પૂછ્યું, 'જ્ઞાન પ્રતિપાતી કે અપ્રતિપાતી છે.' શિષ્યે કહ્યું, 'અપ્રતિપાતી.' આ સાંભળતાં જ આચાર્યશ્રી ભદ્રસેન મુનિના ખભા ઉપરથી ઉતરી ગયા અને કેવળજ્ઞાની શિષ્યને ખમાવે છે. પોતાથી થઈ ગયેલ ક્રોધના કારણે જે અપરાધ થયો તે માટે તેઓ અત્યંત પશ્ચાતાપ કરે છે. પશ્ચાતાપ કરતા પોતાની જાતની નિંદા, ગર્હા કરતા કરતા આચાર્યશ્રી શુભ ધ્યાને ચઢે છે અને ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ કેવળજ્ઞાન પામ્યા. આવી રીતે ભાવપૂર્વક પશ્ચાતાપ કરતા, ખામણા ખામતા અનેક ભવ્ય જીવો કેવળજ્ઞાન પામ્યા છે. * * *

<u>પારિભાષીક શબ્દના અર્થની સમજણ :</u>

ક્ષપક શ્રેણી = મોહનીય કર્મનો ક્ષય કરતો સાધુ ૮થી ૧૨ ગુણસ્થાન પર આરુઢ થાય છે એ ક્ષપક શ્રેણી કહેવાય.

અપ્રતિપાતિ= અવધિજ્ઞાનનો એક પ્રકાર જે આવ્યા પછી જાય નહિ. કેવળજ્ઞાનની ઉત્પત્તિ સુધી ટકી રહે.

ગુણસ્થાન = મોહ તથા મન, વચન, કાયાની પ્રવૃત્તિને કારણે જીવના અંતરંગ પરિણામોમાં હાનિ-વૃદ્ધિનું નામ ગુણસ્થાન છે. સમ્યગ્ દર્શનાદિ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશેષ તે ગુણસ્થાન. સામાન્ય અલ્પ વીતરાગ પરિણામથી માંડીને ઉત્કૃષ્ટ પરિણામોની વૃદ્ધિના ક્રમને ૧૪ શ્રેણીમાં વિભાજિત કર્યું છે તે ૧૪ ગુણસ્થાન છે.

– ડૉ. રશ્મિ ભેદા

# પ્રબુદ્ધ જીવન

## જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક | ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫

### સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | પરમને પામવાની બે પાંખો – જ્ઞાન અને ક્રિયા (તંત્રી લેખ) | ડૉ. ધનવંત શાહ | ૫ |
| ૦૨. | આ વિશેષાંકની દ્વય વિદુષી સંપાદિકા ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા અને શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ | ડૉ. ધનવંત શાહ | ૮ |
| ૦૩. | અંતરના ઓવારેથી...(સંપાદિકાની કલમે) | ડૉ. રશ્મિ ભેદા–ભારતી બી. શાહ | ૯ |
| ૦૪. | અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયા | ડૉ. રશ્મિ ભેદા | ૧૧ |
| ૦૫. | છ આવશ્યક ક્રિયાઓ અને તેની આવશ્યકતા | ભારતી શાહ | ૧૪ |
| ૦૬. | છ આવશ્યકની ઓળખ | ભારતી શાહ | ૧૭ |
| ૦૬. | પહેલું આવશ્યક : સામાયિકનો ઇતિહાસ | ભારતી શાહ | ૧૭ |
| ૦૭. | બીજું આવશ્યક : ચતુર્વિંશતિસ્તવ | ડૉ. રશ્મિ ભેદા | ૨૬ |
| ૦૮. | ત્રીજું આવશ્યક : વંદના | ડૉ. રશ્મિ ભેદા | ૩૦ |
| ૦૯. | ચોથું આવશ્યક : પ્રતિક્રમણ | ભારતી શાહ | ૩૪ |
| ૧૦. | પ્રતિક્રમણ મહાયોગ | ભારતી શાહ | ૪૦ |
| ૧૧. | પંચ પ્રતિક્રમણમાં આવતાં મુખ્ય સૂત્ર-સાર-સંક્ષિપ્ત | ભારતી શાહ | ૪૨ |
| ૧૨. | આંગળી એક : સંકેત અનેક : ગાથા એક : વંદન અનેક | ભારતી શાહ | ૪૩ |
| ૧૩. | પાંચમું આવશ્યક : કાયોત્સર્ગ | ભારતી શાહ | ૪૫ |
| ૧૪. | છઠ્ઠું આવશ્યક : પ્રત્યાખ્યાન | ડૉ. કુમારપાળ દેસાઈ | ૫૦ |
| ૧૫. | આવશ્યક કરણીય 'ષડ્ આવશ્યક' | પૂ.પં. ડૉ. અરુણવિજયજી મ. | ૫૪ |
| ૧૬. | આચાર્ય મહાપ્રજ્ઞની આગવી દૃષ્ટિમાં સામાયિકની મહત્તા | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૬૨ |
| ૧૭. | સાધક જીવન અને આવશ્યક ક્રિયાઓ | ડૉ. સુનંદાબેન વહોરા | ૬૫ |
| ૧૮. | ષડ્ આવશ્યક અને જીવન સાથે જોડાણ | ડૉ. કેતકી શાહ | ૬૯ |
| ૧૯. | આવશ્યક ક્રિયાઓનું અર્થઘટન | યાત્રિકભાઈ ઝવેરી | ૭૨ |
| ૨૦. | સંવર – નિર્જરા ઉભય ધર્મ સાધક – ષડાવશ્યક | સૂર્યવદન જવેરી | ૭૮ |
| ૨૧. | આવશ્યક સૂત્રની ક્રિયાઓ–આધ્યાત્મિક, સામાજિક, યોગિક અને વૈજ્ઞાનિક પરિપેક્ષમાં | ગુણવંત બરવાળિયા | ૮૩ |
| ૨૨. | આવશ્યક ક્રિયાનું ભૌતિક, આધ્યાત્મિક ફળ અને વર્તમાને તેની ઉપયોગિતા | પારુલ ગાંધી | ૮૭ |
| ૨૩. | દિગંબર માન્યતા પ્રમાણે – સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના | પંડિત ફૂલચંદ શાહ | ૯૨ |
| ૨૪. | પ્રતિક્રમણ ક્રિયાને અંગે કેટલીક શંકાઓ અમે તેના સમાધાન | સંકલન : ડૉ. રશ્મિ ભેદા | ૯૫ |
| ૨૫. | આવશ્યક સૂત્રના શુદ્ધ પાઠો | પ્રવર્તક મુનિ મૃગેન્દ્રવિજયજી | ૯૮ |
| ૨૬. | છ આવશ્યકની આરાધનાથી થતા લાભો | ડૉ. ઉત્પલા મોદી | ૧૦૧ |
| ૨૭. | જૈન ધર્મની છ આવશ્યક ક્રિયાઓનો હેતુ | ડૉ. ભદ્રા શાહ | ૧૦૪ |
| ૨૬. | પ્રતિક્રમણ : એક સર્વાંગી ચિકિત્સક | ડૉ. રક્ષા શાહ | ૧૦૮ |
| ૨૭. | લઘુ પ્રતિક્રમણની મહત્વતા | ભારતી શાહ | ૧૧૧ |
| ૨૮. | હિંદુ સનાતન ધર્મમાં પંચ મહાયજ્ઞની ભાવના | ડૉ. નરેશ વેદ | ૧૧૨ |
| ૨૯. | સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય કરાતા ભક્તિસભર આહ્નિકો | સાધુ અક્ષરવત્સલદાસ | ૧૧૫ |
| ૩૦. | નાથ સંપ્રદાય અને તેની સાધના | સુરેશ ગાલા | ૧૧૯ |
| ૩૧. | બૌદ્ધ ધર્મસાધના : બોધિચર્યા | ડૉ. નિરંજના વોરા | ૧૨૨ |
| ૩૨. | વિપશ્યના ધ્યાન – એક પરિચય | પ્રીતિ દેઢિયા | ૧૨૭ |
| ૩૩. | ખ્રિસ્તી ધર્મ | ડૉ. થોમસ પરમાર | ૧૨૯ |
| ૩૪. | ઈસ્લામ ધર્મ | રમઝાન હાસણિયા | ૧૩૩ |
| ૩૫. | પતંજલિ પ્રણીત ક્રિયાયોગ | શ્રી ભાણદેવ | ૧૩૮ |
| ૩૬. | આવશ્યક ક્રિયાસાધના અને આપણું વર્તમાન જીવન | મુનિશ્રી ત્રિલોક્યમંડન વિજય | ૧૪૨ |
| ૩૭. | વંદનવિધિ– અન્ય દર્શનોની ધર્મ પ્રણાલિ | ડૉ. રતનબેન છાડવા | ૧૪૫ |
| ૩૮. | પર્યુષણ વ્યાખ્યાન પ્રસંગે આર્થિક સહયોગ નક્કી કરેલ સંસ્થા : વિશ્વનીડમ્–રાજકોટ | — | ૧૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૯. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૧૪૮ |
| ૪૦. | ભાવ-પ્રતિભાવ | — | ૧૪૯ |
| ૪૧. | હમારે સાધર્મિક પરિવારકી ઉપેક્ષા મત કરેં ! | પૂ. મુનિશ્રી નયપદ્મસાગરજી મહારાજ | ૧૫૨ |
| ૪૨. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : આર્થિક સહાય મેળવનાર સંસ્થાના નામોની યાદી | — | ૧૫૩ |
| ૪૩. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યવાહક સમિતી | — | ૧૫૪ |
| ૪૪. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અન્ય પ્રવૃત્તિઓ | — | ૧૫૫ |
| ૪૫. | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૫૬ |
| ૪૬. | સમણ સુત્તની જ્ઞાન યાત્રા | — | ૧૫૮ |
| ૪૭. | Significance of Six Aavasyaks | Dr. Kokila Shah | 161 |
| ૪૮. | Seeker's Diary : Kram Against Karma | Reshma Jain | 163 |
| ૪૯. | Enlighten Yourself by self-study of Jainology lesson 7 (2) | Dr. Kamini Gogri | 167 |
| ૫૦. | Shravak Katha : Champa Shravika | Aacharya Vatsalyadeep Suriji<br>Trannslation Pushpa Parikh | 169 |
| ૫૧. | The Story of Puniya Shravak and his Samayika Vrata | Dr, Renuka Porwal | 170 |
| ૫૨. | Samayika Vrta of Puniya Shravak (Pictorial Feature) | Dr, Renuka Porwal | 171 |
| ૫૩. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળા | — | ૧૭૨ |


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**

**પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદીત**
**શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત**
**શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત**<br>અંગ્રેજી ભાષામાં જૈનીઝમ :<br>કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **ઈલા દીપક મહેતા સંપાદિત**<br>**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**<br>મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી<br>ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં. ૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩(કુલ વર્ષ ૬૩) ● અંક : ૫-૬ ● ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● શ્રાવણ-ભાદ્રપદ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક : ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૫

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●  ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશિષ્ટ અંકની માનદ વિદુષી સંપાદિકા

ડૉ. રશ્મિબેન ભેદા – શ્રીમતી ભારતીબેન શાહ

## પરમને પામવાની બે પાંખો

# જ્ઞાન અને ક્રિયા

તંત્રી સ્થાનેથી...✍

### *જ્ઞાન-ક્રિયા દોઉ મિલત રહતું હૈ, જ્યું જલ રસ જલમાંહિ*

આ અંકના સૌજન્યદાતા

શ્રી સી કે. મહેતા પરિવાર

પુણ્ય સ્મૃતિ

પ. પૂ. પંન્યાસ ભદ્રંકર વિજયજી મ. સા.

જેમ પાણી અને પાણીનો સ્વાદ એકમેકના બની રહે છે, એમ જ્ઞાન અને ક્રિયા એકમેકના બની રહે. આપણે ત્યાં પૂજા-પાઠ શબ્દ પ્રચલિત છે. પૂજા એટલે ક્રિયા અને પાઠ એટલે સ્વાધ્યાય-જ્ઞાન. એ બેઉનું સાથે આચમન થાય તો જ પૂર્ણ પરમ પ્રાપ્ત થાય. કોઈ કહે પાણી પીતા પીતા એનો સ્વાદ નહિ લઉં તો એ શક્ય નથી, એવી જ રીતે માત્ર સ્વાદ લેવો છે પણ પાણી નથી પીવું એવો આગ્રહ રાખે તો એ શક્ય ન જ બને.

હું આપને માત્ર નમસ્તે શબ્દોથી કહું અને સાથોસાથ બે હાથ ન જોડું તો મારું નમન આપને નથી પહોંચવાનું, એ જ રીતે માત્ર હાથ જોડું અને શબ્દ ન બોલું તો મારો ભાવ પૂર્ણતઃ આપને નથી પહોંચવાનો.

માત્ર ક્રિયામાં જ રચ્યા પચ્યા રહેવાથી તત્ત્વનું જ્ઞાન થતું નથી એ જ રીતે માત્ર શુષ્ક જ્ઞાનમાં રચ્યા પચ્યા રહેવાથી પરમ પદ પાસે પહોંચાતું નથી.

પૂજ્ય શ્રીમદ્‌જીએ યથાર્થ ગાયું છે :

*કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,*
*માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.*
*બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ*
*જ્ઞાન માર્ગ નિષેધતા, તે ક્રિયા જડ આંઈ.*

જ્ઞાન અને ક્રિયા પરસ્પર ઉપકારક છે. એટલે જ ઉપાધ્યાયજીએ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai–jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

કહ્યું છે :

*જ્ઞાન સકલ નય સાધન સાધો!*
*ક્રિયા જ્ઞાન કી દાસી.*

જ્ઞાન બધા જ નયોની સિદ્ધિને સાધી આપનાર છે અને ક્રિયા એ જ્ઞાનની દાસી છે. માલિકને જેમ દાસી વિના ન ચાલે તેમ જ્ઞાનીને ક્રિયા વિના એક ક્ષણ પણ ન ચાલે, જ્ઞાનની પાછળ ક્રિયા આવે જ. જ્યાં ક્રિયાની ઉપેક્ષા છે, ક્રિયાનો અનાદર છે ત્યાં વાસ્તવિક જ્ઞાન નથી. એ જ રીતે દાસીને જેમ માલિકની નોકરી વિના ન ચાલે તેમ ક્રિયાકુશળને જ્ઞાન વિના એક ક્ષણ પણ ન ચાલે. ક્રિયા જ્ઞાનને અનુસરે જ. જ્યાં જ્ઞાનની ઉપેક્ષા છે, જ્ઞાનનો અનાદર છે ત્યાં વાસ્તવિક ક્રિયા નથી.

પરમ પદને પામવા માટે જ્ઞાન કે ક્રિયા કોઈ પણ એકનો છેદ ઉડાડી ન શકાય. જ્ઞાની કાંઈ ક્રિયા ન કરે, માત્ર મૌન સેવે, અક્રિયામાણ બને તો એ મુદ્રા પણ એક ક્રિયા છે. એટલે અંતે તો જ્ઞાન ક્રિયામાં અને ક્રિયા જ્ઞાનમાં ઓગળી જાય છે. પછી તો પરમ પૂજ્ય હરિભદ્રસૂરિએ 'પ્રશમરતિ' ગ્રંથમાં કહ્યું છે તેમ-

ज्ञानस्य फलं विरतिः।

જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિ એટલે વિગત: रति, इति. વૈરાગ્ય, ત્યાગ, પાપની પ્રવૃત્તિથી અટકવું અને ત્યાગપ્રધાન જીવન જીવવું.

જીવન જીવવા માટે જેમ શ્વાસોચ્છ્‌શ્વાસની જરૂર છે, શરીર નિર્વાહ માટે આહાર જરૂરી છે એમ આધ્યાત્મિક ક્ષેત્રમાં જીવનને ઉચ્ચત્તમ કરવા માટે, આત્મિક વિકાસ માટે, જીવનમુક્તિ માટે અવશ્ય કરવાની ક્રિયા તે આવશ્યક સૂત્ર-જે આગમ સૂત્ર છે. જૈન ધર્મમાં આ છ આવશ્યક સામાયિક, ચર્તુવિંશતીસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ. અન્ય ધર્મમાં ત્રિકાળ સંધ્યા, નમાજ, વિપશ્યના, પ્રાર્થના વગેરે.

લગભગ છ માસ પહેલાં ભારતીબેને મને એમનો પ્રતિક્રમણ સામાયિક ઉપરનો દીર્ઘ લેખ વાંચવા મોકલ્યો. એ લેખની ફોન ઉપર ચર્ચા કરતાં કરતાં ક્રિયા અને જ્ઞાનની ચર્ચા કરતી વખતે મારા મનમાં સમાંતરે ક્રિયા વિશે ચિંતન આરંભાયું જે જૈન ધર્મની ષડ્ આવશ્યક ક્રિયાઓ સુધી મને લઈ ગયું. મારું મન ક્રિયા કરતા સ્વાધ્યાય તરફ વિશેષ ઢળેલું એટલે આ ક્રિયા વિષયથી હું વિશેષ જ્ઞાત નહિ, પરંતુ એના મહત્ત્વને અવશ્ય જાણું એટલે એ સમયે જ મનમાં નક્કી કર્યું કે ધર્મ ક્રિયાઓ વિશે એક વિશેષ અંક પ્રકાશિત કરવો.

ભારતીબેને પ્રેરણા આપી, અને વાતવાતમાં મેં આ વિષયમાં એમની સજ્જતા જાણી લીધી. આ વિષયમાં ઊંડા ઉતરતા મને લાગ્યું કે આ તો જ્ઞાનનો સાગર ખેડવા જેવું વિકટ કામ છે. બે હલેસાં તો જોઈએ જ.

એક દાયકાથી ડૉ. રશ્મિબેનની જ્ઞાનયાત્રા અને જૈન સાહિત્ય પ્રત્યેની એમની નિષ્ઠાથી હું પરિચિત. એટલે મિત્ર ભાવે બસ, મેં એમને આ અંકના સહસંપાદનનો આદેશ જ આપી દીધો, જે હોંશે હોંશે એમણે સ્વીકાર્યો.

આ વિષયમાં અમે જેમ જેમ ઊંડા ઉતરતા ગયા, તેમ તેમ વિષયનો વ્યાપ મોટો થતો ગયો. જૈન ઉપરાંત અન્ય ધર્મની ક્રિયાઓ વિશે પણ જ્ઞાન પીરસવાનું હતું, વિદ્વાન લેખકો પાસેથી સમયસર લેખો પ્રાપ્ત કરવાના વગેરે વગેરે મોટું ફલક થતું ગયું, પણ આ બેઉ વિદુષી બહેનોએ સ્વસ્થતાપૂર્વક આ ભગીરથ કામ પાર પાડી આપણને આ દળદાર વિશિષ્ટ અંક અર્પણ કર્યો. આપણે સૌ આ વિદુષી બહેનોને ધન્યવાદ અર્પી અભિનંદનની વર્ષા કરીએ.

આ ક્રિયા અને જ્ઞાન વિશેનું વિશેષ મહત્ત્વ મારા જીવનમાં એક કન્યાએ રોપ્યું હતું. જે ગર્ભિત રીતે આજે આ અંક માટે પ્રેરક અને પ્રોત્સાહક બન્યું છે એટલે એ પ્રેરક ઘટનાની અહીં નોંધ ન લઉં તો હું કૃતઘ્ન ગણાઉં. પૂ. શ્રીમદ્જીએ વચનામૃતમાં કૃતઘ્નતાને મહાદોષ કહ્યો છે. ઘટના આવી હતી:

લગભગ પંદરેક વરસ પહેલાં મારી પુત્રી પ્રાચીની મુસ્લિમ મિત્ર લુબ્ના, એનો પરિવાર પરદેશ હોવાથી વેકેશનમાં એ અમારા ઘરે જ રહે, અમારા પરિવારના સભ્યની જેમ. એક વખત વહેલી સવારે કોઈ પુસ્તક લેવા હું મારા દિવાનખાનામાં ગયો, ત્યાં લુબના બેઠી હતી, થોડી બેચેન હતી. મેં વાત્સલ્યથી કારણ પૂછ્યું. કહે કે કાલે સવારે એની પરીક્ષા છે અને રાત્રે ફોન ઉપર એની મમ્મીએ એને કહ્યું હતું કે વહેલી સવારે એ ખાસ નમાજ પઢે. મેં કહ્યું, 'તો ખુશીથી નમાજ પઢ, કાંઈ તકલીફ છે?' મને કહે, '.... પણ મારી પાસે કુરાન નથી, હોસ્ટેલમાં ભૂલી ગઈ છું, કુરાન (જ્ઞાન) વગર આ ખાસ નમાજ (ક્રિયા) ન પઢાય.' મેં કહ્યું, 'જો આ સામે તો કુરાન છે,' અને મારા પુસ્તકોના કબાટમાં મૂકેલું કુરાન મેં એને બતાવ્યું. એક જૈનના ઘરમાં કુરાન જોઈને એ આશ્ચર્યચકિત થઈ ગઈ! હવે પોતાથી પ્રાર્થના-નમાજ થઈ શકશે એ વિચારથી એ યુવતી ભાવવિભોર બની ગઈ.

હવે આ કુરાન મારા ઘરમાં ક્યાંથી આવ્યું? બે લીટીમાં એ વાત પણ કહી દઉં. એક વખત મુંબઈના ક્રોસ મેદાનમાં ભરાયેલા પુસ્તક મેળામાં હું ગયો હતો, ત્યાં અંદર એક સ્ટોલમાં મેં ગુજરાતી-અરબીમાં કુરાન જોયું. હું ઘણાં વખતથી ગુજરાતીમાં કુરાન શોધતો હતો. એ પુસ્તક લેવાનું નક્કી કર્યું. કિંમત રૂા. ૫૦૦/- પણ મારા ખિસ્સામાં પૈસામાં ન હતા. હું બહાર ગયો, મારી ગાડી પાસે જઈ મારા ડ્રાઈવરને અબ્દુલને પૂછ્યું, 'તારી પાસે ૫૦૦ રૂા. છે?' અબ્દુલે તરત જ મને પાંચસો રૂા. આપ્યા, તે દિવસે જ એને પગારની રકમ મળી હતી,

● ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-(U.S. $ 20) ● ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/-(U.S. $ 50) ● ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-(U.S. $ 80)
● ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/-(U.S. $180) ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.

અને એ કુરાન લઈને હું ગાડીમાં બેઠો. અબ્દુલે જાણ્યું કે એણે મને ઉછીના આપેલા રૂા.માંથી મેં કુરાન લીધું છે, ત્યારે એ ગદ્‌ગદિત બની ગયો. ઘરે જઈને ગાડીની ચાવી આપવા એ ઉપર આવ્યો ત્યારે પત્ની પાસેથી રૂા. ૫૦૦/- લઈને મેં અબ્દુલને આપ્યા, પણ એણે ધરાર એ ન લીધા. ત્યારે એનો પગાર રૂા. એક હજાર જ હતો.

કઈ ઘટના ક્યારે કેવી નિમિત્ત બને છે અને શું સબક આપે છે, આપણા જીવનના કયા પ્રસંગ પાસે દોરી જવાની છે એ આપણે ક્યાં જાણીએ છીએ? એટલે જે પળે જે બને એ સ્વીકારવું. ફળમાં છુપાયેલું બીજ દેખાય છે?

જૂઓને આપણે ક્યાંથી ક્યાં પહોંચી ગયા?

'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંકો સર્જાય છે એનો સંપૂર્ણ યશ જિજ્ઞાસુ વાચકોને છે, એ અંકના સંપાદકોને છે.

આવા અંકો તૈયાર કરવામાં વિશેષ પુરુષાર્થ તો અમારા જવાહરભાઈ અને પુષ્પાબહેન કરે છે. એમનો આભાર કઈ રીતે માનું? અને અમને પૂરતો સહકાર આપે છે અમારા નિષ્ઠાવાન કાર્યકરો, પ્રવીણભાઈ, અશોક અને હરિચરણ.

પર્યુષણ પર્વના મહાન દિવસોમાં આપના કરકમળમા આ અંક અર્પણ કરતા અમે કૃતાર્થતા અનુભવીએ છીએ. આ આનંદ ભાગ્યશાળીને જ મળે, અમે આવા ભાગ્યશાળી છીએ અમારા પ્રબુદ્ધ વાચકોને કારણે.

આશા છે કે આ ક્રિયાઅંક આપ સર્વને ઉપયોગી થશે અને જ્ઞાન અને ક્રિયાની બે પાંખોનું મહત્ત્વ આપને સમજાશે, જે પરમ પદની પ્રાપ્તિ તરફ આપણને સૌને ગતિ કરાવશે.

આપ અને સાધક વાચકોને અમારી ત્રિયોગ વંદના. સવ્વે સિરસા, મણસા, મત્થેણ વંદામિ. શારીરિક વંદના, શબ્દથી માનસિક વંદના અને વાચિક વંદના.

આ અંકમાં જે કાંઈ ક્ષતિ હોય તો અમને ક્ષમા કરશો.

ખામેમિ સવ્વ જીવે
સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તિ મે સવ્વ ભૂએ સુ,
વેર મજ્ઝં ન કેણઈ,
મિચ્છામિ દુક્કડં

❑ ધનવંત શાહ
dtshah1940@gmail.com

## અવસર ૨૩ મો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રત્યેક બે વર્ષે જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરે છે અને એમાં મોટી સંખ્યામાં જૈન સાહિત્યના વિદ્યા ઉપાસકો ઉપસ્થિત રહી પોતાનો શોધ નિબંધ પ્રસ્તુત કરે છે.

૨૩મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન ફેબ્રુઆરી-૨૦૧૬માં કરવાનું વિચારેલ છે. સ્થળ અને ચોક્કસ તારીખોની વિગત નવેમ્બર-૨૦૧૫ સુધીમાં નક્કી થશે.

વિદ્વદ્‌જનોને પોતાના નિબંધનું સમારોહમાં પઠન કરવા સંતોષકારક સમય મળી રહે તે માટે ૨૩મો જૈન સાહિત્ય સમારોહ ચાર દિવસ માટે યોજવાનું વિચારેલ છે.

સમારોહમાં નિબંધ પ્રસ્તુતકર્તા વિદ્વદ્‌જનોને પોતાના સ્થળેથી સમારોહના સ્થળ સુધી આવવા-જવાનો પ્રવાસ ખર્ચ (શ્રી ટાયર એસી) રેલ્વે ટીકીટનું ભાડું આ સંસ્થા આપશે. ઉપરાંત પુરસ્કાર પણ અર્પણ કરાશે.

વિદ્વાન લેખકોને પોતાનો શોધ નિબંધ તૈયાર કરવા માટે પુરતો સમય મળે એટલા માટે ૨૩મા જૈન સાહિત્ય સમારોહના વિષયની વિગતો નીચે દર્શાવેલ છે.

| વિષય | માર્ગદર્શક | મોબાઈલ નંબર | ફોન નંબર |
|---|---|---|---|
| જૈન આગમ સાહિત્ય વિશેનું સાહિત્ય | શ્રી ગુણવંત બરવાળિયા | ૦૯૮૨૦૨૧૫૫૪૨ | ૦૨૨-૨૫૦૧૦૬૫૮ |
| જૈન તીર્થ સાહિત્ય | ડૉ. અભય દોશી | ૦૯૮૯૨૬૭૮૨૭૮ | |
| બાર ભાવના અને ચાર પરાભાવના | ડૉ. માલતીબેન કે. શાહ | ૦૯૮૨૪૮૯૪૬૬૯ | (૦૨૭૮) ૨૨૦૫૯૮૬ |
| જૈન સજ્ઝાઈ–દીર્ઘ એક અથવા નાની પાંચ | ડૉ. સેજલબેન શાહ | ૦૯૮૨૧૫૩૩૭૦૨ | |

નિબંધ સંશોધનાત્મક અને ઓછામાં ઓછા ૧૫ પાનાનો હોવો આવશ્યક છે.

પોતાનો વિષય નક્કી કરતા પહેલાં ઉપરોક્ત મહાનુભાવો સાથે પોતાના વિષયની ચર્ચા કરવા નમ્ર વિનંતી.

આપના વિષયનું રજિસ્ટ્રેશન ઉપરના મહાનુભાવો પાસે ૩૦ નવેમ્બર-૨૦૧૫ સુધી થઈ જવું જરૂરી છે જેથી વિષયની પુનરોક્તિ ન થાય.

વિષયની પસંદગી થયા પછી વિષયનું શીર્ષક અમને તુરત પત્ર/ઈ-મેઈલથી જણાવશો.

વધુ માહિતી માટે સમારોહના **સંયોજક ડૉ. ધનવંત શાહ**નો ૯૮૨૦૦૦૨૩૪૧ ઉપર તેમજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ. ૦૨૨-૨૩૭૫૯૧૭૯-૨૩૭૫૯૩૯૯ નો સંપર્ક કરવા વિનંતિ.

## આ વિશિષ્ટ અંકની દ્વય વિદુષી સંપાદિકા

## ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા અને શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ

*જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ, જૈન ધર્મમાં 'ષડ્ આવશ્યક ક્રિયા', આ વિશાળ વિષયના સાગરને તરવા આ બે વિદુષી બહેનો સ્વાધ્યાય અને પુરુષાર્થના બે હલેસાં લઈને અને સઢમાં શ્રદ્ધા અને સંકલ્પનો પવન ભરીને નીકળી પડી. આ સાગર પાર કરી એમણે આપણી સમક્ષ જ્ઞાન શબ્દોના મોતીનો આ થાળ ધરી દીધો.*

*સ્વાધ્યાય વિભૂષિત આ બહેનોએ આ વિશિષ્ટ અંક તૈયાર કરવા પરિશ્રમના પર્વતનું ચઢાણ કર્યું છે. આવશ્યક ક્રિયાઓ – જૈન ધર્મ અને અન્ય ધર્મની – આ વિશિષ્ટ અંકનું સર્જન જોઈને મને તો સંતોષ થયો જ છે પણ વાચકોને પણ પરમ સંતોષ થશે, અને વાચક નવી દિશાઓથી જ્ઞાત થશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે. શ્રુત સેવાના આવા શ્રુત યજ્ઞોથી શ્રુતપૂજા કરનાર આ બહેનોને તો કર્મફળ મળશે જ સાથોસાથ વાચકને પણ શ્રુતપૂજનનું કર્મફળ પ્રાપ્ત થશે. આ દ્વય વિદુષી બહેનોએ આ એવું ઉત્તમ કામ કર્યું છે કે એમનો પરિચય થોડાં શબ્દોમાં હું શી રીતે આપું ? છતાં થોડી રેખાઓ માત્ર અત્રે પ્રસ્તુત છે :*

### ડૉ. રશ્મિબેન ભેદા

છેલ્લા એક દાયકાથી પ્રત્યેક જૈન સાહિત્ય સમારોહ અને જ્ઞાનસત્રોમાં ડૉ. રશ્મિબેનની નિયમિત ઉપસ્થિતિએ મને એમની જ્ઞાન પિપાસાની પ્રતીતિ કરાવી છે.

કચ્છ ભૂજપુરના પિતા જાદવજી દેઢિયા અને માતા ચંચળબેનને ત્યાં નાની ભચીબેને રશ્મિબેનને જૈન ધર્મના સંસ્કાર અને ચિંતન આપ્યા. ભચીબેને ૯૬ વર્ષની ઉંમરે સંથારો લીધો.

જૈન ધર્મના આ સંસ્કારને શ્વસુર પક્ષે નિકાસ આયાતનો વ્યવસાય કરતા પતિ જિતુભાઈએ અને સંતાનો ચૈતાલી અને કુંતલે એમને પ્રોત્સાહન અને સહકાર આપ્યા.

ડૉ. રશ્મિબેન મૂળ તો વિજ્ઞાનના વિદ્યાર્થિની, પણ રુચિ જૈન તત્ત્વની એટલે સંતાનોની જવાબદારીમાંથી જેમ જેમ મુક્ત થતા ગયા તેમ તેમ જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ વળ્યા, મુંબઈ વિદ્યાપીઠનો જૈનોલોજીનો કોર્સ જોઈન્ટ કર્યો, જૈન વિશ્વભારતી લાડનૂમાંથી જૈનદર્શન વિષય સાથે એમ.એ.ની પરીક્ષા પાસ કરી અને મુંબઈ યુનિવર્સિટીમાંથી `Way to Achieve Moksha : Yoga' ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી, ઉપરાંત Yoga Philosophy ઉપર ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ પણ કર્યો.

ડૉ. રશ્મિબેનના મહાનિબંધનું 'અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની' પુસ્તકની બે આવૃત્તિ પ્રગટ થઈ છે. આ ઉપરાંત ડૉ. રમેશભાઈ લાલનના મહાનિબંધ 'જૈન દંડ નીતિ'નો એમણે ગુજરાતીમાં પૂ. સાધ્વી શ્રી દર્શનાગુણાશ્રીના સહયોગમાં અનુવાદ પણ કર્યો છે.

ડૉ. રશ્મિબેનના વિદ્વદ્‌પૂર્ણ લેખો અનેક સામાયિકમાં પ્રકાશિત થયા છે, જૈન વિશ્વકોશના અધિકરણો માટે એમનું જ્ઞાન પ્રદાન છે, તેમ જ ક.વિ.ઓ. સ્થાનકવાસી મહાજન સંચાલિત જૈનોલોજી કોર્સ અને સોમૈયા રિસર્ચ સેન્ટરના જૈનોલોજીના ક્લાસમાં એઓ જૈન દર્શનનો અભ્યાસ કરાવે છે. રશ્મિબેન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરમાં ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીના સ્વાધ્યાયના ઉપાસક છે.

પરિવારની જવાબદારી અને સમાંતરે સ્વાધ્યાય અને સર્જન એટલે શ્રાવિકા રશ્મિબેન.

મોબાઈલ : ૦૯૮૬૭૧૮૬૪૪૦

### શ્રીમતી ભારતીબેન શાહ

જ્ઞાનની આરાધના માટે કોઈ શૈક્ષણિક ઉપાધિની જ જરૂરત નથી, એનું ઉત્તમ ઉદાહરણ એટલે આપણા આ ભારતીબેન.

શાળા જીવનમાં શાળાના પગથિયાં ચઢ્યા, સાથોસાથ માતુશ્રી રમાબેને પાઠશાળાના પગથિયાં ચઢાવ્યા, પછી સંસારના પગથિયાં ચઢ્યા અને આ પગથિયાં ચઢતાં ચઢતાં મુંબઈ અને ગુજરાતના પુસ્તકાલયોના પગથિયાં ચઢીને, વિશ્વ વિદ્યાલયના પગથિયાં ચઢીને જે અભ્યાસ જિજ્ઞાસુ મેળવે એવો અભ્યાસ આ ભારતીબેને પુસ્તક વાંચન અને વિદ્વદ્‌જનોના સંપર્કથી પ્રાપ્ત કર્યો.

પ્રાચીન વિદ્યાનગરી પાટણના વતની ભારતીબેનના માતા રમાબેન અને પિતા હરસુખભાઈએ જૈન ધર્મના આચાર-વિચારને આ ભારતીબેનમાં રોપ્યા. વ્યાપારી પતિ ભગુભાઈ અને સંતાનો મોના, અમીષ, પુત્રવધૂ હેતલ અને પરિવારે આ સંસ્કાર અને ચિંતનને પ્રોત્સાહિત કર્યા.

પરિવારની જવાબદારી નીભાવતા નીભાવતા ભારતીબેને પત્રકારત્વનો અભ્યાસ કર્યો, અને 'પાટણ પ્રતિબિંબ', 'આત્મધારા' અને 'મંગલયાત્રા'ના તંત્રી બન્યા અને એ ક્ષેત્રે એવોર્ડ પણ મેળવ્યા અને સાથોસાથ શાસ્ત્રીય સંગીતની તાલિમ પણ લીધી.

ગુરુ ગૌતમ સ્વામીના જીવન અને ચિંતનને પ્રગટ કરતું સંશોધનાત્મક પુસ્તક 'શ્રી ગૌતમ તુભ્યં નમઃ' જેની બે આવૃત્તિ પ્રકાશિત થઈ છે એના સર્જક આ ભારતીબેન છે. ઉપરાંત વિવિધ ચિંતનાત્મક લેખોનું એમનું પુસ્તક 'ઉઘડતા અંતરના દ્વાર' હમણાં જ પ્રકાશિત થયું છે.

આ સિદ્ધિઓની સાથોસાથ સેવા ક્ષેત્રે જૈન સોશ્યલ ગ્રુપમાં જોડાયા અને જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલના ડાયરેક્ટર પદ સુધી પહોંચી 'નારી રત્ન'નો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો.

કચ્છી જૈન યુવક સંઘ-મલાડ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનું દશ વરસથી ભારતીબેન પ્રમુખ પદ શોભાવી રહ્યા છે તેમજ પાર્લાની આશાદીપ સંસ્થા દ્વારા સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજનમાં સક્રિય છે.

આ સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘ તેમજ અન્ય અનેક સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને વ્યવસાયિક સંસ્થાઓમાં ભારતીબેન માનદ્ સેવા આપે છે. કાર્યનિષ્ઠા અને જ્ઞાનની ધગશનું જ્વલંત ઉદાહરણ એટલે શ્રાવિકા ભારતીબેન.

મો. : ૦૯૩૨૪૧૧૫૫૭૫

**□ ધનવંત**

# અંતરના ઓવારેથી...

**સંપાદિકાની કલમે**

અમૃત માર્ગના યાત્રિકો,

માતા સરસ્વતીને નમન કરતાં, સંસ્કારના ચંદન વડે, ત્રિશલાનંદનને નિત્ય વંદન કરતા એવા આપ સૌ પ્રબુદ્ધ જીવન'ના વાચક મિત્રોને અમારા પ્રણામ.

પર્યુષણ પર્વ નિમિત્તે 'ષડ્ આવશ્યક ક્રિયા'નો અંક આપ સોના કરકમલમાં મુકતાં અમોને અનેરો આનંદ અને રોમાંચની અનુભૂતી થઈ રહી છે.

હજુ તો થોડાંક મહિનાઓ પહેલાં એક સમી સાંજે ડૉ. ધનવંતભાઈ શાહના નિવાસ સ્થાને, તેમની સાથે થયેલી જ્ઞાનગોષ્ઠિની ચર્ચામાં 'પ્રબુદ્ધ જીવન'ના નિતનવા વિષયો પર પ્રસિદ્ધ થયેલ વિશેષાંકોની વાતો થઈ અને પ્રબુદ્ધ પ્રતિભા સંપન્ન વાચક વર્ગ હોવાથી અંકો લોકપ્રિય બનતાં ગયા. નવો કથા વિશેષાંકનો અંત, કયા વિષય પર આવશે ? તેનો ઈંતેજાર થતો ગયો. પર્યુષણ પર્વ આવી રહ્યાં છે તે ધ્યાનમાં લઈને ચર્ચા કરતાં કરતાં 'છ આવશ્યકની ક્રિયા' વિષય પર પસંદગી થઈ. અમને લાગ્યુ કે પર્વાધિરાજ પધારે તે પહેલાં જ જો આ અંક પ્રસિદ્ધ થાય તો નાના-મોટાં સૌ કોઈ શ્રુત આરાધક આનો અભ્યાસ કરે, સ્વાધ્યાય કરે તો સાચા અર્થમાં સમજીને આચરણ કરી શકે, આત્મશુદ્ધિ સાધી શકે.

બસ ! ડૉ. ધનવંતભાઈ શાહે અમારી ઈચ્છાપૂર્તિ કરી અમને લીલી ઝંડી બતાવી. તેમાં એક નવી વાત કરી કે બીજા ધર્મોમાં પણ આવી કોઈ આવશ્યક ક્રિયાઓ હશે કે કેમ ? ત્યારે રસ્તો મળ્યો કે 'આવશ્યક ક્રિયા' આ શબ્દ તો માત્ર જૈન ધર્મમાં જ પ્રચલિત છે. અન્ય ધર્મોમાં 'નિત્ય ક્રમ' શબ્દ વપરાતો હશે. તેથી સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ સંપ્રદાયના હેતુ માણવા અન્ય ધર્મના વિદ્વાન લેખકોને પણ આમંત્રણ આપીને એક સેતુ રચવાનો નિર્ણય લીધો.

અમે તો અતિ ઉત્સાહમાં આવીને આનંદ વિભોર બની ગયા. અને કાર્યનો આરંભ કરી લીધો. પૂ. પંન્યાસ ડૉ. અરૂણ વિજયજીએ વિવિધ દૃષ્ટિકોણથી 'ષડ આવશ્યક ક્રિયા' વિશે અલગ અલગ વિષયોની સૂચિ મોકલાવી. ડૉ. કુમારપાળ દેસાઈએ ખૂબ જ સુંદર રીતે રૂપરેખા તૈયાર કરીને માર્ગદર્શન આપ્યું. આ સાથે ડૉ. ધનવંતભાઈ શાહે અન્ય ધર્મોના લેખકો વિશેની માહિતી આપી તેમને પત્ર લખીને મોકલવામાં આવ્યા. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, સ્વામિ નારાયણ ધર્મ, નાથ સંપ્રદાય, ઈસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ વિગેરેના લેખકોએ પ્રેમથી આમંત્રણ સ્વીકાર્યું. અને સમય મર્યાદામાં રહીને તેઓએ ચિંતનસભર લેખો મોકલાવ્યા. અમારા ઉત્સાહમાં વૃદ્ધિ કરી. અમોને વિશ્વાસ છે કે વાચક મિત્રોને જરૂરથી પસંદ પડશે. આ બધાં લેખકોના અમે આભારી છીએ.

ડૉ. ધનવંતભાઈ શાહે અમારામાં વિશ્વાસ મૂક્યો, પ્રોત્સાહન આપ્યું એટલું જ નહિ પણ વિશેષાંક તૈયાર થઈને વાચકો પાસે પહોંચવા સક્ષમ બને ત્યાં સુધી તેઓ માર્ગદર્શન આપતા રહ્યાં. તેમની તબિયત આ સમય દરમયાન નાદુરસ્ત રહી તેમ છતાં સ્વસ્થ ચિત્તે અમારી કાળજી લીધી કે અમને કોઈ તકલીફ તો નથી પડતી ને ?

પરંતુ ના ! આવું કંઈ જ બન્યું નથી. ખૂબ જ આસાનીથી અમારું કાર્ય ગતિમાન બનતું ગયું. 'ષડ આવશ્યક વિશેષાંક' તૈયાર કરતાં કરતાં તો અદ્‌ભૂત અને અમૂલ્ય ખજાનો પ્રાપ્ત થતો ગયો. સંપત્તિના ખજાનાથી પણ વિશેષ જ્ઞાનનો ખજાનો મળતાં ચિત્ત પર પ્રસન્નતા છવાઈ ગઈ. એક

## અઇમુત્તા મુનિ

પોલામપુર નગરીમાં ગૌતમ સ્વામી ગોચરીએ નીકળ્યા છે. ત્યાં રમતા બાળક અઈમુત્તાએ એમને જોયા. તેમની પાસે આવી પૂછ્યું, 'તમે કોણ છો અને શા માટે આમ ફરો છો ?' ગૌતમ સ્વામીએ કહ્યું, 'હું નિર્ગ્રંથ-સાધુ છું. અને ભિક્ષા અર્થે ફરૂં છું.' આ સાંભળી અઈમુત્તા કુમારે પોતાને ત્યાં ભિક્ષા માટે આવવાની વિનંતી કરી. કુમારની ભાવના જોઈ ગૌતમ સ્વામી બાળક સાથે એના રાજમહેલમાં ગયા. એના માતા રાણી શ્રીદેવીએ ઘણાં ભાવથી આહારાદિ વહોરાવ્યા. માતાની રજા લઈ બાળક અઈમુત્તા ગૌતમ સ્વામી સાથે વીર પ્રભુ પાસે આવ્યા. પ્રભુની ધર્મદેશના સાંભળીને કુમારને વૈરાગ્ય થયો. માતાપિતા પાસે આવી જ્ઞાનચર્ચા કરી સંયમ લેવાની આજ્ઞા લઈ દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા લીધા પછી એક વખત વર્ષા ઋતુમાં અઈમુત્તા મુનિ બીજા સાધુઓ સાથે સ્થંડીલે ગયા. પાછા આવતા એક ખાડામાં પાણી ભરાયેલું જોઈ, બાળ સ્વભાવથી પોતા સાથેના નાના પાતરાને પાણીમાં મૂકી, હોડી બનાવી તરવા મૂકી. 'મોરી નાવ તરે, મોરી નાવ તરે' એમ કહી રમતે ચડ્યા. બીજા સાધુઓએ પ્રભુ પાસે પહોંચી અઈમુત્તા અણગારની રમતની વાત કરી અને એમના માટે સ્હેજ હલકો ભાવ દર્શાવ્યો. અનંતજ્ઞાની પ્રભુએ કહ્યું, 'તમે અઈમુત્તા અણગાર પ્રત્યે મનમાં હલકો ભાવ ન લાવો, એ તો ચરમ શરીરી છે.' પ્રભુએ અઈમુત્તા અણગારને બોલાવીને કહ્યું, 'ત્યાગીથી સચેત પાણીને ન અડાય. અપકાયના જીવોની વિરાધના થાય. તમે દોષ કર્યો છે માટે પ્રાયશ્ચિત લો.' અઈમુત્તા મુનિએ પોતે કરેલ ભૂલ માટે પશ્ચાતાપ કર્યો. ઈરિયાવહી પડિક્કમીને પ્રભુએ આપેલ પ્રાયશ્ચિત લીધું.

—રશ્મિ ભેદા

મરજીવાની જેમ જ્ઞાન ગંગોત્રીમાં ડૂબકી મારવાની અણમોલ તક પ્રાપ્ત થઈ.

મિત્રો ! સંસારના વહેવારમાં તો હર કદમ કોઈ ને કોઈ સાથી મિત્ર મળી જાય અને વાતો કરતાં કરતાં મંજિલે પહોંચી જવાય. પરંતુ અંધકારમાંથી બહાર લાવી પ્રકાશ તરફ લઈ જવાનો પ્રયાસ તો ડૉ. ધનવંતભાઈ શાહ જેવા ગુરુ જ મિત્ર બનીને કરી શકે. આ પ્રસંગે અમે બંને બહેનો એકબીજાંથી તદ્દન અપરિચિત હોવા છતાં પણ આત્મીયતાનાં તાંતણે બંધાઈ ગયા.

જ્ઞાની ભગવંતોએ જ્ઞાન અને ક્રિયા આ બે સાધનો મુક્તિ માર્ગે ગમન કરાવનાર સંસાર રથના બે પૈડાં બનાવ્યાં છે. બે ય પૈડા ગતિશીલ જોઈએ. જ્ઞાનને ક્રિયાનો ટેકો જોઈએ અને ક્રિયામાં જ્ઞાનની ચેતના જોઈએ. ક્રિયાને યોગ બનાવવો હોય તો તેમા સ્થાન, ઊર્ણ, અર્થ અને આલંબન જોઈએ. સ્થાનમાં આસન અને મુદ્રા, ઊર્ણમાં યોગ્ય ઉચ્ચાર સૂત્રોનાં અને અર્થમાં તેનો ઉપયોગ તથા આલંબનમાં આકૃતિ રૂપે ચિત્તપટ પર સ્થાપન કરવાનું હોય છે. જેમ કે સામાયિક-પ્રતિક્રમણમાં સૌ પ્રથમ સ્થાપનાજીની સ્થાપના કરતાં સુધર્મા સ્વામીને સ્મરણમાં રાખવાનાં હોય છે. વાંદણામાં ગુરૂને ચિત્તમાં ધરવાના હોય છે. તેમજ કાયોત્સર્ગમાં ૨૪ તીર્થંકરોને ધ્યાનમાં લેવાનાં હોય છે. પ્રતિક્રમણના પાંચે પ્રકારમાં, દરેકમાં એક સાથે જ 'ષડ આવશ્યક ક્રિયા'ઓ સમાવી લેવામાં આવે છે. જો આ બધું સાથે થઈ જાય તો એ દરેક ક્રિયાઓ ભાવક્રિયા બની જાય છે. સાથે વિનય અને વિવેક તો અનિવાર્ય છે જ. ધર્મની કોઈપણ ક્રિયા વિનય-વિવેક વગર થતી જ નથી. એવું તો દરેક ધર્મોમાં કહ્યું છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ જે કહ્યું છે, તે સાચું અને શંકારહિત છે. એવી હૃદયપૂર્વકની દૃઢ માન્યતા, શ્રદ્ધા એનું જ નામ સમકિત. જૈન ધર્મના ચારે ફિરકાઓમાં કોઈક અંશે સૂત્રો અને ક્રિયાઓમાં ફેરફાર જોવા મળશે. અને આ તફાવત તો રહેશે જ. પરંતુ મૂળ તત્ત્વ તો એક જ છે. તેને યાદ રાખવું બહુ જરૂરી છે. જીવોની યોગ્યતા દિન-પ્રતિદિન ઘટતી જતી હોવાને કારણે ભૂલો બતાવી શકાય એવી પણ પરિસ્થિતિ પ્રાયઃ રહેવા પામી નથી. આવા સંજોગોની વચ્ચે પણ શ્રી જૈન યુવક સંઘ દ્વારા 'પ્રબુદ્ધ જીવનના વિશેષાંક'નાં માધ્યમથી દીવાદાંડી બનવાનું ભગીરથ કાર્ય કર્યું છે. જૈનોને તેમ જ અન્ય ધર્મપ્રેમી લોકોને જાગૃત કરવાનું કામ કરતાં સંદેશો આપ્યો છે.

'जो जगत है, वो पावत है, जो सोवत है, वो खोवत है।'

આ વિશેષાંક તૈયાર કરવામાં શ્રી જવાહરભાઈ શુકલને કેમ ભૂલી જવાય ? ખૂબ જ વ્યસ્ત રહેવા છતાં શાંત ચિત્તે, સમતા ભાવે, સંપૂર્ણ સાથ-સહકાર આપ્યો છે, તે બદલ અમે તેમના આભારી છીએ.

સમગ્ર વિશેષાંકના બધાં જ લેખોના એક એક પાનાનું ચીવટપૂર્વક, બારીકાઈથી વાંચીને, સૌથી કપરૂં કામ એટલે કે પ્રુફ રીડીંગનું કરી આપનાર વિદ્વાન શ્રીમતી પુષ્પાબેન પરીખની પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

અંકની સંપાદન યાત્રામાં આગળ વધતાં વધતાં અનેક ગ્રંથોનો અભ્યાસ કરવા મળ્યો.શ્રુતજ્ઞાનની આરાધના થઈ. ક્રિયાઓના સંદર્ભમાં આવતા સૂત્રો, તેના અર્થ, તેનો મૂળ સાર, તેના રચયિતા, તેનો ઇતિહાસ વિગેરે વિગેરે નવું નવું જ્ઞાન મળતું ગયું. ઘણો સ્વાધ્યાય થયો. અન્ય ધર્મોની પણ જાણકારી મળી. આ નિમિત્ત મળતા અમે એવા સદ્‌ભાગી બન્યાં કે અમને એમ જરૂરથી લાગે છે કે અમારા આત્મામાં પડેલાં પાપ સંસ્કારોનો ઘટાડો થયો હશે. ગતાનુગતિક ક્રિયાઓ કરતાં રહેવું અને ક્રમસર સંપૂર્ણ શુદ્ધતા સાથે એટલે કે સમ્યક્‌જ્ઞાન સાથે સમ્યક્ ક્રિયા થાય તો આથી વિશેષ રૂડું શું હોઈ શકે ?

અંતમાં આપ સૌ પર્વાધિરાજ પર્યુષણપર્વ ખૂબ જ સુંદર રીતે આરાધના કરીને જ ઉજવશો. 'ષડ્ આવશ્યક વિશેષાંક'માં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ પ્રગટ થયું હોય કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે 'મિચ્છામિ દુક્કડંમ્'. અસ્તુ

સંપાદિકાઓ :

**રશ્મિ ભેદા**

**ભારતી બી. શાહ**

નીચે મુજબના ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે.


૧. શ્રી આવશ્યક સૂત્ર
૨. શ્રી અનુયોગદ્વાર સૂત્ર
૩. પ્રબોધ ટીકા
૪. જિન તત્ત્વ-શ્રી રમણભાઈ શાહ
૫. જૈન આચાર દર્શન-શ્રી રમણભાઈ શાહ
૬. સૂત્ર અને સંવેદના-સાધ્વીજી પ્રશમિતાશ્રીજી
૭. પ્રતિક્રમણ-મહાયોગ
૮. જિન સંદેશ વિશેષાંક-૧૯૮૫



**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**
૬૦૨, રિવર હેવન, ઈકોલ મોન્ડીઅલ સ્કૂલની બાજુમાં
ગુલમહોર ક્રોસ રોડ નં. ૬,
જૂહુ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૯.
ટેલિફોન : ૦૨૨ ૨૬૧૯ ૨૩૨૫.
મોબાઈલ : ૦૯૮૬૭૧૮૬૪૪૦

**ડૉ. ભારતીબેન ભગુભાઈ શાહ**
ગૌતમધન એપાર્ટમેન્ટ, એ વિંગ, છઠ્ઠે માળે, ફ્લેટ નંબર ૨૬,
દાદાભાઈ રોડ, ફ્લાઈઑવરની બાજુમાં,
વિલેપારલા (પશ્ચિમ). મુંબઈ-૪૦૦૦૫૬.
ટેલિ. : ૦૨૨ ૨૬૭૧૫૫૭૫
મો. : ૦૯૩૨૪૧૧૫૫૭૫

# અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયા

**□ડૉ. રશ્મિ ભેદા**

જૈન ધર્મની અતિ મહત્ત્વની ક્રિયા એટલે આવશ્યક ક્રિયા. સાધકોને આત્મવિશુદ્ધિ માટે કરવા યોગ્ય અનુષ્ઠાનોને આવશ્યક કહે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચતુર્વિધ સંઘને સવાર-સાંજ બે વખત અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે જેનું કથન આવશ્યક સૂત્રમાં છે. વ્યવહારમાં તેને પ્રતિક્રમણ સૂત્ર કહે છે. અનાદિકાલીન કર્મમળને દૂર કરવા, નવા કર્મોને આવતા અટકાવવા, ક્રોધાદિ કષાયોનો નાશ કરવા અને આવી રીતે મોક્ષપ્રાપ્તિ અર્થે આ અદ્ભુત ક્રિયાઓ છે જેનાથી આત્માની વિશુદ્ધિ થાય છે એટલે આ ક્રિયાઓ સાધકને અવશ્ય કર્તવ્યરૂપ છે. જે કર્મો દરરોજ બંધાતા હોય એ નિધ્ધત કક્ષાના બંધાય છે અને નિકાચિત કક્ષાના થતા અટકી જાય છે તેની પ્રક્રિયા આ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવી છે. જે કર્મને અવશ્ય ભોગવવા જ પડે છે તેને નિકાચિત કહેવાય છે. અને જે કર્મો ભોગવ્યા વિના પણ ક્ષય કરી શકાય છે તે નિધ્ધત કહેવાય છે. દરરોજ જ્યારે પાપનું પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે એટલે આ આવશ્યક ક્રિયા દરેક સાધકને કરવા યોગ્ય છે.

**રચનાકાળ**–કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા. આ ચારે તીર્થના સાધકોને સવારે અને સાંજે ઉભયકાળ પ્રતિક્રમણ કરવું અનિવાર્ય હોવાથી તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસે જ ગણધર ભગવંતો તીર્થંકરોના ઉપદેશ અનુસાર આવશ્યક સૂત્ર સહિત બાર અંગસૂત્રોની રચના કરે છે અને તે દિવસથી જ ચતુર્વિધ સંઘના સાધકો તેની આરાધનાનો પ્રારંભ કરે છે.

અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકના અનેક નામ કહ્યા છે તે નીચે પ્રમાણે છે-

**(૧) આવશ્યક-अवश्यं क्रियते आवश्यकम्** । અવશ્ય કરવા યોગ્ય કાર્ય આવશ્યક કહેવાય છે. સામાયિક આદિની સાધના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા દ્વારા અવશ્ય કરવા યોગ્ય હોવાથી તે આવશ્યક કહેવાય છે.

**(૨) અવશ્ય કરણીય**–મુમુક્ષુ સાધકોને નિયમિત રૂપે આચરણ કરવારૂપ અનુષ્ઠાન હોવાથી તે અવશ્ય કરણીય કહેવાય છે.

**(૩) ધ્રુવ નિગ્રહ**–કર્મો અનાદિકાલીન હોવાથી તે ધ્રુવ કહેવાય છે. આવશ્યકની આરાધના દ્વારા તેનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવ નિગ્રહ કહેવાય છે.

**(૪) વિશોધિ** – કર્મથી મલિન આત્માનું વિશુદ્ધિનું કારણ હોવાથી તે વિશોધિ કહેવાય છે.

**(૫) અધ્યયન ષટ્કવર્ગ** - આવશ્યક સૂત્રમાં સામાયિક આદિ છ અધ્યયન છે તેથી અધ્યયન ષટ્ક વર્ગ કહેવાય છે.

**(૬) આરાધના** – મોક્ષની આરાધનાનો હેતુ હોવાથી આરાધના કહેવાય છે.

**(૭) માર્ગ** – અહીં માર્ગનો અર્થ છે ઉપાય. મોક્ષના ઉપાયરૂપ હોવાથી તે માર્ગ કહેવાય છે.

મોક્ષમાર્ગ પર ચાલવા માટે જ્ઞાન અને ક્રિયા બંનેની આવશ્યકતા છે. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' જ્ઞાનાભ્યાસ વડે જીવ અને કર્મનો યથાસ્થિત સંબંધ સમજાય છે અને તપ અને સંયમરૂપ ક્રિયાભ્યાસ વડે પૂર્વકર્મ ખપે છે અને આવતા નવીન કર્મ રોકાય છે. ચોવીસમા અને અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શાસનમાં જીવોનો સ્વભાવ વક્ર અને જડ કહ્યો છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના શાસનમાં સાધુઓ ઋજુ-જડ હતા. વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનના સાધુઓ ઋજુ-પ્રાપ્ત હતા જ્યારે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શાસનમાં સાધુઓ વક્ર અને જડ હતા. જ્યાં જડતા છે ત્યાં ભૂલોનો અવશ્ય સંભવ છે. જ્યાં ભૂલોનો સંભવ છે ત્યાં ભૂલના પ્રાયશ્ચિતરૂપ પ્રતિક્રમણની આવશ્યકતા છે. એટલે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓ જડતામાં સમાન હોવાથી તેમને માટે સપ્રતિક્રમણ ધર્મનો ઉપદશ આપ્યો છે. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમને ભૂલ થવાનો સંભવ ઓછો માટે એમના માટે પ્રતિક્રમણ નિયત નહિ કહેતા અનિયત કહ્યું છે. તેઓ જ્યારે દોષ લાગે ત્યારે પ્રાજ્ઞ હોવાથી સમજી જતાં અને ઋજુ હોવાથી તેનો સ્વીકાર કરી પ્રતિક્રમણ દ્વારા દોષની શુદ્ધિ કરી લેતા. ભગવાન મહાવીરના શાસનના સાધુઓ જડ અને વક્ર હોવાથી દોષનો સંભવ પણ અધિક અને દોષનો સ્વીકાર પણ દુષ્કર છે. તેથી તેમને માટે પ્રતિક્રમણ ધર્મ (ક્રિયા) નિયત છે. તે ચારિત્રાદિ આચારોમાં દોષ હોય તો દૂર કરે છે, ન હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ ગુણોની વૃદ્ધિ કરે છે.

મોક્ષપ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ રત્નત્રયની આવશ્યકતા છે.

सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः।

સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને્ સમ્યગ ચારિત્ર આ ત્રણેની એકતાથી જ મોક્ષપ્રાપ્તિ થાય છે. આ ત્રણેમાંથી એકે ન હોય તો ન ચાલે. અહીં આવશ્યક ક્રિયા સમ્યક્ ચારિત્રનો ભાગ બને છે. સ્વરૂપરમણતા કે આત્મગુણોમાં સ્થિરતા સુધી પહોંચવા માટે ચારિત્ર એ જ પરમ દ્વાર છે. સાવદ્ય વ્યાપારોનું પ્રત્યાખ્યાન અને નિરવદ્ય

વ્યાપારોનું આસેવન એ ચારિત્રનું એક લક્ષણ છે એટલે જ ચારિત્રને ટકાવનાર અને વધારનાર સત્ક્રિયાઓ છે. કિલ્લામાં ગાબડાંઓ પડે તો એનું સમારકામ કરવું પડે. તેમ ક્રિયારૂપી કિલ્લો પ્રતિક્રમણરૂપી સમારકામથી ટકે છે. પ્રતિક્રમણ એ ક્રિયારૂપી કિલ્લામાં પડેલા છિદ્રો કે ગાબડાંઓનું સમારકામ કરે છે. એ રીતે ચારિત્રનો પ્રાણ ક્રિયા છે અને ક્રિયાનો પ્રાણ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ એ છ આવશ્યકમય છે. ૧. સામાયિક–સમભાવ, સમતા, ૨. ચતુર્વિંશતિસ્તવ–ચોવીસ તીર્થંકરોની સ્તુતિ, ૩. વંદન– ગુરુદેવોને વંદન, ૪. પ્રતિક્રમણ–સંયમમાં લાગેલા દોષોની આલોચના, ૫. કાયોત્સર્ગ–કાયાનો ઉત્સર્ગ અર્થાત્ શરીરના મમત્વનો ત્યાગ, ૬. પ્રત્યાખ્યાન–આહારાદિ આસક્તિનો ત્યાગ.

**આવશ્યકનો ક્રમ**–આધ્યાત્મિક વિકાસના ઈચ્છુક વ્યક્તિના જીવનનો મુખ્ય ઉદ્દેશ સમભાવ અર્થાત્ સામાયિક પ્રાપ્ત કરવાનો હોય છે. તેથી તેના પ્રત્યેક વ્યવહારમાં સમભાવની સાધનાનું પ્રાધાન્ય હોય છે. તેઓ પોતાના જીવન વ્યવહારમાં અપ્રમત્ત, જાગૃત અને સાવધાન જ હોય છે તેમ છતાં પૂર્વ સંસ્કારવશ આ સમભાવથી પતિત થાય તો તુરંત પ્રમત્તદશાના કારણોનું પ્રતિક્રમણ, આલોચના, પશ્ચાતાપ આદિ કરે છે. દેહાસક્તિને છોડાવવા કાયોત્સર્ગ ધ્યાન કરે છે. ધ્યાન દ્વારા આત્મશુદ્ધિ કરતાં તેઓ આત્મસ્વરૂપમાં લીન થઈ જાય છે. પરિણામે જડ વસ્તુના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન તેમને માટે સહજ સ્વાભાવિક બને છે. આવી રીતે આધ્યાત્મિક પુરુષોના જીવનના પૃથક્કરણરૂપે જ 'આવશ્યક ક્રિયા' છે જેનો ક્રમ નીચે પ્રમાણે છે-

**૧. સામાયિક** – આત્મવિશુદ્ધિની આવશ્યક ક્રિયામાં છ આવશ્યકમાં સામાયિકનું સ્થાન પ્રથમ છે. પાંચ ચારિત્રમાં સામાયિક ચારિત્ર પ્રથમ છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ જ સામાયિકથી થાય છે. સાવદ્યયોગના ત્યાગ વિના આત્મવિશુદ્ધિ શક્ય જ નથી. સાધક સર્વ પાપસ્થાનોથી નિવૃત્ત થઈને વિષમભાવનો ત્યાગ કરીને સમભાવની પ્રાપ્તિના અર્થે સામાયિકમાં સ્થિર થાય ત્યારે એવી સાધનાનો પ્રારંભ થાય છે. સાધકના વ્રત, તપ, જપ આદિ સર્વ અનુષ્ઠાનોની આરાધના સમભાવની પ્રાપ્તિ માટે જ હોય છે. તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદ પૂર્વના અર્થપિંડરૂપ કહે છે. આ રીતે સાધનામાર્ગમાં સામાયિકની મુખ્યતાને સ્વીકારીને તેનું સ્થાન પ્રથમ છે.

**૨. ચતુર્વિંશતિસ્તવ**–૨૪ તીર્થંકરોની સ્તુતિ. સાવદ્યયોગથી અર્થાત્ પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યયોગમાં પ્રવૃત્ત થવા માટે, સમભાવને ટકાવી રાખવા માટે તીર્થંકરોનું આલંબન સ્વીકારી અપૂર્વ ઉલ્લાસભાવે તેમની સ્તુતિ, ભક્તિ કરે છે. પૂર્ણ સમભાવને વરેલા તીર્થંકરના અનંત ગુણોનું સ્વમાં પ્રગટીકરણ અર્થે બીજું આવશ્યક ચતુર્વિંશતિસ્તવ છે. તીર્થંકર પરમાત્માની સ્તુતિ-ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દૃઢ થાય છે અને ભક્તના અંતરંગમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને એના સહારે તે સાધના પથમાં ગતિ કરી શકે છે.

**લોગસ્સ**–બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ 'લોગસ્સ'નો પાઠ છે. તેમાં ૨૪ તીર્થંકરોના નામસ્મરણરૂપ સ્તુતિ છે. તીર્થંકરોના પવિત્ર નામસ્મરણ તેમના અનંત ગુણોની સ્મૃતિ કરાવે છે.

**૩. વંદના**–આત્મવિશુદ્ધિની સાધનામાં આગળ વધતો સાધક તીર્થંકરોની સ્તુતિ પછી પોતાનો ભક્તિભાવ અનંત ઉપકારી ગુરુ પ્રત્યે પ્રગટ કરે છે. અનંત ગુણોના પ્રગટીકરણ માટે માર્ગ બતાવનાર ઉપકારી ગુરુદેવ છે. સાધનાના દરેક અનુષ્ઠાનો ગુરુની સમક્ષ થાય છે તેથી પ્રતિક્રમણના પ્રારંભ પહેલાં સાધક વિધિપૂર્વક ગુરુને વંદન કરે છે. તેથી ત્રીજો આવશ્યક ગુરુવંદનનો છે. વંદન આવશ્યકથી વિનય ધર્મની આરાધના થાય છે. જૈનાગમોમાં વિનયને ધર્મનું મૂળ કહ્યું છે. જેનું પરંપરાએ મોક્ષ ફળ છે. ગુરુવંદન દ્વારા સાધક પોતાની સ્વચ્છંદ બુદ્ધિને રોકીને નમ્ર બને છે ત્યારે જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રાપ્ત થાય છે. છ આવશ્યકમાં પ્રતિક્રમણ આવશ્યકની મુખ્યતા છે. પ્રથમ ત્રણ આવશ્યક તેની પૂર્વભૂમિકા રૂપ છે.

**ઈચ્છામિ-ખમાસમણો**–આ પાઠ દ્વારા સાધક બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરીને તેમની સંયમયાત્રાની સુખશાતા પૂછે છે તથા દિવસ દરમ્યાન ગુરુની અશાતના થઈ હોય તો ક્ષમાયાચના કરે છે.

**૪. પ્રતિક્રમણ** – પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. વ્યક્તિ પોતાના સ્વભાવને છોડીને વિભાવમાં પ્રવૃત્તિ કરે છે. તેના પરિણામે પાપસેવન, કર્મબંધ અને ભવભ્રમણાની પરંપરા સર્જાય છે. એટલે આ આવશ્યકમાં ત્રણ આવશ્યકની આરાધનાથી જેની ચિત્તવૃત્તિ શાંત અને નિર્મળ થઈ ગઈ છે તેવો સાધક અંતર્મુખી બની અંતર નિરીક્ષણ દ્વારા પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ દોષોનું શોધન કરીને સરળતાપૂર્વક આલોચના, નિંદા, ગર્હાપૂર્વક તેનું પ્રતિક્રમણ કરે છે એટલે ચોથો આવશ્યક પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ સાધકની રોજનીશી છે. ઊભયકાળ–સવાર અને સાંજ પોતાના દોષોનું શોધન કરીને પ્રતિક્રમણ કરનાર સાધક ઉત્તરોત્તર આત્મગુણોને વિકસાવે છે. આ આવશ્યકમાં સાધકને માટે પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા શ્રાવકો માટે બાર અણુવ્રતરૂપ લાગેલા અતિચારોનું નિરીક્ષણ કરી તે દોષોમાંથી પાછા ફરવાનું છે. પ્રતિક્રમણથી ભૂતકાલીન દોષોની શુદ્ધિ, વર્તમાનમાં સંવરની આરાધના અને ભવિષ્યકાળમાં પાપનું પુનરાવર્તન ન કરવા માટે સાધક પ્રતિજ્ઞાબદ્ધ થાય છે. આ રીતે પ્રતિક્રમણની આરાધનાથી ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

**૫. કાયોત્સર્ગ** - કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ કરવો. આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીરનો ત્યાગ ન થાય પરંતુ કાયોત્સર્ગની સાધનાથી શરીરના મમત્વનો ત્યાગ કરવાનો છે. પ્રતિક્રમણ દ્વારા પાપની આલોચના કરીને ચિત્તની શુદ્ધિ થતાં

કાયોત્સર્ગ માટે જરૂરી યોગ્યતા પ્રાપ્ત થાય છે તેથી પાંચમો આવશ્યક **કાયોત્સર્ગ છે**. સાધક આત્માની વિશેષ શુદ્ધિ માટે, સૂક્ષ્મ દોષોના નાશ માટે કાઉસગ્ગ કરીને ત્રણે યોગની પ્રવૃત્તિને સ્થિર કરે છે. યોગની પ્રવૃત્તિ સ્થિર થાય પછી ઉપયોગ આત્મામાં સ્થિર થાય છે.

સાધુ-સાધ્વી ગોચરી, પ્રતિલેખન, પરિષ્ઠાપન, સ્વાધ્યાય આદિ પોતાની આવશ્યક પ્રવૃત્તિઓ કર્યા પછી કાઉસગ્ગ દ્વારા તે ક્રિયામાં લાગેલા દોષોની શુદ્ધિ કરે છે. સાધકોને વારંવાર કાયોત્સર્ગ કરવાનું વિધાન દેહાધ્યાયને છોડવા માટે છે.

**तस्स उत्तरी करणेणं** ના પાઠ દ્વારા સાધક કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરે છે કે કાયોત્સર્ગના કાળ દરમ્યાન હું કાયાને સ્થિર રાખીશ, વચનથી મૌન રહીશ અને મનને અશુભ ધ્યાનથી મુક્ત કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવીશ અને સારા શુદ્ધ જ્ઞાનદર્શનરૂપ ઉપયોગમાં સ્થિર થઈશ. આ રીતે કાયોત્સર્ગ આત્માનું અનુસંધાન કરવા માટે શ્રેષ્ઠ સાધના છે.

**૬. પ્રત્યાખ્યાન** – પાપવૃત્તિના ત્યાગ માટે સમજણપૂર્વકના દઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કે પચ્ચક્ખાણ કહે છે. કાયોત્સર્ગ દ્વારા વિશેષ ચિત્તશુદ્ધિ, એકાગ્રતા અને આત્મબળ પ્રાપ્ત થતાં સાધક 'પ્રત્યાખ્યાન'નો અધિકારી બને છે. સ્થૂળ અને સૂક્ષ્મ દોષોથી મુક્ત થયેલો સાધક વૈભાવિક ભાવોથી, પાપ પ્રવૃત્તિથી મુક્ત થવા માટે તે પ્રવૃત્તિના પચ્ચક્ખાણ કરે છે, તે પ્રવૃત્તિનો ત્યાગ કરે છે તેથી છઠ્ઠો આવશ્યક **પ્રત્યાખ્યાન** છે. આ લોકમાં પદાર્થો અનંત છે અને આપણી ઈચ્છાઓ પણ અનંત છે. અનંત ઈચ્છાઓથી અનંત પદાર્થોને ભોગવવાની વૃત્તિ પચ્ચક્ખાણથી સીમિત થાય છે. જીવનને સંયમિત બનાવવા માટે પચ્ચક્ખાણની આવશ્યકતા છે.

શ્રી આવશ્યક સૂત્રમાં છઠ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં દસ પ્રત્યાખ્યાન બતાવેલા છે.

૧. નવકારશી પચ્ચક્ખાણ–સૂર્યોદય પછી એક મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ પર્યંત ભોજન, પાણી, મેવા, મિઠાઈ તથા મુખવાસ- આ ચારે આહારનો ત્યાગ કરવો.

૨. પોરસી–સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

૩. બે પોરસી–સૂર્યોદય પછી બે પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

૪. એકાસણું–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી પાણીને છોડીને ત્રણ આહારનો ત્યાગ કરવો.

૫. એકઠ્ઠાણુ–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી ચારે આહારનો ત્યાગ કરવો.

૬. આયંબિલ–દિવસમાં એક વાર રૂક્ષ, નીરસ તથા ઘી, દૂધ વગેરે વિગઈ રહિત આહાર જ ગ્રહણ કરવામાં આવે છે.

૭. ઉપવાસ–એક અહોરાત્ર પર્યંત ચારે અથવા ત્રણ આહારનો ત્યાગ કરવામાં આવે છે.

૮. દિવસ ચરિમ પચ્ચક્ખાણ–દિવસના અંતે અર્થાત્ સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

૯. અભિગ્રહ–પોતાનો સ્વીકારેલો સંકલ્પ સિદ્ધ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

૧૦. નિર્વિકૃતિક (નીવિ)

આ રીતે છએ આવશ્યકની આરાધના દ્વારા સાધક આત્મવિશુદ્ધિ સાધી શકે છે.

**દ્રવ્ય આવશ્યક અને ભાવ આવશ્યક**

જૈન દર્શનના પ્રત્યેક વિષયની વિચારણા દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ થાય છે. આવશ્યકના પણ બે ભેદ છે–દ્રવ્ય આવશ્યક અને ભાવ આવશ્યક.

**દ્રવ્ય આવશ્યક**–ઉપયોગ વિના ક્રિયા કરવી તે. આવશ્યકના મૂળ પાઠો ઉપયોગ વિના બોલવા, સ્થૂળ રૂપે ઉઠવા બેસવાની વિધિ કરવી, કોઈ પણ બહુમાન ભાવ વગર ઓઘ સંજ્ઞાએ કેવળ શબ્દો બોલવા.

**ભાવ આવશ્યક**–ઉપયોગપૂર્વક આ લોક અને પરલોકની કામના રહિત, યશ, કીર્તિ, સન્માન આદિની અભિલાષા રહિત, મન, વચન અને કાયાની એકાગ્રતાથી જિનાજ્ઞા અનુસાર આવશ્યક સંબંધી મૂળ પાઠોના અર્થનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરી ઉભય કાળ સામાયિક આદિની સાધના કરવામાં આવે તે ભાવ આવશ્યક છે અને એ જ મુક્તિનું કારણ છે.

આ છ આવશ્યકોથી આત્મગુણોનો વિકાસ કરનાર **પાંચે આચાર**ની શુદ્ધિ નીચે પ્રમાણે થાય છે-

- સાવદ્ય યોગનું વર્જન અને નિરવદ્ય યોગનું સેવન એ સ્વરૂપ સામાયિક વડે અહીં ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.
- જિનેશ્વરના અદ્‌ભુત ગુણોના ઉત્કીર્તનસ્વરૂપ ચતુર્વિંશતિસ્તવ વડે દર્શનાચારની શુદ્ધિ થાય છે.
- જ્ઞાનાદિ ગુણોથી યુક્ત એવા ગુરુને વિધિપૂર્વક વંદન કરવાથી જ્ઞાનાચાર આદિ આચારોની શુદ્ધિ થાય છે.
- જ્ઞાનાદિ ગુણોમાં થયેલી સ્ખલનાઓની વિધિપૂર્વક નિંદા આદિ કરવારૂપ પ્રતિક્રમણ વડે જ્ઞાનાદિ તે તે આચારોની શુદ્ધિ થાય છે.
- પ્રતિક્રમણથી શુદ્ધ નહીં થયેલા એવા ચારિત્રાદિ અતિચારોની વ્રણચિકિત્સારૂપ કાયોત્સર્ગ વડે શુદ્ધિ થાય છે અને તેથી ચારિત્રાદિ આચારોની શુદ્ધિ થાય છે.
- મૂળ અને ઉત્તર ગુણોને ધારણ કરવારૂપ પચ્ચક્ખાણ વડે તપાચારની શુદ્ધિ થાય છે.
- તથા સામાયિક આદિ સર્વ આવશ્યકો વડે વીર્યાચારની વિશુદ્ધિ થાય છે.

આ રીતે છ આવશ્યકો પાંચે પ્રકારના આચારની વિશુદ્ધિ કરે છે. પંચાચારનું પાલન એ જ મુક્તિમાર્ગનું આરાધન છે. ✶✶✶

# છ આવશ્યક ક્રિયાઓ અને તેની આવશ્યકતા

❑ ભારતી શાહ

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માએ આવશ્યકનો પરમાર્થ પ્રકાશ્યો. જેને ત્રિસૂત્રી દ્વારા ઝીલી બીજ બુદ્ધિના ધણી ગણધર ભગવંતોએ એની સૂત્ર સ્વરૂપે સંરચના કરી. ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ એ સૂત્રોના અર્થને વિશદ કરતી **'આવશ્યક નિર્યુક્તિ'** રચી. પૂર્વનો વિચ્છેદ થતાં પૂર્વકાલીન પદાર્થોનો સંગ્રહ કરી **આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે જૈન સંઘને ૧૪૪૪ ગ્રંથ રત્નોની ભેટ ધરી. તેમાં આ આવશ્યક ક્રિયાઓ, તેના સૂત્રો, તેના અર્થો અને રહસ્યોને ખોલતી બૃહદ્ વૃત્તિ પણ છે.

**'પંચમ કાળ' જિનબિંબ જિનાગમ ભવિયણ કો આધારા'**

સારા કાળમાં યોગ્ય આત્માઓને તરવાના અનેક સાધનો હોય છે. પરંતુ પાંચમા આરા જેવા વિષમકાળમાં ભવ્ય પ્રાણીઓને તરવાનું સાધન માત્ર **જિનબિંબ** અને **જિનાગમ** છે. તેનું આલંબન લઈને અનંત સુખરૂપ મોક્ષે પહોંચવા માટે જ્ઞાન અને ક્રિયા પણ જરૂરી છે. આ સાધનો એ મુક્તિ માર્ગે ગમન કરાવનાર **સંયમ રથના બે પૈડાં છે.** બેઉ પૈડાં ગતિશીલ જોઈએ. બેઉ પૈડામાં પરસ્પર સામંજસ્ય પણ જોઈએ. બેમાંથી એક પણ કામ કરતું અટકે કે ખોરવાય તો પરિણામે સાધના જ ખોરવાઈ જાય.

જૈન ધર્મની એક અતિ મહત્ત્વની ક્રિયા એટલે જ **આવશ્યક ક્રિયાઓ.** આ ક્રિયાઓ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓને નિત્ય સવાર-સાંજ બે વખત અવશ્ય કરવા યોગ્ય જણાવી છે. આવશ્યક છ પ્રકારના છે. તેઓનો **સંબંધ આત્માના મૂળભૂત ગુણો, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય સાથે છે.**

**જ્ઞાનને ક્રિયાનો ટેકો જોઈએ અને ક્રિયામાં જ્ઞાનની ચેતના જોઈએ.** આ જો થઈ જાય તો કામ થઈ જાય. બસ! એ જ સામંજસ્યની ખૂબી એ યોગવિંશિકામાં બતાવવામાં આવી છે. ત્યાં કહ્યું છે કે ક્રિયાને યોગ બનાવવો હોય તો ચાર વાના એમાં ભળવા જોઈએ

૧. સ્થાન, ૨. વર્ણ, ૩. અર્થ અને ૪. આલંબન.

સ્થાનમાં આસન અને મુદ્રા આવે, વર્ણમાં સૂત્રોચ્ચારની શુદ્ધિ આવે, અર્થમાં વિભિન્ન દૃષ્ટિએ સૂત્રનો અર્થ વિચારાય અને આલંબનમાં યોગ્ય લક્ષ્ય-ધ્યેયને આકૃતિ રૂપે ચિત્તપટ પર સ્થાપના કરવાનું હોય છે.

આમ થાય તો જ એ ક્રિયા યોગ બને...ભાવરૂપ બને અને જો ન ભળે તો ક્રિયા સંમૂર્ચ્છિમ બની જાય. આવી ક્રિયા મોક્ષફળ તો ન જ આપે, પરંતુ બેદરકારીથી કરાયેલી એવી ક્રિયા વિપરીત ફળને આપનારી પણ બની જાય. જ્ઞાનાદિ ગુણોને અને મોક્ષને સમસ્ત પ્રકારે વશ કરે તે આવશ્યક ક્રિયાઓ.

શ્રુતકેવલી ચૌદ પૂર્વધર મહાપુરુષોએ આ ક્રિયાઓ દર્શાવી છે અને સ્વયં જીવનમાં આચરણ કરેલી છે અને તે પછી થયેલા સર્વ સુવિહિત મહાપુરુઓએ તેને જ આગળ કરી મહત્તા દર્શાવી છે.

**અધ્યાત્મસાર ગ્રંથમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. કહ્યું છે કે–**

'या निश्चयैकत्मीनानां, क्रिया नातिप्रयोजना:।
व्यवहारदशास्थानां ता एवाडतिगुणावह' ।। १९ ।।

જેઓ નિશ્ચયધર્મમાં લીન બની ચૂક્યા છે. અર્થાત્ જેઓનું મન આત્મભાવમાં અત્યંત સ્થિર થઈ ગયું છે, તેઓને ક્રિયા અત્યંત ઉપયોગી નથી. પરંતુ વ્યવહાર દશામાં રહેલાઓને, જેઓનું મન આત્મભાવમાં સ્થિર થયું નથી, તેથી ચંચળ મન વારંવાર વિષયોમાં ચાલી જાય છે. એવા તે ચંચળ મનને સ્થિર કરવા **શ્રી આવશ્યાકાદિ ક્રિયાઓ અત્યંત લાભકારી છે જે તેના આત્માનો ઉઘાડ કરે અને આત્માને ઉજ્જવળ બનાવે.**

**'આવશ્યક'**ના ભાષ્યકાર શ્રી

## નેમકુમારનું પ્રતિક્રમણ

કારમી ચીસો અને આક્રંદના અવાજમાં લગ્ન, ગીતોના શબ્દો અને સૂર દબાઈ ગયા.એ ચીસોથી વરરાજા નેમકુમારનું ચિત્ત સંક્ષુબ્ધ થઈ ગયું. ચેતના તેમની ચચરી ઊઠી. ચીસોનું કારણ જાણ્યું, લગ્નના માંડવે જતાં રથમાંથી વરરાજા નેમ નીચે ઉતર્યા. બંધનમાં બંધાયેલા પશુ-પંખીઓને મુક્ત કર્યાં. પુનઃ રથમાં આવીને બેઠાં. સારથીને હુકમ કર્યોઃ 'સારથી! રથ પાછો વાળ.'

'રાજન્! આપને તો લગ્ન કરવા જવાનું છે!'

'મને ખબર છે, સારથી! પણ તું જલ્દી રથ પાછો વાળ. મારાં લગ્ન નિમિત્તે નિર્દોષ પશુ-પંખીઓનો હત્યાકાંડ થાય, મરતાં મરતાં એ બિચારાં કારમી ચીસો પાડે, હૈયું ન હોય એ જ ચીસોની વેદનાની અવગણના કરી લગ્નસુખ માણી શકે.' તેમની વેદનાથી મારું રોમેરોમ વલોવાઈ રહ્યું છે. તું જલ્દી કર. વાતો ન કર. રથને પાછો વાળ.'

અને નેમકુમાર પાપના નિમિત્તમાંથી પાછા ફરીને શુભની સાધનામાં એકરસ બન્યા.

પ્રતિક્રમણ એટલે પાછા ફરવું, અશુભ નિમિત્તમાંથી ય પાછા ફરીને શુભ નિમિત્તનું આલંબન લેવું.

મહાભારત-કાળનું એ પ્રથમ રોમહર્ષક પ્રતિક્રમણ હતું.

❑ ભારતી શાહ

જિનભદ્રગણી ક્ષમાશ્રમણ અને તેમના ભાષ્યના વૃત્તિકાર (વિવેચક) મલધારી શ્રી હેમચંદ્રાચાર્યે આ શબ્દની વિવિધ વ્યાખ્યાઓ આપીને તેને ખૂબ જ ભાતીગળ બનાવ્યો છે. પ્રસ્તુત છે 'આવશ્યક' શબ્દની અર્થ રંગોળી.

૧. ગુણોની આધારશીલાનું બીજું નામ છે આવશ્યક. જે સમતા અને સમભાવ, નમ્રતા અને નિર્મળતા આદિ ગુણોનો આધાર છે. આથી આવશ્યકને 'આપાશ્રય' (ઉપાશ્રય નહિ) સદ્‌ગુણોની આધારશીલા કહેવાય છે.
૨. આત્માને જે દુર્ગુણોથી ખસેડીને ગુણોને આધીન કરે તે આવશ્યક છે. ઈન્દ્રિય અને કષાય આદિ ભાવશત્રુઓ, જે સાધના દ્વારા જ્ઞાનાદિ ગુણોને વશ કરવામાં આવે તે આવશ્યક છે. (આ+વશ્ય=આવશ્યક).
   જે સાધનાથી જ્ઞાનાદિ ગુણસમૂહ અને મોક્ષ પર અધિકાર સ્થાપિત કરવામાં આવે તે આવશ્યક છે.
૩. ગુણોથી શૂન્ય એવા આત્માને જે ગુણોથી સર્વથા અને સંપૂર્ણ વાસિત કરે તે આવશ્યક છે. ગુણોથી આત્માને સભર અને સમૃદ્ધ કરવો તેનું નામ છે આવશ્યક.
૪. જે આત્માને જ્ઞાનાદિ ગુણોથી અનુરંજિત કરે તે આવશ્યક છે.
૫. જે જ્ઞાનાદિ ગુણો દ્વારા આત્માને આવાસિત કરે છે, આચ્છાદિત કરે છે, તે આવશ્યક છે.

આવસ્સય પ્રાકૃત શબ્દ છે. સંસ્કૃતમાં તેને આવાસક પણ કહે છે. આવાસિક એટલે અનુરંજન કરવું. આવાસકનો બીજો અર્થ છે આચ્છાદન કરવું. આવશ્યકના સમાનાર્થી નામ પણ રસપ્રદ છે. આ નામો શબ્દથી ભિન્ન છે. અર્થમાં સામ્ય છે તેના વિવિધ નામો ગુણનિષ્પન્ન છે. **'અનુયોગદ્વાર સૂત્ર'**માં આ શબ્દના પર્યાય (એકાર્થક) બતાવ્યા છે. **૧. આવશ્યક, ૨. અવશ્યકરણીય, ૩. ધ્રુવ નિગ્રહ, ૪. વિશોધિ, ૫. અધ્યયન ષટ્‌ક વર્ગ, ૬. ન્યાય, ૭. આરાધના માર્ગ.**

### આવશ્યકના વિવિધ પ્રકાર

**આવશ્યક છ પ્રકારના છે. ૧. સાવદ્યયોગ વિરતિ, ૨. ઉત્કીર્તન, ૩. ગુણવત્પ્રતિપત્તિ, ૪. સ્ખલિત નિંદના, ૫. વ્રણ ચિકિત્સા અને ૬. ગુણ ધારણા.**

મને ખબર છે આ નામ વાંચીને તમારી આંખમાં પ્રશ્નાર્થ અને આશ્ચર્ય બંને એક સાથે તગતગી રહ્યા છે. આમ થવું સ્વાભાવિક છે પણ ધીરા પડો, ઉતાવળા ન થાવ, પરંતુ વિશ્વાસ રાખો. આપણને સૌને અતિ પરિચિત છ આવશ્યકના જ આ બીજા નામ છે. **'અનુયોગ દ્વારા સૂત્ર'**માં જ આ છ નામ અપાયા છે, કે જે સૂત્રમાં અતિ પ્રચલિત છ આવશ્યક અંકિત છે. આમાં માત્ર નામનો જ ફરક છે. અર્થનો બિલકુલ ફરક નથી. ચાલો, આ બંનેને સમજીએ.

**૧. સાવદ્યયોગ વિરતિ :** હિંસા, જુઠ આદિ પાપોનો ત્યાગ કરવો એટલે સાવદ્યયોગ વિરતિ. પાપ કરવાથી અશુભ કર્મો બંધાય છે. આથી તેનો ત્યાગ કરવો તે સામાયિક છે. (કરે મિ સાવજ્જં જોગં પચ્ચક્ખામિ) (હું પાપની વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો નિયમ લઉં છું.)

**૨. ઉત્કીર્તન :** ગુણોની સ્તુતિ કરવી. ૨૪ તીર્થંકરો સર્વથા અને સંપૂર્ણ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા છે. ભવ્ય જીવોના કલ્યાણ માટે તેમણે અહિંસાદિનો ઉપદેશ આપ્યો છે. આથી તેમના ગુણોની સ્તુતિ કરવી એ ઉત્કીર્તન છે. આ ચતુર્વિંશતિ-સ્તવ નામનું આવશ્યક છે.

**૩. સ્ખલિત નિંદના :** સાધકથી સંયમ સાધના કરતાં કરતાં જાણતાં-અજાણતાં ભૂલ થઈ જાય એ ભૂલની નિંદા કરવી તે સ્ખલિત નિંદના છે. આ પ્રતિક્રમણ આવશ્યક છે.

**૪. વ્રણ ચિકિત્સા :** ઘાની સારવાર કરવી. પંચાચારના પાલનમાં દોષ લાગે છે ત્યારે એ આચાર ખંડિત થાય છે. આચારને ઘા લાગે છે. પ્રાયશ્ચિત કરવાથી આચારને લાગેલો ઘા રૂઝાઈ જાય છે. કાયોત્સર્ગ પ્રાયશ્ચિતનો એક પ્રકાર છે. કાયોત્સર્ગ આચાર ઘાને રૂઝવવામાં કામ કરે છે. આમ આ કાયોત્સર્ગ આવશ્યક છે.

**૫. ગુણધારણા** : કાયોત્સર્ગથી આચારમાં લાગેલો ઘા રૂઝાઈ જતાં સાધક પંચાચારનું વધુ બળથી પાલન કરી શકે તે માટે ગુરુ ભગવંતોના ગુણો ધરીને, તેમને વંદન કરીને, તેમની આજ્ઞાનું પાલન કરીને, તેમની સાક્ષીએ પોતાના દોષોનો એકરાર કરવા ઈચ્છે છે; તેથી દોષોની ગર્હા થાય અને ગુણો ધારણ કરી શકાય. ગુણધારણાને વંદન આવશ્યક પણ કહેવાય છે.

**૬. પ્રત્યાખ્યાન :** પચ્ચક્ખાણ. અચૂક કરવા યોગ્ય છે. નિત્ય કરવા યોગ્ય છે. વારંવાર કરવા યોગ્ય છે. પ્રત્યાખ્યાન દ્વારા તપ-ત્યાગ કરવા યોગ્યથી સંયમ આવે છે. સંયમ દ્વારા ચારિત્ર આવે છે.

આ રીતે **આવશ્યકનો સંબંધ આત્માના મૂળભૂત ગુણો–દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય સાથે છે.** તે દરેકની નિયત આચારસંહિતા છે. પાપની વૃત્તિ અને પ્રવૃત્તિ થાય છે ત્યારે એ આચાર દૂષિત અને દોષિત બને છે. આ દોષોની શુદ્ધિ કરવા માટે આવશ્યકનું નિરૂપણ કરાયું છે. આથી કહી શકાય કે છ આવશ્યક પંચાચારમય છે. આ દરેક આવશ્યકનો નિશ્ચિત હેતુ છે.

**૧. સામાયિક**–પાપની વૃત્તિ અને પ્રવૃત્તિથી નિવૃત્તિ–ચારિત્રાચાર.
**૨. ચતુર્વિંશતિસ્તવ**–ચઉવિસ્ત્થો-ચોવીસ તીર્થંકરોની સ્તુતિ અને ગુણાનુવાદ–દર્શનાચાર.
**૩. વંદન**–વાંદણા-ગુણીજનોની / સુગુરુઓની ભક્તિ–જ્ઞાનાચાર.
**૪. પ્રતિક્રમણ**–થયેલી ભૂલોની નિંદા કરી, તે ભૂલ ફરીથી ન કરવી–પાંચેય આચારના દોષોની શુદ્ધિ.
**૫. કાયોત્સર્ગ**–કાઉસગ્ગ–થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરવું–વીર્યાચાર.

૬. **પ્રત્યાખ્યાન**–પચ્ચક્ખાણ-તપ-ત્યાગ કરવા માટે પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) લેવી–તપાચારની શુદ્ધિ થાય છે.

**આ છ આવશ્યકનું મુખ્ય પ્રતિનિધિ સૂત્ર એટલે જ 'કરેમિ ભન્તે'** જેમાં ઉપર જણાવ્યા મુજબના પાંચ આચારો સમાયેલા છે. **'કરેમિ ભન્તે'** સૂત્ર બોલીને જ તીર્થંકરો દીક્ષા લે છે. સાધુ-સાધ્વીજીઓને પણ દીક્ષા લેતા, આ સૂત્ર ઉચ્ચારીને જ આજીવન સુધી સંયમમાં રહેવાનું હોય છે. આ સૂત્રને દ્વાદશાંગી (આગમો)નું ઉપનિષદ કહ્યું છે. આ સૂત્રમાં છ આવશ્યકની રત્નગૂંથણી નીચે મુજબ છે.

૧. **કરેમિ ભન્તે**–ભગવાનને સંબોધીને–'હે ભગવંત! હું કરું છું' આ સંબોધન ભગવાન પ્રત્યે આદર અને બહુમાન સૂચવે છે. આથી આ પદ દ્વારા ચતુર્વિંશતિસ્તવ આવશ્યક.

૨. **સામાઇઅં**–સામાયિક કરું છું. સામાયિક આવશ્યકનો સ્પષ્ટ નિર્દેષ છે.

૩. **સાવજ્જં જોગં પચ્ચક્ખામિ**–પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું. આથી પચ્ચક્ખાણ આવશ્યક.

૪. **તસ્સ ભંત્તે**–ગુરુ ભગવંતો માટે વંદન આવશ્યક.

૫. **પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ**–આરાધક ગુરુ ભગવંતો પાસે ક્ષમા માંગે છે. મારી ભૂલ થઈ ગઈ. મારા પાપને અને મને ધિક્કાર છે. હું તમારી સમક્ષ એ પાપોનો એકરાર કરું છું. આમ આ પદથી પ્રતિક્રમણ આવશ્યક.

૬. **તાવ, કાયં, ઠાણેણં, મોણેણં, જાણેણં–અપ્પાણં, વોસિરામિ** – મન, વચન, કાયાથી, વોસિરાવી કાયોત્સર્ગ કરું છું–આમ આ છેલ્લા પદથી કાયોત્સર્ગ આવશ્યક, પ્રાયશ્ચિત તેમજ દુઃખ-ક્ષય અને કર્મ ક્ષયના કાઉસ્સગોથી કાયોત્સર્ગ આવશ્યક થાય છે.

**'ઉત્તરાધ્યાયન'** સૂત્રના **'સમ્યક્ત્વ પરાક્રમ'** નામના ૨૯મા અધ્યયનમાં ભગવાન બતાવે છે કે છ આવશ્યક કરવાથી શું લાભ થાય છે. ભગવાને સમાજ શુદ્ધિનો નકશો દોરી આપ્યો છે. વ્યક્તિગત જીવનમાં તેમ જ સમાજ જીવનમાં સુખ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા માટે જરૂરી છે ૧. સમભાવ, ૨. ઉત્તમ પુરુષોનો આદર્શ, ૩. ગુણોનું બહુમાન, ૪. ભૂલોનો તરત એકરાર, ૫. કર્તવ્યનો સ્વીકાર અને અકર્તવ્યના ત્યાગની પ્રતિજ્ઞા, ૬. કષાયોનું દફન.

આ પ્રતિક્રમણ અને આવશ્યક ક્રિયાઓ જૈન અને જૈનેતર સૌ કોઈ કરી શકે છે.

✷ ✷ ✷

## શૈલક રાજર્ષિ અને પંથક મુનિ

શૈલક રાજર્ષિ ૫૦૦ શિષ્યો સાથે વિચરતા હતા. જ્ઞાન, ધ્યાન સાથે ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા. સતત આયંબિલ તપ કરવાથી નિરસ આહારને લીધે શરીરમાં બળતરા ઉત્પન્ન થાય એવો 'દાહજ્વર'નો રોગ ઉત્પન્ન થયો. આવી વ્યાધિ સહિત વિચરતા તે શેલકપુર નગરે આવ્યા અને સુભૂમિભાગ ઉદ્યાનમાં ઉતર્યા. ત્યાંના રાજા મંડુક દર્શનાર્થે આવ્યા. શૈલક રાજર્ષિનું વ્યાધિગ્રસ્ત શરીરને જોઈ વિનંતી કરી, 'હે કૃપાવંત, આપ મારી યાન(રથ)શાળામાં પધારો અને આપના સાધુકર્મને જરાય બાધ ન આવે એવી રીતે વૈદ્ય પાસે યોગ્ય ઔષધોપચાર કરાવી શકાય.'

આ વિનંતિનો સ્વીકાર કરી શૈલક રાજર્ષિ ૫૦૦ શિષ્યો સહિત રાજાની યાનશાળામાં ઉતર્યા. વૈદોએ દર્દની ચિકિત્સા શરૂ કરી. યોગ્ય ઉપચાર અને પથ્ય આહારાદિથી થોડા વખતમાં વ્યાધિ મટી ગયો, પણ શૈલક રાજર્ષિ માંદગીના વખતમાં લેવાતા પથ્ય અને સરસ આહારાદિમાં લુબ્ધ થયા અને સાધુને ન કલ્પે એવો આહારાદિ કરવા લાગ્યા. સ્વાદિષ્ટ આહારમાં લુબ્ધ થવાથી પોતાની નિત્યની ધાર્મિક ક્રિયામાં શિથિલ બન્યા. અને ત્યાંથી વિહારનો વિચાર પણ ન કર્યો. આ જોઈ એક શિષ્ય પંથક મુનિ છોડીને બીજા બધા શિષ્યો ગુરુને ત્યાગી જતા રહ્યા. પણ પંથક મુનિએ ગુરુને પાછા સન્માર્ગે લાવવાની આશાથી ગુરુનો ત્યાગ ન કર્યો. તેમની સેવા ચાલુ રાખી. 'ગુરુ પરમ ઉપકારી છે. હમણાં એમનો પાપોદય છે પણ એક દિવસ જરૂર એમનો આત્મા જાગશે અને પુનઃ સંયમમાં સ્થિત થશે.'

એમ કરતાં ચાતુર્માસ પૂર્ણાહૂતિનો દિવસ આવ્યો. કાર્તિકી પૂર્ણિમાની સાંજે પણ શૈલક રાજર્ષિ માદક આહારનું સેવન કરીને સૂઈ ગયા હતા. પંથક મુનિએ ચૌમાસિક પ્રતિક્રમણની ક્રિયામાં ગુરુને વંદન કરી પોતાનું મસ્તક ગુરુના ચરણને અડાડ્યું. એ સ્પર્શથી ગુરુની નિદ્રા ઉડી ગઈ અને અતિશય ક્રોધથી પોતાને જગાડવાનું કારણ પૂછ્યું, ત્યારે ગુરુ પ્રત્યે સહેજ પણ ક્રોધ ન કરતાં કહ્યું, 'આજે કાર્તિકી પૂર્ણિમા છે. એટલે ચૌમાસી પ્રતિક્રમણ કરતા આપને ખમાવવા માટે આપના ચરણને સ્પર્શ કર્યો.' ચૌમાસી પ્રતિક્રમણનું નામ સાંભળી ગુરુદેવ ચોંક્યા. પોતાની શિથિલતા અને સાધુપણાના પતનનું ભાન થયું. પંથક મુનિને ખમાવ્યા અને તરત જ પ્રતિક્રમણ કરવા બેસી ગયા. આત્મસાક્ષીએ ખૂબ આત્મનિંદા કરીને પ્રતિક્રમણ કર્યું.

બીજે જ દિવસે ત્યાંથી વિહાર કર્યો. વર્ષો સુધી સારી રીતે સંયમની આરાધના કરી, અંતિમ સમયે શૈલકાચાર્ય શત્રુંજય પર્વત પર પહોંચ્યા. ત્યાં એક માસનું અનશન કર્યું. સર્વ કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામ્યા.

**–રશ્મિ ભેદા**

# છ આવશ્યકની ઓળખ

**□ ભારતી બી. શાહ**

અનંતોપકારી, અનંતજ્ઞાની, પરમતારક પરમાત્માએ જગતના તમામ જીવોનું હિત થાય, જીવો દુ:ખથી મુક્ત બની શાશ્વત સુખના સ્વામી બને એ જ એકમાત્ર ભાવનાથી ધર્મશાસનની સ્થાપના કરી છે. ધર્મ શું ચીજ છે? એ સમજવા માટે દ્વાદશાંગીનો વિસ્તાર છે, જેમાં આત્મામાંથી પરમાત્મા બનવાના ઉપાયરૂપ છે.

'ધર્મ' એવો શબ્દ પણ આપણને અનંતકાળ પછી સાંભળવા મળ્યો છે. ધર્મ સિવાયની એક પણ ચીજ સાથે નથી આવવાની-સાથે નથી રહેવાની, આથી આ જીવનમાં ધર્મ કરી લેવો છે. પ્રભુએ જે કહ્યું છે તે કરી લેવું છે. આપણી બુદ્ધિ, આપણું ડહાપણ નથી ચલાવવું.

'આત્મવિકાસ માટે જે અવશ્ય કરવા યોગ્ય તે આવશ્યક.' સાધનાનો મૂળ માર્ગ જ આવશ્યક છે. આપણે પ્રતિક્રમણમાં છએ આવશ્યક આવી જતા હોવાથી, એમ માની લઈએ છીએ કે 'પ્રતિક્રમણ' કરી લીધું એટલે આવશ્યક કરી લીધા! પણ ના! થોભો, એમ નહિ માની લેતા. આખી જિંદગી આવશ્યકમય બનાવવાની છે. એ જ ખરેખર કર્તવ્ય છે. નબળી અવસ્થાને દૂર કરવામાં આ છ આવશ્યક સમર્થ બને છે.

સમતા એ જ જીવનનું મિશન છે એટલે જીવે પરમસુખમાં રહેવું હોય, પરમાનંદમાં મહાલવું હોય તો સમતા લાવ્યા વિના નહિ ચાલે. સમતા વગર કોઈ જીવ સુખી બન્યો નથી, બનતો નથી અને બનવાનો પણ નથી. તેથી શ્રાવક અવસર મળે તો સામાયિક કર્યા વગર રહે નહિ. સામાયિક પારવાના સૂત્રમાં પણ આવે છે કે 'બહુસો સામાઈયં કુજ્જા'. સમતા વગર સુખ શક્ય જ નથી, માટે છ આવશ્યકમાં પ્રથમ સામાયિક મૂક્યું.

બીજા નંબરે 'ચઉવિસત્થો' મૂકવામાં આવ્યું. પરમાત્માનું વ્યક્તિત્વ ગજબ છે. આવો અહોભાવ જાગે, એમની સ્તુતિ, કીર્તન કરે, એમના પ્રત્યે-આદર-બહુમાન જાગે તો સામાયિક સાર્થક થયું કહેવાય. પ્રભુએ ગજબ કર્યું કે સ્વયં સમતામાં જીવ્યા અને જગતને સમતામાં રહેવાનો રસ્તો બતાવ્યો.

પ્રભુની વાત આપણા સુધી પહોંચાડનાર છે ગુરુ ભગવંત, જે તીર્થંકર-ભગવંતોના પ્રતિનિધિ બનીને પ્રભુએ અપનાવેલો પ્રભુએ પ્રરૂપેલો માર્ગ આપણા સુધી પહોંચાડે છે; માટે ત્રીજું આવશ્યક 'ગુરુવંદન'. હવે ગુરુ ભગવંતે બતાવેલા માર્ગ પર સાધના કરતાં કરતાં એમાં સ્ખલના થઈ જાય, માટે ચોથું આવશ્યક 'પ્રતિક્રમણ' – જે સ્ખલના થઈ છે એનાથી પાછા ફરવું. ખોટા રસ્તે ચડી ગયા હોઈએ તો શું કરવાનું? પાછાં જ ફરવાનું હોય ને? તેમ સાધનામાર્ગમાં પણ પ્રમાદથી ગરબડ થઈ જાય તો પાછા ફરવાનું છે. શરીરની મમતા, અનુકૂળતાનો રાગ એ આપણી પાસે ગરબડ કરાવે છે; માટે પાંચમું આવશ્યક : 'કાયોત્સર્ગ'. જેનું મમત્વ સ્ખલના કરાવે છે, એને દંડ કરવો, એનો ત્યાગ કરવો તે 'કાયોત્સર્ગ'.

જે સ્ખલના થઈ છે, જે ગરબડ થઈ છે, તે ફરી ન થાય માટે છઠ્ઠું આવશ્યક 'પચ્ચક્ખાણ'. પચ્ચક્ખાણ કરી લેવામાં આવે તો ગરબડ કરવાનું મન જ ન થાય. બસ આટલું જ કરવાનું છે.

આપણું જીવન આ છ આવશ્યકમય હોવું જોઈએ, એટલે ૨૪ કલાક આપણે આવશ્યકને યાદ રાખવાના છે. ઘરમાં, પરિવારમાં કાંઈ પણ ઊંચા-નીચા જેવું થઈ જાય ત્યારે પ્રથમ આવશ્યકને યાદ કરી સમતા લાવવાની છે. અનાદિકાળથી આ સંસાર આપણા આત્મા પર હાવી થયો છે. એનાથી બચવા માટે દિવસમાં ત્રણ વાર પ્રભુ પાસે જવાનું છે. ત્રિકાળ પૂજા કરવાની છે.

શરીરના રોગ મટાડવા દવા ત્રણ ટાઈમની તમે સાથે લો છો ખરા?....

આપણો નંબર ક્યાં?

એક વખત સમવસરણમાં શ્રેણિક મહારાજાના સમ્યગ્ દર્શનની પરીક્ષા કરવા માટે દંદુશંક દેવ આવે છે ત્યાર પ્રભુને છીંક આવે છે. એટલે દેવ કહે છે કે પ્રભુ મરો, પછી તરત શ્રેણિક મહારાજાને છીંક આવી તો કહે કે રાજા જીવો, પછી અભયકુમારને છીંક આવી તો કહે જીવો કે મરો, છેલ્લે છેલ્લે કાલશૌરિકને છીંક આવી તો કહે જીવો નહીં, મરો નહીં.' આ સાંભળી શ્રેણિક મહારાજાને ગુસ્સો આવ્યો કે પ્રભુને આવું કેમ કહ્યું? ત્યારે પ્રભુ આ ચારે-ચાર જવાબનું રહસ્ય જણાવે છે કે હું અહીંથી મૃત્યુ પામું તો શાશ્વત સુખને પામું માટે એમ કહ્યું. રાજન! તું અહીંથી નરકમાં જવાનો છે માટે જીવવાનું કહ્યું. અભયકુમાર જીવશે તો'ય આરાધના કરવાના છે અને અહીંથી અનુત્તરમાં કરવાના છે, માટે જીવે કે મરે એવું જણાવ્યું અને કાલશૌરિક અહીં પણ પાપ બાંધે છે, મરીને પણ નરકમાં જવાનો છે માટે બંનેની ના પાડી. આપણો નંબર ક્યાં? અભયકુમારમાં લાવવાનો છે ને? જો કે ઉપમિતિ ભવ પ્રપંચકથા નામના અવ્વલકોટિના ગ્રંથમાં કુશાગ્રમતિ શ્રી સિદ્ધર્ષિગણિવર જણાવે છે કે શ્રાવકને આત્મવિશ્વાસ હોય કે મારી સદ્ગતિ જ થવાની છે; કેમકે કરવા જેવા છ આવશ્યક કર્યા છે.

એક વસ્તુ બરાબર સમજજો કે પ્રભુએ બતાવેલી એક પણ ક્રિયા એવી નથી, જે ઈષ્ટને સિદ્ધ ન કરાવી આપે. સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલી પ્રત્યેક ક્રિયાઓમાં અરમાનો પૂરા કરવાની તાકાત છે જ, પણ એનું હાર્દ સમજીને કરવામાં આવે તો! સમજીને કરવામાં આવતી

આ ક્રિયાઓ અમૃતની વેલડી જેવી છે.

પ્રભુએ આચરેલી જ પ્રતિજ્ઞા આપણને મળી છે.

આપણું લક્ષ્ય સમતા છે. સામાયિકની ક્રિયા લક્ષ્યને સિદ્ધ કરી આપે છે. ત્રણ લોકના નાથ પ્રભુ પણ સુખી થવા માટે આ જ 'કરેમિ ભંતે' સૂત્રથી સાધના કરી સિદ્ધિને વરે છે. પ્રભુની પ્રતિજ્ઞાના જે શબ્દો હતા એ જ શબ્દો આપણને મળ્યા છે. આવું મળવા છતાં જો દુઃખી થઈએ તો ફૂટેલા નસીબવાળા છીએ!

ત્રણ લોકના નાથનું 'કરેમિ ભંતે' ઉચ્ચારીને બેઠાં પછી અમારા શ્રાવકને એક પણ આંચકો ન આવે. સુવ્રત શેઠ પૌષધ લઈને બેઠા હોય, ચોર ચોરી કરવા આવે, એમની સામે તિજોરી ખાલી કરે, છતાં એમનું રૂંવાડું ય ન હલે. આજે મોટા ભાગના લોકો લક્ષ્ય વગર, સમજ વગર ક્રિયાઓ કરે છે. ગુરુ પાસે 'સજ્ઝાય કરું?' આદેશ માગીને મસ્ત ઝોકાં ખાય કાં ગામની પંચાત કરે.

પ્રશ્ન : સામાયિકમાં સ્વાધ્યાય જ કરવાનો હોય, નવકારવાળી ન ગણાય?

ઉત્તર : રૂપિયા કમાવાની શક્તિ ન હોય તો બેઠા-બેઠા મૂડીમાં ખાય પણ શક્તિ હોય તો કમાવા જાય ને? તેમ શક્તિ હોય ત્યાં સુધી તો નવું-નવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. સૂત્રો ભણવા, તેના અર્થ સમજવા વિગેરે આગમો વાંચવા જોઈએ. આવું સામર્થ્ય ન હોય ત્યારે જાપ-મનન-ચિંતન કરવાનું.

પ્રશ્નઃ સામાયિક કરવા માટે અધિકારી કોણ?

ઉત્તર : જેને સંસારના પદાર્થોમાંથી સુખની બુદ્ધિ ઉઠી ગઈ છે એ જ વ્યક્તિ સામાયિક માટે અધિકારી છે. સામાયિક કરનાર વ્યક્તિ ૪૮ મિનિટ માટે નક્કી કરે છે કે 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' ...બધાં જ પદાર્થ સાથેનું જોડાણ તોડું છું. ૪૮ મિનિટ માટે બધાં જ પાપનો ત્યાગ કરું છું. તે સામાયિક આનંદનો અનુભવ કરાવે છે. ચિત્ત શાંત અને પ્રસન્ન બને છે. આ સાથે ઇરિયાવહી કરી, દંડ રૂપે એક લોગસ્સનો કાઉસગ્ગ કર્યો. 'ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ'. મન-કાયાને સ્થિર કરવાપૂર્વક પ્રભુ સ્તવના કરવાની છે. કાયાની પ્રમાર્જનાથી શરીરશુદ્ધિ, દોષોના પરિહારથી ચિત્તશુદ્ધિ અને સૂત્રો બોલવા દ્વારા વચનશુદ્ધિ આટલું કરીએ ત્યારે સામાયિકની લાયકાત આવે અને સામાયિક કરવા માટે અધિકારી બની શકીએ.

પ્રશ્ન : સામાયિક કરનારનું શું લેવલ?

ઉત્તર : ૪૮ મિનિટ કોઈપણ પરિસ્થિતિ આવે, તો પણ સામાયિકની પ્રતિજ્ઞા લેનાર શ્રાવક મનથી જરાપણ ચલિત ન થાય અને ચિત્તમાં શાંતિ-સમતા રાખી સામાયિક કરે તો એની પરિણતિ પાંચમા ગુણસ્થાનકને સ્પર્શે છે.

પ્રશ્ન : સામાયિક 'સંદિસાહુ અને ઠાઉં' એટલે શું?

ઉત્તર : 'સંદિસાહુ' એટલે આજ્ઞા આપો અને 'ઠાઉં' એટલે સ્થિર થવું.

પ્રશ્ન : ત્રણ શલ્યની વ્યાખ્યા શું છે?

ઉત્તર : ૧. મિથ્યાત્વ શલ્ય : ભૂલ હોવા છતાં જાતને સારી-સાચી માનવી એટલે કે પાપને પાપ ન માનવું. ૨. માયા શલ્ય : જાતને સારી બતાવવી, પોતાની ભૂલ છુપાવવી. ૩. નિયાણ શલ્ય : ઉત્તમ એવા ધર્મથી તુચ્છ ચીજ ઈચ્છવી.

કરવું છે ને પ્રતિક્રમણ? તો કર્તવ્યની સમજ સાથે કરો. કર્તવ્ય શું? એ ખ્યાલ ન હોય તો 'કિચ્ચાણમકરણે'નું પ્રતિક્રમણ શક્ય જ નથી. પાપથી પાછા ફરવું એ પ્રતિક્રમણ. તો નમતાં શીખો, ઝુકતાં શીખો, માફી માગતા શીખો, માફ કરતાં શીખો, પાછા વળતાં શીખો તો અવશ્ય બચશો. પ્રતિક્રમણ આત્માને બચાવવાની અદ્‌ભુત જડીબુટ્ટી છે.

ભૂલથી પાછા ફરવું એ પ્રતિક્રમણ અને ભૂલનો દંડ એ કાયોત્સર્ગ. ધ્યાનની નજીકનો પ્રકાર આ કાયોત્સર્ગ છે. સૌથી વધુ નિર્જરા આ કાયોત્સર્ગ કરવાથી થાય છે. 'ઠાણેણં, મોણેણં, ઝાણેણં'...શરીર હલાવવાનું નહીં, જીભ-દાંત-હોઠ કાંઈ જ નહીં હલાવવાનું. બધાં જોડાણથી પર થવાનું. કાયોત્સર્ગ એ માધ્યસ્થભાવ તરફ જવાનું પ્રયાણ છે. કાયોત્સર્ગમાં નવકાર ગણવાથી એ આત્મસાત્ થાય, લોગસ્સ ગણો એટલે એ પરોપકારી લાગે. નજર પ્રભુ પર સ્થિર થાય એવી ગોઠવણ કરી છે. વિશિષ્ટ સાધકો મહિનાઓ સુધી કાયોત્સર્ગ કરે.


**'પ્રબુદ્ધ જીવન'**

**હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. વિના મૂલ્યે અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ

હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

બાહુબલીજી ૧૨-૧૨ મહિના, સિંહગુફાવાસી મુનિ જેવા ૪-૪ મહિના ધ્યાનમાં રહે. આપણે તો એક, ચાર, બાર, વીસ કે ચાલીસ લોગસ્સ – બસ થઈ જાય ને ?

કાયોત્સર્ગ એટલે કાયાનો ત્યાગ, સૌથી વધુ મમતા કાયાની છે, કેમ કે આત્માની નજીક કાયા છે. કાયોત્સર્ગ શરીરનું મમત્વ છોડાવે છે. ઉપધાનમાં ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કેમ ? કર્મો હળવા ન પડે તો નવકાર પચે નહિ, માટે ૧૦૦ ખમાસમણાં આવે, વિશિષ્ટ તપ કરે એટલે કર્મો વધુ નબળા પડે. વળી વિરતી તે હોય જ એટલે કનેક્શન તોડતો જાય, પછી લાયકાત પ્રગટે એટલે નવકાર પચે. ઉપધાનમાં પ્રવેશ કરે ત્યારથી માળમાં શું પહેરીશ ? એનો પ્લાન ન હોય, પણ નવકારમાં સ્થાન કેવી રીતે પામું ? એનો પ્લાન બનાવે.

કાયોત્સર્ગની અદ્‌ભુત તાકાત છે તેમાં મન-વચન-કાયા ત્રણે સ્થિર થવાના કારણે નવો કર્મબંધ અટકી જાય છે અને જૂના ફટ-ફટ ખરવા લાગે છે.

છઠ્ઠું આવશ્યક પચ્ચક્‌ખાણ જીવને દીન બનતા અટકાવે છે. પચ્ચક્‌ખાણનો અર્થ એ સમજવાનો છે કે ક્યાંય ચોંટવું નહીં. વંકચૂલની કથા તમને ખબર છે ને ? ૪ વસ્તુનું પચ્ચક્‌ખાણ હતું. અર્થાત્ ૪ જ નિયમ હતા. ઠેકાણું પડી ગયું ? આપણે પાડવું છે ઠેકાણું ? તો લારી-ગલ્લામાં મોઢું નથી નાખવું. અભક્ષ્ય પદાર્થો નથી વાપરવા. ખરેખર આ પચ્ચક્‌ખાણ તો લોટરી છે. પાપ કરવાની શક્તિ તો એમ પણ લિમિટેડ છે, પણ નિયમથી તમામ પાપ અટકી જાય છે. અને નિયમ ન કરો તો કતલખાનાનું પણ પાપ ચાલુ જ છે.

પચ્ચક્‌ખાણ નવું પાપ આવવા ન દે, અને કાઉસગ્ગ જૂના પાપ ખપાવે. જ્યાં કંઈપણ ગરબડ થવાની સંભાવના લાગે ત્યાં તરત નિયમ લઈ લેવો જોઈએ. ગાડીમાં ડ્રાઈવિંગ કરતાં પટ્ટો બાંધો, બંધન લાગે ? ના, કેમ ? બંધન નથી, સેફ્ટી છે. તેમ નિયમો બંધન નથી, આત્માની સેફ્ટી છે. શરીરને બચાવવા બધું કરવાનું તો આત્માને બચાવવા કાંઈ નહિ ?

આત્માને બચાવવો છે તો જીવનને છ આવશ્યકમય બનાવવું જ રહ્યું. જે તમને અવશ્ય મોક્ષ આપે જ. આપણે સૌ જીવનને એવું બનાવી વહેલામાં વહેલાં સિદ્ધિસુખના સ્વામી બનીએ એ જ સદાની શુભાભિલાષા સાથે પૂર્ણ કરું છું.

✱ ✱ ✱


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**



**॥ મહાવીર કથા ॥**

**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**



**॥ ગૌતમ કથા ॥**

**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ- સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**



**॥ ઋષભ કથા ॥**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**



**॥ નેમ-રાજુલ કથા ॥**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીનો રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. પણ ઑગસ્ટ માસમાં તૈયાર થઈ જશે.**

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# પહેલું આવશ્યક-સામાયિકનો ઇતિહાસ

❑ ભારતી શાહ

આવશ્યકોના છ અધ્યયનોમાં સૌ પ્રથમ સ્થાન છે સામાયિકનું. તે અર્થથી અરિહંતો વડે પ્રકાશિત છે એ વાત નિર્યુક્તિકાર ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીના વચનોથી જાણ્યું. તેમના પછીનું સ્થાન પ્રાપ્ત થાય છે ભાષ્યકારનું. વિશેષાવશ્યકભાષ્યના રચયિતા સમર્થ શાસ્ત્રકાર પુણ્યનામધેય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે અને તેના ઉપર વિશદ વૃત્તિના રચયિતા મલધારગચ્છીય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી છે. તેઓ ગ્રંથના પ્રારંભમાં જ ફરમાવે છે કે-

ચરણ-કરણ-ક્રિયા-કલાપરૂપ વૃક્ષના મૂળ સમાન સામાયિક અધ્યયનરૂપ અને શ્રુતસ્કંધરૂપ શ્રી આવશ્યકસૂત્ર અર્થથી શ્રી તીર્થંકર દેવોએ અને સૂત્રથી શ્રી ગણધર ભગવંતોએ રચેલું છે.

સામાયિકથી માંડીને બિંદુસાર (ચૌદમું પૂર્વ) પર્યંત શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ (મોક્ષસુખ) છે.

ભાષ્યકાર પછી ત્રીજો નંબર આવે છે, ચૂર્ણિકારના ઉલ્લેખનો. આવશ્યકસૂત્ર કોના વડે રચાયું છે? એનો ઉત્તર આપતાં આવશ્યક સૂત્રની ચૂર્ણિના રચયિતા ફરમાવે છે કે: (પ્રશ્ન) સામાયિક કોણે કર્યું? (ઉત્તર) અર્થની અપેક્ષાએ શ્રી જિનેશ્વર ભગવંતોએ અને સૂત્રની અપેક્ષાએ શ્રી ગણધર ભગવંતોએ केण कथं सामायिकं? अर्थः समाश्रित्य जिनवरैः सुत्तं गणहरेहिं। સામાયિક અધ્યયનને આવશ્યકસૂત્રમાં પ્રથમ સ્થાન કેમ? તેનો ખુલાસો કરતાં ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિજી આદિ મહર્ષિઓએ ફરમાવ્યું છે કે: સમભાવ લક્ષણવાળું સામાયિક એ અહીં પ્રથમ અધ્યયન છે. ચતુર્વિંશતિસ્તવ આદિ તેનો જ ભેદ હોવાથી સામાયિકને પ્રથમ ગણ્યું છે.

ચૂર્ણિકાર પછી ટીકાકારોમાં આવશ્યક ઉપરની વિદ્યમાન ટીકાઓમાં પ્રથમ ટીકાકાર તરીકેનું સ્થાન આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનું આવે છે. તેઓશ્રી આવશ્યક નિર્યુક્તિ ગાથા ૭૪૨ ઉપર ટીકા કરતાં ફરમાવે છે કે: તીર્થંકરદેવો કૃતકૃત્ય હોવાથી સામાયિક અધ્યયનને તેમજ બીજા ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને શા માટે કહે છે? તેનું સમાધાન એ છે કે તીર્થંકર નામકર્મ મેં પૂર્વે ઉપાર્જન કર્યું છે તેને મારે ભોગવવું જોઈએ તેમ જાણીને શ્રી તીર્થંકરેદેવ સામાયિક અને બીજાં ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને કહે છે.

આ રીતે નિર્યુક્તિકાર, ભાષ્યકાર, ચૂર્ણિકાર અને ટીકાકારોના સ્પષ્ટ ઉલ્લેખો મળતાં છ આવશ્યક સૂત્ર અને તદન્તર્ગત સામાયિક અને પ્રતિક્રમણ વિગેરે અધ્યયનોના સંરચયિતા તીર્થંકરોના આદ્ય શિષ્યો, ચૌદ પૂર્વની લબ્ધિને ધારણ કરનાર ગણધર ભગવંતો જ છે. એ વાતમાં લેશ પણ સંશય રહેતો ન હોવાને કારણે સમગ્ર જૈન સંઘોમાં સામાયિક, પ્રતિક્રમણ વિગેરેનું મહત્ત્વ વિશેષ પ્રકારે છે અને તેથી જ સૌ જીવોના આત્મહિત-કલ્યાણ અને સંઘના અભ્યુદય માટે ધાર્મિક અભ્યાસમાં સૌથી પ્રથમ સામાયિક પ્રતિક્રમણના સૂત્રો અને તેના અર્થો ભણવા માટે, જાણવા માટે, અને સમજવા માટેનો ભારપૂર્વકનો આગ્રહ રાખવામાં આવે છે.

'સામાયિક' શબ્દ જૈન ધર્મનો એક મહત્ત્વનો, વિશિષ્ટ કોટિનો શબ્દ છે. 'સામાયિક એટલે આત્મા' એવી સામાયિકની શ્રેષ્ઠતમ વ્યાખ્યા કરવામાં આવી છે અને સાધકે રોજેરોજ કરવાનું પરમ આવશ્યક છે, એમ કહેવામાં આવ્યું છે.

સંસારના સર્વ જીવોને રાગદ્વેષથી મુક્તિ મળે તે માટે સમત્વની સાધના અનિવાર્ય છે. તે માટે 'સામાયિક' અમોઘ સાધન છે, જે પરંપરાએ મોક્ષગતિ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે.

'સામાયિક' શબ્દ 'સમ' ઉપરથી બનેલો છે. તેના વિવિધ અર્થો થાય છે. 'સમ' એટલે 'આત્મા', 'સમ' એટલે 'સમાનતા', 'સમ' એટલે સર્વ જીવો પ્રત્યે મૈત્રી. 'આય' શબ્દનો અર્થ થાય છે 'લાભ', સમ+આય+ઈક=સામાયિક એટલે કે જેમાં 'સમ'નો લાભ થાય છે તે.' સામાયિકનો ભાવાર્થ થાય છે સમતા, રાગદ્વેષથી રહિત બનીને, સમતાભાવ ધારણ કરીને પોતાના આત્મસ્વભાવમાં સમ બનવું, સ્થિર રહેવું, એકરૂપ બની જવું, તેનું નામ સામાયિક.

શ્રી હરિભદ્રસૂરિએ 'અષ્ટક પ્રકરણ'માં સામાયિકના લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યાં છે.

समता सर्व भूतेषु संयमः शुभभावना।
आर्तरौद्र परित्यागस्तद्धि सामायिकं व्रतम्।।

સર્વ જીવો પ્રત્યે સમતા રાખવી, સંયમ ધારણ કરવો, શુભ ભાવના ભાવવી, આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં સામાયિકનાં લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યા છેઃ

त्यक्तार्त रौद्र ध्यानस्य त्यक्त सावद्यं कर्मणः।
मुहूर्त शमता या तां विद्धः सामायिकम् व्रतम् ।।

આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને તથા સાવદ્ય કર્મનો ત્યાગ કરીને એક મુહૂર્ત સુધી સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

આપણાં સૌ જીવોના પુણ્યોદયે, આપણાં તીર્થંકરોએ, ગણધરોએ તેમ જ મહાન આચાર્ય ભગવંતોએ, સામાયિકનો દસ્તાવેજ આપણને ભેટ આપ્યો છે અને તેનો મહિમા બતાવ્યો છે.

૧. કરોડો જન્મો સુધી તીવ્ર તપ કરનાર જેટલાં કર્મોને ખપાવી ન શકે તેટલા કર્મોને સમતાભાવથી ભાવિત ચિત્તવાળો અર્ધી ક્ષણમાં ખપાવી શકે છે.

૨. જેઓ પણ આ અગાઉ મોક્ષમાં ગયા છે અને આજે પણ જઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ જેઓ મોક્ષે જશે–આ બધો જ પ્રભાવ સામાયિકનો છે. (આવશ્યક નિર્યુક્તિ)

૩. સામાયિક એટલે સાધુપદ, સાધુ ધર્મનો અભ્યાસ, ૪૮ મિનિટનું સાધુજીવન છે.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ધર્મબિંદુ ગ્રંથ

૪. ૪૮ મિનિટ સુધી તમામ પ્રકારની પાપયુક્ત વૃત્તિ, વિચાર અને આચારનો ત્યાગ કરવો તે, સમતાને સેવનારા જનોનું સામાયિક નામનું શિક્ષાવ્રત છે.

શ્રી વિજયલક્ષ્મીસૂરિજીકૃત ઉપદેશપ્રસાદ

૫. સામાયિકના ત્રણ પ્રકાર છે–૧. સમ્યક્ત્વ સામાયિક. ૨. શ્રુત સામાયિક અને ૩. ચારિત્ર સામાયિક. તેમાં ચારિત્ર સામાયિક બે પ્રકારનું સમજવું. ગૃહસ્થનું અને સાધુઓનું ચરિત્ર. (જીવનભરનું સામાયિક)

–ઉપદેશ પ્રસાદ સ્તંભ

૬. સ્વ અને પરની સ્વાભાવિક–વૈભાવિક દશાની યથાર્થ શ્રદ્ધા તે સમ્યક્ત્વ સામાયિક.

૭. પરભાવમાંથી સ્વભાવમાં પાછા ફરવાની ક્રિયાને ચારિત્ર સામાયિક કહે છે.

૮. ઓછામાં ઓછું અંતર્મુર્હુત નિશ્ચયથી સામાયિકમાં રહેવું, તે પછી પણ ચિત્તની સમાધિ રહે ત્યાં સુધી સામાયિકમાં વધારે રહેવું.

–વંદિતા સૂત્રની ચૂર્ણિ

૯. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું યથાર્થ પાલન કરીને ઉપાશ્રયમાં જઈને સાધુ-સાધ્વી ભગવંતોને વંદના કરીને સામાયિક કરવું.

–યોગશાસ્ત્ર

૧૦. સામાયિકમાં પાંચ ઉપકરણોના આલંબન લઈને સામાયિક કરવું યોગ્ય છે.

૧. સ્થાપનાચાર્ય, ૨. મુહપત્તિ, ૩. નવકારવાળી, ૪. ચરવળો, ૫. કટાસણું.

૧૧. સામાઇય વય જુત્તો
જાવ મણો હોઈ નિયમસંજુતો,
છિન્નઈ અસુહ કમ્મં
સામાઇય જતિયા વારા.

સામાયિક વ્રત લેનારો જ્યાં સુધી અને જેટલી વાર મનમાં નિયમ રાખીને સામાયિક કરે છે ત્યાં સુધી અને તેટલી વાર અશુભકર્મનો નાશ કરે છે.

-શ્રી વર્ધમાનસૂરિકૃત આચાર દિનકર

સામાઈ અમ્મિ ઉ કએ,
સમણો ઇવ સાવઓ હવઈ જમ્હા
એએણ કારણેણં.
બહુસો સામાઇય કુજ્જા

સામાયિક કરવાથી, સામાયિક કરનાર સાધુ જેવો થાય છે. આથી વારંવાર સામાયિક કરવું જોઈએ.

૧૨. સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા જ્ઞાનાવરણ આદિ ઘાતિકર્મનો સર્વથા અને સંપૂર્ણપણે નાશ કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

–આ. હરિભદ્રકૃત અષ્ટક

૧૩. સામાયિકરૂપી સૂર્યના કિરણો વડે, રાગાદિક અંધકારનો નાશ થવાથી, યોગીજનો પોતાના આત્મામાં પરમાત્માનું દર્શન કરે છે.

–શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર

૧૪. જેનો આત્મા સંયમમાં, નિયમમાં અને તપમાં સંલગ્ન-લીન રહે છે, તેનું સામાયિક શુદ્ધ થાય છે એમ કેવળી ભગવાને કહ્યું છે.

૧૫. જે સાધક ત્રસ અને સ્થાવર તમામ જીવો પ્રત્યે સમભાવ રાખે છે, તેનું સામાયિક શુદ્ધ થાય છે એમ કેવળી ભગવાને કહ્યું છે.

**સામાયિકનું વ્યાકરણ**

દરેક માણસને પોતાનું ખાનદાન હોય છે. માણસ જ્યારે ન કરવાનું કામ કરે ત્યારે એ માણસ સાથે તેનું ખાનદાન પણ વગોવાય છે.

ચૂંટણી, મતદાન, વિધાનસભા, લોકશાહી, ખાનદાનના આ બધા શબ્દો છે. રાજકારણ એનું ખાનદાન છે.

સંધ્યા, હોમ, હવન, યજ્ઞ વિગેરે વૈદિક ખાનદાની શબ્દો છે. એ રીતે 'સામાયિક' શબ્દનું ખાનદાન જૈન દર્શન છે. જૈન ખાનદાનનો શબ્દ છે 'સામાયિક'. સામાયિક શબ્દનું ગોત્ર છે સંસ્કૃત ભાષા. આ ગોત્રનો વંશ છે પ્રાકૃત ભાષા. 'સામાયિક' અસલી શબ્દ નથી. એ નકલી શબ્દ પણ નથી.

પ્રાકૃત ભાષામાંથી આ શબ્દ સંસ્કાર પામીને સંસ્કૃત ભાષામાં આવ્યો છે. અઢી હજાર વર્ષો પહેલાં ભગવાન મહાવીરના યુગમાં તેની 'સામાઈઅ' નામે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ હતી.

સામાયિકના ચાર ભેદ પાડ્યાં છે.

૧. સમ્યક્ત્વ સામાયિક, ૨. શ્રુત સામાયિક, ૩. દેશવિરતિ

સામાયિક, ૪. સર્વવિરતી સામાયિક.

સામાયિક એટલે આત્મા સાથે, એકાંતમાં આત્મા સાથે આત્માલાપ.

સમય=આત્મા, સમય=અવસર, સમય=સુંદર પરિણામ.

જેમાં આત્મધર્મની આરાધના થાય છે, તે સામાયિક છે.

જે આત્માને આત્મા સાથે એકાંતમાં મળવાનો અવસર કરી આપે છે અથવા જે સમયે આત્માલાપ અને આત્મસાંનિધ્ય પ્રાપ્ત થાય છે તે અવસર એટલે સામાયિક.

આ એક જ ભાવપૂર્વકનું સામાયિક સુખ, શાંતિ, પ્રસન્નતા, પવિત્રતા આદિથી જીવનને ઉજ્જવળ અને ઉજમાળ બનાવે છે.

**સામાયિકને પ્રતિક્રિયાથી બચાવો**

સામાયિક એક આવશ્યક ક્રિયા છે. ક્રિયાની સમજ ન હોવાથી, સામાયિકની સમજ ન હોવાથી અણસમજુ અને અજ્ઞાનીઓ ક્રિયાને ક્રિયાકાંડ બનાવી દે છે. ક્રિયા અને ક્રિયાકાંડમાં મૂળભૂત ફરક છે. ક્રિયાથી આત્માની શુદ્ધિ થાય છે, ધ્યેય તરફ પ્રગતિ થાય છે, ક્રિયામાં જાગૃતિ હોય છે. ક્રિયાકાંડમાં બેહોશી. ક્રિયાકાંડી પેલા નાવિક જેવો છે. નાવિક આખી રાત હોડીમાં બેસીને હલેસાં મારે છે, પણ સવારે તેની હોડી તસુ પણ આગળ નથી વધી હોતી. કયાંથી વધે ? હોડીનું દોરડું કે લંગર જ તેણે છોડ્યું જ નહોતું. ક્રિયાકાંડી આ નાવિક જેવો છે.

એ સામાયિકમાં બેસે છે પરંતુ ન એ સમતાનો ભાવ લાવે છે, ન સમભાવને સાધે છે. મમતાનું બંધન એ તોડતો નથી. પરભાવનું લંગર એ છોડતો નથી. આથી સેંકડો સામાયિક કરવા છતાં, પણ તેના આત્માની શુદ્ધિ થતી નથી. ક્રિયાકાંડ આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. લોકો શું કહેશે ? લોકોને કેવું લાગશે ? એ વિચારે આપણું જીવન ગોઠવાય છે. ક્રિયાકાંડ આપણું વ્યસન થઈ ગયું છે.

**આગમ સાહિત્યમાં સામાયિક**

જૈન આચાર-વિચારમાં સામાયિકનું સ્થાન સર્વપ્રથમ અને સર્વોપરી છે. આગમોમાં 'આચારાંગ'નું સ્થાન પ્રથમ નંબરે છે. પરંતુ આચારમાં તો સર્વપ્રથમ નંબરે માત્ર સામાયિકનું જ સ્થાન છે. અભ્યાસમાં પણ સામાયિકનો જ પ્રથમ નંબર છે. આગમોની રચના થયા પહેલાં જ સામાયિકનું આચરણ થતું હતું.

નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામી તો સામાયિકની વિદ્યમાનતા ઠેઠ ભગવાન ઋષભદેવના યુગ જૂની જણાવે છે. તેઓ પ્રથમ આવશ્યક નિર્યુક્તિમાં લખે છે–

'તપ અને સંયમથી યુક્ત એવા મરિચિ તેમના ગુરુની પાસેથી સામાયિકથી માંડીને અગિયાર અંગો સુધી ભણ્યા.'

આ મરિચિ એટલે ભગવાન મહાવીર–તીર્થંકર રૂપે પરિવર્તિત થયા. તેઓએ પૂર્વભવોમાં સામાયિકનો અભ્યાસ કર્યો. આ સામાયિકમાં એ જીવ્યા અને મહાવીરના ભવમાં સામાયિક લઈને જીવંત સામાયિક બનીને સામાયિકનો ઉપદેશ આપ્યો. સામાયિક નિત્ય અને પ્રતિપળ કર્તવ્ય છે. કરવા યોગ્ય સર્વપ્રથમ આવશ્યક છે. તેથી આવશ્યક સૂત્રમાં પ્રથમ અધ્યયન પણ સામાયિકનું જ છે.

સૌથી વધુ વિવેચન ગ્રંથો 'આવશ્યક' નામના મૂળ સૂત્ર ઉપર લખાયા છે. તેની સંખ્યા ઓછામાં ઓછી ૨૫ ગ્રંથોની છે. એ તમામ વિવેચન ગ્રંથોમાં 'સામાયિક'ની સર્વાંગીણ વિચારણા કરવામાં આવી છે.

**વિક્રમની છઠ્ઠી સદી**

સામાયિક વિવેચન પર આચાર્ય શ્રી ભદ્રબાહુએ સર્વપ્રથમ સુવર્ણ હસ્તાક્ષર કર્યા છે. આ નામના બે જ્યોતિર્ધર થઈ ગયા. એક અંતિમ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી, બીજા નિર્યુક્તિકાર આચાર્ય શ્રી ભદ્રબાહુ. દ્વિતિય આચાર્ય શ્રી ભદ્રબાહુએ વિક્રમની ૬ઠ્ઠી સદીએ 'આવશ્યક સૂત્ર' પર નિર્યુક્તિ લખી.

નિર્યુક્તિ એટલે શું ? શબ્દની વ્યાખ્યા. એક જ શબ્દના અનેક અર્થ થાય છે. પરંતુ કયો અર્થ, કયા પ્રસંગને અનુરૂપ કે યોગ્ય છે. ભગવાન મહાવીરના ઉપદેશ સમયે કયો અર્થ કયા શબ્દની સાથે સંબંધ ધરાવતો હતો વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સમ્યક્‌રૂપી અર્થનો નિર્ણય કરવો અને એ અર્થનો મૂળસૂત્રના શબ્દો સાથે સંબંધ જોડી આપવો એ આ નિર્યુક્તિનો હેતુ છે. તેમાં જણાવ્યું છે કે :

'સામાયિક શ્રુતનો અધિકારી જ ક્રમશઃ મોક્ષનો અધિકારી બની શકે છે.'

ભગવાન મહાવીરે વિશ્વને 'સામાયિક' શબ્દ પ્રદાન કર્યો.

**વિક્રમની ૭ મી સદી**

ભાષ્યમાં માત્ર એકમેવ સામાયિક ઉપર જ તલસ્પર્શી અને તર્કબદ્ધ વિવેચના છે. તેમાં કહ્યું છે કે : 'સામાયિક એટલે સાવદ્યયોગોનો ત્યાગ' તે બે પ્રકારે છે. ઈત્વર અને યાવત્કથિક. ઈત્વર એટલે અલ્પ સમય માટેનું છે. યાવત્કથિક જીવનભર માટેનું છે.

ક્ષમાશ્રમણ જિનભદ્રગણિ વિ. સ. ૬૫૦ આસપાસ કાળધર્મ પામ્યા તે પહેલાં તેઓએ આચાર્ય શ્રી ભદ્રબાહુએ 'સામાયિક' વિવેચનનું જે બીજારોપણ કર્યું હતું તેનું નવસર્જન કર્યું અને ભાષ્યની રચના દ્વારા સામાયિકને ગગનની અનંત ઊંચાઈ અને વિસ્તાર બક્ષ્યા.

**શ્રાવકના બાર વ્રતના સાહિત્યમાં સામાયિક**

છ આવશ્યકમાં સામાયિક મેરૂ શિખરે છે. સાધુ અને સાધ્વી સમર્પિત આત્મસાધકો છે. તેઓ ગૃહત્યાગ કરીને જીવનના અંતિમ શ્વાસ સુધી આત્મસાધના કરવાની પવિત્ર પ્રતિજ્ઞા લે છે. છ આવશ્યક બંને વર્ગ માટે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, પરંતુ ગૃહસ્થ વર્ગ માટે પ્રતિપળ આત્મસાધનામાં રહેવું શક્ય નથી. આથી ભગવાન શ્રી મહાવીરે બાર વ્રતોનું નિરૂપણ કર્યું છે. વ્રતોના પણ ભેદ બતાવ્યા છે.

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

બાર વ્રતોની આ રત્નમાળામાં સામાયિક વ્રતનું ૮મું સ્થાન છે. અને ચાર શિક્ષાવ્રતમાં પ્રથમ સ્થાન છે.

શ્વેતાંબર અને દિગંબર બને પરંપરામાં એકમત છે. તેઓ માને છે કે

૧. સામાયિક શિક્ષાવ્રત છે.

૨. સામાયિક ૪૮ મિનિટ સુધી નિત્ય કરવું જોઈએ.

૩. સામાયિક કરનાર મુનિ જેવો બને છે.

શ્રાવકાચાર (બાર વ્રત)ને વિશેષ પ્રકારે પ્રથમ માન અને મોભો આપવાનું સર્વપ્રથમ શ્રેય આચાર્ય શ્રી ઉમાસ્વાતિ અને શ્રી કુંદકુંદાચાર્યને ફાળે જાય છે. ઉમાસ્વાતિ બંને પરંપરાના આરાધ્ય, શ્રદ્ધેય અને પૂજ્ય છે. દિગંબર પરંપરામાં કુંદકુંદાચાર્યનું સ્થાન અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામી ગણધર ભગવંત સમાન છે. બંનેનો સમય વિવાદાસ્પદ છે. છતાં ય સ્વીકારાયું છે. ઉમાસ્વાતિ વિક્રમની ૧લી થી ૩જી સદીમાં અને શ્રી કુંદકુંદાચાર્ય વિક્રમની પહેલી સદીમાં થઈ ગયા.

**વિક્રમની ૧ થી ૩ સદી**

ઉમાસ્વાતિકૃત 'તત્ત્વાર્થ સૂત્ર'ની ગણના જૈન ધર્મની ગીતા, બાઈબલ અને કુરાનના રૂપમાં થાય છે. તેઓએ 'શ્રાવક પ્રજ્ઞપ્તિ' ગ્રંથમાં ૬ઠ્ઠી ગાથામાં શ્રાવક શબ્દની મનનીય વ્યાખ્યા આપી છે. 'જે સમ્યગ્‌દૃષ્ટિ સાધુઓની પાસે ઉત્કૃષ્ટ આચારસંહિતાનું શ્રવણ કરે છે તે શ્રાવક છે.' આવી વ્યાખ્યા બાંધીને તેમાં સામાયિક સહિત-શ્રાવકના બાર વ્રતોની વિચારણા કરાઈ છે.

શ્રી કુંદકુંદાચાર્યે પણ 'રયણસાર' ગ્રંથમાં શ્રાવકાચાર પર સ્વતંત્ર રચના કરી છે. તેમાં સામાયિકનું પ્રતિપાદન કર્યું છે.

**સામાયિક વિધિ-સમાન-અસમાન-જૈનોના ફિરકાઓમાં**

સામાયિક જૈનોના તમામ ફિરકાઓની સર્વસંમત સાધના, આરાધના અને નિત્યની આવશ્યક ક્રિયા છે.

૧. સામાયિક પવિત્ર સ્થાનમાં બેસીને, શુદ્ધ વસ્ત્ર પહેરીને કરવું જોઈએ.

૨. સામાયિક ૪૮ મિનિટ સુધી સ્થિર આસને અને સ્થિર ચિત્તે કરવું જોઈએ.

૩. સામાયિકમાં સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરવો જોઈએ.

૪. પાંચ અતિચાર અને મન, વચન અને કાયાના કુલ ૩૨ દોષોનો ત્યાગ કરવો જોઈએ.

૫. સામાયિકના સમયમાં જાપ, ધ્યાન, સ્વાધ્યાય અને ધર્મગ્રંથોના લેખન, સૂત્રોના અર્થ સમજવા વિગેરે કરવા જોઈએ.

આ પાંચે બાબત બધાં જ ફિરકાઓમાં એક સમાન છે. પણ સામાયિક કરવાની અને પારવાની વિધિ ભિન્ન ભિન્ન છે. શ્વેતામ્બર અને સ્થાનકવાસી પરંપરામાં સામાયિક માટેના ચોક્કસ સૂત્રો અને તેનો યથોચિત ક્રમ છે. દિગંબર પરંપરામાં તેવા કોઈ સૂત્રો નથી. કાયોત્સર્ગનું વિધાન ત્રણેય પરંપરામાં છે. પણ દિગમ્બર પરંપરામાં સામાયિકમાં કરાતા કાયોત્સર્ગની વિશિષ્ટ મુદ્રાઓ સાથેની વિધિ છે. દિગમ્બર પરંપરામાં ઉપકરણને કોઈ ખાસ સ્થાન નથી. શ્વે. અને સ્થાનકવાસી પરંપરામાં કટાસણું, મુહપત્તિ, ચરવળો, અનિવાર્ય છે. પરંતુ મુહપત્તિ શ્વેતાંબરો હાથમાં છૂટી રાખે છે અને બોલતી વખતે મોંથી થોડેક આગળ ધરી રાખે છે. સ્થાનકવાસી પરંપરામાં તો સામાયિક દરમ્યાન સતત મોંએ બાંધેલી જ રાખે છે.

આમ ઘણું સમાન છે અને ઘણું અસમાન છે. શ્વેતામ્બર, દિગમ્બર અને સ્થાનકવાસી આ ત્રણે પરંપરામાં સામાયિકની વિધિ અને સૂત્રોમાં પણ ફરક છે.

**મૂર્તિપૂજક પરંપરા :** નવકાર, પંચિન્દ્રિય, ખમાસમણ, ઇરિયાવહી, તસ્સ ઉત્તરી, અનત્થ, ચંદેસુ...સુધી એક લોગસ્સનો કાઉસગ્ગ, પ્રગટ લોગસ્સ, ખમાસમણ, આજ્ઞા માગીને મુહપત્તિનું પડીલેહણ (૫૦ બોલ), ખમાસમણ, ગુરુ પાસે સામાયિક કરવાની આજ્ઞા, ગુરુની મંજૂરી મળે, નવકાર-સામાયિક દંડક ઉચ્ચારવું, 'કરેમિ ભંત્તે', ખમાસમણ, બેસણે, સંદિસાહુ, ખમાસમણ, બેસણે ઠાઉ-ખમાસમણ, સજ્ઝાય સંદિસાહુ, ખમાસમણ–સજ્ઝાય કરું-ખમાસમણ અને ત્રણ વાર નવકાર મંત્ર.

**પારવાની વિધિ :** ખમાસમણથી લઈને ચંદેસુ...સુધીનો એક કાઉસ્સગ્ગ, મુહપત્તિ પડિલેહણની આજ્ઞા, ખમાસમણ, સામાયિક પારું ? ગુરુ ભગવંત કહે છેઃ 'પુણોવિ કાયવ્વો'. ફરીથી કરવા યોગ્ય છે. શ્રાવક કહે છે- 'યથાશક્તિ'. ગુરુ ભગવંત કહે છેઃ 'આયરો ન મુતવ્વો' આદર ન મૂકવો-તહતી, નવકાર, અને સામાયિક સૂત્ર-નવકાર.

**સ્થાનકવાસી પરંપરા :** નવકાર મંત્ર ત્રણ વાર–સમ્યક્ત્વ સૂત્ર-ત્રણ વાર (અરિહંતમહ દેવો...મએ ગહિયં) પંચદિય, તિકખુત્તો ત્રણવાર,

## શ્રી બાહુબલીનું પ્રથમ પ્રતિક્રમણ

ભરતને ચક્રવર્તી બનવું હતું. બાહુબલીને આઝાદ રહેવું હતું. સત્તા અને સ્વતંત્રતા માટે બંને સગા ભાઈઓ વચ્ચે જીવ સટોસટનું યુદ્ધ થયું.

પળની જ વાર હતી. મુક્કો માથામાં વીંઝાય અને મોટાભાઈનું મોત.

બાહુબળીને થયુંઃ 'શાના માટે આ ભાઈની હિંસા ?'

અને બાહુબળીએ હિંસાથી પાછા વળીને અહિંસાની સાધના તરફ પ્રયાણ કર્યું. પ્રતિક્રમણ એટલે અશુભ યોગમાંથી પાછા ફરીને શુભ યોગમાં પ્રવૃત્ત થવું.

વર્તમાન કાળચક્રનું એ સૌ પ્રથમ રોમાંચક પ્રતિક્રમણ હતું.

**☐ ભારતી શાહ**

ઇરિયાવહી-તસ્સ ઉત્તરી, અનત્થ, ચંદેસુ...સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ-પ્રગટ લોગસ્સ, તિકખુત્તો ત્રણ વાર, કરેમિ ભંતે ત્રણવાર, નમોત્થુણં-ત્રણવાર.

**પારવાની વિધિ :** સામાયિક લેવાની વિધિના પ્રથમ પાંચ સૂત્રો, નમોત્થુણં, ત્રણ નવકારનો કાઉસ્સગ્ગ અને ક્યાંક સામાયિક સૂત્ર પણ બોલવામાં આવે છે.

**દિગમ્બર પરંપરા :** સામાયિક વિધિને સમજવા માટે ૧. આવર્ત, ૨. શિરોનતિ અને ૩. નમસ્કાર. આ ત્રણે શબ્દો સમજવા જરૂરી છે.

**આવર્ત :** એટલે બંને હાથને અંજલિબદ્ધ જોડીને એ હસ્તાંજલિને જમણી બાજુના કાનથી ડાબી બાજુના કાન સુધી ફેરવવી.

**શિરોનતિ :** હસ્તાંજલિ ઉપર માથું નમાવીને નમસ્કાર કરવા.

**નમસ્કાર :** આઠ અંગ નમાવી ઘૂંટણથી બેસી, હાથ જોડી અંગ નમાવી, પગ ઉપર હાથને જોડી મસ્તક નમાવવું.

સામાયિક બાંધવાનો વિધિ લેતા પહેલાં ઈન્દ્રિયોના વિષય વ્યાપારથી વિરક્ત થઈને સામાયિકના કાળ સુધી સર્વ જીવો ઉપર સમતા રાખી, આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી દૂર રહીને એક માત્ર ચિદાનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું જ ધ્યાન ધરીશ તેવી પ્રતિજ્ઞા કરવી. ચારે દિશામાં નવ-નવ વખત મનમાં ણમોકારના મહામંત્રનો જાપ કરવો. આવર્ત, શિરોનતિ કરીને ૪૮ મિનિટ પૂર્વ કે ઉત્તર દિશા તરફ મોં રાખીને આત્મધ્યાન કરવું, આલોચના પાઠ, બાર ભાવનાનું ચિંતન-મનન કરવું.

**પારવાનો વિધિ :** ૪૮ મિનિટ પૂરી થતાં સામાયિકનાં પાંચ અતિચાર અને ૩૨ દોષોની ક્ષમાપના માગીને નવ વખત ણમોકાર મંત્રનો કાયોત્સર્ગ કરીને નમસ્કાર કરવો.

**સ્થાનકવાસી પરંપરા :** (ઉપાધ્યાય શ્રી અમર મુનિકૃત 'સામાયિક સૂત્ર')

**દિગમ્બર પરંપરા :** (બ્રહ્મચારી કપિલભાઈ કોટડિયા સંગ્રહિત પ્રકાશિત-સમતાના સાધનો)માંથી વિગતો પ્રાપ્ત થયેલ છે.

x x x

૧. **શંકા :** ૨૪ તીર્થંકરોના નામથી 'નામસ્તવ' તરીકે પ્રસિદ્ધ લોગસ્સસૂત્ર આગમરૂપ છે ? કોઈ આગમ ગ્રંથમાં એનો ઉલ્લેખ છે ખરો ?

**સમાધાન :** ૪૫ આગમમાં 'આવશ્યક સૂત્ર' એક આગમ છે. જેમાં ૬ પ્રકારના આવશ્યકનું વર્ણન છે–'ચઉવીસત્થો' આવશ્યક એટલે જ ચતુર્વિંશતિસ્તવ તરીકે પ્રસિદ્ધ 'નામસ્તવ-લોગસ્સસૂત્ર' છે. અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય આમ બે પ્રકારના 'શ્રુત'માં અંગબાહ્યના બે પ્રકાર છે. ૧. આવશ્યક સૂત્ર અને ૨. આવશ્યક સૂત્ર સિવાયનું આવશ્યક સૂત્ર સ્વતંત્ર આગમ છે. માટે જ અસજ્ઝાયના સમયમાં આવશ્યક સૂત્રના પઠન-પાઠનનો નિષેધ છે.

૨. **શંકા :** સામાયિક લેતાં પૂર્વે ગુરુવંદન કરવાનો વિધિ હોય તો સ્થાપનાજી સ્થાપ્યા પહેલાં ગુરુવંદન કોને કરવાનું ? અને કોઈ પુસ્તકમાં 'ગુરુવંદન' કરીને સામાયિક લેવું જોઈએ. એવું વાંચ્યું નથી તો શું કરવું જોઈએ ?

**સમાધાન :** સામાયિક પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયા ગુરુ નિશ્રામાં જ કરવાનો વિધિ સર્વત્ર પ્રસિદ્ધ છે. એથી સાક્ષાત્ ગુરુ હોય ત્યારે ગુરુવંદન કરીને સામાયિક લેવું જોઈએ. ગુરુનિશ્રા ન મળે એવા સંયોગોમાં પ્રતિષ્ઠા વિધિથી પ્રતિષ્ઠિત સ્થાપનાચાર્ય સમક્ષ સામાયિક લેતાં પૂર્વે ગુરુવંદન કરવું જોઈએ. ગુરુવંદન ભાષ્યમાં 'पडिकमणे सज्झाय' ગાથામાં સ્પષ્ટ જણાવ્યું છે કે પ્રતિક્રમણાદિ કરતાં પહેલાં ગુરુવંદન કરવું જોઈએ. એ વિધિ ન આવડતો હોય તો સમજી લેવાનો.

૩. **શંકા :** સામાયિક લેનારને સામાયિકના સૂત્રો અને વિધિ ન આવડતાં હોય તો પુસ્તકમાં જોઈને સૂત્રો બોલે ને વિધિ કરે તો તે સામાયિક ગણાય કે ન ગણાય ?

સમાધાન : વાસ્તવમાં સામાયિકાદિ ક્રિયા કરનારે સૂત્ર અને અર્થનો અભ્યાસ કરી લેવો જોઈએ. જેથી ક્રિયામાં આનંદ આવે. તેમ છતાં કોઈ પુણ્યાત્માને સૂત્રો કે વિધિ ખ્યાલમાં જ ન હોય તો પુસ્તકમાં જોઈને બોલે તેનો ય લાભ મળે છે ને સામાયિક પણ ગણાય છે.

x x x

## સામાયિકમાં આવતાં સૂત્રો

**૧. નવકાર, ૨. શ્રી પંચિદિય સૂત્ર**–ગુરુ સ્થાપના સૂત્ર છે.

**૩. ઈચ્છામિ ખમાસમણો**–ખમાસમણ સૂત્ર, પંચાગ પ્રણિપાત સૂત્ર અને ત્રીજું નામ થોભવંદન સૂત્ર છે. ગુરુને કરાતું આ વંદન સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન અને બીજી ધાર્મિક ક્રિયાઓમાં આ સૂત્રનો ઘણો ઉપયોગ થાય છે.

**૪. ઇરિયાવહિયા સૂત્ર**–તેનું બીજું નામ 'ઈરિયાપથ પ્રતિક્રમણ સૂત્ર' પણ છે. સામાયિકની ક્રિયાનો પ્રારંભ કરતાં નવકાર-પંચિદ્રિય બોલીને આ સૂત્રના માધ્યમે સાધ્વાચાર કે શ્રાવકાચાર સંબંધી કોઈપણ દોષાચરણથી આત્મા મલિન થયો હોય તો તેની વિશુદ્ધિ માટે આ સૂત્ર બોલવાનું હોય છે. ચૈત્યવંદન આદિ ક્રિયાનો પ્રારંભ કરતાં પણ આ સૂત્ર ક્રિયા સાથે કરવાનું હોય છે. આ સૂત્રના એક એક પદો ધ્યાનથી અને ઉપયોગપૂર્વક જો બોલવામાં આવે તો કરેલા પાપો પ્રત્યેની જુગુપ્સા વધતા સંવેગભાવ વૃદ્ધિ પામે છે અને સંવેગભાવ વધતાં વધતાં અઈમુત્તા મુનિની જેમ કેવળજ્ઞાનનું કારણ પણ બની શકે છે.

**૫. તસ્સ ઉત્તરી સૂત્ર :** ઈરિયાવહિયા સૂત્રથી પાપનું 'મિચ્છામિ દુક્કડં' આપી જે શુદ્ધિ થાય છે તે શુદ્ધિ કરતાં પણ આત્માને વિશેષ પ્રકારે શુદ્ધ કરવા માટે આ સૂત્ર બોલીને કાયોત્સર્ગ કરાય છે. આ ક્રિયાને ઉત્તરીકરણ કહેવાય છે. જે આ સૂત્રનો મુખ્ય વિષય છે.

૧. પ્રાયશ્ચિત કરણ, ૨. વિશોધિકરણ અને વિશલ્યીકરણ એ ત્રણ ઉપાયોથી ઉત્તરીકરણ થઈ શકે છે.

૬. **અન્નત્થ સૂત્ર :** આ સૂત્ર દ્વારા કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે, માટે તેનું બીજું નામ 'કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર' છે. કાયોત્સર્ગમાં કેટલાક આગારો છૂટ રાખવાની છે તે પણ આ સૂત્રમાં બતાવેલા હોઈ તેને 'આગાર-સૂત્ર' પણ કહેવાય છે. 'અન્નત્થ ઉસસિએણં હુઈ મે કાઉસ્સગ્ગો' સુધીના પદોમાં કાયોત્સર્ગમાં રાખવામાં આવતી છૂટ સંબંધી કથન છે. 'તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ' આ શબ્દોથી સ્થાન, મૌન અને ધ્યાનથી હું કાયાને વોસિરાવું છું.' એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે.

આ સૂત્રમાં 'જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ' આ શબ્દો દ્વારા જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર ન કરૂં ત્યાં સુધી હું કાયોત્સર્ગમાં છું. એમ કહી કાયોત્સર્ગની સમય મર્યાદા બતાવી છે.

૭. **લોગસ્સ સૂત્ર :** આ સૂત્રમાં ભરતક્ષેત્રના આ જ અવસર્પિણી કાળમાં થયેલા ચોવીસ તીર્થંકરોની સ્તવના કરવામાં આવી છે. તેથી તેને 'ચતુર્વિંશતિ સ્તવ સૂત્ર' પણ કહેવાય છે. ભગવાનના નામનો ઉલ્લેખ કરતા કીર્તન કરાય છે. તેથી આ સૂત્રને 'નામસ્તવ સૂત્ર' પણ કહેવાય છે. સામાયિક, પ્રતિક્રમણ, દેવવંદન, ચૈત્યવંદન વિગેરેમાં આ સૂત્રનો ઉપયોગ વારંવાર થાય છે. વિશેષ કરીને કાયોત્સર્ગમાં થાય છે. સાધુ અને શ્રાવકને કરવા યોગ્ય જે છ આવશ્યક છે તે પૈકીનું બીજું આવશ્યક 'ચઉવીસત્થો' છે, એટલે ચોવીશ ભગવાનની સ્તવના.

૮. **કરેમિ ભંતે સૂત્ર :** દ્વારા સામાયિકની પ્રતિજ્ઞા કરવામાં આવતી હોઈ આ સૂત્રનું બીજું નામ 'સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર' છે. એને 'સામાયિક દંડક સૂત્ર' પણ કહેવાય છે. સામાયિક લેવાની વિધિમાં આ મુખ્ય સૂત્ર છે. દ્વાદશાંગીનો સાર કહેવાય છે. મોક્ષનું કારણ સામાયિક છે અને સામાયિકનું કાર્ય મોક્ષ છે. સર્વવિરતી સામાયિકની આ પ્રતિજ્ઞા એક ભીષ્મ પ્રતિજ્ઞા છે. સાધુ-સાધ્વી ભગવંતોને પોતાની આજીવન લીધેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરવા તથા વ્રતના પરિણામોની દૃઢતા માટે એક દિવસમાં નવ નવ વાર આ સૂત્ર બોલે છે.

૯. **સામાયિક પારવાનું સૂત્ર :** सामाइयपारण – सुत्तं, सामायिकपारण-सूत्रम् છ આવશ્યકમાં સૌ પ્રથમ સામાયિકમાં આવતું સૂત્ર અંતિમ છે. ૪૮ મિનિટના સમય બાદ, સામાયિક પૂર્ણ થતાં આ સૂત્ર બોલવામાં આવે છે.

એક માણસ પ્રતિદિન લાખ ખાંડી સોનાનું દાન દે અને બીજો માણસ પ્રતિદિન એક સામાયિક કરે તો સામાયિકવાળો ચડી જાય. ક્રોડો જન્મ સુધી તીવ્ર તપ કરતાં પણ જીવ જે કર્મોને ખપાવી શકતો નથી તે કર્મને સમભાવથી મુક્ત આત્મા અર્ધી ક્ષણમાં ખપાવે છે. ✶ ✶ ✶

● આ ઇતિહાસ વિક્રમ સદીનો જિનસંદેશ–સામાયિક વિશેષાંક, એપ્રિલ ૧૯૮૫ માંથી પ્રાપ્ત થયેલ છે.

● **પૂ. આ. શ્રીમદ્ વિજય યુગતચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબ** તરફથી મળેલી માહિતી જે પ્રશ્નોત્તર રૂપે કલ્યાણ માસિકમાંથી પ્રાપ્ત થયેલ છે.

## પુણીઓ શ્રાવક

જ્યારે શ્રેણિક રાજાને ખબર પડે છે કે એના આગલા જન્મની ગતિ નરકગતિ છે ત્યારે ચિંતિત થઈ પ્રભુ મહાવીરને નરક ટાળવાનો ઉપાય બતાવવાની વિનંતિ કરે છે. પ્રભુએ ના પાડી કે આ નરકનો બંધ ટળે એ હવે શક્ય નથી. પરંતુ શ્રેણિક રાજાની અત્યંત વિનંતિથી એમણે આ નરક ગતિ ટાળવા માટે ત્રણ ઉપાય બતાવ્યા તેમાંથી એક ઉપાય – 'પુણીઆ શ્રાવક પાસે જઈ એના એક સામાયિકનું ફળ વેચાતું લઈ આવ, તો તારી નરક ગતિ ટળી જશે.'

આ સાંભળી રાજી થતો શ્રેણિક રાજા પુણિઆ શ્રાવકને બોલાવી એના સામાયિકની કિંમત પૂછે છે. પૂણિઓ શ્રાવક કહે છે- સામાયિકના ફળને વેચી ન શકાય, એની કિંમત ન અંકાય. નિરાશ થઈ રાજા પ્રભુ પાસે જાય છે. પ્રભુ મહાવીર સમજાવે છે કે પુણિઆ શ્રાવકની એક સામાયિક પણ અમૂલ્ય છે. તારું સમગ્ર રાજ્ય અને ઋદ્ધિ આપી દે તો પણ એની તોલે ન આવે.

આવું હતું પુણિઆ શ્રાવકનું અમૂલ્ય સામાયિક જેને મહાવીર ભગવાને પણ વખાણેલું હતું. પુણિઆ શ્રાવકે પ્રભુ મહાવીરની દેશના સાંભળી સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલો. આજીવિકા ચલાવવા તે રૂની પુણીઓ બનાવતો. તેમાંથી મળતા બે આનામાં તે સંતોષ માનતો. તેમાંથી બે જણની રસોઈ બનતી. એને અને એની સ્ત્રીને રોજ એક સાધર્મિકને જમાડવાનો નિયમ હતો. એટલે બેઉ જણા વારાફરતી ઉપવાસ કરીને રોજ એક સાધર્મિકને જમાડતા આવી હતી બેઉ પતિ-પત્નીની ભક્તિ. રોજ બંને સામાયિક કરતા. એક દિવસ સામાયિકમાં ચિત્ત સ્થિર ન રહેતા પુણિઆ શ્રાવકે પોતાની પત્નીને પૂછ્યું, 'કેમ આજે સામાયિકમાં ચિત્ત સ્થિર રહેતું નથી? તું કંઈ અદત્ત કે અનીતિનું દ્રવ્ય લાવી છે?' પત્નીએ વિચાર કરીને કહ્યું, 'બીજું તો કાંઈ લાવી નથી, પણ રસ્તામાં જે છાણા પડ્યા હતા તે લાવી હતી.' પુણિઆ શ્રાવકે કહ્યું, રસ્તામાં પડેલ ચીજ પણ આપણાથી ન લેવાય. માટે છાણા જ્યાંથી લાવ્યા છો ત્યાં પાછા નાખી આવો.

આવો હતો પુણિઓ શ્રાવક અને આવું હતું તેનું સામાયિક.

**–રશ્મિ ભેદા**

જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક 卐 જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક

# બીજું આવશ્યક : ચતુર્વિંશતિસ્તવ

□ ડૉ. રશ્મિ ભેદા

પ્રત્યેક જૈને રોજેરોજ અવશ્ય કરવાના છ કર્તવ્યો 'આવશ્યક સૂત્ર'માં બતાવેલા છે. આવશ્યક સૂત્ર એ ૪૫ આગમોમાંથી ચાર મૂળ આગમોમાંનો આગમસૂત્ર છે. આ છ આવશ્યક આ પ્રમાણે છે-૧. સામાયિક ૨. ચતુર્વિંશતિસ્તવ ૩. વંદના ૪. પ્રતિક્રમણ ૫. કાયોત્સર્ગ ૬. પચ્ચક્ખાણ.

આ છ આવશ્યક કર્તવ્ય 'આવશ્યક'ના નામથી જ પ્રસિદ્ધ છે. એમાં બીજું કર્તવ્ય તે ચઉવિસત્થો એટલે ચતુર્વિંશતિસ્તવ અર્થાત્ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ. પ્રથમ આવશ્યક 'સામાયિક'માં પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલા સાધક નિરવદ્યોગમાં પ્રવૃત્ત થવા માટે તથા સમભાવને સિદ્ધ કરવા માટે અપૂર્વ ઉલ્લાસભાવે તીર્થંકરોની સ્તુતિ કરે છે. તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દઢતમ થાય છે. તેમ જ સાધકનું લક્ષ્ય નિશ્ચિત થાય છે. ભક્તિ કરતાં કરતાં ભક્તના અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને તેના સહારે તે સાધનાના માર્ગમાં ગતિ અને પ્રગતિ કરી શકે છે. સાધનાનો પુરુષાર્થ સાધક સ્વયં કરે છે તેમ છતાં તીર્થંકરોની સ્તુતિ સાધકની સાધનાનો માર્ગ પ્રશસ્ત બનાવે છે. તીર્થંકરના ઉચ્ચતમ સંયમ તપની સાધનામાંથી સાધના પ્રેરણા મેળવે છે અને પરમાત્માના ગુણાનુરાગથી તે ગુણો સ્વયંમાં પ્રગટ કરે છે. વીતરાગ, સર્વજ્ઞ પુરુષની શ્રદ્ધા, ભક્તિ ક્રમશઃ તેને વીતરાગ બનાવે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસમા અધ્યયનમાં ગૌતમ સ્વામીએ ભવગાન મહાવીરને પૂછયું-'चउवीसत्थएणं भंते। जीवे किं जणयइ ?'

'હે ભગવાન! ચતુર્વિંશતિસ્તવન અર્થાત્ ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવને શો લાભ થાય છે ?'

ભગવાન મહાવીર ઉત્તર આપે છે-'चउवीसत्थएणं दंसणविसेहिं जणयइ ?' ચતુર્વિંશતિસ્તવથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને તેનાથી દર્શનની વિશુદ્ધિ થાય છે.

'ચઉસરણ પઈણ્ણથ'માં પણ કહ્યું છે :

'दंसणचारविसोही चउवीसायत्थएण किच्चइ य ।

अच्चब्भुअगुणकित्तण वेण जिणवरिंदाण ।।'

અર્થાત્ જિનવરેન્દ્રના અતિ અદ્ભુત ગુણકીર્તનરૂપ ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની વિશુદ્ધિ થાય છે. (દર્શન શબ્દથી અહીં સમ્યક્ત્વ ગ્રહણ કરવાનું છે.)

આ ચતુર્વિંશતિસ્તવમાં પ્રથમ શબ્દ 'લોગસ્સ' છે. એટલે પ્રથમ શબ્દ ઉપરથી આ સૂત્રને 'લોગસ્સ સૂત્ર' તરીકે ઓળખાવવામાં આવે છે. આ સૂત્રના વિષયને અનુરૂપ ચતુર્વિંશતિસ્તવ, ચઉવિસત્થો, નામસ્તવ ઇત્યાદિ નામો હોવા છતાં તે 'લોગસ્સ' નામથી વિશેષ પ્રસિદ્ધ છે. લોગસ્સ સૂત્ર જૈનોના ચારેય ફિરકા (શ્વેતામ્બર-મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર)ને માન્ય છે અને બધા ફિરકા એને પવિત્ર સૂત્ર તરીકે સ્વીકારે છે.

આ સૂત્રની ભાષા અર્ધમાગધી અથવા આર્ષ પ્રાકૃત છે. શ્વેતામ્બર પરંપરાના ત્રણે ફિરકાઓમાં આ સૂત્રમાં કોઈ પાઠભેદ નથી. દિગંબર પરંપરામાં અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ સ્વર-વ્યંજનની દૃષ્ટિએ કેટલોક ફેર છે.

| **શ્વેતામ્બર પાઠ** | **દિગમ્બર પાઠ** |
|---|---|
| લોગસ્સ ઉજ્જોઅગરે | લોયસ્સુજ્જોયયરે |
| ધમ્મતિત્થયરે જિણે | ધમ્મં તિત્થંકરે જિણેવંદે |
| કિત્તઇસ્સં | કિત્તિસ્સે |
| પિ કેવલી | ચેવ કેવલિણો |
| પુપ્ફદંત | પુપ્ફયંત |
| જે એ લોગસ્સ ઉત્તમા | એદે લોગોત્તમા જિણા |

ભગવાન મહાવીર સ્વામીના ગણધર ભગવંતોએ રચેલા આ સૂત્રમાં આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં થઈ ગયેલા શ્રી ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકર્રોની સ્તવના છે. આ ચોવીસ તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભિન્ન છે છતાં ગુણથી સમાન છે. તેથી સઘળા એક સરખા સ્તુતિને પાત્ર છે. દરેક તીર્થંકર ૩૪ અતિશયથી યુક્ત હોઈ શક્તિ કે પ્રભાવથી, સરખા જ હોય છે. દરેક તીર્થંકરને ચારે ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું કેવલજ્ઞાન સમાન હોય છે. એમની વાણી ૩૫ ગુણોથી યુકત હોય છે. દરેક તીર્થંકર જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ઇતિ અને ભીતિ અપાયોંનો નાશ થાય છે. ઇતિ એટલે અહીં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર, શુક, સ્વચક્ર ભય અને પરચક્ર ભય એ સાત ઉપદ્રવ સમજવાના છે. અને ભીતિ એટલે સલિલ-ભય, અનલ-ભય, વિષ-ભય, વિષધર ભય, દુષ્ટગ્રહ ભય, રાજ-ભય, રોગ ભય, રણ ભય, રાક્ષસાદિ ભય, રિપુ ભય, મારિ ભય (રોગચાળો), ચોર ભય અને શ્વાનાદિ ભય સમજવાના છે. આ ઉપરાંત દરેક તીર્થંકરને અશોક વૃક્ષ, ફૂલોનો વરસાદ, દિવ્યધ્વનિ, ચામર, રત્નજડિત સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર એ આઠ પ્રાતિહાર્યો હોય છે. આ તીર્થંકરોની બાહ્ય વિભૂતિ થઈ. હવે આપણે એમનું અંતરંગ સ્વરૂપ જોઈએ. તેઓ અર્હત્ હોય છે. સર્વ ઘાતી કર્મોનો ક્ષય કરી, આત્માના અનંત જ્ઞાન, અનંત

દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ અને અનંત વીર્ય પ્રગટ કરી પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે. ધર્મની આદિ કરનારા હોય છે. ધર્મરૂપી તીર્થની સ્થાપના કરનારા હોય છે. સ્વયંબુદ્ધ હોય છે. તેઓ અભય આપનાર, માર્ગ આપનાર, શરણ આપનાર, બોધિ આપનાર, ધર્મ આપનાર હોય છે. દાનાન્તરાય, લાભાન્તરાય, વીર્યાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ એ અઢાર દૂષણોથી રહિત હોય છે. એટલે તેઓ પ્રશમરસથી ભરપૂર અને પૂર્ણાનંદમય હોય છે.

લોગસ્સ સૂત્રના નામસ્મરણનો પણ અદ્ભુત મહિમા છે કારણ કે પ્રત્યેક શબ્દ ભાવાત્મક છે. તે શબ્દના ઉચ્ચારણ સાથે તેનો ભાવ અવશ્ય સ્પષ્ટ થાય છે. તીર્થંકરોના નામનું ઉચ્ચારણ તીર્થંકરોના ગુણોનો બોધ કરાવે છે. પ્રભુ વર્ધમાન મહાવીરનું નામ તુરત જ તેમની સમતા, સહનશીલતાનો બોધ કરાવે છે. શબ્દ દ્રવ્યશ્રુત છે અને તેમાં ભાવશ્રુતને પ્રગટ કરવાનું સામર્થ્ય છે. જિનેશ્વર પરમાત્માના નામનું રટણ કે સ્મરણ ભવ્ય જીવોને ઉપકારક થાય છે. એમના નામસ્તવનથી જીવોને પોતાના આત્મામાં રહેલા તેવા પ્રકારના ગુણો વિકસાવવાની પ્રેરણા થાય છે. નામસ્તવન દ્વારા કીર્તન-વંદનથી જીવને પરમ આનંદોલ્લાસનો અનુભવ થાય છે. જિનેશ્વર ભગવાનને કરેલો ભાવપૂર્વકનો નમસ્કાર જીવને સંસાર સાગરમાં ડૂબતા બચાવે છે. અશુભ કર્મનો ક્ષય થાય છે અને આત્મા વિશુદ્ધ બને છે. જિનેશ્વર ભગવાનની સ્તુતિથી બોધિ અર્થાત્ સમ્યગ્ દર્શનનો લાભ થાય છે, બોધિની વિશુદ્ધિ થાય છે જે આપણને દેવચંદ્રજીના અને આનંદઘનજીના સ્તવનોમાં જોવા મળે છે. આમ આ સ્તુતિ ભવોભવ બોધિવિશુદ્ધિનો લાભ કરાવે અને સાવદ્ય યોગોથી વિરમવા માટે પ્રેરક બળ બની રહે છે.

જૈન દર્શન પ્રમાણે કર્મક્ષય વિના મુક્તિ નથી અને કર્મક્ષય માટે બાહ્ય અને અભ્યંતર તપ ઉત્તમ સાધન છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એમ છ અભ્યંતર તપ છે. આથી જ ગૃહસ્થો અને સાધુઓ માટેની ઘણી ધાર્મિક ક્રિયાઓમાં જેમ કે સામાયિક, પ્રતિક્રમણ, ઈરિયાવહી તેમજ પૌષધ, ઉપધાન, અન્ય વિશિષ્ટ પ્રકારના તપ, પડિલેહન, યોગોદ્વહન વગેરેમાં કાઉસગ્ગ કરવાનું વિધાન છે. આમાં મુખ્યત્વે લોગસ્સનો કાઉસગ્ગ કરાય છે.

લોગસ્સના પાઠનું સ્વરૂપ સમજવા માટે તેના વિષયને પાંચ વિભાગમાં વિભાજિત કરેલા છે. ૧. તીર્થંકરનું સ્વરૂપ ૨. તીર્થંકરોના નામ ૩. તીર્થંકરોની વિશેષતા ૪. ભક્તની યાચના ૫. તીર્થંકોરને આપેલી ઉપમા.

૧. તીર્થંકરનું સ્વરૂપ– लोगस्स उज्जोयगरे... चउविसंपि केवली। આ સૂત્ર પાઠમાં તીર્થંકરનું સ્વરૂપ તેમના ચાર મૂળ અતિશયથી પ્રગટ થાય છે. લોગસ્સ–લોકના ચાર પ્રકાર છે. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યાત્મક દ્રવ્યલોક, ચૌદ રજ્જુ પ્રમાણ ક્ષેત્રલોક, અનંતાનંત ઉત્સર્પિણી–અવસર્પિણી કાળ પ્રમાણ કાળલોક અને જીવોના ઔદાયિક આદિ આત્મપરિણામરૂપ ભાવલોક છે. તીર્થંકરો તે ચારે પ્રકારના લોકને પ્રકાશિત કરે છે.

उज्जोयगरे–ઉદ્યોત-પ્રકાશ કરનારા ઉદ્યોતના બે પ્રકાર કહ્યા છે- ૧. અગ્નિ, ચંદ્ર, સૂર્ય, મણિ આદિનો ઉદ્યોત પ્રકાશ દ્રવ્ય ઉદ્યોત છે. ૨. જ્ઞાનરૂપ પ્રકાશ ભાવઉદ્યોત છે. દ્રવ્ય ઉદ્યોત મર્યાદિત ક્ષેત્રને મર્યાદિત કાલ સુધી જ પ્રકાશિત કરે છે. જ્યારે કેવળજ્ઞાન રૂપ પ્રકાશ અખંડ અને ત્રિકાલાબાધિત છે. તીર્થંકરો કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ ક્ષાયિક જ્ઞાનને વરેલા છે. તે જ્ઞાનરૂપ પ્રકાશ અખંડ, અવ્યાઘાત, ત્રૈકાલિક અને શાશ્વત છે. એવા જ્ઞાનરૂપી પ્રકાશથી તીર્થંકર સમગ્ર લોકાલોકના સર્વ દ્રવ્યોને એના સર્વ પર્યાયોને પ્રકાશિત કરે છે.

આ રીતે 'ઉજ્જોયગરે' શબ્દ તીર્થંકરના જ્ઞાનાતિશયને પ્રગટ કરે છે.

धम्मतित्थयरे–ધર્મ રૂપી ચાર તીર્થના સંસ્થાપક તીર્થંકર કેવળજ્ઞાન, કેવળદર્શનને પ્રાપ્ત કરીને શ્રુત-ચારિત્રધર્મની પ્રરૂપણા દ્વારા ચાર તીર્થની સ્થાપના કરે છે. અનાદિકાળથી સંસાર સમુદ્રમાં ડૂબી રહેલા જીવોને સંસાર સમુદ્રથી તારે, તે તીર્થ છે. સર્વ જીવો પ્રભુના ઉપદેશને પોતાની યોગ્યતા પ્રમાણે પોતપોતાની ભાષામાં સમજી જાય છે, આ પ્રભુનો વચનાતિશય છે. પ્રભુનો ઉપદેશ ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરે છે. રાગ-દ્વેષને શાંત કરવામાં સમર્થ છે તેથી જિનપ્રવચન તીર્થ છે. તીર્થંકરો જિન પ્રવચનના આધારે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. આ ચતુર્વિધ સંઘમાં સ્થાન પામીને સાધક સંસાર સમુદ્રથી તરી શકે છે. તેથી ચતુર્વિધ સંઘને તીર્થ કહેવાય છે. તીર્થંકર નામકર્મના ઉદયે પ્રભુ ચાર પ્રકારના તીર્થની સ્થાપના કરે છે એટલે તીર્થંકર કહેવાય છે.

जिणे – રાગદ્વેષ રૂપ પાપ પ્રવૃત્તિ પર વિજય પ્રાપ્ત કરે તે જિન છે. 'जिणे'–શબ્દ તીર્થંકરના અપાયાપગમાતિશયને પ્રગટ કરે છે.

अरिहंते – રાગ દ્વેષ રૂપી અથવા ઘાતી કર્મરૂપી શત્રુનો નાશ કરે તે અરિહંત છે અથવા अर्हम्-ધાતુ યોગ્યતાના અર્થમાં પ્રયુક્ત થાય છે. જેઓ દેવ, દાનવ અને મનુષ્યની પૂજાને યોગ્ય છે. દેવકૃત અષ્ટ પ્રાતિહાર્યથી ચોત્રીસ અતિશયોથી યુક્ત છે. તે અરિહંત છે. अरिहंते-શબ્દ તીર્થંકરના પૂજાતિશયને પ્રગટ કરે છે.

આ રીતે ચાર ઘાતી કર્મોનો નાશ કરીને, કેવળજ્ઞાન-કેવળદર્શનને પ્રાપ્ત થયેલા લોકાલોકને પ્રકાશિત કરનારા, શ્રુત અને ચારિત્રરૂપ ધર્મની પ્રરૂપણા દ્વારા સંસાર સમુદ્રને પાર કરવા માટે ચતુર્વિધ સંઘ– તીર્થની સ્થાપના કરનારા, દેવ-દાનવ અને

મનુષ્યો દ્વારા પૂજાયેલા, આ ચાર મૂળ અતિશયોથી યુક્ત અરિહંત પરમાત્માનું તીર્થંકરોનું હું कित्तइस्सं કીર્તન કરીશ, સ્તુતિ કરીશ.

चउविसंपि केवली–चउवीसं–ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીના અર્થાત્ વર્તમાન ચોવીસીના તીર્થંકરો (અર્હતો).

अपि–ઐરાવત ક્ષેત્રની અંતિમ ચોવીસીના તીર્થંકરો તેમજ મહાવિદેહ ક્ષેત્રના વિહરમાન તીર્થંકરો.

केवली–કેવળી તીર્થંકર પદની પ્રાપ્તિ પ્રકૃષ્ટ પુણ્યોદય તીર્થંકર નામકર્મથી થાય છે. કેટલાક જીવો પુરુષાર્થથી ઘાતિ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રાપ્ત કરી સામાન્ય કેવળી બને છે. પરંતુ તેમને તીર્થંકર નામકર્મનો ઉદય ન હોવાથી એ તીર્થની સ્થાપના કરતા નથી. અષ્ટ પ્રાતિહાર્ય, ચોંત્રીસ અતિશય આદિ હોતું નથી. તીર્થંકર અને કેવળીના જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમાન હોય છે. બંનેને ચાર અઘાતિ કર્મનો ઉદય હોવાથી સદેહે વિચરે છે અને આયુષ્યકર્મની સાથે ચારે અઘાતિ કર્મોનો ક્ષય થતાં બન્ને સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે.

૨. **તીર્થંકરોના નામ**-બીજી, ત્રીજી અને ચોથી આ ત્રણ ગાથાઓના પાઠમાં ચોવીસ તીર્થંકરોના નામનું કથન કરીને તેમને વંદન કરેલું છે. તીર્થંકરોના નામ ગુણનિષ્પન્ન હોય છે. જેમકે ઋષભદેવના નામ માટે બે મહત્ત્વની વાત છે-

દરેક તીર્થંકરને માત્ર એક જ સાથળમાં લાંછન એટલે કે એક વિશિષ્ટ ચિહ્ન હોય છે જ્યારે અપવાદરૂપે શ્રી ઋષભદેવને બંને સાથળમાં એક બીજાની તરફ મુખ કરીને રહેલા વૃષભોનું યુગલ લાંછન સ્વરૂપે હતું. બીજું, દરેક તીર્થંકરની માતા તીર્થંકર પરમાત્મા ગર્ભમાં આવતા ચૌદ સ્વપ્નોને જુએ છે, ત્યારે પ્રથમ સ્વપ્નમાં હાથીને જુએ છે. જ્યારે ઋષભદેવની માતાએ પ્રથમ સ્વપ્નમાં વૃષભ (ઋષભ) જોયો હતો. તેથી પ્રભુનું નામ 'ઋષભ' રાખ્યું હતું.

ગર્ભસ્થ બાળકના પ્રભાવથી માતાને વિવિધ અનુભૂતિઓ થાય છે. તેના આધારે નિર્યુક્તિમાં ચોવીસ તીર્થંકરોના નામની સાર્થકતાનું કથન કર્યું છે.

૩. **તીર્થંકરોની વિશેષતા**-एवं मए अभिथुआ... उत्तमा सिद्धा – આ પાઠમાં તીર્થંકરોની વિશેષતા પ્રગટ કરીને ભક્ત એની ભાવના પ્રગટ કરે છે. एवं मए अभिथुआ – આ પ્રમાણે નામસ્મરણ દ્વારા મારા વડે સ્તુતિ કરાયેલા.

विहुय रयमला – કર્મ રૂપી રજમલને દૂર કરનારા. તીર્થંકરો રજ અને મલથી રહિત છે. બંધાતું કર્મ તે રજ છે અને બંધાયેલું કર્મ તે મલ છે.

पहीण जर मरणा – સંપૂર્ણપણે જેમની વૃદ્ધાવસ્થા અને મરણ નષ્ટ થયા છે.

चउसंपि जिणवरा तित्थयरा मे पसीयंतु – એવી રીતે (મારા વડે અભિમુખ ભાવે સ્તવાયેલા, કર્મરૂપી રજ અને મળનો નાશ કરનારા, જરા અને મરણથી મુક્ત થયેલા) આ વિશેષતાઓથી યુક્ત એવા ચોવીસ તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. તીર્થંકર પરમાત્મા વીતરાગ હોવાથી કોઈ પર પ્રસન્ન કે અપ્રસન્ન થતા નથી તે છતાં ભક્તજનો પરમાત્માનું શરણ સ્વીકારી, પોતાના અહંભાવનો ત્યાગ કરી પોતાના ભાવ પ્રગટ કરે છે. જેથી એ ભાવોની વિશુદ્ધિથી ભક્તના અનંત કર્મોની વિશુદ્ધિ થાય છે.

कित्तिय वंदिय महिया – કીર્તિત, વંદિત, પૂજિત આ ત્રણે શબ્દો પરમાત્માના ભક્તિની ક્રમિક અવસ્થા સૂચિત કરે છે. પ્રત્યેક તીર્થંકરોના નામસ્મરણપૂર્વક સ્તવન કરવું તે **કીર્તન** છે. પંચાંગ નમાવીને મન, વચન અને કાયા આ ત્રણે યોગને શુદ્ધિપૂર્વક સમ્યક્ પ્રકારે નમસ્કાર કરવા તે વંદન છે અને જ્ઞાનાદિ અનંત ગુણોના ધારક, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રણે લોકના પ્રાણીઓથી પૂજાયેલા છે.

जे ए लोगस्स उत्तमा सिद्धा – કર્મબંધના કારણભૂત, રાગ-દ્વેષનો સર્વથા નાશ કર્યો હોવાથી ત્રણે લોકમાં ઉત્તમ-સર્વ શ્રેષ્ઠ છે અને સિદ્ધગતિને, મોક્ષગતિને પામેલા છે.

આ રીતે તીર્થંકરો કર્મ રૂપ રજ મલને દૂર કરનારા, જન્મ, જરા અને મૃત્યુનો નાશ કરનારા, ત્રણે લોકના પ્રાણીઓ દ્વારા કીર્તન, વંદન અને પૂજન કરાયેલા લોકમાં સર્વશ્રેષ્ઠ અને મોક્ષગતિને, શિવગતિને પામેલા છે.

**૪. ભક્તની યાચના**–ભક્ત તીર્થંકરોના નામસ્મરણ અને ગુણસ્મરણ રૂપ ભક્તિ કરે છે ત્યારે એને પોતાનું પરમાત્મપદ જિનેશ્વર અર્થાત્ તીર્થંકર પરમાત્માની જેમ પ્રગટ, પ્રકાશિત કરવાની એક માત્ર ઈચ્છા હોય છે. આ ઈચ્છા પૂરી થાય ત્યાં સુધી ભક્ત પરમાત્મા પાસે તેના બીજભૂત ત્રણ અમોઘ સાધનની યાચના કરે છે–आरुग्ग बोहिलाभं समाहि-वरमुत्तम् – અર્થાત્ આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ પ્રકારની સમાધિ. અહીં આરોગ્ય અને સમાધિ દ્રવ્યથી અને ભાવથી એમ ઉભય પ્રકારે છે. દ્રવ્ય આરોગ્ય ભાવ આરોગ્ય માટે જ છે અને દ્રવ્ય સમાધિ ભાવ સમાધિ માટે જ છે. શરીરની સ્વસ્થતા તે દ્રવ્ય આરોગ્ય અને આત્મભાવની અખંડતા, સ્વરૂપમાં સ્થિતિ તે ભાવ આરોગ્ય છે. બોધિલાભ એટલે વસ્તુતત્ત્વની યથાર્થ સમજણ તે બોધિ છે. બોધિલાભના આધારે જ સાધક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના કરી શકે છે.

તીર્થંકર પરમાત્મા તો વીતરાગ છે એટલે કોઈને પણ કશુંજ આપતા નથી પરંતુ ભક્ત તીર્થંકર પરમાત્માની સ્તવનાથી પોતાના ભાવોની વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે જેનાથી અનંત કર્મોનો નાશ કરે છે.

૫. **તીર્થંકરોને આપેલી ઉપમા**–જગતના કોઈ પણ પદાર્થો

પરમાત્માની તુલના કરવા સમર્થ નથી, તેમ છતાં ભક્ત પ્રભુના ગુણોને સમજવાનો પ્રયત્ન કરતા વિવિધ પદાર્થોની ઉપમા આપે છે.

चंदेसु णिम्मलयरा–ચંદ્રથી પણ અધિક નિર્મળ, ચંદ્રની નિર્મળતા લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ ચંદ્રમાં કલંક છે. પરમાત્મા કર્મરૂપ રજ-મલથી સર્વથા મુક્ત હોવાથી સંપૂર્ણપણે નિર્મળ છે. ચંદ્રની પ્રભા પરિચિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે જ્યારે કેવળજ્ઞાન સંપૂર્ણ લોક અને અલોકને પ્રકાશિત કરે છે.

आईच्चेसु अहियं पयासयरा – સૂર્યથી પણ અધિક પ્રકાશક. સૂર્ય ઉદય-અસ્ત પામે છે. ચંદ્રની જેમ એનો પ્રકાશ પણ પરિમિત ક્ષેત્રને મર્યાદિત કાળ સુધી જ પ્રકાશિત કરે છે. જ્યારે પરમાત્માનો કેવળજ્ઞાન રૂપી પ્રકાશ સમસ્ત લોકાલોકને પ્રકાશિત કરે છે.

सागर वर गंभीरा – શ્રેષ્ઠતમ સાગર અર્થાત્ સ્વયંભૂરમણ સમુદ્ર સમાન અથવા તેનાથી પણ વધુ ગંભીર. અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો કે પરિષહ-૦૯૮૭૬૫૪૩૨૧ઓણૂદ્મમાં પ્રભુ ચલિત થતા નથી, સમભાવમાં પોતાના આત્મસ્વરૂપમાં જ લીન રહે છે.

सिद्धा सिद्धिं मम दिसंतु – મોક્ષગતિને પામેલા એવા હે જિનેશ્વર ભગવંતો મને સિદ્ધિ એટલે કે પરમપદની પ્રાપ્તિને આપો.

આવી રીતે લોગસ્સ સૂત્ર સાત ગાથાઓનું છે. જેના ત્રણ ખંડ છે. પહેલી ગાથા મંગલાચરણની છે તેમાં તીર્થંકરોની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞાનો નિર્દેશ છે. પછીની ત્રણ ગાથાઓ ચોવીસ તીર્થંકરોના નામ સ્મરણ તથા ભાવ વંદનની ગાથાઓ છે. આ ગાથાઓ મંત્ર ગાથાઓ છે. વંદન-પૂજન અને યાચનાની છેલ્લી ત્રણ ગાથાઓને પ્રણિધાન-ગાથા-ત્રિક કહેવામાં આવેલું છે. હૃદયગત પ્રશસ્ત ભાવનાઓ આ ત્રણ ગાથામાં ભક્તિપૂર્વક પ્રદર્શિત કરેલી છે.

લોગસ્સની સાત ગાથાઓનો સંબંધ આપણા દેહમાં રહેલા સૂક્ષ્મ ચક્રો-શક્તિના કેન્દ્રો તથા સહસ્રાર અથવા કુલ સાત શક્તિકેન્દ્રો સાથે પણ દર્શાવવામાં આવે છે. પહેલી ગાથા મૂલાધાર ચક્રમાં ચિત્તને કેન્દ્રિત કરીને બોલવાની હોય છે. બીજી ગાથા સ્વાધિસ્ઠાન ચક્રમાં, ત્રીજી મણિપુર ચક્રમાં, ચોથી અનાહત ચક્રમાં, પાંચમી વિશુદ્ધિ ચક્રમાં, છઠ્ઠી આજ્ઞાચક્રમાં અને સાતમી સહસ્રાર ચક્રમાં પ્રણિધાનપૂર્વક બોલવાની હોય છે.લોગસ્સ ગાથાઓની સંખ્યા સાત છે એ આકસ્મિક કે નિષ્પ્રયોજન નથી. એ સાતની સંખ્યામાં વિશિષ્ટ અર્થ અને સંકેત રહેલો છે.

લોગસ્સ સૂત્રમાં ૨૪ તીર્થંકરોના નામ બીજી, ત્રીજી અને ચોથી એમ ત્રણ ગાથાઓમાં આપવામાં આવ્યા છે. દરેક ગાથામાં આઠ આઠ તીર્થંકરોના નામ આવે છે. તેમાં સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકરના નામ પછી જિર્ણ શબ્દ પ્રયોજાયો છે. આ ચોવીસ તીર્થંકરોના નામનું સ્મરણ, રટણ અનુક્રમે એક એક ચક્રમાં પ્રણિધાનપૂર્વક કરવામાં આ રીતે સાડા ત્રણ વર્તુળ થાય છે. તેમાં પ્રથમ વર્તુળ દર્શનનું છે, બીજું વર્તુળ જ્ઞાનનું છે, ત્રીજું વર્તુળ ચારિત્રનું છે અને ચોથું અડધું વર્તુળ તપનું છે. તપનું વર્તુળ અડધું જ છે, કારણ કે તપમાં વ્યક્તિએ પોતે જ પોતાના પુરુષાર્થ વડે આગળ વધવાનું છે.

આવી રીતે ચતુર્વિંશતિસ્તવનું રહસ્ય અગાધ છે. અને તે વૈખરી વાણીથી પૂર્ણ રીતે સમજાવી શકાય તેમ નથી. છતાં મુમુક્ષુ આત્માઓ આ બીજા આવશ્યકનું રહસ્ય સમજીને જિનેશ્વર ભગવાનની ભક્તિથી, સ્તુતિથી સમયગ્દર્શન પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના.

✷ ✷ ✷

## રાજા મુનિચંદ્ર

**(આ કથા ચન્દ્રાવતંસ રાજાના નામે પણ પ્રસિદ્ધ છે)**

સંધ્યાકાળનો સમય છે. રાજા મુનિચંદ્રે સાંજના ચૌવિહાર કરીને ધ્યાનસ્થ થવાનો વિચાર કર્યો. મનથી નક્કી કરે છે, 'સામે જે દીવો છે, એ બળે છે ત્યાં સુધી કાઉસગ્ગ કરું.' અને અભિગ્રહ કરે છે. મીણના પૂતળાની માફક કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા. થોડો વખત થયો એટલે દાસી આવી ત્યારે રાજાને ધ્યાનમાં ઉભેલા જોયા. દીવામાં ઘી ઘટતું જતું હતું. ઘી ખલાસ થઈ જશે તો દીવો ઓલવાઈ જશે અને રાજાને અંધારામાં રહેવું પડશે એમ વિચારી દીવામાં ઘી પૂર્યું. દીવો બળતો રહ્યો એટલે રાજા કાઉસગ્ગને ધ્યાનમાં જ ઊભા રહ્યા. વળી ઘી પૂરું થવા આવ્યું એટલે દાસીએ પાછું બીજું ઘી દીવામાં પૂર્યું. રાજાનો અભિગ્રહ છે જ્યાં સુધી દીવો સળગે છે ત્યાં સુધી કાઉસગ્ગ પૂરો ન થાય. આમ સમય વહેતો જાય છે, પગ થાક્યા છે, શરીરમાં કળતર થવા માંડે છે. પણ રાજા દૃઢપણે કાઉસગ્ગમાં ઊભા જ રહ્યા. વિચારે છે, આ વેદના તો કંઈ જ નથી. આ જીવે નારકીની વેદનાઓ ભોગવી છે, ત્યાં અનંત વખત શરીર છેદાયું, ભેદાયું છે. એનાથી તો આ વેદના ઘણી ઓછી છે.

આમ કાઉસગ્ગ ધ્યાનમાં આખી રાત પસાર થઈ. અજવાળું થવાથી દાસીએ ઘી પુરવાનું બંધ કર્યું અને દીપક બુઝાયો. રાજા કાઉસગ્ગ પાળી પગ ઉપાડવા જાય છે. પણ શરીર અને અંગો પકડાઈ ગયા હોવાથી નીચે પડી જાય છે. સખત વેદના થાય છે. પણ પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં લીન થઈ જાય છે. આયુષ્ય પૂરું થતાં દેવલોકમાં એમનો જીવ ઉત્પન્ન થાય છે.

–રશ્મિ ભેદા

# ત્રીજું આવશ્યક : વંદના

❑ ડૉ. રશ્મિ ભેદા

છ આવશ્યકોથી આત્મગુણોનો વિકાસ કરનાર પાંચ પ્રકારના આચાર–ચારિત્રાચાર, દર્શનાચાર, જ્ઞાનાચાર, તપાચાર અને વીર્યાચારની વિશુદ્ધિ થાય છે. આવશ્યક ક્રિયાની આરાધના કરતા સાધક બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરે છે. ત્યાર પછી તેના ભક્તિનો સ્રોત ગુરુ તરફ પ્રવાહિત થાય છે, તેથી ત્રીજો આવશ્યક ગુરુ વંદનાનો છે. વંદના આવશ્યકથી વિનયધર્મની આરાધના થાય છે.

ચઉસરણ–પયન્નામાં કહ્યું છે કે :

नाणाईआ उ गुणा, तस्संपन्न–पडिवत्ति–करणाओ।
वंदणाएण विहिणा, कीरइ सोही उ तेसिं तु ।। ४ ।।

**અર્થ :** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ગુણ છે. તેનાથી સંપન્ન ગુરુનો વિનય કરવાથી વિધિપૂર્વક વંદન વડે તે ગુણોની શુદ્ધિ કરાય છે.

જૈન ધર્મની તાત્ત્વિક ઓળખાણ કોઈ પણ એક લાક્ષણિકતાથી કરાવવી હોય તો એને **विनयमूलो धम्मो** તરીકે ઓળખાવી શકાય. વિનયને ધર્મના મૂળ તરીકે કહ્યું છે. આધ્યાત્મિક ક્ષેત્રે ધર્મરૂપી વૃક્ષમાં જો વિનયરૂપી મૂળ હોય તો જ તે મોક્ષરૂપી ફળ આપી શકે. આમ મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ માટે વિનયગુણ અત્યંત મહત્ત્વનો છે. જ્યાં નમસ્કારનો ભાવ છે ત્યાં વિનય છે. શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છેઃ धर्म प्रति मूलभूता वंदना। ધર્મના પાયામાં વંદના છે. નમસ્કાર મહામંત્રમાં નમસ્કારનો ભાવ છે. પંચપરમેષ્ઠિને એમાં વંદના છે. નવકાર મંત્રમાં પ્રત્યેક પદનો પ્રારંભ જ **નમો** શબ્દથી થાય છે. એક જ વખત **નમો** શબ્દ ન પ્રયોજતા પ્રત્યેક પદ સાથે **નમો** શબ્દ જોડાયેલો છે. આરાધક જીવમાં નમસ્કારનો ભાવ, વિનયગુણ દૃઢ થાય તે માટે ફરી ફરીને **નમો** પદ તેમાં રહેલું છે. નવકારમંત્રમાં આ રીતે વિનયનો મહિમા ગુંથાયેલો છે.

જૈન આગમ ગ્રંથોમાં વિનય ઉપર વિશેષતઃ શિષ્યના ગુરુ પ્રત્યેના વિનય પર બહુ જ ભાર મૂકવામાં આવેલો છે. પિસ્તાલીસ આગમોમાં 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'દસ વૈકાલિક સૂત્ર' અત્યંત મહત્ત્વના છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં તો પહેલું જ અધ્યયન 'વિનય' ઉપર છે. સાધુ ભગવંતોએ પોતાના ગુરુ ભગવંત સાથે કેવો વિનય વ્યવહાર સાચવવો જોઈએ એ વિશેની નાની નાની વિગતો પણ દર્શાવવામાં આવી છે. વિનયનો ગુણ આત્મામાં પ્રગટ્યા વિના મોક્ષના અધિકારી થવાતું નથી. પ્રાથમિક દશામાં વિનય ગુણથી મોક્ષની યોગ્યતા પ્રાપ્ત થાય છે અને વિનયને સારી રીતે ખીલવવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. ધવલા ગ્રંથમાં કહ્યું છેઃ

विणयसंपण्णदाए चेव तित्थयरणामकम्मं बंधंति।

અર્થાત્ વિનય સંપન્નતાથી તીર્થંકર નામકર્મ બંધાય છે.

સાધનાની દૃષ્ટિએ મહત્ત્વના તે જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચાર વિનય છે. સમ્યગ્જ્ઞાન પ્રત્યે અને જ્ઞાની પ્રત્યેનો પૂજ્યભાવ તે જ્ઞાનવિનય છે. જ્ઞાનના વિનય સાથે જ્ઞાનીનો પણ વિનય કરવાનો હોય છે. જ્ઞાન અને ગુરુ પ્રત્યેના વિનયના પરિણામે શિષ્યમાં વૈનેયિકી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ગુરુ પ્રત્યેના વિનયની સાથે બહુમાનની પણ એટલી જ આવશ્યકતા છે. વિનય અને બહુમાન આમ તો સાથે સાથે જ હોય છે. છતાં બંને વચ્ચે થોડો થોડો તફાવત પણ છે. ગુરુ પ્રત્યેનો વિનય વંદન, અભ્યુત્થાન ઇત્યાદિ દ્વારા વ્યક્ત કરી શકાય છે. એ બાહ્યાચાર છે. પરંતુ બહુમાન તો હૃદયની સાચી પ્રીતિથી જ જન્મે છે. આમ દ્રવ્યવિનયની સાથે ભાવવિનયની એટલી જ આવશ્યકતા છે. વિનય આત્માનો ગુણ છે. અવિરતિધર અને સર્વવિરતિધર સૌમાં એ ગુણ રહેલો છે. વ્યવહારમાં ગુરુને વંદના દ્વારા આપણે પ્રગટ કરીએ છીએ અને પરોક્ષ રીતે ભાવથી અંતઃકરણમાં પણ તે પ્રકાશિત થાય છે.

તીર્થંકરોની અનુપસ્થિતિમાં ગુરુ જ સાધનામાર્ગના માર્ગદર્શક હોય છે. શ્રી જિનેશ્વર ભગવંતે ભવ્ય જીવોના હિત માટે જિનશાસનની સ્થાપના કરી અને મોક્ષમાર્ગ પ્રરૂપ્યો. તેમણે પ્રરૂપેલ ઉપદેશ ગણધરોએ શાસ્ત્રબદ્ધ કર્યો. શ્રી જિનેશ્વર ભગવાનનો બોધ

## શ્રી બાહુબલીનું બીજું પ્રતિક્રમણ

દિવસ સપ્તાહ થયો. સપ્તાહ પખવાડિયું. એ પણ મહિનો થયો. સમય સરતો રહ્યો. મહિનો મહિના થયા. વરસ થવા આવ્યું.

બાહુબળી અડગ અને અડોલ રહ્યા. ન ખાધું, ન પીધું, કાયાના એક અંગને પણ હલાવ્યું નહિ. બાર બાર મહિના સુધી કાયોત્સર્ગમાં રહ્યા.

એક કોમળ અવાજ બાહુબળીના કાને અથડાયોઃ

'વીરા મોરા ! ગજ થકી હેઠા ઉતરો.'

બાહુબળીએ તે દિવસે પોતાના જીવનમાં બીજું પ્રતિક્રમણ કર્યું. પ્રતિક્રમણ એટલે અસદમાંથી પીછેહઠ અને સદ્ તરફ પ્રયાણ.

બાહુબળીએ અભિમાનથી પાછા વળીને વિનયની સાધના તરફ પ્રયાણ કર્યું. અને આ પ્રયાણ તેમને પ્રાતઃસ્મરણીય અને વંદનીય બનાવી ગયું.

❑ ભારતી શાહ

અત્યંત ઉપકારી હોવા છતાં વર્તમાનકાળે અહીં ભરત ક્ષેત્રમાં તેમની સદેહે ઉપસ્થિતિ ન હોવાના કારણે તેઓ પ્રત્યક્ષ માર્ગદર્શન આપી શકતા નથી. તેમની પરોક્ષતાના કારણે જીવને તેમના વચનરૂપ શાસ્ત્રોનું અવલંબન હોવા છતાં અલ્પમતિના કારણે અથવા ચિત્તની નિર્મળતાના અભાવે કેટલીક વાર જીવ તે શાસ્ત્રોનો પરમાર્થ યથાર્થપણે સમજી શકતો નથી. વળી કોઈ શંકા ઉત્પન્ન થાય ત્યારે તેનું સમાધાન પરોક્ષ જિન શાસ્ત્રો ન કરી શકે પરંતુ ગુરુ તે શંકાનું સમાધાન કરી શકે છે. ગુરુના પ્રત્યક્ષ સમાગમમાં મુમુક્ષુ જીવ સરળતાથી અને સુગમતાથી આત્મોન્નતિનું કાર્ય સાધી શકે છે. તેઓ જીવને માર્ગ સમજાવે છે, માર્ગે ચડાવે છે અને માર્ગે ચાલતા જો ચૂકી જવાય તો માર્ગ ઉપર પણ તેઓ જ લાવી શકે છે. એટલે સાધક પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે મન, વચન અને કાયાથી ગુરુના ગુણો પ્રતિ સમર્પિત થાય છે. ગુરુના ચરણે ઝૂકી, ઉત્કૃષ્ટ ભાવે બાર આવર્તનપૂર્વક ગુરુને વંદના કરે છે.

ગૌતમ સ્વામી મહાવીર ભગવાનને પૂછે છે, 'ભંતે, વંદનાથી જીવને શું લાભ થાય છે?'

ભગવાને કહ્યું–'ગૌતમ, વંદનાથી જીવ નીચ ગોત્રકર્મનો ક્ષય કરે છે, ઉચ્ચ ગોત્રકર્મ બાંધે છે.

ગુરુને વંદન કરવાના પ્રસંગો એકથી વધારે વાર આવે છે. આ બધા પ્રસંગે ગુરુનો યોગ્ય વિનય જળવાઈ રહે અને વંદનાની ક્રિયા સમયોચિત રહે તે માટે વંદનાના ત્રણ પ્રકાર છે–૧. ફિટ્ટા વંદન. ૨. થોભ વંદન. ૩. દ્વાદશાવર્ત વંદન અથવા ૧. જઘન્ય વંદન. ૨. મધ્યમ વંદન. ૩. ઉત્કૃષ્ટ વંદન.

**૧. ફિટ્ટા વંદન**–ફિટ્ટા એટલે રસ્તો. તે પરથી રસ્તે ચાલતા જે વંદન કરવામાં આવે તે ફિટ્ટા વંદન છે. ગુરુ વિહારાદિમાં હોય, રસ્તામાં સામે મળે ત્યારે '**मत्थएण वंदामि**' શબ્દના ઉચ્ચારણપૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવીને વંદન કરવું તે ફિટ્ટાવંદન અથવા જઘન્યવંદન છે.

**૨. થોભવંદન**–ઊભા રહીને કરવાનું વંદન. તે બે હાથ, બે જાનુ અને મસ્તક એમ પાંચ અંગોને નમાવીને બે વાર વંદન કરવાથી થાય છે. વર્તમાન સામાચારી પ્રમાણે ત્યાર પછી સુગુરુ–સુખશાતા પૃચ્છા અને અબ્બુઠ્ઠિઓ સૂત્ર બોલવાથી એ પ્રકારનું વંદન કરાય છે. ત્રણ પ્રકારના ગુરુવંદનમાં આ વંદન મધ્યમ પ્રકારનું ગણાય છે. આ સૂત્રનું બીજું નામ પ્રણિપાતસૂત્ર છે. સામાયિક તથા પ્રતિક્રમણમાં સ્તોભવંદન સૂત્રનો ઉપયોગ ઘણી વાર થાય છે. આ સૂત્ર ખમાસમણાના નામથી પ્રસિદ્ધ છે.

૩. **બારસાવત્ત વંદણ**–આ ત્રીજું વંદન ખાસ વિધિપૂર્વક કરેલા બાર આવર્તોથી પૂર્ણ બને છે. જે ઉત્કૃષ્ટ વંદન છે.

વંદન કરવાથી સાધકના અહંભાવનો નાશ થાય છે.

ગુરુને વંદન ક્યારે ન કરાય અને ક્યારે કરાય તેનો સૂક્ષ્મ રીતે વિચાર થયો છે.

**વંદન માટે અનવસર**

૧. ગુરુ જ્યારે ધર્મચિંતામાં હોય.

૨. ગુરુનું જ્યારે વંદન કરનાર પર લક્ષ ન હોય.

૩. ગુરુ જ્યારે પ્રમાદમાં એટલે કે ક્રોધમાં કે નિદ્રામાં હોય.

૪. ગુરુની જ્યારે આહાર કરવાની અથવા ઠલ્લે જવાની તૈયારી હોય, ત્યારે વંદન કરાય નહિ.

**વંદન માટે અવસર**

૧. ગુરુ જ્યારે શાંત બેઠા હોય.

૨. ગુરુ જ્યારે અપ્રમત્ત હોય.

૩. ગુરુ જ્યારે આસન ઉપર બેઠેલા હોય.

૪. છંદેણં કહેવા માટે ઉદ્યત હોય, ત્યારે વંદન કરાય.

આચાર્ય ઉમાસ્વાતિ વિનયના ગુણથી જીવ કેવી રીતે ઉત્તરોત્તર વિકાસ સાધે છે અને મોક્ષગતિ પ્રાપ્ત કરવા સુધી પહોંચી શકે છે તેનો ક્રમ બનાવતા 'પ્રશમરતિ'માં કહે છેઃ

विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चास्रव निरोधः।।
संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं द्रष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ।।
योगनिरोधाद् भवसन्ततिक्षयः सन्ततिक्षायान्मोक्षः
तस्मात् कल्याणानां सर्वेशां भाजनं विनयः।।

અર્થાત્ વિનયનું ફળ ગુરુશુશ્રૂષા છે. ગુરુશુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિનું ફળ આસ્રવનિરોધ છે. આસ્રવનિરોધ એટલે કે સંવરનું ફળ તપોબળ છે. તપનું ફળ નિર્જરા છે. એનાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. ક્રિયાનિવૃત્તિથી અયોગિત્વ થાય છે. અયોગિત્વ એટલે કે યોગનિરોધથી ભવસંતતિ અર્થાત્ ભવપરંપરાનો ક્ષય થાય છે. જન્મમરણની પરંપરા ક્ષય થવાથી આત્માને મોક્ષ પદની પ્રાપ્તિ થાય છે. આ રીતે સમગ્ર કલ્યાણોનું એક માત્ર કારણ વિનયપૂર્વકની વંદના છે.

આવશ્યક ક્રિયામાં ત્રીજો આવશ્યક વંદના છે. સાધનાના ક્ષેત્રમાં તેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ઉપકારી ગુરુને વિનમ્ર ભાવે વંદન કરવા, દિવસ અને રાત્રિ સંબંધી સુખશાંતિની પૃચ્છા કરવી તે શિષ્યનું પરમ કર્તવ્ય છે. તેથી શિષ્ય આ પાઠના ઉચ્ચારપૂર્વક ઉત્કૃષ્ટ ભાવે ગુરુને બાર આવર્તનપૂર્વક વિધિ સહિત વંદન કરે છે.

**ગુરૂવંદના સૂત્ર-** इच्छामि खमासमणो! वंदिउं जावणिज्जाए णिसीहियाए

.................णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि।

આ સૂત્રની સ્પષ્ટતા માટે તેના ચાર વિભાગ કરી શકાય છે-

૧. ઈચ્છાનિવેદન. ૨. આજ્ઞાયાચના. ૩. સુખશાતા પૃચ્છા. ૪. ક્ષમાયાચના.

**૧. ઈચ્છાનિવેદન–** इच्छामि – કોઈ પણ અનુષ્ઠાનની આરાધના સાધક પોતાની ઈચ્છા પ્રમાણે કરે, તો જ તે ઉત્સાહપૂર્વક તેની આરાધના કરી શકે છે, તેથી આલોચના સૂત્ર, પ્રતિક્રમણ સૂત્ર આદિનો પ્રારંભ 'ઈચ્છામિ' શબ્દથી થાય છે. સાધનાના ક્ષેત્રમાં ગુરુની મહત્તાને સ્વીકારીને શિષ્ય સ્વયં પોતાની ઈચ્છાથી ગુરુને વંદન કરવા ગુરુની સમક્ષ ઉપસ્થિત થાય છે અને પોતાની વંદન કરવાની ભાવના પ્રગટ કરે છે.

खमासमणो–ક્ષમા શ્રમણ–સમણ શબ્દના સમન, શ્રમણ, શમન આ ત્રણ સંસ્કૃત રૂપ થાય છે.

૧. શ્રમણ એટલે તપસ્વી, સંયમી

૨. સમન એટલે શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવથી વર્તનાર.

૩. શમન એટલે ક્રોધાદિ કષાયો અને હાસ્યાદિ નોકષાયોને શાંત કરે તે.

આ બધા ગુણો સાધુના હોઈ સાધુને જ સમણ અથવા શ્રમણ કહેવામાં આવે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં કહ્યું છે કે-

समयाए समणो होइ, बंभचेरेण बंभणो।

मोणेण उ मुणी होइ, तवेण होइ तावसो।।

સમતાના પાલન વડે સમણ થવાય છે, બ્રહ્મચર્યના પાલન વડે સંયમી (બ્રાહ્મણ) થવાય છે, મૌન વડે મુનિ થવાય છે અને તપ વડે તાપસ-તપસ્વી થવાય છે.

જે સમણમાં ક્ષમાનો ગુણ પ્રધાન હોય, તે ક્ષમાસમણ કે ક્ષમાશ્રમણ કહેવાય છે અથવા જે સમણ ક્ષમાદિ દસ પ્રકારના યતિ ધર્મનું પાલન કરે તે ક્ષમાશ્રમણ કહેવાય છે.

સાધક ગુરુની સમક્ષ પોતાની ભાવના પ્રગટ કરે છે–

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ! હું સર્વ પાપ પ્રવૃત્તિનો નિષેધ કરીને, મારી શક્તિ અનુસાર આપને વંદન કરવાની ઈચ્છા રાખું છું.

**૨. આજ્ઞાયાચના – अणुजाणह मे मि उग्गहं** – ગુરુને વંદન કરવા શિષ્ય આજ્ઞા માગે છે.

**मि उग्गहं** – વંદન કરવા માટે મિત-પરિમિત અવગ્રહમાં પ્રવેશ કરવાની.

**मे अणुजाणह** – મને આજ્ઞા આપો.

ગુરુને કોઈ પ્રતિકુળતા ન હોય તો **अणुजाणामि** શબ્દો બોલીને આજ્ઞા પ્રદાન કરે છે.

અવગ્રહ – ગુરુદેવ જ્યાં બિરાજમાન હોય ત્યાં ગુરુદેવની ચારેય દિશામાં સાડા ત્રણ હાથનું ક્ષેત્ર ગુરુનો ક્ષેત્રાવગ્રહ કહેવાય છે. આ ક્ષેત્રમાં ગુરુ ઈચ્છાનુસાર ઊભા રહે, બેસે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે. આ અવગ્રહમાં ગુરુની આજ્ઞા લીધા વગર પ્રવેશ કરવાનો નિષેધ છે. ગુરુદેવના ગૌરવ, મર્યાદા માટે, શિષ્યે આ અવગ્રહથી બહાર ઊભા રહેવું જોઈએ અને વંદના, વાચના માટે સમીપે જવું હોય તો પ્રથમ આજ્ઞા લઈ પછી જ અવગ્રહમાં પ્રવેશ કરે.

**૩. સુખશાતાની પૃચ્છા-अहो कायं....जवणिज्जं च भे** – આ સૂત્રપાઠ ગુરુને શારીરિક સુખશાતા, સંયમયાત્રાની શાતા તથા યાપનીય સંબંધી સુખશાતાની પૃચ્છા માટે છે.

**अहो कायं** – હે ગુરુદેવ! મારા હાથથી અથવા મસ્તકથી આપના ચરણોનો સ્પર્શ કરવાથી આપને આંશિક પણ દુઃખ થયું હોય તો આપ ક્ષમા કરો.

**अप्पकिलंताणं** – હે ગુરુદેવ! આપનું શરીર સંપૂર્ણ રીતે બાધા-પીડારહિત કુશલ છે? આપની આ

## પાપનું પ્રક્ષાલન

પાપનું પ્રક્ષાલન પ્રેમે કરો,
પ્રતિક્રમણ છે (૨) પશ્ચાતાપ કરો...પાપનું...
પગલે પગલે પાપ થાય આ સંસારે,
પાપ ધોવા આવ્યો (૨) આજ પ્રભુ તારે દ્વારે,
વાસના-વિષય ને કષાય મુજ હરો...પાપનું...૧.
સાધકનું આ આવશ્યક કર્તવ્ય,
ભગવંત બનાવે એવું અનુષ્ઠાન ભવ્ય,
દોષો દફનાવી (૨) ધ્યેયને વરો...પાપનું...૨.
છ આવશ્યકના આ અમૂલા સોપાનો,
આરાધે અંતરથી મળે મુક્તિનો પરવાનો,
હૃદય ભેળવીને (૨) પ્રતિક્રમણ કરો...પાપનું...૩.
સામાયિક આવશ્યક અપાવે સિદ્ધિ,
જાગૃત રહીને કરો એની વિધિ,
ભવસાગરથી તમે (૨) પાર ઉતરો...પાપનું...૪.
બીજો આવશ્યક ચોવીસ જિનની સ્તુતિ,
તન-મન-આતમમાં ભરે ભાવ સ્ફૂર્તિ,
શ્વાસો-શ્વાસે (૨) જિન નામ સમરો...પાપનું...૫.
કૃષ્ણ મહારાજા જેવી કરીએ સૌ વંદના,
ચોક્કસ થવાની ભવ-નિકંદના,
ઉંચ ગોત્ર બંધાવે (૨) ઉપાય આ ખરો...પાપનું...૬.
પ્રતિક્રમણ છે કલ્યાણનો કેતુ,
ધર્મનો ધૂમકેતુ, સુખનો છે સેતુ,
ગૌબર મૂકી ચારો (૨) ચારિત્રનો ચરો...પાપનું....૭.
કાઉસગ્ગ ભણાવે ભિન્નતાનું ભણતર,
વિરાગી થઈ વીતરાગી બનવા આ સફર,
વિભાવ-વિદારીને (૨) સ્વભાવે કરો...પાપનું...૮.
ત્રિકાલી પાપોને કાપે આ પચ્ચક્ખાણ,
મુક્તિ બંદર ઉતારે, 'સેવક'ના વહાણ,
'નૂતન' લ્હાવા લેવા (૨) પાપથી પાછા ફરો...પાપનું...૯.

સંયમયાત્રા નિરાબાધ છે? આપનું શરીર, ઈન્દ્રિય, મન આદિ ઉપાધિથી રહિત છે?

**जत्ता** – યાત્રા-તપ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાનાદિ સંયમ યોગમાં પ્રવૃત્તિ થવી તે યાત્રા છે. જે સાધના દ્વારા મોક્ષ તરફ ગતિ થાય તે સાધના સંયમ યાત્રા કરેવાય છે.

**जवणिज्जं** – યાપનીય. સંયમરૂપ યાત્રામાં ભાથાની જેમ ઉપયોગી થાય. તે સાધનોને યાપનીય કહે છે. યાપનીયના બે પ્રકાર છે. ઈન્દ્રિય યાપનીય અને નોઈન્દ્રિય યાપનીય. મોક્ષ સાધનામાં સંલગ્ન પુરુષોનો વિષય-કષાયને જીતવા માટેનો પુરુષાર્થ સંયમમાત્રાનું યાપનીય ભાથું છે.

સાધનાના ક્ષેત્રમાં ગુરુ અને શિષ્ય બંને પોતપોતાની સાધના સ્વતંત્ર રીતે કરતા હોય છે. તેમાં શિષ્યનું કર્તવ્ય છે કે પોતાના અનંત ઉપકારી ગુરુને શરીરાદિની સુખશાતા પૂછવી. શિષ્ય ગુરુની સંયમયાત્રાની તથા ઈન્દ્રિય અને મનની સુખશાતાની પૃચ્છા કરે છે.

**૪. ક્ષમાયાચના – खामेमि खमासमणो....वोसरामि** – આ પાઠ ક્ષમાયાચનાનો છે. શિષ્યના વર્તન-વ્યવહારથી ગુરુનો કોઈ પણ પ્રકારે અપરાધ થયો હોય, તેત્રીસ પ્રકારની આશાતનામાંથી કોઈ પણ પ્રકારે આશાતના થઈ હોય, તો ગુરુ સમક્ષ શિષ્ય તેની ક્ષમાયાચના કરે છે.

**आवस्सियाए** – અવશ્ય કરવા યોગ્ય ચરણ-કરણ રૂપ શ્રમણ યોગને આવશ્યક કહે છે. આવશ્યક યોગની સાધના કરતા કોઈ ભૂલ થઈ જાય તો તે ભૂલનું પ્રતિક્રમણ કરીને તેની ક્ષમાયાચના કરે છે.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આશાતનાના તેત્રીસ પ્રકાર કહેલા છે. વ્યાખ્યાકારોએ મુખ્ય ચાર પ્રકારમાં જ સર્વ આશાતનાનો સમાવેશ કર્યો છે.

**૧. દ્રવ્ય આશાતના** – આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ ઉપાધિના આદાન-પ્રદાનમાં ગુરુ આદિનો વિનય ન રાખવો, પ્રિય અને અનુકૂળ દ્રવ્યનો ઉપભોગ સ્વયં કરવો, અપ્રિય કે પ્રતિકુળ દ્રવ્ય વડીલ સંતોને આપવા તે દ્રવ્ય આશાતના છે.

**૨. ક્ષેત્ર આશાતના** – સ્થાન ગ્રહણ કરવામાં ગુર્વાદિકનો વિનય ન રાખવો.

**૩. કાલ આશાતના** – રાત્રે કે વિકાલમાં ગુર્વાદિકો બોલાવે, પ્રશ્ન પૂછે ત્યારે તેનો ઉત્તર ન આપવો, જાગતા હોવા છતાં મૌન રહેવું વગેરે.

**૪. ભાવ આશાતના** – ગુરુ કે સંતો પ્રત્યે આદર કે બહુમાનનો ભાવ ન રાખવો.

**मणदुक्कडाए**....શિષ્યની મનોયોગ, વચનયોગ, કાયયોગ આ ત્રણ યોગની અશુભ પ્રવૃત્તિથી ગુરુની આશાતના થાય છે.

**कोहाए**.... ક્રોધથી, માનથી, માયાથી કે લોભથી આશાતના થાય છે.

**सव्वकालियाए** – કાલ સંબંધીની આશાતના. શિષ્ય ગુરુ પાસે દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક આશાતના માટે ક્ષમા માગે છે અને તેનું પ્રતિક્રમણ કરે છે. એનાથી આગળ જઈ આ જીવનમાં જે અપરાધ થયા હોય તેમ જ ભૂતકાળના અનંતા ભવોમાં જે અપરાધ થયા હોય તેની ક્ષમાયાચના કરે છે.

આ રીતે કોઈ પણ કારણોથી શિષ્યનો ગુરુ પ્રત્યેનો આદર, બહુમાન કે ભક્તિનો ભાવ ઘટી ગયો હોય અને ગુરુની આશાતના થઈ હોય તો તેની આલોચના અને પ્રતિક્રમણપૂર્વક ગુરુ સમક્ષ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચે છે.

**વંદનવિધિ–**

વંદન કરવાની ઈચ્છાવાળા શિષ્ય ગુરુની સન્મુખ, ગુરુના અવગ્રહની બહાર **इच्छामि खमासमणो**...થી **निसीहियाए** સુધીનો પાઠ બોલીને પોતાની વંદન કરવાની ઈચ્છા પ્રગટ કરે છે. જો ગુરુ સ્વસ્થ હોય તો વંદન કરવાની સંમતિ આપે છે. ગુરુદેવ તરફથી વંદન કરવાની આજ્ઞા મળતા શિષ્ય ગુરુદેવને **अणुजाणह मे मिउग्गहं** આ પાઠ દ્વારા અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે છે. ગુરુ **अणुजाणामि** આ પાઠ દ્વારા આજ્ઞા પ્રદાન કરે છે. ત્યારે શિષ્ય બંને હાથ અંજલિબદ્ધ કપાળ પર રાખીને **निसीहि** પદના ઉચ્ચારણપૂર્વક અવગ્રહમાં પ્રવેશ કરે છે. પછી ગુરુ પાસે, ગોદોહિકા અથવા ઊકડું આસનથી બેસીને **अहो कायं काय** શબ્દના ઉચ્ચારણપૂર્વક ત્રણ આવર્તન કરીને **संफासं** કહેતા ગુરુના ચરણનો મસ્તકથી સ્પર્શ કરે છે, ગુરુની ક્ષમાયાચના કરે છે, દિવસ સંબંધી ક્ષેમકુશળતા પૂછે છે.

ત્યાર પછી **जत्ता भे। जवणिज्जं च भे!** બોલી ત્રણ આવર્તન કરીને ગુરુને સંયમયાત્રા અને ઈંદ્રિય તથા મન સંબંધી સુખશાતા પૂછે છે અને દિવસ સંબંધી થયેલા અપરાધોની ક્ષમાયાચના કરે છે. પછી **आवस्सियाए** કહેતા અવગ્રહથી બહાર આવી **अप्पाणं वोसिरामि** સુધીનો સંપૂર્ણ પાઠ બોલી પ્રથમ વંદન પૂર્ણ કરે છે. બીજી વંદના પણ એ જ રીતે કરે પણ એમાં વિશેષતા એ છે કે **आवस्सियाए** પદ ન બોલવું અને અવગ્રહથી બહાર ન આવતા ત્યાં જ સંપૂર્ણ પાઠ બોલી લે.

આ રીતે એક વંદનામાં છ આવર્ત થાય અને બીજી વંદનામાં પણ છ આવર્ત, કુલ બાર આવર્ત થાય છે. કુલ બાર આવર્તનથી વંદનવિધિ પૂર્ણ થાય છે.

આ પ્રકારે વંદનવિધિથી શિષ્યની ગુરૂ પ્રત્યેના વિનયધર્મની આરાધના થાય છે, ગુરુ શિષ્યની આત્મીયતા ગાઢ બને છે જે શિષ્યને તેના અધ્યાત્મવિકાસના માર્ગે આગળ લઈ જાય છે.

✷ ✷ ✷

# ચોથું આવશ્યક: પ્રતિક્રમણ

□ ભારતી બી. શાહ

પરમકૃપાળુ પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ સમવસરણમાં ચતુર્વિધ સંઘની સ્થાપના કર્યા બાદ ગણધરના ભગવંતોને ત્રિપદી આપતાં તેઓના મસ્તકે વાસક્ષેપ કર્યો. એ જ સમયે ગૌતમ આદિ અન્ય ગણધર ભગવંતોના જ્ઞાનાવરણીય કર્મનો જબરદસ્ત ક્ષયોપશમ થયો. આ ત્રિપદીના આધારે, પરમાત્માની કૃપાના પ્રભાવે તેમણે દ્વાદશાંગી (બાર અંગસૂત્રો)ની રચના કરી.

પરમાત્મા મહાવીર દેવે પોતાના ૪૨ થી ૭૨ વર્ષ સુધીના કેવલીકાળમાં જે દેશના આપી, તેણે ગણધર ભગવંતોએ સૂત્ર સ્વરૂપે ગૂંથી લીધી જે આગમ સૂત્રો તરીકે પ્રસિદ્ધ છે.

આપણને પ્રાપ્ત થયેલા આવશ્યક ક્રિયાના સૂત્રો પણ આગમ કહેવાય છે. આ સૂત્રો પરમાત્મા સાથે સાક્ષાત્ સંબંધ કરાવનારા મંત્રાક્ષરરૂપ છે. તેમાં તત્ત્વજ્ઞાનનો મહાસાગર ઘૂઘવાટ કરી રહ્યો છે. તેના અર્થ વિશિષ્ટ છે. તેની પાછળ અજબગજબના રહસ્યો છૂપાયેલાં છે. તે અર્થો અને રહસ્યને આપણે કદાચ ન પણ જાણી શકીએ તો ય સૂત્રો પોતે જ મંત્રાક્ષર સ્વરૂપ હોવાથી આત્મામાં પ્રસરેલાં કામ, ક્રોધ, ઈર્ષા, નિંદા, લાલસા વગેરેના ઝેરને નાશ કરવા સમર્થ છે. આપણાં ભાવોમાં ઉછાળો આવે છે, હૈયું ગદ્ગદ્ બને છે. પરમાત્મા, પરમાત્માના આગમ તથા પરમાત્માના શાસન પ્રત્યે વિશેષ અહોભાવ જાગે છે. પરિણામે તે સૂત્રો બોલવાની પ્રત્યેક ક્ષણે અનંતાનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાય છે.

આવા આત્માનંદની સુગંધના સાગરમાં ૪ થું આવશ્યક પ્રતિક્રમણ છે. આવો, સૌ સાથે મળીને એ સુગંધસ્નાન કરતાં કરતાં આત્માની શુદ્ધિ કરીએ.

આમ તો આવશ્યકના છ જુદા જુદા નામ આપ્યા છે. જે તમે સૌએ જાણી લીધું છે. પરંતુ આ છ આવશ્યકનું એક જ નામ છે પ્રતિક્રમણ. જે અચૂક કરવા યોગ્ય છે અને છએ આવશ્યકો એક જ બેઠકે, એક જ સમયે થઈ જાય છે.

પ્રતિક્રમણ છ આવશ્યકના મધ્ય પ્રારંભે છે. ખૂબ જ સૂચક છે તેનું આ સ્થાન. આ ક્રિયા સડસડાટ નથી કરવાની. પણ તે પહેલાં ક્રમશઃ સામાયિક, ગુરુવંદન, ચઉવિસત્થો કરવાનાં છે. અને પ્રતિક્રમણ કર્યા બાદ ઉતરતા ક્રમે ક્રમશઃ કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન કરવાનાં છે. આમ આગળ-પાછળની પ્રક્રિયામાંથી પસાર થયા પછી જ પ્રતિક્રમણ શુદ્ધ બને છે.

આવશ્યકનો ક્રમ સમજતાં પહેલાં પ્રતિક્રમણને સમજી લેવું બહુ જરૂરી છે. પ્રતિક્રમણ આત્મશુદ્ધિનો પ્રયોગ છે. આત્મા અનંત જ્ઞાન, દર્શન ચારિત્રાદિ ગુણોથી શુદ્ધ અને સમૃદ્ધ છે. આપણે જ તેને અજ્ઞાન, ભૂલ અને કષાય આદિથી પ્રેરાઈને આપણા આત્માને અશુદ્ધ કર્યો છે. અધ્યાત્મની આધારશીલા જ આત્મા છે.

જાણતાં-અજાણતાં કે ઈરાદાપૂર્વક પાપ થઈ જાય છે. પણ અંતરાત્મા જાગે છે ત્યારે આત્મા ડંખે છે. કંઈક ખોટું થઈ ગયું એવી વેદના થાય છે. વેદના સમગ્ર અસ્તિત્વને વલોવી નાખે છે. ત્યારે જાગૃત માણસ જેમ પોલીસ ચોકીએ જઈને પોતાનો ગુનો સ્વયં કબૂલ કરે છે, ગુનાની એ સજા માંગે છે અને સજા ભોગવીને એ માણસ હળવો બને છે.

એ જ રીતે સાધનાનો સાધક પોતાની વૃત્તિ, વિચાર અને પ્રવૃત્તિ પ્રત્યે સતત સજાગ રહે છે. એ સ્વયં પોતાનું નિત્ય આત્મનિરીક્ષણ કરતો રહે છે. દિવસ દરમ્યાન, રાત્રિ દરમ્યાન કે વરસભરમાં થઈ ગયેલા દોષોને બચાવની કોઈ દલીલ વિના જુએ છે. આરાધનાના ક્ષેત્રમાં દોષોનો એકરાર કરવાની પોલીસ ચોકીનું નામ છે 'સુગુરુ'. સાધક પોતાના દોષોની નિંદા કરીને સુગુરુ સમક્ષ એકરાર કરે છે. તેનું પ્રાયશ્ચિત એટલે સ્વેચ્છાએ માગેલી શિક્ષા. સાધક એ પ્રાયશ્ચિત કરે છે. પ્રતિક્રમણ દ્વારા મલીન થયેલા આત્માને પશ્ચાતાપની પાવન ગંગામાં ડૂબાડી નિર્મળ બનાવે છે. નિર્મળ થયેલો આત્મા કાયમ શાશ્વત નિર્મળતા-સુખનો અનુભવ કરવા એક દિવસ યોગ્ય બની શાશ્વત સુખનો ભોક્તા બને છે.

**પાપથી પાછાં ફરવું, પ્રાયશ્ચિત કરવું તે છે – 'પ્રતિક્રમણ'**

**દૃષ્ટાંત :** શ્રી ગૌતમસ્વામી પ્રભુ વીરના પ્રથમ ગણધર, જેને ભગવંત 'ગોયમા' કહીને બોલાવતા તે આજે પણ આપણા સૌનાં હૃદયમાં શ્રદ્ધાપૂર્વકનું, વંદનીય, પૂજનીય સ્થાન ધરાવે છે. અહીં તેમના એક પ્રતિક્રમણનું દૃષ્ટાંત જોઈએ.

વાણિજ્યગ્રામમાં ગૌતમ ગોચરી લેવા નીકળ્યા છે. રસ્તામાં ઘણા માણસોને હરખાતા હૈયે વાતો કરતાં સાંભળ્યાં: 'શ્રમણોપાસક આનંદે મૃત્યુને સોનેરી કંકોતરી લખી છે. મૃત્યુ દેવના સ્વાગત માટે તેમણે પોતાના જીવનના આંગણે તપનો માંડવો બાંધ્યો છે. સોળ ભાવનાઓના ભાતીગળ તોરણો બાંધ્યા છે અને આનંદ મૃત્યુને વધાવવા પ્રસન્નતાથી તેના પગરવ ભણી કાન માંડીને બેઠાં છે.'

ગૌતમને થયું કે મારે આનંદને મળવું જોઈએ. પૌષધશાળામાં અનશન કરી રહેલા આનંદે ગૌતમને દૂરથી પોતાના તરફ આવતા જોયા. તેના હૈયે પ્રસન્નતાનો પ્રશાંત મહાસાગર ઘૂઘવી ઉઠ્યો. આનંદે ગૌતમનું સ્વાગત કર્યું. વંદન કરી તેમનો વિનય કર્યો.

ગૌતમ ભગવાન મહાવીરના શિષ્ય.

આનંદ ભગવાન મહાવીરના શિષ્ય.

બંને ય ભગવાનના અંતેવાસી.

આનંદે કહ્યું: 'હે ભગવંત્! મને અવધિજ્ઞાન થયું છે. તેના પ્રભાવથી હું પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી અને નીચે અધોલોકમાં રોરુપ નામની નરક સુધી જોઈ શકું છું, જાણી શકું છું.'

ગૌતમ મીઠાશથી બોલ્યા: 'આનંદ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય છે એ ખરું, પરંતુ આટલા દૂર સુદૂર ક્ષેત્ર સુધીનું નથી થતું માટે-

તં ણં તુમં, આણંદા!

એયસ્સ અઠ્ઠસ્સ આલોએહિ,

પડિક્કમાહિ,

નિંદાહિ,

ગરિહાહિ,

અહારિહં તવોકમ્મં પાયચ્છિતં પડિવજ્જાહિ.

ગૌતમ બોલ્યા: 'હે આનંદ! એ મૃષાવાદ અસત્ય કથનની તું આલોચના કર, પ્રતિક્રમણ કર, નિંદા કર, ગર્હા કર અને યથાયોગ્ય તપકર્મરૂપ પ્રાયશ્ચિતનો સ્વીકાર કર.'

આનંદના અવાજમાં વિનયની મહેંક અને મીઠાશ હતી: 'હે ભગવંત! જિન પ્રવચનમાં સત્ય, તથ્ય અને યથાર્થનો ભાવ કહેવા માટે આલોચના અને પ્રાયશ્ચિત લેવામાં આવે છે?

ગૌતમ ખૂબ જ સરળતાથી બોલ્યા: 'ના આનંદ! એવું નથી કહ્યું.'

'તો ભગવંત! એ અતિચારની આલોચના અને પ્રાયશ્ચિત તમારે કરવાં જોઈએ.'

ગૌતમનું ચિત્ત શંકા, જિજ્ઞાસા અને સંશયથી ગૂંચવાઈ ગયું. ભગવાન પાસે પહોંચીને આવન-જાવનનું પ્રતિક્રમણ અને આલોચના કરીને, આનંદ સાથે થયેલ વાર્તાલાપ જણાવ્યો અને વિનયથી પૂછ્યું: 'હે ભગવંત એ માટે શ્રમણોપાસક આનંદે આલોચના અને પ્રાયશ્ચિત કરવા જોઈએ કે મારે, તે મને કહો.'

સત્યનો મધુર સૂર ગૂંજી રહ્યો.

'હે ગૌતમ! તું જ એ અતિચારની આલોચના અને પ્રાયશ્ચિત લે અને આ માટે તું શ્રમણોપાસક આનંદને ખમાવ.'

ગુરુ આજ્ઞા સહર્ષ શીરોધાર્ય. ગૌતમ આનંદને ત્યાં ગયા. આલોચના કરી. પ્રાયશ્ચિત લીધું અને આનંદની ક્ષમા માગી.

વીસ વરસ બાદ આનંદ શ્રમણોપાસક સાઠ ઉપવાસ પૂર્ણ કરીને આલોચના અને પ્રતિક્રમણ (આલોઇએ, પડિક્કતે, સમાહિપત્તે કાલં કિચ્ચા) કરીને સમાધિપૂર્વક કાળધર્મને પામ્યો. (ઉપાસક દશાંગ)

પ્રતિક્રમણ બેધારી છે. એક બાજુ તે આત્માને લાગેલા દોષોનું ધોવાણ કરે છે. બીજી બાજુ તે આત્માના સહજ ગુણોનો ઉઘાડ કરે છે. ધોવાણ અને ઉઘાડ બંને સાથોસાથ થાય છે. કપડાં ધોનારો માત્ર કપડાં ધોતો નથી, એ કપડાંને ઉજળાં પણ કરે છે તો પ્રતિક્રમણ આત્મા પર લાગેલા દોષોનું ધોવાણ કરવા માટે અને દુષણોને દૂર કરવા માટેનું છે.

આથી એમ નથી સમજવાનું કે માત્ર દોષોના ત્યાગ અને ગુણોના સ્વીકાર માટે જ પ્રતિક્રમણ કરવાનું છે. પ્રતિક્રમણ કરવાના અન્ય કારણો અને હેતુઓ પણ છે. પ્રતિક્રમણની ક્રિયામાં શ્રાવક-શ્રાવિકા 'વંદિત્તુ સૂત્ર' બોલે છે. તેને 'પ્રતિક્રમણ સૂત્ર' કહેવામાં આવ્યું છે. તેની ૪૮ મી ગાથામાં પ્રતિક્રમણના અન્ય કારણો અને હેતુઓ જણાવ્યા છે.

'પડિ સિદ્ધાણં કરણે,

કિચ્ચાણમ કરણે પડિક્કમણં,

અસદ્દ્ હણે ય તહા,

વિવરીય પરુવણાએ અ.'

અહીં એક ખુલાસો કરવાનો છે કે આ ગાથા 'વંદિતા સૂત્ર'ની નથી. શ્રી ભદ્રબાહુસ્વામીકૃત આવશ્યક નિર્યુક્તિની આ ૬૨મી ગાથા છે. સહેજ નજીવા ફેરફાર સાથે 'વંદિતા સૂત્ર'માં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગાથા દ્વારા નિર્યુક્તિકાર પ્રતિક્રમણનો વ્યાપ વિસ્તારે છે.

ચતુર્વિધ સંઘ માટે હિંસા, જૂઠ આદિ જે પાપો નહિ કરવાનું કહેવામાં આવ્યું છે, શ્રી જિનેશ્વર ભગવંતોએ જે પાપોનો નિષેધ કર્યો છે તે પાપો જાણતાં કે અજાણતાં થઈ ગયા હોય, એ પાપોની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવાનું છે. પ્રતિક્રમણના પાંચ પ્રકાર ગણવામાં આવ્યાં છે.

૧. રાઈ પ્રતિક્રમણ (સવારે) ૨. દેવસિક પ્રતિક્રમણ (સાંજના), ૩. પાક્ષિક (પંદર દિવસે), જે પખ્ખી પ્રતિક્રમણ પણ કહેવાય છે, ૪. ચૌમાસી પ્રતિક્રમણ તે ચાતુર્માસિક અને તે દર ચાર માસે એટલે કે વર્ષાકાળના સમયમાં કરાતું પ્રતિક્રમણ, ૫. દર વર્ષે કરાતું એક માત્ર સાંવત્સરિક પ્રતિક્રમણ-(સંવત્સરી, સમછરી, છમછરી) ભાદરવા સુદ ૪-પર્વાધિરાજ પર્યુષણના અંતિમ દિવસે કરાતું પ્રતિક્રમણ ખૂબ જ મહત્ત્વનું અને વિશિષ્ટ કોટિનું છે.

ઘણા લોકોને મનમાં એવો પ્રશ્ન જાગે છે કે રોજ દિવસમાં બે વાર પ્રતિક્રમણ કરવામાં આવતાં હોય તો બાકીના પાક્ષિક, ચાતુર્માસી અને સાંવત્સરિક એવા જુદા જુદા પ્રકાર ગણવાની જરૂર શી? અને શા માટે જુદા કરવાના? તો એ બાબત અંગે પૂજ્ય જ્ઞાની ગુરુ ભગવંતોએ ખુલાસો કરતાં કહ્યું છે કે, રોજેરોજ ઘર સાફ કરવામાં આવે છે તો પણ પર્વના દિવસે તે ખૂણેખાંચરેથી બરોબર સાફ કરવામાં આવે છે. તેવી રીતે રોજનું પ્રતિક્રમણ કરવા છતાં વિસ્મૃતિ, લજ્જા, ભય, મનની મંદતા, પ્રમાદ ઇત્યાદિના કારણે જે કોઈ

અતિચારોની વિશુદ્ધિ બાકી રહી ગઈ હોય તે વિશુદ્ધિ પાક્ષિકાદિ મોટા પ્રતિક્રમણ દ્વારા થઈ જાય છે. જેમ રોજે રોજ ઘર સાફ કરાય છે તે નિત્ય આવશ્યક કાર્ય છે. બસ! આ રીતે આત્મા પર લાગેલા મલિન દોષોને બહાર કાઢવા દૈનિક અને પર્વને દિવસે તે વિશેષ શુદ્ધ કરવા પ્રતિક્રમણની ક્રિયા આવશ્યક છે.

જુદા જુદા દૃષ્ટિબિંદુથી પ્રતિક્રમણના ભિન્ન ભિન્ન પ્રકારો સ્થાનાંગ સૂત્રમાં શાસ્ત્રકારોએ છ પ્રકારના નીચે પ્રમાણે વિશેષતઃ સાધુ-સાધ્વીઓ માટે, બતાવવામાં આવ્યાં છે.

छव्विहे पडिक्कमणे पणणते ।
तं जहा-उच्चार पडिक्कमणे, पासवण पडिक्कमणे,
इतरिए, आववहिए, जं किंचि मिच्छा, सोमणंतिए।

૧. **ઉચ્ચાર પ્રતિક્રમણ :** મળ વગેરેના વિસર્જન પછી તે સંબંધી તરત ઈર્યાપથિક (ગમનાગમનને લગતું) પ્રતિક્રમણ કરવું.

૨. **પ્રસ્ત્રવણ પ્રતિક્રમણ :** લઘુશંકાના નિવારણ પછી તે માટે તરત ઇર્યાપથિક પ્રતિક્રમણ કરવું.

૩. **ઈત્વર પ્રતિક્રમણ :** સ્વલ્પકાલમાં કાંઈ પણ ભૂલ કે દોષ થાય તો તે માટે કરાતું પ્રતિક્રમણ.

૪. **યાવત્ કથિત પ્રતિક્રમણ :** મહાવ્રતોને વિશે જે કાંઈ દોષ લાગે તો તેમાંથી પાછાં હઠવાના સંકલ્પપૂર્વક સમગ્ર જીવનને માટે કરાતું પ્રતિક્રમમણ.

૫. **યત્કિંચિત્ મિથ્યા પ્રતિક્રમણ :** ક્યારેક પ્રમાદને કારણે યત્કિંચિત્ અસંયમ થઈ જાય તો તે માટે કરાતું પ્રતિક્રમણ.

૬. **સ્વપ્નાંતિક પ્રતિક્રમણ :** ખરાબ સ્વપ્નાં આવે, સ્વપ્નમાં વાસના કે વિકારોનો અનુભવ થઈ જાય તો તે માટે કરાતું પ્રતિક્રમણ.

આ સિવાય પણ બીજા પાંચ પ્રકાર પણ બતાવવામાં આવ્યા છે.

**૧. આશ્રવદ્વાર પ્રતિક્રમણ, ૨. મિથ્યાત્વ પ્રતિક્રમણ, ૩. કષાય પ્રતિક્રમણ, ૪. યોગ પ્રતિક્રમણ અને ૫. ભાવ પ્રતિક્રમણ.**

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ પણ પાંચ પ્રતિક્રમણના પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

આ પ્રકારો ઉપરાંત બીજો એક વિશેષ પ્રકાર પણ દર્શાવવામાં આવ્યો છે અને તે છે 'ઔત્તમાર્થિક પ્રતિક્રમણ' અથવા ઉત્તમાર્થે એટલે કે ઉત્તમ હેતુ માટે કરાતું પ્રતિક્રમણ. અનશન કે સંલેખના કરવા માટે, પાપની આલોચન કરવાપૂર્વક જે પ્રતિક્રમણ કરાય છે તે 'ઔત્તમાર્થિક પ્રતિક્રમણ' કહેવાય છે. દૈવસિક આદિ પ્રતિક્રમણને વ્યવહારિક પ્રતિક્રમણ કહેવામાં આવે છે અને 'ઔત્તમાર્થિક પ્રતિક્રમણ'ને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

पडिक्कमणं देसियं राइयं च इतरिअभावकहियं वा।
पक्खिम चउम्मासियं संवच्छर उत्तमठ्ठ अ ।।

ઔત્તમાર્થિક પ્રતિક્રમણ કરનાર સંલેખના વ્રત ધારણ કરી આહારનો ત્યાગ કરે છે ત્યારે દેહની ઉપરની તેની મમત્વબુદ્ધિ ચાલી જાય છે. એની આત્મરમણતા વધવા લાગે છે. પોતે માત્ર આત્મસ્વરૂપ છે, તેનું સતત ભાન રહ્યા કરે છે. એ વખતે દેહ અને આત્માની ભિન્નતાનું ભાન કરાવનાર ઔત્તમાર્થિક પ્રતિક્રમણ જીવાત્મા માટે ભેદવિજ્ઞાનનું અનોખું સાધન બની રહે છે.

**દૃષ્ટાંત**–શા માટે એક જ દિવસમાં બે વાર પ્રતિક્રમણ કરવું જોઈએ? ભગવાન મહાવીરે જ કહ્યું છે : આત્મ

## ચક્રવર્તી ભરતનું પ્રતિક્રમણ

માથે મુગટ. કાને કુંડળ. ગળે નાભિ સુધીનો પ્રલંબ મુક્તાહાર. કાંડે પહોંચી. બાવડે બાજુબંધ. દસે આંગળીઓમાં વીંટી. કમરે દોરો. આ બધું જ સોનાનું હીરા અને રત્નોથી મઢેલું.

ભરત ચક્રવર્તી પોતાના અરીસા ભવનમાં હતા. અરીસામાં પોતાને અને પોતાના અલંકારિત દેહને જોઈ રહ્યા હતા.

અચાનક એક આંગળીમાંથી વીંટી નીકળીને ભોંય પર ગબડી પડી.

ચક્રવર્તીએ પોતાનો પંજો પહોળો કરીને, વીંટી વિનાની આંગળી તરફ આંખ માંડી. હૈયું ઘડીક ધબકાર ચૂકી ગયું. ચિત્તના ચોગાનમાં પ્રશ્નોનું જંગલ ઊગી નીકળ્યું:

'આ મારી આંગળી છે? આવી નિસ્તેજ અને બરછટ? બીજી આંગળી કેમ ઝંખવાયેલી છે? નિસ્તેજ અને ઝંખવાયેલી છે એ મારો ભ્રમ તો નથી ને? બીજી આંગળીઓ અને અંગો સુશોભિત છે, એ તો મારો ભ્રમ નથી ને? શેમાં શોભા ને છટા છે, અલંકારોમાં કે મારા અંગોમાં? કોણ કોને શોભા આપે છે?'

પ્રશ્નોના જવાબ મેળવવા તેમણે એક પછી એક બધા જ અલંકારો ઉતારી નાખ્યા. પુનઃ પોતાના દેહને અરીસામાં જોયો. તેમના હૈયેથી ઊંડો નિઃસાસો નીકળી ગયો:

'ઓહ! આ શરીર? કેટકેટલી કરચલીઓ પડી ગઈ છે એના પર! ક્યાં ગઈ મારી એ ચમક ને દમક? એ બધું શું આ અલંકારોથી જ શોભતું હતું! શું સૌન્દર્ય પરાધીન છે?

એ દિવસે ભરત ચક્રવર્તીએ અરિસા ભવનમાં તીવ્રભાવે દેહભાવથી પ્રતિક્રમણ કર્યું. ચિત્તને આત્મભાવમાં સુસ્થિર કર્યું.

અને આ પ્રતિક્રમણ આજ લાખો વરસે પણ આત્મસાધકો માટે પ્રેરણા બની રહ્યું છે.

❑ ભારતી શાહ

સાધકે સવારે અને સાંજે બે સમય રોજ પ્રતિક્રમણ કરવું. વિક્રમની આઠમી સદીમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ તેનો જવાબ દૃષ્ટાંતથી આપ્યો.

જીવનની ઢળતી સાંજે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા જિનશત્રુના રાજમહેલમાં પહેલું ઘોડિયું બંધાયું. તેની પળેપળ ઉત્સવ બની ગઈ.

જિતશત્રુ રાજા હતો. અખૂટ વૈભવ હતો. પુત્ર સહેજ છીંકતો તો રાજાને લાગતું દીકરો બિમાર પડી ગયો છે. રાજપુત્ર બીમાર પડે તે કેમ ચાલે ? આ તો લાખ ખોટનો લાડકો પુત્ર. રાજાએ મંત્રીને હુકમ કર્યો : 'મંત્રી! આપણા રાજ્યના ત્રણ શ્રેઠ વૈદરાજોને બોલાવો, મારે તેમની સાથે પુત્રની બિમારીની ચર્ચા કરવી છે.'

હુકમ મળતાં જ ત્રણ શ્રેષ્ઠ વૈદો આવ્યા.

'વૈદરાજો ! મને એવી દવા બતાવો કે જે દવાથી મારા પુત્રને બધી રીતે સારૂં રહે. રાજાએ કોઈ ભૂમિકા બાંધ્યા વિના સીધી કામની જ વાતો કરી.

પહેલા વૈદે કહ્યું: 'મારી પાસે એક એવી દવા છે, ઘણી જ ઉત્તમ છે, તે લેવાથી પહેલાં કોઈ રોગ થયો હોય તો, એ રોગ તરત જ દૂર થઈ જાય છે પણ...',

'પણ શું ?'

વૈદે મોં પરનો પરસેવો લૂંછતાં લૂંછતાં કહ્યું, 'રોગ ન હોય અને દવા લેવામાં આવે તો નવો રોગ થાય છે અને એ રોગ બિમારને ભરખી જાય છે.'

'તો એવી દવા લઈને, પેટ ચોળીને કોણ શૂળ ઊભું કરે ? મારે નથી જોઈતી તમારી દવા.' બીજા વૈદે પોતાની વાત માંડીઃ 'મારી દવા લેવાથી કોઈ રોગ હશે તો જડમૂળથી નીકળી જશે. રોગ વિના લેવામાં આવશે તો તેથી કોઈ જ નુકશાન નહિ થાય.'

'પણ એથી કંઈ લાભ થશે કે નહિ ?'

'ના રાજન ! તો લાભ પણ નહિ થાય.' વૈદે પડેલા અવાજે કહ્યું.

'તો વૈદરાજ! રાખમાં ઘી કોણ નાખે ?'

હવે ત્રીજા વૈદનો વારો હતો.

'રાજન્ ! રાજપુત્ર માટે મારી શ્રેષ્ઠ દવા લેવાની હું તમને ખાસ ભલામણ કરું છું. તે દવા લેવાથી રાજપુત્રને કોઈ રોગ હશે તો તે સંપૂર્ણ દૂર થઈ જશે. ભવિષ્યમાં પણ તેમને કોઈ નવો રોગ નહિ થાય. વિશેષમાં દવાના નિત્ય સેવનથી રાજપુત્રની શક્તિ, સૌંદર્ય અને સ્ફૂર્તિમાં સતત વધારો થતો રહેશે.'

'તમારી દવા મારા કામની છે. હવે કહો એ દવા કેવી રીતે લેવાની?' રાજાના અવાજમાં ઉમંગ હતો.

'સવાર અને સાંજ બે સમય એક એક ચમચી લેવાની. વૈદે દવાની વિધિ બતાવી. રાજપુત્ર એ દવાના નિત્ય બે ટંકના સેવનથી જીવનભર સબળ અને સ્ફુર્તિમય રહ્યો.

પ્રતિક્રમણ પણ આત્માને જીવનભર નિર્મળ અને નિર્મમ રાખવા માટેની સર્વોત્તમ રામબાણ દવા છે. સવારે અને સાંજે તે કરવાથી આત્માને લાગેલા દોષોનો નાશ થાય છે. નવા દોષો તેને લાગતા નથી અને તેના મૂળભૂત ગુણોની સતત વૃદ્ધિ થતી રહે છે.

**પ્રતિક્રમણ પગથાર–એટલે કે પાંચ પગથિયાં છે, જે નીચે મુજબના છે.**

૧. **પાપની પ્રતીતિ**–માણસને પોતાની ભૂલોનું ભાન થવું.

૨. **પાપનો ડંખ**–પાપ થઈ ગયું છે, જાણતાં કે અજાણતાં તેનો રંજ થવો, દુઃખ થવું.

૩. **પાપની નિંદા**–થઈ ગયેલા પાપની ઘૃણા થવી, તિરસ્કાર થવો. પાપની નિંદા કરવાની છે. પાપીની નહિ, તે વિશેષ પ્રકારે યાદ રાખી સાધક પાપની નિંદા કરે છે. તે સાથે જ તે પ્રતિક્રમણમાં પ્રવેશ કરે છે.

'પડિક્કમામિ, નિંદામિ, ગર્હામિ.' હું પાછો ફરૂં છું. મારી ભૂલોનું મને ભાન થયું છે. મારો દોષ મને સમજાયો છે. એ પાપની નિંદા કરું છું. ધિક્કારું છું મારા એ પાપોને. ત્યારબાદ ગર્હામિ-એટલે આલોચના.

૪. **પાપનો એકરાર**–આલોચના એટલે એક સાથે બે ક્રિયા. પ્રથમ સુગુરુ પાસે પોતાના દોષોનો નિખાલસ, પ્રમાણિકપણે એકરાર કરવો.

૫. **પાપનું પ્રાયશ્ચિત**–પાપોના એકરાર સાથે ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત માગવું.

આ ગર્હા શબ્દને ઓળખ્યા વગર, સમજ્યા વગર પ્રતિક્રમણ અધૂરૂં છે. વિધિ અને સૂત્રો ભલે કડકડાટ મોઢે છે, પણ ગર્હા શબ્દની સમજ બહુ ઓછાને છે. દરેકે દરેક પ્રતિક્રમણ કરનાર સાધકને તેની સમજ હોવી જ જોઈએ.

ભગવાન મહાવીરે ત્રણ પ્રકારની ગર્હા બતાવી છે–મન, વચન અને કાયાથી ગર્હા કરવાનું કહ્યું છે. સુગુરુ સમક્ષ આલોચના એટલે પ્રાયશ્ચિત. દસ પ્રકારના પ્રાયશ્ચિતોમાં, દોષોનો એકરાર કરીને આલોચના માગવાને સ્વતંત્ર પ્રાયશ્ચિતનું સ્થાન આપ્યું છે. આ પછીનું અંતિમ ચરણ આવે છે 'અપ્પાણં વોસિરામિ...'

પ્રતિક્રમણ કરનાર પ્રાયશ્ચિત–આલોયણાં લઈને પ્રમાદને ખંખેરી નાખે છે, દેહભાવનું વિસર્જન કરે છે અને આત્મભાવમાં સ્થિર થાય છે ત્યારે જ સાધકનું પ્રતિક્રમણ પૂરું થાય છે.

શ્રી સુધર્માસ્વામી રચિત દ્વાદશાંગી (બાર આગમો)માં 'આવશ્યક સૂત્ર'નું નામ નથી. તેનું નામ મૂળસૂત્રોની યાદીમાં જોવા મળે છે. આ સૂત્રની ઉપયોગીતા અખંડ અને અભંગ છે. તેની રચના વીર નિર્વાણ સંવત ૧ થી ૮૦ (ઈસુ પૂર્વેની ૬ઠ્ઠી સદી) વર્ષના સમય ગાળામાં થઈ છે. શ્રી સુધર્માસ્વામીથી માંડીને શ્રી શય્યંભવસૂરિના સમય સુધીમાં થઈ ગયેલા એકથી વધુ અનામી મેધાવી સ્થવિરોએ

આવશ્યકોની ગૂંથણી કરી છે અને આજના આપણા પ્રતિક્રમણ સૂત્રોની તે પવિત્ર ગંગોત્રી છે.

પ્રતિક્રમણનાં સૂત્રો મુખ્યત્વે પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં છે. નવકારશી આદિ પચ્ચક્ખાણ, સંથારા પૌરિસી, પોષહ વિધિ સહિત કુલ ૭૫ સૂત્રો છે. પ્રતિક્રમણની વિધિમાં ૫૬ સૂત્રો બોલાય છે. જગ ચિંતામણિ, જય વીયરાય પાછળથી ઉમેરાયા છે.

**પ્રતિક્રમણની ધ્રુવપંક્તિ**

પ્રતિક્રમણ એટલે પ્રતિક્રમણ સહિત આલોચના, નિંદા, ગુરુ સમક્ષ એકરાર અને તેની શુદ્ધિ માટે કાયોત્સર્ગ. આમ આત્મશુદ્ધિની યાત્રા પ્રતિક્રમણથી કાયોત્સર્ગ સુધીની છે. આ ભાવને-પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ–હૃદયંગમ પંક્તિથી શણગાર્યો છે. પ્રતિક્રમણની આ ધ્રુવ પંક્તિ છે. પ્રતિક્રમણના એકથી વધુ સૂત્રોમાં તેનો ઉપયોગ થયો છે.

૧. અન્નત્થમાં-'તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વેસિરામિ' આ શબ્દોથી સ્થાન, મૌન અને ધ્યાનથી હું કાયાને વોસિરાવું છું,' એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે. તેમ જ 'आद्य अरिहंताणं, भगवंताणं नमुक्कारेणं न पारेमि,' આ શબ્દો દ્વારા પ્રતિજ્ઞા થાય છે કે 'જ્યાં સુધી અરિહંત ભગવાનના નમસ્કાર વડે કાઉસગ્ગ પારું નહિ, ત્યાં સુધી મારી કાયાને વોસિરાવું છું.'

**પ્રતિક્રમણમાં આવતા ભાવ-સામ્ય સૂત્રો**

૧. નવકારમંત્ર, નમોર્હત્ અને ભગવાનહં
૨. ઇરિયાવહી અને સાત લાખ
૩. ખમાસમણ અને સુગુરુવંદન
૪. અબ્ભુટ્ઠિઓ, સુગુરુ વંદન અને આયરિય ઉજ્જ્ઝાયે
૫. જં કિંચિ, જાવંતિ, ચેઈઆઈ, પુક્ખરવર, વરકનક અને સકલ તીર્થ.
૬. જાવંત કેવિ સાહુ અને અઢ્ઢાઈ જેસુ
૭. લોગસ્સ, સિદ્ધાણં, બુદ્ધાણં, સકલાર્હત્
૮. ઉવસગ્ગહરં અને ચઉક્કસાય
૯. કલ્લાણકંદ, સંસારદાવા, નમોસ્તુ વર્ધમાનાય, વિશાલ લોચન દલં અને સ્નાતસ્યા.
૧૦. પડિક્કમણે ઠાઉ અને સવ્વસ્સ વિ
૧૧. નાણમ્મિ, ઇચ્છામિ ઠામિ, (અતિચાર આલોચના), વંદિતુ અને પાક્ષિક અતિચાર.
૧૨. સુઅદેવયા અને કમલદલ
૧૩. જિસેખિત્તે સાહુ, અને યસ્યાઃક્ષેત્રે (૨)
૧૪. નાની શાંતિ, અજિત શાંતિ, મોટી શાંતિ અને સંતિકરો.

**અતિચારના સૂત્રો**-પાંચ આચારોને લાગેલા દોષોની શુદ્ધિ માટે છે.

**ઇરિયાવહી**-આવન-જાવન કરતાં જીવોને પહોંચેલા દુઃખો બદલ ક્ષમા માગવા માટેનું સૂત્ર છે.

**પડિક્કમણે ઠાઉ**-પ્રતિક્રમણનું આ બીજ-સૂત્ર છે. મન-વચન અને કાયાથી લાગેલા દોષોની ક્ષમા માગવાની છે.

**ઈચ્છામિ ઠામિ**-આ સૂત્ર દ્વારા અતિસાર લાગવાના સ્થાનોને– શ્રાવકના બાર વ્રત તેમજ જ્ઞાનાદિ આચારનો નિર્દેષ કરીને તેના આચરણ અને આરાધનામાં થયેલ સ્ખલના અને વિરાધના માટે ક્ષમા માગવામાં આવી છે.

**નાણમ્મિ**-પંચાચારમાં ક્યાં ક્યાં અતિચાર (દોષો) લાગે છે કે લાગ્યા છે તેનું આ સૂત્ર દ્વારા ચિંતન કરવાનું છે.

**સાત લાખ**–જીવ હિંસાના પાપોની ક્ષમા માગવાનું સૂત્ર છે.

**અઢાર પાપસ્થાન**–જેનું સેવન કરવાથી, અથવા જે ભાવોમાં રહેવાથી પાપો બંધાય, તે 'પાપસ્થાનક' તેવા

## નંદિષેણનું પ્રતિક્રમણ

વેશ્યાનું નામ નથી હોતું. એ એક વેશ્યા હતી.

વેશ્યાના ઘરે તેના રૂપની કિંમત ચૂકવી શકે તે પુરુષોને પ્રવેશ હોય છે. સાધુ પાસે પૈસો નથી હોતો.

વેશ્યાએ સાધુ નંદિષેણને લટકાળા અવાજે કહ્યુંઃ 'મુનિ ધર્મલાભ નહિ. અર્થલાભ આપો.'

સાધુનો અહંકાર છંછેડાયો. વિદ્યાબળથી નંદિષેણે ત્યાં સોનાની વર્ષા કરી દીધી. વેશ્યા મુનિને વળગી પડી. 'ચાલ્યા જશો તો જીભ કરડીને મરી જઈશ.' કહીને મુલાયમ ધમકી આપી.

સાધુ લપસ્યો. પણ પટકાયો નહિ. કહ્યુંઃ 'એક શરતે રહીશ. રોજ દસ જણાને દીક્ષા પંથે વાળ્યા પછી જ ભોજન કરીશ.'

લગાતાર બાર વરસ સુધી નંદિષેણે, એ વેશ્યાના આંગણે આવેલા કામી પુરુષોને અકામ તરફ વાળ્યા.

એ દિવસે દસમો પુરુષ નંદિષેણની વાત માનવા તૈયાર ન હતો. એને કામ વ્હાલો લાગતો હતો. રામ નહિ. સમાગમમાં જ તેને રસ હતો. સમાધિમાં નહિ.

ભોજન ઠંડા પડી રહ્યા હતા. વેશ્યા અકળાઈ ઊઠીઃ

'ક્યાં સુધી એની સાથે માથું ફોડશો ! એ દસમો દીક્ષા ન લે, તો શું થઈ ગયું !' દસમા તમે દીક્ષા લઈ લો...'

બાર વરસે ઘડી પાકી. ચોટ બરાબર વાગી.

નંદિષેણે એ દિવસે વાસનાનું પ્રતિક્રમણ કર્યું અને સાધના તરફ કદમ ઉપાડ્યા.

□ ભારતી શાહ

૧૮ પાપસ્થાનકોની સંખ્યા આ સૂત્રમાં બતાવવામાં આવી છે.

**વંદિત્તુ**–જે વીસ સ્થાનકોની ઉલ્લાસપૂર્વક આરાધના કરવાથી 'પુરુષોત્તમ-પદની' પ્રાપ્તિ થાય છે તેમાંનું એક સ્થાનક 'આવશ્યક ક્રિયા' છે. તેની વ્યાખ્યા શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આ રીતે કરવામાં આવી છે.

'समणेण सावएण य, अवस्सकायव्वं हवइ जम्हा।

अंतो अहोनिसिस्स य, तम्हा आवस्सयं नाम।।'

એટલે તેની ઉપાદેયતા શ્રમણ અને શ્રાવક એ ઉભયને માટે એકસરખી છે. તેથી શ્રાવકોએ પ્રતિદિન પોતાના વ્રતમાં લાગેલા અતિચારોનું નિંદા અને ગર્હા દ્વારા 'પ્રતિક્રમણ' કરવું સમુચિત છે. પંચાચારની વિશુદ્ધિ માટે પણ 'વંદિત્તુ' અગત્યનું છે. જેમ કાદવ અને ધૂળથી ખરડાયેલાને જેટલી જરૂર સ્નાનની છે. તેનાથી પણ વધારે જરૂર પાપ-પંકથી ખરડાયેલા આત્માઓને 'પ્રતિક્રમણ'ની છે.

**પાક્ષિક અતિચાર**–પંચાચાર અને બાર વ્રતોના અતિચારોને વિશાળતાથી બતાવીને તે તે અતિચારોની ક્ષમા માગતું સૂત્ર છે. નાણંમ્મિ અને 'વંદિત્તુ' સૂત્રનો બહોળો અર્થ વિસ્તાર છે.

અબ્ભુઢ્ઢિઓમિ : સુગુરુના વિનય, વૈયાવચ્ચ અને વાતચીત વગેરે દરમ્યાન સુગુરુને મનદુઃખ થયું હોય, તેવું કંઈ કર્યા બદલ સુગુરુની ક્ષમા માગતું આ સૂત્ર છે.

**સુગુરુ વંદન**–મન, વચન, અને કાયાથી કોઈપણ આશાતના (અવિનય) કરી હોય તેની માફી માગતું સૂત્ર.

**આયરિય ઉવજ્ઝાયે**–આચાર્ય, ઉપાધ્યાય, આદિને કષાયોથી દુઃખી કર્યા હોય તેની ક્ષમા માગતું સૂત્ર છે–આ સૂત્રનું બીજું નામ खामणा सुत्त છે. સમસ્ત જીવરાશિના જીવોને ખમાવે છે.

**સુઅદેવયા-થુઈ**–શ્રુતધર્મ, સમ્યગ્ જ્ઞાનની આરાધના રૂપ શ્રુતદેવીને અનુલક્ષીને આઠ શ્વાસોચ્છ્વાસના પ્રમાણવાળો કાયોત્સર્ગ કર્યા બાદ પારીને શ્રુતદેવીની આ સ્તુતિ બોલવામાં આવે છે.

**खितदेवया-थुई**–ક્ષેત્ર દેવતા-સ્તુતિ-ક્ષેત્રની અધિષ્ઠાયિકા દેવી પોતાના ક્ષેત્રમાં રહેલાં સાધુઓના અનિષ્ટો, ઉપદ્રવો, વિઘ્નો દૂર કરે છે તથા સાર-સંભાળ કરવારૂપ ભક્તિ કરે છે તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવાય છે. પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણની વિધિમાં ક્ષેત્રદેવતાના કાઉસગ્ગમાં 'जीसे खिते साउ' સ્તુતિના સ્થાને 'यस्या क्षेत्रम्' ક્ષેત્ર દેવતાની સ્તુતિ બોલાય છે. જે દિવસે મુનિ ભગવંતો વિહાર કરીને પ્રવેશ કરે તે દિવસે માંગલિક પ્રતિક્રમણમાં પણ આ સ્તુતિ બોલાય છે.

**કમલ દલ વિપુલ**–આ સ્તુતિ પણ શ્રુતદેવીની છે. પ્રતિક્રમણ-ક્રિયામાં છ આવશ્યક પૂરાં થયા પછી તેના અંતિમ મંગલ તરીકે સાધ્વીજીઓ તથા શ્રાવિકાઓ આ સ્તુતિ બોલે છે.

**'ન મોઙસ્તુ વર્ધમાનાય'**–આ સ્તુતિમાં સૌથી પહેલાં ધીર, વીર અને ગંભીર એવા શ્રી વર્ધમાનને વંદન કરવામાં આવ્યું છે. પછી દેવ-નિર્મિત સુવર્ણકમળો પર વિહરનારા, ચોત્રીસ અતિશયોવાળા સર્વ જિનોને પ્રાર્થવામાં આવ્યા છે. સ્ત્રીઓ આ સ્તુતિને સ્થાને 'સંસાર દાવાનલ'ની સ્તુતિ બોલે છે.

**વિશાલ લોચન દલ**–પ્રાતઃકાળમાં કરવામાં આવતાં રાત્રિક પ્રતિક્રમણરૂપી ધર્માનુષ્ઠાનના છ આવશ્યકો પૂરાં થતાં મંગલ તરીકે આ સ્તુતિ પુરુષો દ્વારા બોલવામાં આવે છે.

**વર કનક-સ્તુતિ**–सप्तति-शत-जिनवन्दनम्

શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં તીર્થંકર દેવોની ઉત્કૃષ્ટ સંખ્યા એકસો ને સિત્તેરની હતી. આ તીર્થંકરોની ઉપાસના માટેનું સૂત્ર છે. તેમાં વિવિધ રંગોના વર્ણવાળા જિનેશ્વરદેવનું યંત્ર બનાવીને પણ પૂજા કરવામાં આવે છે.

**નાની શાંતિ**–આ સૂત્ર ઉત્તમ કોટિનું એક મંત્રમય ચમત્કારિક સૂત્ર છે. તેમાં દેવીઓ, દેવતાઓ, યક્ષ વિગેરેનું સ્મરણ કરવામાં આવેલું છે. જયા-વિજયા અને અપરાજિતા નામની દેવીઓ જેમની સાંનિધ્યમાં રહે છે તે અત્યંત કરૂણા-કોમળ-ચિત્તવાળા શ્રી માનદેવસૂરિએ સર્વ સ્થળના સકલ સંઘના કાયમી ઉપસર્ગ-નિવારણ માટે આ સ્તોત્ર તેઓને માટે બનાવ્યું. આ સ્તોત્રના પઠનથી મંત્રેલા પાણીના છંટકાવથી શ્રી સંઘમાં શાકિની દ્વારા કરાયેલો મરકીનો ઉપદ્રવ શમી ગયો અને શાન્તિ ઉત્પન્ન થઈ. ત્યારથી આજ સુધી પ્રાયઃ પ્રતિદિન લઘુશાંતિ પ્રતિક્રમણના અંતે બોલાય છે.

**ચઉક્કસાય સૂત્ર–શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ**

શ્રી પાર્શ્વનાથ જિનની સ્તુતિ નિમિત્તે રચાયેલું આ સૂત્ર 'पासनाह जिण थुई' ના નામથી પણ ઓળખાય છે. તેના પ્રારંભિક શબ્દો પરથી તે 'ચઉક્કસાય સૂત્ર'ના નામથી પણ પ્રસિદ્ધ છે. આ સૂત્રનો મુખ્ય ઉપયોગ છેલ્લા એટલે સાતમા ચૈત્યવંદન વખતે કરવાનો હોય છે. એક અહોરાત્રમાં સાધુએ સાત વાર ચૈત્યવંદન કરવાનાં હોય છે. પ્રભાતે પ્રતિક્રમણ-જિનાલયમાં-જમ્યા પહેલાં-દિવસ ચરિય. સાંજના પ્રતિક્રમણમાં-રાત્રે સૂતા સમયે અને જાગીને શ્રાવકે પણ સાત વાર ચૈત્યવંદન કરવાનું હોય છે. ચઉક્કસાય-એટલે ચાર કષાયો જિતનારા શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિવિધ રીતે સ્તુતિ કરવામાં આવી છે.

**ભરહેસરની સજ્ઝાય-ભરહેસર-બાહુબલી સજ્ઝાય**

સજ્ઝાય એટલે સ્વાધ્યાય – સ્વ-અધ્યાય. સ્વ એટલે આત્મા. તેનું હિત થાય તેવો અધ્યાય કે સ્વાધ્યાય કરવો. આ સજ્ઝાય રાઈઅ (રાત્રિક) પ્રભાતનાં પ્રતિક્રમણમાં બોલવામાં આવે છે. ૫૩ મહાપુરુષો અને ૪૭ મહાસતીઓના નામો આવે છે. એટલે બધાં મળીને ૧૦૦ પ્રાતઃ સ્મરણિય નામો છે. તેમનું સ્મરણ કરી, વંદન થાય અને તેમનાં આદર્શ ચરિત્રો લક્ષમાં આવતા પ્રશસ્ત પ્રવૃત્તિ થાય.

✷ ✷ ✷

# પ્રતિક્રમણ મહાયોગ

□ ભારતી બી. શાહ

વર્તમાનયુગમાં પ્રતિક્રમણના સૂત્રો, તેનો અર્થ અને તેની ક્રિયાઓ વગેરેના ગૂઢ રહસ્યો–મર્મો–તેના ઉત્તમ લાભ–પ્રતિક્રમણ કરતી વખતે ધ્યાનમાં લેવા જેવી વિગતો તેના ભાવો વગેરે બાબતો ઉપર સતત એકધારું પચાસ-સાઈઠ વર્ષો સુધી રોજેરોજ સૂક્ષ્મ અને ગહન ચિંતન કરીને તેના નવનીતનો મધુર આસ્વાદ કરાવનાર કોણ? એવા પ્રશ્નોનો જવાબ છે એક ભવ્ય સાધનામૂર્તિ–એ વિભૂતિનું નામ છે પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

પ્રતિક્રમણની જે જે ક્રિયાઓ કરવામાં આવે છે તે પ્રત્યેકમાં ચિત્તનો સામાન્ય વિશેષ ઉપયોગ પ્રણિધાન રહે છે.

સૂત્ર અને ક્રિયાનુસાર લેશ્યા અને ધ્યાન રહેવું જોઈએ.

સૂત્રોચ્ચાર તેમ જ ક્રિયામાં જરૂરી ઉપકરણો મેળવવા જોઈએ. આ ઉપયોગ–લેશ્યા ધ્યાનને મનમાં સુંદર રીતે લાવવા માટે એ ખાસ જરૂરી છે કે પ્રત્યેક સૂત્રનો પદાર્થ મન સામે ખડો કરવામાં આવે.

દા. ત. **(૧) 'નવકાર' સૂત્રમાં** – 'નમો અરિહંતાણં' બોલતી વખતે અષ્ટમહાપ્રાતિહાર્ય સહિત અનંત અરિહંત ભગવંતો મન સામે દેખાય અને એમના ચરણમાં ઝૂકતા આપણા અનંત મસ્તક યાને દરેકના ચરણે આપણું નમતું એકેક મસ્તક દેખાય. એ જ રીતે 'નમો સિદ્ધાણં' વગેરે પદો બોલતી વખતે સિદ્ધભગવાન આદિ દરેક પરમેષ્ઠિ ભગવંતો પોતપોતાના સ્વરૂપમાં થાય...દા. ત. સિદ્ધ સિદ્ધિશીલા ઉપર જ્યોતિસ્વરૂપ, આચાર્ય મહારાજ પાટ પર બેઠેલા પ્રવચન કરતા હોય. ઉપાધ્યાય મહારાજ સાધુ સમુદાયને ભણાવતા હોય, સાધુ કાયોત્સર્ગમાં ધ્યાનમાં ઊભા હોય.

**૨. 'લોગસ્સ સૂત્ર'**માં પહેલી લાઈનના ઉચ્ચારણ વખતે સામે ૨૪ અને બીજા એમની આજુબાજુમાં તથા પાછળ બીજા અનંત તીર્થંકર લોકાલોક સ્વરૂપ વિશ્વને જ્ઞાનપ્રકાશથી પ્રકાશિત કરતા સૂર્ય સમાન દેખાય. 'ધમ્મતિત્થયરે' પદથી બધા ભગવાન સમવસરણમાં બેસી ઉપદેશ આપતાં દેખાય. 'જિણે' પદથી બધા ભગવાન કાયોત્સર્ગ ધ્યાનમાં રાગદ્વેષનો જપ કરતાં અને 'અરિહંતે' પદથી અષ્ટમહાપ્રતિહાર્ય સહિત દેખાય.

**૩. નમુત્થુણં** – સૂત્રમાં 'અરિહંતાણં' પદ બોલતી વખતે અષ્ટમહાપ્રતિહાર્ય યુક્ત ભગવાન દેખાય, 'ભગવંતાણં' પદ વખતે સુવર્ણ કમળ ઉપર પગ મૂકીને ચાલતા–વગેરે ઐશ્વર્યવાળા ભગવાન દેખાય.

**૪. 'સિદ્ધાણં બુદ્ધાણં'** – સૂત્રમાં 'જો દેવાણ વિ દેવો' પદથી વીરપ્રભુને દેવોના પણ દેવના રૂપમાં બતાવવા છે. એ કેવી રીતે દેખાય? આ રીતે, ભગવાન મહાવીર પરમાત્મા વિહારમાં આગળ ચાલી આવતા અને એમની સેવામાં પાછળ ક્રોડ દેવતાઓ હાથ જોડીને ગુણગાન કરતા ચાલ્યા આવતા દેખાય.

'જં દેવા પંજલિ...'માં સામે આકાશમાંથી પ્રભુની તરફ શિર ઝુકાવી હાથ જોડીને દેવતાઓ ઉતરતા દેખાય. 'તં દેવ દેવ મહિયં'થી ઈન્દ્ર દેવોથી પૂજાયેલ પ્રભુની બે બાજુ ઈન્દ્રો ચામર ઢાળતા દેખાય.

આ રીતે સૂત્ર-પદાર્થ સામે દેખાઈ જવાથી મન તન્મય અને ભાવથી ભરેલું બને છે.

પ્રશ્ન : દેવાધિદેવનો સંયોગ મળવા છતાં ધર્મક્રિયાના સમયે, સાધનાના સમયે મન ચંચળ કેમ રહે છે?

ઉત્તર : જીવને જેમાં વધારે રસ છે, એમાં મન વારંવાર જાય છે. અગર જો મનને ધર્મમાં સ્થિર કરવું હોય તો દુનિયાના વિષયોનો રસ ઘટાડવામાં આવે અને ધર્મ સાધનાનો રસ વધારવામાં આવે એ અતિ આવશ્યક છે.

**૫. 'ઇરિયાવહી'** – સૂત્ર બોલતી વખતે કોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ ખૂનીને એકરારનું ચિત્ર દેખાય તેવું જ આપણું છે. કરેલી ભૂલોનો સ્વીકાર કરવામાં આવે છે.

**૬. 'જં કિંચિ:** – બોલતી વખતે જગતના તીર્થો અને જિન પ્રતિમાઓ દેખાય. આ રીતે સૂત્રોના પદે પદના ગાથાના દૃષ્યો વારંવાર જોવાથી સૂત્ર બોલતી વખતે મન સામે સરળતાથી ઉપસ્થિત એ દૃશ્ય થઈ જાય છે. તેથી ભાવોલ્લાસ વધી જાય છે. ધર્મ ક્રિયામાં રસ જાગે છે અને આત્મા નિર્મળ બનતો જાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે જીવને એક દિવસમાં પણ એટલા બધા પાપ લાગે છે કે મોટા મેરુ વગેરે પર્વતો જેટલા સોનાનું દાન કરવાથી પણ એ છૂટે નહિ. એ પાપોનો છૂટકારો પ્રતિક્રમણથી થાય છે.

**૭. 'કરેમિ ભંતે'** – બોલતાં મહાવીર પ્રભુ જેવો મોહને પડકાર અને સમભાવને ઉછળતો કરવા પ્રયત્ન રાખવાનો છે. 'કાયોત્સર્ગ'માં મહાવીર પ્રભુના જેવી અડગ તન્મયતા લાવવા ભારે સજાગ બનવાનું છે.

પ્રતિક્રમણમાં કેટલા લાભ?

૧. પ્રથમ આવશ્યક સામાયિક લેવાનું. એમાં ૪૮ મિનિટ સુધીમાં અનંતા જીવોને અભયદાન દેવાનો લાભ તથા સર્વ પાપ-વ્યાપારના ત્યાગનો લાભ.

૨. દિવસ અને રાત્રીએ કરેલાં દુષ્કૃત્યોથી બંધાયેલ પાપોના જુમલાનો પ્રતિક્રમણથી નિકાલ થાય.

૩. પાપો પર સાચો તિરસ્કાર ભાવ આવે.

૪. ઉભય ટંકનો ધર્મ નક્કી થઈ જાય.

૫. જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું પાલન થાય.

૬. વિગતવાર દુષ્કૃત્યોમાં સ્મરણ અને પશ્ચાતાપથી સારું સંસ્કરણ ઊભું થાય.

૭. પ્રતિક્રમણની ક્રિયાઓમાં સાથે સાથે અન્ય આવશ્યકો કરવાથી બીજાં કર્મોની નિર્જરા થાય.

વંદિત્તા સૂત્રની પચાસ ગાથાની દરેક ગાથામાં અનેક પ્રકારના અતિચારો-દોષો-પાપો ગણાવ્યા છે. ઘણાં એવું માને છે કે પ્રતિક્રમણ કરતાં રહીએ અને પાપ થતાં રહે તો પ્રતિક્રમણમાં આલોયણા લઈ લેવાથી, બધા પાપોની માફી માગી લેવાથી, બધા જ પાપો ધોવાઈ જાય છે; તો શાસ્ત્રકારો કહે છે કે જે લોકો આવું માને છે તે મિથ્યાત્વ છે. આમ માનવું ખોટું છે. ભૂલભરેલું છે. એકવાર ભૂલ કબૂલ કરી લીધા પછી તે જ ભૂલ એટલે કે પાપ ફરી ફરી પણ થવા જોઈએ નહિ.

કાયોત્સર્ગમાં કાયા તદ્દન સ્થિર કરવાની છે અને તદ્દન મૌન હોવાથી જે તે કશું બોલવાનું હોતું નથી. ત્યારે મનને પણ એક ચોક્કસ વિષયના ચિંતનમાં સ્થિર કરવું પડે છે. આવા સુંદર કાયોત્સર્ગથી યોગસ્થિરતા અને ગુણસ્થાનક પર ચઢવાનું કેમ ન મળે ? વળી એક મહાન લાભ એ છે કે જો સાંવત્સરિક પ્રતિક્રમણના ૪૦ લોગસ્સ અને એક નવકારના કાયોત્સર્ગથી બાર મહિનાના લાગેલા પાપો પ્રતિક્રમણ પછી આત્મામાં ખૂણેખાંચરે ભરાઈ રહેલ હોય તેનો નાશ થાય છે. એ પાપોમાં જ્ઞાનાવરણીય કર્મ, અંતરાય કર્મ વગેરે પાપકર્મો નાશ પામે છે, એટલે એવા કાયોત્સર્ગ તપથી જબરદસ્ત કર્મક્ષય કેમ ન થાય ?

વળી બીજો એક મહાન લાભ એ છે કે અસત્ નિમિત્તોથી બચવા કાયોત્સર્ગ એક મહાન સાધન છે એટલે રાગદ્વેષથી બચવાનો મહાન લાભ મળે.

પ્રશ્ન : આમ તો પચ્ચક્ખાણ એ છેલ્લું આવશ્યક છે તો દૈવસિક પ્રતિક્રમણમાં તે પહેલાં કેમ આવે છે ?

ઉત્તર : આમ તમે છ આવશ્યક ક્રમે પચ્ચક્ખાણ કરવા જતા સૂર્યાસ્ત વીતી જાય. તેથી સૂર્યાસ્ત પહેલાં જ દિવસચરિત્રનું પચ્ચક્ખાણ કરવું જરૂરી અને સાર્થક બને. તેથી અહીં સામાયિક લઈને બે વાંદણા લઈ તરત જ પચ્ચક્ખાણ કરી લેવામાં આવે છે.

પ્રશ્ન : વાંદણા એટલે વંદન, એની શી જરૂરી ? તથા બે વાર શા માટે ?

ઉત્તર : ગુરુને વંદન કરવા એટલે તે વિનય છે. પરંતુ વાંદણા બે એટલા માટે કે જેમ રાજા પાસેથી નોકર હુકમ મેળવતાં પહેલાં નમસ્કાર કરીને ઊભો રહે છે, તેમ જ પછી હુકમનો અમલ કરતાં પહેલાં ફરીથી નમસ્કાર કરીને જાય છે. એ રીતે બે વાર વંદનની જેમ અહીં બે વાર વાંદણા દેવાનાં હોય છે. એમાંય પહેલીવાર વાંદણા દેતાં 'મે મિઉગ્ગહં' કહી ગુરુના મર્યાદિત અવગ્રહ (વિનયાર્થે સાચવવાનો ક્ષેત્ર અંતર)ની અંદર ગયા, તે હવે અર્ધા વાંદણા પછી 'આવસ્સિયાએ પડિક્કમામિ' કહેતાં 'અવગ્રહ'થી બહાર નીકળી જાય છે. એટલે જાણે હુકમ લઈને ગયો તે પછી અમલના અવસરે બીજી વારના વાંદણામાં પેસી 'આવસ્સિયાએ' ન બોલતાં અવગ્રહમાં જ રહી વાંદણા પૂર્ણ થાય છે.

પ્રશ્ન : વાંદણા ક્યાં ક્યાં ?

ઉત્તર : ૧. પચ્ચક્ખાણ કરવાની પૂર્વે. ૨. પાપોની આલોચના કરાય ત્યારે ૩. અભ્યુત્થાન વંદન કરાય ત્યારે. ૪. આચાર્યાદિની ક્ષમાપના કરાય ત્યારે ૨-૨ વાંદણા કરવામાં આવે છે.

પ્રશ્ન : મુહપત્તિ પડિલેહણ શા માટે ?

ઉત્તર : વાંદણા લેતી વખતે હાથ વગેરે અંગ હલાવીને કે સ્પર્શીને કરવાના છે, માટે અંગનું પડિલેહણ કરવા વાંદણા પૂર્વે મુહપત્તિ પડિલેહણ કરવામાં આવે છે.

પ્રશ્ન : પ્રતિક્રમણમાં ચાર થોય શા માટે ?

ઉત્તર : પ્રતિક્રમણનું મહાન શુભ કાર્ય કરવું છે તો એ માટે મંગળ તરીકે દેવવંદન કરવું જોઈએ. મંગળ કાર્યથી શુભ કાર્ય નિર્વિઘ્ને સારું સિદ્ધ થાય અને સારી રીતે પૂર્ણ થાય. ૨૪ તીર્થંકરો સમાન ગુણો કીર્તનરૂપ હોઈને તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે. જેમના દર્શન માત્રથી શુભ ભાવનાના પૂર વહેવા લાગે છે, તેથી ચૈત્યવંદનની ક્રિયા દરમ્યાન કાયોત્સર્ગ કર્યા પછી જે બોલાય અને જેનું પ્રમાણ માત્ર એક શ્લોક જેટલું હોય તેને સ્તુતિ (થોય) ગણવી.

આવશ્યક ક્રિયા દરમ્યાન રાઈ અને દૈવસિક બંને પ્રતિક્રમણમાં 'કલ્લાણકંદ' અને પાક્ખી, ચૌમાસિક, સાંવત્સરિક પ્રતિક્રમણમાં 'સ્નાતસ્યા' થોય બોલવામાં આવે છે તેમજ પાંચે પ્રતિક્રમણમાં 'સંસાર દાવા'ની થોય પણ બોલવામાં આવે છે. પરંતુ આ થોય માત્ર સ્ત્રીઓ જ બોલે છે. પુરુષો 'નમોસ્તુ વર્ધમાનાય'ની થોય બોલે છે.

એમાં ૧લી થોય પ્રભુની ચૈત્યવંદનસ્તવના કરીને કરાય છે જે આપણને દર્શનાદિનો લાભ આપી સમાધિ આપે છે.

૨જી થોય–અરિહંત ચૈત્ય (મૂર્તિ)ની ભક્તો દ્વારા થતાં વંદન–પૂજનાદિની અનુમોદનાના લાભ અર્થે થાય છે.

૩ જી થોય–અરિહંત પછી ઉપકારક શ્રુત-આગમના થતા વંદના–પૂજનાદિની અનુમોદનાર્થે થાય છે.

૪થી થોય–શાંતિ-સમાધિના પ્રેરક સમ્યગ્દૃષ્ટિ (દેવ)ના સ્મરણાર્થે થાય છે.

✷ ✷ ✷

'પ્રતિક્રમણ મહાયોગ'–પુસ્તકમાંથી સંકલન–ભારતી બી. શાહ

પ્રબોધ ટીકા–૫ પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિ

સૂત્ર સંવેદના–સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી

જૈન આચાર દર્શન–જિન તત્ત્વ–શ્રી રમણલાલ ચી. શાહ

જિન સંદેશ–વિશેષાંક–'છ આવશ્યક'

ઉપરના ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે. તેમ છતાં જિનાજ્ઞા વિરુદ્ધ કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો 'મિચ્છામિ દુક્કડમ્'

# પંચ પ્રતિક્રમણમાં આવતાં મુખ્ય વિશેષ સૂત્ર-સાર-સંક્ષિપ્ત

❑ ભારતી બી. શાહ

'૧.अड्ढाइजेसु – साहुवंदण् – सुत्तं – साधुवन्दन् – सूत्रम्

સાધુ અને સાધુતા પ્રત્યે પૂજ્યભાવ પ્રદર્શિત કરવાના હેતુથી આ સૂત્રની યોજના થયેલી છે તેથી તે 'સાધુ-વંદના'ના નામથી ઓળખાય છે. સાધુઓ અઢી દ્વીપમાં જ હોય છે. અને તેમાં પણ અકર્મભૂમિમાં ધર્મનો લાભ કે વિરતિપણાનો સંભવ નહિ હોવાથી તેમની ઉપસ્થિતિ પંદર કર્મભૂમિઓમાં જ થાય છે. આ પંદર કર્મભૂમિઓમાં દ્રવ્ય-લિંગ અને ભાવ-લિંગને ધારણ કરનારા જે કોઈ સાધુઓ હોય તે વંદનીય છે. તેથી તે બધાને કાયા, વાણી અને મનથી વંદના કરવામાં આવે છે.

સાધુના દ્રવ્ય-લિંગમાં રજોહરણ, ગુચ્છ અને કાષ્ઠ (પાત્રા) વગેરે ગણવામાં આવ્યા છે તે રીતે સ્પષ્ટ રીતે નિર્ગ્રંથ મુનિઓનું સૂચન કરે છે અને ભાવ-લિંગમાં પાંચ મહાવ્રત, અઢાર હજાર શીલાંગ તથા અખંડિત આચાર અને ચારિત્રનો સમાવેશ થાય છે, તે પણ નિર્ગ્રંથ મુનિઓનું જ સૂચન કરે છે.

**૨. મન્નહ જિણાણં સજ્ઝાય–શ્રાવક નિત્યકૃત્ય–સ્વાધ્યાય**

પ્રતિક્રમણની ક્રિયામાં છ આવશ્યકો થઈ ગયા પછી કરવામાં આવે છે. આ સ્વાધ્યાય પૌષધવ્રત તથા પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણના આગલા દિવસે પ્રતિક્રમણમાં બોલાય છે. તેમાં શ્રી જિનેશ્વર દેવના શાસનને માનનારા શ્રાવકે કેવાં કામો કરવા જોઈએ તેનું સંક્ષિપ્ત પરંતુ સમુચ્ચયરૂપ દર્શન કરાવવામાં આવ્યું છે જેનાથી શ્રાવક ઉત્તરોત્તર પોતાનો આત્મવિકાસ સાધી શકે અને દર્શન, જ્ઞાન તથા ચારિત્રની આરાધના માટે યોગ્યતા મેળવી શકે.

આ સૂત્ર પર તપાગચ્છીય શ્રી વિજયસેનસૂરિના શિષ્ય શ્રી વિનયકુશલે વિ. સં. ૧૬૫૨ની આસપાસ વૃત્તિ રચેલી છે.

આ સ્વાધ્યાયનું આધારસ્થાન શ્રી ધર્મઘોષસૂરિ શિષ્ય આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિએ રચેલી 'વિચારસત્તરી'નું અગિયારમું દ્વાર હોય તેમ જણાય છે અને વિક્રમની તેરમી સદી સંભવે છે.

**૩. સકલ તીર્થ વંદના**–રાઈ પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂરા થયા પછી પ્રભાતમાં વંદન કરવા યોગ્ય – પ્રાતઃસ્મરણીય ત્રણે લોકમાં – સ્વર્ગ, પાતાળ અને મર્ત્યલોકમાં રહેલા ચૈત્યો, શાશ્વત જિનબિંબો, વર્તમાન તીર્થો, વિહરમાણ જિનો, સિદ્ધો અને સાધુઓને વંદન કરવાના હેતુથી આ સૂત્ર બોલવામાં આવે છે.

**૪. 'સ્નાતસ્યા'–સ્તુતિ – શ્રી વર્ધમાનજિન – સ્તુતિ**

અન્ય સ્તુતિઓની જેમ આ સ્તુતિમાં પણ વિશિષ્ટ જિન, સામાન્ય જિન, જિનાગમ અને વૈયાવૃત્યકર શાસનદેવીની અલંકારિક ભાષામાં સ્તુતિ કરવામાં આવી છે. સર્વાનુભૂતિ યક્ષનો વિશેષ પરિચય પ્રાપ્ત થતો નથી. પરંતુ શ્રી વર્ધમાન જિનનો માતંગ નામનો યક્ષ જ આ સર્વાનુભૂતિ હોય તેમ સંભવે છે.

આ સ્તુતિ પર શ્રી વિવેકહર્ષગણિએ તથા શ્રી ગુણવિનયગણીએ ટીકાઓ રચેલી છે. (પ્રબોધ-ટીકા-ભાગ-૩)માં નીચે મુજબની માહિતી જાણવા મળે છે. એક કિંવદંતી પ્રમાણે તેરમી સદીમાં એક બાલચંદ્રસૂરિ થયા છે જેઓ સમર્થ કવિ હતા. અનેક મહાકાવ્ય–પ્રબંધોના કર્તા એ સમર્થ કવિ હતા તથા મહામંત્રી વસ્તુપાળના માનીતા હતા અને શ્રી હેમચંદ્રાચાર્યના શિષ્ય હતા. પાછળથી ગુરુ સાથે વિરોધ થતાં જુદાં પડ્યા હતા. તેથી તેઓએ બનાવેલી આ સ્તુતિનો સ્વીકાર સંઘ તરફથી થયો ન હતો પરંતુ કાળધર્મ પામ્યા બાદ તેઓ વ્યંતર જાતિના દેવ થયા હતા અને શ્રી સંઘને ઉપદ્રવ કરવા માંડ્યો હતો, ત્યારે શ્રી સંઘે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કરી આ સ્તુતિનો સ્વીકાર કર્યો હતો. ત્યારથી તે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ પ્રસંગે બોલાય છે.

**૫. ભવન દેવતા-સ્તુતિ** – પ્રાચીન કાળથી પ્રતિક્રમણમાં પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રસંગે વૈયાવૃત્યકર દેવોનો કાયોત્સર્ગ કર્યા બાદ ક્ષેત્રદેવતા અને ભુવનદેવતાની સ્તુતિ કરવામાં આવે છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના સમયે વાતાવરણમાં વિવિધ પ્રકારના ઉપદ્રવો ન હોય – તે જોવાની જવાબદારી આ દેવતાના શિરે રહે છે. તેથી તેમને યાદ કરી, તેમનું બહુમાન કરવામાં આવે છે.

**૬. સકલાર્હત-સ્તોત્ર–ચતુર્વિંશતિ-જિન-નમસ્કાર-ચૈત્યવંદન.**

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાના હેતુથી અનેક સ્તવન સ્તોત્રોની રચના થયેલી છે. તેમાં આ સ્તોત્રનું સ્થાન ઘણું ઊંચું છે. સંસ્કૃત ભાષાની આ મનોહર પદ્ય-રચના તેની પ્રાસાદિક ભાષા, કલામય ઉત્પ્રેક્ષા અને હૃદયંગમ શૈલીથી પાઠકના મન પર ચિરસ્થાયી અસર કરે છે.

વિક્રમની ૧૨મી સદીમાં ગૂર્જર ભૂમિને પાવન કરતા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પોતાની અપૂર્વ પ્રતિભાવથી જે ચિરંજીવ સાહિત્યનું નિર્માણ કર્યું છે તેમાં 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' મહાકાવ્યનો પણ સમાવેશ થાય છે. આ મહાકાવ્ય પરમાર્હત મહારાજા કુમારપાળની પ્રાર્થનાથી રચવામાં આવ્યું છે.

પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરિક પ્રતિક્રમણ વખતે મોટું ચૈત્યવંદન કરવામાં તેનો ઉપયોગ થાય છે. તેમાં આબુ, અષ્ટાપદ, કેસરિયાજી, પાટણ, શંખેશ્વર, તારંગા, ગિરનાર, સમ્મેતશિખર આદિ તીર્થોને પણ વંદન કરવામાં આવ્યા છે.

**૭. અજિત-શાંતિ-સ્તવ – अजिय संति-थओ।**

સ્તુતિ ક્રમને ધ્યાનમાં લેતાં આ સ્તવન ૧૬ ખંડોમાં વહેંચાયેલું છે. સંપૂર્ણ સંવાદી સ્તવન છે. સ્તુતિના પ્રારંભમાં શ્રી અજિતનાથ

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૪)**

# આંગળી એક : સંકેત અનેક : ગાથા એક : વંદન અનેક

❑ ભારતી બી. શાહ

પ્રતિક્રમણ સૂત્રોના અભ્યાસીને 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર સુપરિચિત છે. આ સૂત્રના વિશેષ અભ્યાસીઓ જ જાણે છે. મોટા ભાગનાને આ સૂત્રનો અર્થ જાણનારને આ ખબર નથીઃ સૂત્રની પ્રથમ ત્રણ ગાથાઓ જ ગણધર ભગવંત રચિત છે. છેલ્લી ૪થી અને ૫મી બે ગાથાઓ પાછળથી ઉમેરાઈ છે. કોણે ઉમેરી, શા માટે ઉમેરી, ક્યારે ઉમેરી તેનો કોઈ જ ઇતિહાસ ઉપલબ્ધ નથી. છતાંય અમુક કાળ જેટલી તો એ બંને ગાથાઓ પ્રાચીન છે એનો તો આધાર શ્રી હરિભદ્રસૂરિજીએ પોતાના 'લલિતવિસ્તરા' નામના ગ્રંથમાં આપ્યો છે. આ સૂત્રની વિવેચનાના અંતે પૂજ્યશ્રી લખે છેઃ 'આ ત્રણ સ્તુતિઓ (૧થી ૩ ગાથા) નિયમપૂર્વક બોલાય છે. કેટલાક અન્ય સ્તુતિઓ પણ તે પછી બોલે છે. પરંતુ એ બોલવાનો નિયમ નહિ હોવાથી તેની વ્યાખ્યા કરેલી નથી.' આ વિધાન એક વાત તો નક્કી કરી જ આપે છે કે પૂજ્યશ્રીના સમય પહેલાં આ બે ગાથા ગવાતી અને આ સત્ર સાથે જ સંલગ્ન હતી. આમ સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની ૪થી અને ૫મી ગાથા હજારેક વર્ષ જેટલી તો નિઃશંક પ્રાચીન છે.

ભલે છેલ્લી બે ગાથાઓ ગણધરકાલીન નથી. પરંતુ એના સર્જક શ્રમણ ભગવંતે છેલ્લી ગાથા રચીને પોતાની ગણિતવિદ્યાનો રોમાંચક પરિચય આપ્યો છે. ગાથામાં ચાર, આઠ, દસ અને બે ચાર ગણિત સંખ્યાનું ગુફન કરીને જૈન ભૂગોળનું પણ દર્શન કરાવ્યું છે. (માનીએ કે ન માનીએ જૈનોની પોતની આગવી એક ભૂગોલ છે) ગાથા આ પ્રકારે છેઃ

ચત્તારિ અટ્ઠ દસ દોય,<br>
વંદિયા જિણવરી ચઉવ્વીસ;<br>
પરમનિટ્ઠિ અટ્ઠા,<br>
સિદ્ધાસિદ્ધિંમમ દિસંતુ.

સૌનૈ સુપરિચિત અને પ્રચલિત અર્થ આ પ્રમાણે છેઃ ચાર, આઠ, દસ અને બે એમ વંદન કરાયેલા ચોવીશે તીર્થંકરો તેમજ જેમણે પરમાર્થ (મોક્ષ) ને પરિપૂર્ણ સિદ્ધ કર્યો છે, તેવા સિદ્ધો મને સિદ્ધિ (મોક્ષ) આપો.

પ્રશ્ન સહજ છે. આ ગાથાના સર્જકને ૨૪ તીર્થંકરોને પ્રાર્થના કરવી છે-કરી છે, તો પછી એ ચાર આઠ, દસ, અને બે એમ જુદી જુદી સંખ્યાથી શું સમજવું ?

આ સંખ્યા સૂચક છે. તેનું ગણિત ભાવિકને વિશિષ્ટ સ્થાન/ક્ષેત્રના તીર્થંકરોની પાસે લઈ જાય છે. દેખીતી રીતે તો આ ચાર સંખ્યા અષ્ટાપદ પર્વત પરના ૨૪ તીર્થંકરો તરફ જ આંગળી ચીંધે છે. પરંતુ બારીકાઈથી અભ્યાસ કરતા પ્રતીત થાય છે કે આ ચાર સંખ્યા દ્વારા ગાથા-કર્તાએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજય, શ્રી સમેતશિખર પરના તીર્થંકરોને તેમજ નંદીશ્વર દ્વીપ, પાંચ ભરત ક્ષેત્ર, પાંચ ઐરાવત ક્ષેત્ર, પાંચ મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરોને પણ અને ત્રણેય કાળની ચોવીશીને વંદના કરી છે. પ્રાર્થના કરી છે.

માન્યામાં નથી આવતું ને ? તો ધ્યાનથી વાંચોઃ

૧. પ્રસ્તુત ગાથામાં ગુંફિત ચાર સંખ્યાનો સીધો સંબંધ અષ્ટાપદ પર્વત (ક્યાં છે તે ખબર નથી.) સાથે છે. આ પર્વત ઉપર ભરત ચક્રવર્તીએ ભવ્ય અને વિરાટ જિનાલય બંધાવ્યું હતું. તેમાં દક્ષિણ દિશામાં શ્રી ઋષભદેવથી શ્રી અભિનંદન-સ્વામી સુધીની ચાર (ચત્તારિ), પશ્ચિમ દિશામાં શ્રી સુમતિનાથથી શ્રી વાસુપૂજ્યસ્વામીની આઠ (અટ્ઠ), ઉત્તર દિશામાં શ્રી વિમલનાથથી શ્રી નેમિનાથ સુધીની દસ અને પૂર્વ દિશામાં શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીની બે (દોય) - આમ ૨૪ તીર્થંકરોની ૨૪ પ્રતિમાજીઓ હતી.

અનામી ગાથાકારા કહે છે ચાર, આઠ, દસ અને બે એમ અષ્ટાપદ પર્વત પર વંદન કરાયેલા અને પરમાર્થ કરવા યોગ્યને પરિપૂર્ણ કરીને સિદ્ધગતિમાં ગયેલાં એ ૨૪ સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ (મોક્ષ) આપો.

હવે ગાથાના કેલિડોસ્કોપને ધુમાવીએ. ગાથાંકિત સંખ્યાને થોડીક આડી અવળો મુકીને વિચારીએ.

૨. ગાથામાં 'ચઉવીસ્સ' શબ્દ છે. શબ્દમાંના ચ અને ઉ અવ્યય છે. ગાથાની સંખ્યાને હવે આમ મુકો.

-૮ વત્તા ૧૦ બરાબર ૧૮ (અટ્ટદસ)<br>
-૨૦ ભાગ્યા ચાર બરાબર ૫ (વીસ+ચત્તારિ)<br>
-૧૮ વત્તા ૫=૨૩

ખબર છે ને ? તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર શ્રી નેમનાથ સિવાયના બાકીના ૨૩ તીર્થંકરો પધાર્યા હતા. કોઈ શ્રમણકવિએ ગાયું પણ છેઃ

નેમ વિના તેવીસ તીર્થંકર<br>
ગિરિ ચઢિઆ આણંદાજી.

આમ શત્રુંજય પર પધારેલાં ત્રેવીસ તીર્થંકરો કે જેઓ દ્રવ્ય અને ભાવથી બે (દોષ) પ્રકારે વંદાયેલા છે. તેઓ મને સિદ્ધ આપો.

૩. ગાથામાં 'ચત્તારિ' શબ્દ છે. તેમાં બે શબ્દ છેઃ ચત્ત અને અરિ. ચત્ત એટલે જિતવું. અરિ એટલે શત્રુ. શત્રુઓ ઉપર જેમણે વિજય મેળવ્યો છે એવા ૮+૧૦+૨=૨૦ તીર્થંકરો.

શ્રી સમેતશિખર પર સિધગતિને પામેલા ૨૦ તીર્થંકરો મને સિદ્ધિ (મોક્ષ) આપો.

૪. નંદીશ્વર દ્વીપ (જૈન ભૂગોળ કથિત)માં બાવન જિનાલયો છે. આ ગાથાથી તે દરેકને આપણે પ્રાર્થના કરીએ છીએ કે મને સિદ્ધિ આપો. તે આ પ્રમાણેઃ

૪X૮=૩૨.<br>
૧૦X૨=૨૦.<br>
૩૨+૨૦=૫૨.

૫. જૈન ભૂગોળ કહે છે કે જંબુદ્વીપમાં, પુષ્કર દ્વીપમાં અને ઘાતકી

ખંડમાં એકી સાથે ૨૦ તીર્થંકરો વિહરમાન છે. જંબુદ્વીપમાં ૪, ઘાતકી ખંડમાં ૮ અને પુષ્કર દ્વીપમાં ૪ તીર્થંકરો વિહરમાન છે.

૪. (જંબુદ્વીપના) + ૮ (ઘાતકીખંડના) =૧૨

ગાથામાં સંખ્યા છે ચત્તારિ, અઙ્ઢદસ દોય. ચાર અને આઠની સંખ્યા આવી ગઈ. ૪+૮=૧૨.

રહી દસ અને દોયની સંખ્યા, તો દસમાંથી બેને બાદ કરો. ૧૦-૨=૮. આ આઠની સંખ્યાને પૂર્વની સંખ્યામાં ઉમેરીએઃ

૪+૮+૨૦.

આમ સંખ્યાફેર કરવાથી  ૨૦ વિહરમાન અથવા એકી સાથે ઉત્કૃષ્ટ પદે જન્મ પામતાં ૨જ તીર્થંકરોને પ્રાર્થના કરાય છે.

૬. બીજા તીર્થંકર શ્રી અજિતનાથના સમયમાં ૧૭૦ તીર્થંકરો વિહરમાન હતા. એ સર્વને પણ આ સંખ્યાઓથી પ્રાર્થના થાય છે. આ પ્રમાણે :

૮X૮=૬૪. ૧૦X૧૦=૧૦૦.

૬૪+૧૦૦=૧૬૪.

૧૬૪+૪+૨=૧૭૦.

૭. ચોવીશી એટલે ૨૪ તીર્થંકરો. દરેક કાળચક્રમાં ૨૪ તીર્થંકરો હોય છે. ચોવીશીથી તે વિખ્યાત અન વંદનીય છે. ત્રણ કાળની ત્રણ ચોવીશી છે. ભૂતકાળ અને વર્તમાન કાળચક્રમાં થઈ ગયેલા ૨૪ તીર્થંકરો. અને ભવિષ્યકાળમાં થનારા ૨૪ તીર્થંકરો. ત્રણેય કાળની ત્રણ ચોવીશીઓને વંદન અને પ્રાર્થના કરવા માટે સંખ્યાને આ પ્રમાણે મૂકોઃ

૮+૧૦=૧૮

૧૮X૪=૭૨

૮. પાંચ ભરતક્ષેત્રની પાંચ વર્તમાન ચોવીશીને વંદના સહ પ્રાર્થના કરવા માટે

૪+૮=૧૨

૧૨X૧૦=૧૨૦

૯. ત્રણ લોક છેઃ ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોક . ઉર્ધ્વલોકમાં અનુત્તર., ગ્રેવયેક, કલ્પ અને જ્યોતિષીક-આ ચારનો સમાવેશ થાય છે. અધોલોકમાં આઠ વ્યંતરોનો તિર્છાલોકમાં દસ ભવનપતિઓના નિવાસ છે. અને આ ધરતી પર શાશ્વત અને અશાશ્વત એમ બે ભેદથી તીર્થંકરોની પ્રતિમાઓ છે.

તો આ ગાથા દ્વારા ત્રણેય લોકમાં રહેલા ૪+૮+૧૦+૨=૨૪ તીર્થંકરોને વંદના સહ પ્રાર્થના કરવામાં આવી છે.

શબ્દને તો પોતાનું સૌન્દર્ય છે જ. સંખ્યાને પણ તેનું સૌન્દર્ય છે. માત્ર એ જોવાની આંખ જોઈએ. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં પાછળથી ઉમેરાયેલી છેલ્લી ગાથાના સર્જક પાસે એવી પારદર્શી અને દૂર દર્શી આંખ હતી. નાનકડી સંખ્યાઓ દ્વારા તે આપણને ત્રણેય કાળના તીર્થંકર ભગવંતો પાસે લઈ જાય છે. આ માટે આ ગાથાના અનામિ સર્જકને આપણે અભિનંદન આપીએ અને અભિનંદન કરીએ.

(સૌજન્ય : પ્રતિક્રમણ વિશેષાંક ઓગસ્ટ ૧૯૮૪)

## પંચ પ્રતિક્રમણમાં આવતાં મુખ્ય વિશેષ સૂત્ર-સાર-સંક્ષિપ્ત

(અનુસંધાન પાના ૪૨નું ચાલુ)

અને શ્રી શાંતિનાથની સંયુક્ત સ્તુતિ છે.

સ્વ-સમય અને પર-સમયના જાણકાર, મંત્ર અને વિદ્યાનું પૂરેપૂરું રહસ્ય પિછાણનાર, અધ્યાત્મ-રસનું ઉત્કૃષ્ટ પાન કરનાર અને કાવ્ય કલામાં અત્યંત કુશળ એવા ત્યાગી, વિરાગી, મહર્ષિ નંદિષેણ એક વાર ગરવા ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રાએ પધારે છે અને ત્યાં ગગનચૂંબી ભવ્ય જિન-પ્રાસાદોમાં રહેલી જિન-પ્રતિમાઓના દર્શન કરીને કૃતકૃત્યતા અનુભવતા એક રમણીય સ્થાનમાં આવે છે કે જ્યાં શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનના મનોહર ચૈત્યો આવેલાં છે. અહીં તેમને આ બંને તીર્થંકરોની સાથે સ્તવના કરવાનો અભિલાષ જાગે છે અને તેમનું હૃદય ભક્તિના પ્રબળ સંવેદનો અનુભવવા લાગે છે. પરિણામે મુખમાંથી આ કાવ્યની પંક્તિઓ સરી પડે છે.

તેમના મુખમાંથી નીકળેલો પહેલો શબ્દ अजियं છે, જે તીર્થંકર દેવનું વિશેષ નામ હોઈ પરમ પવિત્ર છે અને મંગલતાનો પણ સૂચક છે. શ્રી અજિતનાથમાં નામ તેવા જ ગુણ છે. તેથી તેમણે 'जिय-सव्व-भयं' એ વિશેષણ આપ્યું છે. પછી તરત જ संति કહીને શ્રી શાંતિનાથ ભગવાનનું સ્મરણ કર્યું છે અને તેઓ पसंत-सव्व-गय-पाव' હતા. એમ જણાવીને યોગ્ય ગુણોનું યથાર્થ અભિવાદન કર્યું છે. ૪૦ ગાથાનું આ સ્તવન પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં અવશ્ય ભણવામાં આવે છે. મહર્ષિ નંદિષેણની સંઘ-માન્ય કૃતિ છે.

### ૮. બૃહચ્છાન્તિ : મોટી શાંતિ

પ્રતિક્રમણની વર્તમાન સામાચારીમાં ત્રણ સૂત્રો 'શાંતિ' નામવાળા આવે છે. તેમાં મહર્ષિ નંદિષેણકૃત 'अजित शांति-स्तव' તે એની મંગલમય રચનાને કારણે ઉપસર્ગ–નિવારક અને રોગ– વિનાશક મનાય છે. શ્રીમાન દેવસૂરિકૃત 'शांति स्तव' જે સામાન્ય રીતે 'લઘુ-શાંતિ' તરીકે ઓળખાય છે, તે એની મંગલમય રચનાને કારણે સલિલાદિ-ભય-વિનાશી અને સાંત્યાદિકર મનાય છે અને વાદિવેતાલ શ્રી શાંતિસૂરિકૃત આ શાંતિપાઠ, જે સામાન્ય રીતે 'બૃહચ્છાંતિ' કે 'વૃદ્ધિશાંતિ' (મોટી શાંતિ)ના નામથી ઓળખાય છે.

આ સૂત્ર જિનબિંબની પ્રતિષ્ઠા, રથ-યાત્રા તથા સ્નાત્રના અંતે શાંતિકળશની વિધિ સમયે બોલવામાં આવે છે. આમ છતાં તેની મંગલમયતાને કારણે તે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે પણ બોલવામાં આવે છે. ચોવીસ તીર્થંકરો, નવ ગ્રહો, સોળ વિદ્યાદેવીઓ, ક્ષેત્રપાલ વગેરે દેવો, દિશાઓ વિગેરેને નમસ્કાર-વંદન કરવામાં આવ્યા છે. ખૂબ જ મંગલકારી, લાભદાયી અને શાંતિફળ આપનારું પવિત્ર સ્તોત્ર માનવામાં આવે છે. આ સૂત્રના કર્તા વાદિવેતાલ શ્રી શાંતિસૂરિ હોવા જોઈએ.

✷ ✷ ✷

# પાંચમું આવશ્યક : કાઉસગ્ગ – કાયોત્સર્ગ

□ ભારતી બી. શાહ

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રતિક્રમણનો પરમાર્થ પ્રકાશ્યો. જ્ઞાન અને ક્રિયા બંને મુક્તિમાર્ગે ગમન કરાવનારા સંયમરથના બે પૈડાં છે. બે ય પૈડાં ગતિશીલ જોઈએ. જ્ઞાનને ક્રિયાનો ટેકો જોઈએ અને ક્રિયામાં જ્ઞાનની ચેતના જોઈએ. ક્રિયાને યોગ બનાવવો હોય તો તેમાં સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન ભળવા જોઈએ. સ્થાનમાં આસન અને મુદ્રા, વર્ણમાં સૂત્રોચ્ચારની શુદ્ધિ, અર્થમાં વિભિન્ન દૃષ્ટિએ સૂત્રનો અર્થ અને આલંબનમાં લક્ષ્ય ને આકૃતિ રૂપે ચિત્ત પર સ્થાપન કરવાનું હોય છે.

ચતુર્વિધ સંઘના દરેકે દરેક વ્યક્તિને છ આવશ્યક ક્રિયાની જાણકારી અને સમજણ હોવી જોઈએ. આ આવશ્યકની ક્રિયા (ષડાવશ્યકની ક્રિયા) પ્રતિક્રમણના નામથી સુપ્રસિદ્ધ છે તેમ સૌ જૈનો માને છે. આ આવશ્યક ક્રિયા કરવાની જ્ઞાની ભગવંતની આજ્ઞા છે.

'કાઉસગ્ગ' એ આવશ્યકમાં પાંચમા સ્થાને છે. મન-વચન અને કાયાથી સ્થિર થઈ કાઉસ્સગ્ગ કરવાથી પાપોનો નાશ થાય છે. વંદિત્તા સૂત્ર પછી બોલાતા લોગસ્સના કાઉસગ્ગ પછી પ્રગટ લોગસ્સ જે બોલાય છે તે. કાઉસગ્ગ દરમ્યાન શરીરની શુશ્રૂષાઓનો સર્વથા ત્યાગ, કાયાનું કષ્ટ સહન કરવાનું અને મૌન અને ધ્યાન દ્વારા વાણી અને મનની મલિન વૃત્તિઓનો ત્યાગ કરવાનો હોય છે. કાયાની મમતા અને મૂર્ચ્છા દૂર કરવા અને અભ્યંતર તપની સાધના કરવા માટે કાઉસગ્ગ ઊભા-ઊભા કરવો જોઈએ. શારીરિક શક્તિ ન હોય તો બેસીને સ્થાપનાચાર્યજી ઉપર સ્થિર નજર કરીને કાઉસગ્ગ કરવો. સ્થિર ચિત્તે, કાયા સ્થિર રાખી, હલનચલન સ્થિર કરી ક્રિયામાં એકાગ્ર થવું. હોઠનું હલનચલન સિવાય, મૌનપણે કાઉસગ્ગ કરવો. સામૂહિક પ્રતિક્રમણમાં ગુરુ મહારાજ કાઉસગ્ગ પારે તે પછી જ આપણે કાઉસગ્ગ પારી શકાય.

કાઉસગ્ગ એ પ્રતિમા છે – પ્રાયશ્ચિત છે.

એ આસન છે – આવશ્યક છે.

એ તપ છે – ક્રિયાવિધિ છે.

તો ચાલો મિત્રો ! હવે કાઉસગ્ગને વિસ્તારથી જાણીએ અને સમજી લઈએ.

કાઉસ્સગ્ગ પ્રાકૃત શબ્દ છે. કાયોત્સર્ગ સંસ્કૃત. તેની જોડનો બીજો કોઈ શબ્દ નથી. આથી ગુજરાતીમાં આપણે આ બંને ય શબ્દને વધાવી લીધાં છે. બંને ય શબ્દનો ઉપયોગ પ્રચલિત છે. જો કે કાઉસ્સગ્ગ શબ્દના લેખિત ઉપયોગમાં ભિન્નતા જોવા મળે છે. કેટલાંક કાઉસ્સગ્ગ લખે છે તો કેટલાંક કાઉસગ્ગ.

ભગવાન મહાવીરે આપેલો મૂળ શબ્દ છે-'ઉસ્સગ્ગ અને વિઉસ્સગ્ગ.' ઠાણાંગ અને સમવાયાંગમાં 'ઉસ્સગ્ગ' શબ્દનો ઉપયોગ થયો છે. 'આવશ્યક' મૂળ ગ્રંથમાં પણ 'ઉસ્સગ્ગ' શબ્દ છે. 'વિઉસ્સગ્ગ'નો ઉપયોગ ઔપપાતિક અને ઉત્તરાધ્યયન આગમ ગ્રંથોમાં જોવા મળે છે.

આ બંને પ્રાકૃત શબ્દો છે. તેના સંસ્કૃત શબ્દ છે ઉત્સર્ગ અને વ્યુત્સર્ગ. બંને ય શબ્દમાં 'ઉસ્સગ્ગ' સમાન છે. વિઉસ્સગ્ગ અને વ્યુત્સર્ગ એટલે વિશેષ પ્રકારે ઉસ્સગ્ગ, વિશેષ પ્રકારે ઉત્સર્ગ.

અર્થ અને વ્યાખ્યા આ મુજબ છે.

ઉસ્સગ્ગ (ઉત્સર્ગ) એટલે ત્યાગ કરવો.

વિઉસ્સગ્ગ (વ્યુત્સર્ગ) એટલે ત્યાગ કરવો.

કાઉસ્સગ્ગ એટલે કાયાનો ત્યાગ કરવો. કાય+ઉસ્સગ્ગ એટલે કાઉસ્સગ્ગ. કાયોત્સર્ગ એટલે પણ કાયાનો ત્યાગ કરવો. કાય+ઉત્સર્ગ એટલે કાયોત્સર્ગ. વ્યુત્સર્ગ અને ત્યાગ આ બંને લગભગ સમાનાર્થી છે. છતાંય બંને વચ્ચે નિશ્ચિત ફરક છે. આગમ ગ્રંથોમાં 'વ્યુત્સર્ગ'ની વ્યાખ્યા અપાય છે તે આ પ્રમાણે: 'ગણ, શરીર, ઉપધિ અને ભક્તપાનનો ત્યાગ તેમજ કષાય, સંસાર અને કર્મના હેતુઓનો પરિત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. (ભગવતી સૂત્ર).

'સૂવા, બેસવા કે ઊભા રહેવાના સમયે શરીરનું હલનચલન ન કરવું તે વ્યુત્સર્ગ કહેવાય છે.' (ઉત્તરાધ્યયન સૂત્ર).

આ વ્યુત્સર્ગનો ઘનિષ્ઠ સંબંધ શરીર સાથે છે. આથી આગમકાળ પછી તે કાયોત્સર્ગ કે કાઉસ્સગ્ગના નામે સર્વત્ર પ્રચલિત અને પ્રતિષ્ઠિત બન્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કાયોત્સર્ગને 'સર્વ દુઃખ વિમોચક' કહ્યો છે. અમુક સમય સુધી શરીરના મમત્વનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ છે.

દશ વૈકાલિકની બીજી ચૂલિકામાં 'પળે પળ કાઉસ્સગ્ગ કરવાનું' વિધાન કર્યું છે. ભગવાન મહાવીરે પોતાની પાસે આવતા અનેક જિજ્ઞાસુઓને આ વિષયનું પ્રતિપાદન કરતાં કહ્યું: પ્રતિમા બે પ્રકારની છે. ૧. વિવેક પ્રતિમા અને ૨. વ્યુત્સર્ગ પ્રતિમા.

ભગવાને સાધુઓ માટે ૧૨ અને ગૃહસ્થ સાધકો માટે ૧૧ પ્રતિમા કરવાનું કહ્યું છે. આ બંનેયની પ્રતિમાઓ ભિન્ન ભિન્ન છે. છતાં ય સાધુઓ અને શ્રાવકો બંનેને સમાનપણે 'વ્યુત્સર્ગ પ્રતિમા' કરવાનું કહ્યું છે.

પ્રતિમા એટલે મૂર્તિ નહિ. પ્રતિમા એટલે પ્રતિજ્ઞા. પ્રતિમા એટલે

અભિગ્રહ. ભગવાને વિવિધ પ્રસંગે વિવિધ પ્રતિમાઓનું પ્રરૂપણ કર્યું છે. એ અનુસાર કાયોત્સર્ગ પ્રતિમા છે.

જિજ્ઞાસુ: 'ભગવંત્! કાયકલેશ એટલે શું?'

ભગવાન મહાવીર બોલ્યા: 'સમજપૂર્વક, સ્વેચ્છાએ અને પ્રસન્ન ચિત્તે શરીરને સતાવવું, સંતાપવું તે કાયકલેશ છે. આ તપ સાત પ્રકારનો છે. અર્થાત્ આ સાત પ્રકારે શરીરને સમજપૂર્વક, સ્વેચ્છાએ અને પ્રસન્નચિત્તે સંતાપવાનું છે. તેમાંથી કોઈપણ એક આસન કરવાથી કાયકલેશ તપ થાય છે. સાત આસનોમાં પહેલું આસન 'કાયોત્સર્ગ' છે. બાકીના છ આસનોના નામ આ પ્રમાણે છે-

૨. ઉત્કટુકાસન, ૩. પ્રતિમાસન, ૪. વીરાસન, ૫. નિષદ્યાસન, ૬. દંણ્ડપતાસન, ૭. લંગણ્ડશયનાસન.

આમ આસનોની સ્પષ્ટતા કરીને ભગવાને સ્પષ્ટ કરી આપ્યું કે શરીરને કેવી રીતે સંતાપીને તપ કરી શકાય.

ત્યારબાદ બીજી સ્પષ્ટતા કરતાં ભગવાને કહ્યું: 'આભ્યંતર તપ છ પ્રકારના છે. તેમાં પહેલું પ્રાયશ્ચિત છે. આ પ્રાયશ્ચિત તપ દસ પ્રકારના છે. તેમાં પાંચમું વ્યુત્સર્ગ યોગ્ય પ્રાયશ્ચિત છે.

આરાધક આરાધનામાં ભૂલ કરે છે. ગુરુ સમક્ષ તેનો એકરાર કરે છે અને પ્રાયશ્ચિત માગે છે ત્યારે ગુરુ તેને અમુક લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનું પ્રાયશ્ચિત આપે છે. આમ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત છે.

ભગવાન મહાવીરે કહ્યું: 'જે સાધક બત્રીસ યોગ-સંગ્રહોમાં સદા પ્રયત્નશીલ રહે છે તે સંસારથી મુક્ત થઈ જાય છે. (ઉત્તરાધ્યયન).

આ કથનમાં યોગ-સંગ્રહ શબ્દ વિચારણીય છે. યોગ એટલે મન, વચન અને કાયાની વૃત્તિ અને પ્રવૃત્તિ-યોગ સંગ્રહ એટલે આ ત્રણેયની પ્રશસ્ય અને કરણીય વૃત્તિ અને પ્રવૃત્તિ. 'સમવાયાંગ' આગમમાં આવા ૩૨ યોગ સંગ્રહ બતાવ્યા છે. તેમાંનો એક યોગ-સંગ્રહ વ્યુત્સર્ગ-કાયોત્સર્ગ છે. આમ કાયોત્સર્ગ પ્રશસ્ત યોગ છે.

ભગવાને સાધકોને રોજ છ કર્તવ્ય અચૂક કરવાના કહ્યા છે. આ છ 'આવશ્યક' નામે લબ્ધ પ્રતિષ્ઠિત છે. તેમાંનું નિત્ય કરણીય એક કર્તવ્ય કાયોત્સર્ગ પણ છે. આમ કાયોત્સર્ગ આવશ્યક છે.

ભગવાન મહાવીરે 'કૃતિકર્મ'નું પ્રતિપાદન કર્યું છે. કૃતિકર્મ એટલે ગુરુવંદન અને દેવવંદન સમયે કરવાની એક ક્રિયાવિધિ. આચાર્ય ભદ્રબાહુએ આવશ્યક નિર્યુક્તિમાં આ કૃતિકર્મનું સાંગોપાંગ વિવરણ કર્યું છે. 'મૂલાચાર'માં પણ આ કૃતિકર્મનું વિશદ્ વિવેચન કરાયું છે. 'મૂલાચાર' અનુસાર આલોચના સમયે, ચોવીસજિન સ્તુતિ સમયે, શ્રુતભક્તિ સમયે, ગુરુભક્તિ સમયે કરાતો કાયોત્સર્ગ કૃતિકર્મ છે.

આમ કાયોત્સર્ગ ક્રિયાવિધિ છે.

રોજબરોજના ક્રિયાજીવનમાં 'કાયોત્સર્ગ' શબ્દ જ પ્રચલિત છે, મૂળ 'વ્યુત્સર્ગ' કે ઉત્સર્ગ' છે.

ઉપસર્ગોને સહન કરવાની પ્રતિજ્ઞા સાથે શરીરની મમતા અને તેની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. (આવશ્યક ચૂર્ણિ).

ભગવાન મહાવીરે વ્યુત્સર્ગના વિવિધ હેતુઓ અને ઉપયોગને નજરમાં રાખીને તેના વિવિધ પ્રકાર બતાવ્યા છે. ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં તે બધા શબ્દાંકિત થયા છે. તે અનુસાર 'વ્યુત્સર્ગ'ના મુખ્ય બે પ્રકાર છે.

૧. દ્રવ્ય વ્યુત્સર્ગ. ૨. ભાવ વ્યુત્સર્ગ.

દ્રવ્યનો સંબંધ વાતાવરણ અને વસ્તુ સાથે છે. દ્રવ્ય વ્યુત્સર્ગ ચાર પ્રકારનો છે.

૧. શરીર વ્યુત્સર્ગ. શરીરની આળપંપાળ ન કરવી, અથવા શરીરને કોઈ એક યોગાસનમાં સ્થિર રાખવું તે કાયોત્સર્ગ છે.

૨. ગણ વ્યુત્સર્ગ : જન સંપર્ક અને જન સંસર્ગનો ત્યાગ કરીને એકાંતમાં વિશિષ્ટ સાધના, તે ગણ વ્યુત્સર્ગ છે.

૩. ઉપધિ વ્યુત્સર્ગ : એક કે બે જ વસ્ત્રનો ઉપયોગ રાખવો તેથી વધારે સંગ્રહ ન રાખવો તે ઉપધિ વ્યુત્સર્ગ છે.

૪. ભક્તપાન વ્યુત્સર્ગ : ભોજન-પાણીનો ત્યાગ કરવો તે ભક્તપાન વ્યુત્સર્ગ છે.

ભાવ વ્યુત્સર્ગ ત્રણ પ્રકારે છે.

| | | |
|---|---|---|
| ૧. કષાય વ્યુત્સર્ગ | : | ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરવો. |
| ૨. સંસાર વ્યુત્સર્ગ | : | સંસારવર્ધક નિમિત્તો અને કારણોનો ત્યાગ કરવો. |
| ૩. કર્મ વ્યુત્સર્ગ | : | કર્મ બંધ જેનાથી થાય તેવી વૃત્તિ અને પ્રવૃતિઓનો ત્યાગ કરવો. |

કષાય-ચાર છે. સંસાર એટલે ગતિ, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. કર્મ આઠ છે - 'ઔપપાતિકમાં આ દરેકને વ્યુત્સર્ગ ગણાવ્યા છે. આવશ્યક નિર્યુક્તિ, યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં બીજાં બે પ્રકારના કાયોત્સર્ગ બતાવ્યા છે.

૧. ચેષ્ટા કાયોત્સર્ગ : અતિચારની શુદ્ધિ માટે કરાય છે. આ કાયોત્સર્ગના મુખ્યત્વે પાંચ પ્રકાર છે. ૧. દૈવસિક, ૨. રાત્રીક, ૩. પાક્ષિક, ૪. ચાતુર્માસિક અને ૫. સાંવત્સરિક કાયોત્સર્ગ.

૨. અભિનવ કાયોત્સર્ગ : જે વિશેષ શુદ્ધિ કે ઉપસર્ગો સહન કરવા માટે કરાય છે. શ્રી હરિભદ્રસૂરિજીએ ઇરિયાવહી કાઉસ્સગ્ગ પણ કહ્યો છે. આવશ્યકની ટીકામાં તે કહે છે - 'ગમનાગમન પછી ઇરિયાવહી – કાઉસ્સગ્ગ કર્યા વિના કંઈ જ ન કરવું.'

'કાયોત્સર્ગ' કે કાઉસ્સગ્ગ શબ્દની જેમ 'વોસિરઈ' શબ્દ પણ પ્રચલિત છે. તેનો અર્થ છે વિસર્જન કરવું. ત્યાગ કરવો.

પ્રતિક્રમણ ક્રિયાની ધ્રુવ-પંક્તિ છે. પડિક્કમામિ, નિંદામિ,

ગરિહામિ, આપ્પાણં, વોસિરામિ. કાયોત્સર્ગની પણ ધ્રુવ પંક્તિ છે–તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ.'- આ ધ્રુવ પંક્તિમાં કાયોત્સર્ગનો વિધિ બતાવ્યો છે.

કાયોત્સર્ગનું ધ્યેય છે કાયા અને આત્માને અલગ કરવા. મૃત્યુ સિવાય આ શક્ય નથી. આયુષ્યકર્મ પૂરું ન ભોગવાય ત્યાં સુધી કાયા, દેહ અને આત્માને અલગ કરી શકાતા નથી. બંન્નેને ભિન્ન અને અલગ કરવાની વાત છે. તે કાયાના મમત્વને અલગ કરવાની વાત છે. શરીરને જ સર્વસ્વ માનીને આપણે જીવીએ છીએ. સૌથી વધુ સારસંભાળ અને સમજાવટ દેહની કરીએ છીએ અને તેના લીધે, કાયાની વૃત્તિ અને પ્રવૃત્તિના લીધે આત્મા નિતનવા કર્મ બંધનોથી બંધાતો જ રહે છે. કર્મબંધનની જડ છે, દેહનું મમત્વ તેનો ત્યાગ કરવાનો છે.

પણ આ મમત્વ કેવી રીતે દૂર કરવું ?

કાયાના ઠાણેણં અને ઝાણેણંથી આ મમત્વ દૂર થઈ શકે છે. કાયોત્સર્ગ થાય છે.

–ઠાણેણં એટલે સ્થાન. શરીરની પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને તેને અચળ અડોળ રાખવું.

-મોણેણ–વાણીની પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને મૌન રાખવું.

-ઝાણેણં–એટલે મનની વૃત્તિઓ, વિચારો અને વિકારોને દૂર કરીને મનને આત્મામાં–આત્મભાવમાં એકાગ્ર અને એકચિત્તે કરવું.

કાયગુપ્તિ અને મનોગુપ્તિ રાખીને કાયોત્સર્ગ કરવો. આગમ ગ્રંથ 'આવશ્યક' સૂત્રમાં બતાવ્યું છે –

કર્મબંધન થાય તેવી વૃત્તિ અને પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને,

શાંત અને પવિત્ર સ્થાનમાં જઈને,

ઊભેલી, બેઠેલી કે સૂતેલી સ્થિતિમાં, આસન સ્થિર કરીને કાયોત્સર્ગ કરવો.

બંને પગ સીધા ઊભા રાખી, આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અંતર રાખવું. તે સમયે લટકતા જમણા હાથમાં મુહપત્તિ અને ડાબા હાથમાં ચરવાળો (ગૃહસ્થોએ) રજોહરણ (સાધુ-સાધ્વી ભગવંતો) રાખવો.

શાસ્ત્રમાં નવ પ્રકારના કાઉસ્સગ્ગ કહ્યાં છે.

| | | |
|---|---|---|
| ૧. ઉભો-ઉભો | = | ઊભો રહીને કાઉસ્સગ્ગ કરતો હોય અને એની વિચારધારા પણ ઊંચી હોય. |
| ૨. ઉભો-બેઠો | = | કાઉસ્સગ્ગ ઊભો ઊભો કરતો હોય અને વિચારધારા નીચલી કક્ષાની હોય. |
| ૩. ઉભો-સૂતો | = | કાઉસ્સગ્ગ ઉભો ઉભો કરતો હોય, પણ પ્રમાદમાં વ્યસ્ત હોય, અથવા આર્તધ્યાનમાં ડૂબેલો હોય. |
| ૪. બેઠો-ઉભો | = | શરીરની શિથિલતાએ કાઉસ્સગ્ગ બેઠાં બેઠાં કરતો હોય, પણ વિચારધારા ખૂબ ઊંચી ચાલતી હોય. |
| ૫. બેઠો-બેઠો | = | કાઉસ્સગ્ગ બેઠાં બેઠાં કરતો હોય અને વિચારધારા પણ નિમ્ન કોટિની હોય. |
| ૬. બેઠો–સૂતો | = | કાઉસ્સગ્ગ બેઠાં બેઠાં અને પ્રમાદમાં અથવા આર્તધ્યાનમાં ડૂબેલો હોય. |
| ૭. સૂતો-ઉભો | = | કોઈ માંદગીના કારણે કાઉસ્સગ્ગ સૂતાં સૂતાં કરતો હોય પણ વિચારધારા ખૂબ ઊંચી ચાલતી હોય. |
| ૮. સૂતો બેઠો | = | સૂતાં સૂતાં કાઉસગ્ગ કરતો હોય અને મન ભટકતું રહે. |
| ૯. સૂતો-સૂતો | = | એક તો સૂતાં સૂતાં કાઉસ્સગ્ગ કરતો હોય અને એમાં જરા યે ઠેકાણું ન હોય. |

તેથી કાયોત્સર્ગમાં રહેલા સાધકે અથવા કાયોત્સર્ગ કરવા માટે તૈયાર થનારા સાધકે અકંપ દેહવાળા થઈને, મૌન ધારણ કરીને, આત્માની શુદ્ધિ કરવા કાઉસ્સગ્ગ કરવો જોઈએ. 'કાયોત્સર્ગ'માં હું કયો તપ કરું તેનું ચિંતવન કરવું.'–(ઉત્તરાધ્યયન સૂત્ર)

દેવ, મનુષ્ય અને તિર્યંચો દ્વારા કરાતા ઉપસર્ગોને સમભાવે સહન કરવાથી કાયોત્સર્ગ શુદ્ધ થાય છે. (આવશ્યક નિર્યુક્તિ).

શરીરને કોઈ છેદી નાખે કે શરીર પર કોઈ ચંદનનું વિલેપન કરે, જીવન ટકે કે આ પળે મૃત્યુ આવે.

આ બંને પરિસ્થિતિમાં જે દેહની મમતા રાખ્યા વિના સમભાવમાં રહે છે તેને કાયોત્સર્ગ સિદ્ધ થાય છે. (આવશ્યક નિર્યુક્તિ).

કાયોત્સર્ગ કરવાથી દેહની જડતા દૂર થાય છે. શરીર પરથી મમત્વ ઓછું થતું જાય છે, ને આગળ વધતા મમત્વભાવ છૂટી જાય છે.

બુદ્ધિ શુદ્ધ થાય છે. ભાવની શુદ્ધિ થાય છે.

સુખ દુઃખ સહન કરવાની શક્તિ વિકસે છે.

શુદ્ધ ચિંતન દ્વારા, શુભ ધ્યાન ધરી શકાય છે-અને સાધક શુદ્ધ-વિશુદ્ધ કાયોત્સર્ગ દ્વારા આઠેય કર્મનો નાશ કરે છે.

### કાયોત્સર્ગના વિવિધ હેતુઓ

કાયોત્સર્ગ વિવિધ હેતુઓ માટે કરવામાં આવે છે. તે કયા હેતુઓ છે તે જાણીએ.

**૧. પ્રતિક્રમણ :** આત્મશુદ્ધિની વિશેષ ચોકસાઈ કરવા, પાપના છેદન દ્વારા સવિશેષ શુદ્ધિ દ્વારા અને દંભ આદિ આંતરિક શૂળો દૂર કરવા દ્વારા પાપ-કર્મોનો નાશ કરવા...તસ્સ ઉત્તરી-સૂત્ર.

૨. અરિહંતના મંદિરો અને મૂર્તિઓની પૂજા-ભક્તિ માટે, આત્મજ્ઞાન (બૌધિલાભ) અને આત્મ સાક્ષાત્કાર (નિરૂપસર્ગ) મેળવવા...અરિહંત ચેઈઆણં-સૂત્ર.

૩. દૈવસિક પ્રાયશ્ચિત કરવા.

૪. પંચાચારના અતિચાર વિચારવા.

૫. તપની વિચારણા કરવા–રાઈઅ પ્રતિક્રમણ (રાત્રીક) તપ ચિંતામણી કાઉસ્સગ્ગ.

૬. શ્રુત દેવતાની આરાધના કરવા.

૭. ભુવન દેવતા અને ક્ષેત્ર દેવતાની પ્રસન્નતા મેળવવા.

૮. દુઃખમય અને કર્મક્ષય માટે–ચાર લોગસ્સ.

૯. છીંક આદિ ક્ષુદ્રોપદ્રવના નાશ માટે.

૧૦. હિંસક અને ખરાબ સ્વપ્નને નિષ્ફળ કરવા.

**આરાધના :**

૧. અરિહંત, સિદ્ધ આદિ નવપદો તેમજ વીસસ્થાનકની આરાધના કરવા.

૨. ઉપધાન તપમાં નવકાર મંત્ર, નમુત્થુણં આદિ સૂત્રોની આરાધના કરવા.

૩. જ્ઞાનપંચમી, મૌન એકાદશી આદિ વિવિધ તપોની આરાધનામાં કાયોત્સર્ગ અનિવાર્ય ગણાયો છે.

૪. દેવવંદન, ચૈત્યવંદનાદિ ક્રિયાનુષ્ઠાનમાં.

**દીક્ષા જીવનમાં:**

૧. દીક્ષા લેવાની સર્વપ્રથમ ક્રિયામાં.

૨. લોચજન્ય દોષોની શુદ્ધિ કરવા (અર્થાત્ લોચ કરાવતા સમયે વેદનાથી ચીસો પાડી હોય, રડ્યા હોય વગેરે દોષો).

૩. ચૈત્ર સુદના પ્રથમ પખવાડિયાના અંતિમ ત્રણ દિવસમાં દરેક સાધુ-સાધ્વી ભગવંતને અચિત રજ ઉડાવણીનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. આ કાઉસ્સગ્ગ કર્યો હોય તો જ તેઓ કલ્પસૂત્ર આદિ આગમગ્રંથોનું વાંચન કરી શકે છે. દીક્ષા, વડી દીક્ષા આપી શકે છે.

૪. આગમસૂત્રોની વાચના પહેલાં અને પૂર્ણાહુતિ સમયે કાઉસગ્ગ કરવામાં આવે છે.

૫. વિવિધ સામાયિકનું આરોપણ કરવા.

૬. પંન્યાસ, ઉપાધ્યાય આદિ પદવી પ્રદાન સમયે સર્વાનુયોગ તેમજ તીર્થના અનુયોગ માટે.

૭. ગોચરીના દોષની આલોચના.

૮. સાધુ-સાધ્વીના મૃતદેહને પરઠવવા માટે.

**પ્રકીર્ણ**

૧. સૂરિમંત્રની સાધના કરવા.

૨. મંગલક્ષી સાધના કરવા.

૩. શાસનદેવોને બોલાવવા.

૪. પ્રતિષ્ઠા, અંજનશલાકા વગેરે પ્રતિષ્ઠા વિધિઓમાં દેવો અને દેવીઓના કાઉસ્સગ્ગ કરાય છે.

૫. સમભાવ અને સહિષ્ણુતાનો વિકાસ કરવા વગેરે માટે કાયોત્સર્ગ કરાય છે.

**શ્રમણ ભગવાન મહાવીરના સાધના જીવનમાં કાયોત્સર્ગ**

નવાંગી ટીકાકાર અભયદેવસૂરિના શિષ્ય પ્રસન્નચંદ્રસૂરિના કહેવાથી મુનિશ્રી ગુણચંદ્રગણિએ વિ. સં. ૧૧૩૯માં જેઠ સુદ ત્રીજના સોમવારના રોજ 'મહાવીર ચરિત્ર'ની રચના કરી. ઉપલબ્ધ મહાવીર ચરિત્રોમાં આ સૌથી વધુ વિસ્તૃત જીવન ચરિત્ર છે. ૧૨૦૦૦ થી વધુ શ્લોક છે. આઠ પ્રકરણ છે. જૈન આત્માનંદ સભાએ (ભાવનગર) સં. ૧૯૯૪માં તેનું ગુજરાતી ભાષાંતર પ્રગટ કર્યું છે.

ભગવાને દીક્ષા લીધી તે દિવસથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી તેમણે ક્યાં અને કેવી રીતે કાયોત્સર્ગ કર્યો તેનું સંકલન અત્રે પ્રસ્તુત છે.

ભગવાન જ્ઞાતખંડમાંથી નીકળીને, કુમારગ્રામ નામના સંનિવેશમાં આવ્યા તે સમયે બે ઘડી દિવસ બાકી રહેતા, ત્યાં એકાંતમાં કાયોત્સર્ગ રહ્યા.

ભગવાન વિહાર કરતાં મોરાક સંન્નિવેશમાં આવ્યા. અહીં કુલપતિના આશ્રમમાં પ્રલંબમાન ભુજાએ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા.

ભગવાન અસ્થિગ્રામમાં આવીને યક્ષગૃહના એક ખૂણે જઈને (પ્રતિમા એટલે કાયોત્સર્ગ મુદ્રાએ સ્થિર રહ્યા.)

ફરી પાછા ભગવાન મોરાક સંનિવેશમાં આવ્યા, અહીં બહાર ઉદ્યાનમાં સ્ત્રી, પશુ, નપુંસક, વર્જિત, નિર્દોષ સ્થાનમાં પ્રતિમાએ રહ્યા.

## ચિલાતીપુત્રનું પ્રતિક્રમણ

એની પાસે માત્ર બે જ વિકલ્પ હતા.

પોતાની પ્રેયસી સાથે ચોકિયાતોને હાથે પકડાઈ જઈને કેદ ભોગવવી અથવા પ્રેયસીને છોડીને ભાગી છૂટવું.

ભાગીને તો આવ્યો હતો. પ્રેયસીને ઉપાડીને ભાગી રહ્યો હતો. પ્રેયસીને ઉપાડીને વધુ ભાગવું શક્ય ન હતું. તેના અને ચોકિયાતો વચ્ચે માત્ર ગણતરીનું જ અંતર હતું.

કંઈ સૂઝ્યું નહિ. તેણે એકદમ તલવાર કાઢી અને પ્રેયસીનું ધડ કાપી નાખ્યું. પ્રેયસીનું લોહી નીગળતું માથું લઈને એ દોડતો રહ્યો. દોડતો જ રહ્યો.

એ દોડમાં એ કોઈની સાથે ભટકાયો. જોયું તો સામે એક ધ્યાનસ્થ મુનિ. ભાગેડુ પ્રેમી અને પ્રેયસીના હત્યારે સૂતેલા ધર્મની એક કોર સળવળી. તલવાર ઉગામી એણે રાડ પાડીઃ'મને ટૂંકમાં ધર્મ સમજાવ. નહિ તો તલવારથી તારું પણ માથું વાળી નાખીશ.'

શાંત સૂર ગુંજી ઊઠ્યોઃ 'ઉપશમ, વિવેક, સંવર.'

એ લોહી રંગ્યા હાથે તેણે હિંસાથી પ્રતિક્રમણ કરી અહિંસાની સાધના આદરી.

પ્રતિક્રમણ-વીર એ ચિલાતીપુત્રને વંદન.

☐ **ભારતી શાહ**

ઉપવનમાં ભમતાં તે સર્પ, યક્ષ મંદિરમાં પ્રતિમાએ રહેલાં ભગવાનને જોયા.

ત્રીજું ચોમાસું ભગવાન ચંપાનગરીમાં ગયા. ત્યાં બે માસખમણની તપસ્યા તથા વિવિધ ઉત્કૃષ્ટાદિ આસન કરતાં ચરમ તીર્થંકર દ્વિ માસિક તપના પારણે બહાર પારણું કરી, ગોશાલકની સાથે કોલાક નામના સંનિવેશમાં ગયા. ત્યાં જંતુ રહિત તેમજ એકાંત શૂન્ય ગૃહમાં રાતે પ્રતિમાએ રહ્યા.

પ્રભુ કુમાર સંનિવેશમાં ગયા અને ત્યાં ચંપકરમણીય ઉદ્યાનમાં લાંબી ભુજા કરીને કાયોત્સર્ગે રહ્યા.

ભગવાન ચોરાક સંનિવેશમાં ગયા. ત્યાં તે દિવસે દુશ્મન રાજાનો ભય ઊભો થયો હતો. તેથી ત્યાંના કોટવાળોએ વનનિકુંજમાં નિર્દોષ સ્થાને ગોશાળા સહિત કાયોત્સર્ગ રહેલા ભગવંતને જોયા.

ચંપાનગરીમાં જઈ તેમણે ચોથું ચોમાસું કર્યું. ત્યાં વીરાસન, લંગડાસને સતત ધ્યાન ધરતાં તેમણે ચાતુર્માસિક માસક્ષમણ આદર્યું. તેના છેલ્લા દિવસે પારણું કરી કૃતાંગલ સંનિવેશમાં ગયા. ત્યાં પાખંડીઓ સ્વજનો સહિત રહેતા હતા. ત્યાં ઊંચા શિખરોથી શોભતું દેવળ હતું. તેના એકાંત ભાગમાં આવીને પ્રભુ પ્રતિમાએ રહ્યા.

પ્રતિમા પારીને ભગવાન તે સ્થાનેથી નીકળીને શ્રાવસ્તી નગરીમાં ગયા અને ત્યાં બહાર પ્રતિમાએ રહ્યા.

ત્યારબાદ હલદ્રુત ગામમાં હરિદ્ર નામના ઘટાદાર વૃક્ષ નીચે કાયોત્સર્ગે રહ્યા.

ત્યાંથી ભગવાન મંગલ નામના ગામમાં ગયા. ત્યાં વાસુદેવના કૃષ્ણ મંદિરમાં પ્રતિમાએ રહ્યા. પછી કાયોત્સર્ગ પારીને ભગવાન આર્વત ગામમાં આવીને બળદેવના મંદિરમાં પ્રતિમાએ રહ્યા.

પ્રભુ ચોરાક સંનિવેશમાં ગયા અને ગુપ્ત સ્થાનમાં પ્રતિમાએ રહ્યા.

પાંચમું ચાતુર્માસ ભદિલપુર ગયા અને વિચિત્ર આસનો કરતાં ચાર્તુમાસિક ક્ષમણ કર્યું.

વૈશાલી નગરીમાં એક લુહારના મકાનમાં પ્રતિમાએ રહ્યા.

ભગવાન શાલિશીર્ષક નામના ગામની બહાર ઉદ્યાનમાં પ્રતિમાએ રહ્યા.

સાતમા ચાતુર્માસ સમયે કાંડક સંનિવેશમાં વાસુદેવના મંદિરમાં એકાંત સ્થાને કાયોત્સર્ગે રહ્યા.

ભગવાન મર્દન નામના સંનિવેશમાં જઈ બલદેવના મંદિરમાં પ્રતિમાએ રહ્યા.

ભગવાન પુરિમતાલ જઈને પ્રતિમાએ રહ્યા.

વાણિજ્યગ્રામમાં કાયોત્સર્ગે રહ્યા.

દસમા ચાતુર્માસ સમયે સાનુલબ્ધિક ગામમાં ભદ્રા પ્રતિમામા નિરાહારપણે રહી, એક પુદ્‌ગલ પર દૃષ્ટિ રાખી આખો દિવસ રહ્યા. રાત્રે દક્ષિણાભિમુખ રહ્યા. પછી બીજા દિવસે પશ્ચિમાભિમુખ અને રાત્રે ઉત્તરાભિમુખ એમ છઠ્ઠ તપથી આ ભદ્ર પ્રતિમા પાળી અને પારણું કર્યા વિના ભગવાન મહાભદ્ર પ્રતિમાએ રહ્યા.

ચાર ઉપવાસપૂર્વક કાયોત્સર્ગે રહ્યા અને પારણું કર્યા વિના ફરી સર્વતોભદ્રા નામની પ્રતિમાએ રહ્યા.

ભગવાન વિહાર કરતાં શ્રાવસ્તી નગરીમાં આવ્યા. ગામની બહાર ભુજદંડ લંબાવીને કાયોત્સર્ગે રહ્યા.

વૈશાલી નગરીમાં ત્રસ અને બીજ રહિત, તેમજ સ્ત્રી, પશુ અને નપુંસક વર્જિત સ્થાને પ્રતિમાએ રહ્યા.

સુસુમારપુરમાં અશોક ઉદ્યાનમાં, અશોક વૃક્ષ નીચે અઠ્ઠમ તપ કરી, એક રાત્રીક પ્રતિમાએ રહેતાં, એક પુદ્‌ગલમાં અનિમેષ દૃષ્ટિ સ્થાપી, જરા અવનત શરીરે ઊભાં રહ્યા.

છમ્માસી ગામમાં નિર્જીવ સ્થાને ભુજા લંબાવી કાયોત્સર્ગે રહ્યા.

ભગવાન વિહાર કરતાં જ્રૃંભિક ગામ નગરમાં બહાર ઋજુવાલિકા નદીના કિનારે, શાલ વૃક્ષની નીચે છઠ્ઠ તપ આચરતાં, આતાપના લેતાં ગોદોહિકાસને કાયોત્સર્ગમાં રહ્યા. જ્યાં તેમને કેવલજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

આ રીતે ભગવાન મહાવીરે કાઉસ્સગ્ગ અને કાયોત્સર્ગ વિશેનો મહિમા આવશ્યક ક્રિયા દ્વારા બતાવ્યો છે.

✶ ✶ ✶

## શ્રી વજસ્વામીનું પ્રતિક્રમણ

શરીર છે. બગડે પણ ખરું. શરીરને ગરમીમાં લૂ પણ લાગે. વજસ્વામીનું શરીર બગડ્યું સખ્ત શરદી થઈ ગઈ.

શરીર છે. બગડેય ખરું. શરીરની તે શી આળપંપાળ કરવાની? વજસ્વામીએ શરદીની ઉપેક્ષા કરી ન આરામ કર્યો, ન કોઈ ઔષધ લીધું.શરદી વધી. શિષ્યો અને અન્યોએ ઔષધ લેવા પ્રેમાગ્રહ કર્યો. ગુરુએ વિચાર્યું શરદીના અધ્યાપનમાં વિક્ષેપ પડે છે. એ ઠીક નહિ. તો ભલે ઔષધ લઉં.

અને વિશુદ્ધ ચારિત્રધારી વજસ્વામીએ શરદી નિવારણ માટે સૂંઠના ગાંગડાનો ઉપયોગ કર્યો. થોડોક ટૂકડો લીધો. બાકીનો પછી લઈશ એમ વિચારી એ ગાંગડો કાન પર મૂકી દીધો. સ્વાધ્યાયમાં એકરસ થતાં એ ગાંગડો બીજીવાર લેવાનો છે એ ભૂલાઈ જ ગયું.

પ્રતિક્રમણમાં બેઠાં. મુહપત્તિનું પડિલેહણ કરતાં કાન પર મૂકેલો સૂંઠનો ગાંગડો નીચે ગબડી આવ્યો.

સંયમશ્રેષ્ઠ વજસ્વામિનું હૈયું ધબકાર ચૂકી ગયું. અંતરાળમાં આગ પ્રજ્વળી ઊઠી : 'મારાથી આટલો બધો પ્રમાદ થઈ ગયો ? ન કરવાનું હું કરી બેઠો.'

અને એ દિવસે વજસ્વામીએ પ્રમાદનું પ્રતિક્રમણ કર્યું અને અપ્રમાદમાં પ્રયાણ કર્યું.

□ ભારતી શાહ

# શુભના સર્જન કાજે અશુભનો પ્રતિકાર પચ્ચક્ખાણ (પ્રત્યાખાન)

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*[ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના તજજ્ઞ વિદ્વાન છે. એમનો પરિચય ખ્યાતિપ્રાપ્ત પ્રભાવક વક્તા, પ્રસિદ્ધ લેખક અને નિષ્ઠાવાન પત્રકાર તરીકે આપી શકાય. જૈન દર્શનની સાથે ગુજરાતી સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવતા આ સર્જક પ્રસ્તુત લેખમાં પ્રત્યાખ્યાનથી મન, વચન અને ઈન્દ્રિયોને સંયમમાં રાખી આસ્રવ દ્વાર પર અંકુશ રાખી શકે છે અને એ રીતે આગળ વધી મુક્તિના દ્વાર સુધી પહોંચી શકે છે એ દર્શાવ્યું છે. ]*

મહાયોગી આનંદઘનજીએ શ્રી કુંથુનાથ જિનસ્તવનમાં 'કુંથુજિન મનડું કીમહી ન બાજે' એમ કહીને ચંચળ મનની માયાવી લીલાનું માર્મિક આલેખન કર્યું છે અને એ સ્તવનને અંતે કહ્યું,

'મનડું દુરારાધ્ય તે વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો,
તો સાચું કરી જાણું...'

આવા દુરારાધ્ય મનને વશ કરવા માટેની આત્મઔષધિ છે પ્રત્યાખ્યાન. છઠ્ઠા આવશ્યક એવા 'પચ્ચક્ખાણ' એ સંસ્કૃત 'પ્રત્યાખ્યાન' શબ્દ પરથી આવેલો પ્રાકૃત શબ્દ છે. આમાં 'પ્રતિ' એટલે પ્રતિકૂળ અર્થાત્ આત્માને જે પ્રતિકૂળ હોય તેવી અવિરતિરૂપ પ્રવૃત્તિઓને મર્યાદામાં બાંધવા માટે ગુરુની સાક્ષીએ કથન કરવું તે.

પ્રત્યાખ્યાન એટલે જીવનમાં અસંયમ સર્જતી સઘળી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા માટે કરવામાં આવતી દૃઢ પ્રતિજ્ઞા.

આમેય છ આવશ્યકનો હેતુ જ્ઞાનાદિ ગુણો દ્વારા આત્માને સભર અને સમૃદ્ધ કરવાનો છે. જે સાધના દ્વારા ઇંદ્રિય અને કષાય આદિ ભાવશત્રુઓને જ્ઞાનાદિ ગુણોને વશ કરવામાં આવે તે આવશ્યક. આનો સ્પષ્ટ અને સરળ અર્થ એ કે આવશ્યક એ સદ્‌ગુણોની આધારશિલા છે અને એ આત્માને દુર્ગુણોથી ખસેડીને અને અવરોધીને તેને સદ્‌ગુણોને આધીન રાખે છે. આમ દુર્ગુણોને નાથવા માટેની સાધક-પ્રવૃત્તિ તે પ્રત્યાખ્યાન.

એક સવાલ એ જાગે કે શા માટે પ્રત્યાખ્યાનને છઠ્ઠું આવશ્યક કહેવામાં આવ્યું છે? આપણે જાણીએ છીએ કે જૈનદર્શનમાં ક્રમિક સાધના-આરાધનાની પદ્ધતિ મળે છે અને તેને કારણે છ આવશ્યકમાં અંતે પ્રત્યાખ્યાન છે. એનું કારણ એ કે સામાયિક દ્વારા પાપની વૃત્તિ-પ્રવૃત્તિથી નિવૃત્તિ થઈ. ચતુર્વિંશતિસ્તવ દ્વારા જિનેશ્વર ભગવંતોનો ગુણાનુવાદ થયો. વંદન દ્વારા ગુણીજનોની અને સુગુરુઓની ભક્તિ થઈ. ચોથા આવશ્યક પ્રતિક્રમણ દ્વારા થયેલી ભૂલોની નિંદા થાય અને ગુરુ સમક્ષ એની કબૂલાત કરીને એ પુનઃ ન કરવી એવો નિશ્ચય થયો. કાયોત્સર્ગ એ થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત છે અને પ્રત્યાખ્યાન એ તપ અને ત્યાગ કરવાનો નિશ્ચય છે.

એક બીજી દૃષ્ટિએ જોઈએ તો ગુણોથી શૂન્ય એવા આત્માને જે ગુણોથી સર્વથા અને સંપૂર્ણ વાસિત કરે છે તે છ આવશ્યક પંચાચારમય છે. જેમાં સામાયિકથી ચારિત્રાચારની, ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની, વંદનથી જ્ઞાનાચારની, પ્રતિક્રમણથી પાંચે આચારના દોષોની, કાયોત્સર્ગથી વીર્યાચારની અને પ્રત્યાખ્યાનથી તપાચારની શુદ્ધિ થાય છે.

આથી જ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું,

'હે ગૌતમ! પ્રત્યાખ્યાન કરવાથી કર્મબંધનાં કારણો અટકાવાય છે.'

આમ ચોથા આવશ્યક પ્રતિક્રમણ અને પાંચમા આવશ્યક કાયોત્સર્ગ દ્વારા પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે અને એ પછી ભવિષ્યકાલીન આવતાં કર્મોનો વિરોધ કરવા માટે છઠ્ઠું પ્રત્યાખ્યાન આવશ્યક છે.

અધ્યાત્મમાર્ગે ચાલતી વ્યક્તિ સતત આત્મખોજ કરતી હોય છે અને એની આત્મખોજ એને શુભ-અશુભ, યોગ્ય-અયોગ્ય, ઉચિત-અનુચિત વગેરેની સમજ આપતી હોય છે. પોતાની જીવનશુદ્ધિને માટે પ્રતિબદ્ધ વ્યક્તિ શુભ બળોનું ભાવભર્યું સ્વાગત કરે છે અને અશુભ બળોથી અળગા રહેવાનો સંકલ્પ કરે છે. માનીએ કે ન માનીએ તો પણ એ સ્વીકારવું પડે કે અશુભ બળોમાં પણ એક આકર્ષક તત્ત્વ હોય છે અને તેને નાથવા માટે પ્રબળ શુભસંકલ્પની આવશ્યકતા હોય છે.

નિરંકુશ ઈચ્છાઓના વનમાં અને મૃગતૃષ્ણા જેવી તૃષ્ણામાં દોડી રહેલા માણસને એમાંથી મુક્ત થવા માટે અથવા તો આસ્રવ દ્વાર પર અંકુશ લાવવા માટે પ્રત્યાખ્યાન છે અને ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે, 'તૃષ્ણા નષ્ટ થઈ જતાં સાધક શીતળ થઈને એટલે કે પ્રશાંતભાવથી વિહાર કરે છે.'

ઘણી વાર વ્રત-પ્રત્યાખ્યાન વચ્ચેનો ભેદ ચૂકી જવાય છે. વ્રત વિધેયાત્મક દૃષ્ટિની જાગૃતિ સર્જે છે, જ્યારે પ્રત્યાખ્યાન નિષેધાત્મક બાબતો સામે સાવધાન કરે છે. વ્રતમાં આચરણની પ્રતિજ્ઞા છે અને પ્રત્યાખ્યાનમાં પ્રતિકૂળ આચરણને અટકાવવાનો દૃઢ નિશ્ચય છે.

માનવચિત્તમાં અનેક પ્રકારના ભાવ જાગે છે, સંકલ્પ-વિકલ્પ પેદા થાય છે. અસંખ્ય અભિલાષાઓ ઊગે, ઈચ્છાઓના આટાપાટા અને અતૃપ્ત વાસનાઓની ભુલભુલામણીમાં એનું મન દોડતું રહે,

ત્યારે એના મનને અંકુશની જરૂર હોય છે. ક્યારેક વાણીસંયમના અભાવે વિખવાદો થાય છે, તો ક્યારેક નિરંતર ભૂખ, કામ અને ભોગથી પીડિત કાયા એની પાસે કેટલીય માગણીઓ કરતી હોય છે. આ બધાને વશમાં કઈ રીતે રાખી શકાય? અને માત્ર એને વશમાં રાખવાનો જ નથી, બલકે ભવિષ્યમાં એ ન કરવાનો સંકલ્પ પણ જરૂરી બને.

મનોવિકાર, ધૃષ્ટ વચન કે કાયાના ભોગ તરફ ધસી જતા માનવીને અટકાવવો કઈ રીતે? એને એક જ બાબત અટકાવી શકે અને તે એના મનનો સંકલ્પ. આથી પ્રત્યાખ્યાનની વ્યાખ્યા આપતાં 'આવશ્યક સૂત્ર'ની ટીકામાં લખ્યું છે,

'प्रत्याख्याते निषिध्यतेऽनेन मनोवाक्काय-
जालेन किञ्चिदनिष्टमिति प्रत्याख्यानम्।।'

'મન, વચન અને કાયાના સમૂહ દ્વારા થનાર કોઈ અનિષ્ટનો જેનાથી નિષેધ કરવામાં આવે છે તેને પ્રત્યાખ્યાન કહેવાય છે.'

ઘોડા પર સવારી કરી હોય અને લગામ હાથમાં ન રહે તો? હાથી પર બેઠા હોઈએ અને મહાવત પાસે અંકુશ ન હોય તો? આવું હોય ત્યારે એ નિશ્ચિત છે કે ઘોડો ગમે ત્યારે નીચે ફગાવી દે અને હાથી ઉથલાવીને જમીન પર રગદોળી નાખે. આમ મન, વચન અને કાયા રૂપી હાથીને અંકુશમાં રાખવા માટે પ્રત્યાખ્યાન આવશ્યક છે. આરાધકના છ આવશ્યક કર્તવ્યમાં પણ સામાયિક, વંદન, પ્રતિક્રમણની સાથે પ્રત્યાખ્યાનને પણ દર્શાવવામાં આવે છે. આત્માનું અનિષ્ટ કરનાર કે આત્માનું અહિત કરનાર કાર્યનો પ્રત્યાખ્યાનમાં મન, વચન અને કાયાથી નિષેધ સૂચવાયો છે.

વહેતા પાણીને જેમ કયારામાં વાળવામાં આવે છે, એ જ રીતે પ્રત્યાખ્યાનથી મનને પ્રતિજ્ઞાપૂર્વક અમુક દિશામાં દોરીને જીવનને ઘાટ આપવાનો આશય રખાયો છે. આની પાછળ કોઈ દબાણ કે બળજબરી નથી, પરંતુ અધ્યાત્મજીવનના માર્ગે યોગ્ય રીતે કરવાનો આશય છે. આથી શાસ્ત્રો પણ કહે છે કે,

''પ્રત્યાખ્યાન વિના સુગતિ નથી.''

**પ્રત્યાખ્યાન અને તેના સમય વિષે જોઈએ તો-**

| | | |
|---|---|---|
| ૧. નમુક્કારસહિઅંનો કાળ | - | સૂર્યોદય પછી બે ઘડી |
| ૨. પોરિસિનો કાળ | - | એક પહોર સુધી |
| ૩. સાઢપોરિસિનો કાળ | - | દોઢ પહોર સુધી |
| ૪. પુરિમઢ્ઢનો કાળ | - | બે પહોર સુધી |
| ૫. અવઢ્ઢનો કાળ | - | ત્રણ પહોર સુધી |

સૌથી પહેલાં સવારનાં પ્રત્યાખ્યાનો સૂર્યોદય થાય તે પહેલાં થઈ લેવાં અને સાંજનાં પ્રત્યાખ્યાનો સૂર્યાસ્ત થાય તે પહેલાં લઈ લેવાં. જો કદાચ લેવાય નહિ, તો પણ ધારી તો લેવાં જ, તો એ પ્રત્યાખ્યાનો શુદ્ધ બને.

પુરિમઢ્ઢ અને અવઢ્ઢનાં પ્રત્યાખ્યાનો સૂર્યોદય બાદ લે તો પણ શુદ્ધ બને.

દરેક પ્રત્યાખ્યાનમાં મુઠ્ઠિસહિઅંનું પ્રત્યાખ્યાન સંલગ્ન હોવાથી મૂઠી વાળી, એક નવકાર ગણી, પ્રત્યાખ્યાન પારવાનું સૂત્ર બોલીને પ્રત્યાખ્યાન પારવું. પ્રત્યાખ્યાનના અર્થો એક વાર ગુરુ પાસેથી સમજી લેવા, કારણ કે પ્રત્યાખ્યાન લેનાર અને આપનાર બંનેને તેનું જ્ઞાન હોવું જરૂરી છે.

વળી આ પ્રત્યાખ્યાન આવેશ, અકળામણ કે એકાએક લેવાની વાત નથી, બલકે વ્યક્તિ પોતાની શક્તિ અને મર્યાદાને લક્ષમાં રાખીને એક પછી એક પગથિયું ચડે તેવો આની પાછળનો આશય છે, આથી જ વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે પસંદગી કરે છે. જીવનને જે મુજબ ઘાટ આપવાનો હોય, તે પ્રમાણે નિયમની પસંદગી કરે છે, પણ પાછળનો હેતુ તો એ જ છે કે જીવનમાં ક્રમપૂર્વક પ્રત્યાખ્યાન પાળીને એને સુંદર ઘાટ આપવો. એના ક્રમમાં પણ ગતિ અને દૃઢતા બંને છે. પહેલાં સરળ એવા નિયમોનું પ્રત્યાખ્યાન લેવું અને ધીરે ધીરે વધુ કઠિન નિયમ લેવા. આમ કરવાથી પ્રત્યાખ્યાનનું યોગ્ય પાલન થાય છે. લાલચ, લોભ, કપટ, કલેશ, રાગ કે બુદ્ધિથી લીધેલા પ્રત્યાખ્યાન એ શુદ્ધ પ્રત્યાખ્યાન નથી અને તેથી તે યોગ્ય ફળ પણ આપતા નથી. આમ ભાવશુદ્ધિ એ પ્રત્યાખ્યાનની પહેલી આવશ્યકતા છે. મન વિના અથવા તો દેખાદેખી કે અણસમજથી લીધેલા પ્રત્યાખ્યાન ફળતા નથી. આથી પચ્ચક્ખાણ કઈ રીતે લેવાં એનાં વિશે શાસ્ત્રકારોએ ગહન ચિંતન કર્યું છે.

જીવને મોક્ષના લક્ષે ધર્મરૂપી રાજમાર્ગ પર રાખવા માટે અને ઇતર પ્રલોભનોથી બચવા માટે ઉત્તમ ઉપાય સમાન પ્રત્યાખ્યાનના ઘણાં પ્રકારો છે અને તેથી વ્યક્તિમાં જો પ્રત્યાખ્યાન લેવાની વૃત્તિ હોય તો પોતાની પ્રકૃતિ અનુસાર એ પ્રત્યાખ્યાન લઈ શકે છે. આહાર, સંપત્તિ, પરિગ્રહ, દૂષણો અને પાપમાંથી બચવા માટેનાં અનેક પ્રકારનાં પ્રત્યાખ્યાન વ્યક્તિ નિશ્ચિત સમય માટે કે જીવનભર સ્વીકારતી હોય છે. પ્રત્યાખ્યાનના આ બધા પ્રકારોનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવશે કે જીવનમાં આવનારા અશુભ બળોને રોકવા માટે કેવી સુંદર વ્યવસ્થા કરી છે! તમે દિવસના નિશ્ચિત સમય માટે આહારત્યાગનું પ્રત્યાખ્યાન લઈ શકો, તો એની સાથોસાથ અમુક દિવસ સુધી હિંસા, મૈથુન કે ક્રોધથી અળગા રહેવાનાં પ્રત્યાખ્યાન પણ લઈ શકો. નિર્દોષ અને નિષ્પાપ જીવન જીવવા માટેનો આ ધર્મમાર્ગ છે. આ પ્રત્યાખ્યાન કઈ રીતે લેવાં એ વિશે પણ ઘણું વિચારાયું છે. એની પૂર્ણશુદ્ધિ માટે શ્રદ્ધાશુદ્ધિ, જ્ઞાનશુદ્ધિ, વિનયશુદ્ધિ, અનુભાષણશુદ્ધિ, અનુપાલનશુદ્ધિ અને ભાવવિશુદ્ધિ દર્શાવવામાં આવ્યા છે.

શ્રદ્ધાશુદ્ધિ : સર્વજ્ઞ ભગવાને આપેલો આ ઉપદેશ છે અને તે નિર્જરાનું કારણ છે, એવી દૃઢ શ્રદ્ધાથી પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો.

જ્ઞાનશુદ્ધિ : પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, એની સમયમર્યાદા, એના

આગાર (છૂટ, અપવાદ) વગેરે વિષયોનું જ્ઞાન મેળવ્યા પછી જ પ્રત્યાખ્યાન લેવાં, તો જ એ સફળ થાય.

વિનયશુદ્ધિ : ગુરુ આદિને વિનયપૂર્વક વંદન કરીને મન, વચન કાયાના અશુભ યોગનો નિગ્રહ કરી, આદરપૂર્વક પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો.

અનુભાષણશુદ્ધિ : પ્રત્યાખ્યાનના સૂત્રનું શુદ્ધિપૂર્વક ઉચ્ચારણ કરવું.

અનુપાલનશુદ્ધિ : ગુરુ જ્યારે 'વોસિરેહ'નો શબ્દોચ્ચાર કરે અને તરત જ 'વોસિરામિ' શબ્દનું ઉચ્ચારણ કરવું તે અનુપાલનશુદ્ધિ પ્રત્યાખ્યાન છે. કપરા પ્રસંગોમાં પણ લીધેલા પ્રત્યાખ્યાનનું બરાબર પાલન કરવું. કોઈ મુશ્કેલી જણાય તો પણ ક્યારેય છૂટછાટ રાખવી નહીં.

ભાવશુદ્ધિ : પ્રત્યાખ્યાનનો પ્રારંભ કરતી વેળાએ જે દૃઢ શ્રદ્ધા અને ભાવવિશુદ્ધિ હતી, તે છેક સુધી ચાલુ રાખવી, રાગ-દ્વેષ, અહંકાર જેવા મલિન ભાવો પ્રત્યાખ્યાનને દૂષિત બનાવે છે, તેથી ભાવવિશુદ્ધિ બરાબર રાખવા માટે તે જરૂરી છે.

આનો અર્થ જ એ થયો કે પ્રત્યાખ્યાનમાં સાચી શ્રદ્ધા, સમજ, વિયષ સ્પષ્ટ સૂત્રોચ્ચાર, પાલનની દૃઢતા અને ભાવની વિશુદ્ધિ હોવાં જોઈએ. પ્રત્યાખ્યાન લીધા પછી પ્રત્યાખ્યાનનું કઈ રીતે પાલન કરવું એનો પણ ઊંડો વિચાર કરવામાં આવ્યો છે. અર્થાત્ પ્રત્યાખ્યાન લેતાં પહેલાંની માનસિક સજ્જતા અને પ્રત્યાખાન સમયની મનની દૃઢતા એ બંને વિશે ગહન ચિંતન કરવામાં આવ્યું છે.

આમ અશાંતિ જગાડતી બાબતોને દૂર કરીને પ્રશાંતતા તરફ લઈ જવા માટે પ્રત્યાખ્યાનની જરૂર છે. પ્રત્યાખ્યાનના દ્રવ્ય પ્રત્યાખ્યાન અને ભાવ પ્રત્યાખ્યાન એવા બે પ્રકાર મળે છે અને સ્વાભાવિક રીતે જ બંનેમાં તૃષ્ણાનો ત્યાગ એ મહત્ત્વનો છે. 'પ્રવચનસારોદ્ધાર'માં એક ચતુર્ભંગીનું વર્ણન છે.

(૧) जाणगो जाणगसगासे - સુજ્ઞ સુજ્ઞની સમીપ

(૨) अजाणगो जाणगसगासे - અજ્ઞ સુજ્ઞની સમીપ

(૩) जाणगो अजाणगसगासे - સુજ્ઞ અજ્ઞની સમીપ

(૪) अजाणगो अजाणगसगासे અજ્ઞ અજ્ઞની સમીપ

આમાં પ્રથમ ભાંગામાં પ્રત્યાખ્યાનના સૂત્રનો અર્થ જાણે અને એને જાણકાર પાસે ગ્રહણ કરે, તે વિશુદ્ધ ભાંગો કહેવાય. પચ્ચક્ખાણ સૂત્રના અર્થ જાણે અને જાણકાર ન હોય તેમની પાસે ગ્રહણ કરે, તે શુદ્ધ ભાંગો કહેવાય, પચ્ચક્ખાણ સૂત્રના અર્થ ન જાણે અને જાણકાર પાસે ગ્રહણ કરે, તે શુદ્ધ ભાંગો કહેવાય, પચ્ચક્ખાણ સૂત્રના અર્થ ન જાણે અને આપનાર પણ ન જાણતા હોય, તેમની પાસે ગ્રહણ કરે, તે અશુદ્ધ ભાંગો કહેવાય.

પ્રત્યાખ્યાનના પાલનનાં છ અંગો દર્શાવવામાં આવ્યાં છે :

(૧) ફાસિયં (સ્પર્શિત) : જે પ્રત્યાખ્યાન લીધું હોય તેને વચ્ચે તોડ્યા વિના શુદ્ધભાવથી અખંડ રીતે પાલન કરવું તે સ્પર્શના. (૨) પાલિયં (પાલિત): પ્રત્યાખ્યાનને વખતોવખત યાદ કરીને જાગ્રતપણે એની જાળવણી કરવી. (૩) સોહિયં (શોધિત) : પ્રત્યાખ્યાનના પાલનમાં કોઈ દોષ થઈ જાય તો તત્કાળ એની શુદ્ધિ કરવી. (૪) તીરિયં (તીરિત) : લીધેલા પ્રત્યાખ્યાનની સમયમર્યાદા પૂર્ણ થાય પછી જ એની સમાપ્તિ કરવી. (૫) કિટ્ટિયં (કીર્તિત) : પ્રત્યાખ્યાનનો મહિમા પ્રદર્શિત કરવો, મનમાં એના તરફ આદરભાવ થાય અને એની સમાપ્તિપૂર્વે ઉલ્લાસપૂર્વક કહેવું 'મેં અમુક પ્રત્યાખ્યાન લીધું હતું અને તે સમ્યક્ પ્રકારે પૂર્ણ કર્યું છે.' (૬) આરાહિયં (આરાધિત) : ઉપરોક્ત સર્વ અંગથી સર્વ દોષોનો ત્યાગ કરીને પ્રત્યાખ્યાનની આરાધના કરવી જોઈએ (પાલન કરવું જોઈએ).

આ છ અંગ દ્વારા પ્રત્યાખ્યાનની આરાધના કરવી જોઈએ એમ છતાં ક્યારેક છદ્મસ્થપણાને કારણે આરાધનામાં ક્ષતિ થાય તો તેની આલોચના કરીને પ્રત્યાખ્યાન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરી વિશુદ્ધ બની શકાય છે.

પ્રત્યાખ્યાન દસ પ્રકારના હોય છે :

(૧) નવકારશી પ્રત્યાખ્યાન (૨) પોરસી પ્રત્યાખ્યાન (૩) પૂર્વાર્ધ પ્રત્યાખ્યાન – બે પોરસી પ્રત્યાખ્યાન (૪) એકાસણું – પ્રત્યાખ્યાન (૫) એકલઠાણું પ્રત્યાખ્યાન (૬) આયંબિલ પ્રત્યાખ્યાન (૭) અભકતાર્થ – ઉપવાસ પ્રત્યાખ્યાન (૮) દિવસચરિમ પ્રત્યાખ્યાન (૯) અભિગ્રહ સૂત્ર (૧૦) નિર્વિકૃતિક પ્રત્યાખ્યાન.

આ દસ પ્રત્યાખ્યાનમાં નીચે પ્રકારના પંદર આગાર હોય છે :

(૧) અનાભઓગ (૨) સહસાકાર (૩) પ્રચ્છન્ન કાલ (૪) દિશામોહ (૫) સાધુવચન (૬) મહત્તરાગાર (૭) સાગારિકાગાર (૮) આકુચન–પ્રસારણ (૯) ગુર્વભ્યુત્થાન (૧૦) પરિષ્ઠાપનાકાર (૧૧) સર્વ સમાધિ પ્રત્યાકાર (૧૨) લેપાલેપ (૧૩) ઉત્ક્ષિપ્તવિવેક (૧૪) ગૃહસ્થ સંસૃષ્ટ (૧૫) પ્રતીત્યપ્રભિત.

જૈન આગમ સાહિત્યમાં પ્રત્યાખ્યાન વિશે વિશેષ છણાવટ મળે છે. ભગવતીસૂત્રના સાતમા શતકમાં પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, તેના ભેદો અને તેના લક્ષણો મળે છે. આવશ્યકનિર્યુક્તિ વગેરે ટીકાગ્રંથોના તેમ જ જૈનાચાર્ય દેવેન્દ્રસૂરિના 'પ્રત્યાખ્યાન' વિશેના ભાષ્યમાં, શ્રી માણગણિવિજયવર્યના 'ધર્મસંગ્રહ'માં તથા આચાર્ય હરિભદ્રસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ગ્રંથોમાં પણ આ વિશેનું વિશદ નિરૂપણ થયું છે.

પ્રત્યાખ્યાનના મૂળ ગુણાત્મક અને ઉત્તરગુણાત્મક એવા બે મુખ્ય પ્રકારો છે. જેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મૂળભૂત તેમ જ સામાયિક, પૌષધ, દિક્પરિમાણ, અતિથિસંવિભાગ વગેરે ઉત્તરગુણ કહેવાય છે. આ ઉત્તરગુણ એ મૂળગુણનું પોષણ કરે છે.

આ બે ઉપરાંત અન્ય દસ પ્રકાર આ પ્રમાણે છેઃ

(૧) અનાગત : ભવિષ્યમાં જે પ્રત્યાખ્યાન કરવાની ભાવના

હોય, પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે વહેલું કરી લેવું પડે તે.

(૨) અતિક્રાંત : પર્વ કે અમુક દિવસોએ અમુક તપશ્ચર્યા કરવાની ભાવના હોય, પણ સંજોગવશાત્ તે ન કરી શકતાં એ પર્વના દિવસો વીતી ગયા પછી એવી તપશ્ચર્યા કરવાનું પ્રત્યાખ્યાન લેવું તે.

(૩) કોટિસહિત પ્રત્યાખ્યાન : એક પ્રત્યાખ્યાનની સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં તેવું કે તે પ્રકારનું પ્રત્યાખ્યાન ઉમેરી દેવું તે કોટિસહિત પ્રત્યાખ્યાન છે. ઉપવાસની સાથે ઉપવાસ, એ પ્રકારનું પ્રત્યાખ્યાન એ સમકોટિ પ્રત્યાખ્યાન અને ઉપવાસની સાથે એકાસણું કે અઠ્ઠમની સાથે છઠ્ઠ વગેરેનું પ્રત્યાખ્યાન તે વિષમકોટિસહિત પ્રત્યાખ્યાન કહેવાય છે.

(૪) નિયંત્રિત : કોઈ પણ સંજોગોમાં પછી ગમે તે વિઘ્ન હોય, કોઈ તીવ્ર રોગ હોય, અણધાર્યું સંકટ કે ઉપસર્ગ હોય, છતાં તેને નિશ્ચયપૂર્વક પાર પાડવું.

(૫) અનાગાર : કોઈ પણ પ્રકારના આગાર (છૂટ કે અપવાદ) વગર પ્રાણાંતે પણ પ્રત્યાખ્યાન પાર પાડવું. આ પ્રત્યાખ્યાનમાં 'અન્નથણાભોગેણં' અને 'સહસાગાર' એવા બે અપવાદો રાખવા પડે.

(૬) સાગાર : કેટલાક અપવાદો સાથેનું પ્રત્યાખ્યાન. જોકે આમાં અતિચારનો દોષ લાગે, જેની શુદ્ધિ થઈ શકે અને બીજો આગાર તે સહસાગાર એટલે કે એકાએક કોઈ એવી ઘટના બને કે પ્રત્યાખ્યાનનો ભંગ થાય તે પરિસ્થિતિમાં છૂટ આપવામાં આવે છે.

(૭) નિરવશેષ : સંલેખનાવ્રત સંથારો લેનાર ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવાનું નિરવશેષ પ્રત્યાખ્યાન લે છે.

(૮) પરિમાણકૃત : આહાર વગેરે અમુક વાનગીની કે અમુક કોળિયાનું પરિમાણ કે માપ નક્કી કરીને આહાર લેવાનું પ્રત્યાખ્યાન.

(૯) સંકેત : સમયમર્યાદા પૂર્ણ થવા છતાં પ્રત્યાખ્યાનનો અવસર પ્રાપ્ત ન થાય એમ હોય તો બાકીનો સમય અવિરતિમાં પસાર કરવા કરતાં કોઈ સંકેત ધારણ કરવો અને એ સંકેત પ્રાપ્ત થતાં પ્રત્યાખ્યાન દૂર કરવું.

(૧૦) શ્રદ્ધા : કાળને અનુલક્ષીને જુદા જુદા પ્રકારના આહારની વિવિધ મર્યાદાઓ બાંધવાપૂર્વક લેવાતા પ્રત્યાખ્યાન, જેના દસ પેટાપ્રકાર છે: (૧) નવકારસી (૨) પોરસી (૩) પુરિમઢ્ઢ (૪) એકાસણું (૫) એકલઠાણું (૬) આયંબિલ (૭) ઉપવાસ (૮) દિવસચરિમ કે ભવચરિમ્ (૯) અભિગ્રહ અને (૧૦) વિગઈ.

આમ પ્રત્યાખ્યાનથી પાળ બાંધી દઈને વ્યક્તિ એના મન, વચન અને ઇંદ્રિયોને સંયમમાં રાખી શકે છે. એ પ્રપંચ, પરભાવ કે પ્રલોભનોમાંથી બચી શકે છે અને એને માટે મોક્ષ એ અત્યંત દૂરની બાબત રહે છે. આમ પ્રત્યાખ્યાનથી આગળ વધતો સાધક ઠેઠ મુક્તિના દ્વાર સુધી પહોંચે છે. આવા પ્રત્યાખ્યાન સાથે મોક્ષનો સંબંધ દર્શાવતાં આચાર્ય શ્રી ભદ્રબાહુસાવામીએ કહ્યું,

पच्चक्खाणंमि कए, आसवदाराइं हुंति पहियाइं ।
आसववुच्छेएणं, तण्हा-वृच्छेयणं होई ।।
तण्हा-वृच्छेण य, अउलोवसमोभवे मणुस्साणं
अउलोवसमेण पुणो,
पच्चक्खाणं हवई सुद्धं ।।
तत्तो चरित्तधम्मो, कम्मविवेणो तओ अप्पुवं तु ।
तत्तो केवलनाणं, तओ य मुकखो सया सुकखो ।।'

અર્થાત્ 'પ્રત્યાખ્યાનથી આસ્રવોના દ્વાર ઢંકાઈ જાય છે. આસ્રવ રોકાઈ જતાં તૃષ્ણા નષ્ટ થાય છે. અને એથી મનુષ્યમાં અનુપમ ઉપશમ ભાવ ઊપજે છે. જેનાથી પ્રત્યાખ્યાન શુદ્ધ થઈ જાય છે. પ્રત્યાખ્યાન – શુદ્ધિ પછી ચારિત્રધર્મ, કર્મનિર્જરા, અપૂર્વકરણ, કેવલજ્ઞાન આદિ ક્રમશઃ ઉત્પન્ન થાય છે અને પછી કેવળજ્ઞાન બાદ સદા સુખદાયક મોક્ષ પ્રાપ્ત થાય છે.' ✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫.
મો.: ૦૯૮૨૪૦૧૯૯૨૫.

## ઈલાચીકુમારનું પ્રતિક્રમણ

વાસનાને નાત, જાત, ધર્મ, કૂળ કશું જ નથી હોતું.

ઈલાચીકુમારે એક નટડી જોઈ. આંખ અને અંતરમાં વસી ગઈ. પરણું તો એને જ. મા-બાપે અને બીજાએ ઈલાચીને ઘણું સમજાવ્યોઃ 'ક્યાં આપણું કૂળ અને ક્યાં નટડીનું કૂળ?'

આપણો ધર્મ જો, એનો ધર્મ જો, નટડીનો મોહ છોડ, ઈલાચી! તું કહે તો એનાથી સાતગણી રૂપાળી છોકરી તને પરણાવું.'

બધી જ દલીલો વ્યર્થ. નટડીના પિતાએ શરત મૂકીઃ 'મારી પુત્રી તો જ પરણાવું કે તું મારી નટકળામાં પ્રવીણ બની રાજાને રીઝવે તો.'

પણ રાજા રીઝતો નથી. ઈલાચી પાતળા દોર પર માથે સાત સાત બેડાં મૂકીને નાચી રહ્યો છે. લોકો તાળીઓ પાડે છે, વાહ વાહ કહે છે, રાજા રીઝતો નથી.

ઈલાચીએ પોતાની કળાનો છેલ્લો દાવ અજમાવ્યો. પાતળા દોર પર શીર્ષાસન કર્યું. માથું નીચે. પગ ઊંચે. એ પગની આંગળીઓથી પાતળી લાકડી પકડી. એ લાકડી પર થાળી મૂકી, શીર્ષાસન કરતાં ઈલાચીએ પાતળા દોર પર અધ્ધર અને સ્થિર રહીને તેણે પેલી થાળી સતત ગોળ ગોળ ઘૂમતી રાખી.

એ જ ઊંધા માથે તેની નજર સામેના કોઈ પ્રાસાદ પર પડી. એક સુંવાળી રૂપાળી રૂપાંગના કોઈ યુવાન સાધુને ભિક્ષા આપી રહી હતી. પણ યુવાન મુનિ મોં ઊંચું કરીને નથી જોતો.

પાતળા દોર પર ઇલાચીએ તે દિવસે કામવાસનાનું ઉત્કૃષ્ટ પ્રતિક્રમણ કર્યું અને તેના રોમ રોમ કેવળજ્ઞાનનો સૂર્યોદય થયો.

❑ ભારતી શાહ

# અવશ્ય કરણીય 'ષડાવશ્યક'

□ પંન્યાસ ડૉ. અરુણવિજય મ.

*[ આચાર્ય શ્રી સુબોધસૂરિ મહારાજ સાહેબના શિષ્ય પંન્યાસ ડૉ. અરુણવિજયજી મ. સા.એ 'ઈશ્વર સૃષ્ટિનો કર્તા છે કે નહીં?' તેવા તત્ત્વજ્ઞાનના ગહન વિષય પર પી.એચ. ડી. કર્યું છે. આ વિષય પર તેમના બે પુસ્તકો ઉપરાંત અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા અનેક પુસ્તકો પ્રકાશિત થયેલા છે. પૂજ્યશ્રી જૈન દર્શન પ્રમાણે કર્મ ફિલોસોફીની બહુ જ સરળ રીતે સમજણ આપે છે. ]*

અવશ્ય કરવા યોગ્ય ક્રિયા તે ષડાવશ્યક છે. એવી ૬ પ્રકારની ક્રિયાઓ છે. જે પ્રતિદિન અવશ્ય કરવી જ જોઈએ. ૧. સામાયિક, ૨. ચઉવિસત્થો – એટલે ૨૪ જિનેશ્વર ભગવંતોની સ્તવના-સ્તુતિ, ૩. વાંદણા–ગુરુવંદન, ૪. પ્રતિક્રમણ, ૫. કાઉસ્સગ્ગ અને ૬. પચ્ચક્ખાણ.

**સંવર – નિર્જરા પ્રધાન ધર્મ–**

૨. નિર્જરાકારક ☜ ધર્મ ☞ ૧ સંવરકારક,

નવ તત્ત્વોમાં દર્શાવ્યા પ્રમાણે સાધક સર્વ પ્રથમ મોક્ષનું લક્ષ્ય નિર્ધારિત કરે. જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિનું લક્ષ્ય જ ન જાગે, ન થાય, નિર્ધાર જ ન થાય ત્યાં સુધી તે સાધક જ ન કહેવાય. 'સિદ્ધિમાર્ગ સાધ્નોતીતિ સાધક:' મોક્ષમાર્ગ (સિદ્ધિ માર્ગ) સાધે તે જ સાધક કહેવાય. મોક્ષ મેળવવા મોક્ષદાયક માર્ગે ચાલવું જ પડે. મોક્ષમાર્ગ આ શબ્દમાં વપરાતો માર્ગ શબ્દ ધર્મ અર્થમાં છે, તે ધર્મને સૂચવે છે. શુભકરણીરૂપ – શુભકર્માત્મક પુણ્ય પણ ધર્મ જ છે. તેથી પુણ્યોપાર્જન કરવાનો પુરુષાર્થ પણ ધર્મ જ છે. પરંતુ પ્રધાનપણે પુણ્ય સુખ–સંપત્તિ–સમૃદ્ધિ–સંતતિ–સદ્ગતિ–સૌભાગ્યાદિ આપનાર છે. જો કે દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય એમ બન્ને પ્રકારના પુણ્યો છે. નવ પ્રકારે બંધાતા પુણ્યમાં આહાર, પાણી, વસ્ત્ર-પાત્ર, ભૂમિ, શયનાદિ આપવા વગેરે દ્રવ્ય પુણ્ય છે. જ્યારે નમસ્કાર, તેમજ શુભાશયથી થતી મન, વચન, કાયાની શુભ ક્રિયાઓ ભાવપુણ્ય છે. દેવ-ગુરુ, ધર્મની ઉપાસના જે મન, વચન, કાયાના શુભાશયથી આચરાતી ક્રિયા-પ્રવૃત્તિ પુણ્યબંધક છે. ભાવપુણ્ય જે દેવ-ગુરુ-ધર્મની આરાધના-ઉપાસના વડે શુભભાવપૂર્વક ઉપાર્જન કરેલ હોય તે વડે કાળાન્તરે-ભવાન્તરે પુનઃ દેવ-ગુરુ-ધર્મની, તેવા સંજોગોની પ્રાપ્તિ કરાવે છે. સુખની સાથે ધર્માદિ બધું પ્રાપ્ત થાય છે.

**સંવર પ્રધાન ધર્મ-**

દુનિયાના બધા ધર્મો સુખદાયક હોવાથી દ્રવ્યપુણ્ય ઉપાર્જન કરવા ઉપર ભલે ભાર મૂકતા હોય, પરંતુ એકમાત્ર જૈન ધર્મ જ એવો છે જેણે પુણ્યને ગૌણ કરીને સંવર અને નિર્જરાલક્ષી ધર્મની સ્થાપના કરી છે. કારણ કે જૈન ધર્મ મોક્ષલક્ષી છે. માત્ર સ્વર્ગના સુખોની પ્રાપ્તિને જ અંતિમ ધ્યેય જૈન ધર્મ નથી માનતું કારણ કે સ્વર્ગની ઉપલબ્ધિ પણ અંતિમ નથી. સ્વર્ગ પ્રાપ્ત થયા પછી પાછું છુટી જવાનું છે. ત્યાં પણ મૃત્યુ થવાનું નિશ્ચિત જ છે, એટલે સ્વર્ગના બધા વૈભવી સુખો પણ એક દિવસ બધા જ છૂટી જવાના છે. ત્યાંથી મૃત્યુ પામ્યા પછી ફરી તિર્યંચ ગતિમાં, પશુ-પક્ષીના ભવમાં, અથવા મનુષ્ય ગતિમાં આવીને જન્મ લેવો પડે છે, જ્યાં ફરી દુઃખની પ્રાપ્તિ સંભવ છે.

એના કરતાં અતિ ઘણી દીર્ઘદૃષ્ટિથી સર્વજ્ઞ ભગવંતોએ મોક્ષના સુખોને જ ચરમકક્ષાના અંતિમ ગણાવ્યા છે. સ્વર્ગના સુખો ભૌતિક-પૌદ્ગલિક-ઋદ્ધિ-સમૃદ્ધિ-વૈભવી છે. દેહાધીન છે, પરાશ્રિત છે માટે વિનાશી છે. જ્યારે મોક્ષ સુખ સ્વાધીન છે. આત્માશ્રિત છે. ત્યાં દેહ જ નથી માટે દેહાશ્રિત સુખ જ નથી. દેહ રહિત માત્ર શુદ્ધાત્મા જ છે માટે આત્મિક સુખ જ છે. આત્મદ્રવ્ય જ ત્રિકાળ નિત્ય શાશ્વત હોવાથી તદાશ્રિત સર્વ સુખ પણ ત્રિકાળ નિત્ય શાશ્વત છે. સ્વાત્મગુણોની તલ્લીનતાનું રમણતાનું સ્વ અર્થાત્ સ્વગુણ રમણતાજન્ય સુખ જ સદા રહેતું હોવાથી મોક્ષસુખ શાશ્વત છે. અવિનાશી છે. એવા સુખની પ્રાપ્તિનું અંતિમ ધ્યેય રાખીને તેની પ્રાપ્તિ માટે સુયોગ્ય પુરુષાર્થ કરવો જ ઉચિત છે.

મોક્ષપ્રાપ્તિની દિશામાં આગળ વધવા સર્વપ્રથમ સંવર ધર્મનું આચરણ કરવું જ શ્રેયસ્કારી છે. રોજિંદા જીવનમાં નવા થતા પાપોને અટકાવવાનું લક્ષ્ય જ સંવર ધર્મ છે. નિરર્થક કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો જથ્થો આત્મામાં ખેંચાઈને આવશે અને આત્મપ્રદેશો સાથે બંધાઈને કર્મ બનશે અને કાળાન્તરે ઉદયમાં આવીને દુઃખ, દુર્ગતિ, દૌર્ભાગ્ય, દુર્ગતિ, આપત્તિ, વિપત્તિ, સંકટ-વિઘ્નોની હારમાળા ઉભી કરે. અને કાળાન્તરે જ્યારે કર્મક્ષય કરવાની બુદ્ધિ જાગશે–થશે ત્યારે તો છેવટે નિર્જરા કરવી જ પડશે. ખપાવવા જ પડશે. એના કરતાં તો આ મૂળ રહસ્ય સમજી લઈને પહેલા જ નવા પાપોને આવતા–થતા જ રોકી દેવામાં ડહાપણ છે. બસ એને જ સંવર ધર્મ કહેવાય છે.

આ નયથી જોવા જઈએ તો ષડાવશ્યકોની છએ પ્રકારની સર્વ ક્રિયા 'સંવર પ્રધાન ધર્મ' જ છે. તેથી સામાયિકાદિ છએ પ્રકારની આવશ્યકકરણી સંવરકારક જ છે. મોક્ષાર્થી મુમુક્ષુ સાધક જે આત્માભાવે જાગૃત છે માટે નિરર્થક પાપાચરણ કરીને ફરી-ફરી

પોતાના આત્માને પાપ કર્મો વડે બાંધવા નથી માંગતો કારણ કે ફરીથી પાપપ્રવૃત્તિ કરીને અશુભ કર્મો બાંધશે તો નિશ્ચિત સંસાર વધશે, અને ઉદયકાળે પાછા દુઃખો ભોગવવાનો વારો આવશે. દુર્ગતિઓમાં ભટકવું પડશે. ભવભ્રમણ વધી જશે. આવી રીતે તો આત્મા ફરી મોક્ષથી વિપરીત દિશામાં જતો રહેશે. અર્થાત્ સંસાર ચક્રમાં ભટકી જશે. અરે ! આ તો આત્માનું ઘણું મોટું નુકશાન થઈ જશે. દીર્ઘ દૃષ્ટિથી સમજી વિચારીને જ બધી જાતના પાપો ફરી ફરી ન આચરવાની પ્રતિજ્ઞા કરીને સંવરાચારમાં સ્થિર થઈ જાય તે જ સાચા અર્થમાં સાધક કહેવાય છે.

**સંવરનું ફળ નિર્જરા–**

વિદ્યાર્થી સ્કૂલમાં ભણે અને પરીક્ષા આપી ઉત્તીર્ણ થાય અને આગલા ધોરણમાં જાય. રમતગમતમાં જીત મેળવીને પુરસ્કાર પામે, વ્યાપારી વ્યાપાર–વ્યવસાયમાં કમાણી કરીને આગળ વધે. આવી રીતે બધી જ ક્રિયા–પ્રવૃત્તિ જેમ પરિણામલક્ષી છે તેવી જ રીતે સંવરની ક્રિયા–પ્રવૃત્તિનું પરિણામ એ નિર્જરા છે. નિર્જરા એટલે કર્મક્ષય. આત્મા ઉપર ચોંટેલા કર્મોની રજ આત્મપ્રદેશો ઉપરથી ખરી પડે તેનું નામ નિર્જરા. અને નિર્જરા થવાથી આત્મગુણો પ્રગટ થાય છે. જ્ઞાન-દર્શનાદિ આત્મગુણોનો પ્રાદુર્ભાવ થાય છે.

સંવર-નિર્જરારૂપી કસોટીના પાષાણ ઉપર કસી જોવાથી જે ખરો ઉતરે તે જ સાચો ધર્મ છે. જેમ સુવર્ણની પરીક્ષા પણ કસોટી ઉપર થાય છે, તેમ ધર્મ પણ સંવર-નિર્જરારૂપી એરણ પણ જે ખરો ઉતરે તે જ મોક્ષલક્ષી ધર્મ છે. આત્મધર્મ છે. સર્વજ્ઞ ભગવન્તોએ જીવમાત્ર આત્મકલ્યાણ કરતો મોક્ષ સાધે એ માટે જ સંવર-નિર્જરા પ્રધાન ધર્મની સ્થાપના-પ્રરૂપણા કરી છે.

**ષડાવશ્યકોની સંવરતા અને નિર્જરતા–**

આત્મામાં નવા આવતા પાપકર્મોને અટકાવવા–રોકવા એ સંવર અને જૂના પહેલાના લાગેલા અશુભ પાપકર્મોને ખપાવવા તેનું નામ નિર્જરા. સંવર એ ક્રિયા-પ્રવૃત્તિ પ્રધાન છે. જ્યારે નિર્જરા તેના પરિણામ સ્વરૂપે છે. ફળ પ્રદાન છે. સાધક જો માત્ર નવા થતા કર્મો અટકાવે, પરન્તુ જૂના સંચિત પાપકર્મો ન ખપાવે તો પણ મોક્ષપ્રાપ્તિ સંભવ જ નથી. એવી જ રીતે કોઈ માત્ર જૂના સંચિત પાપકર્મોની નિર્જરા કરે પરંતુ નવા આવતા પાપકર્મોને ન જ રોકે તો પણ મોક્ષપ્રાપ્તિ સુલભ જ ન બને. કારણ કે નવા થતા પાપકર્મો પણ આત્મ પ્રદેશો સાથે બંધાઈને જૂના તો થવાના જ છે. તેનો પણ સંચય તો થવાનો જ છે. એટલે કાળાન્તરે તે પણ ખપાવવા માટે છેવટે તો પાછી નિર્જરા જ કરવાની છે. એવો ક્યો ડાહ્યો માણસ કાદવમાં પગ ખરડીને પછી આગળ જઈને પગ ધોવા બે બાલટી પાણી ઢોળે ? એના કરતાં તો કાદવવાળા ખાડાની બાજુમાંથી સુરક્ષતિ નીકળી જાય. જેથી ન તો પગ ખરડાય, અને ન તો પગ ધોવાની પાળી આવે. એવી જ રીતે સંવર કરતા આવતા નવા પાપોને અટકાવતો જાય અને જૂના સંચિત કર્મોને પણ ખપાવતો જાય. જેમ નળ બંધ કરવાથી નવું પાણી આવતું અટકે અને જવાનો નળ ચાલુ કરવાથી ટાંકામાં પહેલાંનું જે ભરેલું પાણી છે તે નીકળી જાય. પરિણામે ટાંકો કોરો સૂકાઈ જાય. એવી જ રીતે સંવરની સાધનાથી આત્મામાં નવા આવતા પાપ કર્મો અટકી જાય અને નિર્જરા વડે જૂના સંચિત પાપકર્મો ખપી જાય. જેથી આરાધક આત્મા વહેલો મોક્ષ મેળવી શકે.

મોક્ષાર્થી જ સાચો આત્માર્થી છે અને એવી જ રીતે આત્માર્થી જ સાચો મોક્ષાર્થી છે. મોક્ષાર્થી હોય અને આત્માર્થી જ ન હોય, અથવા આત્માર્થી હોય અને તે મોક્ષાર્થી જ ન હોય તો તે ખરેખર સાચા અર્થમાં આત્માર્થી પણ નથી, અને મોક્ષાર્થી પણ નથી. મોક્ષપ્રાપ્તિના લક્ષ્યની દિશામાં આગળ વધવા આત્માર્થી માટે રોજેરોજના રોજિંદા જીવનની દિનચર્યામાં છએ આવશ્યકોની ક્રિયા રોજેરોજ કરવી અત્યન્ત અનિવાર્ય છે. કારણ કે આ છએ આવશ્યકો એક તરફ પહેલાં તો સંવર કરાવે છે. અને બીજી તરફ પરિણામે સારામાં સારી નિર્જરા-કર્મક્ષય કરાવે છે. આ રીતે ઉભય લક્ષ્યસાધક છએ આવશ્યકો આત્મકલ્યાણકારી છે. આ રીતે જ છએ આવશ્યકો મોક્ષદાયક છે. મોક્ષસાધક છે. માટે જ એ છને અવશ્ય કરવા યોગ્ય આવશ્યકની કક્ષામાં રાખ્યા છે.

મોક્ષાર્થી આત્માર્થી સાધક શ્રમણ સાધુ-સાધ્વી પણ છે અને શ્રાવક-શ્રાવિકા પણ છે. સાધુ-સાધ્વી મોક્ષમાર્ગરૂપી ચૌદ ગુણસ્થાનોના સોપાને ચઢતા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આરૂઢ થઈ ગયા છે. અને શ્રાવક-શ્રાવિકા ૪થા-૫મા ગુણસ્થાને આરૂઢ થઈ ગયા છે. ૪થા ગુણસ્થાને માત્ર સમ્યગ્દર્શન પામ્યા છે. ભલે હજી વિરતિ-પચ્ચક્ખાણ વ્રતાદિ નથી આવ્યા. માટે અવિરતિવાળા– અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. સંવર ધર્મ વ્રત-વિરતિ-પચ્ચક્ખાણથી થાય છે. ભલે ચોથે ગુણસ્થાને અવિરતિ-અવ્રતી હોવા છતાં પણ સૌથી મોટો ફાયદો એ છે કે, સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ થવાથી મોક્ષ નિશ્ચિત કરી લીધો છે. સમ્યગ્દર્શન એટલે મોક્ષે જવાનો નક્કી. એમાં બે મત નથી. ભલે મોડો જાય કે વહેલો. પણ જશે ચોક્કસ. એમાં શંકાને સ્થાન જ નથી. માત્ર ભવી હોવાથી મોક્ષ નથી મળી જતો. પરંતુ સમ્યગ્ દૃષ્ટિ થઈ જવાથી મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. જેમ આરક્ષણ (Reservetion) થવાથી જવાનું વગેરે નિશ્ચિત થઈ જાય છે. એવી જ રીતે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિની સાથે જ મોક્ષની પ્રાપ્તિ પણ નિશ્ચિત થઈ જ જાય છે. ભવ્યત્વપણું તો માત્ર મોક્ષપ્રાપ્તિ યોગ્ય પાત્રતા-યોગ્યતા દર્શક છે. હા....આ જીવ ભવી હોવાથી મોક્ષ મેળવવા લાયક છે. પાત્ર છે. અયોગ્ય નથી, પણ યોગ્ય છે. યોગ્યતા હોવાના કારણે યોગ્ય છે. જેમ બીજમાં વૃક્ષ બનવાની પાત્રતા છે, યોગ્યતા છે પરંતુ

બીજને હવા, પાણી, પ્રકાશ, ખાતર, જમીન, માટી આદિ બધા સહયોગી નિમિત્તો મળી જાય તો કોઠારમાં પડેલું બીજ કાળાન્તરે ઝાડ બની જાય છે. એવી જ રીતે ભવી જીવાત્મામાં બીજની જેમ જ ભવ્યત્વપણારૂપ યોગ્યતા–પાત્રતા પડી છે. હવે તેને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થતા જ મોક્ષ નિર્ધારિત થઈ જાય છે. હવે નિર્ધારિત થઈ ગયેલા મોક્ષની પ્રાપ્તિ વચ્ચેનું અંતર ઘટાડવામાં વ્રત-વિરતિ-પચ્ચક્ખાણ ખૂબ જ સહકારી બનશે. તેથી જ પાંચમા દેશવિરતિ ગુણસ્થાને આવીને એ સાધક પાપ પ્રવૃત્તિનું પ્રમાણ ઘટાડવા વ્રત-વિરતિ સ્વીકારે છે, તેવી પ્રતિજ્ઞા કરે છે અને પછી પોતાનું જીવન આરાધક-ઉપાસક બનાવવા માટે ષડાવશ્યકની આચરણાવાળું જીવન જીવે છે. છએ આવશ્યકો રોજિંદા જીવનમાં વણી લઈને તેવી દિનચર્યા ગોઠવે છે.

**ષડાવશ્યકોની સાંકળ-**

છએ આવશ્યકો–અવશ્ય કરણીઓને સોનાની સાંકળની જેમ એક બીજી કડીમાં ગોઠવીને સાંકળ બનાવી છે. પ્રરૂપક સર્વજ્ઞ ભગવન્તોએ ભાવ-કરૂણા લાવીને જગતના સર્વ જીવોના કલ્યાણાર્થે આ છે આવશ્યકોનું એવું સુંદર આયોજન કર્યું છે, એક-બીજાની સાથે ગોઠવીને આપ્યા છે કે જેથી પ્રત્યેક સાધક સંવર નિર્જરા બન્ને સાધી શકે. બન્નેના ફળો મેળવી શકે. છએ છ પ્રકારની આવશ્યકની બધી જ ક્રિયાઓ એક તરફ તો સંવર કરાવીને નવા પાપોનું આગમન રોકે છે, જેથી નવા કર્મો ન બંધાય અને બીજી તરફ જૂના સંચિત કર્મોનો નાશ કરે. નિર્જરા થાય.

**૧. સામાયિક**–આત્મા સ્વયં આરંભ-સમારંભની સાવદ્ય હિંસાદિ બધા જ પાપોની પ્રવૃત્તિનો ત્યાગ કરે અને તે પણ મન-વચન-કાયાની ત્રણેય પ્રકારની કરણ-કરાવણની પ્રવૃત્તિઓ ન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરે. આવી પ્રતિજ્ઞા કરાવનાર સૂત્ર **'કરેમિ ભંતે'**નું સૂત્ર છે. તે ઉચ્ચારે તેથી સામાયિકની ક્રિયા પ્રારંભ કરે. પોતાના આત્માને પછી ધ્યાન-સ્વાધ્યાયમાં પ્રવૃત્ત કરે. જેથી આત્મા સ્વયં પોતાના સમતાદિ ગુણોમાં સ્થિર થાય. 'आपा समाइयं' આચારાંગ સૂત્રના નિર્દેશ પ્રમાણે આત્મા જ સામાયિક છે, અર્થાત્ જ્યારે જ્યારે આત્મા સમભાવની સમતામાં પ્રવર્તે ત્યારે સાચી રીતે–સાચા અર્થમાં તે સામાયિક ભાવમાં છે. સદાકાળ નિરંતર આત્મા સમભાવની સમતામાં જ રહે તો તે વધુમાં વધુ સારૂં. કરેમિ ભંતેના સૂત્રથી પ્રતિજ્ઞા કરી લેવાની સાથે જ સંવર ધર્મ શરૂ થઈ જાય છે. અર્થાત્ નવા પાપો થતા–આવતા અટકી જાય છે. કર્મો બંધાતા રોકાઈ જાય છે. इरियावही मुहपत्ति पडिलेहण। સામાયિક ઉચ્ચારવી, ૪૮ મિનિટ સ્વાધ્યાય કરવો. છેલ્લે **સામાયિક પાળવાની.**

આવી રીતે પાંચ તબક્કામાં વહેંચાયેલી સામાયિક લેવાની આ ક્રિયાવિધિમાં પ્રથમ ગમનાગમનની ક્રિયામાં જીવ વિરાધનાદિ દોષોની ક્ષમા યાચના – 'તસ્સ મિચ્છામિ દુક્કડં' કરીને પછી સામાયિક લેવા મુંહપત્તિનું પ્રતિલેખન કર્યા પછી કરેમિ ભંતેના પાઠથી સામાયિકની ભીષ્મ પ્રતિજ્ઞા કરવાથી સામાયિક શરૂ થાય છે. સંવર શરૂ થઈ જાય છે. ત્રિકરણ યોગે સાવદ્ય પ્રવૃત્તિઓ ન કરવા – ન કરાવવા વડે પાપ કર્મોના દ્વારો રોકાઈ જાય છે. જેથી નવા કર્મો બંધાતા નથી. સજ્ઝાય કરૂં – અર્થાત્ સ્વાધ્યાય કરૂં નો છેલ્લે આદેશ લઈને સ્વાધ્યાય શરૂ કરનારો સાધક નિર્જરા કરે છે. સ્વ એટલે જ હું પોતે આત્મા તેનો જ અધ્યાય – અભ્યાસ કરવો – સ્વયં પોતાના જ ગુણોનો અભ્યાસ વધારવાની પ્રક્રિયા, તેમજ પોતાના જ સમતાદિ ગુણોમાં સ્થિર રહેવાની પ્રક્રિયા સમતા યોગ છે. આવા સમતા, ક્ષમા, નમ્રતા, દયા, કરૂણા, સરળતા, સંતોષ, વિનય, શાન્તિ આદિ અનેક ગુણો છે. જેમ ૧૦૦ ડબ્બાની રેલગાડીમાં સર્વ પ્રથમ એંજિન હોય છે. પહેલા તે જ આવતું દેખાય છે. એમ આત્માના ગુણોના ખજાનામાં અનેક ગુણોમાં સર્વ પ્રથમ સમતા એક એવો ગુણ છે, જે આત્માને સમભાવમાં રાખે છે. એવી રીતે બધા જ ગુણો પોત-પોતાના સ્વભાવમાં આત્માને રાખે છે. આવા સમતાદિ ભાવો જ આત્મરમણતામાં રાખનારા આત્માનુભૂતિ સાધકને સારામાં સારી કરાવી શકે છે. સ્વના ભાવનો જ અભ્યાસ કરવો. practice કરવી. ફરી ફરી આત્મભાવમાં રમમાણ રહેવું, કારણ કે કર્મોનું જોર પણ ઘણું છે. તેમનો ઉદય ફરી ફરી આત્માને ખેંચીને બહિર્ભાવમાં, રાગ-દ્વેષાદિ કષાયોની વિભાવદશામાં લઈ જાય છે. જેમ રસ્સી ખેંચની રમતમાં એક વર્ગ જમણી બાજુ ખેંચે તો બીજો વર્ગ ડાબી બાજુ ખેંચે છે. એ વખતે જેની તાકાત વધારે હોય તે જીતે છે. બીજો વર્ગ હારે છે. એવી જ રમત આત્મા અને કર્મોના બે વર્ગમાં ચાલે છે. આત્મા સ્વ ગુણો સમતા વગેરેમાં રહેવા મથામણ કરે ત્યાં તો કર્મો ઉદયમાં આવીને પોતાનું જોર દેખાડે છે. કર્મો આત્માના અરિભાવે છે. શત્રુ છે. આત્મ ગુણોના આવરક-આચ્છાદક છે. તેથી કર્મો આત્મગુણોથી વિપરીતભાવે વર્તાવનારા છે. દા. ત. આત્મા સમતામાં રહેવા પુરુષાર્થ કરે ત્યાં તો રાગ-દ્વેષાદિ કષાયો ફરીથી જોર કરીને આત્માને રાગ-દ્વેષ-કષાયોમાં ખેંચી જાય છે. એમ કરતાં આત્મા સ્વ ગુણોનું ભાન ભૂલી જાય છે અને કર્મોદયને બલી પડી જાય છે. આવી રીતે સમતાદિ ગુણો તરફ વળીને જે સાધક તેમાં સ્થિર થવા જાય છે, અર્થાત્ સામાયિક કરવા જાય ત્યાં તો તેમને મોહનીય કર્મનો ઉદય તેની અવાન્તર પ્રકૃતિઓ પાછો ખેંચે છે. કાચા-પોચા તો સામાયિક છોડી જ દે છે, કરવાનું મન જ નથી થતું અને જબરદસ્તી કરે છે તો સ્વાધ્યાયમાં રહી જ ન શકે. વાતો કરીને, પંચાત કરીને, ગપ્પા લગાવીને આડી અવળી પ્રવૃત્તિ કરીને સમય પસાર કરી દે છે અને પ્રભાવનાદિ લેવામાં રાજી થઈને મેં સામાયિક કર્યાનો સંતોષ માનીને ચાલી જાય છે.

સામાયિક વ્યવહારનયની કરવામાં સંખ્યાની ગણના કરવામાં આવે છે. જ્યારે નિશ્ચયનયથી કરાતી સામાયિકમાં ગુણવત્તાની ધારણા રાખવામાં આવે છે. ખરી રીતે સામાયિકની આત્મભાવમાં–સ્વભાવમાં, સ્વગુણ રમણતામાં, સમતાદિ ગુણોમાં જ આત્માનુભૂતિ થશે. વારંવાર અભ્યાસ કરવાથી આવી કક્ષા અવશ્ય પ્રાપ્ત થાય છે.

'સામાઇચ વય જૂત્તો' સૂત્ર બોલીને સામાયિક પ્રાપ્તિ વખતે જે બે લાભો બોલવામાં આવે છે – ૧. છિન્નઈ અસૂહં કમ્મં, ૨. સમણો ઈવ સાવઓ. સામાયિક કરવાથી શું લાભ થાય છે? એના ઉત્તરમાં સ્પષ્ટ કરે છે કે – પ્રથમ લાભ તો નિર્જરાનો છે. અશુભ કર્મો છેદાય છે. ઘટે છે. કર્મ ક્ષય થાય છે. સમતાદિ ગુણોમાં સ્થિર રહેવાથી તે તે ગુણો ઉપરના આવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય છે. જે જે કર્મ પ્રકૃતિનો ક્ષય-નાશ થાય છે તેની નીચેથી તે તે ગુણ પ્રગટે છે. ગુણનો પ્રાદુર્ભાવ થાય છે. ગુણો વધે છે અને સાધનાનું લક્ષ્ય જ છે કે કર્મો ઘટે અને ગુણો વધે.

બીજા લાભમાં સામાયિક કરનારો સાધક શ્રાવક જ્યાંસુધી સામાયિકમાં રહે છે ત્યાં સુધી સાધુતુલ્ય ગણાય છે, માટે જ 'સમણો ઇવ સાવઓ'–આ શબ્દ પાઠમાં વાપર્યા છે. શ્રાવક બબ્બે ઘડીની સામાયિક કરે છે. સાધુ તો આખી જિંદગીની સામાયિક 'જાવજ્જીવ' ની જ ઉચ્ચારીને બેઠા છે. એટલે સામાયિકમાં રહેલો શ્રાવક બબ્બે ઘડી માટે પણ સાધુતુલ્ય ગણાય છે. માટે જ સાધુ જેવું આચરણ શ્રાવકે સામાયિક વ્રત દરમ્યાન કરવાનું, નિયમો પાળવાના. ભલે ને પોતાની ૨-૫ વર્ષની નાનકડી દીકરી હોય તેને પણ ખોળામાં બેસાડીને રમાડવી નહીં. કોઈનો પણ સ્પર્શ ન કરવો. ખાવું-પીવું નહીં. મોઢું એંઠું ન રાખવું. રૂપિયા-પૈસા વગેરેની ગણતરી કે વ્યાપાર-હિસાબ વગેરે ન કરવા. અશુભ કર્મોનો ક્ષય અને ઉપરથી સાધુતુલ્ય ગણના થવાના બબ્બે લાભો એક સામયિક વડે મળતા હોવાથી 'बहुसो सामाइयं कुज्जा' – વારંવાર ઘણી સામાયિકો કરવાની આજ્ઞા પણ આ જ સૂત્રમાં કરવામાં આવી છે.

**૨. ચઉવીસત્થો – ૨૪ જિનસ્તવના-**

આત્મ ગુણની સાધના સ્વરૂપ સામાયિક ધર્મની ક્રિયા સર્વ પ્રથમ કરી લીધા પછી દેવતત્ત્વની ઉપાસના કરવાની છે. દેવાધિદેવ સર્વજ્ઞ ભગવંતોની ઉપાસના કરવાની છે. એવા સર્વજ્ઞ તીર્થંકરો ૨૪ ચોવીશ છે. પ્રાકૃત ભાષામાં ચઉવીસ શબ્દ વપરાયો છે. સાધક માત્ર પોતાની સ્વાર્થવૃત્તિથી કોઈ પણ મનગમતા એક-બે ભગવાનની જ ઉપાસના કરીને રાજી ન થાય તે માટે ચઉવીસ આ શબ્દ સંખ્યાવાચી વાપર્યો છે. આજે મોટા ભાગના લોકો સ્વયંની સ્વાર્થવૃત્તિથી મોહ પોસવા, સુખ પ્રાપ્તિના લોભમાં, દુઃખ, સંકટ, વિઘ્નો ટાળવા. ઈચ્છિત-મનવાંછિત મેળવવા એક-બે ભગવાનોને વધારે માની લે છે. તેમની ભક્તિ બીજા તીર્થંકર ભગવંતોની વધુ ને વધુ ઉપેક્ષા કરે છે. એનાથી પણ વધારે ઘણો મોટો વર્ગ તો તીર્થંકર ભગવન્તોની બધાની સર્વથા ઉપેક્ષા કરે છે અને માત્ર દેવી-દેવતાઓની જ ઉપાસના-આરાધના કરે છે જેથી મારા સર્વ દૂહિતો–દુઃખો ટળી જાય અને સર્વ સુખો મળી જાય બસ. આમાં શું કારણ હશે? શું જીવોની સર્વજ્ઞો ઉપરની પૂરી શ્રદ્ધા જ નથી, કે પૂરતી શ્રદ્ધા નથી કે પછી સર્વજ્ઞોની સાચી સમજણ જ નથી. જ્ઞાન જ નથી કે શું? તો શું બીજી બાજુ દેવી-દેવતાઓનું જ્ઞાન વધારે છે? તેમના વિષેની ઓળખ વધારે સારી છે? ના, નામ માત્રની જ ઓળખ છે. પરંતુ પોતાના મોહનીય કર્મનો વધારે ઉદય હોવાથી રાગ-લોભની તીવ્રતાઓ વધારે હોવાથી સુખ પ્રાપ્તિની વૃત્તિ અને દુઃખ નિવૃત્તિની વૃત્તિ જ જીવને એ તરફ વધારે ખેંચે છે. મિથ્યાત્વની કર્મ પ્રકૃતિ સર્વથા નષ્ટ થતી ન હોવાથી તેનો ઉદય પણ આમાં ભાગ ભજવે છે. બીજી બાજુ રાગ-મોહ-લોભાદિની ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓ પણ ભેગી ભળીને ભાગ ભજવે છે. સર્વ સામાન્ય લોકોને તો જ્ઞાન નથી. સાચી સમજણ નથી. શું ભગવાન આપે છે ખરા? આપી શકે છે? આપી શકે છે કે નહીં? શું દેવ-દેવીઓ આપી શકે છે? શું તેમની ક્ષમતા-શક્તિ આપવા માટેની છે? શું દેવલોકમાં દેવી-દેવતાઓ પાસે આપવા માટેની બધી જ સામગ્રીઓ પૂરતી છે? અને તેઓ આપી શકે છે? બીજી બાજુ જે જીવોનું પોતાનું જ પુણ્ય સત્તામાં નથી અથવા ઉદયમાં નથી અને ઉપરથી જેમનું અંતરાય કર્મ પણ પ્રમાણમાં વધારે છે શું દેવી-દેવતાઓ તેમને વિપુલ પ્રમાણમાં સંપત્તિ, સમૃદ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિ બધું જ આપી દેશે? કે આપી શકશે? અથવા શું દેવી-દેવતાઓ તે તે આત્મામાં અંદર ઉતરીને તેમની અશુભ પાપની પ્રકૃતિ જ નષ્ટ કરી દેશે? અને શું પુણ્ય પ્રકૃતિ ત્યાં ભરી દેશે? શું અંતરાયની કર્મ પ્રકૃતિ ટાળી દેશે? ખપાવી દેશે? શું દેવી-દેવતાઓની એવી તાકાત છે ખરી કે તેઓ બીજા જીવોના પાપ કર્મો ખપાવી શકે ખરા? કે બદલી શકે? શું કોઈ પણ કર્મ પ્રકૃતિમાં ફેરફાર કરી શકે ખરા? અને દેવી-દેવતાઓ જો ન કરી શકે તો પછી શું તીર્થંકર ભગવંતો આ કામ કરી શકે ખરા? શું અત્યારે સીમંધરસ્વામી રોજ આ જ કામ કરી રહ્યા છે? શું જાદુ-ચમત્કારથી આવું થવું સંભવ છે? આવા સેંકડો પ્રશ્નો ઊભા થાય છે? શું સીમંધરસ્વામી સમસ્ત જીવોના કર્મોનો ક્ષય નાશ કરી શકે ખરા? અને જો કરી શકતા હોય તો પછી શા માટે રોજ બબ્બે વખત બબ્બે પ્રહર ૩ + ૩ = ૬ કલાક દેશના આપે છે? અને દેશનામાં જીવોને કર્મ ક્ષય કરવા માટે સમજાવે છે, તે અંગેનો ઉપદેશ આપે છે, શું ફાયદો? અને જો જીવોને એનો ખ્યાલ આવી જાય કે જો ભગવાન કે દેવી-દેવતાઓ આદિ કોઈ પણ બીજા જીવોના કર્મોનો ક્ષય કરી શકે છે, તો પછી લોકો તો સામેથી ભગવાનને અથવા દેવી-દેવતાઓને કોઈને પણ કહીને વિનંતી કરી દેત કે કોઈ પણ હિસાબે પહેલાં અમારા કર્મોનો ક્ષય કરી દો. બસ,

આટલી દેશના આપવાની તકલીફ ન લો. પરંતુ સર્વજ્ઞ ભગવંત સ્પષ્ટ જણાવે છે કે જીવના પોતાના કર્મો દરેક જીવે જાતે જ ક્ષય કરવાના હોય છે. દુનિયા કોઈ પણ દેવી-દેવતા અથવા કોઈ પણ ભગવાન અથવા દુનિયાની કોઈ પણ પ્રબળ શક્તિ સંસારના નાના-મોટા એક પણ જીવના કર્મોનો ક્ષય ક્યારેય કરી શકતા જ નથી. વિતેલા અનંતા ભૂતકાળમાં પણ ક્યારેય પણ કોઈએ પણ આવું કર્યું જ નથી. વર્તમાનમાં પણ આ સંભવ જ નથી. અને આગામી અનન્તા ભવિષ્યકાળમાં પણ ક્યારેય કોઈ પણ કોઈ પણ જીવાત્માના કર્મોનો ક્ષય કરી જ નહીં શકે. સંભવ જ નથી.

જો કોઈએ પણ ક્યારેય કોઈ પણ જીવના કર્મો ખપાવી દીધા હોત–નષ્ટ કરી દીધા હોત તો કોઈપણ જીવ દુઃખી થયો જ ન હોત. અને જો એક જીવના કર્મોનો ભય કોઈ પણ ઈશ્વર-પરમેશ્વર અથવા દેવી દેવતા જો કરી શક્યા હોત તો તો સંસારના અનંતા બીજા જીવોના પણ સર્વ કર્મોના ક્ષયો પણ કરી શક્યા હોત ? અને જો આવું થઈ શક્યું હોત તો તો સંસારમાંથી દુઃખ-દર્દ સર્વથા નષ્ટ જ થઈ જાત. રહેત જ નહીં. અને પછી તો નરક પણ રહેત જ નહીં. પરંતુ એવું સંભવ જ નથી થયું. માટે જ તો એક નહીં સાત-સાત નરકો છે. આખો અસંખ્ય યોજનોનો અધોલોક છે. તેમાં સાત નરકો છે. અને સાતેય નરકોમાં મળીને અસંખ્યાતા નારકી જીવો છે. તે બધાય પ્રત્યેક ક્ષણે અનેકગણી વેદના-પીડા-દુઃખ અનુભવી રહ્યા છે. ભોગવી રહ્યા છે. તિર્યંચ ગતિના અનન્તા જીવો દુઃખ, ત્રાસ, પીડા, વેદના ભોગવી જ રહ્યા છે. આ દુઃખ ક્યું છે ? શા માટે છે ? તે બધું કરેલા કર્મોના વિપાક (પરિણામ)નું દુઃખ છે. એનાથી આ સિદ્ધ થાય છે કે દુનિયાની કોઈ એવી શક્તિ છે જ નહીં જે બીજા જીવોના પાપ કર્મોનો સર્વથા, સંપૂર્ણ, સમૂળ ક્ષય કરી શકે અને બીજી બાજુ આવા અશુભ પાપ કર્મો સત્તામાં અને ઉદયમાં પડ્યા હોવા છતાં તેના ઔદયિકભાવે જ્યારે દુઃખ, દર્દ, વેદના, પીડા, ત્રાસ, આપત્તિ, વિપત્તિ, વિઘ્ન, સંકટો, દારિદ્રય, દુર્બુદ્ધિ, દુર્ગતિ, દૌર્ભાગ્યાદિ અનેક પ્રકારના આવતા દુઃખોને ટાળી શકે એવી પણ કોઈ સંભાવના જ નથી. આગ ચાલુ રાખીને ધૂમાડાને નિકળતા કોણ અટકાવી શકે. જો ધૂમાડો મૂળમાંથી બંધ જ કરવો હોય તો નિશ્ચિંતપણે આગને ઓલવવી જ પડે. આગ ઓલવાઈ ગયા પછી ધૂમાડો નહીં નીકળે. આવી રીતનો કાર્ય-કારણભાવ સંભવ છે. કારણ ટળતા કાર્ય ટળી જશે. આગ કારણીભૂત છે–તે જ ઓલવાઈ જતા ધૂમાડારૂપી કાર્ય પણ ઓલવાઈ જશે. એવી જ રીતે અશુભ પાપકર્મો કારણીભૂત છે. અને તેના થકી પ્રગટ થતા દુઃખ, વિઘ્ન, દર્દ વેદનાદિ બધા જ કાર્યરૂપે છે. માટે જો દુઃખોને ટાળવા જ હોય તો નિશ્ચિતપણે અંદર સત્તામાં રહેલા તેના કારણીભૂત અશુભ પાપકર્મોનો ક્ષય-ક્ષયોપશમ કરવો જ પડે. તે વિના બીજો વિકલ્પ જ નથી. લાગેલી આગ થકી નીકળતા ધૂમાડા ઉપર જો કોઈ પાણી આકાશમાં નાખવા જાય અને આગ ઉપર બિલકુલ જ ન નાખે તો તે નિશ્ચિત મૂર્ખ કહેવાય. કોઈ પણ સારો સમજદાર તેની મૂર્ખતાને નિવારીને પાઈપ લઈને આગ ઉપર જ નાખશે. બસ આગ ઓલવાઈ જતા ધૂમાડો આપોઆપ અદૃશ્ય થઈ જશે. ઠીક એવી જ રીતે સમજદાર ડાહ્યો માણસ અશુભ પાપ કર્મોનો ક્ષય-ક્ષયોપશમ તપાદિ વિશિષ્ટ ધર્મારાધના વડે કરીને દુઃખ, દર્દ, વેદના-પીડા, વિઘ્નાદિને ટાળશે. બાકી તે વિના તો દુઃખો ટળે તેમ નથી.

ચર્ચમાં જતા લોકોને ત્યાંના બિશપ એમ કહી દે કે જા બેટા તારા બધા પાપો ઈશ્વરે માફ કરી દીધા છે. તો શું આવું થઈ જશે ? અથવા શું પોપ કે પાદરીના બોલવા માત્રથી બધાના પાપ કર્મો ફોક થઈ જશે ખરા ? કોઈ ખૂની અપરાધી ખૂન કરીને માણસને મારીને ચર્ચમાં આવીને કહી દે અને પાદરી-બિશપ કે પોપ તેને કહી દે કે જા બેટા ઈશ્વરે તારા બધા પાપો માફ કરી દીધા છે. તો શું તેના પાપ કર્મો ધોવાઈ જશે ? અને કાળાન્તરે કોઈ પણ જાતનું દુઃખ ઉદયમાં જ નહીં આવે ? શું તેને નરકમાં જવું જ નહીં પડે ? જો આવું થવું સંભવ હોત તો તો સંસારમાં કોઈ દુઃખી દેખાત જ નહીં. નરક જેવું કંઈ રહેત જ નહીં. હોત જ નહીં ? પરંતુ સંસારમાં દુઃખ, દર્દ, વિઘ્ન, રોગ, બિમારીઓ, વેદના, પીડા, આપત્તિ, સંકટ આદિ બધાનું અસ્તિત્વ અનન્તકાળથી શાશ્વતપણે છે જ છે. વિતેલા અનન્તા કાળમાં એક વર્ષ, મહિનો કે દિવસ પણ દુઃખ, દર્દાદિ વગરનો ખાલી ગયો જ નથી. બસ એ જ મોટો પુરાવો છે કે ઈશ્વર પણ બધાના દુઃખો નષ્ટ કરી શક્યા જ નથી તો પછી કોઈના માફ કરી દેવાથી કંઈ પાપકર્મો સત્તામાંથી ટળી જતા નથી. આ તો દંભ માત્ર છે. મિથ્યા અસત્ય છે. આવું કંઈ થતું નથી. થઈ જ નથી શકતું. ઉપરથી એવા પોપ-પાદરી-બિશપે તેવા અનાદિ અપરાધ કરનારા જીવોને કર્મક્ષયકારક ધર્મનો ઉપાય બતાવવો જોઈએ. અને બીજી વાર ફરીથી નવા પાપો-અપરાધો ન કરવાની પ્રતિજ્ઞા કરાવવી જોઈએ. તો જ આવા લોકોનો સાચો ઉદ્ધાર થશે.

**ચઉવીસત્થો આદિની આવશ્યકતા**

ચતુર્વિંશતિ સ્તવ – અર્થાત્ ચોવીસ જિનેશ્વર ભગવન્તોની ઉપાસના–આરાધના દિવસ દરમ્યાન અવશ્ય કરવાની આવશ્યક ક્રિયા છે. પુત્ર માતા વગર રહી ન શકે. એવી જ રીતે ભક્ત ભગવાન વિના રહી જ ન શકે. સર્વ તત્ત્વોનું જ્ઞાન – સર્વજ્ઞ પરમાત્મા થકી જ પ્રાપ્ત થયું છે માટે સર્વજ્ઞ તીર્થંકર ભગવન્તો જ આરાધનાના કેન્દ્રમાં છે. ભગવાનને સર્વથા ન માનનારા નાસ્તિક મિથ્યામતિ એક પણ જીવ અનન્તા કાળમાં પણ મોક્ષે ગયો નથી અને આગામી અનન્તા ભવિષ્ય કાળમાં પણ ક્યારેય જવાનો જ નથી. ભગવાન જ કેન્દ્રમાં છે. સમગ્ર ધર્મના કેન્દ્રમાં સમસ્ત તત્ત્વજ્ઞાનના મૂળરૂપે છે. સર્વજ્ઞ

ભગવંતો વિના નથી તો ધર્મની સ્થાપના, અને નથી તો તત્ત્વની સ્થાપના અને તત્ત્વના પાયા વિના ધર્મ જ ચાલે તેમ નથી. સર્વજ્ઞ ભગવંતો સર્વપ્રથમ તત્ત્વજ્ઞાનની સ્થાપના કરે છે. તેની અંતર્ગત જ દ્રવ્યાનુયોગાદિ સર્વ અનુયોગનો સમાવેશ થઈ જાય છે. ત્રિપદીનું સમગ્ર તત્ત્વજ્ઞાન એમાં છે અને એના વડે જ સિદ્ધાન્તોનું સ્વરૂપ નિર્ધારિત થાય છે. બસ તે સિદ્ધાન્તો મુજબનું આચરણ ધર્મ છે. ધર્મ આચારપ્રધાન છે, જ્યારે સિદ્ધાન્તો તત્ત્વજ્ઞાન સ્વરૂપે છે માટે પ્રથમ એવા સિદ્ધાન્તોની સમજણ સ્પષ્ટ કરી લેવી. ચરમસત્યાત્મકતા સિદ્ધાન્તોની કેવી છે તેનો ખ્યાલ આવી જશે. તેમાં જે આજ્ઞાપ્રધાન છે તેમને તારવીને તે મુજબનું આચરણ કરવું તે ધર્મ છે. એ માટે જ 'आणाए धम्मो'નો નિર્દેશ છે.

ચોવીસે તીર્થંકર ભગવંતોની ઉપાસના કરવાના પ્રકારો અનેક છે. દર્શન કરવા રૂપે, પૂજા કરવા રૂપે, તેમના નામોનું સ્મરણ-રટણ–જાપ કરવા રૂપે, ધ્યાન કરવા રૂપે, તેમના વચન-તત્ત્વના અભ્યાસ સ્વાધ્યાય રૂપે, તેમની આજ્ઞાના પાલન-આચરણ રૂપે એમ અનેક સ્વરૂપે છે. સ્તવના શબ્દ તેમના ગુણગાન ગાવા અથવા ગુણોનું સ્મરણ કરવું અથવા ગુણ સ્વરૂપનું ધ્યાન ધરવું આદિ અનેક સ્વરૂપે ચોવીસ જિનની સ્તવના પ્રતિદિન કરવા જેવું આવશ્યક છે. અવશ્ય આચરણીય છે.

**વાંદણા-વંદન-ગુરુવંદન-**

દેવતત્ત્વની ઉપાસના પછી ગુરુતત્ત્વની ઉપાસના અગત્યની છે. જિનાલયની બાજુમાં જ ઉપાશ્રય–આરાધના ભવનની વ્યવસ્થા હોય છે. માટે જિન–દર્શન–પૂજા–જાપ-ધ્યાનાદિ રૂપે આરાધના–ઉપાસના કર્યા પછી ઉપાશ્રયમાં આવીને ગુરુની ઉપાસના કરવાની હોય છે. ગુરુ વિના જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન તેમની પસેથી મેળવવા પ્રથમ નમ્ર વિનમ્ર બનવું જરૂરી છે. એ માટે વંદનની ક્રિયા પ્રવૃત્તિ છે. ગુરુ વંદન કરવું આવશ્યક જ છે. અવશ્ય કરણીય છે. જિનવાણી શ્રવણ કરવી એ કર્તવ્ય છે. નિત્ય પ્રવચન શ્રવણ કરવાથી શ્રાવકપણું છે. પ્રવચન શ્રવણ કરવા આવનાર પ્રથમ ગુરુવંદન કરીને જ ઉપદેશ શ્રવણ કરે. ગુરુને વંદન કરનાર પછીથી ગુરુની વૈયાવચ્ચ–સેવા સુશ્રૂષા કરે.

**પ્રતિક્રમણ-**

અતિક્રમણ વડે ઘણાં પાપો લાગે છે. પાપકર્મો આત્મા સાથે બંધાય છે. જીવાત્મા કર્મો વડે લેપાય છે.

મન-વચન-કાયાના ત્રણેય યોગો વડે ન કરવાના અઢારેય પાપો કરતી–આચરતી વખતે કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો જત્થો આત્મ પ્રદેશોમાં આશ્રવરૂપે આવે છે. આત્મા મન-વચન-કાયાના ત્રણેય યોગો વડે ન આચરવા–કરવાની ક્રિયા-પ્રવૃત્તિમાં પોતાના યોગો અને શક્તિ વાપરી લે છે અને અઢારેય પાપોનું આશ્રવ કરી લે છે. તે અતિક્રમણ છે. સામાયિક-વ્રતાદિ લઈને જીવ સંવર ભાવમાં રહે છે. છતાં પણ ત્રણેય યોગો વ્રતપચ્ચક્ખાણની મર્યાદા તોડીને બહાર જતા રહે અને પાપ-અશુભકર્મનું સેવન કરાવી દે તે અતિક્રમણ છે. દા. ત. દર્શન કરતા–દૃષ્ટિ બીજી તરફ જાય અને તરત જ ખરાબ વિચાર આવી જાય. ત્રિમોહીની પ્રતિજ્ઞા કરીને જિનાલયમાં પ્રવેશ કર્યો હોવા છતાં પણ પ્રતિજ્ઞા તૂટી જાય છે અને યોગો મર્યાદા તોડીને બહાર જઈને અશુભ આશ્રવ કરાવી દે છે તે અતિક્રમણ છે. સામાયિક લઈને બેઠા, કરેમિ ભંતેના પાઠ સૂત્રથી મન-વચન-કાયા (मणेणं, वायाए-काष्टणं) વડે ન करेमि, न कारवेमि એવી અઢારેય પાપો સેવવાની પ્રવૃત્તિ જાતે કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીંની પ્રતિજ્ઞા–પચ્ચક્ખાણ કરી લીધા પછી પણ સામાયિકની ૨ ઘડીની ૪૮ મિનિટના નાના સમયગાળા દરમ્યાન પણ ત્રણેય યોગો અથવા બે અથવા એક યોગ પ્રતિજ્ઞાની મર્યાદા તોડીને, મર્યાદા ઓળંગીને વિપરીત દિશામાં જાય–તે ક્રિયા પ્રવૃત્તિ અતિક્રમણની છે, તેનો ખ્યાલ આવી જતા એ જ યોગોને પાછા વાળીને આત્મા પાસે લાવવાની ક્રિયા-પ્રવૃત્તિ કરવી તેને પ્રતિક્રમણ કહેવાય છે. રાત્રી કાળ દરમ્યાન થયેલા અતિક્રમણથી બચવા પરોઢિયે કરાતું રાઈ પ્રતિક્રમણ અને દિવસ દરમ્યાન થતી બધી જ અશુભાશ્રયની અઢારેય પાપોની ક્રિયા પ્રવૃત્તિથી બચવા માટે દિવસના અંતે કરાતું તે દેવસિય પ્રતિક્રમણ છે. આવી રીતે પાંચ પ્રકારના પ્રતિક્રમણો કાળાવધિ પ્રમાણે છે.




દરરોજ સવાર-સાંજ અવશ્ય કરવા યોગ્ય તે રાઈ-દેવસી પ્રતિક્રમણ છે, જ્યારે પંદર દિવસના પખવાડિયે કરાતું તે પક્ખી પ્રતિક્રમણ છે અને ચાર મહિને ૧૦ દિવસે કરાતું ચોમાસી પ્રતિક્રમણ છે. જ્યારે સંવત વર્ષ = ૧૨ મહિના = ૩૬૦ દિવસે વર્ષાન્તે કરાતું તે સંવત્સરી પ્રતિક્રમણ છે. અઢાર પાપસ્થાનકોમાં પ્રથમના પાંચ પાપો હિંસાદિ દ્રવ્ય પાપો છે. તેમાં જીવ હિંસા, અસત્ય-મૃષાવાદ-જૂઠ, ચોરી આદિના પાપો છે અને ૬ઠ્ઠે ક્રોધથી ૧૨મે કલહ સુધીના પાપો સ્વભાવજન્ય પાપો છે. વચન યોગના વાચિક પાપો ૧૩મે અભ્યાખ્યાન થી ૧૭મે માયામૃષાવાદ સુધીના ૫ પાપસ્થાનો છે. ભાષા બોલવાના શબ્દોમાં અવિવેક વડે એવા પણ પાપાચારોના દોષોનું સેવન થઈ જાય છે. જ્યારે અઢારમે મિથ્યાત્વ શલ્યનું પાપસ્થાન ત્રણેય યોગો વડે સેવાતું હોય છે. આ અઢારેય પાપસ્થાનો આત્મામાં કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો જથ્થો ખેંચીને લાવતા હોવાથી અશુભાશ્રવ સ્વરૂપે છે એટલે જ અતિક્રમણની

ગણનામાં આવે છે. આત્મા ઘણુંય ધારીને પ્રતિજ્ઞા કરે છે. સંવર કરીને રોકે છે કે આ પાપ નહીં જ આચરૂં, છતાં પણ કર્માધીન સ્થિતિની પ્રબળતાના કારણે યોગો અતિક્રમણ કરી બેસે છે. અને અશુભાશ્રવ થઈ જાય છે. પરંતુ તે જીવ આરાધક-સાધક હોવાથી પોતાના આત્માને કર્મભારથી મલીન રાખવા નથી માગતો. માટે મન-વચન-કાયાના જે યોગો અઢારેય પાપોની પ્રવૃત્તિ તરફ વળી ગયા છે, તેમને પ્રતિક્રમણ–પાછા વાળવાની ક્રિયા કરવા વડે પાછા વાળે છે જેથી નિરર્થક ખોટા કર્મો બંધાય નહીં અને આત્માને કાળાન્તરે તેના માઠાં ફળો ભોગવવા પડે નહીં.

જેમ માખી સતત પોતાની પાંખો સાફ કરતી રહે છે. તે સારી રીતે જાણે છે કે ઉડવા માટે મળેલી બંને પાંખો ખૂબ જ પાતળી છે. તેના ઉપર જ જો કચરો-ધૂળ-માટી-મેલ ભરાઈ જશે, અને ભાર વધી જશે તો પાંખો ભારે થઈ જશે અને ઉડી નહીં શકાય; માટે પાછલા બંને પગનો બ્રશ તરીકે ઉપયોગ કરીને પાંખો સાફ કરતી જ રહે છે. એવી જ રીતે સાધક-આરાધક આત્માએ પણ નિરંતર માખીની જેમ પોતાના આત્મપ્રદેશો ઉપર લાગતી કર્મરજ – કાર્મણવર્ગણાના પરમાણુઓના જથ્થાને સાફ કરતા જ રહેવું જોઈએ. બસ આનું જ નામ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણની ક્રિયા આત્માના આરાધક ભાવને ટકાવી રાખનાર છે. વિરાધકપણું નિરંતર અતિક્રમણ કરાવનાર છે. પાપો કરાવનાર અને કર્મો બંધાવનાર છે. જ્યારે પ્રતિક્રમણ ઠીક એનાથી વિપરીત પાપો ઘટાડનાર, ઓછા કરાવનાર, થયેલા પાપોની ક્ષમાપના કરાવનાર છે. આત્માના પરિણામો – અધ્યવસાયો નરમ પડે છે તેથી તીવ્રતા ઘટે છે અને તીવ્રતા ઘટી જવાથી દીર્ઘ સ્થિતિનો બંધ નહીં પડે. ભારે કર્મો નહીં બંધાય, બંધાતા કર્મોમાં જ કાપ મૂકાશે. બંધમાં શિથિલતા આવશે. માટે જ પ્રતિક્રમણ અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયા છે-

**પ્રતિક્રમણમાં છએ આવશ્યકોનો સમાવેશ-**

જો કે પ્રતિક્રમણ મુખ્યરૂપે પાપોથી પાછા ફરવાની ક્રિયા છે. છતાં પણ એનું સંયોજન જ એવી રીતે કરવામાં આવ્યું છે કે જેથી છએ છ આવશ્યકોનો એમાં સમાવેશ થઈ જાય છે. એ રીતે પ્રતિક્રમણ આ એક સામૂહિક સંજ્ઞા રૂપે છે, જેમાં છએ આવશ્યકો સાથે જોડી દેવામાં આવ્યા છે. સર્વ પ્રથમ સામાયિક લેવી પડે છે. તો જ પ્રતિક્રમણ થાય છે. સામાયિક લીધા વિના પ્રતિક્રમણ કરાતું જ નથી. પછી ચતુર્વિંશતિસ્તવમાં ચોવીસ જિનની સ્તુતિ–સ્તવના થાય છે તેથી ચૈત્યવંદન આવે છે અને પ્રતિક્રમણ જિનાલયમાં ન થતાં ઉપાશ્રયમાં ગુરુ સન્મુખ કરવાની ક્રિયા હોવાના કારણે ગુરુવંદનને વાંદણારૂપે ગોઠવેલ છે. તે પણ દ્વાદશાવર્ત વંદન – એટલે બાર આવર્તો સાચવવાપૂર્વક કરવામાં આવતું વંદન. ચોથા ક્રમે પ્રતિક્રમણની પ્રક્રિયા આવે છે. પ્રતિક્રમણની સ્થાપના (ઠાઉ), અને દેવસિઅં આલોઉં, પડિક્કમામિ વગેરે આદેશો લેવાપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવામાં આવે છે જેથી દૈવસિક અથવા રાત્રિક આદિ અતિચારની ક્ષમાપના કરવામાં આવે છે. ત્યારપછી પાંચમા ક્રમે કાઉસગ્ગ-કાયોત્સર્ગ કરવામાં અન્નત્થ સૂત્રના પાઠપૂર્વકની પ્રતિજ્ઞાપૂર્વક કરવામાં આવતો કાયોત્સર્ગ કાયાને વોસિરાવવાનો ભાવ દર્શાવે છે. ત્રિકાળ નિત્ય શાશ્વત અને અજર-અમર તત્ત્વ એકમાત્ર આત્મા છે. જ્યારે એનાથી સર્વથા વિપરીત ભાવનું અનિત્ય નાશવંત અને મરણાધીન એવું આ શરીર-કાયા છે. બસ જડ-ચેતનના ભેદજ્ઞાનવાળું આવું ભાન કાઉસ્સગ્ગની પ્રક્રિયાથી સારી પેઠે થાય છે. જડ પુદ્ગલના પિંડસ્વરૂપ આવી કાયાથી હું ચેતન આત્મા સર્વથા ભિન્ન છું માટે મારા આત્માને જે ચેતન છે તેને આ જડ દેહથી જુદો અનુભવવા–આવી અનુભૂતિ–પ્રતીતિ કરવા આવો કાયોત્સર્ગ ધ્યાનમાં લઈ જવા ઘણો જ ઉપયોગી છે. કાયાનું ભાન ભૂલાવીને આત્મભાવમાં સ્થિર કરવા કાયોત્સર્ગની ક્રિયા ઘણી જ ઉપકારી છે.

અંતે છઠ્ઠું અને છેલ્લું આવશ્યક પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણ શબ્દનો સીધો અર્થ ત્યાગ થાય છે. આહાર-પાણી આદિની પ્રવૃત્તિનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાને પચ્ચક્ખાણની સંજ્ઞા અપાઈ છે. જડ-પુદ્ગલના પિંડસ્વરૂપ આ દેહને પોષવા જે આહાર-પાણીની પ્રવૃત્તિ જીવ કરે છે તેમાં આસક્ત બનીને ક્યાંય આત્મા – સ્વભાન – સ્વગુણરમણતાનું ભાન ભૂલી ન જાય માટે તેને આહાર-પાણીના ત્યાગની પ્રતિજ્ઞા કરાવવી ઉપયોગી તો છે જ, પરંતુ સાથે સાથે આવશ્યક છે. અવશ્ય કરણીય તે આવશ્યક છે. અનિત્ય અને નાશવંત એવી પૌદ્ગલિક કાયાની નિરર્થક માયાની આસક્તિમાં ફસીને આત્મા પોતાનું બગાડે નહીં. તે માટે પચ્ચક્ખાણના સંસ્કાર આત્માને પાડવા ખૂબ જ અગત્યના છે - આવશ્યક છે. જો આવી રીતે ત્યાગ નહીં કરે તો દેહની આસક્તિ આત્માનું બગાડશે. અહિત કરશે. કેમકે અનાદિકાળથી દેહાધીનતા – દેહરાગની દેહાસક્તિએ અનન્તા ભવો બગાડ્યા છે; માટે હવે દેહનું નહીં પણ આત્માનું હિત કરવા માટે આહાર-પાણી આદિનો ત્યાગ કરવારૂપ પ્રતિજ્ઞા કરવી આવશ્યક છે.

બીજી બાજુ આત્માએ પોતે પોતાના સ્વગુણોમાં રમણતા કરવા–વધારવા માટે દેહની આસક્તિ તેમ જ દેહની કાયિક પ્રવૃત્તિઓમાંથી વિમુખ થવું, નિવૃત્ત થવું અગત્યનું છે. જો જીવાત્મા દેહની પ્રવૃત્તિ આહાર-નિદ્રા-મૈથુન આદિની સંજ્ઞાઓમાં જ આસક્ત થઈ જશે તો સર્વથા આત્મભાન જ ભૂલી જશે અને આત્મા છે, હું ચેતન આત્મા છું નું સાચું ભાન જ નહીં થાય. સ્મરણ જ ન થતા સર્વથા વિસ્મરણ થઈ જશે. અને બીજી બાજુ આહારાદિની સતતની પ્રવૃત્તિઓ આરંભ-સમારંભાદિ છ કાયની વિરાધના સ્વરૂપ હિંસાદિ વડે જન્ય છે તેથી નવા પાપો કરવા વડે જ પૂર્ણ થવાવાળી છે તે પાપાચરણ વડે તો

ફરી નવા કર્મો ભારે બંધાશે. કર્મોદય વળે કાળે દુર્ગતિ થશે અને આવી દુર્ગતિઓમાં તેમજ તેવા પ્રકારના તત્ત્વો થવાથી ચેતનાત્મા સર્વથા સ્વ સ્વરૂપનું ભાન ભૂલી જશે. અંશમાત્ર પણ સ્મરણ જ નહીં થાય. તિર્યંચની ગતિ અબૂધની કક્ષાની છે. ત્યાં જ્ઞાનદશા વિકસિત નથી. એટલે માત્ર આહારની પ્રવૃત્તિમાં જ આસક્ત રહીને ભવો વીતાવતા – વીતાવતા ભવભ્રમણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. આહારની તીવ્ર સંજ્ઞા જ તિર્યંચ ગતિના ભાવો વધારે છે. માટે આત્માર્થી જીવોને તિર્યંચ ગતિમાં જતા અટકાવવા સર્વજ્ઞ ભગવંતે સર્વ પ્રથમ આહાર-પાણીના ત્યાગ સ્વરૂપ પચ્ચક્ખાણ ધર્મ આપ્યો છે. તેથી મોક્ષાર્થીઓએ પ્રતિદિન પચ્ચક્ખાણમાં રહેવું જ જોઈએ. ભલે ને યથાશક્તિ નાના-મોટા કોઈ પણ પચ્ચક્ખાણમાં રહો પણ રહેવું અનિવાર્ય છે. માટે જ પચ્ચક્ખાણને પણ અવશ્ય કરવા યોગ્યની ગણતરીમાં રાખીને આવશ્યકમાં સમાવેશ કર્યો છે. આ છઠ્ઠું આવશ્યક પચ્ચક્ખાણનું અવશ્ય પ્રતિદિન આચરણ કરવું જોઈએ.

**છએ આવશ્યકોનું સંયુક્ત સ્વરૂપ - પ્રતિક્રમણ–**

દરરોજ કરવામાં આવતું-સવાર-સાંજનું રાઈ-દેવસી પ્રતિક્રમણનું સંયોજન જ એવા પ્રકારનું ગોઠવવામાં આવ્યું છે કે જેમાં છએ આવશ્યકોનું આચરણ થઈ જાય છે. વ્રતધારી જૈન શ્રાવક-શ્રાવિકાની આ ઓળખ છે કે તે પ્રતિદિન આવશ્યકોનું અવશ્ય આચરણ કરે. છઠ્ઠા ગુણસ્થાનના સાધક સાધુ-સાધ્વી તો આજીવન પર્યંત અનિવાર્યરૂપે છએ આવશ્યકોનું આચરણ કરતા જ હોય છે. તેથી તેમના માટે પાંચેય પ્રકારના પ્રતિક્રમણો અનિવાર્યપણે કરવાના હોય જ છે. પરંતુ શ્રાવકના બે ગુણસ્થાનો છે. ચોથા ગુણસ્થાને હજી માત્ર શ્રદ્ધા જ જાગી છે. સમ્યક્ત્વ પામ્યા છે. પરંતુ વ્રત-વિરતિ-પચ્ચક્ખાણ નથી આવ્યા. તેની શરૂઆત પાંચમા ગુણસ્થાને થાય છે માટે ચોથું ગુણસ્થાન અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. જ્યારે પાંચમા ગુણસ્થાનને દેશવિરતિનું કહેવાય છે. પાંચમા ગુણસ્થાને ચોથેથી આવેલ સમ્યગ્દર્શન તો છે જ. તેથી શ્રદ્ધા પ્રબળ છે. પરંતુ સાથે વ્રત-વિરતિ-પચ્ચક્ખાણ પણ ભળી જઈ જોડાઈ જાય છે. તેથી સંવર-નિર્જરા પ્રધાન જીવન બની જાય છે.

દુનિયાના બધા ધર્મોએ અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયાઓ દિનચર્યામાં ગોઠવી તો છે જ. પરંતુ સંવર–નિર્જરાના સિદ્ધાન્તો તેમના પાયામાં જ ન હોવાથી તે તે ધર્મોએ તે તે પ્રમાણે ગોઠવી છે. પરંતુ જૈન ધર્મના સિદ્ધાંતોના ઘડવૈયા સર્વજ્ઞો જ છે. તેથી તેમણે જગતના સર્વ જીવોના હિત માટે સંવર-નિર્જરાનો પાયો બનાવીને પછી તેના ઉપર પ્રધાનરૂપે જૈન ધર્મ મોક્ષલક્ષી છે તેથી આત્મકલ્યાણકારક ઉપાયોને જ ધર્મરૂપે ગોઠવ્યા છે. તેમાં જ છ આવશ્યકોની ગણના થાય છે. આ બધા જ આવશ્યકો પુણ્યોપાર્જનાર્થે નથી. પુણ્ય બાંધવા પૂરતું જ લક્ષ નથી. પરંતુ પ્રધાનપણે સંવર-નિર્જરા રૂપે છે. સંવર-નિર્જરાનું ફળ આપનારા છે. સામાયિક પ્રતિક્રમણાદિ પ્રધાનપણે સંવર કરાવે છે, તો ફળ સ્વરૂપે નિર્જરા કરાવે છે. કાયોત્સર્ગ–વંદનાદિને અભ્યંતર તપના છ ભેદોમાં ગણવામાં આવ્યા છે. માત્ર ઉપવાસ – આયંબિલાદિ બાહ્ય તપ જ નિર્જરા કરાવે છે એવું નથી. આભ્યંતર તપના છએ ભેદોનું આચરણ પણ વિપુલ પ્રમાણમાં નિર્જરા કરાવે છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રના 'તપસા નિર્જરા ચ' આ સૂત્રના આધારે તપ વડે નિર્જરા તો થાય જ છે. પરંતુ ચ શબ્દથી અને અર્થમાં સંવરની પણ ગણના કરવામાં આવી છે. સામાયિક લેવાથી સંવર પ્રતિજ્ઞા સૂત્રથી થઈ જ જાય છે. પરંતુ સામાયિકની બે ઘડીમાં કરાતા સ્વાધ્યાય વડે જે આભ્યંતર તપનો ભેદ છે તેના આચરણ વડે નિર્જરા પણ સારી એવી થાય છે.

સંયુક્ત રૂપે જેમ છએ આવશ્યકોનું આચરણ થાય છે એવી જ રીતે અલગ-અલગ-સ્વતંત્રરૂપે પણ છએ આવશ્યકોનું આચરણ કરાય છે, કરવું હિતાવહ છે – માટે જ મોક્ષાર્થી – આત્માર્થી સાધકોએ દિનચર્યા જ છએ આવશ્યકો અનુસાર ગોઠવવી જોઈએ. ખરી રીતે જૈનત્વની ઓળખરૂપે આ છએ આવશ્યકોનું આચરણ છે, માટે જ **'આવશ્યક'** એવી સંજ્ઞા આપી છે. આ સંજ્ઞાનો હેતુ જ ઘણું ખરૂં કહી જાય છે. એનું હાર્દ સમજીને, આચરણમાં નિયમિતતા લાવીને મોક્ષમાર્ગે આગળ વધવું જોઈએ. સર્વ ભવ્યાત્માઓ આ હાર્દ સમજીને છએ આવશ્યકોનું ઉત્તમ ભાવપૂર્વક આચરણ કરે અને આત્મકલ્યાણ સાધે અને મોક્ષ પ્રાપ્તિ માટેનું અંતર ઓછું કરે એવી શુભેચ્છા.

શિવં ભવતુ સર્વેષાં

**સામાયિક ફલ તથા પ્રતિક્રમણ સ્વરૂપ દર્શક સજ્ઝાય**

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલરે;
પરભવ જાતાં જીવને, સંબલ સાચું જાણ લાલરે...કર.....૧

શ્રી વીર મુખે એમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રત્યે જાણ લાલરે;
લાખ ખાંડી સોના તણું, દીયે દિન પ્રત્યે દાન લાલરે...કર.....૨

લાખ વરસ લગે તે વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલરે;
એ સામાયિકને તોલે, ન આવેતેહ લગાર લાલરે...કર.....૩

સામાયિક ચઉવિસત્થો ભલું, વંદન દોય દોય વાર લાલરે;
વ્રત સંભારો રે આપણાં, તે ભવકર્મ નિવાર લાલરે...કર.....૪

કર કાઉસગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સૂંધું વિચાર લાલરે;
દોય સજ્ઝાય તે વળી, ટાળો ટાળો અતિચાર લાલરે...કર.....૫

શ્રી સામાયિક પ્રતાપથી, લહીએ અમર વિમાન લાલરે;
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિદાન લાલરે...કર.....૬

❑ ભારતી શાહ

# આચાર્ય મહાપ્રજ્ઞની આગવી દૃષ્ટિમાં સામાયિકની મહત્તા

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

*[ ડૉ. રશ્મિભાઈ ઝવેરી (C.A.) જૈનોલોજીમાં એમ. એ. કર્યું અને 'પ્રેક્ષાધ્યાન' ઉપર Ph.D. ની ડિગ્રી મેળવી. મહાન જૈન ચિંતક આચાર્ય મહાપ્રજ્ઞજીના ચુસ્ત અનુયાયી છે. જૈન ધર્મના આગમોના અને ગ્રંથોના અભ્યાસી છે. મહારાષ્ટ્ર સરકારે તેમને ગિરનાર એવૉર્ડથી નવાજ્યા છે. 'ઉવસગ્ગહરં સ્તોત્ર'ની અખંડ સાધના-જાપ તેમનાં ચાલુ જ રહે છે. ]*

જૈનાગમ 'આવશ્યક' સૂત્રમાં છ આવશ્યક ક્રિયાઓ બતાવવામાં આવી છે, જે 'ષડાવશ્યક' કહેવાય છે. આમાં પ્રથમ સ્થાન છે- 'સામાયિક આવશ્યક'નું. એ ષડાવશ્યકનું પ્રવેશદ્વાર છે. આવશ્યક સૂત્રના નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુએ જેટલો વિસ્તાર સામાયિક આવશ્યકનો કર્યો છે એટલો અન્ય આવશ્યકોનો નથી કર્યો. આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાક્ષમણે તો સમગ્ર 'વિશેષાવશ્યકભાષ્ય'માં સામાયિક આવશ્યક અને એની નિર્યુક્તિ પર જ આ વિશિષ્ટ કૃતિ લખી છે. એને 'સામાયિક ભાષ્ય' પણ કહેવામાં આવે છે. એમના મતે ચતુર્વિંશતિ આદિ શેષ પાંચ આવશ્યક એક અપેક્ષાથી સામાયિકના જ ભેદ છે. કેમકે સામાયિક જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે. જે ગુણોનો ચતુર્વિંશતિમાં સમાવેશ થયો છે. એ તો ૧૪ પૂર્વોનો સાર છે. સામાયિકની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે–'સમ' અર્થાત્ એકત્વરૂપ આત્માને 'આય' અર્થાત્ લાભ–સમાય છે. સમાયનો- સમતાનો-ભાવ જ સામાયિક છે. ભગવાન મહાવીર અનુસાર એ 'આર્યધર્મ' છે તથા ગીતા અનુસાર સમત્વને જ યોગ કહેવામાં આવે છે. આચાર્ય હરિભદ્ર યોગશાસ્ત્રમાં કહે છે કે સામ્યયોગ વગર ધ્યાન–સાધનાના ક્ષેત્રમાં ચરણન્યાસ જ ન થઈ શકે. જિનદાસગણિ કહે છે કે જેમ આકાશ બધાં દ્રવ્યનો આધાર છે, તેમજ સામાયિક બધા ગુણોની આધારભૂમિ છે.

જૈન તત્ત્વજ્ઞાન (Metaphysics)માં ત્રણ જાતના યોગ બતાવવામાં આવ્યા છે–મન, વચન અને કાયા. બીજી રીતે એના બે જ ભેદ છે–શુભયોગ અને અશુભયોગ. એના અવાંતર ભેદ ૧૫ થાય-૪ મનના, ૪ વચનના અને ૭ કાયાના. જ્યાંસુધી જીવ ૧૪મે ગુણસ્થાને ન પહોંચે ત્યાંસુધી આ ત્રણેય યોગની સૂક્ષ્મ અથવા સ્થૂળ ક્રિયાઓ નિરંતર ચાલુ જ રહે છે. આ ક્રિયા–જેને પારિભાષિક ભાષામાં 'યોગ' કહેવાય છે, એ કર્મબંધનું મુખ્ય કારણ છે.

હવે પ્રશ્ન એ થશે કે જો આ યોગની પ્રવૃત્તિ પર જીવનો કોઈ અંકુશ (Control) નથી તો એને કર્મબંધ તો નિરંતર થતો જ રહેશે. તો શું જીવ સાવ પરતંત્ર છે ? એ કર્મ બાંધતો જ રહેશે ને ભોગવતો જ રહેશે ? આ પ્રશ્નનો ભગવાન બહુ માર્મિક ઉત્તર આપે છે કે 'ના, જીવ સાવ પરતંત્ર નથી. મારો ધર્મ પુરુષાર્થનો ધર્મ છે.' નિરંતર યોગની પ્રવૃત્તિથી જીવ કર્મ બાંધે છે, પણ જીવ પાસે એક મહત્ત્વનો વિકલ્પ છે. (Option) છે. એ પોતાના પુરુષાર્થથી નક્કી કરી શકે છે કે અનિવાર્ય પ્રવૃત્તિમાંથી અશુભ પ્રવૃત્તિ–અશુભ યોગનો–ત્યાગ કરી શકે છે. આ આત્માનો પુરુષાર્થ છે. આમ કરવાથી 'પાપ' કર્મનો બંધ અટકી જશે. આ અશુભ યોગના ત્યાગને–જીવના આ પુરુષાર્થને જ–સંવર કહેવામાં આવે છે, અને સામાયિક એ આ સંવરની ઉત્કૃષ્ટ પ્રક્રિયા છે. આમ કરવાથી જીવ ચાર ઘાતિ કર્મ–જે આત્માના ગુણોનો ઘાત કરે છે, એના બંધનમાંથી બચી જશે. આ ઘાતિ કર્મ જ જીવને સંસારમાં રખડાવે છે. એમાં મુખ્ય છે દર્શન મોહનીય કર્મ જે આત્માને એના સાચા સ્વરૂપનું ભાન નથી થવા દેતો. આત્માને મૂઢતા–મુર્ચ્છામાં રાખે છે. માટે જ ભગવાને સમ્યક્‌દૃષ્ટિ અને સમ્યક્‌જ્ઞાનને સામાયિકનું પ્રવેશદ્વાર કહ્યું છે. આને બોધિરત્ન પણ કહેવાય છે જેનો સરળ અર્થ છે પ્રત્યેક તત્ત્વ જેવું છે, તેને તેના સાચા સ્વરૂપમાં જાણવું.

સામાયિક આવશ્યકનો ક્રમ પણ વૈજ્ઞાનિક છે. પ્રારંભમાં શ્રી નમસ્કાર મહામંત્ર દ્વારા પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે. આ મહામંત્ર નમ્રતા અને વિનયનું પ્રતીક છે. સર્વ પાપોનો નાશ કરનાર આ મંત્ર પ્રથમ મંગલ છે.

ત્યારબાદ સામાયિકના પાઠનું ઉચ્ચારણ કરવામાં આવે છે. એમાં શરૂઆત જ છે કે, 'હે ભગવાન હું સામાયિક કરું છું અને એક મુહૂર્ત–૪૮ મિનિટ સુધી-સર્વ સાવદ્ય કાર્યોનો–પાપકારી પ્રવૃત્તિઓનો–અશુભ યોગનો–ત્યાગ કરું છું. શ્રાવક માટે આ ત્યાગ મન, વચન અને કાયા એમ ત્રણ કરણ અને બે યોગ (કરું નહીં- કરાવું નહીં)થી કરવામાં આવે છે જ્યારે સાધુ માટે તો આજીવન ત્રણ કરણ, ત્રણ યોગથી ત્યાગ કરવામાં આવે છે. આમ શ્રાવક માટે સામાયિક એ એક જાતનું ચોક્કસ સમય માટેનું સાધુપણું છે. પછી સાધક કહે છે કે, 'તસ્સ ભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં, વોસિરામિ.' આનો અર્થ એ છે કે હે ભગવાન ! અત્યાર સુધી પાપકારી પ્રવૃત્તિમાં રત મારા આત્માને એમાંથી પાછો વાળું છું, એની (પાપકારી આત્માની) હું નિંદા કરું છું, ગ્રર્હા કરું છું અને એને (પાપકારી આત્માને) વોસરાવી દઉં છું–ત્યાગ કરું છું.'

સામાયિકનું વ્રત અંગીકાર કરવાથી અવ્રત આશ્રવનું સંવરણ

થાય છે. મિથ્યાત્વ આશ્રવ પછીનું આ બીજું આશ્રવ છે જેમાંથી જીવ પળે પળે અશુભ કર્મનો બંધ કરે છે. સામાયિકમાં પણ પહેલાંના બાંધેલા કર્મનો તો ઉદય રહે જ છે, જે જીવને પાપકારી પ્રવૃત્તિ માટે સંદેશ આપે છે. દા. ત. અંદરથી માંગ આવે છે કે 'ભૂખ લાગી છે, કંઈ ખાઈ લે. તરસ લાગી છે, પાણી પી લે' પણ સાધક આ બધી માંગોને ઠોકર મારી પોતાની સાધનામાં મસ્ત રહે છે. ખાવાની પીવાની, પાંચ ઈન્દ્રિયના વિષયોની માંગણી તો સતત ચાલુ જ રહે છે. પણ સામાયિકમાં સાધક પોતાના આત્માના પુરુષાર્થથી (અકર્મવીર્યથી) એ માંગણીને દાદ નથી આપતો. આ જ ખરો ધર્મ છે! સામાયિકમાં સતત જાગૃત (Alert) રહેવાની આવશ્યકતા છે.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે. 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે-કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એ જ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન-વચન-કાયાની પ્રવૃત્તિ, તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે હવે આ પ્રવૃત્તિઓનો એકમાત્ર ઉદ્દેશ હશે–આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

બીજું પગલું તે કાયોત્સર્ગ. આ માટે પ્રથમ પાંચ જાતના સંકલ્પો કરવાના છે-

(૧) તસ્સ ઉત્તરી કરણેણં – તે પાપકારી પ્રવૃત્તિરૂપ આત્માનું ઉત્તરીકરણ એટલે કે શુદ્ધિકરણ કરવા માટે.

(૨) પ્રાયશ્ચિત કરવા માટે – જે ભૂતકાળમાં એવી પ્રવૃત્તિઓ કરી એનું પ્રાયશ્ચિત કરવા માટે.

(૩) વિસોહી કરણેણં – કર્મરૂપી રજ-મેલથી મલિન આત્માની શુદ્ધિ કરવા માટે.

(૪) વિસલ્લી કરણેણં – રાગ-દ્વેષરૂપી શલ્ય, ૪ કષાય અને નવ નોકષાયરૂપી કાંટાઓને દૂર કરવા માટે.

(૫) પાપ કર્મનો નાશ કરવા માટે. 'ઠામિ કાઉસગ્ગં'–હું કાયોત્સર્ગ કરું છું. સાવદ્ય વૃત્તિવાળી કાયાનો ઉત્સર્ગ–ત્યાગ કરું છું. મન, વચન, અને કાયાની બધી જ પ્રવૃત્તિઓને શાંત કરી, શરીરને શાંત, પ્રતિમાની માફક સ્થિર અને શિથિલ કરવું. શરીરની અંદર ચાલતી સ્વયં-સંચાલિત ક્રિયાઓ (Autonomous Activities) સિવાય બીજી બધી પ્રવૃત્તિ બંધ કરી, સ્થિર આસનમાં બેસીને મનને એકાગ્ર કરવા માટે શ્વાસ-પ્રેક્ષા કરવી. ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યકાળની કલ્પનાને બદલે માત્ર વર્તમાનમાં રહેવાનો અભ્યાસ કરવો. મનને એકાગ્ર કરવાનો સઘન પ્રયાસ કરવો. સતત અભ્યાસ કરવાથી મન એકાગ્ર થઈ શકે છે.

શરીરને શાંત, સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને, બહિર્આત્મામાંથી અંતર્આત્મામાં પ્રવેશ કરવાનો છે. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંતર્મુખ બનાવવાની છે. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવાનું છે.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

**(Endocrine Glands)**

| ચૈતન્ય કેન્દ્ર | ગ્રંથિ તંત્ર | સ્થાન |
|---|---|---|
| ૧. જ્ઞાન કેન્દ્ર | હાયપોથેલેમસ (Hypothelemas) | મસ્તકનો ઉપરનો ભાગ |
| ૨. જ્યોતિકેન્દ્ર | પિનિયલ (Pineal) | લલાટની મધ્યમાં |
| ૩. દર્શનકેન્દ્ર | પિચ્યુરિટી (Pituitary) | બે ભૃકુટિઓની વચ્ચે |
| ૪. વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (Thyroid) | ગળું-કંઠ |
| ૫. આનંદ કેન્દ્ર | થાઈમસ (Thymus) | છાતીની મધ્યમાં |
| ૬. તેજસ કેન્દ્ર | એડ્રીનલ (Adrenal) | નાભિની પાછળ |
| ૭. શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ(Gonads) | કોરડરજ્જૂનો અંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે જે આપણાં નાડીતંત્ર (Nervous System)ને વિવિધ પ્રકારના રાસાયણિક સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય-મગજમાં રહેલી લિમ્બિક સિસ્ટમ (Central limbic System) મોટર નાડી દ્વારા અલગ અલગ ગ્રંથિતંત્ર પર એકાગ્રચિત્તે વિધાયક-શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે. આમ પ્રભાવશાળી (Counter Command) દ્વારા અશુભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે કે અવચેતન મન (Sub-Consious Mind)ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે–સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભા મંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે. **લેશ્યા ધ્યાન**, ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ-તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળ શુદ્ધ થાય છે. કષાયાદિના અધ્યયવસાયો મંદ પડે છે. આ એક અદ્ભુત અને સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. જેનાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આ પ્રક્રિયાને આધ્યાત્મિક રંગ આપવા

ચતુર્વિંશતિસ્તવ–ચોવીસ તીર્થંકરોની સ્તુતિ–લોગસ્સના પાઠના અંતિમ ચરણનો ઉપયોગ કરવામાં આવે છે.

'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિંમમદિસંતુ.'

અર્થાત્ ચંદ્રથી પણ અધિક નિર્મળ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળા, સાગરથી પણ વધુ ગંભીર એવા હે સિદ્ધ ભગવાન! મને પણ સિદ્ધિ આપો. કર્મનું વિષચક્ર તોડવાની શક્તિ આપો. જેથી હું કર્મબંધનમાંથી મુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ-મુક્તાત્મા બની જાઉં. શુભ રંગતરંગોના ધ્યાન માટે ત્રણ પ્રકારના મંત્રો આમાંથી મળે છે. (૧) 'ચંદેસુ નિમ્મલયરા.' આ મંત્રનું ધ્યાન એકાગ્રચિત્તે લલાટના મધ્ય ભાગ–જ્યોતિકેન્દ્ર પર કરો, જ્યાં ભાવનાઓ ઉત્પન્ન થાય છે. સાથે ભાવના કરો કે, 'પૂનમના ચંદ્ર જેવો સંપૂર્ણ શીતલ નિર્મળ ચંદ્ર મારા લલાટમાં ચમકતા સફેદ રંગના તરંગો પ્રકાશિત કરી રહ્યો છે. મારી આજુબાજુ નિર્મળ–પવિત્ર શ્વેત રંગનું આભામંડળ બની ગયું છે. કષાયના લલાટના મધ્ય ભાગ-જ્યોતિકેન્દ્ર પર કરો, જળ ભાવનાઓ ઉત્પન્ન થાય છે. સાથે ભાવના કરો કે, 'પૂનમના ચંદ્ર જેવો સંપૂર્ણ શીતલ નિર્મળ ચંદ્ર મારા લલાટમાં ચમકતા સફેદ રંગના તરંગો પ્રકાશિત કરી રહ્યો છે. મારી આજુબાજુ નિર્મલ-પવિત્ર શ્વેત રંગનું આભામંડળ બની ગયું છે. કષાયના, મોહના, રાગદ્વેષના, ઈર્ષાના, વેર-ઝેરના, વિષય–વિકાર–કામ–વાસના–ના આવેશો, આવેગો, ઉત્તેજનાઓ શાંત–પ્રશાંત–ઉપશાંત થઈ રહ્યાં છે.'

(૨) 'આઈચ્ચેસુ અહિયં પયાસયરા'–આ મંત્રનું ધ્યાન બંને ભૃકુટિઓની વચ્ચે–દર્શન કેન્દ્ર પર અરુણ રંગના સાથે કરો. 'તેજસ લેશ્યાના તરંગોથી મારી મલિનતા દૂર થઈ રહી છે, કષાયરૂપી તિમિર દૂર થઈ રહ્યું છે ને મારા સમસ્ત અસ્તિત્વમાં પ્રકાશ ફેલાઈ ગયો છે.'

(૩) 'સાગરવર ગંભીરા' – આ મંત્રનું ધ્યાન માથાના ઉપરના ભાગમાં–જ્ઞાનકેન્દ્રમાં કરી સાથે ચમકતા પીળા રંગનો અનુભવ કરો. 'હું મહાસાગર જેવો ગંભીર બની રહ્યો છું.' સુખ-દુઃખ નિંદા-સ્તુતિ, માન-અપમાન, સફળતા-નિષ્ફળતા, સંયોગ-વિયોગ, હર્ષ-શોક આદિ દ્વન્દ્વોમાંથી મુક્ત પ્રભાવક શક્તિ જાગૃત થાય છે અને આત્માનું શુદ્ધિકરણ થતું જાય છે. નિકાચિત સિવાયના કર્મો ક્ષીણ થાય છે. અશુભ કર્મોનું શુભ કર્મોમાં સંક્રમણ થાય છે. શુદ્ધ આત્માનો આનંદ અને શક્તિનો અનુભવ થવા લાગે છે. આત્માનો સાક્ષાત્કાર થાય છે. આમ કર્મનું વિષચક્ર નબળું પડી તૂટતું જાય છે.

સામાયિકમાં આ રીતે અશુભ યોગનો ત્યાગ કરી આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા કરવાથી બહિરાત્માનો અંતરાત્મામાં પ્રવેશ થશે. અશુભ ભાવનાઓનું શુભમાં પરિવર્તન થશે અને શુભ લેશ્યાના રંગોના ધ્યાનથી આભામંડળની વિશુદ્ધિ થતી જશે. આ રીતે આચાર્યશ્રી મહાપ્રજ્ઞ સામાયિકની મહત્તા સમજાવી એમાં આત્માના શુદ્ધિકરણના પ્રયોગો પોતાના આગવાં ચિંતનથી બતાવે છે.

✶ ✶ ✶

અર્હમ્, ટોપ ફ્લોર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈ.), મુંબઈ-૪૦૦ ૦૨૨. ફોન : (૦૨૨) ૨૪૦૯ ૫૦ ૪૦ / ૨૪૦૯ ૪૧ ૫૭
ફેક્સ :૨૪૦૭ ૮૬ ૫૬. મો. : ૯૮૨૧૬ ૮૧૦૪૬
ઈ-મેઈલ : rashmizaveri@yahoo.co.in

## વીરા સાળવીની કથા

આવશ્યકના પચીસ બોલ સાચવીને, ભાવપૂર્વક ગુરુવંદન કરનારનાં અનેક ભવનાં કરેલાં કર્મક્ષય થાય છે. ભાવ વિના વંદન કરવાથી થોડું જ ફળ પ્રાપ્ત થાય છે. દ્રવ્ય અને ભાવવંદન ઉપર શ્રીકૃષ્ણ મહારાજા અને વીરા સાળવીની કથા આ પ્રમાણે છે.

બાવીશમાં તીર્થંકર શ્રી નેમિનાથપ્રભુ એક વખતે દ્વારિકા નગરીની બહાર સમવસર્યા શ્રીકૃષ્ણવાસુદેવ મહારાજા પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુએ દેશનામાં ગુરુવંદનનું ઉત્તમ ફળ બતાવ્યું. ગુરુવંદનનું આ પ્રમાણે ઉત્તમ ફળ સાંભળીને, શ્રીકૃષ્ણ મહારાજાએ મનના ઉત્સાહથી સમવસરણના અઢારે હજાર સાધુઓને દ્વાદશાવર્ત્ત વાંદણાથી વંદન કર્યું. કૃષ્ણ મહારાજાની સાથે આવેલા સોળ હજાર મુગટબદ્ધ રાજાઓએ પણ શ્રીકૃષ્ણની સાથે સાથે સાધુઓને વંદન કરવા માંડ્યું. પરંતુ રાજાઓ થાકી ગયા અને એકલા કૃષ્ણ મહારાજા અને વીરા નામના સાળવીએ અઢારે હજાર સાધુઓને વંદન કર્યું. નવહજાર સાધુઓને વંદન કરતાં કરતાં, શ્રીકૃષ્ણ મહારાજાને થાક લાગવા માંડ્યો અને આખા પરસેવાથી રેબઝેબ થઈ ગયા. તે વખતે કૃષ્ણ મહારાજા, શ્રીનેમિનાથ પ્રભુને પૂછવા લાગ્યા કે –

'હે પ્રભુ! મેં ત્રણસોને સાઠ મોટા સંગ્રામો ખેલ્યા છે. તેનાથી જેટલો થાક લાગ્યો ન હતો, તેથી પણ વધુ થાક આજે લાગ્યો છે.'

પ્રભુએ કહ્યું કે – 'જેમ થયું તેમ તમને આજે ઘણો લાભ પ્રાપ્ત થયો છે. સાધુઓને વંદન કરતાં કરતાં, તને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું અને તેં તીર્થંકર નામકર્મ ઉત્પન્ન કર્યું, અને અગાઉ કરેલા મહાસંગ્રામાદિક આરંભ કરતાં, તેં સાતમી નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ ઉપાર્જન કર્યું હતું, તે સાધુઓને વંદન કરવાથી તૂટતાં, ત્રીજી નરક યોગ્ય કર્મ બાકી રહ્યું છે અને તારી દાક્ષિણ્યતાને લીધે, તારી સાથે સાથે દ્રવ્ય વંદન કરનાર વીરા સાળવીને કાંઈપણ ઉત્તમ ફળ પ્રાપ્ત થયું નથી.'

# સાધક જીવન અને આવશ્યક ક્રિયાઓ

□ સુનંદાબેન વોહોરા

*[ દેશ-વિદેશમાં સ્વાધ્યાય આપનાર અને જૈન ધર્મના અનેક પુસ્તકો લખનાર શ્રી સુનંદાબેન વોહોરા એક ધર્મ વિચારક અને ચિંતક તરીકે આગવી પ્રતિભા ધરાવે છે. વિકલાંગ લોકો માટે તેમ જ અન્ય સમાજકલ્યાણના કાર્યોમાં એમનું યોગદાન વિશિષ્ટ રહ્યું છે.]*

સાધકજીવન એટલે જેની પાસે માનવ જીવનની સાર્થકતાનું લક્ષ્ય-સાધ્ય છે. આહારાદિ સંજ્ઞાઓ ત્યજી મુક્તિ પ્રત્યે જવાનું ધ્યેય છે. ચિત્તશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ યુક્ત જેનું જીવન છે, તે સાધક છે.

**આવશ્યક ક્રિયાઓ:** (અવશ્ય કરણીય) જૈનદર્શનના સર્વજ્ઞ તીર્થંકર ભગવાને ઉપદેશેલા બોધનો જેમાં સંગ્રહ થયો તે આગમો દ્વારા પ્રકાશિત થયેલા ધર્મમાં આવશ્યક ક્રિયાઓનું સ્થાન મહત્ત્વનું છે. મન, વચન, કાયા અને ઉપયોગ વડે થતી આ ક્રિયાઓ મોક્ષમાર્ગને પ્રયોજનભૂત છે. અર્થાત્ જે ક્રિયાઓથી સાધકનું ચરમ ધ્યેય સિદ્ધ ન થાય તે અનાવશ્યક ક્રિયાઓ છે. તેનું લોકમાનસ પર ગમે તેટલું પ્રભુત્વ હોય તો પણ તે અનાવશ્યક ક્રિયાઓ છે. અરે! બાહ્યાડંબરથી થતી ધર્મક્રિયાઓ જૈન કે જૈનેતરમાં જે સંસારવૃદ્ધિ કરનારી છે, તે પણ અનાવશ્યક છે.

સાધકજીવનમાં જિનપૂજા, અહિંસા, વ્રત, તપ, દાનાદિ, સામાયિક, ધ્યાન, મંત્ર, ધર્મ સાધનાના અનેક પ્રકારો છે. **તેમાં નિત્ય કરવા યોગ્ય છ આવશ્યક ક્રિયાની વિશેષતા છે.** સંસારની આરંભ સમારંભયુક્ત ક્રિયાઓથી, પાપજનિત કર્મબંધયુક્ત અનાવશ્યક ક્રિયાઓથી વિરમવા માટે છ આવશ્યક ક્રિયાઓનું પ્રયોજન જ્ઞાનીઓએ વિશદતાથી નિરૂપ્યું છે. જેમાં સાધક જીવનની ઘણી ચર્ચાનો સમાવેશ થાય છે. અનંત પ્રકારનાં કર્મોનો સંક્ષેપ આઠ પ્રકારની પ્રકૃતિમાં કર્યો છે, તેમ અનેક પ્રકારની ક્રિયાઓનો સમાવેશ છ આવશ્યક ક્રિયાઓમાં કર્યો છે. અત્રે તે આધારે રજૂઆત કરી છે.

**છ આવશ્યક ક્રિયાઓ:**

૧. સામાયિક, ૨. ચઉવિસત્થો (ચતુર્વિંશતિ સ્તવ, લોગસ્સ સૂત્ર) ૩. વંદન, (૪) પ્રતિક્રમણ, ૫. કાઉસગ્ગ, ૬. પચ્ચક્ખાણ. પાંચે પ્રતિક્રમણમાં આ છ આવશ્યક સમાય છે. તેમાં સાધના તરીકે તેના અલગ સ્થાન પણ છે, જે સાધક અને સાધુને થોડાક ફેરફારથી કરવાના હોય છે.

સામાયિક પ્રતિક્રમણના પ્રારંભની વિધિ છે.

૧. સામાયિક : પ્રથમ આવશ્યક ક્રિયા.

સામ-યિક સામાયિક. શાસ્ત્રકારોએ સામાયિક **ખલુ આત્મા** કહ્યો છે. સૂરિ પુરંદર હરિભદ્ર મહારાજે હારિભાદ્રિય અષ્ટકમાં કહ્યું છે :

सामायिकं च मोक्षांगं परं सर्वज्ञ भाषितम् ।
बासी चंदन कल्पना मुक्त मैतन्म हो त्मनाम् ।।

'સામાયિક સમતા ભાવનું રસાયણ છે, મોક્ષનું પ્રધાન અંગ છે તેમ સર્વજ્ઞે કહ્યું છે. તાત્ત્વિક સામાયિક વાસી ચંદન કલ્પ મહાત્માઓને હોય છે. અર્થાત્ વાંસલા વડે કોઈ દેહને છેદે, અર્થાત્ દ્વેષભાવથી કોઈ નિંદા કે પ્રહાર કરે, કે અન્ય પ્રકારનો ઉપદ્રવ કરે તો મુનિ મહાત્મા નાખુશ ન થાય અને સ્તુતિ કરે તો ખુશ ન થાય. સમતા સ્વરૂપ સામાયિકનો આ પરિણામ છે.'

જૈનદર્શનમાં બતાવેલી સામાયિક ધર્મની આગવી સાધના સામાયિક સ્વીકારની પ્રતિજ્ઞાના 'કરેમિ ભંતે' સૂત્રમાં સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ અને શુભ પ્રવૃત્તિઓનું સેવન કરવામાં આવે છે; કારણ કે સર્વ પ્રકારના યોગો અને આધ્યાત્મિક પ્રક્રિયાઓનો સામાયિકમાં સમાવેશ થઈ જાય છે.

सामायिकं गुणनाधार: खमिय सर्वभावानाम।
न हि सामायिक हीना ज्वरणादि गुणान्विता येन ।।

(અનુયોગદ્વાર સૂત્ર ટીકા)

જેમ આકાશ એ સર્વ પદાર્થોનો આધાર છે તેમ સામાયિક એ જ્ઞાનાદિ સર્વ ગુણોનો આધાર છે. કારણ કે સામાયિક વિનાના જીવો કદી પણ ચારિત્ર ગુણો પ્રાપ્ત કરી શકતા નથી. તેથી જ જિનેશ્વર દેવોએ શારીરિક, માનસિક સર્વ દુઃખોના નાશરૂપ મોક્ષના અનન્ય સાધન તરીકે સામાયિક ધર્મને ગણાવ્યો છે.

આ. શ્રી કલાપૂર્ણવિજયજી સર્વજ્ઞ કથિત પરમ સામાયિક ધર્મના ગ્રંથમાં જણાવે છે કે–'સામાયિક સિવાયના શેષ પાંચે આવશ્યકોનું વિધાન એ સામાયિકને જ પુષ્ટ કરે છે તે સામાયિક લેવાના 'કરેમિ ભંતે' સૂત્રમાં પ્રગટ થાય છે. 'કરેમિ ભંતે સામાઈયં' આ શબ્દો સામાયિક અને ચઉવિસત્થો (ભંતે)નું સૂચક છે. 'સાવજ્જ જોગં પચ્ચક્ખામિ' આ પદો પ્રત્યાખ્યાનને જણાવે છે. 'તસ્સ ભંતે' આ શબ્દો ગુરુવંદનને સૂચવે છે. 'પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ' આ પદો પ્રતિક્રમણના બોધક છે. 'અપ્પાણં વોસિરામિ' આ પદ કાયોત્સર્ગને સૂચવે છે. આથી સામાયિક જૈન શાસનનું મૂળ છે. દ્વાદશાંગીનું રહસ્ય છે, ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, ચારિત્રયોગ, ધ્યાનયોગ, અષ્ટાંગયોગ સર્વ યોગ સાધનાનો તેમાં સમાવેશ થાય છે.'

સાધકના પરિણામની દૃષ્ટિએ સામાયિકનાં ત્રણ મુખ્ય પ્રકાર છે. ૧. સામ-સામાયિક મધુર પરિણામરૂપ છે જેમાંથી જીવમૈત્રી ફલિત થાય છે. પ્રભુ ભક્તિથી ભાવિત થયેલ આત્મા અપૂર્વ માધુર્યનો

અનુભવ કરે છે. આ પરિણામ સમતાયોગ છે.

૨. સમ-તૂલ્ય સ્થિર પરિણામ. રાગ-દ્વેષના નિરંતર પરિણામના પ્રસંગે ચિત્તની સમતુલા જાળવવી, તૂલ્ય પરિણામ જાળવવા, માધ્યસ્થ ભાવનારૂપ બને છે.

૩. સામ-આ સામાયિક તન્મય પરિણામરૂપ છે. દૂધમાં સાકર ભળે તેમ આત્મામાં રત્નત્રયનું અભેદ પરિણમન છે.'

છ આવશ્યકમાં 'કરેમિ ભંતે' સૂત્રથી પ્રથમ આવશ્યક ક્રિયા સામાયિકથી થાય છે. જેમાં સર્વ સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ છે, તેવા નિર્મળ ચિત્ત વડે થતી ક્રિયાઓ સાધકને પાપમુક્ત કરે છે. તેવા નિર્મળ ચિત્ત વડે સામાયિક રૂપ ભાવનું રહસ્ય અદ્ભૂત છે.

આ. શ્રી નરવાહનસૂરિજી રચિત છ આવશ્યકનાં રહસ્યોઃ

'૧. પાપને પાપ માનવું તે શ્રુત સામાયિક, ૨. હેયમાં હેય બુદ્ધિ રાખવી ને ઉપાદેયમાં ઉપાદેય બુદ્ધિ રાખવી તે સમ્યક્ત્વ સામાયિક. ૩. બે ઘડીનું વિધિપૂર્વક સામાયિક કરવું તે દેશવિરતિધર સાધકનું સામાયિક છે. સર્વથા પાપનો ત્યાગ કરવાવાળું તે સર્વવિરતિ સામાયિક છે. આવી અનુપમ ક્રિયા કરવાનું શ્રેય ચાર ગતિમાં મનુષ્યને જ મળ્યું છે.'

સામાયિકનું મહાત્મ્ય સમજાવતાં શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળાના 'સામાયિક વિચાર'- ૩૭મા પાઠમાં જણાવ્યું છે કેઃ

'આત્મશક્તિને પ્રગટ કરનાર, સમ્યગ્ દર્શનનો ઉદય કરાવનાર, શુદ્ધ સમાધિ ભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો અમૂલ્ય લાભ આપનાર, રાગ-દ્વેષથી માધ્યસ્થ બુદ્ધિ કરાવનાર, એવું સામાયિક નામનું શિક્ષાવ્રત છે. સામાયિક શબ્દની વ્યુત્પત્તિ સમ+આય+ઈક એ શબ્દોથી થાય છે. 'સમ' એટલે રાગ-દ્વેષ રહિત માધ્યસ્થ પરિણામ. 'આય' એટલે સમતાભાવથી ઉત્પન્ન થતા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભ અને 'ઈક' કહેતાં ભાવ થાય છે. એટલે જે વડે કરીને મોક્ષમાર્ગનો લાભદાયક ભાવ ઉપજે તે સામાયિક. આર્ત અને રૌદ્ર બે પ્રકારના ધ્યાનનો ત્યાગ કરીને મન-વચન-કાયાના પાપભાવને રોકીને વિવેકી શ્રાવક સામાયિક કરે છે. વળી બત્રીસ દૂષણ રહિત સામાયિક કરવી. પાંચ અતિચાર ટાળવા. પાઠ ૩૯માં જણાવે છે કે વિધિપૂર્વક સામાયિક ન થાય એ બહુ ખેદકારક અને કર્મની બહુ દુર્લભતા છે. સાઠ ઘડીના અહોરાત્ર વ્યર્થ જાય છે. અસંખ્યાતા દિવસોથી ભરેલા કાળચક્ર વ્યતીત કરતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીની વિશુદ્ધ સામાયિક સાર્થક કરે છે.'

**૨. બીજી આવશ્યક ક્રિયા-ચઉવિસત્થો :**

चतुर्विंशति स्तव अर्हतगुणो किर्तन भक्ते:कर्मक्षयउक्त:

ચતુર્વિંશતિ–અર્થાત્ લોગસ્સ સૂત્ર દ્વારા વર્તમાનના ચોવીસ તીર્થંકર ભગવાનની સ્તૂતિ છે. દરેક ચોવીસીના કાળે નામો બદલાય છે. પરંતુ ગુણ મહિમાની અખંડતા હોય છે. દરેક કાઉસગ્ગમાં અને તેની પૂર્ણતા બાદ આ સૂત્રનો અનેકવિધ ઉપયોગ હોય છે. તે તેનું મહાત્મ્ય સૂચવે છે.

ચોવીસ તીર્થંકરની સ્તુતિ દ્વારા સાધકો પ્રભુના શાસનને સમર્પિત થાય છે, જે મોક્ષમાર્ગના મૂળ સાધન સમ્યગ દર્શનને પ્રગટ કરે છે. કર્મનો ક્ષય કરે છે. ઘણી પુણ્યરાશિ એકઠી થાય ત્યારે આવો યોગ મળે છે. છ દ્રવ્યોથી સ્વયં પરિણામી લોકને પ્રકાશિત કરનારા, ધર્મ તીર્થને સ્થાપનારા, વિતરાગ પરમાત્માની સ્તવનાનો અર્થ ગંભીર છે. આ ધર્મતીર્થ દ્વારા ચંડકૌશિક, ચંદનબાળા, રોહિણેય જેવા અનેક જીવો તરી ગયાં.

પ્રભુના ગુણ કીર્તન સાથે સ્તુતિ કરતાં સાધકમાં તે તે ગુણોનું અવતરણ થાય છે. ત્યારે સાધક કાળક્રમે સ્વરૂપ-અરિહંતદશાને પ્રાપ્ત કરે તેવું આ સ્તુતિનું મહાત્મ્ય છે. કારણ કે ભાવપૂર્વક ચોવીશ તીર્થંકરની સ્તુતિ રૂપ સૂત્ર બોલતાં મોક્ષનો અભિલાષ થતાં પુરુષાર્થ વધે છે. તેથી સાધક ગ્રંથિભેદ કરે છે. અનુક્રમે આ સ્તુતિમાં સાધક રત્નત્રયના પરિણામ પામી સાધ્યને સિદ્ધ કરે છે.

**૩. ત્રીજી આવશ્યક ક્રિયા-વંદન : (અબ્ભૂઠ્ઠિયો સૂત્રથી)**

આ ક્રિયામાં ગુરુ ભગવંતની પ્રત્યક્ષતા છે અને તીર્થંકર પરમાત્મા પરોક્ષ રીતે છે. બંને પ્રત્યેના અત્યંત બહુમાનથી કરેલા વંદનથી સાધક કર્મમલનો નાશ કરવા શક્તિમાન બને છે. વંદનની ક્રિયામાં જીવના અહંકારભાવનું વિસર્જન થાય છે. સાધક માટે વંદન એ રૂઢિ કે બાહ્ય ક્રિયા નથી, પરંતુ ગુરુ પ્રત્યેના અહોભાવ સાથે પોતાના દોષોનું નિવેદન કરી, દોષોને વિસર્જિત કરી સાધક પાવન બને છે. કારણ કે ગુરુજનોમાં વાત્સલ્ય અને કરુણાનું રસાયણ છે. તે શક્તિના સંચાર વડે સાધક શીઘ્રતાથી નિર્મળ બોધને ગ્રહણ કરી આત્માના આનંદને પ્રાપ્ત કરે છે.

સાધુ ભગવંતોના સંયમની શુદ્ધિથી સાધકમાં શક્તિનો સંચાર થાય છે, જેથી અકુશલ અધ્યવસાયની નિવૃત્તિ અને કુશલ અધ્યવસાયની પ્રવૃત્તિ થાય છે, જે સાધકને દુર્ગતિમાં પડતો બચાવે છે. કારણ કે ગુરુકૃપા તેને દુર્ગતિ થાય તેવા પરિણામોથી દૂર રાખે છે. તે ત્રીજા આવશ્યકનું પ્રત્યક્ષ ફળ છે.

**૪. ચોથી આવશ્યક ક્રિયા પ્રતિક્રમણ છે :**

પાપાદિ અધ્યવસાયોથી પાછા વળવું તે પ્રતિક્રમણ. પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્તસૂરિજી રચિત સાર્થ આવશ્યક ક્રિયાના સૂત્રોમાં જણાવ્યું છે કે 'સર્વજ્ઞ વિતરાગ પરમાત્માએ ઉપદેશેલા કરવા યોગ છ આવશ્યકમાં ચોથું આવશ્યક 'પ્રતિક્રમણ' છે. જીવના મૂળભૂત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ પ્રશસ્ત ક્ષાયોપશમિકાદિ ભાવોના યોગે પ્રાપ્ત થયેલા જીવના શુભ પરિણામને સ્વસ્થાન કહેવાય છે. એનાથી ભિન્ન અપ્રશસ્ત રાગ-દ્વેષાદિ પરિણામ સ્વરૂપ જીવની અશુભ અવસ્થાને પરસ્થાન કહેવાય છે. તથા નિદ્રા, વિકથા, પ્રમાદને વશ બની પરસ્થાને ગયેલા જીવનું પુનઃ સ્વસ્થાને આવવું તે પ્રતિક્રમણ છે. તે સવારે અને સાંજે બંને સમય કરવાનું હોય છે.'

વાસ્તવમાં જ્યાં જ્યાં આલોચના ભાવ છે ત્યાં પ્રતિક્રમણ થઈ જાય છે. પણ આલોચના કેવી રીતે કરવી તે પ્રતિક્રમણ સૂત્રમાં વંદિતા સૂત્રમાં વિસ્તારથી જણાવી છે. રોજ ભાવપૂર્વક આ આવશ્યક ક્રિયા કરવાથી કોઈ ક્ષણો એવી શુદ્ધિની આવે છે કે સાધક સ્વભાવરૂપ શુદ્ધતાનો અનુભવ કરે છે. વર્તમાનકાળે એવા ઉચ્ચ સ્વસ્થાનોની દશા ન આવે તો પણ ઘોર પાપોથી બચી શકીએ તેવી સમજ આ વંદિતા સૂત્રથી મળે છે. તેમાં બાર વ્રતોની સૂક્ષ્મપણે આલોચનાથી સાધક પાછો વળે તેનું પ્રતિક્રમણ સાર્થક બને છે.

બીજા તીર્થંકરના શાસનકાળમાંઆરાધના કરનાર ઋજુ અને પ્રાજ્ઞ હતા. પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ રહેલા ચતુર્વિધ સંઘના આરધકો પણ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી અતિચાર લાગે તો જ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. તેઓ હેય ઉપાદેયનો તાત્ત્વિક વિવેક ટકાવી શકતા હોય છે.

છેલ્લા તીર્થંકરના શાસન કાળના આરાધકો (આપણો કાળ) વક્ર અને જડ હોવાથી હેય ઉપાદેયનો વિવેક કરી શકતા નથી. કરે તો અન્યનું જોઈને ટકી શકતા નથી. આધુનિક પ્રલોભનોથી આકર્ષાઈ જાય અને પાપજનક પ્રવૃત્તિઓમાં અટવાઈ જાય. ધર્મક્રિયાઓ કરે પણ તાત્ત્વિક બોધનો અભાવ, આજ્ઞાનું ભાન ન હોવાથી વિવેક ચૂકી જતા હોય છે. તેથી આ જીવોને અતિચાર લાગે કે ન લાગે તો પણ રાત્રિ અને દિવસનું બંને પ્રતિક્રમણ અવશ્ય કરવાનું વિધાન છે.

આ પ્રતિક્રમણની ક્રિયા છઠ્ઠા ગુણસ્થાનક સુધી કરવાની છે. કારણ કે ત્યાં સુધી પ્રમાદ હોય છે. સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકે આરાધકોને અપ્રમત્ત ભાવ હોવાથી પ્રતિક્રમણ કરવાનું નથી. અર્થાત્ એકથી છ ગુણસ્થાનક સુધી પ્રતિક્રમણ ન કરે તો તે દોષિત છે. સાતથી આગળના ગુણસ્થાનકે પ્રતિક્રમણનો વિકલ્પ હોતો નથી, હોવો તે દોષ છે. જે જીવોમાં વિવેક કે સમજ નથી તેઓ આનું અર્થઘટન અવળું કરતા હોય છે. દોષ લાગવા છતાં પાછા ન વળવું એ સંસારના પરિભ્રમણનું કારણ છે. પ્રતિક્રમણ મુખ્ય પાંચ પ્રકારે છે. રાઈ, દેવસી, પકખી, ચઉમાસી અને સાંવત્સરિક.

પૂ. શ્રી નરવાહનસૂરિજી રચિત છ આવશ્યકના રહસ્યોમાં જણાવેલ છે કે 'શ્રાવકોને નિત્ય પ્રતિક્રમણ કરતા કરતા સર્વ પાપથી રહિત થઈને જીવન જીવવાના ભાવો જાગે તે ભાવ પ્રતિક્રમણ કહેવાય છે, તે સાર્થક છે.'

જે કરવાલાયક કર્તવ્યો જ્ઞાની ભગવંતોએ કહેલા છે એનું પાલન ન થવું તે અને ભૂલો થઈ હોય તો તે કપટ રહિત થઈ સ્વીકારવી અને પુનઃ ન થાય તેની સતત કાળજી રાખવી, તે માટે આત્માને જાગૃત રાખવો, તે પ્રતિક્રમણ યથાર્થ કહેવાય છે. વળી પ્રતિક્રમણના ઘણા સૂત્રો મહદ્ અંશે પૂ. ગણધરોથી પરંપરાએ રચાયેલા છે. તેનું મહાત્મ્ય ચિત્તની શુદ્ધિમાં અવલંબન બને છે. માટે શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિક્રમણ કરવું.'

પ્રતિક્રમણનો ઋતુકાળ પ્રમાણે સમય હોય છે. પ્રમાદવશ સમયસર ન થાય તો સવારનું ૧૨ વાગ્યા પહેલાં અને સાંજનું રાત્રિના ૧૨ વાગ્યા પહેલાં કરવું. અન્ય સંપ્રદાયોમાં સમયનું મહાત્મ્ય સચવાયું છે. જેમની પાસે મૂળ શાસ્ત્રોનો યોગ કે બોધ નથી તે પોતાના સમુદાયના માળખામાં વિધિયુક્ત પ્રતિક્રમણ તો નહિ, પણ કંઈક આયોજન કરે છે.

**૫. પાંચમી આવશ્યક ક્રિયા કાઉસગ્ગ છે. (કાયોત્સર્ગ)**

પૂ. આ. નરવાહનસૂરિજીએ છ આવશ્યકના રહસ્યમાં જણાવ્યું છે કે 'દેહભાવનો ત્યાગ કરીને મનની એકાગ્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો તે કાઉસગ્ગ કહેવાય છે. કાયાના કોઈપણ પ્રકારના હલનચલનથી ચિંતન-મનન-ધ્યાનની સ્થિરતા આવતી નથી. તે માટે જ્ઞાની પુરુષોએ પ્રથમ કાયાને સ્થિર કરવાનું રહે છે. ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. કાયાની સ્થિરતા વડે, મૌન વડે, ધ્યાન વડે આત્માને પાપ વ્યાપારથી મુક્ત કરું છું.'

ચોથા આવશ્યક સુધીમાં પાપ પ્રવૃત્તિ કરતાં કોઈ અપરાધ રહી ગયો હોય તો તે પાપો આ કાઉસગ્ગ નામના આવશ્યકથી નાશ પામે છે. કાઉસગ્ગ આવશ્યક સુધીમાં તો જીવનું પાપનું પોટલું લગભગ ખાલી થતું જાય અને જીવ આનંદની અનુભૂતિ કરે. હેય ઉપાદેયના વિવેકમાં જાગૃત રહે છે. શુદ્ધ પરિણામ રૂપે થતું આ આવશ્યક સાધકને સંવર નિર્જરામાં સ્થિર કરે છે. પ્રાંતે આત્મશક્તિનો પ્રકાશ થાય છે.

પ્રવર્તમાન આચાર્ય શ્રી યશોવિજયસૂરિજી 'ધ્યાન અને કાયોત્સર્ગ' ગ્રંથમાં જણાવે છે કે, પ્રતિક્રમણની વિધિમાં સામાન્ય પ્રવાહથી કાઉસગ્ગ એટલે લોગસ્સ સૂત્ર કે નવકારથી થતી ક્રિયા છે. વાસ્તવમાં કાયોત્સર્ગનું અનુષ્ઠાન ઘણું આગવું અને મહત્ત્વનું છે. એ દેહભાવ ત્યજવાની પ્રક્રિયા છે. યોગોની સ્થિરતા અને ઉપયોગની શુદ્ધિરૂપ આ અનુષ્ઠાન દ્વારા મહામુનિઓ દેહભાવ ત્યજી, કઠિન ઉપસર્ગો સહી નિર્વાણ પામ્યા છે. અર્થાત્ આ આવશ્યક માત્ર સૂત્રની ગણત્રીથી પૂરી કરવાની ક્રિયા નથી, પણ તેનું આગવું મહત્ત્વ છે. કાયોત્સર્ગ એટલે ઘટનાઓથી અને વિકલ્પોથી અપ્રભાવિતપણું. દેહભાવથી વિરક્ત દશાનું ત્રણે યોગની સ્થિરતા માટે કાયોત્સર્ગની મુદ્રાઓ જણાવી છે. ૧. જિન મુદ્રા–તેને માટે સમપાદ શબ્દ છે. પગ પર સમતુલા રાખવી. જેમાં શ્વાસોચ્છ્વાસની સમતુલા સચવાય છે અને સાધક સ્હેજે ધ્યાનમગ્ન થાય છે.

૨. આસ્તિમુદ્રા–આસન પર પદ્માસનમાં બેસવાનું છે. શરીર શિથિલ અને નિશ્ચલ રાખવાનું છે. કરોડરજ્જૂ ટટ્ટાર છતાં સરળ હોય. આ સ્થિતિમાં અંતરમુખ થવાય અને શ્વાસોચ્છ્વાસ સપ્રમાણ હોય તો લાંબા વખત સુધી કાયોત્સર્ગ થઈ શકે છે.

૩. શયિત મુદ્રા–(શવાસન) પાતળા કે શેતરંજી જેવા સાધન પર ચત્તા સૂઈ જવાનું. શરીર શિથિલ રાખવાનું છે. દેહભાવથી મુક્ત

રહેવાનું છે.

ત્રણે મુદ્રામાં શ્વાસોચ્છ્‌વાસની લયબદ્ધતા જાળવવાની છે. આથી વિભાવોમાંથી સાધક સ્વભાવ પ્રત્યે સ્હેજે ટકે છે.

આવા કાયોત્સર્ગની સફળતા માટે તે અગાઉના ઇરિયાવહીથી માંડી તસ્સ ઉત્તરીકરણેણ, અન્નત્થ આદિ સૂત્રોથી મનાદિ યોગોને શુદ્ધ અને શાંત કરવાના છે, જે નિર્વાણ સુધીની યાત્રા છે. એક કાળે એ રાજમાર્ગ હતો. કાળ બળે તે કેડી બની. તેમાં વળી તેના પર ધૂળ ચડી ગઈ. વપરાશ ઘટ્યો. એકલ દોકલ સાધક એ કેડીએ ચઢે તો ચઢે. આ કાયોત્સર્ગ પ્રતિક્રમણ જેવા વ્યવહાર માર્ગથી જરા જુદો છે. પણ લક્ષ્ય સુધી પહોંચાડે છે. એ કાયોત્સર્ગનું માહાત્મ્ય નિર્વાણ સુધીનું છે.

**૬. છઠ્ઠી આવશ્યક ક્રિયા પચ્ચક્‌ખાણ છે:**

સાધકે આત્મ સાધનામાં બાધક જણાતા પદાર્થોનો ત્યાગ કરવો તે પચ્ચક્‌ખાણ છે. તેના વિવિધ પ્રકારો છે. તેમાં સવિશેષ આહારને લગતું વિધાન છે. જેમાં વૃત્તિસંક્ષેપ કે રસત્યાગ જેવા તપનો સમાવેશ થઈ જાય છે. વળી ધન ધાન્યાદિ પરિગ્રહમાં આવતા પદાર્થોનો સંક્ષેપ કરવો. દિશાઓનું પરિમાણ કરવું. મૌન રાખવું. વ્રતાદિનું પાલન કરવું, તેનો પચ્ચક્‌ખાણમાં સમાવેશ થાય છે. આ પચ્ચક્‌ખાણના નિમિત્તે ત્યાગની વૃત્તિ કેળવાય. સંતોષનો ગુણ આવે. સહનશક્તિ સહજ બને. અંતરંગ નિર્મળતા વધે, જેથી સાધક કથંચિત અલ્પભવી થાય છે.

સામાન્ય રીતે પચ્ચક્‌ખાણને પ્રતિક્રમણમાં નવકારશીથી ચઉવિહાર વિગેરે પ્રકારે દર્શાવાય છે. ચૌદ નિયમમાં પણ ઘણાં ત્યાગનો હેતુ સચવાય છે. બાર વ્રતમાં ઘણાં પદાર્થોના ત્યાગરૂપ પચ્ચક્‌ખાણ હોય છે.

સામાન્ય રીતે પચ્ચક્‌ખાણની પ્રણાલિ સવારના પ્રતિક્રમણમાં મૂઠ્‌સિ નવકારશીથી શરૂ થાય છે. જેમાં ચારે આહારનું સેવન હોય છે. સાંજના પ્રતિક્રમણમાં દુવિહાર, તિવિહાર, ચઉવિહાર એમ પચ્ચક્‌ખાણ હોય છે. આહારાદિ સાથે જોડાયેલી ઈચ્છાના નિરોધ માટે પચ્ચક્‌ખાણ કરતાં સાથે અપ્રશસ્ત કષાય, રાગાદિભાવનો ત્યાગ તથા અવિરતીથી સાવધ રહી જીવન જીવવા પ્રયત્ન કરે અને સર્વવિરતિ પ્રાપ્ત કરીને અપ્રમત્ત ભાવ પેદા કરવા તે તાત્ત્વિક પચ્ચક્‌ખાણ નિર્જરાનો હેતુ બને છે.

આહારાદિ સંયમના સંસ્કાર રહિત જીવ પશુસમાન છે. પશુઓનું પાપરૂપ જીવન હોવાથી તેમને આવો યોગ પ્રાપ્ત થતો નથી. માનવજન્મ પામેલા પણ જો પદાર્થોના ત્યાગરૂપ પચ્ચક્‌ખાણ ન કરે તો તે વિવેકહીન જીવન જીવતો પરિભ્રમણ કરે છે. પચ્ચક્ખાણ આવશ્યક દેવોને પણ મળતું નથી. મનુષ્ય જીવનમાં સર્વવિરતિ સુધી અનેક પદ્ધતિના પચ્ચક્‌ખાણ પાપભાવના ત્યાગરૂપ ઉત્તમ અધ્યવસાય છે. મહાત્માઓ તે પ્રાણાંતે પાળીને દુઃખમુક્ત થયા છે, થાય છે અને થશે.

આપણું જીવન જ પુનરાવર્તનવાળું છે. રોજ ખાવું, પીવું, નહાવું, અરે જન્મ અને મરણનું પુનરાવર્તન થયા કરે છે. એ દૈહિકભાવ છે અને જીવને દેહની આસક્તિના સંસ્કારો આત્મપ્રદેશ સુધી પહોંચ્યા છે. તેના મૂળને દૂર કરવા આ પ્રતિક્રમણના આવશ્યકની ક્રિયા અને સૂત્રોનું પુનરાવર્તન કરવાનું છે. વાસ્તવમાં તે પુનરાવર્તન નથી, દોષોને દૂર કરવાની પ્રક્રિયા છે.

## સારાંશ :

આ છ આવશ્યક ક્રિયાનું સાધક જીવનમાં કેવું અગત્યનું સ્થાન છે કે એક પછી એક ક્રિયાનો ક્રમ અધ્યવસાય શુદ્ધિનો વિકાસ કરે છે. છતાં પ્રમત્ત અવસ્થામાં દોષ રહી જવાનો સંભવ છે. જ્ઞાનીજનો કહે છે એ પણ ચલાવી લેવાનું નથી. આંખમાં પડેલું કણ ખૂંચે તેમ તે દોષોથી મુક્ત થવા પ્રયત્ન કરવો. રાત્રિ-દિવસ થતી સાવદ્ય ક્રિયાના આલોચન માટે પ્રતિક્રમણ છે. આવશ્યક ક્રિયાઓમાં લાગેલા દોષોની પણ ગર્હા છેવટે સામાઈક-પયજુત્તો સૂત્રથી કરવાની છે. જેમાં મનના દશ, વચનના દશ, બાર કાયાના બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તેની ક્ષમાયાચના કરવાની છે. સામાયિક વ્રતના ઉપયોગમાં રહેલો સાધક સાધુ જેવો ગણાય છે. આમ પહેલું આવશ્યક જ કેટલું મહત્ત્વપૂર્ણ છે. જેની વિધિમાં અન્ય સૂત્રોની ગૂઢતામાં રહેલી છે. કાઉસગ્ગ કરતાં પહેલાં મનાદિયોગ અને ઉપયોગની શુદ્ધિકરણ તસ્સ ઉત્તરી સૂત્રમાં અજબનું બતાવ્યું છે. વિસ્તારની મર્યાદાથી તેનું રહસ્ય જણાવ્યું નથી. ગ્રંથોમાં સંગ્રહિત છે. કોઈ પુણ્યવંત તે તે ગ્રંથોના અભ્યાસ કરે તો આવશ્યક ક્રિયાઓથી વંચિત ન જ રહે તેવું સામર્થ્ય છે. વિશેષ શું કહીએ ?

'મહી પડ્યા તે મહાસુખ માણે, બીજા બેઠા વા' ખાય
(પરિભ્રમણ પામે.)

કોઈ જીવોને ક્રિયાનો અભાવ હોય છે તે અજ્ઞાન છે. ક્રિયાની સાચી સમજ મેળવે તો અનાવશ્યક ક્રિયાના પાપો દૂર થાય અને જીવનનાવ સાચી દિશામાં ચાલે. ક્રિયા કરનારા સમજ્યા વગર કરે છે તેવું નિવેદન પણ અહં સર્જિત છે. જેને એવું લાગે તેણે સદ્‌ગુરુ સમાગમે સમજીને ક્રિયા કરવી. ચેતના સ્વયં સક્રિય છે તેનો અભ્યાસ કરવો અને પવિત્ર જીવન જીવવું.

સર્વનું કલ્યાણ હો.

દિગંબર આમ્નાયમાં સાધકની ચર્ચા માટે
દેવપૂજા ગુરુ પાસ્તિઃ સ્વાધ્યાય સંયમસ્તપઃ
દાનં ચેતિ ગૃહસ્થાણાં ષટ્ કર્માણિ દિનેદિને

પાતંજલઋષિએ અષ્ટાંગયોગ દ્વારા અવશ્યકરણીય દર્શાવી છે બૌદ્ધ ધર્મમાં પંચશીલ જેવી અવશ્યકરણીય દર્શાવી છે. અન્ય દર્શનોમાં ભક્તિ આદિનું પ્રાધાન્ય છે. આમ સાધક જીવન જ અવશ્યકરણીય યુક્ત છે. ✷ ✷ ✷

૫, મહાવીર સોસાયટી, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિફોન : ૦૭૮ ૬૬૩૭૯૫૪

# ષડ્‌વશ્યક: માનવ જીવન સાથે જોડાણ

☐ ડૉ. કેતકી યોગેશ શાહ

*[ ડૉ. કેતકીબહેન મુંબઈ યુનિવર્સિટીમાંથી 'ગુણસ્થાનક' જેવા ગહન વિષય પર પીએચ. ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ કવયિત્રી તથા સંગીતજ્ઞ છે. તેઓ તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. ]*

પ્રભુ મહાવીર પ્રરૂપિત બધા આગમો જો મીઠાઈ સમાન છે તો આવશ્યક સૂત્ર એ મીઠા સમાન છે. મીઠાઈ વગરનું ભોજન કદાચ ચાલી જાય પણ મીઠા વગરનું ભોજન નીરસ લાગે છે. આવશ્યક સૂત્ર સિવાયના બીજા બધા આગમ સૂત્રરૂપ છે જ્યારે આવશ્યક સૂત્ર ક્રિયારૂપ અને સૂત્રરૂપ છે. બીજા આગમના સ્વાધ્યાયમાં પ્રમાદ આવી જાય તો બાંધછોડ કરી શકાય પણ આવશ્યકસૂત્રનો સ્વાધ્યાય ચતુર્વિધ સંઘે નિત્ય-નિત્ય કરવો જરૂરી છે. અરિહંતો, કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની પણ જે અવશ્ય કરતા હોય તેવા આવશ્યકની મહત્તા માનવ જીવનમાં ઘણી રહેલી છે.

છ આવશ્યક તે–સામાયિક, ચઉવીસત્થો, વંદના, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પ્રત્યાખ્યાન.

**૧. સામાયિક :** સાવદ્ય કર્મથી મુક્ત થઈને, આર્ત્ત અને રૌદ્ર એવા દુર્ધ્યાનથી રહિત થઈ, અઢાર પાપસ્થાનથી નિવૃત્ત થઈ, સર્વ જીવો પ્રત્યે સમતાભાવ ધારણ કરી સમત્વની સાધનાનો પ્રારંભ થાય છે, તેવી સામાયિક એ તો સિદ્ધદશાનું Sample છે. ઘડિયાળને ચાવી આપીએ તો ૨૪ કલાક ચાલે તેમ આ બે ઘડીની સામાયિકનો પાવર સાધકને આખો દિવસ સમભાવમાં રાખે છે. **સમતા એ સામાયિકનો પ્રાણ છે.** ખોરાકથી શરીર પુષ્ટ બને તેમ સમતાથી આત્મા પુષ્ટ બને છે. ઘરનાં કે બહારનાં જીવનમાં કલુષિત વાતાવરણને શમાવી દેવાની, શાંત પાડવાની કોઈ અનેરી ક્ષમતા આ સમભાવમાં રહેલી છે. સાધકના વ્રત, તપ, જપ આદિ સર્વ અનુષ્ઠાનોની આરાધના સમભાવની પ્રાપ્તિ માટે જ છે. સામાયિકમાં અનંતા જીવોને અભયદાન આપતા પોતાનું જીવન પણ ભયમુક્ત બની જાય છે.

આજે લોકો પાસે ધન, ભૌતિક સુખના સાધનો વધ્યાં પણ શાંતિના ટકા ઘટી ગયા અને રોગોના ટકા વધી ગયા. ત્યારે તેમાંથી નીકળવાનો એક માત્ર ઉપાય સમભાવ છે. આપણી નજીકના કે દૂરના વ્યક્તિઓના વિચાર, વાણી કે વર્તનથી આપણે હરપળ ક્ષુબ્ધ થઈ જઈએ છીએ ત્યારે આ સમતાયોગનું અમોઘ શસ્ત્ર સમાધિભાવ આપે છે. સામાયિકમાં સ્થિત થયેલા સાધક જીવન-મરણ, સુખ-દુઃખ, લાભ-અલાભ, નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, સંયોગ-વિયોગ, પ્રિય-અપ્રિય વગેરે અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કોઈ પણ પ્રકારના સંકલ્પ-વિકલ્પોથી રાગદ્વેષને દૂર કરવામાં સક્ષમ બને છે.

રોજ એક જ સ્થળે લગભગ નિયત સમયે સામાયિક કરીને બેસવાથી ત્યાં પવિત્ર વાતાવરણ સર્જાય છે, જે મનના શુભ ભાવોનું પોષક બને છે અને જીવનમાં અનોખી પ્રસન્નતા લાવેછે. સામાયિકના પ્રભાવ માટે 'મૂલાચાર'માં બતાવ્યું છે કે 'અરણ્યમાં શ્રાવકે સામાયિક કરવાથી પશુઓનો (શિકારી દ્વારા) વધ થતો નથી. વળી તે પશુઓ પણ ઉદ્ધત (ક્રૂર) થતાં નથી કે જેથી સામાયિકમાં વિઘ્ન આવે.' આવી અનુપમ ફળ દેનારી સામાયિક માટે શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે સામાયિક આત્મશક્તિનો પ્રકાશ કરે છે, સમ્યગ્દર્શનનો ઉદય કરે છે, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવે છે, નિર્જરાનો અમૂલ્ય લાભ અપાવે છે, રાગદ્વેષમાં મધ્યસ્થ બુદ્ધિની ઉપલબ્ધિ કરાવે છે.

**(૨) ચઉવીસત્થો :** પહેલાં આવશ્યકમાં સમભાવમાં સ્થિર બની, હવે સાધક ચઉવીસત્થો દ્વારા તીર્થંકરના નામ સાથે ભક્તિ કરે છે, જે 'લોગસ્સ સૂત્ર'ના નામે પ્રસિદ્ધ છે.

લોગસ્સ સૂત્ર દ્વારા તીર્થંકર પરમાત્માના અનંત ગુણોનું પ્રગટીકરણ કરવા માટે સાધક અપૂર્વ ભાવોલ્લાસ દ્વારા ભક્તિ કરવા કર્મોનો ક્ષય કરી ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરે છે. અહીં સ્તુતિ કરનાર આરોગ્ય (દ્રવ્ય આરોગ્ય + ભાવ આરોગ્ય) - આત્મિક શાંતિ, બોધિલાભ - સમકિત અને શ્રેષ્ઠ સમાધિભાવની પ્રાપ્તિ થાય તેવું માગી લે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ભગવાન મહાવીર કહે છે કે ચતુર્વિંશતિ-સ્તવથી જીવને દર્શન વિશુદ્ધિનો લાભ મળે છે, સમ્યક્દર્શનમાં બાધા ઉત્પન્ન કરનાર કર્મો દૂર થાય છે અને શ્રદ્ધા દૃઢ બને છે. શ્રી રમણલાલ શાહ તેમના 'જિન તત્ત્વ' નામના પુસ્તકમાં કહે છે કે 'લોગસ્સની સાત ગાથાઓનો સંબંધ આપણા દેહમાં રહેલાં સૂક્ષ્મ ચક્રો–અર્થાત્ સાત શક્તિકેન્દ્રો સાથે રહેલો છે. પહેલી ગાથા મૂલાધાર' ચક્રમાં ચિત્તને કેન્દ્રિત કરીને બોલવાની હોય છે. બીજી ગાથા સ્વાધિષ્ઠાન ચક્રમાં, ત્રીજી મણિપુર ચક્રમાં, ચોથી અનાહત ચક્રમાં, પાંચમી વિશુદ્ધિ ચક્રમાં, છઠ્ઠી આજ્ઞાચક્રમાં અને સાતમી સહસ્રાર ચક્રમાં પ્રણિધાનપૂર્વક બોલવાની હોય છે.'

આમ, લોગસ્સ એ ભક્તિ કરવાનું ઉત્તમ માધ્યમ છે.

**(૩) વંદના :** જૈન ધર્મમાં ત્રણ તત્ત્વ છે: દેવ, ગુરુ અને ધર્મ. ધર્મ કરતા પહેલાં દેહની સ્તુતિ ચઉવીસત્થો દ્વારા કર્યા પછી હવે પ્રત્યક્ષ ઉપકારી માર્ગદાતા ગુરુને વિધિપૂર્વક વંદના કરવામાં આવે છે. વંદના આવશ્યકથી વિનયધર્મની આરાધના થાય છે.

શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન-૯માં, ઉદ્દેશો-૨માં ફરમાવ્યું

છે કેઃ

एवं धम्मस्स विणओ, मूलं परमो से मुक्खो ।
जेण कित्ति सुय सिग्धं, णिस्सेस चाभिगच्छइ ।।

અર્થ : ધર્મરૂપી વૃક્ષનું મૂળ નિનય છે અને તેનું સર્વોત્તમ ફળ મોક્ષ છે. વિનયરૂપી મૂળ દ્વારા વિનયવંત શિષ્યને આ લોકમાં કીર્તિ અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેની મહાપુરુષો દ્વારા પ્રશંસા થાય છે. ત્યાર પછી ક્રમશઃ અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રાનુસાર વંદના કરવાથી જીવ નીચ ગોત્ર કર્મનો ક્ષય કરે છે, ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે. પોતાના અહમ્ ભાવને ઓગાળી જ્યારે ગુરુની ભક્તિ કરે છે, आणाह धम्मो–આજ્ઞામાં ધર્મ છે એવું માનીને ગુરુ આજ્ઞાને અવધારે છે ત્યારે ગુરુ પણ તેને પ્રસન્ન થઈને શ્રુતજ્ઞાનનો અધિકારી બનાવે છે. જેથી તેના જ્ઞાનગુણમાં વૃદ્ધિ થાય છે. આવશ્યક-સૂત્રમાં વંદનાનો આવશ્યક ઉકડુ આસને કરવામાં આવે છે. કારણ કે ગુરુદેવની કામધેનુને દોહવાની છે અને તેમની કૃપારૂપી દૂધને પામવાનું છે.

આમ, આ વંદનાનો આવશ્યક નમ્રતા, ઋજુતા, સરળતા જેવા ગુણોનો સ્રોત છે.

(૪) **પ્રતિક્રમણ :** ત્રણ આવશ્યકની આરાધનાથી જેની ચિત્તવૃત્તિ શાંત અને નિર્મળ થઈ ગઈ છે તેવો સાધક અંતરમુખી બની, આત્મ નિરીક્ષણ દ્વારા પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ દોષોનું શોધન કરીને, સરળતાપૂર્વક આલોચના, નિંદા, ગર્હાપૂર્વક તેનું પ્રતિક્રમણ કરે છે.

પાપશુદ્ધિ એ પ્રતિક્રમણનો હેતુ છે. પ્રતિક્રમણ કરનાર પોતાના ચારિત્રને દોષરહિત અને નિર્મળ બનાવે છે. તે વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ચારિત્ર અનુષ્ઠાનમાં અપ્રમત્ત અને તલ્લીન બની, આવતાં કર્મનાં દ્વાર બંધ કરે છે. સંયમની તલ્લીનતાથી ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાં ચંચળ બનતી નથી. આ રીતે તે સાધક ઈન્દ્રિય-વિજેતા બની જાય છે.

પ્રતિક્રમણમાં આવતા વ્રત માનવજીવનનું ખરું ઘડતર અને ચણતર કરે છે. તેમાં પહેલું હિંસા-વિરમણ વ્રત એટલે કે અહિંસાનું વ્રત સર્વશ્રેષ્ઠ અને પ્રમુખ વ્રત છે. બાકીના બધાં વ્રત તેની રક્ષા માટે છે. અહિંસાના પાલનથી ઉત્કૃષ્ટ આરોગ્યતા, રૂપ, કીર્તિ, ધન, યૌવન, દીર્ઘાયુ, સરળ પરિવાર વગેરે ફળ મળે છે. સર્વે અનુકૂળતા અને શાતાના સંયોગ મળે છે. બીજું મૃષાવાદ-વિરમણ વ્રત એટલે કે સત્ય વ્રતથી મનુષ્યનું જીવન નિર્ભય બને છે, તેનું વચન આદરણીય બને છે. ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત અર્થાત્ અસ્તેય વ્રત મનુષ્યની પ્રામાણિકતા, વિશ્વાસપાત્રતા અને પ્રતિષ્ઠા વધારનાર છે તથા જીવનમાં શાંતિ વધારે છે અને પરલોક સુધારે છે.

ચોથું મૈથુન-વિરમણ વ્રત ઐશ્વર્ય, સિદ્ધિ બળ તેમજ આસન્નસિદ્ધિ (મુક્તિની નજીક) જેવા લાભો પ્રાપ્ત કરાવે છે. આજે વધતા જતા ભોગવિલાસ અને બળાત્કારના બનાવોથી સામાજિક માળખું હલબલી ગયું છે ત્યારે બ્રહ્મચર્ય વ્રત દીવાદાંડી સમાન છે. બ્રહ્મચર્યના અલૌકિક તેજથી સાધકની સમગ્ર સાધના તેજોમય બની જાય છે. તેની અદ્ભુત આત્મિકશક્તિઓ પ્રગટ થાય છે.

પાંચમા પરિગ્રહ વિરમણ વ્રતથી લોભસંજ્ઞા પર અંકુશ આવતા આત્મોત્થાન પમાય છે. આ પરિગ્રહ જૂઠ, કપટ, ચોરી, હત્યા, વ્યભિચાર, અન્યાય, ભ્રષ્ટાચાર આદિ અનેક પાપ કરાવે છે અને પરિણામે સંબંધોમાં ભંગ કરાવે છે, આ ભવમાં નિંદા, અપકીર્તિ, રાજ્યદંડ, કલેશ-કંકાસ આદિ ઉત્પન્ન કરાવે છે અને પરભવમાં દુર્ગતિ પ્રાપ્ત કરાવનાર બને છે. આ વ્રત દ્વારા પરિગ્રહથી મુક્તિ મેળવી આત્મા ઊર્ધ્વગામી બની શકે છે. આજે જ્યારે સંગ્રહખોરી વધી છે અને મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે અપરિગ્રહ વ્રતની તાતી જરૂર જણાય છે. આજે જ્યારે પર્યાવરણનું સમતુલન ભાંગી પડ્યું છે, તાપમાન વધી રહ્યું છે, ખનિજ પુરવઠો પાણી પુરવઠો ઘટી રહ્યો છે, પ્રદુષણ વધી રહ્યું છે ત્યારે તેને આવી તારાજીમાંથી તારવાનો એકમાત્ર તરાપો આ અપરિગ્રહ વ્રત છે.

ચારિત્રનો પ્રાણ પ્રતિક્રમણ છે તો પ્રતિક્રમણની આરાધનાનો પ્રાણ 'ખામેમિ સવ્વેજીવા, સવ્વે જીવા વિ ખમંતુ મે, મિત્તીમે સવ્વ ભૂએસુ, વેરં મજઝં ન કેણઈ' એ ક્ષમાપના સૂત્ર છે. જગતના સમસ્ત જીવો સાથે ખમત્ખામણા કરી, મૈત્રીભાવ પ્રગટ કરી, શત્રુભાવનો નાશ કરી ક્ષમાયાચના કરવાની છે. વિશ્વમા સ્વર્ગ ઊભું કરવાની તાકાત આ સૂત્રમાં રહેલી છે. કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વિચારોમાં સર્જાતું વાવાઝોડું, વર્તનમાં સુનામી લાવી માનવજીવનને પૂરેપૂરું ડહોળી નાખે છે ત્યારે આ સૂત્ર સર્વ જીવો સાથ મૈત્રી અને બંધુત્વનો પાઠ ભણાવતું શાંત ઝરણું છે.

(૫) **કાયોત્સર્ગ :** કાયાનો ઉત્સર્ગ અથવા શરીરના મમત્વનો ત્યાગ. શરીરની મમતા ઓછી થવા લાગે અથવા છૂટે તો માણસ બહિર્મુખ મટી અંતર્મુખ બની શકે છે. દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ કરવા માટે, દેહાધ્યાસ છોડવા માટે, આત્મામાં લીન બનવા માટે કાયોત્સર્ગ મોટામાં મોટું સાધન છે.

આવશ્યક સૂત્રના ક્રમમાં આગળ વધતાં પાપથી પાછો ફરેલો સાધક આત્માની વિશેષ શુદ્ધિ માટે, સૂક્ષ્મ દોષોના નાશ માટે કાઉસગ્ગ કરીને ત્રણેય યોગની (મન, વચન, કાયા) પ્રવૃત્તિને સ્થિર કરે છે. યોગની પ્રવૃત્તિ સ્થિર થયા પછી જ ઉપયોગ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય છે. યોગોની ચંચળતાને અટકાવી ગુણસ્થાનકના પગથિયાં ચડાવે તેવો આ કાઉસગ્ગ રહેલો છે. પ્રતિક્રમણમાં કરાતા ૪, ૧૨, ૨૦ કે ૪૦ લોગસ્સના કાઉસગ્ગથી કર્મક્ષય, પાપનાશ, અંતરાયનાશ થાય છે અને પાપોનું પ્રાયશ્ચિત થાય છે. માલવાહક મજૂર જેમ બોજો માથેથી દૂર થતા હળવો બની જાય છે તેમ પ્રાયશ્ચિતથી વિશુદ્ધ બનેલો જીવ કર્મના બોજથી હળવો અને શાંતચિત્ત બને છે.

વર્તમાનકાળે માણસ સતત Stress અને Tension માં જીવે છે. ભૂતકાળની વ્યથા અને ભવિષ્યની ચિંતા તેને વર્તમાનમાં જીવવા

દેતી નથી, ત્યારે આ કાઉસગ્ગની પ્રક્રિયા તેના મનને એકાગ્ર બનાવી વિચારશુદ્ધિ કરાવી શકે તેવી છે. બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હાર્ટ પ્રોબ્લેમ, Depression જેવી માનસિક બિમારીથી મુક્તિ મેળવવાનો રામબાણ ઈલાજ કાઉસગ્ગ છે.

(૬) **પ્રત્યાખ્યાન :** પાપોનું પ્રાયશ્ચિત અને વ્રતમાં લાગેલા અતિચારોની આલોચના કર્યા પછી ત્યાગની તાલીમ આપતું પ્રત્યાખ્યાન આવશ્યક છે. જેનાથી આસ્રવનો નિરોધ થાય છે, તૃષ્ણાનો છેદ ઊડે છે, અતુલ ઉપશમ ગુણ ઉત્પન્ન થાય છે, મનની મક્કમતા કેળવાય છે, સંતોષની અનુભૂતિ થાય છે, ઈચ્છાઓ પર અંકુશ કેળવાય છે, ઈન્દ્રિયો સંયમિત થાય છે અને અનુક્રમે અણહારીપદ મેળવી શકે છે.

પહેલાં પાંચ આવશ્યકથી પૂર્વકૃત કર્મોનો નાશ થયો પણ ભવિષ્યકાલીન આવતાં કર્મોને અટકાવવા માટે અને પાપસેવનના દંડરૂપ છઠ્ઠું પ્રત્યાખ્યાન આવશ્યક છે, જેનાથી વીતરાગ દેવની આજ્ઞાના આરાધક બની શકાય છે. પચ્ચક્ખાણ એ તો ચિત્તરૂપી ઘોડાને નિયંત્રણમાં રાખતી લગામ છે. આપણા જીવનને ધર્મરૂપી રાજમાર્ગ ઉપર ટકાવી રાખવા, ઇતર પ્રલોભનથી બચાવવા અને પરમ શાંતિનો અનુભવ કરવા માટે પચ્ચક્ખાણની આવશ્યકતા છે.

જૈન ધર્મ Scientific Religion છે. પ્રત્યાખ્યાન આવશ્યકમાં કરાતો રાત્રિભોજનનો ત્યાગ અને પ્રતિક્રમણમાં આવતા વિવિધ આસનો વૈજ્ઞાનિક રીતે ઘણા લાભદાયી, ગુણકારી છે.

આમ, છ આવશ્યક દ્વારા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ થાય છે. આવશ્યકની ક્રિયા ધાર્મિક હોવાથી આધ્યાત્મિક જીવનને તો સમૃદ્ધ બનાવે જ છે, સાથે સાથે કૌટુંબિક જીવનને કલેશરહિત, સામાજિક અને રાષ્ટ્રીય જીવનને સુખશાંતિમય બનાવવામાં સાથ આપે છે.

આવશ્યકસૂત્ર એક આગમ છે. પ્રતિક્રમણ કરવાથી આગમનો સ્વાધ્યાય થાય છે. સ્વાધ્યાયથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે તેમજ પ્રતિક્રમણથી પ્રાયશ્ચિત, વિનય, કાઉસગ્ગ આદિ તપની આરાધના પણ શક્ય થાય છે. બે વખત નિત્ય કરાતી આવશ્યકની ક્રિયા અંતિમ સમયને પણ સુધારે છે અને પરભવ પણ સુધરે છે.

છ આવશ્યકને મનુષ્યજીવનની અવસ્થા સાથે સરખાવીએ તો **સામાયિક એ આધ્યાત્મિકતાનો જન્મ છે.** જ્યાં જૈન ધર્મના પાયાની જરૂરિયાતરૂપી સમતાનું અવતરણ થાય છે.

**ચઉવીસત્થો એટલે બાલ્યાવસ્થા.** જેમ નાનું બાળક તેના માતાપિતાને સંપૂર્ણપણે આધીન હોય છે તેમ અહીં પણ ૨૪ તીર્થંકરોને શરણે જઈ, સમર્પિત થઈ, તેમની આજ્ઞાનું પાલન કરવાનું રહે છે. બીજું, જેમ નાના બાળકમાં નિર્દોષતા અને સરળતા રહેલી હોય છે તેમ અહીં પણ દોષોનું દફન કરીને ઋજુભાવે પ્રભુની સ્તુતિ કરવાની છે. ત્રીજું, નાનું બાળક કાલીઘેલી બોલીમાં માતાપિતા સાથે વાત કરીને સમજાવે છે તેમ લોગસ્સમાં પણ પોતાની ભક્તિની સાથે પોતાના ભાવોને જોડવાના છે.

**વંદના એટલે કિશોરાવસ્થા.** કિશોર જેમ એના અલ્લડ સ્વભાવને સુમાર્ગે વાપરે તો તેનું ભવિષ્ય સલામત બની જાય છે તેમ સાધક પોતાના અહમ્ જેવા દુર્ગણોને ત્યજીને ગુરુના શરણે જાય તો તેની પ્રગતિ શક્ય બની જાય છે.

**પ્રતિક્રમણ એટલે યુવાવસ્થા.** આ આધ્યાત્મિક જીવનની વસંત છે. યુવાનીના જોમમાં એક તરવરાટ અને થનગનાટ હોય છે. ઈચ્છિત કાર્ય પાર પાડવા માટે યુવાવસ્થા યોગ્ય અવસ્થા છે. તેમ પ્રતિક્રમણ એ આવશ્યકસૂત્રની વસંત છે. પાપથી પાછા ફરવાની એક અનેરી અભિપ્સાને સાધક અહીં પરિપૂર્ણ કરે છે.

**કાઉસગ્ગ એટલે પ્રૌઢાવસ્થા.** પ્રૌઢાવસ્થા એટલે ઠરી-ઠામ થવાની અવસ્થા. નવું કમાવાનું જોમ ઓછું થતું જાય પણ ભેગું કરેલું વાપરવાનું હોય તેમ અહીં ભૂતકાળમાં મેળવેલા જ્ઞાનનું ચિંતન કરીને આત્મામાં સ્થિર સ્વરૂપમાં જોડાવાની ક્રિયા છે.

**પ્રત્યાખ્યાન એ અંતિમ અવસ્થા** સમાન છે. અંતિમ સમયે જીવ સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરી પરલોકની ચિંતા કરે છે તેમ અહીં પણ અનાગતને સલામત કરવાના કીમિયા સાધક અપનાવે છે.

આવશ્યક સૂત્રને એક નવવધૂના સ્વરૂપમાં કલ્પના કરીએ તો :

સેંથામાં સામાયિકનું સિંદૂર કરી, ભાલે ચઉવીસત્થોનો ચાંદલો કરી, નાકે વંદનાની વાળી પહેરી, અંગે પ્રતિક્રમણનું પાનેતર ઓઢી, કરમાં કાયોત્સર્ગના કંકણ પહેરી, પગમાં પ્રત્યાખ્યાનના પાયલ પહેરી, આવશ્યકસૂત્ર રૂપી નવોઢા સમક્તિના સૌભાગ્યચિહ્નને સાથે લઈને જ્યારે રૂમઝૂમ કરતી નીકળે છે ત્યારે તે અવશ્ય જિનરૂપી જીવનસાથીને મળવા જાય છે, પરમાત્મારૂપી પ્રીતમને પામવા જાય છે, ભગવાનરૂપી ભરથારને ભેટવા જાય છે, સિદ્ધરૂપી સ્વામીને શોધવા જાય છે અને જ્યારે તે વિભુરૂપી વલ્લભ, વીતરાગરૂપી વાલમને વરી જાય છે ત્યારે તે સિદ્ધાલયરૂપી સાસરામાં સ્થિર અને સ્થાયી બની, પોતાનું આસન શાશ્વત બનાવી, અનંત સુખની લહેરમાં લીલાલહેર કરે છે તો...

'આવશ્યકસૂત્ર અંતરમાં પધરાવો સાવધાન!!!

આમ, આપણા વૈયક્તિક જીવનના નૈતિક અને ધાર્મિક મૂલ્યોને સ્થાપિત કરવામાં આવશ્યકનો મોટો ફાળો છે. તે માનવજીવનને ઉપવન અને નંદનવન બનાવી શકે છે. પાપોનું પુનરાવર્તન અટકાવી જીવનમાં પરિવર્તન આવે એ જ પ્રતિક્રમણની સફળતાની નિશાની છે.

જય જિનેન્દ્ર...જય મહાવીર.

✶ ✶ ✶

૫/૫, સ્વામી લીલાશાહ સોસાયટી, ગાર્ડન લેન,
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
ફોન : ૨૫૦૦ ૪૦૧૦. મોબાઈલ : ૯૩૨૩૫૬૮૯૯૯

# છ આવશ્યક ક્રિયાઓ - અર્થઘટન અને હેતુ

☐ શ્રી યાત્રિકભાઈ ઝવેરી

*[ શ્રી કિરણભાઈ (કાંતિભાઈ પારેખ) પાસે લગભગ ૩૦ વર્ષ સુધી અભ્યાસ કર્યો તથા 'સ્વદોષદર્શન' નામનું પુસ્તક લખ્યું છે. શ્રી મહાવીર સ્વામીના જીવન ચરિત્ર ઉપર વિશદ અભ્યાસ કર્યો છે. ]*

આવશ્યક ક્રિયાઓ એટલે અવશ્ય કરવા જેવી ક્રિયાઓ! શા માટે? અનાદિકાળથી જીવને પરપરિણતિ, પરકર્તાપણું, પરભોક્તાપણું, પરગ્રાહકતાપણામાં સ્વપણાની ભ્રમિત બુદ્ધિમાંથી નિવૃત્ત કરવા; અને, જે આત્મામાં શુદ્ધત્વ, સહજત્વ, અક્ષય અનંતત્વ અને પૂર્ણત્વ સત્તાએ રહ્યું છે તેનું પ્રાગટ્ય જે ક્રિયાઓ દ્વારા થાય તે આવશ્યક ક્રિયાઓ!

અરૂપી એવા આત્માનુભાવને પ્રાપ્ત કરવા આ રૂપી આવશ્યક ક્રિયાઓ સઘન પરિબળ આપનારી છે. જેમ હીરાથી હીરો ઘસવો પડે – એમ પ્રશસ્ત એવી આવશ્યક ક્રિયાઓ દ્વારા કર્મથી મુક્તિ થાય છે. શાસ્ત્રમાં, સામાન્ય જીવના ઉત્થાન માટે મંત્ર, યંત્ર અને તંત્ર સૂચવવામાં આવ્યા છે, જેનું સેવન દ્રવ્યથી પણ કરવામાં આવે તોપણ તે ફળદાયી નીવડે છે. (અવશ્ય ભાવ સહિત કરાયેલી એ જ ક્રિયા અસંખ્ય–અનંતગણું ફળ આપનારી બને છે). આવો દિવ્ય મંત્ર છે શ્રી પંચમંગલ મહાશ્રુત સ્કંધ શ્રી નમસ્કાર મહામંત્ર અને આવું દિવ્ય યંત્ર છે શ્રી સિદ્ધચક્ર યંત્ર, તથા આવા અનેક દિવ્ય તંત્રમાં એક શ્રી ષટ્ આવશ્યક ક્રિયાઓનો સમાવેશ થાય છે – સામાયિક, ચઉવિસત્થો, વંદણક, પ્રતિક્રમણ, કાઉસગ્ગ (કાયોત્સર્ગ), પચ્ચક્‌ખાણ (પ્રત્યાખ્યાન).

**સામાયિક** : મન, વચન, કાયાની સાવદ્ય પ્રવૃત્તિ, ચેષ્ટા, આચરણ, ક્રિયાનો ત્યાગ તે સામાયિક! જેમાં રાગદ્વેષથી રહિત થતાં, સમતા પ્રગટ થતાં, જ્ઞાનાદિ ગુણોનો જે લાભ તે સામાયિક! જેના દ્વારા આત્માના અનંતગુણોનો પરિચય, સમાગમ, લાભ થાય તે સામાયિક! આત્મદર્શન એ સામાયિક! આત્માની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થવું – અને એમાં તલ્લીન થવું તે સામાયિક! નિશ્ચય દૃષ્ટિએ આત્મા એજ સામાયિક છે! સામાન્ય પરિભાષામાં કહીએ તો એક તરફ રાગરૂપી મહાસમુદ્ર અને બીજી તરફ દ્વેષરૂપી દાવાનળ – એ બન્ને વચ્ચેનો સમતાનો માર્ગ તે સામાયિક!

આત્મા એજ સામાયિક છે. અનાદિકાળથી પરપદાર્થમાં, પુદ્‌ગલ દ્વારા યોજાયેલા – લપટાયેલા જીવને સ્વસ્વરૂપ પામવા માટે 'આ હોવું જોઈએ અને આ ના હોવું જોઈએ' રૂપી રાગ અને દ્વેષ તજીને સમત્વમાં આવવું અનિવાર્ય છે. સામાયિક એ માત્ર બે ઘડીની પ્રક્રિયા નથી. પરંતુ સમગ્ર જીવન જીવવાની પ્રક્રિયા-સાધના છે. 'હે ગોયમ! સમય માત્રનો પ્રમાદ ન કર!' આનો સાધનાત્મક અર્થ : ગો-એટલે ઇંદ્રિયોના સ્વામી એવા પ્રત્યેક જીવને સંદેશો આપવામાં આવ્યો કે, 'હે જીવા તું તારા વિષયોને સંયમમાં લાવવા સમય માત્રનો પ્રમાદ ન કર.' પ્રત્યેક સાધનામાં પ્રથમ અશુભમાંથી નિવૃત્તિ; ત્યાર બાદ શુભમાં પ્રવૃત્તિ અને ઉત્તરોત્તર શુભમાંથી સહજ શુદ્ધતાનું પ્રાગટ્ય કરવું. પ. પૂ. દેવચંદ્રજી મ.સા.કૃત અતીત ચોવીશીના શ્રી સ્વામીપ્રભ ભગવાનના સ્તવનમાં જણાવે છે : 'ધન, તન, મન, વચના સવે, જોડ્યા સ્વામી પાયે, બાધક કારણ વારતાં, સાધક કારણ થાયે.' મન, વચન, કાયા અને ધન આ સર્વે એવા નિમિત્તો છે કે એ આસ્રવ અને બંધ પણ કરાવી શકે અને જો પ્રભુને સમર્પિત કરી દઈએ તો એ સંવર અને નિર્જરા કરાવનાર સાધન બની જાય! સામાયિક એવી સાધના છે જ્યાં બાધક કારણ સાધક કારણમાં પલોટાઈ જાય છે. એમાં સાવદ્ય વ્યાપારનો ત્યાગ હોવાથી, દેહાધ્યાસથી આંતરૂ ઉત્પન્ન થાય છે. અને આ અંતઃકરણ જ આગળ પ્રશસ્ત બનતાં ગ્રંથિભેદ અને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરાવે છે. આમ દેહાધ્યાસથી વિરામ પામવાનું સામાયિક એ સાધન છે.

આપણને હજુ આપણો ખરો પરિચય થયો જ નથી, જેના વગર મુક્તિ શક્ય નથી. રૂપી પદાર્થોથી એટલા બધા ટેવાયેલા છીએ કે અરૂપી એવા આત્માને ઓળખવો ખૂબ મુશ્કેલ થઈ જાય છે. જીવ કાં તો ભૂતકાળમાં હોય છે (આ ના હોવું જોઈએ), અથવા એ ભવિષ્યમાં હોય છે (કે આ હોવું જોઈએ), એ બેની વચ્ચેનો માર્ગ, 'જે પ્રસ્તુત થયું તેનો સહજ-સવિનય-સાત્વિક ચિત્ત પ્રસન્નતાથી સ્વીકાર.' આ જ તો વાસ્તવિક વર્તમાન છે! પ્રભુએ સ્વમુખે કહ્યું છે 'હે સાધક! વર્તમાનમાં જીવ' એનો રહસ્યાર્થ એ છે કે, 'પ્રાપ્ત થયું, તેનો લેશ માત્ર નારાજ, ખિન્ન થયા વગર, અંશમાત્ર બોજા વગર, સહજ પ્રસન્નતાથી સ્વીકાર!' આ જ તો 'ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ, કપટ રહિત થઈ કરે આતમ અર્પણા, આનંદઘન પદ રેહ' છે! જે વર્તમાનમાં જીવે છે તેને રતિ કે અરતિ, ભય કે શોક નથી! આ વર્તમાન એજ સમત્વ, એજ સામાયિક, એજ આત્મા!!

'ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી એક શ્રાવક, ગુજરાન ચલાવવા ભીલ લોકોના ગામમાં આવી વસ્યો. ત્યાં એને ધનિક થયેલો જાણી ચાર વૃદ્ધ ચોરોએ એને ત્યાં ચોરી કરવાનું નક્કી કર્યું. રાતના એને ત્યાં

ખાતર પાડ્યું. એ શ્રાવક અને શ્રાવિકા તે સમયે સામાયિક કરતા હતા. ચોરો શ્રાવકને જાગતો જોઈ છુપાઈ ગયા અને એની ક્રિયા જોવા લાગ્યા. અહિંયા શ્રાવકને ખબર પડી ગઈ કે ચોરો આવ્યા છે, તે વિચાર કરવા લાગ્યો 'દ્રવ્ય તો ઘણાં ભવમાં મળશે, આ ભવમાં પણ આવ્યું અને ગયું. પણ જો દર્શન – જ્ઞાનાદિ રૂપી ભાવધનને ક્રોધ, માન, લોભ રૂપી ચોરો ચોરી લેશે તો મારા શું હાલ થશે ? માટે ભાવધન બચાવવું શ્રેષ્ઠ છે. કારણ કે જો ભાવધન હશે તો બીજું બધું સુલભ છે' આમ વિચારી તે સામાયિક ઉપર સામાયિક અને મોટેથી નમસ્કાર મહામંત્રનો જાપ કરવા લાગ્યો. આ જોતાં અને સાંભળતા ચાર ચોરોને જાતિસ્મરણજ્ઞાન થયું. અસંખ્ય ભવો પૂર્વે કરેલી ધર્મઆરાધના અને આશાતના એમને સાંભરી આવી. તેઓ વિચારવા લાગ્યાઃ 'આપણાને – પરધનની ઈચ્છા કરનારને ધિક્કાર છે – આપણું આત્મધન નાશ પામી રહ્યું છે. આ શ્રાવકને ધન્ય છે કે એ અમને જુએ છે છતાં પોતાનું લક્ષ્ય છોડતા નથી.' આવો ભાવ ભાવતાં તે ચારેને સમ્યક્દર્શન પ્રગટ થયું. તેઓએ ચોરી ન કરવાની મનોમન પ્રતિજ્ઞા લેતાં તેઓ ભાવદેશવિરત પાંચમા ગુણસ્થાનને પામ્યા. વૈરાગ્યની વૃદ્ધિ થતાં મનોમન સર્વ સાવદ્યનો ત્યાગ કરતાં તેઓ ભાવસર્વવિરતિ થયાં, અને અનુક્રમે શુક્લધ્યાનમાં આરૂઢ થઈ, ક્ષપકશ્રેણી પામી સયોગી કેવલી થયાં ! સૂર્યોદય થતાં દેવોએ એમને મુનિવેષ આપ્યો. એ શ્રાવક પણ એમની અનુમોદના કરવા લાગ્યો !' (ઉપદેશપ્રસાદ ગ્રંથ). આવું અલૌકિક સામાયિકનું ફળ છે, જે સ્વપર ઉપકારી છે, એકાંતે કલ્યાણકારી, મંગળકારી અને સ્વપરિચય કરાવનારું છે. સામાયિક એ ઉચ્ચ ભૂમિકા છે જ્યાં સાધક આત્મસંવેદન અને આત્મગુણોનો અમૃત રસાસ્વાદ કરે છે. અત્યારના પ્રવર્તમાન કાળમાં આવું આત્મસંવેદન ખૂબ દુષ્કર હોઈ-જે સાધક આત્મસ્થ થવા માટે સ્વાધ્યાય કરે છે એને પણ વ્યવહારની અપેક્ષાએ સામાયિક કહેવામાં આવે છે. શાસ્ત્રકાર ભગવંતો સામાયિકના ત્રણ પ્રકાર કહે છેઃ સમકિત સામાયિક, શ્રુત સામાયિક, ચારિત્ર સામાયિક. પરંતુ અત્યારની આપણી સાધનાને અનુલક્ષીને સામાયિકના બે ભેદ કરીએ છીએ. દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિક. આની ચતુર્ભંગી થાય છે. (૧) જ્યાં દ્રવ્યથી સામાયિક છે અને ભાવથી પણ સમત્વ, સાવદ્ય યોગનો વિરામ પ્રવર્તે છે. સર્વવિરતિધર મુનિભગવંતો આ ઉત્તમ ભૂમિકામાં મગ્ન હોય છે. પુણ્યા શ્રાવક જેનું સામાયિક સ્વયંશ્રી વીરપ્રભુએ વખાણ્યું. સમગ્ર રાજગૃહીની એકત્ર સંપત્તિથી પણ તેઓના એક સામાયિકની કિંમત અધિક હતી. (૨) જેઓ દ્રવ્યથી સામાયિકમાં નથી પણ ભાવથી સમત્વમાં છે. પૂર્વે કહેલી કથાના ચાર વૃદ્ધ ચોર ઉત્કૃષ્ટ ભાવ સામાયિકના ધારક હતા. અને આ ભાવ સામાયિકના પ્રતાપે તેઓ કૈવલ્ય અને મોક્ષ પામ્યા. (૩) જેઓ દ્રવ્યથી બે ઘડીના સામાયિકમાં છે પરંતુ ભાવથી સમતામાં નથી. આવું સામાયિક શરૂઆતમાં ઉપયોગી છે. પરંતુ આવા સામાયિકના પાલન કરનાર સાધકે સદા ભાવ સામાયિકમાં પ્રવેશ કરવા સક્રિય ઉદ્યમ કરવો જોઈએ. (૪) જેમાં દ્રવ્ય કે ભાવ બન્ને સામાયિક નથી. આ ભૂમિકા સેવવા જેવી નથી. યાદ રાખવું ઘટે કે આ ચતુર્ભંગી છે. આવશ્યકોમાં લાગુ પડે છે.

સામાયિકનો મુખ્ય આશય સમત્વયોગ છે. જ્યાં ગમો, અણગમો, સારા ખરાબનું દ્વંદ્વ, યોગ્ય અયોગ્યની હુંસાતુંસી, આસક્તિ મમત્વ કે વળગણ, ભય, શોક, પરાણેપણું, નારાજગી, કે લેશમાત્ર વિખૂટા પડવાપણું એમાંનું કશું જ નથી. જ્યાં સદા સાત્ત્વિક ચિત્ત પ્રસન્નતા, સમત્વ પ્રવર્તે છે ત્યાં જ ખરું સામાયિક છે. જે નવતત્ત્વોને યથાર્થ જાણે છે તે સામાયિકમાં છે ! કારણ કે જે જાણે–અનુભવે છે કે આ સૂક્ષ્મ કે બાદર જીવ છે એવો સાધક એ જીવને અસુખ, અશાતા, ઈજા શા માટે કરે ? જે જાણે છે કે જે બની રહ્યું છે તે પોતાના કર્મોના આધારે છે તો એને ઉદાસીનતા, નારાજગી, શોક, ભય, ઇચ્છાઓ સતાવતી નથી. જે જાણે છે કે પુણ્ય-પાપ-આસ્રવ-બંધ એ સર્વે અજીવ તત્ત્વના ભાંગા છે, અને સંવર, નિર્જરા અને મોક્ષ એ જીવ તત્ત્વ છે એવો સાધક અજીવ તત્ત્વનું સંવર્ધન ના જ કરે ! આમ જે યથાર્થપણે નવતત્ત્વને અનુભવે છે તે સદા પ્રસન્ન, સમતા, શાંતિમાં છે. જે જાગૃત, અપ્રમત્ત અને સદા ઉપયોગમાં છે તે ભાવથી સામાયિકમાં છે.

અનેકાંતવાદમય, સ્યાદ્વાદમય જિનધર્મ સદા એક વાત ઉપર ભાર મૂકે છેઃ અન્ય જીવને દુઃખ ન પડે તેની જીવંત કાળજી ! આપણા દૈનિક કાર્યો-કર્મોમાં ધર્મનો પ્રવેશ કરાવવાનો છે. ધર્મ અને કર્મ એ ભિન્ન ભિન્ન પાળવાની વસ્તુઓ નથી કે ધર્મ દેરાસર ઉપાશ્રય કે સામાયિકમાં પાળી લેવાનો અને પછી દૈનિક કાર્યોમાં પરપરિણતિમાં ડૂબી જવાનું ! ના, બિલકુલ નહીં. આપણા દૈનિક સર્વ કાર્યોમાં, ઘરના કાર્યોમાં, ધન સંચય કરવામાં, વ્યવહાર જગતમાં સંયોજિત થવામાં, ઉઠવા, બેસવા, ચાલવા, બોલવા, વિચારો કરવામાં સર્વ કાર્યોમાં ધર્મ લાવવાનો છે. સદા સાધકને ધારણ કરે અને ઉર્ધ્વગમનમાં સહાય કરે તે ધર્મ ! કર્મક્ષેત્રમાં ધર્મનો પ્રવેશ એ સમત્વયોગ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સોપાન છે, જેના દ્વારા કુટુંબ, સમાજ, દેશ, પર્યાવરણ સર્વને લાભ થાય છે. સાધકની જાગૃતિ અને જયણાથી સાવદ્યયોગનો ત્યાગ થવાથી ગ્રંથિભેદ, સમકિત પ્રાપ્તિ અને ઉત્તરોત્તર મોક્ષ શક્ય છે માટે સામાયિકને પ્રથમ આવશ્યકપદ આપ્યું છે.

યાદ રાખવા જેવું છે કે જે સાવદ્ય વ્યાપાર કરે છે, જેની વાણી, તીક્ષ્ણ, કટુ, સંદિગ્ધ, અન્યને દુઃખ ઉપજાવનારી છે, જેના મનમાં મહાઆરંભ સમારંભ, સંકલ્પ વિકલ્પ, ગમો અણગમો પ્રવર્ત્યા કરે

છે, જે સ્વાર્થી છે, જેનામાં અત્યંત આસક્તિ, રાગ અને દ્વેષ છે, જે લેશમાત્ર અન્યની ચિંતા કરતો નથી, જે સ્વાર્થી છે તે દ્રવ્યથી સામાયિકમાં હોય તો પણ તેને સામાયિક લેખવામાં આવતું નથી.

સામાયિક નિરસ કે શુષ્ક ન હોય! એમાં ભારોભાર મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ છલકાતા હોય! જગતના સર્વ જીવો સાથે અબાધિત પરમમૈત્રી સંબંધ સ્થાપતાં શંકા, લેશમાત્ર આસક્તિ, મમત્વ, રાગદ્વેષના પંકથી લેપાયા વગર, ઉપસ્થિત થઈ રહેલા વ્યવહારના સર્વ કાર્યોને નિસ્વાર્થ બુદ્ધિથી, સાત્ત્વિક ચિત્ત પ્રસન્નતાથી, પોતાની શક્તિ અનુસાર, સ્વપર કલ્યાણ અને મંગળ હેતુને સદા નજરમાં રાખીને, કરાયેલું નિરવદ્ય કાર્ય જ ઉત્તમ સ્વાધ્યાય છે, જેનું યથાર્થ આચરણ સાધકને આત્માનુભવની, સામાયિકની ઉચ્ચ ભૂમિકામાં આરૂઢ કરાવશે!

**ચઉવિસત્થો :** (ચતુર્વિંશતિ સ્તવ, લોગસ્સ) ચોવીશ તીર્થંકરોના સદ્‌વ્રત ગુણોનું કીર્તન અથવા ચોવીશ તીર્થંકરોના ગુણોનું સદ્‌વ્રત કીર્તન એ લોગસ્સ! મારા પૂજ્ય શ્રાવક ગુરુ શ્રી કિરણભાઈ કહેતા હતા કે શ્રી નમસ્કાર મહામંત્ર એ ધર્મનો સાર છે તો લોગસ્સ એ ધર્મનો સંગ્રહ છે. લોગસ્સમાં ધર્મના સર્વ તત્ત્વો પદાર્થોનું સંકલન કરવામાં આવ્યું છે. આ ચોવીશ તીર્થંકરોના નામસ્તવમાં, નામ કહેવા દ્વારા એમની સ્થાપના, દ્રવ્ય અને ભાવ – એમના અવર્ણનીય અનંત ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

કાઉસગ્ગ કરતી વખતે સૂચના આપવામાં આવે છે કે 'એક લોગસ્સનો કાઉસગ્ગ કરો અને ન આવડે તો ચાર નવકાર ગણો.' શ્રી નમસ્કાર મહામંત્ર, મહાશ્રુતસ્કંધ હોવા છતાં લોગસ્સ ગણવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે કારણ કે, શ્રી નમસ્કાર મહામંત્ર લોકોત્તર મંત્ર છે, જે શુદ્ધત્વ પ્રગટાવવાની ચાવી છે; પરંતુ બાળ જીવોને હજુ અવલંબનની આવશ્યકતા છે, હજુ એમનો શુદ્ધોપયોગની સાધનામાં પ્રવેશ થયો નથી; હજુ શુભોપયોગનું પ્રવર્તન થઈ રહ્યું છે તેથી ઉત્કૃષ્ટ શુભ અવલંબન સ્વરૂપે શ્રી તીર્થંકર પરમાત્માનું નામસ્મરણ કરી, એમના ગુણોનું કીર્તન કરવામાં આવે છે. કારણકે 'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ!'

સામાયિકનો સંબંધ આત્મા સાથે છે. જ્યારે લોગસ્સ સૂત્રનો પ્રથમ શબ્દ 'લોગસ્સ' આ ચૌદ રાજલોક, ષડ્‌દ્રવ્યયુક્ત બ્રહ્માંડનું સૂચન કરે છે. પણ અતિ અદ્વૈત વાત એ છે કે જે સમયે સમજુ લોકની વાત થઈ રહી છે તે જ સમસમયે પોતાના વ્યક્તિગત લોક (એટલે સાધકના પોતાના લોક-દેહ)ની વાત પણ સાંકળી લેવામાં આવી છે. લોકનો ઉદ્યોત કરવા માટે (ઉજ્જોઅગરે), એમાં ધર્મતીર્થનું પ્રવર્તન કરાવવા (ધમ્મતીત્થયરે), વિષયો તથા કષાયો ઉપર જીત મેળવવા માટે (જિને.) તથા અઘાતીય કર્મો (સર્વકર્મ અને વર્ગણાના સંસર્ગનો સંપૂર્ણ નાશ કરવા (અરિહંતે) સાધક ચોવીશ તથા અન્ય કેવળી ભગવંતોનું કીર્તન કરે છે. મહાત્માઓનો અનુભવ છે કે લોગસ્સ સૂત્ર એ ગુણસ્થાન ક્રમારોહ કરવામાં અત્યંત સહાયક છે.

ચોવીશ તીર્થંકરોના નામ એ માત્ર નામ નથી પણ વિશેષણ છે, જે ગુણ પ્રાપ્ત કરવો છે એની યાચના છે. સૌ પ્રથમ તથા સર્વોત્કૃષ્ટ (ઋષભસ્વામી) પદ પામવા સાધક, 'હું અજીતપદ (અજીતનાથ) પ્રાપ્ત કરી શકીશ' એ સંભવિતતાઓ (સંભવનાથ) જોતાં પારાવાર અપૂર્વ આનંદ (અભિનંદનસ્વામી) પ્રગટ થાય! વિવેક (સુમતિનાથ) જાગૃત થાય. આ સંસારમાં સંકલ્પ અને વિકલ્પો તથા ઈચ્છાઓ, આગ્રહ અને અહંકારની ભરતી–ઓટમાં જળકમળવત્ રહેવા (પદ્મપ્રભ), સતત સદ્‌નો સહવાસ (સુપાર્શ્વનાથ) (અંતરકરણ-અનિવૃત્તિકરણ) સાધતાં, પૂર્વે ક્યારેય ન અનુભવેલી ભિન્ન પ્રકારની સાત્ત્વિક નિર્મળતા (ચંદ્રપ્રભ) (અવિરત સમકિતપણું)નો અનુભવ થાય! અત્યાર સુધીની અનુભૂતિ, વાસ્તવિક આચરણમાં સદ્ આચારમાં (સુવિધિનાથ) પરિણમતાં (દેશવિરતિપણું), શીતળતા-પ્રસન્નતાનો (શીતલનાથ) અનુભવ થાય. આ શ્રેયસ્કારી (શ્રેયાંસનાથ) અનુભૂતિ દ્વારા પોતાનામાં રહેલા સુષુપ્ત અનંત ગુણો (વાસુપૂજ્યસ્વામી) ઉપર લાગેલા અનાદિકાળના આચરણો આંશિક દૂર થતાં, વિમળતા (વિમળનાથ) (પ્રમત્ત અને અપ્રમત્તપણાનો ઝુલો) પ્રગટ થાય! જે અનંત આત્મગુણોના (અનંતનાથ) સંપૂર્ણ અને વિશુદ્ધ પ્રાગટ્ય માટે (પાંચ મહાવ્રતના યથાર્થ પાલન માટે). ધર્મનો (ધર્મનાથ) માર્ગ (ષટ્ આવશ્યક) વધુ સ્પષ્ટ અનુભવાતાં, અદમ્ય સમત્વ-મૈત્રી પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ (શાંતિનાથ) પ્રગટ થાય! જેના ફળ સ્વરૂપે સહજપણે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવમાં (કુંથુનાથ) પણ રહેલા પોતાના સમતુલ્ય આત્માના દર્શન થાય (પાંચ સમિતિનું સમ્યગ્ પ્રાગટ્ય), જે ભાવ, પરંપરાએ અભિવૃત્તિ પામતાં (અરનાથ), ઉદયમાં આવતા ઉપસર્ગો અને પરિષહોરૂપી મલ્લોને જીતવા (મલ્લિનાથ) માટેનું સૌથી સુંદર સાધન (ત્રણ ગુપ્તિનું સમ્યગ્ પ્રાગટ્ય) નીવડે! આ પ્રમાણે મન, વચન અને કાયા–એ ત્રણેનું સમ્યક્ વ્રત (મુનિસુવ્રત-સ્વામી) પ્રગટતાં (યથાખ્યાત ચારિત્ર), સાધક ભીષણ રાગદ્વેષ અને મોહરૂપી કર્મોને નમાવતો (નમીનાથ) થકો, પોતાનામાં રહેલા આત્મસંપદાઓ રૂપી રત્નમય દૈદિપ્યમાન ધર્મચક્રને પામતો (નેમિનાથ) (ક્ષપકશ્રેણિ આરોહણ), વિશુદ્ધ આત્મતત્ત્વ અનુભવતો (પાર્શ્વનાથ) (કૈવલ્યપદ-સયોગીપણું), નિરંતર વૃદ્ધિ પામતું શાશ્વત સુખ, અવ્યાબાધ અરૂપી અક્ષય અનંત અગુરુલઘુપદ તથા સંપૂર્ણ અભેદ અવસ્થાને (વર્ધમાન) અપ્રતિપાતિપણે (અયોગીપણું-સિદ્ધ બુદ્ધ મુક્તત્વ) પામે!

આ ચોવીશ નામો ગુણો પણ છે અને ગુણ પ્રાપ્ત કરવા માટે સર્વોત્તમ સાધન પણ છે. આ ત્રણ મંત્ર ગાથાઓ સાધકને સર્વ ભૂમિકા ઉપર ઉપયેગી છે. કોઈ એક વિશિષ્ટ તીર્થંકરની સ્તુતિ કરવા

માટે, સર્વ તીર્થંકરોની સ્તવના, વંદન, પૂજન, કીર્તન માટે, શ્રુતની આરાધના માટે કે પછી તીક્ષ્ણ ભાવદાવાગ્નિ પ્રજ્વલિત કરી કર્મોનો ક્ષય કરવા માટે, કે પછી જગતના જીવોનું કલ્યાણ કરવા માટે લોગસ્સનું ધ્યાન ઇચ્છિત ફળ આપે છે.

આ નામસ્મરણ એ રીતે કરવાનું છે કે જાણે નામ હૃદયમાં સ્થિર થતાં સાધક, પરમાત્માના (અને અન્ય અપેક્ષાએ પોતાનામાં રહેલા શુદ્ધ આત્મતત્ત્વના) સ્પર્શન, રસાસ્વાદ, સુરભિ, દર્શન અને શ્રવણનું પાન કરતો હોય, પ્રભુના એ અનંત ગુણોનું સિંચન પોતાનામાં થતું હોય. જેના ફળ પ્રતાપે એની પાંચ ઇંદ્રિયો બહિર્મુખથી અંતર્મુખ બનવા પામે છે; એનું મન સુમન બની નમ્ર બને, બુદ્ધિ સુબુદ્ધિ, ચિત્ત ચિદ્ અને અહંકાર અર્હમકારમાં પરિવર્તિત થાય છે. અંતઃકરણથી કરાયેલા આ નામ ગુણ સ્તવનાના પ્રતાપે સાધકના રજ અને મળ, જન્મ જરા રોગ અને મૃત્યુ નાશ પામે છે. લોગસ્સની છઠ્ઠી કડી પ્રત્યેક બનાવનો સહર્ષ સ્વીકાર કરવા, પ્રત્યેક બનાવને સંવર કરણમાં પરિણમાવતાં, એ પ્રસંગ સાધકને ભાવ આરોગ્ય (દેહાધ્યાસનો લય થવો), બોધિ (સમ્યક્ દર્શન અને યુક્ત જ્ઞાનનો લાભ) અને સમાધિ (આત્માનુભવનું પ્રાગટ્ય) પ્રાપ્ત કરાવનાર બને છે તથા અંતિમ ગાથા દ્વારા અનેક ચંદ્રોથી પણ નિર્મળ (અનંત દર્શન), અનેક સૂર્યોથી પણ ઉજ્જવળ (અનંત જ્ઞાન), અનેક સાગરોથી પણ ગંભીર (અનંત ચારિત્ર) એવી સિદ્ધાવસ્થાનો અનુભવ સાક્ષાત્કાર, આ અતિપ્રભાવક નામસ્તવ દ્વારા પ્રાપ્ત થાય છે એમ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**વંદણક:** સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્રથી યુક્ત ગુરુનો અંતઃકરણથી વિનય એ વંદણક! સાધકમાં વર્તમાનમાં પ્રવર્તી રહેલા પાંચે ઈંદ્રિયોના વિષયોનું ઉપશમન કરવા માટે, ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયોનો ક્ષય કરવા માટે, અઢારે પાપ સ્થાનકોના સેવનથી નિવૃત્તિ પામવા માટે, તથા દસ યતિ ધર્મો – ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યની પ્રાપ્તિ કરવા માટે આ સર્વ ગુણોના ધારક શ્રમણ, મુનિને ભાવપૂર્વક વંદન કરવાથી એ સર્વ ગુણો પોતાનામાં પણ પ્રગટ થાય છે. વંદન એ પ્રાયશ્ચિતની પૂર્વ ભૂમિકા છે. જો શ્રદ્ધા અને સમર્પણ નથી તો સદ્ આચરણ શક્ય જ નથી! વંદન એ અહોભાવ, વિનમ્રતા સૂચવનાર છે. શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ નમસ્કાર મહામંત્રનો પ્રથમ શબ્દ પણ 'નમો' છે. જે સંપૂર્ણ સમર્પણતા સૂચવે છે. જ્યાં હું-એટલે અહંકાર નથી તે નમો! જેને વંદન થતું હોય તે જો સમગ્રપણે શુદ્ધ બુદ્ધ અને મુક્ત હોય અને જે વંદન કરતા હોય એનામાં અવિહડ શ્રદ્ધા હોય તો જ વંદન ખરા અર્થમાં સાર્થક નીવડે છે. વંદન એ શરણાગતિ માર્ગ છે જેના દ્વારા શુદ્ધ સંયમરૂપી આશીર્વાદ સાધકમાં પ્રવેશ પામે છે. વંદન એટલે આગ્રહ અને અહંકારનું વિસર્જન! જ્યાં વંદન છે ત્યાં આવકાર છે. અતિથિ દરવાજા બહાર હોય અને દ્વાર ઉઘાડવામાં જ ન આવે તો એ પ્રવેશ ન પામી શકે. વંદણક એ દ્વાર ઉઘાડવાની કળા છે. સામાયિક એ પોતાની ઓળખ છે. લોગસ્સ દ્વારા સદ્ તત્ત્વોની ઓળખ થાય છે જ્યારે વંદન એ ગુરુનો સ્વીકાર, એમના પરત્વે બહુમાન અને એમની સાથે જોડાણની સાત્વિક ઈચ્છા સૂચવે છે. સામાયિક અને લોગસ્સ ધ્યેય દર્શાવે છે જ્યારે વંદણક આ ધ્યેય પ્રાપ્ત કરવાની તાલાવેલી, ઉત્સુકતા, ઉદ્યમ દર્શાવે છે.

**પ્રતિક્રમણ :** મૂળગુણ અને ઉત્તરગુણોમાં જે આત્માની સ્ખલના થઈ છે, તેની વિધિપૂર્વક નિંદા, ગર્હા અને આલોચના કરવી તે પ્રતિક્રમણ કહેવાય છે. પાપથી પાછા ઓસરવું. રાગ દ્વેષથી વિરુદ્ધ ગમન કરવું, પ્રમાદને વશ થઈને જે આત્મસ્વભાવથી પ્રસ્થાનમાં જવાયું હોય ત્યાંથી પાછા ફરવું અથવા અશુભ યોગથી નિવૃત્તિ એ પ્રતિક્રમણ! જ્યાં સુધી અશુચિઓનું આગમન છે ત્યાં સુધી શુદ્ધિ શક્ય જ નથી. શુદ્ધ બનવા નવા આવરણોના આગમનને રોકવું જ પડશે, તથા આત્મ-પ્રતારણા કર્યા વગરની સ્વદુષ્કૃત ગર્હા કરવી એ પ્રતિક્રમણ છે. 'મારી ભૂલ છે, હું આવો હોઈ ન શકું', આવી નિખાલસ કબૂલાત એ પ્રતિક્રમણનો પાયો છે. 'મારા દ્વારા જે વર્તન થવું જોઈતું હતું તે નથી થયું અથવા જે ના થવું જોઈએ તે થયું છે' તેનો સ્વીકાર, અફસોસ, વેદના અને તે માટેની માફી માંગવી, તેમાંથી પાછા ફરવાની સમ્યક્ ઈચ્છા, પ્રયત્ન તથા પોતાની ભૂલ માટે પ્રાપ્ત થયેલા દંડનો વિનમ્રતાથી સ્વીકાર, આ સર્વ પાસાઓને પ્રતિક્રમણ સાંકળી લે છે. પ્રતિ એટલે પાછા ફરવું (ક્રમણ) એ અશુભમાંથી નિવૃત્તિના સંદર્ભમાં તથા પ્રતિ એટલે તરફ, ક્રમણ એટલે ગતિ, આમ શુભ તરફની ગતિ, પ્રતિક્રમણ આ બન્ને અર્થોનું સાયુજ્ય છે. પ. પૂ. પુરંદરાચાર્ય શ્રી હરિભદ્રશ્રીજી પ્રતિક્રમણ, પ્રતિચરણા, પરિહરણા, વારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શોધિ આ સર્વ પર્યાય નામોના અર્થને પ્રતિક્રમણમાં આવરી લે છે.

અનાદિ કાળથી પરપદાર્થની આસક્તિ અને સંયોજન થયું છે. પરભાવની રમણતામાંથી પાછા ફર્યા વગર કલ્યાણ શક્ય નથી. પોતાના ભવરોગને જાણ્યા પછી (સામાયિક અને લોગસ્સ આવશ્યક), ગુરુરૂપી રોગનિવારક ભવવૈદ્ય પાસે શ્રદ્ધાથી જઈ (વંદણક), એ વૈદ્ય જે ઉપાય સૂચવે તેનું યથાર્થ પાલન કરવા કટિબદ્ધ થવું એ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણમાં શલ્યશોધન કાર્યની શરૂઆત છે. અનાદિકાળથી ખાણમાં રહેલા અશુદ્ધ સુવર્ણનું શોધન ભઠ્ઠીના તાપમાં મેલસહિત ધન ભૂમિકામાંથી પ્રવાહી સ્વરૂપમાં જ્યારે પરાવર્તન કરવામાં આવે ત્યારે એનામાંથી શલ્ય દૂર થાય છે. એજ પ્રમાણે આ પ્રતિક્રમણ એ પ્રાયશ્ચિત અને વેદના રૂપ ભાવઊર્જા છે જેના કારણે કર્મમળ રૂપી આવરણો આત્મતત્ત્વ ઉપરથી દૂર થાય છે.

પ્રતિક્રમણ એ આસ્રવ દ્વાર નિરોધ અને સંવર દ્વાર ઉઘાડવું છે. કોઈ વિશાળ વસ્ત્ર ઉપર ડાઘ પડ્યો હોય, તો એ મેલું તો કહેવાય – પરંતુ જ્યાં સુધી ડાઘ ક્યાં, કેટલો, કયા પ્રકારનો લાગ્યો છે તેનો નિર્ણય ના થાય ત્યાં સુધી એ ડાઘ કાઢી શકાતો નથી. વંદણક આવશ્યક દ્વારા શલ્ય લાગ્યું છે તેનો સ્થૂળ સ્વીકાર છે. પરંતુ પ્રતિક્રમણ આવશ્યક ક્યાં, કેવી, કેટલી, કયા પ્રકારની ભૂલ છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. ભૂલ સ્વીકાર વગર શુદ્ધિ શક્ય નથી. આ ભૂલનો સ્વીકાર ગુરુ સમક્ષ નિખાલસપણે કરવાનો છે અને ગુરુ જે શુદ્ધિકરણનો માર્ગ દર્શાવે તે માટે શંકા, કુશંકા, અશ્રદ્ધા રાખવાની નથી.

**કાયોત્સર્ગ-કાઉસગ્ગ :** વિશુદ્ધિ પામવા ઉત્સુક થયેલો સાધક, પોતાના શલ્યોનું નિરાકરણ કરવા ગુરુ જે માર્ગ/દંડ દર્શાવે તેનો સહર્ષ સ્વીકાર કરી, એમની આજ્ઞાનું અક્ષરશઃ ભાવસહિત પાલન કરે ત્યારે જે શલ્યોનું શોધન થાય અને શુદ્ધતાનું પ્રાગટ્ય થાય એ કાયોત્સર્ગ એટલે કર્મરૂપી કાયાનો નાશ સમજવો.

જ્યારે કાઉસગ્ગ કરતી વખતે નમસ્કારનું સ્મરણ થાય છે ત્યારે 'સવ્વ પાવપણાસણો' રૂપી અશુભનું નિવર્તન અને મંગલનું પ્રાગટ્ય થાય છે. અથવા લોગસ્સનો કાઉસગ્ગ કરતાં, રજ અને મળનો નાશ થતાં આરોગ્ય, બોધિલાભ અને સમાધિની પ્રાપ્તિ થાય છે. આમ કાઉસગ્ગ એ સ્પષ્ટ વિધિ છે જેના દ્વારા નિર્જરા થાય છે. તપના બાર ભેદમાં પણ સૌથી અંતિમ કાયોત્સર્ગ કહેવામાં આવ્યું છે. જેનો અર્થ કર્મમળનો ક્ષય, નિર્જરા થાય છે. પ્રતિક્રમણ એ સ્વાધ્યાય અવસ્થા છે, જ્યાં સ્વનું અધ્યયન થાય છે; તો કાયોત્સર્ગ એ ધ્યાન અવસ્થા છે. કાઉસગ્ગમાં જે મંત્રોચ્ચાર ગણવામાં આવે છે, તેના પર દિવ્યશક્તિનો પોતાનામાં સંચાર કરવામાં આવે છે.

કાયોત્સર્ગનો એક અન્ય અર્થ – કાયા ઉત્પન્ન કરાવનાર વિભાવનો ત્યાગ! જે પોતાની ઇંદ્રિયો અને મનને ગોપવે છે – ગુપ્ત કરે છે તે કાયોત્સર્ગ છે. સંલીનતા એ ઉત્કૃષ્ટ બાહ્યાંતર કાયોત્સર્ગ છે જ્યાં પાંચ ઈંદ્રિયો અને મનનો અશુભમાંથી અપ્રમત્તપણે નિગ્રહ છે.

'જે પોતાનું (આત્માનું) છે, તે પોતાનામાં જ છે! જે બહાર (પરપદાર્થ) છે, તે પોતાનું (આત્માનું) નથી! અન્ય (પરપદાર્થ) કદાપિ પોતાનું થતું નથી! જે પોતાનો (આત્મસ્વભાવ) છે, તે કદાપિ બહાર (અન્યમાં) જતો નથી! માટે બહારને (પરપદાર્થ)ને બહાર જ રહેવા દેવું અને પોતાનામાં લાવવાનો પ્રયત્ન ન કરવો એ આધ્યાત્મિક કાયોત્સર્ગ જ છે! પરપદાર્થની સ્પૃહા કર્મબંધ કરાવે છે, જે સ્પૃહા, ઈચ્છા, સ્વકર્તૃત્વમાંથી સમ્યક્ પણે વિરામ પામવું એ કાયોત્સર્ગ રૂપી નિર્જરા છે. આત્મસ્વભાવને જાણવાની ઈચ્છાવાળો આત્મા (સાધક), આત્મવીર્યની (પોતાની) શક્તિને આત્મામાં જ વાપરે છે!

**પચ્ચક્ખાણ-પ્રત્યાખ્યાન :** વિભાવમાં રાચવામાંથી નિવૃત્ત થયા પછી હવે 'હું ફરી વિભાવમાં-અયોગ્યતાનું સેવન નહીં કરું' એવો દૃઢ સંકલ્પ એ પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણમાં અવિવેક તથા અયોગ્યતાનો ત્યાગ અને યોગ્યતા ધારણ કરવાનો સક્રિય ઉદ્યમ સમાયેલો છે. આમ પચ્ચક્ખાણ એ દર્શન જ્ઞાન અને ચારિત્ર તપનો સમન્વય છે. આ પચ્ચક્ખાણ અવિહડ શ્રદ્ધા અને સમ્યક જ્ઞાન ઉપર નિર્ભર છે. જો સાચી શ્રદ્ધા છે, તો સંકલ્પ પણ છે અને આચરણ પણ છે. આત્મતત્ત્વ પરભાવમાં રમમાણ ન થઈ જાય એ માટે સતત જાગૃતિ રાખવી. રોજિંદા જીવનના સંદર્ભમાં કહીએ તો ઉપયોગ, જયણા એ પચ્ચખાણ છે. જો આ દુર્લભ મનુષ્યભવ સાર્થક કરવો છે, તો કર્મક્ષેત્રમાં ધર્મ પાળવાનું પચ્ક્ખાણ લેવું જોઈએ. દરરોજની વ્યવહાર જીવનની ભિન્નભિન્ન ક્રિયાઓ કરતી વખતે સાધક પોતાના અધ્યવસાય – પરિણામમાં ક્યાંય અન્ય જીવને દુઃખ, શોક ગ્લાનિ પોતાના દ્વારા ન થાય એવો નિયમ ધારણ કરે! શાસ્ત્રકાર ભગવંતો પરિણામે કર્મબંધ કહે છે. જો સાધકના પરિણામ સારા હશે-કૃષ્ણ, નીલ અને કપોત લેશ્યા તજીને તેજો અને પદ્મલેશ્યાની ભાવધારા પ્રવર્તમાન કરવાનો સક્રિય પ્રયત્ન હશે, તો એનું સર્વ લૌકિક કાર્ય પણ લોકોત્તર લાભ કરાવનાર નીવડશે.

વંકચૂલ જેવો અઠંગ ચોર પણ લીધેલા ચાર પચ્ચક્ખાણના પ્રતાપે તરી ગયો. આપણે આ નિયમો સતત યાદ રાખવાના છેઃ 'અજાણ્યું ફળ ખાવું નહીં' એનું તાત્પર્ય એ છે કેઃ કોઈ પણ કાર્ય કરતી વખતે વિચારવું – કે 'આવું વર્તન કરવાથી શું ફળ મળશે ?' શું પોતાના વર્તન દ્વારા પોતાના જ જીવનમાં અગણિત વિપદાઓ ફળ સ્વરૂપે આવશે એ જાણ્યા પછી કોઈ એવું કાર્ય કરે ખરો ? તે છતાં પોતાની આસક્તિનો પ્રવાહ ખૂબ પ્રચંડ હોય, અને ભૂલ થઈ જ જતી હોય તો - 'સાત ડગલાં પાછળ જવું', એટલે કંઈક તો પોતાની ઈચ્છાનો (અયોગ્યતાના સેવનની) ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ કાયાકલેશ કરવો જ કરવો તથા પોતાનું સૌથી મોટું દૂષણ તો ન જ સેવવું. (પટરાણીના ત્યાગ રૂપી ત્રીજો નિયમ) અને અંતે 'કાગડાનું માંસ તો ન જ ખાવું,' એટલે કોઈ પણ સંજોગોમાં પોતાની ભૂલનો બચાવ તો ન જ કરવો! આ ચાર નિયમો આપણને અહિંયા, અત્યારે આ કાળમા ઉન્નતિના માર્ગે આરૂઢ અવશ્ય કરી દેશે.

સાધકનો નિર્ધાર, સંકલ્પ અતિ આવશ્યક છે, કારણ કે ભવભયાતિ ઘણો જેને હોય એને જ પચ્ચક્ખાણ સ્ફુરે છે. જેઓ માત્ર પ્રપંચ, બનાવટ કરે છે, એ કદાપિ પામી શકતા નથી.

**છ આવશ્યકનું યથાર્થ પાલન એ પરમભાવથી શત્રુંજયની યાત્રા:**

મુમુક્ષુ શત્રુંજયની લોકોત્તર પરમભાવયાત્રા જયતળેટીએ 'વંદણવત્તીયાએ' – વંદનની ભાવના – નમોરૂપી સંપૂર્ણ સાત્વિક

સમર્પણ રૂપી પચ્ચક્ખાણ આવશ્યકથી પ્રારંભ કરે છે. કોઈ શત્રુ બહાર નથી. આ અંતરંગ શત્રુઓને જીતવા કટિબદ્ધ-સંકલ્પબદ્ધ થયેલા સાધકનો નિયમ એ એની શ્રદ્ધા અને વીર્યોત્સાહનું પ્રતીક છે. જેટલો વિશુદ્ધ અને નિષ્કપટ નમસ્કાર એટલી વધુ પાત્રતા! આધ્યાત્મિક જગતમાં પ્રાપ્તિ સમર્પણતા ઉપર નિર્ભર છે! 'મારે અશ્રદ્ધા, દુર્ભાવ, મૂઢતા આદિ અંતરંગ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો છે' રૂપી દૃઢ પચ્ચક્ખાણના પ્રતાપે આરોહણ થતાં અશુભના નિવર્તનરૂપી કાયોત્સર્ગની શરૂઆત 'પૂઅણવત્તીયાએ' પૂજનની દિવ્ય ભાવનાઓનું પ્રાગટ્ કરાવે છે. વંદન એ વૈખરીની ભક્તિ છે જ્યારે પૂજન મધ્યમામાં ભક્તિનું પરિણમન સૂચવે છે. 'હવે આત્મતત્ત્વ જ – અન્ય કોઈ પરપદાર્થ નહીં', એ રૂપી 'સક્કારવત્તીયાએ' દ્વારા સત્કાર ભક્તિથી સાધક, ભાવ પ્રતિક્રમણ (પરપદાર્થથી કાયમી વિરામ) આવશ્યકમાં પ્રવેશ પામે છે. એ ત્રણ ભૂમિકાઓમાં દેહાધ્યાસનું વિસર્જન અને આત્મતત્ત્વ પરત્વે અહોભાવ છે. જ્યારે આગળના ત્રણ આવશ્યકો આત્મતત્ત્વનું સંવર્ધન કરાવવામાં સહાયક નીવડે છે. પોતાનામાં જ સત્તાએ રહેલા સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર તપ અને વીર્યરૂપી આત્મગુણોનું વૈયાવચ્ચરૂપી વંદણક આવશ્યક, જે સન્માન ભક્તિ 'સમ્માણવત્તીયાએ' સ્વઆત્મગુણોની અનુમોદના કરાવતાં, ચંચળતા ઇત્યાદિ કષાયોનો ઉપશમ/ક્ષય કરાવે છે અને આત્મતત્ત્વમાં સ્થૈર્યતાનો દિવ્ય અનુભવ થાય છે. હવે લોગસ્સ આવશ્યક સાધકને 'બોહિલાભવત્તીયાએ' બોધિની પ્રાપ્તિ પમાડનાર, અને સાચા અર્થમાં આ લોકમાં ઉદ્યોત કરનાર, ધર્મતીર્થનું પ્રવર્તન કરાવનાર, જિને. અરિહંતે પદનું બિરુદ અપાવનાર બને છે. અંતે સામાયિકનું પરમભાવ પ્રાગટ્ય રૂપી 'નિરૂવસગ્ગવત્તીયાએ' સર્વ પ્રકારના પરના સંયોગરૂપી ઉપસર્ગથી અપ્રતિપાતિપણે મુક્તિ અપાવનાર નીવડે છે. મોક્ષ, સિદ્ધાવસ્થા, સિદ્ધ બુદ્ધ મુક્ત દશા પ્રગટાવે છે. આજ તો દિવ્ય પરમભાવ શત્રુંજય આરોહણ છે જ્યાં સાધક, ઈંદ્રે ભરાવેલી સુવર્ણની ગુફામાં રહેલી પરમાત્માની મણિમય મૂર્તિના (અત્યારે લુપ્ત થયેલી) દર્શન સેવન પૂજન કરે છે. તાત્ત્વિકપણે પોતાના જ અષ્ટ ૠચક પ્રદેશરૂપી ગુફામાં રહેલા શુદ્ધત્વના દર્શન કરતાં, અનુભવ કરતાં એનો વિકાસ સાધતાં, સાધકના અસંખ્યાતા આત્મપ્રદેશો અપ્રતિપાતીપણે નિર્મળ અને વિશુદ્ધ બની જાય છે.

**છ આવશ્યકોનો સમન્વય અને અનિવાર્યતા :**

અંતે, પ્રતિક્રમણમાં સૂત્ર આવે છેઃ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્! સામાયિક, ચૌવિસત્થો, વંદણ, પડિક્કમણ, કાઉસગ્ગસ પચ્ચક્ખાણ કર્યું છે જી?' હે પરમાત્મા! હે સિદ્ધ ભગવંતો! હે ગુરૂભગવંતો! આપની સાક્ષીએ (કૃપાથી): આત્મા માટે (સ્વ માટે) {સામાયિક આવશ્યક}; તથા લોક માટે (અન્ય સર્વ જીવરાશી તથા ચૌદ રાજલોકના સર્વ પદાર્થ–દ્રવ્ય (અજીવ તત્ત્વ), પ્રત્યેક ક્ષેત્ર, ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ કાળ, સર્વ ભાવ તથા સર્વ સંજોગો, પરિસ્થિતિઓ માટે) (ચૌવિસત્થો આવશ્યક); પારાવાર બહુમાન, નમસ્કાર, પ્રમોદ, અનુમોદન, સમર્પણ, (સંપૂર્ણ શરણાગતિ) દ્વારા 'હું' (વંદણક આવશ્યક); (મારા દ્વારા જે મન, વચન, કાયા એ ત્રણે યોગની અયોગ્ય સંચાર ક્રિયા, ઉભયપક્ષે થઈ હોય (મારા આત્મા પરત્વે અને અન્યજીવો અથવા અજીવો પરત્વે થઈ હોય); ખંડના, વિરાધના થઈ હોય (ખંડના-વિરાધના ચાર પ્રકારે થાય-પ્રતિસિદ્ધ વસ્તુનું કરવું-એટલે અયોગ્ય કાર્ય કરવું, કરવા યોગ્ય અનુષ્ઠાન ન કરવું, વીતરાગના વચનની અશ્રદ્ધા કરવી, અને વિપરીત પ્રરૂપણા કરવી), એમાંથી પાછા ફરવા માટે (પ્રતિક્રમણ આવશ્યક); અને પ્રસારિત, વિસ્તરણ પામેલા અભાવ-અયોગ્ય સ્પંદનોની 'કાયા'નો ક્ષય-ઉત્સર્ગ-નાશ કરવા માટે (કાયોત્સર્ગ આવશ્યક); તથા આ કાર્ય સંપાદિત કરી, 'હું મારા શુદ્ધ, સંપૂર્ણ, સહજ, અકંપિત, સ્વતંત્ર, આત્મસ્વભાવમાં-પરમાત્મ સ્વભાવમાં અવ્યાબાધપણે, અક્ષયપણે, અરૂપીપણે, અગુરુલઘુપણે રહેવા...

'હું છ આવશ્યકનું અત્યંત ભાવથી, હૃદયથી, ઉલ્લાસથી સેવન, પૂજન, અર્ચન, વંદન, કીર્તન કરું છું!'

**અંતિમ સૂચન :** જો સીતામાતાએ લક્ષ્મરેખા ઓળંગી ન હોત તો રાવણ એમનું હરણ કરી ના શકત! આ વર્તમાનના હૂંડા અવસર્પિણીની પાંચમા દુષણ આરામાં પણ છ આવશ્યકરૂપી લક્ષ્મણરેખા જે સાધક નહીં ઓળંગે એનું રાગ, દ્વેષ, મોહ, આસક્તિ, આગ્રહ, અજ્ઞાન, પ્રમાદ, અહંકાર, વિપર્યાય અને સ્વાર્થ રૂપી દશાનન્ હરણ નહીં કરી શકે! આ છ આવશ્યક એવું દિવ્ય ઔષધ છે જે દ્રવ્યરોગ અને ભાવરોગ બન્નેનો નાશ કરી, લૌકિક અને લોકોત્તર લાભ અપાવે છે!

✷ ✷ ✷

(આ લેખમાં લખાયેલી વ્યાખ્યાઓ, સંદર્ભો, વિગતો શ્રી પ્રબોધ ટીકા ગ્રંથમાંથી અને ઉપદેશ પ્રાસાદ ગ્રંથમાંથી ઉધ્ધૃત કરવામાં આવી છે. જાણતાં અજાણાતાં કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતિ અને મિચ્છામિ દુક્કડમ્)

✷ ✷ ✷

૬૨, અમૂલ્ય, ૧૯૫, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.
મોબાઈલ : 9821118596.Email : yatrkjhaveri@gmail.com

*છ આવશ્યકરૂપી લક્ષ્મણરેખા જે સાધક નહીં ઓળંગે એનું રાગ, દ્વેષ, મોહ, આસક્તિ, આગ્રહ, અજ્ઞાન, પ્રમાદ, અહંકાર, વિપર્યાય અને સ્વાર્થ રૂપી દશાનન્ હરણ નહીં કરી શકે! આ છ આવશ્યક એવું દિવ્ય ઔષધ છે જે દ્રવ્યરોગ અને ભાવરોગ બન્નેનો નાશ કરી, લૌકિક અને લોકોત્તર લાભ અપાવે છે!*

# સંવર-નિર્જરા ઉભય ધર્મસાધક ષડાવશ્યક

❑ સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

*[ જૈન દર્શનના તત્ત્વોના જાણકાર સતત અભ્યાસ અને ચિંતન કરનાર વિદ્વાન સૂર્યવદન ઝવેરીએ શ્રીયુત પંડિત પન્નાભાઈ ગાંધી તથા પં. શ્રી ફૂલચંદ શાસ્ત્રી પાસે અભ્યાસ કરેલ છે. એમણે 'ત્રૈકાલિક આત્મવિજ્ઞાન' તથા 'સ્વરૂપ ઐશ્વર્ય' પુસ્તકોનું સંકલન કર્યું છે, જેમાંના લેખો પૂર્વે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલ છે. ]*

ઉપરોક્ત શીર્ષકના વિષયને ન્યાય આપવા સર્વપ્રથમ તો તે શીર્ષકના શબ્દો ષડાવશ્યક, સંવર, નિર્જરા તથા ધર્મને સમજવા જોઈશે.

**ષડાવશ્યક :** ષટ્ (છ-૬) આવશ્યકના સમુદાયરૂપ, દોષ કે અતિચારની આલોચનારૂપ જે પ્રક્રિયા છે, તે પ્રતિક્રમણ છે એ સાતિચાર સંયમમાંથી નિરતિચાર સંયમમાં પાછા ફરવાપણું છે.

આવશ્યકનો અર્થ છે કે જે અવશ્ય કરણીય છે, અર્થાત્ કર્તવ્યરૂપે જે રોજેરોજ કરવું અત્યંત જરૂરી છે. બીજા બધાય કામ પડતા મૂકીને આધ્યાત્મિક ઉત્થાનને માટે જે અવશ્ય કરણીય છે તે ષડાવશ્યક છે. ચતુર્વિધ સંઘની એ ષડાવશ્યકની વિચારણા કરવા પહેલાં ગૃહસ્થની રોજેરોજના ષડાવશ્યકની વિચારણા કરીએ.

देवपूजा, गुरुपास्ति, स्वाध्याय, संयम, स्तपः।
दानं चेति गृहस्थान, षट्कर्माणि दिने दिने ।।

પરિગ્રહી હોવાના કારણે શ્રાવક-શ્રાવિકાને આ રોજેરોજ કરવાના કાર્યો છે, જે પુણ્યકર્મ છે અને ગૃહસ્થની ઉપર બાકીના બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત આશ્રમનો ભાર હોવાથી પુણ્યસંચય જરૂરી છે. સિદ્ધગિરિના દુહામાં શત્રુંજયગિરિના એક નામને વર્ણવતો દુહો છે...

શ્રાવક મેઘ સમ કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ. ૧૭ (૭)

**(૧) દેવપૂજા :** દ્રવ્ય-ગુણ-પર્યાયથી વીતરાગી, નિર્વિકલ્પ, સર્વજ્ઞ દેવનું સાચું સ્વરૂપ સમજી લઈને ગુણનિધાન એવા તીર્થંકર ભગવાનના ગુણગાન ગાવા સહિતની એમની સ્તુતિ, સ્તવના, દર્શન, વંદન, પ્રદક્ષિણા, અર્ચનાદિરૂપ પૂજાને દેવપૂજા નામનું પ્રથમ કર્તવ્ય કહેલ છે. એ દેવપૂજાથી એમના જેવા ગુણો પ્રગટવાથી વીતરાગ થવાય છે–દેવ સ્વયં બનાય છે. જ્યાં સુધી તેમના જેવા અરિહંત બનાતું નથી ત્યાં સુધી પૂજક ગૃહસ્થને તેવા થવા જરૂરી દ્રવ્યભાવના સંયોગો સાંપડતા રહે એવો પુણ્યબંધ થાય છે કે જે આડપેદાશ–By Pyroduct છે. એ ખ્યાલમાં રહેવું જોઈએ કે પુણ્યબંધના હેતુથી પૂજા નથી કરવાની. વીતરાગી થવા માટે વીતરાગીની પૂજા છે. વીતરાગી દેવ થવા યોગ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત હોય તો નિર્મળતા કે ક્ષાયિકતા પણ અષ્ટાંગી દેવપૂજાથી થતી હોય છે. તેથી તો અધ્યાત્મપુરુષ ગણિશ્રી દેવચંદ્રજીએ ગાયું છે કે...

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે;
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય ઉલ્લાસથી;
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે, તાર હો. (૨)

-મહાવીર સ્વામી સ્તવન. ગા. ૫.

**(૨) ગુરુ ઉપાસના :** શ્રમણોપાસક હોય તેને શ્રાવક કહે છે. દેવભક્તિ પછી ગુરુભક્તિ કરવી જરૂરી છે. જિનેશ્વર ભગવાન પરોક્ષ ઉપકારી છે. ગુરુભગવંત પ્રત્યક્ષ ઉપકારી છે. દેવ-ગુરુ-ધર્મની તત્ત્વત્રયીમાં કેન્દ્રસ્થાને રહેલ ગુરુ દેવસ્વરૂપને ઓળખાવીને તેવા સ્વરૂપને પમાડનારા ધર્મને પણ બતાવે છે. ઉંબરે રહેલ દીપકની પેઠે બાહ્ય અને અભ્યંતર ઉભયને પ્રકાશે છે. નિર્ગ્રંથ, આત્મજ્ઞાની ગીતાર્થ, આંશિક વીતરાગી, નિર્મોહી ગુરુદેવ જે સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય છે; તેમના યથાર્થ સ્વરૂપને સમજીને એ નમસ્કાર મહામંત્રમાં પંચમ સ્થાને બિરાજમાનની સેવા–ભક્તિ કરવી. એમને આહાર, ઔષધિ, વસતિ, વસ્ત્રપાત્રનું યથાવિધિ યથાશક્તિ દાન દેવું. એ સુપાત્રદાનમાંનું એક સુપાત્રદાન છે. સાચા ગુરુ ભગવાનનો મહાન પુણ્યોદયે કરીને યોગ સાંપડ્યો છે, તો યોગ વંચક ન થતાં યોગ અવંચક થવું. અવધૂતયોગી આનંદઘનજી મહારાજાશ્રીએ ચંદ્રપ્રભસ્વામીની સ્તવના કરતાં ગાયું છે કે...

આગમથી મતિ આણિયે, સખી કીજે નિર્મળ સેવ, સખી.
નિર્મલ સાધુ ભગતિ લહી, સખી યોગ અવંચક હોય સખી.

–ગાથા. ૫.

દેવપૂજા ને ગુરુપૂજા પુણ્યોપાર્જનના નિમિત્તકારણ છે.

**(૩) સ્વાધ્યાય :** વીતરાગતા તથા વૈરાગ્ય પોષક જિનેન્દ્ર ભગવાનના જિનવચનનું શ્રવણ, પઠન, ચિંતન, મનન, અનુપ્રેક્ષાદિ 'સ્વાધ્યાય' નામનું આવશ્યક છે. સ્વયં (આત્મા)ને અનુલક્ષીને વિભાવ અને સ્વભાવ દશાની થતી વિચારણા પણ 'સ્વાધ્યાય' છે. સ્વાધ્યાયથી શુદ્ધિમાં વૃદ્ધિ થતી હોવાથી તે નિર્જરાનું કારણ છે.

**(૪) સંયમ :** વીતરાગભાવપૂર્વક પોતાની ભૂમિકાનુસાર હિંસાદિ સાવદ્ય પાપવૃત્તિથી નિવૃત્તિ અને ઈન્દ્રિયનિગ્રહરૂપ પ્રત્યાહાર, સામાયિક, દેશાવગાશિક, પૌષધાદિની સદાચરણા 'સંયમ' નામનું આવશ્યક છે.

**(૫) તપ :** વીતરાગ ભાવપૂર્વક પોતપોતાની ભૂમિકાનુસારે યથાશક્તિ અનશન (ઉપવાસ), ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગરૂપ વ્રત ધારણ કરવા તે 'તપ' નામે આવશ્યક છે.

**(૬) દાન :** પોતપોતાની શક્તિ અનુસારે શાસ્ત્રોક્ત સાત ક્ષેત્રોમાં ધનસંચયરૂપ ધનદાન એ દાન આવશ્યક છે. દાન એ પુણ્યકર્મબંધરૂપ હોવાથી આશ્રવ છે. જ્યારે ત્યાગ ધર્મસ્વરૂપ હોવાથી નિર્જરા છે. દાન-શીલ-તપ-ભાવ રૂપ ચાર પ્રકારનો ત્યાગધર્મ પ્રભુએ પ્રરૂપ્યો છે. દાનથી ગૃહિત ધનાદિ પુદ્ગલોનો ત્યાગ છે. શીલ એ અબ્રહ્મના સેવનના ત્યાગપૂર્વક અગૃહિત પુદ્ગલ પરમાણુઓની ઈચ્છા અર્થાત્ કામનાનો ત્યાગ છે. તપથી આહાર ત્યાગથી થતો ઈચ્છાનિરોધ છે. ભાવમાં કષાયભાવ, ક્ષાયોપશમિક (સાધક)ભાવનો ત્યાગ છે.

હવે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘ સમસ્તને કરવાના ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ વિષે વિગતે વિચારીએ.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં 'છવ્વિહ-આવસ્સયમ્ચિ ઉજ્જુતો હોઈ પઈ-દિવસં' ।।૧।। કહ્યા મુજબ છ પ્રકારના (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ (ચઉવિસત્થા) (૩) વાંદણા, (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ અને (૬) પચ્ચક્ખાણમાં પ્રતિદિન ઉદ્યમવંત થવું.

ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા દેશવિરતિધર અણુવ્રતધારી હોય છે. સાધુ-સાધ્વી સર્વવિરતિધર મહાવ્રતધારી હોય છે.

પ્રત્યેક જીવ કર્માધીન હોય છે. સહુ સહુને પોતપતાના કર્મનો ઉદય હોય છે. એ પ્રમાણેની ઔદયિક ક્રિયા પણ સહુ થકી થતી હોય છે. એ કારણથી એકબીજાને અરસપરસ એકમેકના કર્મ થકી અથડામણ-ટક્કર પણ થતી હોય છે. એ થતી અથડામણનું તો તત્કાળ એટલે કે on the spot 'મિચ્છામિ દુક્કડં' દેવા રૂપ પ્રતિક્રમણ થવું જોઈએ, અર્થાત્ ક્ષમાયાચના થવી જોઈએ અને તે `sorry' કે 'માફ કરજો'ના માફીના ઉદ્ગારોથી વ્યક્ત પણ થાય છે.

એ ઉપરાંત પણ જે જે અણુવ્રતો કે મહાવ્રતો ઓચર્યા હોય છે એટલે કે પચ્ચક્ખાણ યા પ્રતિજ્ઞા લીધાં હોય છે, તે વ્રતો વિષે જાણતા, અજાણતા કે શીઘ્રતાએ કરીને નાના મોટા દોષોનું સેવન થયું હોય છે, અર્થાત્ અતિચાર લાગ્યા હોય છે. એ અતિચાર સ્વરૂપ હોય છે પણ અનાચાર સ્વરૂપ નથી હોતા.

છ કાયની રક્ષા સંબંધી પંચાચારની પાલના તેમજ વ્રતોના પાલનમાં જે જે દોષોનું સેવન પોતા થકી પોતાના જ પરમાત્મા સ્વરૂપ આત્મા પ્રત્યે થયેલ અપરાધ છે. એ સ્વદોષ બદલ આલોચના, ક્ષમાયાચનાની તીર્થંકર ભગવંતોએ જૈન ધર્મમાં પ્રરૂપેલ પ્રક્રિયા તે ષડાવશ્યકના સમુદાયરૂપ પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણ, આલોચના, પ્રાયશ્ચિત, પચ્ચક્ખાણની જે પ્રક્રિયા જૈનધર્મમાં છે, તેવી અન્ય ધર્મોમાં ક્યાંય જોવા જાણવા મળતી નથી, એવી આગવી ને અનોખી છે. એ આત્મશુદ્ધિ માટે તથા શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા માટે અત્યંત આવશ્યક છે. કોઈ અન્ય દર્શને વિધિપૂર્વકની આવી રોજેરોજ કરવાની આટલી પરિપૂર્ણ પ્રક્રિયા બતાવી નથી. કોઈકે પસ્તાવાની, એકરાર એટલે કે confession ની પ્રક્રિયા દેખાડી છે. પણ આલોચનાપૂર્વકના પ્રાયશ્ચિત અને પચ્ચક્ખાણની વિધિ નથી બતાવી.

બને ત્યાં સુધી તો એડજસ્ટ કરી લઈને સમાધાન સાધીને અથડામણ ટાળવાની છે અને જયણાપૂર્વક કોઈને પણ કશુંય દુઃખ ન પહોંચે એમ દૈનિક ક્રિયાઓ કરવાની છે. કર્મવશતાથી ટકરામણ થઈ જાય તો તેનું તત્કાળ પ્રતિક્રમણ કરવાનું જ હોય છે. પ્રાયઃ સહુ કોઈ દાર્શનિક એનો અનુરોધ કરતા હોય છે. પરંતુ હાલતા-ચાલતા, ખાતા-પીતા, વસ્તુ લેતા-મૂકતા, મળ-મૂત્રાદિના વિસર્જનની નિહારની ક્રિયામાં, કહેતાં-બોલતા-સાંભળતા કે મનોમન વિચારતા જયણા ન પળાતા જે કાંઈ દોષ સેવાયા હોય યા અતિચાર લાગ્યા હોય તો તેનું મન-વચન-કાયાના ત્રિયોગે કરીને તથા કરવા–કરાવવા–અનુમોદનાના દોષોનું ત્રિયોગે ને ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દેવારૂપ પ્રક્રિયાનું નામ પ્રતિક્રમણ છે; જે કદાચ એક માત્ર જૈન શાસન, રોજેરોજ કરવા આજ્ઞા કરે છે.

સાચું નૈશ્ચયિક પ્રતિક્રમણ તો એ છે કે...(૧) જીવ જે અનાદિનો મિથ્યાત્વી છે, તે 'મન્નહ જિણાણ...'ની સજ્ઝાયમાં જણાવ્યા મુજબ મિથ્યાત્વ પરિહરિને ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામે. અર્થાત્ વિનાશી પર્યાય (અવસ્થા) તરફનું વલણ છોડીને અવિનાશી આત્મા તરફ વળીને આત્મદૃષ્ટિ જે સત્દૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ છે, તેને કેળવે. આત્મદર્શન કે આત્મ સાક્ષાત્કાર થવો તે પહેલું નૈશ્ચયિક પ્રતિક્રમણ છે.

(૨) ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનને પણ પરિહરિ (ત્યાગી)ને નિર્મળ ક્ષાયિક (સર્વથા કર્મક્ષયથી પ્રાપ્ત) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી વીતરાગ યથાખ્યાત ચારિત્રને પામે. આ આત્મસ્થ કે સ્વરૂપસ્થ વીતરાગ થવારૂપ બીજું નૈશ્ચયિક પ્રતિક્રમણ છે.

(૩) વીતરાગ થયા પછી એટલે કે પૂર્ણ સુખ પામ્યા પછી સર્વજ્ઞ થઈને અનંત સુખની તથા સિદ્ધ થઈને અવ્યાબાધ સુખને પામવું તે અંતિમ ત્રીજું સહજ થતું નૈશ્ચયિક પ્રતિક્રમણ છે.

પ્રથમ મોહનાશથી વીતરાગ થવારૂપ મોહ (રાગ)મુક્તિ છે. પછી અજ્ઞાનનાશ કે ઉપયોગ અસ્થિરતા નાશથી અનંતજ્ઞાન–અનંત દર્શન-અનંતવીર્યની પ્રાપ્તિરૂપ ઘાતિકર્મ મુક્તિ છે, તે બીજું નૈશ્ચયિક પ્રતિક્રમણ છે. આ કક્ષાએ અનંત ચતુષ્કની પ્રાપ્તિથી અનંતતાની પ્રાપ્તિ છે. અહીં અનંતતાનો અર્થ છે અંતરહિતતા અર્થાત્ Endlessness અને અસીમતા અર્થાત્ Countlessness અગણિતતા.

અંતે યોગસ્થૈર્યતાથી દેહવિસર્જનથી સર્વથા ઘાતિ-અઘાતિ કર્મનાશથી પ્રગટતી નિષ્કર્મા, નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ અશરીરી અવસ્થા છે, જે સિદ્ધત્વ છે. આવી સમ્યક્ત્વ-સર્વજ્ઞત્વ-

સિદ્ધત્વ પ્રાપ્તિની મૂળ-મૌલિક શુદ્ધ સ્વરૂપ, સ્વભાવમાં પાછા ફરવાની પ્રતિક્રિયા પ્રતિક્રમણ છે.

આવા ધ્યેય-સાધ્ય સ્વરૂપ નૈશ્ચયિક પ્રતિક્રમણના પ્રાગટ્ય અર્થે જ, જેનું જીવન પંચાચારમય છે તે શ્રાવક-શ્રાવિકા અને સાધુ-સાધ્વીને (પ્રધાનતાએ) પંચાચાર પાલનમાં તથા વ્રતપાલનમાં લાગેલ દોષ કે સેવાયેલ અતિચારની આલોચનાદિનું ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ હોય છે. જૈનશાસનના આવા પ્રતિક્રમણાદિથી જ શાસિત થાય છે તે જ સ્વરૂપશાસન અર્થાત્ આત્મશાસનને પામીને પરમાત્વસ્વરૂપથી શાસિત થઈને સ્વયંના પરમાત્મ સ્વરૂપનું પ્રાગટ્ય કરવા ભાગ્યશાળી થાય છે.

વૈભાવિકતામાંથી સ્વાભાવિકતામાં અથવા કૃત્રિમતામાંથી સહજતામાં પાછા ફરવાપણું પ્રતિક્રમણ છે. એ શુભભાવપૂર્વક કરાતી શુભક્રિયા છે, જે અશુભથી તો બચાવી સુરક્ષિત રાખે જ છે પણ શુભભાવમાંથી શુદ્ધ ભાવ-સ્વરૂપભાવ-સ્વભાવમાં પણ લઈ જાય છે. એ જૈનને શ્રાવક બનાવે છે. શ્રાવકને સાધુ બનાવે છે, સાધુને વીતરાગ યથાખ્યાત ચારિત્રધર બનાવે છે. વીતરાગ થયેથી સર્વજ્ઞતા અને સિદ્ધત્વતાની પ્રાપ્તિ સહજપણે થતી હોય છે. આ કરવાપણામાંથી થવા કે લાગવાપણામાં જઈ હોવાપણામાં આવવાની-ફરવાપણામાં જવાની ક્રિયા છે. આ જાણવા (જ્ઞાન)ની, માનવા (શ્રદ્ધા-દર્શન)ની એને જામી જવાની (ચારિત્ર)ની ક્રિયા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયન મુજબ શ્રી ગૌતમગણધરની પૃચ્છાના પ્રત્યુત્તરમાં સ્વયં વીરપ્રભુ પ્રતિક્રમણના લાભ ગણાવતા કહે છે કે એનાથી જીવના વ્રતમાં પડેલાં છિદ્રો પૂરાય છે. છિદ્રો પૂરાતા આશ્રવ નિરોધ થવાથી ચારિત્ર નિર્દોષ બને છે અર્થાત્ નિરતિચાર થાય છે. નિરતિચારી સંયમધર અષ્ટપ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ)ના પાલનમાં ઉપયોગયુક્ત થઈ સંયમમાં અનનન્યપણે સુપ્રણિધાનપૂર્વક પ્રવર્તન કરે છે.

મોક્ષ સાથે જોડી આપનાર સર્વ ક્રિયા યોગ કહેવાય છે એવું શ્રી હરિભદ્રસૂરિજી 'યોગવિંશિકા'માં જણાવે છે, તે અપેક્ષાએ મુક્તિપ્રદાયક પ્રતિક્રમણ યોગ છે.

આ પ્રતિક્રમણ પાંચમા છઠ્ઠા ગુણસ્થાનવર્તી દેશવિરતિધર અને સર્વવિરતિધરને અનિવાર્ય આવશ્યક છે. અપ્રમત્ત ગુણસ્થાને અને પછીના ગુણસ્થાને એની આવશ્યકતા રહેતી નથી. શ્રેણિ આરૂઢતાથી દોષો (કર્મો)ને મારી હટાવવા માટે હલ્લો બોલાતો હોય છે અને વીતરાગ થયેથી તો સર્વદોષ રહિતતા અને સર્વગુણ સંપન્નતાની ઉપલબ્ધિ હોય છે.

છ આવશ્યકના નામ-અર્થ-સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

**(૧) સામાયિક :** અય ધાતુને સમ્ ઉપસર્ગ લાગતા 'સમય' શબ્દ બને છે. જેનું નિરંતર પરિણમન થયા કરે છે તે 'સમય' છે. શુદ્ધાત્માના આશ્રયથી આત્મામાં પ્રગટ થનારી નિર્મળ પરિણતિ 'સામાયિક' કહેવાય છે. 'સમય'ને આત્મા પણ કહેવાય છે કારણ કે આત્મામાં સ મયતા અર્થાત્ સ્વમયતા યાને સ્વરૂપસ્થતા હોય છે. આત્માનું આત્મામાં અર્થાત્ સ્વ અસ્તિત્વમાં હોવાપણું – ઠરવાપણું નૈશ્ચયિક સામાયિક છે. સાધુ-સાધ્વીને જીવનભરનું સામાયિક હોય છે. શ્રાવક-શ્રાવિકાને નિશ્ચિત સમય મર્યાદાનું ૪૮ મિનિટ કે બે ઘડીનું એક સામાયિક હોય છે જે એકથી વધુ હોઈ શકે છે. 'કરેમિ ભંતે'! સૂત્રથી વિરતિધર પાસેથી અથવા સ્વયં, તે સૂત્રના ઉચ્ચારણપૂર્વક સામાયિકમાં રહેવાની પ્રતિજ્ઞા લેવાય છે. સાથે જ 'જાવ નિયમં પજ્જુવાસામિ'થી સામાયિક સમય નિર્ધારિત કરાય છે તથા 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'થી તે નિર્ધારિત સમય પૂરતું સાવદ્ય એટલે કે પાપ પ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા લેવાય છે. વળી તે મન-વચન-કાયાના ત્રિયોગ કરીને તથા કરવા-કરાવવાથી દુવિધે સાવદ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થવાની અને સંવરમાં રહેવાની પ્રતિજ્ઞા હોય છે. સાધુ-સાધ્વીને કરવા-કરાવવા ઉપરાંત અનુમોદનથી પણ સાવદ્યથી નિવૃત્ત થવાની આજીવન પ્રતિજ્ઞા હોય છે.

આ 'સામાયિક દંડક' સૂત્રના ઉચ્ચારણની પહેલાં સામાયિક મુહપત્તિનું પડિલેહણ કરવાનું હોય છે અને તે પડિલેહણની વિધિ દરમિયાન મુહપત્તિના ૫૦ બોલ બોલવાની વિધિ પણ હોય છે. આ ૫૦ બોલ સમગ્ર પ્રતિક્રમણને જ નહીં પણ જૈનદર્શન પ્રરૂપિત સારાય અધ્યાત્મનો નિચોડ છે.

સામાયિક લેવું એટલે સંવરમાં પ્રવેશવું અને સામાયિક દરમિયાન સંવરમાં રહેવું. સંવર એટલે પાપપ્રવૃત્તિ–સાવદ્ય વ્યાપાર જે પાપકર્મના આશ્રવ રૂપ છે તે પાપાશ્રવનિરોધ છે. પ્રતિક્રમણ માટે સંવરમાં હોવું અનિવાર્ય છે અર્થાત્ આવશ્યક છે.

સામાયિક વ્રતધારીને હેય (ત્યાજ્ય)માં હેય બુદ્ધિ, ઉપાદેય (મેળવવા યોગ્ય)માં ઉપાદેય બુદ્ધિ અને જ્ઞેયમાં જ્ઞેય બુદ્ધિરૂપ સમ્યક્ ઉપયોગ કે સમ્યગ્દષ્ટિ હોય છે.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! દેવસિઅ પડિક્કમણે ઠાઉં? આ સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયાનો આરંભ થાય છે. ગુરુ આદેશ લઈ ઈચ્છં! કહી પડિક્કમણ ઠાવતા સૂત્ર બોલાય છે કે...'સવ્વસ્સ વિ, દેવસિઅ/રાઈઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં.' દિવસ/રાત્રિ સંબંધી દુષ્ટ ચિંતવન્, દુષ્ટ સંભાષણ અને દુષ્ટ ચેષ્ટા (પ્રવૃત્તિ) સંબંધી મારું પાપ મિથ્યા થાઓ! આ પ્રતિક્રમણનું બીજ સૂત્ર છે. આ સૂત્રથી પ્રારંભ કરી 'નાણમ્મિ'ની અતિચારની આઠ ગાથાના કાઉસગ્ગ સુધીનું સૂત્રોનું ઉચ્ચારણ તથા કરાતી વિધિ-ક્રિયા એ ષડાવશ્યકમાંનું પહેલું આવશ્યક છે.

**(૨) ચઉવ્વિસત્થો :** ચતુર્વિંશતિસ્તવ એટલે કે વર્તમાન

અવસર્પિણિ કાળમાં થયેલ ચોવિસે તીર્થંકર ભગવંતોનું નામગ્રહણ પૂર્વકનું કીર્તન સ્મરણ. આ તો એ ૨૪ તીર્થંકર ભગવાનના નામસ્મરણ છે કે જેમણે, પાંચ મહાવ્રત કે અણુવ્રત ધારણ કરીને, ષડકાય રક્ષા (જીવદયા)નો, પંચાચારની પાલનાનો, રત્નત્રયની આરાધનાનો, તત્ત્વત્રયની ઉપાસનાનો તથા પ્રસ્તુત ષડાવશ્યકનો મોક્ષ પામવાનો, સર્વ દુઃખોનો અંત કરી સર્વાંગ સંપૂર્ણ, શુદ્ધ, શાશ્વત, સ્વાધીન, સર્વોચ્ચ સુખની પ્રાપ્તિનો મોક્ષમાર્ગ સ્થાપ્યો અને પ્રરૂપ્યો. આ લોગસ્સ સૂત્રના ઉચ્ચારણથી દર્શન અર્થાત્ શ્રદ્ધાગુણની શુદ્ધિ થાય છે અને શુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. નાણમ્મિ– અતિચારની આઠ ગાથાના કાઉસગ્ગ પાર્યા પછી લોગસ્સ સૂત્ર બોલવાનું હોય છે, તે લોગસ્સ સૂત્ર–ચતુર્વિંશતિસ્તવ એ 'ચઉવ્વિસત્થો' નામનું બીજું આવશ્યક છે. આ સૂત્રથી જેમના દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદ હોય છે એવા ૨૪ તીર્થંકર ભગવાનના નામસ્મરણને વંદના છે.

**(૩) વાંદણા-વંદન :** દેવદર્શન, દેવપૂજા પછી રોજેરોજ ગુરુને વંદન કરી તેમની સુખશાતાની પૃચ્છા કરવાપૂર્વક ભાત-પાણી એટલે કે આહારદિનો ધર્મલાભ આપવા વિનંતી કરવી જોઈએ. 'લોગસ્સ' પછી ત્રીજા આવશ્યકમાં પ્રવેશની મુહપત્તિ પલવવામાં આવે છે અને સત્તર સંડાસાપૂર્વક દ્વાદશાવર્ત્ત વંદન કરાય છે તે બે વાંદણા લેવાની વિધિ એ 'વાંદણા' નામનું ત્રીજું આવશ્યક છે. ગુરુ ભગવાન અઢાર હજાર (૧૮૦૦૦) શીલાંગધારક છે. અર્થાત્ ૧૮૦૦૦ પ્રકારે શીલ-ચારિત્રને ધારણ કરનાર છે.

**(૪) પ્રતિક્રમણ :** ઈચ્છાકારેણે સંદિસહ ભગવન! દેવસિઅં આલોઉં?નો આદેશ માગવા સાથે પ્રતિક્રમણનો આરંભ થાય છે. 'જો મે દેવસિઓ...' સૂત્રના ઉચ્ચારણસહ વ્રત વિષયમાં સંક્ષિપ્ત આલોચના થાય છે. પછી ૮૪ લાખ જીવયોનિની વિરાધના જાણતા અજાણતા ત્રિયોગે થઈ હોય તો તેની ક્ષમાયાચના સાત લાખ સૂત્રના ઉચ્ચારણથી થાય છે, અને અઢાર પાપસ્થાનક સૂત્રોચ્ચારથી ૧૮મા મિથ્યાત્વ સહિતના અઢારે પાપ જાણતા અજાણતા ત્રિયોગે કરી સેવાયા હોય તેની ત્રિવિધ ક્ષમાપ્રાર્થના થાય છે. આ માટે ૧૮ હાથીની કથા સમજી લેવા જેવી છે. ત્યાર બાદ પ્રતિક્રમણ બીજ સૂત્ર સવ્વસ્સવિ દેવસિઅ...ના ઉચ્ચારણથી વીરાસન કે ગોદોહિકા આસને બેસીને નમસ્કાર મહામંત્ર, કરેમિ ભંતે તથા ઈચ્છામિ પડિક્કમિ ઉં જો મે દેવસિઓ...ના સૂત્રોચ્ચાર સાથે ૫૦ ગાથાના વંદિત્તુ સૂત્રથી વ્રતોને લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરાય છે. 'આયરિય ઉવજ્ઝાએ'...સૂત્ર સુધી ચોથું આવશ્યક ગણાય છે જેમાં પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણનો પણ સમાવેશ થતો હોય છે. મહાત્માઓ સાધુ-સાધ્વી વંદિતા સૂત્રના સ્થાને પગામ સજ્ઝાય બોલે છે.

**(૫) કાઉસ્સગ્ગ :** ઠાણેણં (સ્થાનથી), મોણેણં (મૌનથી), ઝાણેણં (ધ્યાનથી) અપ્પાણં (જાતને) વોસિરામિ (ત્યાગ કરું છું) ઉચ્ચાર સાથે બે લોગસ્સનો ચારિત્રનો, ૧ લોગસ્સનો દર્શનનો તથા ૧ લોગસ્સનો જ્ઞાનનો કાઉસ્સગ્ગ 'આયરિય ઉવજ્ઝાય...' સૂત્ર પછી કરેમિ ભંતે, જો મે દેવસિઓ સૂત્ર બોલીને 'ચંદેસુ નિમ્મલયરા' સુધી લોગસ્સ સૂત્ર જિનમુદ્રામાં સ્થિર થઈ કરાતો હોય છે. આ ચારિત્ર, દર્શન, જ્ઞાનનો પ્રતિક્રમણ પછી કરાતો કાઉસગ્ગ; એ પાંચમું આવશ્યક છે. લોગસ્સનો જ કાઉસગ્ગ કરવાનો હોય છે. નવકાર ગણવારૂપ કાઉસગ્ગ વૈકલ્પિક નથી પણ અપવાદિક છે. નમસ્કારમંત્રથી માત્ર ગુણપર્યાયને વંદના થાય છે. લોગસ્સથી તો દ્રવ્યગુણપર્યાયને વંદના થાય છે.

**(૬) પચ્ચક્ખાણ :** કાઉસગ્ગ પછી પચ્ચક્ખાણ લેવામાં આવે છે કે પછી તેનું સ્મરણ કે ધારણા કરાતી હોય છે. પચ્ચક્ખાણથી તપાચાર-વીર્યાચારની શુદ્ધિ થતી હોય છે તેમ જ શુદ્ધિની વૃદ્ધિ થતી હોય છે. પ્રતિજ્ઞા ગ્રહણથી ત્યાગીને ત્યાગમાં સ્થિર રહેવાનું બળ મળતું હોય છે તથા ત્યાગવૃત્તિ કેળવાતી હોય છે. રાઈ પ્રતિક્રમણમાં પ્રાતઃકાળે નવકારશી આદિના અને સાયંકાળે પાણહાર, ચોવિહાર આદિના પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) ગુરુ પાસેથી ગ્રહણ થાય છે. આ પચ્ચક્ખાણ ગ્રહણ છઠ્ઠું આવશ્યક છે.

પ્રતિક્રમણના સઘળાંય સૂત્રોનું ઉચ્ચારણ મંત્રાક્ષર સ્વરૂપ હોવાથી એ એવા શબ્દ આંદોલનો ઊભા કરે છે કે તેની આત્મહિતમાં અસર થતી હોય છે. હાલનું વિજ્ઞાન પણ ધ્વનિ આંદોલનની અસરનો સ્વીકાર કરે છે અને કહે છે કે સંગીતથી દૂધાળા ઢોર વધુ દૂધ આપે છે અને ખેતરમાં પાક સારો ઉતરે છે. સારા સારા આધ્યાત્મિક હાલરડાં ગાવા પાછળ પણ સારી ભાવિપ્રજાના નિર્માણનો હેતુ છે. વર્તમાનની સોનોગ્રાફીનું વિજ્ઞાન ધ્વનિ આંદોલનના પાયા ઉપર રચાયેલ છે.

પ્રતિક્રમણની વિધિ તથા સૂત્રો વિશેની વધુ જાણકારી ગુરુગમથી મેળવી લેવી. વિસ્તારભયથી વિશેષ વિષયને સંક્ષેપેલ છે.

**છંદ :** નમસ્કાર મંત્ર જુદા જુદા રાગમાં ગાઈ શકાતો હોય છે પણ માલકોશ રાગમાં ગવાતો નવકાર મંત્ર પ્રસિદ્ધ છે.

શ્રી સકલકુશવલ્લી ચૈત્યવંદન સૂત્ર, મોટી શાંતિની ૧૮મી ગાથા, સકલાર્હત્ સૂત્રની ૩૦મી ગાથા માલિની છંદમાં છે. અજિત શાન્તિ સ્તવન ઘણાં બધાં જુદા જુદા ગેય છંદ અને રાગમાં છે. કલ્લાણકંદં, સંસાર–દાવનલ, તથા સ્નાત્સ્યાની થોય જુદા જુદા છંદમાં છે અને ગેય છે. મોટા ભાગના સૂત્રો ગાથા-આર્યા છંદમાં છે. ઉપરોક્ત ગ્રંથમાં છંદની યાદી અને સૂત્રમાં કે ગાથામાં વપરાયેલ છંદની વિગત આપેલ છે તે જોઈ લેવી. અજિત-શાંતિની રચના તો એવી છે કે જો તે રાગમાં સારી રીતે ગાવામાં આવે તો ભલભલાના દિલ ડોલી ઊઠે એવી રચના છે. જો કે પ્રતિક્રમણનો હેતુ ગીત-સંગીતનો

નથી, પરંતુ પ્રતિક્રમણ સૂત્રોની મહાપુરુષો દ્વારા થયેલ રચના જ એવી છે કે દ્રવ્યપ્રતિક્રમણ પણ આત્મહિતકર થાય છે. જો અર્થ સમજીને ભાવપૂર્વક થાય તો પછી એ ષડાવશ્યક એકદમ નિરાળું ફળદાયી બની જાય છે.

**સંવર અને નિર્જરા :**

જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ; એ જૈન દર્શનના હાર્દ સમ નવ તત્ત્વ છે. એના અભ્યાસથી અને યથાર્થ શ્રદ્ધાન્‌થી સમ્યગ્દર્શન પમાય છે. એ નવ તત્ત્વમાંના ૭ ને ૮મા ક્રમના તત્ત્વો સંવર અને નિર્જરા છે. જીવ-અજીવ એ બે તત્ત્વો દ્રવ્ય છે જ્યારે બાકીના ૭ તત્ત્વો પર્યાય છે. સ્વ આત્મલક્ષી વિચારણા કરતા જીવ એ 'સ્વ' તત્ત્વ છે. સ્વયં પોતે છે. અજીવ તત્ત્વમાં 'સ્વ' સિવાયના સઘળાંય જડ-ચેતન અર્થાત્ જીવ-અજીવ 'પર' તત્ત્વોનો સમાવેશ થાય છે.

'સ્વ'ને 'સ્વ' તરીકે ઓળખવું, જાણવું અને માનવું તથા 'પર'ને 'પર' (અન્ય) તરીકે ઓળખવું, જાણવું અને માનવું અને તે સમજ તથા માન્યતાના આધારે 'સ્વ'ને ઉપાદેય અને 'પર'ને હેય કે જ્ઞેય માનીને 'સ્વ'માં સ્થિર થતા જવારૂપ વસતા જવું અને 'પર'થી છૂટા થતા જવારૂપ ખસતા જવું અર્થાત્ આશ્રવ નિરોધ કરવો તેનું નામ 'સંવર' છે. જ્યારે શુભ કે અશુભ એટલે પુણ્યકર્મ ને પાપકર્મનું આત્મામાં શ્રવવાપણું જે આત્માથી કાર્મણ વર્ગણાઓનું એક ક્ષેત્રાવગાહી થઈ કર્મરૂપ પરિણમવાપણું છે તે આશ્રવ છે.

જ્યાં સુધી યોગકંપનથી આત્મપ્રદેશનું કંપન છે ત્યાં સુધી પ્રદેશ અને પ્રકૃતિ બંધ છે અને જ્યાં સુધી ઉપયોગકંપન (મનની તરંગીતતા) છે, ત્યાં સુધી કષાય નિમિત્તે અનુભાગ (રસ)બંધ અને સ્થિતિબંધ છે.

તીર્થંકર ભગવાન સહિત સર્વ કેવળી ભગવાનોને પણ યોગ હોય છે ત્યાં સુધી સયોગી કહેવાય છે અને તે યોગકંપનથી આત્મપ્રદેશ કંપનથી એક સમયનો પણ ઈર્યાપથિક (હલન-ચલનના કારણે) આશ્રવ હોય છે.

સર્વથા સંવર, યોગ સ્થૈર્યથી શૈલેશીકરણ થતાં હોય છે, તેની સાદિ-અનંતતા અર્થાત્ શાશ્વતતા તો ગુણાતીત અશરીરી સિદ્ધ થયેથી છે.

બહિરાત્મદશામાં તો અશુભાશ્રવરૂપ પાપાશ્રવ હોય છે. અંતરાત્મદશામાં રહેલ સાધકને શુભાશ્રવરૂપ પુણ્યાશ્રવ હોય છે પણ એમાં ઉપદેય બુદ્ધિ નથી હોતી, બલ્કે હેય બુદ્ધિ હોય છે તથા પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં મુક્તિસુખ પ્રાપ્તિરૂપ આશય શુદ્ધિ હોય છે માટે ત્યાં સંવર હોય છે. સિદ્ધિ પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી સાધક સાવરણ હોય છે અને તે સકર્મક હોય છે. નવિન કર્મબંધના નિરોધરૂપ સંવર હોય છે અને એ સંવરની સાથે સાથે પૂર્વબદ્ધ કર્મ અર્થાત્ મલિનતા-અશુદ્ધિની નિર્જરા હોય છે. જેમ જેમ નિર્મળતા શુદ્ધિ વધતી જાય છે તેમ તે શુદ્ધિની વૃદ્ધિ એટલે નિર્જરા થતી જાય છે. જેટલા અંશમાં નિર્જરા હોય છે તેટલા અંશમાં વીતરાગતા અને સુખ પ્રાપ્તિ હોય છે. સર્વથા નિર્જરા અર્થાત્ પૂર્ણ નિર્જરાથી પૂર્ણ વીતરાગતા અને પૂર્ણસુખની ઉપલબ્ધિ છે અને નિરાવરણતા છે.

સાધકને અશુભ પાપાશ્રવથી તો બચવાપણું હોય જ છે. પરંતુ આશયશુદ્ધિપૂર્વક થતાં ધર્માનુષ્ઠાનની આડપેદાશરૂપ – By Product પુણ્યકર્મપ્રાપ્તિ હોય છે. હેતુ પુણ્ય પ્રાપ્તિનો નથી હોતો, વળી પ્રાપ્ત પુણ્યકર્મમાં હેયબુદ્ધિ હોય છે. હાઈ બ્લડ પ્રેશર હોય કે લો બ્લડ પ્રેશર હોય બંને હૃદયઘાતક જ હોય છે. બેડી-હથકડી લોઢાની હોય કે સોનાની હોય બંને હોય છે તો બંધનરૂપ જ. એ જ રીતે પાપકર્મબંધ હોય કે પુણ્યકર્મબંધ હોય બંને કર્મબંધ અને આશ્રવરૂપ જ હોય છે. પુણ્યકર્મ તો ભવાટતિ ઓળંગવા માટે ભાડે લીધેલો વળાવિયો છે. જંગલ પસાર થઈ જતાં તે વળાવિયાને જેમ છૂટો કરાય છે તેમ પુણ્યકર્મ પણ સમય આવે આપોઆપ છૂટી જતું હોય છે. પેટ સાફ આવે તે માટે લીધેલ દીવેલાદિ રેચકને પેટમાંથી કાઢવા બીજા રેચક પદાર્થની આવશ્યકતા હોતી નથી.

ઔદયિક કર્મોનું ભોગવટાપૂર્વક છૂટી કે ઝરી યા ખરી પડવું તે અકામ નિર્જરા છે. જે બોમ્બનો સ્ફોટ થવારૂપ છે જ્યારે સંવરપૂર્વક થતી નિર્જરા સકામ નિર્જરા છે, જે બોમ્બને ડીફ્યુસ્ડ કરવા રૂપ છે.

આમ ષડાવશ્યક એ સંવર અને નિર્જરા ઉભય ધર્મ સાધક છે.

**ધર્મ :** धारयति इति धर्म। આત્માને આત્મામાં જ ધારણ કરી રાખે છે તે ધર્મ છે. જ્યાં સુધી આત્મસ્થતા (સ્વસ્થતા)ની સ્થિતિની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી આત્માને દુર્ગતિમાં પડતો બચાવીને સદ્‌ગતિમાં ધારી રાખીને પંચમગતિ અર્થાત્ પરમગતિ–પરમપદે પહોંચાડનાર છે, તે 'ધર્મ' છે. એથી તો શાસ્ત્ર સૂત્ર છે કે...'ક્રિયો કર્મ, પરિણામે (ભાવથી) બંધ, અને ઉપયોગે ધર્મ.' ચેતના (દર્શનોપયોગ-જ્ઞાનોપયોગ)નું ચેતનામાં રહેવા પણું ધર્મ છે. બાકી સર્વ ક્રિયાત્મક ધર્મ શુભાશ્રવરૂપ પુણ્યકર્મ બંધની થતી ક્રિયા છે. સર્વ ધર્માનુષ્ઠાનમાં આત્મસ્થિતતા–આત્મોપયોગ આવશ્યક છે અથવા તો પરમાત્મ સ્વરૂપ પ્રાગટ્યાર્થે થતાં સર્વ ધર્માનુષ્ઠાનોમાં આત્મકેન્દ્રિયતા હોવી જરૂરી. સર્વ ધર્મો આત્માનુસંધાનપૂર્વક આત્મલક્ષી હોય તે આવશ્યક છે.

સહુ ભવ્યાત્માઓ ષડાવશ્યક જેવી સંવરપૂર્વક નિર્જરા સાધક ધર્મક્રિયાઓ કરતા કરતા, સર્વથા નિર્જરાથી શુદ્ધ, સંપૂર્ણ, શાશ્વત, સ્વાધીન, સર્વોચ્ચ મુક્તિસુખના સ્વામી થાઓ અને અસ્તિત્વના આનંદમાં રમણતા કરો ! એવી અભ્યર્થના !

સંપાદન : **સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**
૮૦૨, સ્કાઈ હાઈ ટાવર, શંકર લેન, માલાડ (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૬૪. મોબાઈલ : ૯૮૬૯૭૧૨૨૩૮.

# આવશ્યક સૂત્રની ક્રિયાઓ: આધ્યાત્મિક, સામાજિક, યૌગિક અને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં

□ ગુણવંત બરવાળિયા

*[લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જૈન સાહિત્ય અને જૈન ચિંતનને લગતા અનેક પુસ્તકોના લેખક-સંપાદક છે. જૈન જ્ઞાનસત્રનું આયોજન કરી જ્ઞાન-સંવર્ધનની પ્રવૃત્તિમાં સતત કાર્યરત છે. હાલમાં જૈન વિશ્વકોશની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.]*

કેવળજ્ઞાનની ઉપલબ્ધિ પછી તીર્થંકર ભગવંતો ધર્મ પ્રવર્તન માટે, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચાર તીર્થ એટલે ચતુર્વિધ ધર્મતીર્થની સ્થાપના કરે છે. આ ચાર તીર્થના સાધકોને સવારે અને સાંજે ઊભયકાળ પ્રતિક્રમણ કરવું આવશ્યક હોવાથી, તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસથી જ ગણધર ભગવંતો તીર્થંકરોના ઉપદેશ અનુસાર આવશ્યક સૂત્ર સહિત અંગસૂત્રોની રચના કરે છે.

ઋષભદેવ - આદિનાથ અને ભગવાન મહાવીરસ્વામી સિવાય મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીઓ માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય ન હતું કારણ સાધકો પાપસેવન થતાં તુરંત જ પ્રતિક્રમણ કરી લેતા પરંતુ ભગવાન મહાવીરે

'पंच महव्वए सवाऽक्कमणं धम्म'

પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતની પ્રરૂપણા કરી.

અવશ્યક कर्तव्यमावश्यकां સાધકોને અવશ્ય કરવા યોગ્ય હોય તે આવશ્યક છે.

સંસારી જીવોની આવશ્યક ક્રિયાઓ શરીર સાથે કે ભૌતિક પદાર્થો સાથે સંબંધિત હોય છે, જ્યારે ભૌતિક જગતથી દૂર જઈ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે અંતરમુખ બનેલા સાધકોની આવશ્યક ક્રિયા આત્મા સાથે સંબંધિત હોય છે.

અવશ્યક સૂત્રમાં છ આવશ્યક બતાવવામાં આવ્યા છે.

(૧) સામાયિક - સાવદ્યયોગ વિરતિ (૨) ચતુર્વિંશતિસ્તવ– ઉત્કીર્તન (૩) વંદના – ગુણવત પ્રતિપતિ (૪) પ્રતિક્રમણ – આલોચના (૫) કાયોત્સર્ગ – વ્રણ ચિકિત્સા અને (૬) પ્રત્યાખ્યાન – ગુણ ધારણા.

ક્રિયાઓ અને અનુષ્ઠાનો અરિહંત પ્રભુની સાક્ષીએ ગુરુદેવની આજ્ઞા લઈને જ કરવાની હોય છે. આજ્ઞાસહ કરેલી સાધના કદી વિફળ જતી નથી.

જૈન ધર્મની શ્રમણ સંસ્કૃતિમાં જૈન જીવનશૈલીમાં આવશ્યક સૂત્રની આ પવિત્ર ક્રિયાઓનું ખૂબ જ મહત્ત્વ છે. આ ક્રિઆઓમાં અદ્ભુત રહસ્યો સંગોપાયા છે.

આ ક્રિયાઓના સામાજિક, વૈજ્ઞાનિક અને યૌગિક સંદર્ભો રસપ્રદ છે.

**સામાયિક** એટલે સમતાની સાધના છે. નામ, સ્થાપના, દ્રવ્ય, કાળ, ક્ષેત્ર અને ભાવ એ છ ભેદોથી સામ્યભાવ રૂપ સામાયિક ધારણ કરવામાં આવે છે. શુભનામ સામાયિકધારી વિચારશે કે, 'કોઈએ શુભાશુભ નામનો પ્રયોગ કર્યો છે તેથી મારે શા માટે રાગદ્વેષ કરવા ?' આનાથી શુભ નામ કે અશુભ નામ પ્રતિ રાગદ્વેષ થતો નથી. પોતાની નિંદા કે સ્તુતિ પ્રત્યે રાગદ્વેષ થશે નહીં.

**સ્થાપના** સામાયિકધારી વિચારશે કે આ સ્થાપિત પદાર્થ હું નથી તેથી તે પદાર્થથી મને લાભ-હાની નથી માટે હું રાગદ્વેષ નહીં કરું.

**દ્રવ્યસામાયિકધારી**નું ચિંતન સોનું કે માટીમાં સમભાવ રાખશે.

**ક્ષેત્ર સામાયિકધારી** જંગલ, ઝૂંપડી કે મહેલ, શહેર કે ગામડાંને નિશ્ચયદૃષ્ટિથી જોશે. તે રાગદ્વેષ કરશે નહીં.

**કાળસામાયિકધારી** ઋતુ કે પ્રકૃતિની કદી નિંદા કરતો નથી. તેથી તે પરભાવજનિત વૈત્રાવિક ભાવોમાં રાગદ્વેષ કરતો નથી.

**ભાવસામાયિકધારી** કોઈ સાથે વેરભાવ ન રાખે. જીવનમાં મૈત્રીભાવ પ્રગટાવશે.

આ છ પ્રકારની સામાયિકમાં અદ્ભુત અનેકાંત દૃષ્ટિ અભિપ્રેત છે. આવશ્યક સૂત્રની આ પાવન ક્રિયાથી કુટુંબ-પરિવારમાં સામંજસ્ય જળવાશે.

સામાયિક પરિગ્રહ પ્રત્યેની મૂર્ચ્છા ઘટાડશે જેથી સમાજવાદનો આદર્શ ચરિતાર્થ થશે.

સામાયિકની સાધના સમાજમાં જાતિભેદ, અસ્પૃશ્યતા, ગોરા-કાળાના રંગભેદના નિવારણમાં સહાયક બને છે.

વળી આ સાધનાની અવધિ ૪૮ મિનિટ જ કેમ રાખી? કારણ કે ભગવાન મહાવીર પરમ વૈજ્ઞાનિક હતા. આજના વૈજ્ઞાનિકોએ શોધ કરી, તારણ કાઢ્યું કે, કોઈ પણ વ્યક્તિની શારીરિક સ્થિરતા અને ધ્યાન ૪૮ મિનિટથી વધુ કેન્દ્રિત થતું નથી. મનનું કોન્સન્ટ્રેશન ૪૮ મિનિટની અવધિનું જ હોય છે. માટે ભગવાને ૨૫૦૦ વર્ષ પૂર્વે બે ઘડીની સામાયિકનો આદેશ આપ્યો.

આવશ્યક સૂત્રની બીજી ક્રિયા **ચતુર્વિંશતિ સ્તવ** છે. ગુણીજનોના ગુણગાન કરવાથી ગુણવાન બનાય છે. ગુણીજનોના નામ, ગુણનું

ચિંતન, રટણ કરવાથી તેમના આત્મગુણોનું આપણામાં અવતરણ થાય છે. માટે ચતુર્વિંશતિ સ્તવ એટલે ચોવીસ તીર્થંકરોની ભાવપૂર્વક સ્તુતિ કરવી. તીર્થંકર દેવોની સ્તુતિ કરવાથી સાધકને મહાન આધ્યાત્મિક બળ મળે છે. તીર્થંકરોની સ્તુતિથી સાધક તેના અહંભાવનો નાશ કરી શકે છે.

આપણે જ્યારે મંદિરમાં ઘંટ વગાડીએ ત્યારે તેના રણકારથી ઉત્પન્ન થતા ઘોષ–પ્રત્યાઘોષ સાંભળીએ છીએ. આપણા મગજમાં પણ એક ઘંટ હોય છે. આપણે જ્યારે મહાપુરુષોનું કીર્તન કરીએ ત્યારે તેમાં મહાઘોષ ઉત્પન્ન થાય છે. મસ્તિષ્કનું આ કેન્દ્ર શ્રદ્ધાથી સક્રિય થાય છે. કીર્તનના શબ્દોથી ભાસિત ઘર્ષિત થતાં આ ઘંટનો રણકાર થાય. અહીં ધ્વનિ તરંગો ઉત્પન્ન થાય. આપણું મગજ કીર્તન વેળાએ એક મંદિર સ્વરૂપ પવિત્ર જ હોય. એમાં મંત્રો–સ્તુતિ રટણ, વંદન વગેરેના આવર્તનને કારણ મસ્તિષ્કમાંથી એક આભા નીકળે છે. આ આભા મહાઘોષનું રૂપ ધારણ કરે છે. મહાનાદના રૂપે ફેલાઈ પોતાનું પ્રભાવ ક્ષેત્ર નક્કી કરે છે. કીર્તનથી આ પ્રભાવ ક્ષેત્રનો વિસ્તાર થાય છે. પરિણામે ઊર્જાનો સંચાર થાય છે. મહાઘોષની આ વૈજ્ઞાનિક પ્રક્રિયા આત્મશુદ્ધિકરણમાં પરિણમે છે.

લોગસ્સ સૂત્ર સાડા ત્રણ વલયનું સ્પેક્ટ્રમ છે. સાત ગાથાઓના સાત રંગોમાં કીર્તન અને ભાવનાના બે રંગો ઉમેરાતા નવ રંગો દ્વારા સ્પેક્ટ્રમ બની આપણાં જન્મોજન્મના કર્મો ખપાવી દે છે. અહીં કીર્તન મગજના બીજા ભાગથી અચેતન મન સુધી પહોંચવું અનિવાર્ય છે. અહીં સમર્પણના ભાવ જ આવશ્યક છે.

તીર્થંકર પરમાત્માની સ્તુતિ રૂપ આ કીર્તનમાં કર્મોનું છેદન કરવાની અને કષાયોનું નિવારણ કરવાની પ્રચંડ તાકાત છે. આ પ્રચંડ તાકાતની ચરમ સીમા તો કેવળજ્ઞાનનું અનાવરણ કરવા સુધીની છે.

આવશ્યક સૂત્રનું **ત્રીજું આવશ્યક વંદના** છે. વંદન આવશ્યકની શુદ્ધિ માટે એ જાણવું જરૂરી છે કે વંદનીયની યોગ્યતા છે કે નહીં? અવંદનીયને વંદન કરવાથી દોષ લાગે. અસંયમી કે પતિતને વંદન ન કરાય.

દ્રવ્ય અને ભાવ ઉત્તમ પ્રકારના ચારિત્ર્યથી સંપન્ન ત્યાગી, વૈરાગી, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર અને સદ્‌ગુરુને જ વંદન કરાય.

વંદનના આવશ્યકની યથાવિધિ ક્રિયાનું યોગ્ય પાલન કરવાથી વિનયની પ્રાપ્તિ થાય છે. અહંકારનો નાશ થાય છે. ગર્વનો નાશ થાય છે, તે જીવનમાં આત્મગૌરવ ઉજાગર થાય. વંદનના ત્રણ પ્રકાર છે. જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ, અનુક્રમે મસ્તક ઝુકાવવું, પંચાગ નમાવવું અને સાષ્ટાંગ વંદન કરવું.

વંદન બે ભેદ, દ્રવ્ય અને ભાવવંદન. માત્ર દ્રવ્યવંદન કાયાની કસરત છે. પવિત્ર ભાવનાથી ઉપયોગપૂર્વક કરેલ ભાવવંદન ત્રીજા આવશ્યકના પ્રાણ સમાન છે.

શ્રીકૃષ્ણ વાસુદેવ અને મિત્ર વીરકૌલિક ભગવાન નેમિનાથના દર્શનાર્થે ગયા. શ્રીકૃષ્ણ મહારાજાએ ભગવાન નેમિનાથને અને અન્ય સાધુવૃંદને પવિત્ર શ્રદ્ધા અને ઉચ્ચ ભાવપૂર્વક વંદન કર્યું. વીરકૌલિક પણ કૃષ્ણને વંદન કરતા જોઈ કૃષ્ણને પ્રસન્ન કરવા ખાતર વંદન કરતો રહ્યો. શ્રીકૃષ્ણે ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવાન! વંદન કરવાથી મને અને વીરકૌલિકને શું લાભ થશે? ભગવાન કહે, હે શ્રીકૃષ્ણ! તમે ભાવવંદન કર્યું છે તેથી તમે ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું. તીર્થંકર ગોત્રનો બંધ કર્યો અને કેટલેક અંશે દુર્ગતિના બંધનને તોડ્યા પરંતુ વીરકે ભાવશૂન્ય વંદન કર્યું છે તેથી તે માત્ર દ્રવ્યવંદન હોવાથી નિષ્ફળ છે. વંદનથી વિનયના ભાવ આવે છે જેથી તે વ્યક્તિ કુટુંબ-પરિવાર અને સમાજમાં વિયનથી વર્તતા લોકપ્રિય બનશે અને પરિવાર અને સમાજમાં પ્રતિષ્ઠિત થશે.

**ત્રીજા આવશ્યક**ની વંદનની ક્રિયામાં શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના પરિબળો કામ કર છે. નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રીયાસમાંથી રસ ઝરશે જે તામસી તત્ત્વને શાંત કરશે. આ શરીરવિજ્ઞાનની પ્રક્રિયા થઈ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્ર ક્રિયાથી સમથળપણે પૃથ્વીના સાન્નિધ્યે આપણે દંડવત્ થઈએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતરપરિવર્તન થતાં પ્રણામ – વંદના માટે આપણે જ્યાં નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે, ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહમ્‌ની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે. આ મનૌવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલ અહમ્ અને મમ્‌ની દિવાલોમાં તિરાડ પડે છે. શરણાગતિનો અભ્યંતર ભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. આ વંદનની ક્રિયામાં પવિત્ર ભાવના ભળવાથી આ ક્રિયા ભાવવંદના બને છે. લોકોત્તર વંદનની આ યાત્રા શરણાગતિમાં પરિણમે છે. વંદના આવશ્યક દ્વારા જ સાધક સત્પુરુષ કે પરમાત્માનું શરણું અંગીકાર કરી શકે છે જે ભાવદીક્ષાનું પ્રેરક છે.

આવશ્યક સૂત્રનું **ચોથું આવશ્યક પ્રતિક્રમણ** છે મન, વચન અને કાયાથી સ્વયં પાપ કર્યું હોય, અન્ય પાસે કરાવ્યું હોય કે અનુમોદન કર્યું હોય તેની નિવૃત્તિ માટે આલોચના કરવી, નિંદા કરવી તેનું નામ પ્રતિક્રમણ.

स्वस्थानाद् पत्थरस्थनं, प्रमोदस्य व शाह गतः।

तत्र व क्रमणं भूयः प्रतिक्रम्रणमुच्यते।।

પ્રમાદવશ શુભ યોગમાંથી નીકળી અશુભ યોગમાં ગયેલ આત્મા પુનઃ શુભ યોગ પ્રાપ્ત કરી લે તેનું નામ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવાની પ્રક્રિયા.

અન્યને બતાવવા, પોપટપાઠ બોલવા, કેવળ યશ આદિ માટે થતું દ્રવ્ય પ્રતિક્રમણ પ્રયોગશૂન્ય અને નિષ્ફળ છે. મુમુક્ષુ સાધકો માટે ભાવ પ્રતિક્રમણ જ ઉપાદેય છે.

ભૂતકાળમાં લાગેલા દોષોની આલોચના કરવી, વર્તમાનમાં લાગતા દોષોથી સંવર દ્વારા બચવું, પ્રત્યાખ્યાન દ્વારા ભાવિમાં આવતા દોષોને રોકવા પાળ બાંધવી. હેમચંદ્રાચાર્યએ યોગશાસ્ત્રમાં 'અશુભ યોગોની નિવૃત્ત અર્થે પ્રતિક્રમણ છે' તેમ કહેલું છે.

જૈન ધર્મમાં સાંવત્સરિક ક્ષમાપનાના દિવસના પ્રતિક્રમણનું વિશેષ મહત્ત્વ છે. આવશ્યક સૂત્રની આ ચતુર્થ ક્રિયાનું 'ક્ષમાપના પર્વ' વિશ્વને અણમોલ ભેટ છે. આ દિવસે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, કુટુંબ, પરિવાર, સગા, મિત્રો, સ્વજનો, સહકાર્યકરો, નોકર, માલિક વચ્ચે ગેરસમજણના વાદળો દૂર થતાં ક્ષમા આપવા અને માગવા દ્વારા સમજણનો સૂરજ ઊગે છે. કુટુંબમાં સામંજસ્ય સ્થપાય છે. સમાજમાં મૈત્રીભાવનો આદર્શ પુનઃ સ્થાપિત થાય છે. હાર્મનીનું સર્જન થતાં હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

ભગવાન મહાવીરે જીવનની એકરૂપતા પર ભાગ આપ્યો છે. જૈન ધર્મનું પ્રતિક્રમણ જીવનની એકતાનો બોધ આપે છે. જીવન એક સંઘર્ષ છે. દોડધામભરી સંકુલ જીવનશૈલીને કારણે સાવધાની રાખવા છતાં પણ મન, વાણી અને કર્મમાં ભિન્નતા આવી જાય છે. પ્રતિક્રમણ એ ભિન્નતાનું એકતામાં પરિણમન કરાવે છે. શ્રમણ સંસ્કૃતિની જૈન પરંપરાની પાવન ક્રિયા, પ્રતિક્રમણ મન, વાણી અને કર્મનું સંતુલન રાખવામાં સહાયક બને છે. પશ્ચાતાપના પ્રવાહમાં ભૂતકાલીન, દોષોને ધોઈ નાખે છે. શુદ્ધ જીવનના નૂતન પ્રકરણ ખોલતા સાથે સાધક રટે છે 'છૂટું જૂના પાપથી નવું ન બાંધુ કાંઈ.' પ્રતિક્રમણ પણ એ જ સૂરનો પ્રતિછંદ છે. પ્રતિઘોષ છે. આવું પ્રતિક્રમણ એ સ્વદોષ દર્શન અને આત્મનિરીક્ષણનો પાવન અવસર છે. પ્રતિક્રમણ એ આત્માનું દિવ્ય સ્નાન છે.

પ્રતિક્રમણ એ એવી ઔષધિ છે કે પૂર્વના પાપ હશે તો તે દૂર થશે અને જો નહિ હોય તો પણ સંયમની સાધના માટે બળ મળશે અને સ્ફૂર્તિ પણ મળશે. રાઈટ આઈડેન્ટીટી થતાં પ્રતિક્રમણની ક્રિયા જીવનમાં સહજ બનશે. વેસ્ટર્ન સાયકોલૉજીસ્ટ **પાશ્ચાત્ય મનોવિજ્ઞાનીઓ** મનને જ સર્વેસર્વા માને છે. જ્યારે જૈન દાર્શનિકોના મતે મનથી આગળની વસ્તુ આત્મા છે. આત્મદર્શન જૈન સંસ્કૃતિની મૌલિક વિશેષતા છે માટે જ જૈન ધર્મની દરેક ક્રિયાઓનું અંતિમ લક્ષ આત્મશુદ્ધિ જ હોય છે. આવશ્યક સૂત્રની દરેક ક્રિયાઓ આત્મા પર લાગેલા કર્મોની નિર્જરા અર્થે હોય છે.

સાંસારિક ક્રિયા કલાપોની જાણકારી ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા દ્રવ્યમનને થાય છે. રાગદ્વેષ રૂપ કષાયોને ભાવમન ગ્રહણ કરી તેનું વિશ્લેષણ કરે છે અને તે કર્મબંધમાં પરિણમતું હોય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઈ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત માટે પણ પ્રતિક્રમણમાં વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. રાત્રિના સ્વપ્નમાં પણ થયેલા દોષોની પ્રાતઃકાલીન પ્રતિક્રમણમાં આલોચના કરી લેવામાં આવે છે.

આવશ્યક સૂત્રમાં **પાંચમું આવશ્યક એ કાયોત્સર્ગ છે.** જૈન ધર્મની આ વિશિષ્ટ ક્રિયામાં યોગ અને ધ્યાન અભિપ્રેત છે.

પ્રત્યેક ક્રિયાની શુદ્ધિ (ઈર્યાવહી) ઐર્યાપથિકી (આલોચના સૂત્ર) પ્રતિક્રમણ કરવાથી થાય છે. તસ્સ ઉત્તરી સૂત્ર...ના ઉચ્ચારણ પછી જ લોગસ્સના કાયોત્સર્ગનું ધ્યાન કરાય છે. પછી એક લોગ્ગસ પ્રગટ બોલાય છે. આટલું બોલ્યા પછી જ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો કરાય છે એટલે લોગ્ગસની સાથે ઐર્યાપથિકી સૂત્રને અવિનાભાવી (અતૂટ) સંબંધ સ્પષ્ટ રહેલો છે.

શ્રી હરિભદ્રસૂરિએ તેમના યોગવિંશિકા ગ્રંથમાં યોગના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. (૧) સ્થાન (૨) વર્ણન (૩) અર્થ (૪) આલંબન (૫) નિરાવલંબન. પહેલાં બે કર્મયોગ છે અને પછીના ત્રણ જ્ઞાનયોગ છે.

આગમિક પરિષાભામાં 'યોગ' શબ્દનો પ્રયોગ મન, વચન અને કાયાની ક્રિયા માટે કરવામાં આવ્યો છે. આત્માનો વીર્યગુણ મન, વચન, કાયા દ્વારા અભિવ્યક્ત થાય છે. તેથી તે ત્રણને 'યોગ' એવી સંજ્ઞા પ્રાપ્ત થાય છે. પરંતુ मोक्षेण योजना द योग એવો મોક્ષસાધક યોગ કેળવવા ક્રિયારૂપ નથી પરંતુ જ્ઞાન અને ક્રિયા ઉભયના સંમિલનરૂપ છે તેથી 'યોગ' શબ્દ જ્ઞાનક્રિયાના સંયોગરૂપ 'ધ્યાન' માટે પ્રયુક્ત કરી શકાય.

**(૧) કાયોત્સર્ગ મુદ્રા :** તે કાયોત્સર્ગ વિશુદ્ધ છે જેમાં વ્યક્તિ બન્ને હાથ લાંબા કરીને સમપાદ ઊભો રહે છે અને બે પગ વચ્ચે ચાર આંગળાનું અંતર રાખે છે ને શરીરનો કોઈ પણ ભાગ હલાવ્યા વિના સ્થિર રાખી, સમપદ એટલે કે બન્ને પગ સીધા અને સમતોલ રાખવા જેથી જ્યારે અંતરમુખ થાય ત્યારે શ્વાસોચ્છ્વાસના ગમનાગમન ઉપર નાભિચક્ર પર ધ્યાનમગ્ન થઈ શકાય.

(૨) **આસિતમુદ્રા :** આમાં સાધકે પદ્માસન, અર્ધપદ્માસન કે સુખાસનમાં બેસવાનું હોય છે. શરીરને શિથિલ અને નિશ્ચલ રાખવાનું, કરોડરજ્જુ ટટ્ટાર છતાં સરળ.

(૩) **શયિતમુદ્રા :** આ મુદ્રામાં સંથારિયા કે શેત્રંજી પર લાંબા થઈને સૂઈ જવું. માથા નીચે ઓશીકું વગેરે ન રાખવાં. ચત્તા સૂવું, હાથ, પગ છૂટ્ટા રાખવા. ચત્તા ન ફાવે તો પડખાભર સૂવું તેને **'પાર્શ્વશયન'** કહે છે. પછી શિથિલકરણ કરવું.

લોગસ્સ સૂત્રની પહેલી ગાથા દોષની વિશુદ્ધિ પ્રાયશ્ચિત-કરણની કલ્પી શકાય. પાંચમી ગાથામાં પણ એ જ ભાવ છે. બીજી અને ત્રીજીમાં વંદનીય પ્રક્રિયા છે જે ચારિત્ર વિશુદ્ધિની છે. દર્શન, જ્ઞાન અને ચરિત્ર વિશુદ્ધિ માટેની પ્રક્રિયા લોગસ્સ સૂત્રની છઠ્ઠી ગાથામાં ભાવી શકાય છે. સાતમી ગાથામાં આલંબન ન હોવાથી, પરમાત્મા

સાથેના ઐક્યભાવ શલ્યના નિવારણ માટે સહાયક બને છે.

કાયોત્સર્ગ ધ્યાનમાં સાહજિક ક્રિયાઓના આગારો સિવાય સર્વ પ્રકારની કાયિક વાચિક પ્રવૃત્તિઓ અને ધ્યાન સિવાયની માનસિક સર્વ પ્રવૃત્તિઓ છોડી દેવાથી ધ્યાન વડે સ્થિર થવાય છે. આ પ્રકારે કાયાનું વ્યુત્સર્જન કરવાથી એટલું તેનું મમત્વ છૂટે છે. કાયોત્સર્ગ ધ્યાન સમયે 'લોગ્ગસ સૂત્ર પાઠ' કે કોઈ શાસ્ત્રપાઠનું સ્મરણ કે ધ્યાન કરી શકાય છે. શાસ્ત્રોમાં કાયોત્સર્ગને શ્રેષ્ઠ અભ્યંતર તપમાં સ્થાન અપાયું છે.

**આવશ્યક ક્રિયામાં મુદ્રા વિજ્ઞાન :** આવશ્યક સૂત્રની પ્રત્યેક ક્રિયામાં વૈજ્ઞાનિક રહસ્યો અભિપ્રેત છે. વંદના, નમ્મોત્થુણં, કાઉસગ્ગ, ધ્યાન વિગેરે મુદ્રાઓમાં શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને સમાજવિજ્ઞાનના કેટલાક તથ્યો અભિપ્રેત છે.

આપણે આગળ જોયું તેમ વંદના સાધકને શરણાગતિના માર્ગ પર જવા સહાયક બને છે. નમ્મોથ્થુણામાં જે મુદ્રામાં બેસીએ છીએ ત્યારે પગનો અંગૂઠો ગુદા નીચેના ભાગમાં દબાય છે તે મુદ્રા બ્રહ્મચર્ય પાલનમાં સહાયક છે.

મુદ્રા માટે આચાર્ય નમિચંદ્રજી કહે છે કે મુદ્રાથી અશુભ મન, વચન, કાયાનો નિરોધ થાય છે અને તે શુભ પ્રવૃત્તિમાં રોકાય છે. આવશ્યક ક્રિયાઓમાં જૈન સાહિત્યમાં ત્રણ મુદ્રાઓનો ઉલ્લેખ છે.

**(૧) યોગમુદ્રા :** એક હાથની આંગળી બીજા હાથની આંગળીમાં નાખી કમળ ડોડાના આકારથી હાથ જોડવા. બન્ને હાથના અંગૂઠાને મુખ આગળ નાસીકા પર લગાડી કોણી પેટ પર રાખવી તેને યોગમુદ્રા કહે છે. આ મુદ્રા ઘૂંટણને ભૂમિ પર ટેકાવી તેને અથવા ગૌ-દોહન આસનથી ઉભડક બેસીને કરવામાં આવે છે. **(૨) જિનમુદ્રા :** જિનેશ્વર દેવોની કાયોત્સર્ગ મુદ્રા -આ મુદ્રા દંડવત્ સીધા ઊભા રહીને કરવામાં આવે છે. **(૩) મુક્ત શક્તિ મુદ્રા :** કમળ ડોડાની પેઠે બન્ને હાથ વચ્ચે ખાલી જગા રાખી જોડવા અથવા મસ્તકે લગાડવા. મુકતાનો અર્થ મોતી, શુક્તિનો અર્થ છીપ થાય છે. આ મુક્તાશુક્તિ સમાન મળેલી મુદ્રાને મુક્તાશુક્ત મુદ્રા કહે છે. આ મુદ્રાને પણ ઘૂંટણને ભૂમિ પર ટેકવી ગૌ-દોહન આસનથી ઉત્કટ બેસીને પણ કરાય છે. ચતુર્વિંશતિ સ્તવ આદિ સ્તુતિપાઠ પ્રાયઃ આવશ્યક યોગમુદ્રાથી કરાય છે.

**આવશ્યક સૂત્રની છઠ્ઠી ક્રિયા પ્રત્યાખ્યાન (પચ્ચખ્ખાણ) છે.** પ્રતિક્રમણ કર્યા પછી ભવિષ્યમાં થનારા પાપને રોકવા પાપવૃત્તિના ત્યાગ માટે સમજણપૂર્વકના દૃઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કહે છે. સાધકો નવકારશી, પોરશી, એકાસણા, આયંબિલ, આયંબિલ ઉપવાસ, અભિગ્રહ આદિના પચ્ચખાણ કરે છે. પ્રત્યાખ્યાન એ આવતા પાપને રોકવાની પાળ છે. બેફામ ભોગ–ઉપભોગથી જીવનને સંયમમાં લાવવા માટે પ્રત્યાખ્યાન અત્યંત ઉપયોગી છે. પચ્ચક્ખાણ એ કર્મની આવક એટલે આશ્રવને રોકનાર ક્રિયા છે. સંવરની પુષ્ટિ કરનાર અને ભવિષ્યમાં બંધાનારા કર્મબંધનની શક્તિને નષ્ટ કરનાર છે. આયંબિલના પચ્ચક્ખાણ એ સ્વાદવિજયની યાત્રા છે. વિગઈ એ શત્રુનું ઘર છે. વિગઈ (રસયુક્ત આહાર) ત્યાગ એટલે આયંબિલનું પ્રત્યાખ્યાન એ પરમ મિત્રના ઘરનું પ્રવેશદ્વાર છે. જૈન ધર્મમાં તપના પ્રત્યાખ્યાન માત્ર કર્મનિર્જરાના હેતુથી જ ઓટોલિસીસની પ્રક્રિયા દ્વારા તે શરીરમાં જમા થયેલા વિષ દ્રવ્યોને બહાર ફેંકવાનું કાર્ય કરે છે જે શરીરને નિરોગી-નિર્મળ રાખે છે. તપસાધનામાં મન શાંત રહે છે અને વિચારોમાં સાત્વિકતા વધે છે. પ્રત્યાખ્યાન દ્વારા તપ પૂર્ણ કરવાનું દૃઢ સંકલ્પબળ મળે છે. આવશ્યકથી લૌકિક જીવનની પણ શુદ્ધિ થાય છે તે વિચારીએ.

આવશ્યક ક્રિયા તે લોકોત્તર સાધના છે પણ વ્યવહારિક દૃષ્ટિથી પણ આપણા સાધારણ માનવજીવનમાં ડગલે ને પગલે સહાયક બને છે.

- સમભાવ અર્થાત્ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું સંમિશ્રણ.
- જીવનશુદ્ધિ માટે સર્વોત્કૃષ્ટ જીવન ગાળેલ મહાપુરુષોનો આદર્શ.
- ગુણીજનોનું બહુમાન અને વિનય.
- કર્તવ્યપાલનની સ્ખલનાનું સંશોધન અને જાગૃતિ.
- ધ્યાનના અભ્યાસ દ્વારા વિવેકશક્તિનો વિકાસ થાય છે.
- કાયોત્સર્ગ ધ્યાન નિર્ણયશક્તિમાં વૃદ્ધિ કરે છે અને વ્યસનમુક્તિમાં સહાયક બને છે.
- ત્યાગવૃત્તિ દ્વારા સંતોષ, સહનશીલતાની વૃદ્ધિ કરવી.
- બાહ્ય જડ પદાર્થો દ્વારા પ્રસન્નતા ક્ષણિક છે. અંતરની સાધના દ્વારા પ્રસન્નતા ટકી શકે છે. જે સાધના આવશ્યક ક્રિયાઓમાં અભિપ્રેત છે.
- કૌટુંબિક નીતિઓનો મુખ્ય ઉદ્દેશ સમસ્ત કુટુંબને સુખી બનાવવું, સમાજને સુખી બનાવવો અને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના વિકસાવવી તે છે. આના માટે પરસ્પર પ્રેમ, વિનય, આજ્ઞાપાલન, નિયમશીલતા, ભૂલનો સ્વીકાર, ક્ષમાપના, અપ્રમાદ, પરિગ્રહ પ્રત્યેની મૂર્ચ્છાત્યાગ...આ સર્વ ગુણો આવશ્યક ક્રિયાના આધારભૂત ઉપર્યુક્ત તત્ત્વો સિવાય ક્યાંય પ્રાપ્ત થઈ શકતા નથી.

સામાજિક દૃષ્ટિથી આવશ્યક ક્રિયા ઉપાદેયથી સમાજને સુવ્યવસ્થિત રાખવા ત્યાગ, પ્રમાણિકતાના ગુણો આવશ્યક ક્રિયાના છ મૂળ તત્ત્વો વિના આવી શકતા નથી.

આમ સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે શાસ્ત્રીય અને વ્યવહારિક એ બન્ને દૃષ્ટિએ વિચારતા આવશ્યક ક્રિયા પરમ લાભદાયી છે. અને વ્યક્તિ, કુટુંબ, સંઘ, સંસ્થા, સમાજ અને સમષ્ટિ માટે કલ્યાણકારક છે.

✷ ✷ ✷

૬૦૧, સ્મીટ ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.)
મો. : 09820215542

# આવશ્યક ક્રિયાનું ભૌતિક-આધ્યાત્મિક ફળ અને વર્તમાને તેની ઉપયોગિતા

□ પારૂલબેન ભરતકુમાર ગાંધી

*[ બી.એ.માં સુવર્ણ ચંદ્રક સાથે એમ.એ. કરી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવનાર પારુલબેન જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. ઘણાં સામયિકોમાં લેખો લખે છે અને સાહિત્ય સમારોહમાં શોધ નિબંધો રજૂ કરે છે. પત્રકારત્ત્વના ત્રણ એવૉર્ડ મળ્યા છે. અનેક નિબંધ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવી વિજેતા બન્યા છે. ]*

**પ્રાસ્તાવિક :**

ષડ્ આવશ્યક એ અનુભૂતિનો, માણવાનો વિષય છે. તીર્થંકર ભગવંતે કેવળજ્ઞાન–કેવળદર્શનથી જાણ્યું કે અનંત અનંત જીવો જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ-ઉપાધિથી પીડાઈ રહ્યા છે. સર્વેને સુખ જોઇએ છે, દુઃખ જોઈતું નથી. પરંતુ તે પરમ સુખને મેળવવાની જે ક્રિયાઓ છે તે સમ્યક્ પ્રકારે કરતો નથી. આથી ચાર ગતિમાં ભટકી રહ્યો છે. જીવન જીવવા માટે ખોરાક, પાણી, હવા જરૂરી છે. તેમ આધ્યાત્મિક માર્ગે આગળ વધવા, મુક્તિ મેળવવા જે ક્રિયા કે સાધના જરૂરી છે, અનિવાર્ય છે તેને આવશ્યક ક્રિયા કહી શકીએ. ભગવાને આવા છ આવશ્યક કહ્યા છે. જૈન ધર્મ અનાદિથી છે તેથી આ છ આવશ્યકની ક્રિયા પણ યુગોથી અખંડ, અપરાવર્તિત ચાલી આવે છે. પરંતુ આ પંચમ આરામાં આધુનિકતા અને પરિવર્તનના નામે બુદ્ધિજીવીઓ પ્રાચીન ક્રિયાને બિનજરૂરી ગણવા લાગ્યા છે. આજે જૈન ધર્મમાં નવા નવા કેટલાયે ફાંટાઓ પડતા જાય છે. તેના પ્રણેતાઓ જૂની ક્રિયાઓને મહત્ત્વ ન આપતા, નવો ચીલો ચાતરે છે. નવી કેડી કંડારે છે. એ રીતે પોતાના અનુયાયીઓને બાકી લોકોથી અલગ પાડવા પ્રયત્ન કરે છે. આજે સામાયિક, ચઉવિસંથો, વંદણા, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન જેવી અમૂલ્ય અને જીવનને સફળ બનાવનારી આવશ્યક ક્રિયાઓને લોકોએ કોડીની બનાવી દીધી છે. એક એક ક્રિયાનું ભૌતિક-આધ્યાત્મિક ફળ અને વર્તમાને તેની ઉપયોગીતા જોઈએ તો પુસ્તક લખી શકાય. આવી દિવ્ય, અલૌકિક, અદ્ભુત એવી આત્માનુભિતિની ક્રિયાને લોકોએ નકામી બનાવી તેને બદલે આરામપ્રદ, સગવડયુક્ત, મનોરંજનયુક્ત અને દેહને જરા પણ કષ્ટ ન પડે તેવી ક્રિયાઓ કરાવાય છે. જેને કારણે અનુયાયીઓની સંખ્યા વધે છે.

ષડ્આવશ્યકની આરાધના કરતી વખતે જૈન ધર્મ જેમાં હિંસા માને છે તેવા વિજળીથી ચાલતા ઉપકરણો જેવા કે પંખા, લાઈટો, મોબાઈલ, લેપટોપ, ટીવી વગેરે વાપરી શકાતા નથી. વાસ્તવિકતા એ છે કે આજે લોકોને આના વિના એક મિનિટ પણ ચાલતું નથી. આથી આવી ક્રિયા કરવામાં લોકોને રસ રહેતો નથી. એના વિકલ્પ તરીકે આ બધા સાધનોનો ઉપયોગ થઈ શકે તે રીતે બીજી ક્રિયાઓ ભક્તોને કરાવાય છે. આથી તેમને ધર્મ કર્યાનો સંતોષ થાય. આમ કરવાથી સગવડ સચવાય છે અને પેલા હિંસક ઉપકરણોનો ત્યાગ કરવો પડતો નથી તેથી બહુમતી લોકો ધર્મના આવા પ્રકારને તુરત જ અપનાવી લે છે. જ્યારે સાચી વાત એ છે કે લોકોએ ભગવાને બનાવેલી આવશ્યક ક્રિયાઓ સારી રીતે સમજી, તેનું યોગ્ય મહત્ત્વ જાણી, આચરણમાં મૂકવું જોઈએ. વળી જેઓ ભગવાનની આજ્ઞાને જ સર્વસ્વ માને છે તેમનો સત્સંગ કરવો જોઈએ. એમ કરવાથી જ આત્મિક સુખ મળે. જેમ ઉડવા માટે પાંખ અને ચાલવા માટે પગ અનિવાર્ય છે તેમ મોક્ષમાર્ગે આગળ વધવું હોય તો ષડ્ આવશ્યકની અંતરના ઉલ્લસિત ભાવો સાથેની આરાધના અનિવાર્ય છે.

**પ્રથમ સામાયિક આવશ્યક - સાવદ્ય યોગ વિરતિ :**

'જસ્સ સામણિઓ અપ્પા, નિયમે સંજવે તવે,
તસ્સ સામાઇયં હોઈ, ઈ ઈ કેવલિભાસિયં ।।

અર્થાત્ જેનો આત્મા સમભાવમાં વર્તે છે, જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સ્થિર થયો છે તે સામાયિકમાં છે તેમ કેવલી ભગવંતે કહ્યું છે. બીજા શબ્દોમાં સામાયિકને 'સિદ્ધગતિનું સેમ્પલ', 'સાવદ્યયોગથી નિવૃત્તિ' અને 'સમભાવમાં વસવું' પણ કહી શકાય.

**સામાયિકનું ભૌતિક ફળ :** (૧) સામાયિકમાં બેઠેલી વ્યક્તિ વિભાવથી દૂર થઈ સ્વભાવમાં આવવાનો પ્રયત્ન કરશે. પરિણામે, ક્રમશઃ તેના કષાયો ઓછા થતાં જશે કે ક્ષય થશે. (૨) સામાયિકમાં મહદ્અંશે સત્સંગ કે સદ્વાંચન કરવામાં આવે છે. તેના કારણે હૃદયમાં પ્રેમ, મૈત્રી, કરૂણા, અનુકંપા જેવા સદ્ગુણો ખીલશે. ગુણવાન વ્યક્તિ લોકોમાં પ્રિય બનશે. (૩) ગુણવાન વ્યક્તિ હોય તેને કોઈએ અન્યાય કર્યો હોય કે અપમાન કર્યું હોય તો પણ તે તેના પ્રત્યે માધ્યસ્થભાવ કેળવશે, જતું કરશે. આવી વ્યક્તિના દુશ્મન કોઈ બનતું નથી. (૪) સામાયિકમાં રહેલી વ્યક્તિ પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ આ છ કાયની દયા પાળે છે, હિંસા કરતાં નથી. આથી અહિંસાના પાલન સાથે પર્યાવરણનું સંતુલન રહેશે. (૫) અહિંસા અને સમભાવથી વ્યક્તિ નીતિપરાયણ,

સિદ્ધાંતપ્રેમી, પરમાર્થી, સેવાપરાયણ અને સમર્પિત બનશે. તે અનીતિ, અન્યાય, સ્વાર્થી, લાલચી અને બીજાનું છીનવનાર નહિ બને. (૬) આવી વ્યક્તિ બુદ્ધિથી નહિ પરંતુ હૃદયથી વિચારે છે એટલે હંમેશાં બીજાનું સારું કરનાર, બીજા પર લાગણી રાખનાર બનશે. દૈવી ગુણોને ખીલવવા ને આત્મસ્વરૂપમાં લીન બનવાના પ્રયત્ન કરશે.

**આધ્યાત્મિક ફળ :** (૧) પાંચ ઈન્દ્રિયોની ચંચળતા ઘટે છે પરિણામે સંયમ કેળવાય છે. (૨) સાવદ્યયોગના પચ્ચકખાણથી મન-વચન-કાયા દ્વારા થતી પાપક્રિયાનો ત્યાગ થાય છે. જેને કારણે ભવિષ્યમાં જ્યાં સુધી સામાયિક છે ત્યાં સુધી નવા કર્મોનો આશ્રવ (આવક) ઘટે અને રોકાય, ભૂતકાળમાં કરેલા ક્રોડો કર્મની નિર્જરા થાય, વર્તમાનકાળે નવું પુણ્ય બંધાય છે. (૩) અઢાર પાપ સ્થાનકનો ત્યાગ થાય, અશુભ યોગ ઘટે અને મટે, જીવદયાના સંસ્કાર પડે છે. (૪) છ પ્રકારના બાહ્ય તપ અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પ્રતિસંલીનતા, છ આભ્યંતર તપ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ–આ બાર પ્રકારના વ્રતની સુપેરે આરાધના થાય છે. મનની ચંચળતા ઘટે છે. (૫) પ્રભુની આજ્ઞા પ્રમાણેની સામાયિક કરે, અંતરના ઉલ્લાસિત ભાવથી કરે તો આરાધક બને (૬) સામાયિક કરતાં જઘન્ય રસ ઊપજે તો કર્મની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટ રસ ઊપજે તો તીર્થંકર નામ-ગોત્ર કર્મનું ઉપાર્જન કરે. (૭) સમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્થા જેવા ગુણોનો વિકાસ થાય. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા તરફ આગળ વધે. તે થતાં મોક્ષમાં આરક્ષણ થઈ જાય. (૮) પાપકાર્ય કરતી વખતે મન પાછું પડે, પાપભીરુતા વધે. કદાચ કોઈ પાપકાર્ય કરવું જ પડે તેવું હોય તેના પશ્ચાતાપ, નિંદા, ગર્હા તીવ્ર હોય. પરિણામે સામાયિક ચારિત્ર આવે જે વીતરાગતા, કેવળજ્ઞાન, કેવળદર્શન, અયોગીપણું અને મુક્ત અવસ્થા અપાવે છે. પાંચ ચારિત્રમાં સામાયિક ચારિત્ર પ્રથમ છે. દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ અહીંથી થાય છે.

**વર્તમાને ઉપયોગિતા :** અત્યારના આ હિંસાના યુગમાં વાત-વાતમાં ખૂન-ખરાબા થઈ જાય છે ત્યારે સમભાવનો ગુણ જરૂરી છે. માત્ર દ્રવ્યક્રિયા નહિ પરંતુ ભાવક્રિયારૂપ સામયિક થાય તો સમભાવ આવે જે હિંસા પર કાબુ લાવે. જાગૃતિ અધ્યાત્મની પૂર્વશરત છે. જાગૃતિ આવે તો માણસ વિચારતો થાય કે આજ સુધીમાં મેં શું કર્યું ? ખરેખર, મારે શું કરવું જોઈએ ? આવું ચિંતન તેને સદ્વૃત્તિ, સદ્પ્રવૃત્તિ તરફ વાળશે. વળી જે ન કરવા યોગ્ય હોય તે કર્યાની ખબર પડે ત્યારે મનમાં ખટકો થશે. જેનાથી અશુભ યોગો ઘટશે. સામાયિક કરનાર છ કાયના જીવોને ઓળખતો થઈ જાય છે. આથી તેનામાં 'આત્મવત્ સર્વભૂતેષુ'ની લાગણી પ્રગટે છે. આજે પર્યાવરણની રક્ષા કાજે પાણીનો વેડફાટ, ઊર્જાનો આડેધડ ઉપયોગ, ઝાડપાનની હિંસા વગેરે અટકાવવાની જરૂર છે. સાદાઈથી યુક્ત, ઉચ્ચ વિચારોવાળી જિંદગીની અત્યારે જરૂર છે. વધુ કમાવ, વધુ ઉત્પાદન કરો ને વધુ વાપરો એવી ભોગવાદની વૃત્તિને દેશવટો દઈ આત્મા તરફ પ્રયાણ કરવા માટે વર્તમાને સામાયિક ખૂબ ઉપયોગી બની શકે. જેને કારણે હકારાત્મક વલણ વિકસશે. માનસિક તાણ પણ ઘટશે, જે તંદુરસ્તી આપશે.

**દ્વિતીય ચઉવિસત્થો આવશ્યક - ઉત્કીર્તન**

અત્યાર સુધી વાણીનો ઉપયોગ ઘણો કર્યો પણ શેમાં ? વાદ-વિવાદ, કથા-વિકથા, પારકી પંચાત, અવર્ણવાદ અને નિંદામાં. હવે મન-વચન-કાયાના યોગોને પરમાત્મા સાથે જોડવા તીર્થંકરદેવોની સ્તુતિ કરવી. તેમની પાસે એવી પ્રાર્થના કરવી કે પોતે પણ કર્મરૂપ મેલને કાઢી નિર્મળ બને એટલું જ નહિ જન્મ-જરા-મૃત્યુથી મુક્ત બની સિદ્ધદશાને પામે.

**ચઉવિસત્થોનું ભૌતિક ફળ :** (૧) ચોવીસ તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરવાથી અંતરના ભાવો નિર્મળ બને છે, ઉદ્વેગ નાશ પામે છે જેને કારણે અમાપ શાંતિનો અનુભવ થાય. (૨) મન અને શરીરમાં પ્રસન્નતા વ્યાપી જાય છે, ઉત્સાહ જાગે છે. તન-મનની એકાગ્રતા સધાય છે જેને કારણે ચિત્તની ચંચળતા ઘટે છે. મન બહાર ભટકતું બંધ થાય છે. (૩) બાહ્ય વૃત્તિ–પ્રવૃત્તિમાંથી મન પાછું ફરતાં અંતરમાં ડોકિયું કરવાની ઈચ્છા થાય છે. તેમ કરવાથી પોતાના ગુણો અને દોષોનું ભાન થાય છે. સ્વદોષદર્શન થાય અને તેની સાથે તેની નિંદા, ગર્હા પશ્ચાતાપ પણ થાય તો દોષો પલાયન થાય, દુર્ગુણો ભાગે, સદ્ગુણો ખીલે.

**આધ્યાત્મિક ફળ :**

(૧) ઈયળપણાનો ત્યાગ કર્યા વિના ભમરી ન બનાય. તેમ બહિર્ભાવ–મિથ્યાભાવ છોડ્યા વિના સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય. શ્રદ્ધાપૂર્વક ચઉવિસત્થોની આરાધના કરવામાં આવે તો સમ્યગ્દર્શન પ્રગટ્યા વિના રહે જ નહિ.

(૨) આત્મબોધ પ્રગટે. સ્વરૂપનું લક્ષ્ય થતાં પરભાવનો પક્ષ છૂટે, છેવટે સ્વરૂપમાં લીન થાય.

(૩) શ્રદ્ધાપૂર્વક આરાધનાથી સમ્યગ્દર્શન પ્રગટેલું હોય તો તેની વિશેષ શુદ્ધિ થાય છે.

(૪) ભાવે સ્તુતિ કરતાં અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય. જેને કારણે પરમાત્મ સ્વરૂપનું ભાન થાય. આને કારણે તે પ્રાપ્ત કરવાની ક્રિયામાં આગળ વધાય.

(૫) પ્રભુને શ્રદ્ધાપૂર્વક યાદ કરતાં અનંતકાળના પાપના સંસ્કાર, પાપનો આશ્રવ, પાપની વૃત્તિ અને પાપની પ્રવૃત્તિ નષ્ટ થાય છે. શુભ વૃત્તિ, શુભ પ્રવૃત્તિ, શુભ સંસ્કારમાં વિચરણ થાય.

**વર્તમાને ઉપયોગિતા :** દરેક મનુષ્યનો આદર્શ કોઈ ને કોઈ હોય છે. જેવી વ્યક્તિને આદર્શ બનાવીએ તેવા ગુણો આપણામાં

ખીલવવા માટે શ્રદ્ધા, વિશ્વાસ, સંકલ્પને નજર સમક્ષ રાખી જીવનઘડતર કરવું પડે. ધર્મીનો આદર્શ ધર્મી બનાવે. તીર્થંકર ભગવાનની સ્તુતિ શ્રદ્ધા બાહ્ય-દુન્યવી પ્રવૃત્તિઓ છોડાવી અંતરમાં ડૂબકી મરાવે. મન-વચન-કાયાથી શુભની સ્તુતિ-ભક્તિ કરાય તો તન-મનનું આરોગ્ય મળે તે સાબિત થયેલી હકીકત છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે પ્રભુસ્મરણ, હકારાત્મક વિચારો, બીજાનું ભલું કરવાની ભાવનાથી તંદુરસ્ત રહેવાય છે. હિલિંગ, ધ્યાન, મુદ્રા, જાપ વગેરે દ્વારા આરોગ્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય છે તેની પાછળ આ બાબત જ રહેલી છે. ચઉવિસત્થોથી સમ્યગ્ જ્ઞાનબોધિ-દર્શનબોધિ-ચારિત્રબોધિનો લાભ થાય જેનાથી એવું વ્યક્તિત્વ વિકસે કે હિંસક માનવીઓ અને પશુઓ પણ હિંસા ભૂલી પ્રેમને વશ થઈ જાય. એક એવી અસીમ તાકાત ઊભી થાય જે કોઈ અશક્ય કાર્યને પણ શક્ય બનાવે છે. શ્રી મહાવીર સ્વામી, યોગનિષ્ઠ આચાર્ય શ્રી શાંતિસૂરીશ્વરજી, સ્વામી વિવેકાનંદ, રવિશંકર મહારાજ ઉપરાંત આપણા ઘણાં આચાર્યો એવા હતાં કે જેમણે હિંસક, ઝનુની, ધર્માંધ રાજાઓને પ્રેમથી વશ કરી પોતાના ભક્ત બનાવ્યા હતા.

**તૃતીય વંદના આવશ્યક - ગુણવત્ પ્રતિપ્રતિ**

ગુણવાનની પ્રતિપ્રતિ એટલે ઉપકારી ગુરુ પ્રત્યે ભક્તિભાવ-બહુમાન લાવવો. ઊભડક આસને બેસવું તે ગર્ભસ્થ આસન છે. અત્યંત વિનય અને કોમળતાનું પ્રતીક છે. ગુરુ ભગવંતોનો ઉપકાર અનંતો છે. આપણી જીવન નૌકાને સંસાર-સમુદ્રના કામ-ક્રોધ-મોહ વગેરે ભયંકર વમળોમાંથી બહાર કાઢી મંઝીલે પહોંચાડનાર, સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પાથરી મોક્ષમાર્ગને બતાવનાર છે.

**વંદનાનું ભૌતિક ફળ :**

(૧) વ્યાયામ થાય છે, શરીર ઘટે છે, તંદુરસ્તી વધે છે. (૨) વંદના કરવાથી વિનય અને નમ્રતાનો ગુણ વિકસે છે. અહમ્ દૂર થાય છે. (૩) વંદના કરવાથી ગુરુજનોની, વડીલોની કૃપાદૃષ્ટિ મળે. અંતરના આશિષ મળે. (૪) જેમનો ઉપકાર હોય તેમની વિરુદ્ધ ખોટું કરવાનું મન થાય તો અશુભ વિચારને બ્રેક લાગી જાય.

**આધ્યાત્મિક ફળ :**

(૧) નિરોગી શરીર-મનની પ્રસન્નતા મળે. દીર્ઘ સુખી જીવન મળે. (૨) વંદના કરવાથી નીચ ગોત્ર કર્મના દલિકો ક્ષય થાય, ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે. પરભવ સુધરી જાય. (૩) વંદના શુભ ભાવે, ઉલ્લાસિત ભાવે થાય તો શુભ નામ કર્મ બંધાય, નીચી ગતિના નદાવા થાય. આગમોમાં શ્રીકૃષ્ણ મહારાજનું દૃષ્ટાંત છે. નરક અને તિર્યંચ ગતિમાં ન થાય. (૪) સૌભાગ્ય અને દાક્ષિણ્ય ગુણનો આવિષ્કાર થાય, અપ્રતિહત આજ્ઞારૂપ ફળને પ્રાપ્ત કરે છે. (૫) મનુષ્યમાં અને દેવોમાં પણ હલકા કહી શકાય તેવા મ્લેચ્છ, કિલ્વિષીક ન થતા ઈન્દ્ર સામાયિક થાય. (૬) આદેય નામકર્મનું ઉપાર્જન થાય તેથી તેની આજ્ઞા બધા માને. બધી સિદ્ધિઓ મળે. (૭) યાદશક્તિ ખૂબ ખૂબ ખીલે, ઘણું બધું યાદ રાખી શકે. સુલભબોધિ બની જાય.

**વર્તમાને તેની ઉપયોગિતા :**

આજનો યુગ ઉપયોગિતાનો યુગ છે. જ્યાં સુધી સ્વાર્થપૂર્તિ થઈ શકે તેમ હોય ત્યાં સુધી સંબંધો રહે છે. આથી ધર્મગુરુ-શિક્ષાગુરુ-વડીલો વગેરે પ્રત્યે જે બહુમાન હોવું જોઈએ તે હોતું નથી. પ્રાચીન યુગમાં આ બધા પ્રત્યે પૂજ્યભાવ લાવી વંદના થતી પરિણામે નાના-મોટા વચ્ચે એક મર્યાદા ઊભી થતી અને તેનાથી સ્વચ્છંદતા પર લગામ મૂકાતી. આજના યુગમાં ઉપરના બધાનું મહત્ત્વ ઘટતું જાય છે. જેને કારણે સમાજમાં પેઢીઓ વચ્ચે અંતર, માતા-પિતા, વડીલોની ઉપેક્ષા અને મર્યાદાનો લોપ થતો જોવા મળે છે, એટલે જ ઘરડાઘરોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. આજે

---

**અવસર**

## મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત શાંતસુધારસની સંસારભાવના પર ડૉ. કુમારપાળ દેસાઈનું વક્તવ્ય

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને શાસનસમ્રાટ ભવનના ઉપક્રમે યોજાયેલી શાંતસુધારસ વિશેની વ્યાખ્યાનશ્રેણીમાં સંસારભાવના વિશે વક્તવ્ય આપતા ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે જૈન ફિલોસોફીમાં દૃષ્ટિપાત કરીએ તો આઠેક પ્રકારના સંસાર મળે છે. માત્ર સંસાર એવા શબ્દથી એને ઓળખાવી શકાય નહિ. ભવસંસાર, ભાવસંસાર, બાહ્યસંસાર, આંતરસંસાર, ગૃહસ્થસંસાર, વાનપ્રસ્થસંસાર, અંતર્લોક અને ચૌદ રાજલોક એ બધા સંસારના વિવિધ સ્વરૂપો છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કરેલી ભવનિર્વેદની વાત એ દર્શાવે છે કે વ્યક્તિને જન્મોજન્મની પરંપરાના ભવભ્રમણ અંગે નિર્વેદ થવો જોઈએ અને ભાવનિર્વેદ એટલે ભીતરના ભાવને માણવા જોઈએ. દુઃખનું કારણ ક્યાંય બહાર નથી તમારી ભીતરમાં જ છે. અંતર્મુખ હોય તો જ આધ્યાત્મિક જગત ખીલે છે. એ પછી વિનયવિજયજી મહારાજે લોભને દાવાનળ અને તૃષ્ણાને મૃગતૃષ્ણા કહીને કેવા પ્રકારનું જીવન હોવું જોઈએ તેનું વિશ્લેષણ કર્યું. આમાં શ્રી અમિત ઠક્કર અને દીપ્તિ દેસાઈએ સંસારભાવનાનું શ્લોકગાન કર્યું. ડૉ. નલિની દેસાઈએ સંચાલન કર્યું. તેમ જ શ્રી ગૌરવ શેઠે સ્વાગત અને શ્રી કચવન શેઠે આભારવિધિ કરી હતી. શાસનસમ્રાટ ભવનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં અધ્યાત્મરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

તત્ત્વનિષ્ઠતા અને વ્યક્તિનિષ્ઠા ઘટતી જાય છે. આથી નમ્રતા, સહનશીલતા, વિનય, અહોભાવ, ગુણાનુવાદ આજના સમયની તાતી જરૂરિયાત છે. વંદના આવશ્યકની આરાધનાથી આવા સદ્ગુણો પૂરબહારમાં ખીલે છે.

**ચતુર્થ પ્રતિક્રમણ આવશ્યક - સ્ખલિત નિંદા :**

છ આવશ્યકમાં પ્રતિક્રમણ આવશ્યકની મુખ્યતા છે. પ્રથમ ત્રણ આવશ્યક પૂર્વભૂમિકારૂપ છે. આજે સમગ્ર વિશ્વમાં એક જ વાત છે - આગળ વધો, પ્રગતિના શિખરે પહોંચો. એ માટે આક્રમણ, પ્રતિ આક્રમણ જે કરવું હોય તે કરવાની વાત છે, પરંતુ પ્રતિક્રમણની, પાછા વળવાની વાત કોઈ કરતું નથી. આગળ વધવું તે સફળતા છે તો પાછા ફરવું એ પણ કળા છે. સંસારમાં ચાર ગતિમાં ભટકતા આત્માને સ્વઘર-સ્વભાવમાં સ્થિર થવું હોય તો પ્રતિક્રમણ વગર ચાલશે નહિ. સમ્યગ્ જ્ઞાન, સ-દર્શન, સ-ચારિત્ર અને સ-તપની આરાધના મોક્ષમાર્ગ છે, સ્વઘરે જવાનો, સ્વભાવમાં સ્થિત થવાનો રસ્તો છે. તે મોક્ષમાર્ગની મર્યાદાથી બહાર નીકળવું અતિક્રમણ છે. અતિક્રમણને અટકાવી પોતાના નિજ સ્વરૂપમાં લીન થવા માટેનો પુરુષાર્થ એ પ્રતિક્રમણ છે.

**પ્રતિક્રમણનું ભૌતિક ફળ :**

(૧) સ્ટ્રેસ મેનેજમેન્ટ (માનસિક તણાવ) ઘટાડવા માટેનો આ અમોઘ ઉપાય છે. પોતાના દોષો, ભૂલો જોવાથી બીજા પ્રત્યે ગુસ્સો આવતો અટકે. (૨) પ્રતિક્રમણ કરતી વખતે ગોદ્હાસન, સુખાસન, વજ્રાસન જેવા આસનો વચ્ચે વિધિમાં આવે છે. આ ઉપરાંત વંદના દ્વારા આખા શરીરના બધા અંગોની કસરત થાય છે. જેનાથી શરીરની તંદુરસ્તી વધે છે. ભાવપ્રતિક્રમણ કરવાથી મૂંઝવણો દૂર થાય છે. (૩) ભાવથી પ્રતિક્રમણ કરનાર વ્યક્તિ સ્વનિંદા, સ્વદોષદર્શન કરી શકે છે. આથી દોષો ઘટે અને મટે તથા પાપભાવ પાતળા અને મંદ થાય. હિંસા વગેરે કરતા મન પાછું પડે. (૪) પ્રતિક્રમણ રોજ કરતાં હોય તો રાત્રિભોજન આપમેળે છૂટી જાય. પરિણામે અપચો, કબજિયાત, ગેસ, પાચનતંત્રને લગતાં રોગોથી મુક્તિ મળે. શરીર નિરોગી-તંદુરસ્ત બને. રોગો ન થાય.

**આધ્યાત્મિક ફળ :**

(૧) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ અશુભ યોગ–આ પાંચનું પ્રતિક્રમણ ભાવથી, અંતરથી, આરાધકપણે અને દોષોની સભાનતા સાથે થાય તો, તે કરતાં જઘન્ય રસ ઉપજે તો કર્મની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામકર્મ બંધાય. (૨) અજ્ઞાનને દૂર કરવા જ્ઞાનની આરાધના કરવાની છે. આ આરાધના કરતાં તેમાં જ્ઞાનના ચૌદ દોષ લગાડ્યા હોય તો તેની શુદ્ધિ કરી સાધના-આરાધના કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. (૩) મિથ્યાત્વના અંધકારને ટાળવા અને સમ્યક્ત્વના પ્રકાશને પામવા માટે દર્શનમાં લાગેલા પાંચ અતિચારોની ભાવથી નિંદા-ગર્હા કરી સાધના આરાધના કરતાં કેવળદર્શનની પ્રાપ્તિ થાય. (૪) અસંયમનો પરિહાર કરી સંયમને સ્વીકારવાથી, અબોધિનો અંત લાવી સંબોધિ (ધર્મની સમજ) પ્રારંભ, અકલ્પ ત્યાગી કલ્પનું સેવન કરવું, અક્રિયા નાસ્તિકતાનો અનાદર કરી ક્રિયા આસ્તિક્તાનો આદર કરવાથી તથ ૧૨ વ્રતોના જે ૭૫ અતિચારો છે તે લાગ્યા હોય તો તે દોષોની શુદ્ધિ કરી સાધના આરાધના કરવાથી અવ્યાબાધ સુખ–ક્ષાયિક સમકિત ગુણ પ્રાપ્ત થાય. (૫) અબ્રહ્મનો ત્યાગ–બ્રહ્મચર્યપાલન, ઉન્માર્ગથી પાછા ફરી સન્માર્ગે ચાલવું, સંથારામાં દર્શિત પાંચ અતિચાર જે તપના લગાડ્યા હોય તેની શુદ્ધિ કરી આરાધનાથી અનંત આત્મિક સુખ મળે. (૬) પ્રતિક્રમણ આવશ્યક સૂત્રનું અંગ હોવાથી આગમનો સ્વાધ્યાય થાય છે. (૭) વધારેમાં વધારે કર્મબંધન કષાયથી, સંજ્વલન કષાયની શરૂઆત જ્યારે અનંતાનુબંધી એ કષાયની ચરમ સીમા. સંવત્સરી પ્રતિક્રમણથી અનંતાનુબંધી, ચૌમાસી પ્રતિક્રમણથી અપ્રત્યાખ્યાનાવરણીય. પકખી પ્રતિક્રમણથી પ્રત્યાખ્યાનાવરણીય અને દેવસિય-રાઈયં પ્રતિક્રમણથી સંજ્વલન કષાયને દૂર કરી શકાય, ઘટાડી શકાય. કર્મબંધનને ટાળવાનો, કષાયોને ખાળવાની અમોઘ ઔષધિ એટલે પ્રતિક્રમણ. આ ચારે કષાયોને ટાળનાર સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની શકે છે.

**વર્તમાને તેની ઉપયોગિતા :**

પ્રતિક્રમણના ભૌતિક અને આધ્યાત્મિક ફળને જોતાં જ તેની ઉપયોગિતતાનો ખ્યાલ આવી જાય છે. પ્રતિક્રમણના એક એક પાઠના, એક એક શબ્દને, તેના અર્થને જો વાંચીએ, ચિંતન કરીએ, સમજીએ તો ખ્યાલ આવે કે તેની ઉપયોગિતા માત્ર આધ્યાત્મિક જ નથી. દેશ-સમાજ-વ્યક્તિ માટે તે ઘણું ઘણું ઉપયોગી છે. પ્રતિક્રમણના ભાવોને જો વ્યવહારમાં મૂકવામાં આવે તો ૮૦% સમસ્યાઓના સમાધાન મળી જાય. પ્રતિક્રમણ દ્વારા આત્મા-પરમાત્મા બની શકે છે. જો તેમાં જ આત્મા સમભાવે રમણ કરે તો, ઉપયોગવંત બને તો ભવોભવના ફેરા ટળી જાય. આમ પ્રતિક્રમણ એ એક અદ્ભુત સાધના-આરાધના છે. પ્રતિક્રમણમાં મુખ્યતા નિંદા, ગર્હા અને પશ્ચાતાપની જ છે. પશ્ચાતાપને તપનો દરજ્જો આપવામાં આવ્યો છે. પશ્ચાતાપ જીવનની દિશાને સવળી બનાવી દે છે. વાલિયાને વાલ્મિકી બનાવનાર અને પ્રસન્નચંદ્ર રાજર્ષિની સાતમી નરકની ભાવધારાને કેવળજ્ઞાનમાં પ્રગટાવનાર પ્રતિક્રમણ જ છે.

**પંચમ કાયોત્સર્ગ આવશ્યક – વ્રણચિકિત્સા**

આત્મા કર્મબંધનને કારણે શરીરમાં પૂરાયેલો છે. મમત્વભાવનું સૌથી મોટું આલંબન છે શરીર. આત્મા અને શરીર અલગ છે તેની અનુભૂતિ કરવાનો અભ્યાસ કાયોત્સર્ગ દ્વારા થઈ શકે. ૧૮ પાપનું પ્રાયશ્ચિત, ૮ કર્મોથી મુક્તિ, ૩. શલ્યની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ

કરવાનો હોય.

**કાયોત્સર્ગનું ભૌતિક ફળ :**

(૧) ચિત્તની ચંચળતા ઘટે અને એકાગ્રતા વધે છે. (૨) જેમ તળાવના કિનારે ઊભેલો માનવી ઠંડકનો અનુભવ કરે તેમ કાયોત્સર્ગ દ્વારા શાંતિ અને શીતળતાનો અનુભવ થાય છે. જેને કારણે મન શાંત બને છે. કષાયો ધીમે ધીમે ઘટે અને મટે. (૩) યાદશક્તિ વધે છે. મન શાંત થવાથી મનના ઉદ્વેગ મટે છે અને માનસિક તાણથી મુક્તિ મળે છે.

**આધ્યાત્મિક ફળ :**

(૧) આત્મા અને દેહ ભિન્ન છે એ વાસ્તવિકતા સમજાઈ જાય તો શરીરનો મમત્વભાવ ઘટે. જેનાથી પાપકર્મના બંધથી બચી શકાય. શારીરિક વેદના ઘટી જાય. (૨) ત્રણ યોગની યોગિક પ્રવૃત્તિથી મુક્ત થઈને ઉપયોગ સ્વરૂપ આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થ કરી શકાય. સૂક્ષ્મ ચિંતન શક્તિ વધે. શુભ ધ્યાનમાં એકાગ્ર બનવાની શક્તિ કેળવાય. (૩) અનુપ્રેક્ષા કે ભાવનાનો સ્થિરતાપૂર્વક અભ્યાસ થાય. સુખ-દુખને સમભાવે સહન કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય. ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો સહજપણે અભ્યાસ થાય. (૪) આપણી મર્યાદિત શક્તિઓ અમર્યાદિત બને, નવી જ તાજગી અને શક્તિના સ્રોતની અનુભૂતિ થાય. દેહની જડતા નાશ પામે. મતિ શુદ્ધ થાય. અનંતા કર્મોની નિર્જરા થાય.

**વર્તમાને ઉપયોગિતા :**

ભાવ કાયોત્સર્ગ થાય તો સાધક ધર્મધ્યાન–શુક્લધ્યાનમાં રમણ કરે છે. શારીરિક વેદનાનો ભાર ઘણો ઘટી જાય છે અથવા નહિવત્ થઈ જાય છે. ધ્યાન અને કાયોત્સર્ગ દ્વારા અનેક રોગોમાં ફાયદા થાય છે, શારીરિક-માનસિક તંદુરસ્તી મળે છે. વર્તમાને ઝડપી જીવન, ભૌતિક સાધનો અને સગવડોના અતિરેકથી, લાગણી, હૂંફ, પ્રેમ જેવા પાયાના ગુણોની અછતથી અને શારીરિક-માનસિક રોગો ઉદ્‌ભવ્યા છે. તેનાથી મુક્ત થવામાં સહાયરૂપ બને છે.

**ષષ્ઠમ્ પ્રત્યાખ્યાન આવશ્યક - ગુણધારણા :**

ભવિષ્યકાળ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે ભોગોપભોગની વસ્તુઓની મર્યાદા અથવા ત્યાગ–અશુભ યોગથી નિવૃત્તિ, શુભ યોગમાં પ્રવૃત્તિ, ભવિષ્યકાળમાં લાગવાવાળા પાપોથી નિવૃત્ત થવા ગુરુસાક્ષી–આત્મસાક્ષીએ હેય વસ્તુનો ત્યાગ કરવો તે.

**પ્રત્યાખ્યાનથી થતાં ભૌતિક લાભ :**

(૧) મનુષ્યને પ્રત્યેક વસ્તુ ભોગવવાની લાલસા રહેલી છે જે મોટું દૂષણ છે. પ્રત્યાખ્યાનથી તેને નાથી શકાય. (૨) પ્રતિકૂળ સંજોગોમાં પણ પ્રત્યાખ્યાનનું પાલન માનવીને નિશ્ચલ અને લોખંડી મનોબળની ભેટ આપે છે. (૩) અશાંતિનું, તનાવનું મૂળ કારણ આસક્તિ અને તૃષ્ણા છે તે પ્રત્યાખ્યાનથી દૂર થાય. (૪) સંતોષ, સરળતા, અપરિગ્રહ, નિર્લોભતા જેવા ગુણો ખીલે. લાલસા ઘટે અને મટે.

**આધ્યાત્મિક લાભ :**

(૧) પાપ આવવાના દરવાજા બંધ થાય. વિરતિમાં મલિનતા ન આવે. (૨) બાહ્ય વસ્તુનો ત્યાગ જ પ્રાયઃ અંતર્શુદ્ધિનું ફળ છે. ઇચ્છાનિરોધ દ્વારા તપની આરાધના. (૩) પ્રત્યાખ્યાન ન કર્યા હોય-અવિરતિ હોય ત્યાં સુધી અપચ્ચક્ખાણ ક્રિયા લાગે. (૪) આખા લોકપ્રમાણ ક્રિયારૂપ આશ્રવના દ્વારો બંધ થઈ જાય. જીવ સંવરમાં આવી જાય છે. (૫) ઘણા ભારે કર્મોના બંધથી બચી જવાય. શ્રદ્ધા દૃઢ બને અને વિશુદ્ધ થાય.

**વર્તમાને ઉપયોગિતા :**

તીર્થંકર ગર્ભમાં મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન લઈને આવે છે. તેઓ દીક્ષા લે ત્યારે 'કરેમિ ભંતે'નો પાઠ ભણે કે તેને મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય. આ છ પ્રત્યાખ્યાનની મહત્તા. પ્રત્યાખ્યાનને મર્યાદા કે સીમા તરીકે જોઈ શકાય. જ્યારે સીમાનું ઉલ્લંઘન થાય ત્યારે કાર્ય બગડે છે. આ જેટલું આધ્યાત્મિક ક્ષેત્રને લાગુ પડે તેટલું જ વ્યક્તિ-સમાજ-દેશને પણ લાગુ પડે છે. ખેતરને વાડનું રક્ષણ નહિ પરિણામે પાકનો નાશ. માવતરોના સંસ્કાર, બંધન, રક્ષણ ન હોય કે તેની ઉપેક્ષા કરે તો સંતાન ભટકી જાય. આમ પ્રત્યાખ્યાન જરૂરી જ નહિ અનિવાર્ય છે

**ઉપસંહાર :**

આમ ઉપર આપણે છ એ છ આવશ્યક વિષે વિસ્તૃત રીતે જાણ્યું. તેના વિષે ચિંતન મનન કરીએ તો કેટલાય દ્વારો ખુલતા જાય ને અનેક સમસ્યાઓના સમાધાન મળતા જાય. આગમમાં દુનિયાના દરેક વિષયોને આવરી લેવાયા છે. આ બધાની ઝલક આપણને છ આવશ્યકની ક્રિયામાં–ચિંતનમાં–અર્થમાં મળે છે. **આથી ૪૬ આવશ્યક ભૂતકાળમાં જેટલા પ્રસ્તુત હતાં તેટલા જ વર્તમાને છે અને ભવિષ્યમાં પણ રહેશે.** આથી ભગવાને બતાવેલા આવશ્યકોમાં દૃઢ શ્રદ્ધા રાખી તેની આરાધના કરીશું તો જીવન સફળ બન્યા વગર નહિ જ રહે.

✷ ✷ ✷

**સંદર્ભ ગ્રંથો :**


૧. આવશ્યક સૂત્ર-પ્રાણ આગમ બત્રીસી

૨. જૈન તત્ત્વ પ્રકાશ-શ્રી અમોલખઋષિજી મ.સા.

૩. સુધર્મ સુવાસ-રાજેન્દ્રકુમાર સખપરા

૪. સમતાની સાધના સામાયિક-દીપક પ્રેમજી સંગોઈ

૫. આવશ્યક આરાધના-પ્રતિક્રમણ ભાગ-૧-૨-દીપક પ્રેમજી સંગોઈ

૬. શ્રુતવાણી શ્રવણ, ચિંતન, મનન, વાંચન



'ઉષા-સ્મૃતિ', ૧ ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રયની બાજુમાં, રાજકોટ-૩૬૦ ૦૦૨.મોબાઈલ : ૯૭૨૫૬૮૦૮૮૫.

## દિગંબર આમન્યા પ્રમાણે- સામાયિક-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-આલોચના

# સા મા યિ ક

**□ પંડિત શ્રી ફૂલચંદ શાસ્ત્રી**

*[ પં. શ્રી ફૂલચંદ શાસ્ત્રીજીએ ટોડરમલ સ્મારક – જયપુરની 'શાસ્ત્રી'ની પદવી મેળવી છે. તેઓ જૈનેતર હોવા તેમ જ વયમાં યુવાન હોવા છતાં જૈન દર્શનના પોતે ઊંડા અભ્યાસી અને દેશ-વિદેશમાં જૈન દર્શનનો અભ્યાસ કરાવી રહ્યા છે. ઘણી વિદેશી ભાષાઓના જાણકાર છે. ]*

આચાર્ય અમિતગતિએ સામાયિકની પરિભાષા આ પ્રમાણે લખી છે.

સમય અર્થાત્ આત્મા. આત્મામાં સ્થિર થવાનું નામ સામાયિક છે. શરીરની ક્રિયાઓમાં અટકવાનું નામ સામાયિક નથી.

સમય શબ્દ સમ્ ઉપસર્ગ અય ધાતુમાં ભળીને બનેલ છે. જે જાણે છે, ગમન કરે છે તથા પરિણમન કરે છે તેને 'સમય' કહેલ છે. સમય એટલે કે આત્માના આશ્રયે આત્મામાં પ્રગટ થનારી નિર્મળ પરિણતિને 'સામાયિક' કહેવાય છે. આત્માની અનુભૂતિ વિનાની બાહ્ય આજીવન દ્રવ્યલિંગી મુનિદીક્ષાનું પાલન કરવા છતાંય એક ક્ષણ માટે પણ સામાયિક થતું / હોતું નથી.

**સમ્યગ્દ્દષ્ટિને જ ખરેખર સાચું સમાયિક હોય છે ત્યાં પણ પ્રધાનતાએ / મુખ્યતાથી મુનિને અને ગૌણપણે સમ્યગ્દષ્ટિને સામાયિક હોય છે. રાગાદિ વિકારી ભાવ પુદ્ગલના પરિણામ થવાથી એને સામાયિક કહેવાતું નથી.**

સામાયિક કરવાનો રાગ પણ ખરેખર સાચું સામાયિક નથી. વીતરાગભાવ જ નિશ્ચયથી સામાયિક છે. રાગાદિભાવોને તો પુદ્ગલ પરિણામ કહેલ છે, કારણ કે રાગાદિ ભાવ પુદ્ગલ દ્રવ્યકર્મના ઉદયના નિમિત્તથી તથા પૌદ્ગલિક નોકર્મના આશ્રયથી ઉત્પન્ન થનાર છે. **પુદ્ગલ કર્મના અભાવના નિમિત્તથી તથા પુદ્ગલ સંયોગોના આશ્રયને છોડીને ત્રિકાલી ધ્રુવ શુદ્ધ આત્માના આશ્રયથી વીતરાગભાવ પ્રગટે છે, તેથી વીતરાગી ભાવ જ વાસ્તવિક સામાયિક છે.**

અજ્ઞાની પુદ્ગલ ક્રિયા કરવામાં જાગૃત છે માટે ચેતનની ક્રિયામાં અર્થાત્ શુદ્ધ પરિણતિ પ્રગટ કરવામાં પ્રમાદી છે. આત્માનું અસ્તિત્વ અનાદિ–અનંત હોવાના કારણે આત્માને અનંતકાળ સુધી સામાયિકમાં રહેવાનો પુરુષાર્થ કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ છે.

**ગોમ્મટસાર જીવકાંડની ગાથા ૩૬૮**માં કહ્યું છે કે સ્વયં જ્ઞાયક અને સ્વયં જ્ઞેયરૂપ હોતે છતેય નિજાત્મ સિવાય સર્વ પરદ્રવ્યોથી પોતાનો ઉપયોગ હટાવીને સ્વયંના જ્ઞાતા સ્વરૂપમાં જ એકાકાર થઈ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવીને અથવા રાગ-દ્વેષને હટાવી સમભાવની પ્રાપ્તિ કરી માધ્યસ્થ ભાવરૂપ આત્મામાં લીન થઈ ઉપયોગની પ્રવૃત્તિમાં સમાઈ જવું; એવું જેનું પ્રયોજન છે તે સામાયિક છે.

સામાયિકના બે પ્રકાર છે : (૧) નિશ્ચય સામાયિક અને (૨) વ્યવહાર સામાયિક.

**(૧) નિશ્ચય સામાયિક :** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત (આત્માના) જ્ઞાનનું ભવન (પરિણમન) માત્ર અર્થાત્ એકાગ્રતા લક્ષણરૂપ શુદ્ધાત્માની શુદ્ધ પર્યાય નિશ્ચય સામાયિક છે.

**(૨) વ્યવહાર સામાયિક :** સમ્યગ્દૃષ્ટિ આત્મા જ્યારે પોતાના શુદ્ધોપયોગમાં સ્થિર રહી શકતો નથી ત્યારે તેનો પુરુષાર્થ રાગ-દ્વેષ ટાળવા તરફ ઝૂકતો હોય છે, છતાં એનામાં અશુભ ભાવ તો ટળી જતાં હોય છે પણ શુભ ભાવે રહી જતા હોય છે. એવો પુરુષાર્થ (જે શુભના રક્ષણથી અશુભથી બચાવનો છે તે) બે ઘડી કે તેથી અધિક સમય સુધી ટકાવી રાખવાનું નામ વ્યવહાર સામાયિક છે.

સમ્યગ્દર્શનના પ્રગટીકરણ પછી જે જીવે આંશિક વીતરાગ ભાવની વૃદ્ધિના જોર / બળ ઉપર વ્રત ધારણ કર્યાં હોય છે, તે જીવ સામાયિક વ્રત પાલનને માટે લાયક / અધિકારી જીવ છે. એવા જીવ પંચમગુણસ્થાનવર્તી જીવ હોય છે. ત્રિકાલી શુદ્ધ નિજ આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે અને એવા નિજાત્મ ધ્યાનનું ફળ મુક્તિ છે. સહુ પ્રથમ તો શુદ્ધાત્માનું સ્વરૂપ સમજ્યા વિના શુદ્ધાત્માનું ધ્યાન ધરી શકાતું નથી. **આત્માની ઓળખ કર્યા વિના આત્માનું ધ્યાન શશશૃંગ (સસલાના શિંગડા) જેવું વ્યર્થ નિરર્થક હોય છે.**

સામાયિક સૂત્રો મુખપાઠથી જ નહીં ઉચ્ચારતા તેના અર્થ સમજી લઈ તેનું તત્સમય ભાવભાસન થવું જરૂરી છે. એ ન ભૂલવું કે નિશ્ચય સામાયિક જ મુક્તિનું કાર્ય છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત ત્રિકાલી ધ્રુવ શુદ્ધાત્માને 'સમય' કહે છે. અને વ્યવહારકાળના સૂક્ષ્માતિસૂક્ષ્મ અવિભાજ્ય અંશને પણ 'સમય' કહે છે. **ખરેખર તો શુદ્ધાત્માને લક્ષ્યમાં રાખીને સામાયિક થતું હોય છે અને નહીં કે ઘડી કે ઘડિયાળના સમયને જોઈને.** ભોગ ભોગવવાના કાળે ઘડી યા ઘડીયાળને સન્મુખ નથી રાખતા તો પછી ધર્મ કરતા ઘડી કે ઘડિયાળની આવશ્યકતા શા માટે? ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્માની રુચિ હોય છે ત્યારે જ શુદ્ધાત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે; તે જ વાસ્તવિક સાચું સામાયિક છે.

### પ્રતિક્રમણ

શ્રી કુન્દકુન્દાચાર્યજીએ સમયસારમાં પ્રતિક્રમણની પરિભાષા આ પ્રમાણે લખેલ છે.

कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं ।
तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं ।। ३८३ ।।

અર્થ : ભૂતકાળમાં કરેલ અનેક પ્રકારના વિસ્તૃત શુભાશુભ કર્મોથી આત્માની નિવર્તતા આત્માનું પ્રતિક્રમણ છે.

ભૂતકાળમાં કરાયેલ ભૂલો તથા અપરાધ માટે પ્રતિક્રમણ કરવામાં આવતું હોય છે. અજાણતા થયેલ કાર્યને ભૂલ કહેવામાં આવે છે જ્યારે જાણી જોઈને કરાયેલ દુષ્કૃત્યને અપરાધ કહેવામાં આવે છે. લોકમાં ભૂલની તો જાણે માફી અપાતી હોય છે પણ અપરાધ માટે તો સજા થતી હોય છે કે દંડ દેવાતો હોય છે.

**ચૈતન્યસ્વભાવી નિજશુદ્ધાત્માનો આશ્રય જ ભૂલ, અપરાધ અને સજાથી છૂટકારા / મુક્તિનો ઉપાય છે.**

શ્રી કુન્દકુન્દાચાર્યજીએ સમયસારમાં પ્રતિક્રમણને વિષકુંભ પણ કહેલ છે અને અમૃતકુંભ પણ કહેલ છે. કહેવાનો મતલબ એ જ છે કે પ્રતિક્રમણ કરવું પડે છે, તે આત્મા માટે શોભાસ્પદ નથી. અર્થાત્ લજ્જાસ્પદ છે. જીવનપર્યંત પ્રતિક્રમણ કરવાનો નિયમ લેવાવાળો જીવ જીવનભર ભૂલ કરતો જ રહેશે એવો સંકલ્પ/નિયમ લઈ બેસે છે. ભાઈ! અંતરની ભાવના તો એવી હોવી જોઈએ કે જીવનમાં ક્યારેય ભૂલ જ ન થાય અને પ્રતિક્રમણ કરવાનો અવસર જ ન આવે. **ભૂલથી ભિન્ન નિજ શુદ્ધાત્માના આશ્રયથી જ ભૂલથી છૂટી શકાતું હોય છે અને બચી જવાતું હોય છે. નિશ્ચય દૃષ્ટિથી ભૂલ ન થવી અર્થાત્ શુદ્ધોપયોગ જ પ્રતિક્રમણ છે.**

માત્ર કાયિક ક્રિયાથી પ્રતિક્રમણ કરવાથી કાંઈ પ્રતિક્રમણ થઈ જતું નથી. જલ્દીથી વહેલાસર પ્રતિક્રમણ પૂરું થઈ જાય એવા ઉદ્દેશથી પ્રતિક્રમણના સૂત્રો ઝડપથી બોલી જવાતા હોય છે, તેમાં એવી માન્યતા છે કે પ્રતિક્રમણના સર્વ સૂત્રોના ઉચ્ચારણથી અધિક ધર્મલાભ થતો હોય છે. ઉચ્ચારણની સાથોસાથ શબ્દના ભાવોને સ્પર્શ્યા વિના પ્રાકૃત અને સંસ્કૃત શ્લોકો–સૂત્રોના પઠન માત્રથી કાંઈ પ્રતિક્રમણ થઈ જતું નથી. આપણે એકે એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે જે ભાષામાં ભાવ આવતા હોય તે ભાવવાહી ભાષામાં સૂત્રપાઠ-જાપાદિ કરવા જોઈએ. કારણ કે શાસ્ત્રોમાં શબ્દો તો હોય છે પણ ભાવ નથી હોતા. ભાવ સહિત કરાતું પ્રતિક્રમણ જ સાચું પ્રતિક્રમણ છે.

**શુદ્ધભાવ જ વાસ્તવિક પ્રતિક્રમણ છે**

ભૂલ થવી તે ઔદયિકભાવ છે અને ભૂલ થયા પછી પ્રતિક્રમણ કરવાના ભાવ પણ ઔદયિક ભાવ છે. **'આતંકવાદમાં અનેકાન્તવાદ' નામક પુસ્તિકામાં લખ્યું છે કે આગને આગથી હોલવી (બુઝાવી) શકાતી નથી. આગને હોલવવા માટે પાણી જોઈએ. કષાયને કષાયથી શાંત નથી કરી શકાતા. નિશ્ચય દૃષ્ટિથી ચૈતન્ય સ્વભાવી નિજ શુદ્ધાત્મામાં સ્થિર થવાથી જ વીતરાગભાવ પ્રગટે છે. વીતરાગ ભાવરૂપી જળથી જ રાગાદિ ભાવોની આગને હોલવી/બુઝાવી શકાતી હોય છે.**

અજ્ઞાનીએ બાહ્ય ક્રિયાને જ પ્રતિક્રમણ માની લીધેલ છે. અજ્ઞાની એને પ્રતિક્રમણ માને છે, તે તેનો અપરાધ છે. ખાસ વાત તો એ છે કે અજ્ઞાનીએ તો એ પ્રતિક્રમણાભાસનું પણ પ્રતિક્રમણ કરવું જોઈએ.

અજ્ઞાની માને છે કે એણે એકેન્દ્રિયાદિ છકાય જીવોની હિંસા કરી છે માટે એ ષડ્કાય જીવોની ક્ષમાયાચના કરવી. નિશ્ચયથી જોતા તો આત્માએ કોઈ જીવની હિંસા કરી નથી. પરંતુ શ્રદ્ધાથી એવું માનેલ છે કે એણે જીવહિંસા કરી છે. અજ્ઞાનીની એ મિથ્યા માન્યતાથી જ નિજ આત્માની (સ્વયંની) હિંસા થતી હોય છે. સમ્યગ્દર્શન થયેથી જ મિથ્યાત્વ ટળે છે, ત્યારે જ હકીકતમાં સાચું પ્રતિક્રમણ થાય છે.

મેં જ મારા નિજ ભગવાન આત્માને એકેન્દ્રિયાદિના પર્યાયોમાં પરિભ્રમણ કરાવ્યું છે. એટલે નિજ ભગવાન આત્માની ક્ષમા યાચું છું. ખરેખર જોઈએ તો મેં ત્રિકાલી ધ્રુવ ભગવાન આત્માએ કોઈ દેહને ગ્રહણ પણ નથી કર્યો અને તેનો ત્યાગ પણ નથી કર્યો. છતાંય પોતાને દેહરૂપ માનવાના આ અપરાધ માટે પ્રતિક્રમણ કરવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિ પોતાને દેહથી ભિન્ન શુદ્ધાત્મા માનતો હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિને જ સાચું પ્રતિક્રમણ હોય છે. નિજ શુદ્ધાત્માના યથાર્થ સ્વરૂપને સમજી લઈ તેમાં જ પોતાપણું સ્થાપિત કરી સ્થિર થઈ જવાનું નામ જ પ્રતિક્રમણ છે.

**: પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) :**

શ્રી કુન્દકુન્દ આચાર્યજીએ સમયસારમાં પ્રત્યાખ્યાનની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે.

कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।
तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।। ३८४।।

અર્થ : જે ભાવમાં ભવિષ્યકાળના શુભ અને અશુભ કર્મ બંધાય છે, તે ભાવથી જે આત્મા નિવર્ત થાય છે, તેને આત્મ પ્રત્યાખ્યાન કહે છે.

ભવિષ્યમાં થનારા પાપોને ન કરવાના સંકલ્પ–પ્રતિજ્ઞાને પ્રત્યાખ્યાન કહે છે. એવા જ પાપોને ન કરવાનો સંકલ્પ કરવો જોઈએ કે જેનું પાલન કરવાની શક્તિ કે સામર્થ્ય હોય. કારણ કે જિનધર્મ / જૈન શાસનમાં પ્રતિજ્ઞાનો ભંગ કરવાથી થતાં પાપને અધિકો દોષ બતાવેલ છે. આમ જાણીને પ્રતિજ્ઞા કરવાથી છેટા રહેવાનું નથી પણ આત્મામાં નિરંતર સંયમિત જીવન જીવવાની જ ભાવના રાખવા જણાવેલ છે.

જો એક દિવસના અનશન/ઉપવાસ કરવાનું પચ્ચક્ખાણ લીધા બાદ તે પાળવામાં ન આવે તો દોષ લાગે છે. હવે વિચારો કે મુનિધર્મ પાલનનું પચ્ચક્ખાણ લીધા પછી કોઈ જીવનું મુનિધર્મ પાલન દુષિત હોય તો તેનો ઘોર અપરાધ છે. તેથી પચ્ચક્ખાણનું સ્વરૂપ સમજીને જ પચ્ચક્ખાણ લેવું જોઈએ. પ્રાકૃત ભાષામાં લેવાયેલ પચ્ચક્ખાણનો અર્થ જણાતો ન હોય તો પછી જે ભાષામાં પચ્ચક્ખાણનો અર્થ સમજાતો હોય તેવી ભાષામાં પ્રતિજ્ઞા લેવી જોઈએ. ભાષા ઉપર

ભાર ન મૂકતા, ભાવો ઉપર ભાર દેવો જોઈએ.

ત્રિકાલી ધ્રુવ નિજ ભગવાન આત્મામાં લીન થવાની (અર્થાત્ સ્વરૂપસ્થ કે આત્મસ્થ થવાની) પ્રતિજ્ઞા કોઈ પણ અજ્ઞાનીએ આજ દિન સુધી લીધી નથી. મિથ્યાત્વનું પોષણ ન કરવાની પ્રતિજ્ઞા ક્યારેય લીધી નથી. ખરેખર તો આત્મામાં થનારા વિકલ્પોમાં પોતાપણાના ભાવથી છૂટી જઈ જ્ઞાન સ્વભાવી આત્મામાં એકત્વ સ્થાપિત થાય ત્યારે જ પચ્ચક્ખાણ થતું હોય છે. (અર્થાત્ સાચા અર્થમાં પ્રતિજ્ઞાપાલન હોય છે.)

શ્રી કુન્દકુન્દ આચાર્યજીએ સમયસારની ૩૪મી ગાથામાં જ્ઞાનને જ પ્રત્યાખ્યાન કહેલ છે તે આ પ્રમાણે છે

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादण्।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं ।।३४।।

અર્થ : નિજ શુદ્ધાત્મા સિવાયના સઘળા ભાવ પરભાવ છે, એમ જાણીને પ્રત્યાખ્યાન દ્વારા ત્યાગ કરે છે માટે જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે.

ઉપરોક્ત કથનનું તારતમ્ય એ છે કે જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા જાણવામાં આવવી તે જ પ્રત્યાખ્યાન છે. ઉપયોગમાં ઉપયોગની સ્થિરતા જ પચ્ચખાણ છે, તેથી એ લક્ષમાં રાખવું કે સમ્યગ્દ્રષ્ટિને જ પ્રત્યાખ્યાન હોય છે.

## આલોચના

શ્રી કુન્દકુન્દ આચાર્યજીએ સમયસારમાં આલોચનાની પરિભાષા જણાવતાં કહ્યું છે...

जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेस ।
तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा ।।३८५।।

અર્થ : વર્તમાન સાંપ્રત કાળમાં અનેક વિવિધતાથી પ્રચૂર ઉદયમાં આવનારા શુભ અને અશુભ કર્મોના દોષો જે આત્મા માત્ર જ્ઞાતાભાવથી જાણી લે છે તે આત્મા સાચી આલોચના કરે છે.

વર્તમાને આત્મામાં પેદા થનારા રાગાદિ ભાવરૂપ દોષોનો ખેદ થવો તે આલોચના છે. વીતરાગી દેવ અને ગુરુ સન્મુખ પોતા દ્વારા થયેલા પાપોનો એકરાર કરીને તે તે પાપો કે દોષોથી મુક્ત થઈને નિજ શુદ્ધાત્મામાં લીન થઈ જવું તે જ વાસ્તવિક સાચી આલોચના છે. **પાપ હોવું અને પાપનો ખેદ ન હોવો તે તો મહાપાપ છે. શરીરાદિની ક્રિયાઓમાં પોતાપણાના ભાવ કરીને દેહપુષ્ટિ કરવામાં ખેદ થવો જોઈએ.** આત્માની વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે. દ્રવ્ય સ્વભાવ તો ત્રિકાલ શુદ્ધ હોવા છતાંય વર્તમાનની પર્યાયની અશુદ્ધતાને જાણીને તેને ટાળવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

હે ભગવાન! મેં એકેન્દ્રિયથી લઈને સંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના જીવો પ્રતિ દયા ન રાખતા નિર્દયતાથી ક્રૂરપણે તેમના પ્રાણ હણ્યા છે, મન-વચન-કાયાથી કર્યું, કરાવ્યું, અનુમોદ્યું છે અને અનુમોદનાસહ આરંભ-સમારંભ કર્યા છે. ક્રોધ, માન, માયા અને લોભના કષાયભાવ કરી પાપ સેવ્યા છે તે સમસ્ત પાપોની હું આલોચના કરું છું. એકાંત, વિપરીત, સંશય, અજ્ઞાન અને વિનય એ પાંચ પ્રકારના મિથ્યાત્વનું સેવન / પોષણ કર્યું હોય; હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ એ પાંચ પ્રકારના પાપો સેવ્યા હોય; સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ એ પાંચ ઈન્દ્રિયો તથા મનથી અનેક કર્મો બાંધ્યા હોય; મેં મદ્ય, માંસ, મધુ અને પાંચ ઉદમ્બર ફળોનું ભક્ષણ કરી શ્રાવકના આઠ મૂળ ગુણોનું સેવન ન કરતાં ખંડન કર્યું હોય, ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વગર મેં બાવીશ પ્રકારના અભક્ષ્યનું સેવન કરી પાપ કર્યા હોય; અનન્તાનુબંધી ક્રોધાદિ ચાર કષાયો અને હાસ્યાદિ નવ નોકષાયથી અનેક પાપાચાર સેવ્યા હોય, મેં આહાર, વિહાર, નિહારમાં પણ વિવેકહીન વ્યવહાર કર્યો હોય, મેં કંદમૂળ, લીલોતરીનું ભક્ષણ કર્યું હોય અને તેમાં મોજમજા માણ્યા હોય, મેં જ્યારે પણ અગ્નિ પેટાવ્યો હોય ત્યારે દેખ્યા વિના ને પૂંજ્યા વિના લાકડા સળગાવ્યા હોય તથા તેમાં રહેલ જીવોની પ્રતિ દયાભાવ રાખ્યો ન હોય; સાફ સફાઈ કરતાં જીવજંતુ આદિનો ઘાત કર્યો હોય, અણગળ પાણી પીવા દ્વારા જીવઘાત થયો હોય; નદીમાં કપડાં ધોતી વેળાએ કે સ્નાનાદિની ક્રિયા વેળાએ મલિન જળમાં અનેક જીવોનો ઘાત થતો હોય તથા અનેક કિલોમીટર સુધી તે વહેતા જળપ્રવાહમાં હિંસાની પ્રક્રિયાના સાતત્યને ન વિચારવાની હિંસા પણ કરી હોય, ધનાદિ સંપત્તિ મેળવવા માટે જે કાંઈ છળકપટના પાપો સેવ્યા હોય, કમાયેલ ધનાદિથી ભોગો ભોગવતા જે કાંઈ પાપો કર્યાં હોય; એવા અગણિત પાપોના સેવનથી જે કાંઈ દોષો પેદા થયા હોય તે સર્વનો અંતરતમથી એકરાર કરી તેના ખેદપૂર્વક અત્યંત ભાવસહ હું આલોચના કરું છું!

આ બધાંય ઉપરોક્ત પાપસેવનનું મૂળ કારણ તો એ જ છે કે મેં મારી જાતને ત્રિકાલી ધ્રુવ શુદ્ધ ભગવાન આત્મા માની નથી. પોતાને શરીરરૂપ માની શરીરરૂપે જ ઓળખ્યો ને ઓળખાવ્યો છે. **આ સઘળાંય દોષોથી મુક્ત થવાનો ઉપાય તો એ જ છે કે પાપોનો પર્યાયમાં સ્વીકાર કરીને દ્રવ્ય સ્વભાવમાં ત્રિકાળવર્તી કોઈ પાપ યા પુણ્યનો પ્રવેશ થઈ શકતો જ નથી એવા નિજ શુદ્ધાત્મામાં સ્થિર થનારી પરિણતિ જ સાચી વાસ્તવિક આલોચના છે.**

આ પ્રમાણે જૈન કુળમાં જન્મ લઈને જન્મથી જ સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચખાણ અને આલોચના કરનારા જીવોને પણ એનું યથાર્થ સત્ય સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી શરીરાદિની કાયિક ક્રિયામાં જ ધર્મ માનતા હોય છે. જગતના ક્ષણિક ભોગોથી વિરક્ત થઈને અનિત્યની અસારતાના બોધ (જ્ઞાન)ના બળ ઉપર નિત્ય નિજ શુદ્ધાત્મામાં જ સ્થિર થઈ જવામાં ધર્મ છે. જેમ તરવું જ તરવાનું શિખવાના ઉપાયરૂપ છે એમ જ્ઞાતા રહેવાનો અભ્યાસ જ એક માત્ર જ્ઞાતા રહેવાના ઉપાયરૂપ છે. ✶✶✶

આધ્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળા. જિલ્લો ભાવનગર. ગુજરાત.
મોબાઈલ : ૯૮૨૦૫૭૪૭૧૧.

# પ્રતિક્રમણ ક્રિયાને અંગે કેટલીક શંકાઓ અને તેના સમાધાન

**☐ સંકલન : ડૉ. રશ્મિ ભેદા**

પરમ પૂજ્ય પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ અને પ. શ્રી ધુરંધરવિજયજી ગણીએ એમના પુસ્તક 'પ્રતિક્રમણની પવિત્રતા'માં પ્રતિક્રમણની ક્રિયા અંગે સામાન્ય જનમાનસમાં જે શંકાઓ આવતી હોય છે એને અનુલક્ષીને ૧૦ શંકાઓ પ્રસ્તુત કરી છે અને એનું સમાધાન પણ એમણે જ આપ્યું છે એનું સંકલન અહીં કર્યું છે :

**શંકા ૧** : પ્રતિક્રમણ એ છ આવશ્યકમય છે અને તેમાં પહેલું સામાયિક છે. સામાયિક લેતી વખતે મન-વચન-કાયાથી સાવદ્ય વ્યાપાર કરવા નહિ, કરાવવા નહિ કે અનુમોદવા નહિ એવી પ્રતિજ્ઞા લેવામાં આવે છે, છતાં મન તો વશ રહેતું નથી તો પ્રતિજ્ઞાનું પાલન ક્યાં રહ્યું ?

**સમાધાન** : જૈન શાસનમાં સામાયિક આદિ પ્રત્યેક વ્રતની પ્રતિજ્ઞાના ૧૪૭ વિકલ્પો માનવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે-

| | |
|---|---|
| ૧. મનથી, વચનથી અને કાયાથી | એક ત્રિસંયોગી |
| ૨. મનથી, વચનથી<br>૩. મનથી, કાયાથી<br>૪. વચનથી, કાયાથી | ત્રણ દ્વિકસંયોગી |
| ૫. મનથી<br>૬. વચનથી<br>૭. કાયાથી | ત્રણ અસંયોગી |

એ રીતે (એક) ત્રિકસંયોગી, (ત્રણ) દ્વિકસંયોગી અને (ત્રણ) અસંયોગી, એ કુલ સાત વિકલ્પો, ત્રણ કરણના અને એ જ રીતે કુલ સાત વિકલ્પો (કરવું, કરાવવું અને અનુમોદવું) એ ત્રણ યોગના, એ બેનો ગુણાકાર કરતા ૭X૭=૪૯ અને એને ત્રણ કાળે ગુણતા ૪૯X૩=૧૪૭ વિકલ્પો થાય. એમાં લીધેલા કેટલાક વિકલ્પોનું પાલન થાય અને અન્ય વિકલ્પોનું પાલન ન થાય તો પણ પ્રતિજ્ઞાનો સર્વાંશે ભંગ થયો ગણાય નહિ. એમાં જે માનસિક ભંગ થાય છે તેને અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચાર માનેલ છે પણ અનાચાર કહેલ નથી. અતિક્રમાદિ દોષોનું નિંદા, ગર્હા, આલોચના અને પ્રતિક્રમણ વડે શુદ્ધિકરણ થઈ શકે છે. અને એ રીતે પ્રતિજ્ઞાનું નિર્વહણ થઈ શકે છે. દોષવાળું કરવા કરતા ન કરવું સારૂં, કરવું તો શુદ્ધ જ કરવું, અન્યથા કરવું જ નહિ. એ વચન શાસ્ત્રકારોને માન્ય નથી, કારણ કે કોઈ પણ ક્રિયા વિધિના રાગ અને અવિધિના પશ્ચાતાપપૂર્વકના અભ્યાસથી જ શુદ્ધ થાય છે. અભ્યાસના પ્રારંભકાળમાં ભૂલ ન જ થાય એમ અજ્ઞાની જ માને. ભૂલવાળા અનુષ્ઠાનો કરતા કરતાં જ ભૂલ વિનાના અનુષ્ઠાનો થાય. સાતિચાર ધર્મ જ નિરતિચાર ધર્મનું કારણ બને છે. દુન્યવી કળાઓના અભ્યાસમાં પણ એ જ નિયમ છે. ધર્મકળાનો અભ્યાસ એમાં અપવાદ ન બની શકે.

**શંકા ૨** : પાપનું પ્રતિક્રમણ કરીને ફરી તે પાપનું સેવન કરવું એ માયાચાર નથી ?

**સમાધાન** : પાપનું પ્રતિક્રમણ કરીને ફરી તે પાપનું સેવન કરવું તેટલા માત્રથી એ માયાચાર નથી, પરંતુ ફરી તે પાપનું તે ભાવે સેવન કરવું એ માયાચાર છે. પ્રતિક્રમણ કરનાર વર્ગ પાપથી છૂટવા માટે પ્રતિક્રમણ કરે છે. તેથી તેનો ભાવ ફરી વાર પાપ નહિ કરવાનો હોય છે, છતાં ફરી વાર પાપ થાય છે, તેનું ફરી વાર પ્રતિક્રમણ કરે છે. એ રીતે વારંવાર પ્રતિક્રમણ કરવાથી તેને અનુબંધ પાપ કરવાનો નહિ પણ પાપ નહિ કરવાનો પડે છે. પાપ નહિ કરવાનો અનુબંધ જ તેને એક વખતે સર્વથા પાપ નહિ કરવાની કક્ષાએ પહોંચાડે છે. તેથી શ્રી જિનશાસનમાં જ્યાં સુધી જીવ પાપથી રહિત ન બને ત્યાં સુધી તેને પાપનું પ્રતિક્રમણ અવશ્ય કર્તવ્ય તરીકે ઉપદેશ્યું છે.

**શંકા ૩** : પ્રતિક્રમણ ભૂતકાળના પાપનું જ હોઈ શકે, પરંતુ વર્તમાન કાળના અને અનાગત કાળના પાપનું કેવી રીતે હોઈ શકે ?

**સમાધાન** : પ્રતિક્રમણનો હેતુ અશુભ યોગથી નિવૃત્તિનો છે. તેથી જેમ અતીતકાલના દોષનું પ્રતિક્રમણ નિંદા દ્વારા થાય છે. તેમ વર્તમાનકાળના દોષોનું પ્રતિક્રમણ સંવર દ્વારા અને અનાગત કાળના દોષનું પ્રતિક્રમણ પચ્ચક્ખાણ દ્વારા થઈ શકે છે. કારણ કે સંવર અને પચ્ચક્ખાણ ઉભયમાં અશુભયોગની નિવૃત્તિ પ્રધાન છે.

**શંકા ૪** : પ્રતિક્રમણ વખતે સામાયિક લેવાની શું જરૂર છે ?

**સમાધાન** : શાસ્ત્રમાં સામાયિક ચાર પ્રકારના કહ્યા છેઃ સમ્યક્ત્વ-સામાયિક, શ્રુત-સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક. પ્રતિક્રમણ કરનારમાં સમ્યક્ત્વ-સામાયિક અને શ્રુત-સામાયિક સંભવે છે.

સમ્યક્ત્વ સામાયિક એટલે મિથ્યાત્વ-મલનો અપગમ અને તેથી ઉપજતી જિનવચનમાં શ્રદ્ધા.

શ્રુત સામાયિક એટલે જિનોક્ત તત્ત્વોનું સંક્ષેપથી કે વિસ્તારથી જ્ઞાન અને તેથી ઉપજતો અવિપરિત બોધ.

દેશવિરતિ સામાયિક એટલે પાપની આંશિક નિવૃત્તિરૂપ પ્રયત્ન.

સર્વવિરતિ સામાયિક એટલે પાપથી સર્વાંશ નિવૃત્તિ કરવારૂપ પ્રયત્ન.

આ ચારેય પ્રકારના સામાયિકથી ચ્યુત થવું એ ઔદાયિક ભાવ

છે. એ ઔદાયિક ભાવમાંથી અર્થાત્ પરભાવમાંથી ખસીને, ફરી પાછું, સામાયિકરૂપી ક્ષાયોપશમિક ભાવ અર્થાત્ આત્મભાવમાં જવું તે પ્રતિક્રમણ છે. સામાયિક એ સાધ્ય છે ને પ્રતિક્રમણ એ સાધન છે. તેથી સામાયિકરૂપી સાધ્યને લક્ષમાં રાખવાપૂર્વક જ પ્રતિક્રમણની ક્રિયા કરવી જોઈએ.

**શંકા ૫** : જેને અતિચાર લાગે તે જ પ્રતિક્રમણ કરે. બીજાને પ્રતિક્રમણ કરવાની શી જરૂર છે?

**સમાધાન :** પ્રતિક્રમણ સમ્યગ્દર્શનમાં લાગેલા અતિચાર, દેશવિરતિ ધર્મમાં લાગેલા અતિચાર અને સર્વવિરતિ ધર્મમાં લાગેલા અતિચારની શુદ્ધિ માટે યોજાયેલું છે. તથા સમ્યગ્દર્શન આદિ ગુણોની પ્રાપ્તિના અધિકારી એવા બીજા જીવોને પણ પોતાના ગુણસ્થાનને યોગ્ય વર્તન નહિ કરવાના કારણે લાગેલા અતિચારની શુદ્ધિ માટે છે. તેથી દોષની શુદ્ધિને ઈચ્છનાર સર્વ કોઈ આત્માઓએ પ્રતિક્રમણ કરવાની જરૂર છે.

**શંકા ૬** : પ્રતિક્રમણની ક્રિયા ઘણી લાંબી અને કંટાળા ભરેલી હોય છે. તેના સૂત્રનો અર્થ જેઓ જાણતા હોતા નથી તેઓની આગળ એ સૂત્રો બોલી જવાથી કોઈ પણ પ્રકારનો ભાવ જાગતો નથી કે કોઈ પણ પ્રકારનું વિશિષ્ટ પ્રયોજન સધાતું નથી, તો તેના બદલે સામાયિક કે સ્વાધ્યાય આદિ કરે તો શું ખોટું?

**સમાધાન :** પ્રતિક્રમણની ક્રિયા ઘણી લાંબી અને કંટાળા ભરેલી છે એમ કહેનાર કાં તો ધર્મ માટે ક્રિયાની આવશ્યકતા બિલકુલ માનતો ન હોય અથવા માત્ર વાતો કરવાથી જ ધર્મ સિદ્ધ થઈ શકે છે, એવી ખોટી શ્રદ્ધા ધારણ કરતો હોય. પરંતુ એ બંને પ્રકારની માન્યતા યોગ્ય નથી. ધર્મનો પ્રાણ ક્રિયા છે. ક્રિયા વિના મન, વચન અને કાયા સ્થિર થઈ શકતા નથી એવું જેને જ્ઞાન છે તેને માટે પ્રતિક્રમણની ક્રિયા ટુંકી અને રસમય બને છે. વળી સવાર અને સંધ્યાએ તે કર્તવ્ય હોવાથી તથા તે સમયે લૌકિક કાર્યો કરાતા નહિ હોવાથી નિરર્થક જતો કાળ સાર્થક કરી લેવાનો પણ તે અપૂર્વ ઉપાય છે. તેમ જ જ્ઞાનાભ્યાસ માટે પણ તે કાળ અસ્વાધ્યાયનો છે. કારણ અકાળે જ્ઞાનાભ્યાસ કરવાથી ઉલટો અનર્થ થાય છે. તેથી પ્રમાદમાં જતા તે કાળને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ થાય તેવી રીતે પસાર કરી શકાય છે.

પ્રતિક્રમણના સૂત્રો ઘણાં ટૂંકા છે, તેનો શબ્દાર્થ કે ભાવાર્થ નહિ જાણનાર પણ તેનો ભાવાર્થ સમજી શકે છે. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું તે. પાપમાં પ્રવૃત્તિ શેના લીધે? 'અનાદિ અભ્યાસથી' જે અનુભવસિદ્ધ છે તે પાપ અને તેના અનુબંધથી પાછા ફરવાની ક્રિયા તે પ્રતિક્રમણ એવો રહસ્યાર્થ સૌ કોઈના ખ્યાલમાં આવી શકે તેમ છે. એ અર્થને ખ્યાલમાં રાખીને જેઓ પ્રતિક્રમણની ક્રિયા કરે છે તેઓ, સૂત્રના શબ્દો અને તેના અર્થને ન જાણતા હોય તો પણ તેને જાણનારના મુખે સાંભળવાથી અથવા તેને જાણનારના જ્ઞાન ઉપર શ્રદ્ધા ધારણ કરીને સ્વમુખે બોલવાથી પણ અવશ્ય શુભભાવ પામી શકે છે. ક્રિયામાં જેટલું જ્ઞાન ભળે તેટલું દૂધમાં સાકર ભળ્યા જેવું છે, પરંતુ સાકરના અભાવે દૂધને પણ દૂધ માનીને ન પીવું તેવું વચન લોકમાં કોઈ કહેતું નથી, તો લોકોત્તર શાસનમાં સૂત્રના અર્થ નહિ જાણવામાત્રથી સૂત્રાનુચારી ક્રિયાને વિષે અપ્રમત્ત રહેનારનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી એમ કહેવું અયોગ્ય છે. આપ્ત પુરુષોના રચેલા સૂત્રો યંત્રમય હોય છે તેથી મિથ્યાત્વ મોહનીય આદિ પાપકર્મની પ્રકૃતિઓ નાશ પામે છે એમ જાણનાર અને માનનાર પ્રતિક્રમણની ક્રિયાના સૂત્રોનું વિધિપૂર્વક ઉચ્ચારણ અને શ્રવણ એકાંત કલ્યાણ કરનારૂં છે એવી શ્રદ્ધામાંથી કદી પણ ચલિત થતા નથી.

**શંકા ૭** : પ્રતિક્રમણની ક્રિયામાં ચતુર્વિંશતિસ્તવ, ગુરુવંદન, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણની શી આવશ્યકતા છે?

**સમાધાન :** પ્રતિક્રમણ જેમ સામાયિકનું અંગ છે તેમ ચતુર્વિંશતિસ્તવ આદિ પણ સામાયિકના અંગો છે. સામાયિકરૂપી સાધ્યની સિદ્ધિ માટે જેટલી આવશ્યકતા પ્રતિક્રમણરૂપી સાધનની છે તેટલી જ ચતુર્વિંશતિસ્તવ આદિની છે. ચતુર્વિંશતિસ્તવ આદિ સામાયિકના જ ભેદો છે, સામાયિકથી જુદા નથી એટલે પરસ્પર સાધ્ય-સાધન ભાવરૂપે રહેલા છે. જેમ સામાયિકનું સાધન ચતુર્વિંશતિસ્તવ આદિ છે, તેમ ચતુર્વિંશતિ-સ્તવ આદિનું સાધન સામાયિક છે અથવા ગુરુવંદન છે, અથવા પ્રતિક્રમણ છે. અથવા કાયોત્સર્ગ છે, અથવા પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણથી જેમ સમભાવલક્ષણ સામાયિક વધે છે, તેમ સામાયિકથી પણ આશ્રવનિરોધરૂપ કે તૃષ્ણાછેદરૂપ પચ્ચક્ખાણ ગુણ વૃદ્ધિ પામે છે. અથવા સામાયિકથી જેમ કાયોત્સર્ગ એટલે કાયા ઉપરથી મમતા છૂટીને સમતા પ્રાપ્ત થાય છે, તેમ કાયોત્સર્ગ-કાયા ઉપરના મમત્વનો ત્યાગ, એ પણ સમભાવ રૂપ સામાયિકની જ પુષ્ટિ કરે છે. એ જ રીતે, ત્રિકાલવિષયક સાવદ્યયોગની નિવૃત્તિરૂપ પ્રતિક્રમણ જેમ સામાયિકથી સિદ્ધ થાય છે, તેમ સાક્ષાત્ સાવદ્યયોગની નિવૃત્તિના પચ્ચક્ખાણરૂપ સામાયિકથી પ્રતિક્રમણની પુષ્ટિ થાય છે. સમભાવલક્ષણ સામાયિક જેમ સમભાવપ્રાપ્ત સુગુરુની આજ્ઞાના પાલનરૂપ ભક્તિનું પ્રયોજક છે તેમ સમભાવપ્રાપ્ત સુગુરુના વંદનરૂપ વિનય પણ સમભાવરૂપ સામાયિક ગુણને વિકસાવનાર છે. એ રીતે છએ આવશ્યકો પરસ્પર એકબીજાના સાધક છે. તેથી તે છએ એકઠા મળીને ચારિત્રગુણની પુષ્ટિ કરે છે. પંચાચાર, ચારિત્રાચાર, જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર અને વીર્યાચાર. આમ પાંચે પ્રકારના આચારની વિશુદ્ધિ થાય છે.

**શંકા ૮** : એક પ્રતિક્રમણને બદલે પાંચ પ્રતિક્રમણ કેમ?

**સમાધાન :** પ્રતિક્રમણ એ દોષશુદ્ધિ અને ગુણપુષ્ટિની ક્રિયા છે.

આત્મારૂપી ઘરમાં કર્મના સંબંધથી દોષરૂપી કચરો નિરંતર એકઠો થાય છે. તેને દર પખવાડિયે, દર ચાતુર્માસે કર્મના સંબંધથી દોષરૂપી કચરો નિરંતર એકઠો થાય છે. તેને દર પખવાડિયે, દર ચાતુર્માસીએ અને દર સંવત્સરીએ વધારે પ્રયત્નપૂર્વક સાફ કરવાથી જ દૂર થઈ શકે છે. તેથી શાસ્ત્રકારોએ દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ પાંચ પ્રતિક્રમણ ફરમાવ્યા છે. તેમાં પ્રથમ દૈવસિક પ્રતિક્રમણ ફરમાવવાનું કારણ એ છે કે–તીર્થની સ્થાપના દિવસે થાય છે અને તીર્થની સ્થાપનાના પ્રારંભથી જ પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**શંકા** ૯ : પ્રતિક્રમણ તો ક્રિયારૂપ છે, તેથી તેના વડે અધ્યાત્મની સિદ્ધિ શી રીતે થાય?

**સમાધાન :** અધ્યાત્મનું સાચું સ્વરૂપ ન સમજનારને આ શંકા થાય છે. એનું વાસ્તવિક સ્વરૂપ સમજનારને તો પ્રતિક્રમણની સમગ્ર ક્રિયા અધ્યાત્મ સ્વરૂપ જ ભાસે છે. અધ્યાત્મ શબ્દનો અર્થ સમજાવતા શ્રીમદ્ યશોવિજયજી મ. ફરમાવે છે–આત્માને ઉદ્દેશીને પંચાચારનું જે પાલન થાય તે અધ્યાત્મ છે. જ્ઞાન અને ક્રિયા ઉભયને અધ્યાત્મ માનેલું છે. એકલી ક્રિયા અધ્યાત્મ નથી તેમ એકલું જ્ઞાન પણ અધ્યાત્મ નથી. 'મોહના અધિકાર રહિત આત્માઓની આત્માને ઉદ્દેશીને શુદ્ધ ક્રિયા તેને જિનેશ્વર અધ્યાત્મ કહે છે.' 'જ્ઞાન અને ક્રિયા ઉભયરૂપ અધ્યાત્મ છે, અને તે નિર્દમ્ભ આચારવાળા પુરુષોને જ વૃદ્ધિ પામે છે.'

ક્રિયાને કેવળ કાયાની ચેષ્ટા કહીને જેઓ જ્ઞાનને જ અધ્યાત્મ માને છે, તેઓનું જીવન નિર્દમ્ભ બનવું સંભવિત નથી, કારણ કે છદ્મસ્થ અવસ્થામાં મન ભળ્યા વિના કેવળ કાયાથી જાણપણે થઈ શકતી નથી. સશરીરી અવસ્થામાં જેમ માનસિક ક્રિયા કેવળ આત્માથી થઈ શકતી નથી તેમ કાયાની કે વાણીની ક્રિયા કેવળ કાયા કે કેવળ વાણીથી થઈ શકતી નથી. વાણીનો વ્યાપાર કાયાની અપેક્ષા રાખે છે અને મનનો વ્યાપાર પણ કાયાની અપેક્ષા રાખે છે. તેવી જ રીતે મનનો વ્યાપાર જેમ આત્માની અપેક્ષા રાખે છે, તેમ વાણી અને કાયાનો વ્યાપાર પણ આત્માની અપેક્ષા રાખે છે. આત્મપ્રદેશોનું કંપન થયા વિના મન, વચન કે કાયા, ત્રણમાંથી એકેય યોગ પોતાની પ્રવૃત્તિ કરી શકતો નથી. તેથી ત્રણેય યોગો વડે થતી શુભ કે અશુભ ક્રિયા આત્મા જ કરે છે, પણ આત્માને છોડીને કેવળ પુદ્ગલ કરતું નથી, એમ માનનારા જ નિર્દમ્ભ રહી શકે છે. શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન અને ક્રિયા ઉભયના સમન્વયમાં છે. પ્રતિક્રમણની ક્રિયામાં પાણી અને તેના રસની માફક કે દૂધ અને મીઠાશની માફક જ્ઞાન અને ક્રિયા ઓતપ્રોત મળી ગયેલા છે તેથી તે નિર્દોષ અધ્યાત્મ છે.

**શંકા** ૧૦ : પ્રતિક્રમણની ક્રિયામાં યોગ ક્યાં છે?

**સમાધાન :** સાચો યોગ મોક્ષસાધક જ્ઞાન અને ક્રિયા ઉભયસ્વરૂપ છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ એમના ગ્રંથ 'યોગવિંશિકા'માં કહ્યું છે-

મુક્ખેણ જોયણાઓ જોગો સવ્વો ધમ્મવાવારો'

એવી જ રીતે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે-

'મોક્ષેણ યોજનાદ્યોગ: સર્વોઽપ્યાચાર ઇષ્યતે ।

જીવને પરમ સુખસ્વરૂપ મોક્ષની સાથે જોડનાર સર્વ પ્રકારનો ધર્મવ્યાપાર એ યોગ છે. અર્થાત્ મોક્ષકારણીભૂત આત્મવ્યાપાર એ જ ખરેખર યોગ છે. જે પ્રતિક્રમણની ક્રિયાને સર્વાંશે લાગુ પડે છે. તે કેવળ આસન, પ્રાણાયામ કે કેવળ ધ્યાન, ધારણા કે સમાધિની ક્રિયા એ મોક્ષસાધક યોગસ્વરૂપ બને તેવો નિયમ નથી. જૈન સિદ્ધાંત કહે છે–કોઈ પણ આસન, કોઈ પણ સ્થાન કે કોઈ પણ મુદ્રાએ, કોઈ પણ કાળે અને કોઈ પણ ક્ષેત્રે તથા કોઈ પણ (બેઠી, ઊભી કે સૂતી) અવસ્થાએ મુનિઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામી શકે છે. તે સંબંધી કોઈ પણ એક ચોક્કસ નિયમ નથી. નિયમ એકમાત્ર પરિણામની શુદ્ધિનો અને યોગની સુસ્થતાનો છે. પરિણામની શુદ્ધિ કે યોગની સુસ્થતા જે રીતે થાય તે રીતે વર્તવું. એ કર્મક્ષય કે મોક્ષલાભનો અસાધારણ ઉપાય છે. અને તે જ વાસ્તવિક યોગ છે. પ્રતિક્રમણની ક્રિયા એ પરિણામની શુદ્ધિ અને યોગની સુસ્થતાનો અનુપમ ઉપાય છે તેથી તે પણ એક પ્રકારનો યોગ છે અને મોક્ષનો હેતુ છે. ✷ ✷ ✷

## મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રેમપુરી આશ્રમમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફોન કરી મેળવી લેવા વિનંતી. કુરિયર કરવામાં નહીં આવે :

શ્રી કમલેશભાઈ શાહ

વિરલ જ્વેલર્સ, ૯૨૫ પારેખ માર્કેટ, ઓપેરા હાઉસ,

મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન :૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સુંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈના સહકારથી આ કાર્યક્રમ તા. ૨૫-૪-૨૦૧૫ના યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રીમતી ઝરણા વ્યાસ અને એમના સાથીઓએ ભાવવાહી ભક્તિ સંગીતો પ્રસ્તુત કર્યા હતા.

# આવશ્યક સૂત્રોના શુદ્ધ પાઠો

❑ પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.

પંચ પ્રતિક્રમણ અંતર્ગત આવશ્યક સૂત્રોના ૨૮મા ક્રમાંકે 'નાણંમિ દંસણમ્મિ...' સૂત્ર છે. જે પ્રાકૃત ભાષામાં આઠ ગાથામાં નિબદ્ધ છે. સૂત્રનો પ્રારંભ 'નાણંમિ...' પદથી થતો હોવાથી આ સૂત્ર એ નામથી જ ઓળખાય છે. પણ તેનું સૈદ્ધાંતિક નામ 'अइयार-वियारणा गाहा' છે.

આ સૂત્રમાં પંચાચારને લગતી ગાથાઓ હોવા છતાં અતિચારના ચિંતન માટે કાઉસગ્ગમાં ગણાતી હોવાથી અતિચારની આઠ ગાથા તરીકે આ સૂત્ર પ્રચલિત છે, પ્રસિદ્ધ છે. એટલે કે આ ગાથાઓ પંચાચારને દર્શાવનારી હોઈ તેનું આલંબન લઈને લાગેલા અતિચારોની શુદ્ધિ કરવાની છે. પંચાચારના પાંચ પ્રકારો આ પ્રમાણે છે-

૧. જ્ઞાનાચાર, ૨. દર્શનાચાર, ૩. ચારિત્રાચાર, ૪. તપાચાર અને ૫. વીર્યાચાર.

તેના અવાંતર–પેટા ભેદો જોઈએ તો જ્ઞાનાચારના આઠ, દર્શનાચારના આઠ, ચારિત્રાચારના આઠ, તપાચારના બાર અને વીર્યાચારનો એક, તેનો કોઈ વિશેષ ભેદ-પ્રભેદ નથી કિંતુ ઉક્ત પંચાચારમાં વીર્ય, શક્તિ, પરાક્રમ, ફોરવવા રૂપ છે. જો પ્રાપ્ત શક્તિનો યોગ્ય ઉપયોગ કે વિનિયોગ ન કરાય તો અતિચાર ગણાય છે.

પંચાચારની શુદ્ધિ એ જૈન દર્શનની વિશિષ્ટ, પ્રાચીન પરંપરા છે, પદ્ધતિ છે. પ્રસ્તુત સંદર્ભમાં અહિં માત્ર જ્ઞાનાચારના આઠ પ્રકારો પ્રસ્તુત છે. તેના નામ છેઃ-

૧. કાળ, ૨. વિનય, ૩. બહુમાન, ૪. ઉપધાન, ૫. અનિહનવતા, ૬ વ્યંજન, ૭. અર્થ અને ૮. તદુભય.

૧. **કાળ.** કાળ એટલે સમય, ટાઈમ (Time), યોગ્ય સમયે ભણવું જોઈએ, કારણ નિષિદ્ધ કાળે સ્વાધ્યાય વર્જ્ય છે.

૨. **વિનય**. વિદ્યાગુરુને વંદન કરીને વિનયપૂર્વક જ્ઞાન સંપાદન-કરવું.

૩. **બહુમાન**. વિદ્યાદાતા ગુરૂ માટે બહુમાન-પૂજ્યભાવ રાખવો.

૪. **ઉપધાન.** ગૃહસ્થ-શ્રાવકો માટે ઉપધાનપૂર્વક અને સાધુઓ માટે યોગોદ્વહન કરીને સૂત્રોને ભણવાનો અધિકાર મેળવવો.

**૫. અનિહ્નવતા**. શાસ્ત્રાભ્યાસ કરાવનાર વિદ્યાગુરૂ પ્રતિ કૃતજ્ઞભાવ રાખવો, તેમને છુપાવવા નહિં. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પોતાના ગૃહસ્થ-વિદ્યાગુરૂનું રાજનગરમાં શ્રીસંઘ સમક્ષ જાહેરમાં બહુમાન કર્યાનો પ્રસંગ જાણીતો છે.

આ ઉપરાંત સર્વજ્ઞ પ્રરૂપિત સિદ્ધાંત વગેરેનો પોતાની મતિ કલ્પનાએ અપલાપ ન કરવો. અથવા તેને વિકૃત રૂપે રજૂ ન કરવા. જેમણે પણ આવું દુઃસાહસ કર્યું છે તેમને શાસ્ત્રોમાં 'નિહ્નવ' કહ્યાં છે, જમાલિ વગેરે આવા ૭ નિહ્નવોના નામ છે.

**૬. વ્યંજન.** વર્ણમાલાના અક્ષરોને વ્યંજન કહેવાય છે. વ્યુત્પત્તિ અર્થ પ્રમાણે જેનાથી અર્થ પ્રગટ થાય તે વ્યંજન. અક્ષરોથી શબ્દ બને છે. શબ્દથી પદ બને છે. પદથી વાક્ય બને છે. આવા અનેક વાક્ય સમૂહને સૂત્ર કહે છે. વેદ, આગમ, સિદ્ધાંત, સૂત્ર પ્રાયઃ સમાનાર્થ શબ્દો છે એટલે સૂત્રોની શબ્દ શુદ્ધિ, ભાષા શુદ્ધિ અને તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું–એ પણ એક જ્ઞાનાચારનો પ્રકાર છે એમ સ્પષ્ટ થાય છે.

આ દૃષ્ટિકોણથી ગ્રંથકારોએ 'णमो बंभिलिविए' કહીને બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યા છે–એટલે આજની દેવનાગરી વગેરે લિપિ પણ સ્તુત્ય અને પૂજ્ય છે.

એ જ રીતે ઉચ્ચારણ શુદ્ધિનો આગ્રહ પણ જરૂરી છે. આવશ્યક સૂત્રો પૈકી લોગસ્સ સૂત્ર, વંદિત્તુ સૂત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર, જયવીયરાય સૂત્ર વગેરે કેટલાંક સૂત્રો આર્યાછંદમાં જ બોલાય છે. આર્યાછંદનું ઉચ્ચારણ એટલે કે ગાન કેમ કરવું તે બતાવવા માટે તેની એક શૈલી છે-શ્લોક કે ગાથાના ચાર ચરણ (પદ)ની ચાર ગતિ કહી છે. તેમાં પ્રથમ ચરણનો ઉચ્ચાર હંસગતિથી કરવો. બીજું ચરણ-સિંહગતિથી, ત્રીજું ચરણ-ગજગતિથી, અને ચોથું ચરણ-સર્પ ગતિથી. જો આ રીતે શાસ્ત્ર પાઠ થાય તો તેના તરંગો-વાઈબ્રેશન દૂર-સુદૂર સુધી પહોંચે છે. સૂત્ર પણ મંત્ર સમાન છે એટલે મંત્રોચ્ચારમાં જેમ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ઉચ્ચારણનું જે મહત્ત્વ છે. તેમ અહિં પણ છે.

અહિં પ્રાસંગિક કેટલાંક લૌકિક દાખલા-પ્રસંગોથી પણ ખ્યાલ આવશે કે-ભાષાશુદ્ધિનું શું મહત્ત્વ છે-'વાક્ બારસ'ને બદલે તેનું અપભ્રંશ થયું 'વાઘ બારસ.' પદચ્છેદ ખોટો થાય તો ગોટાળો થાય- દા. ત. 'રાજ્યમાં દીવાનથી અંધારૂં છે.' હકીકતમાં હોવું જોઈએ- 'રાજ્યમાં + દીવા + નથી + અંધારૂં છે.' એકવાર ભાષણમાં સોનિયા ગાંધી બોલ્યા, 'નર + માદા યોજના' વિશે. પણ તે વાત હતી 'નર્મદા (નદી) યોજનાની.

એ જ રીતે વરરાજાને શણગાર કરતાં કાને કારેલાં બાંધ્યા પણ શા માટે ? બસ, સમજવામાં ગોટાળો થયો. ગરમીમાં વરરાજાના શરીરે પરસેવો વહેતો હોઈ કોઈએ પૂછ્યું- 'કાને + કાં + રેલા... ?'

સંદિગ્ધ ભાષા બોલવાથી પણ અનર્થ-દુષ્પરિણામ આવે છે તે મહાભારતનો પ્રસંગ કહી જાય છેઃ-

દ્રોણાચાર્યના પુત્રનું નામ - 'અશ્વત્થામા' હતું અને શ્રીકૃષ્ણની હસ્તીમાળામાં બાંધેલા એક હાથીનું નામ પણ - 'અશ્વત્થામા' પાડેલું.

સત્યવાદી યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે ફરજ પાડી કે તે તેમની આજ્ઞાનું ઉલ્લંઘન નહિં કરે, એટલે યુધિષ્ઠિર બોલ્યા- 'अश्वत्थामा हतो, नरो वा कुंजरो वा' બસ. તેનું દુષ્પરિણામ આવવાનું હતું તે આવ્યું.

**૭. અર્થ :** અર્થશુદ્ધિ, જ્ઞાનાચારનો ૭ મો પ્રકાર છે. અર્થ એટલે શબ્દના મૂળ ભાવ–તાત્પર્યને જાળવીને અર્થઘટન કરવું. જો તેમ કરવામાં ન આવે તો અર્થનો અનર્થ થાય. અને વિકૃતિ પેદા થાય. દા. ત. नर + वसह એટલે નરવૃષભ શબ્દ છે. શબ્દાર્થ છે - નર એટલે મનુષ્ય, અને વૃષભ એટલે બળદ. મતલબ તે બળદ જેવો મૂર્ખ છે. પણ ભાવાર્થ પ્રમાણે તેનું તાત્પર્ય છે નરોમાં શ્રેષ્ઠ – ઉત્તમ, નર પુંગવ, નર વૃષભ એ અર્થમાં છે.

શબ્દો અનેકાર્થવાળા હોય છે એટલે જ આગળ–પાછળનો સંદર્ભ જોઈને જ અર્થઘટન કરવું જોઈએ. નહિં તો મહાભારત સર્જાય. ઇતિહાસમાં હરિશ્ચંદ્રની જેમ વસુરાજા પણ સત્યવાદી હતો–પણ તેણે ખોટી સાક્ષી આપતાં કહ્યું, अज નો અર્થ 'ફરી નહિં ઉગે એવા ડાંગર' નહિં પણ अज શબ્દનો અર્થ બકરો છે. આમ બકરાનું યજ્ઞમાં બલિ આપવામાં આવ્યું. અસત્ય ભાષણથી વસુરાજા રાજ્ય સિંહાસનથી પદ ભ્રષ્ટ થયો.

**૮. તદુભય.** તદુભય એટલે શબ્દ + અર્થ = તદુભય. સૂત્રના શુદ્ધ ઉચ્ચારણની સાથે તેના અર્થનું પણ હૃદયમાં પ્રતિબિંબ પડવું જોઈએ. અર્થના જ્ઞાન વિના માત્ર શબ્દ મૃત ક્લેવર જેવો છે, અર્થ એ શબ્દનો પ્રાણ છે. શ્વાસોશ્વાસ છે. રઘુવંશ કાવ્યમાં સુંદર ઉપમા દ્વારા કહ્યું છે-

'वागर्थौ इव संपृक्तौ, पार्वती-परमेश्वरौ।। એટલે શિવ અને પાર્વતીની જેમ શબ્દ (વાણી) અને અર્થ પરસ્પર ઘનિષ્ઠ સંકળાયેલા છે.

આ ઉપમા ખરેખર અલંકારિક પણ છે. જ્ઞાનાચારના આઠ પ્રકારો જોતાં જ્ઞાનપ્રાપ્તિ માટે કેવો અભિગમ હોવો જોઈએ તે જાણી શકાય છે. પંચાચારનું વિશેષ મહત્ત્વ બતાવતાં સ્વ. પરમ પૂજ્ય ભદ્રંકર વિજયજી મહારાજે સુંદર કહ્યું છેઃ-

'જ્ઞાન ભણવાથી માત્ર શ્રુતજ્ઞાનની જ પ્રાપ્તિ થાય છે પણ જો તમે જ્ઞાનાચારના પાલનપૂર્વક ભણશો તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી શકશો...'

ખૂબ જ અર્થસભર ઉદ્ગાર છે. હું આ અવતરણને મંત્રરૂપ ગણું છું.

| Wrong | Right |
|---|---|
| અશુદ્ધ | શુદ્ધ |
| **૧. નવકાર** | |
| ૧. નમોરિહંતાણં | નમો અરિહંતાણં |
| ૨. નમો આરિયાણં | નમો આયરિયાણં |
| ૩. સવપાવપણાસણો | સવ્વપાવપ્પણાસણો |
| **૨. પંચિંદિય** | |
| ૧. તહનહવિહ-તવનવવિહ | તહ નવવિહ |
| ૨. પંચમહાવયજુત્તો | પંચ મહવ્વય જુત્તો |
| ૩. પંચવિયારપાલણ સમત્થો | પંચવિહાયાર પાલણ સમત્થો |
| ૪. છત્તીસ ગુરુ ગુરુ મજ્ઝ | છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ |
| **૩. ખમાસમણ** | |
| ૧. ઇચ્છામિ ખમાસણો | ઈચ્છામિ ખમાસમણો |
| ૨. વંદિઉ - વંદેઉ જાવણિજાએ | વંદિઉં જાવણિજ્જાએ |
| ૩. નિસીયાએ | નિસીહિઆએ |
| ૪. મથેણ વંદામિ | મત્થએણ વંદામિ |
| ૫. વિણિએ | વિણએ |
| ૬. સુહમં વા | સુહુમં વા |
| **૪. ઈરિયાવહિયં** | |
| ૧. ઈચ્છા૦ સંદિ૦ ભગવાન્ | ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ |
| ૨. ઇચ્છામિ પડિકમિઉ | ઈચ્છામિ પડિક્કમિઉં |
| ૩. ઈરિયાવિયાએ | ઇરિયાવહિયાએ |
| ૪. મકડા | મક્કડા |
| ૫. એકિંદિયા | એગિંદિયા |
| ૬. અભિયા | અભિહયા |
| ૭. સંઘાયા | સંઘાઇયા |
| ૮. ઉદ્દુવિયા | ઉદ્દવિયા |
| **૫. તસ્સ ઉત્તરી** | |
| ૧. પાયછિત્ કર્ણેણં | પાયચ્છિત્ત કરણેણં |
| ૨. નિગ્ઘાયણ ઠાએ | નિગ્ઘાયણટ્ઠાએ |
| ૩. કાઉસગં | કાઉસ્સગ્ગં |
| **૬. અન્નત્થ** | |
| ૧. અનત્થ | અન્નત્થ |
| ૨. ખાસસિએણં | ખાસિએણં |
| ૩. જંભાએણં | જંભાઈએણં |
| ૪. ભમ્મલીએ | ભમલીએ |
| ૫. સુહમેહિ | સુહુમેહિં |
| ૬. એવમાઈ આગારેહિ | એવમાઇએહિં આગારેહિં |
| ૭. માણેણં | મોણેણં |
| **૭. લોગસ્સ** | |
| ૧. કિતઇસં | કિત્તઇસ્સં |
| ૨. સંભવમભિ અણંદણં ચ | સંભવ-મભિણંદણં ચ |
| ૩. પઉમપહં | પઉમપ્પહં |
| ૪. ચંદપહં | ચંદપ્પહં |
| ૫. કુંથુ | કુંથું |
| ૬. એવ મહે અભિત્થુઆ | એવં મએ અભિથુઆ |
| ૭. વિહુયરયમલ્લા | વિહુયરયમલા |
| ૮. સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ | સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ |

**૮. કરેમિ ભંતે !**

| | |
|---|---|
| ૧. પચ્ખામિ | પચ્ચક્ખામિ |
| ૨. દુવિહેણં તિવિહેણં | દુવિહં તિવિહેણં |
| ૩. મણેણં વાએણં | મણેણં વાયાએ |

**૨૫. નાણંમિ**

| | |
|---|---|
| ૧. આયારણં આયારો | આયરણં આયારો |
| ૨. નિસંકિઅ નિકંખિઅ | નિસ્સંકિઅ નિક્કંખિઅ |
| ૩. વચ્છલ પભાવણે | વચ્છલ્લપભાવણે |
| ૪. પંચહિ સમિહિં | પંચહિં સમિઇહિં |
| ૫. વિતીસંખેવણં | વિત્તીસંખેવણં |
| ૬. પરકમઈ | પરક્કમઈ |

**૨૬. વાંદણા**

| | |
|---|---|
| ૧. વંદિઉ | વંદિઉ |
| ૨. નિસ્સિહિઆએ | નિસીહિઆએ |
| ૩. નિસ્સિહિ | નિસીહિ |
| ૪. કિલ્લામો | કિલામો |
| ૫. અપ્કિલંતાણં | અપ્પકિલંતાણં |
| ૬. વઈકંતો | વઈક્કંતો |
| ૭. જવ્વણિ જંચબ્ભે | જવણિ જં ચ ભે |
| ૮. વઇકમ્મં | વઇક્કમં |
| ૯. તિતીસન્નયરાએ | તિત્તિસન્નયરાએ |
| ૧૦. મણદુકડાએ વયદુકડાએ કાયદુકડાએ | મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ |
| ૧૧. સવ્ધમ્માઈકમણાએ | સવ્વધમ્માઇક્કમણાએ |

**૨૭. સાત લાખ**

| | |
|---|---|
| ૧. બે લાખ બેઇન્દ્રિ | બે લાખ બેઇન્દ્રિય |
| ૨. તિર્યંચ પંચિન્દ્રિ | તિર્યંચ પંચેન્દ્રિય |
| ૩. અનુમોધ્યો હોય | અનુમોદ્યો હોય |
| ૪. મન-વચન-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં | મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં |

**૨૯. વંદિત્તુ**

| | |
|---|---|
| ૧. વંદિતુ સવ સિદ્ધે | વંદિત્તુ સવ્વ સિદ્ધે |
| ૨. ઇચ્છામિ પડિકમિઉ | ઇચ્છામિ પડિક્કમિઉં |
| ૩. સાવગ ધમાઇયારસ્સ | સાવગ ધમ્માઇયારસ્સ |
| ૪. સુહમો અ બાયરો વા | સુહુમો ય બાયરો વા |
| ૫. ત નિંદે તં ચ ગરિહામિ | તં નિંદે તં ચ ગરિહામિ |
| ૬. પડિકમે દેવસિઅં સવ્વં | પડિક્કમે દેસિઅં સવ્વં |
| ૭. અપ્સત્થેહિ | અપ્પસત્થેહિં |
| ૮. આગમણે નિગમણે | આગમણે નિગ્ગમણે |
| ૯. છકાયસમારંભે | છક્કાયસમારંભે |
| ૧૦. પંચણમણુવયાણં | પંચણહ મણુવ્વયાણં |
| ગુણવયાણં | ગુણવ્વયાણં |
| ૧૧. થૂલગ પણાઇવાય વિરૈયો | થૂલગ પાણાઇવાય વિરઇઓ |
| ૧૨. પઢમ વયસિઆરે | પઢમ વયસ્સ-ઇઆરે |
| ૧૩. બીએણુવયમિ | બીએ અણુવ્વયમ્મિ |
| ૧૪. આયરિયમપસત્થે | આયરિયમપ્પસત્થે |
| ૧૫. ઈત્થ પમાયપસંગેણં | ઈત્થ પમાયપ્પસંગેણં |
| ૧૬. અપરિગહિઆઇતર | અપરિગ્ગહિઆ ઇત્તર |
| ૧૭. દુપએ ચઉપયમ્મિ | દુપએ ચઉપ્પયમ્મિ |
| ૧૮. ઉવભોગે પરિભોગે | ઉવભોગ પરિભોગે |
| ૧૯. અપોલિ દુપોલિઅં ચ | અપ્પોલ દુપ્પોલિઅં ચ |
| ૨૦. ભાડી ફોડી સુવજેએ કમ્મં | ભાડી ફોડી સુવજ્જએ કમ્મં |
| ૨૧. વાણિઇજ્જ ચેવ દંતં | વાણિજ્જં ચેવ દંત |
| ૨૨. એવં ખુ જંતાપિલ્લણ | એવં ખુ જંત-પિલ્લણ |
| ૨૩. નિલંછણં | નિલ્લંછણં |
| ૨૪. અસય પોસં ચ વજ્જિજા | અસઇ પોસં ચ વજ્જિજ્જા |
| ૨૫. તણકંઠે | તણકટ્ઠે |
| ૨૬. કંદપ્પે કુકુઇએ | કંદપ્પે કુક્કુઇએ |
| ૨૭. અહિગરણ ભોગઇરિત્તે | અહિગરણ ભોગ અઇરિત્તે |
| ૨૮. સચિતે નિખવણે | સચિત્તે નિક્ખિવણે |
| ૨૯. વાયસ્સ વાયાએ | વાઇઅસ્સ વાયાએ |
| ૩૦. ન ય સંભારિઆ | ન ય સંભરિઆ |
| ૩૧. પાવ પણાસણીય | પાવપણાસણીઇ |
| ૩૨. વિણિગય કહાઈ | વિણિગ્ગય કહાઈ |
| ૩૩. વિરિઓમિ વિરાહણાએ | વિરઓમિ વિરાહણાએ |
| ૩૪. ખામેમિ સવ્વ જીવા | ખામેમિ સવ્વ જીવે |
| ૩૫. દુગંછિઅં સવ્વં | દુગંછિઉં સમ્મં |

**૩૦. અબ્ભુટ્ઠિઓ**

| | |
|---|---|
| ૧. અબ્ભુઠિઓમિ અભ્યન્તર | અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર |
| ૨. વિણિએ | વિણએ |
| ૩. સુહમં વા | સુહુમં વા |

**૩૫. અઢ્ઢાઇજ્જેસુ**

| | |
|---|---|
| ૧. અઢાઈ જેસુ | અઢ્ઢાઇજ્જેસુ |
| ૨. પનરસુ | પનરસસુ |
| ૩. પડિગહધારા | પડિગ્ગહધારા |
| ૪. પંચમહાવયધારા | પંચમહવ્વયધારા |
| ૫. અઠારસ સહસ | અઢ્ઢારસ સહસ્સ |
| ૬. અકખયાયાર ચરિત્તા | અક્ખુયાયાર ચરિત્તા |
| ૭. મથેણં વંદામિ | મત્થએણ વંદામિ |

✷ ✷ ✷

જૈન યોગ ફાઉન્ડેશન, C/o. જિતેન્દ્રકુમાર એન્ડ કું.,
૬૮૫, ગોવિંદ ચોક, એમ.જે. માર્કેટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
મોબાઈલ : ૯૯૦૪૫૮૯૦૫૨, ૯૯૨૦૩૭૨૧૫૬.

# છ આવશ્યકોની આરાધનાથી થતાં લાભો

❑ ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી

*[ લેખિકા ભવન્સ સોમાની કૉલેજના ફિલોસોફીના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ છે. તેમનો 'જ્ઞાનસરિતા' ગ્રંથ પ્રગટ થયો છે. તેઓ જ્ઞાન સત્રમાં પણ અવારનવાર ભાગ લે છે. ]*

શ્રી આવશ્યક સૂત્ર આત્માને લાગેલા દોષોથી નિવૃત્ત થવાનું અણમોલ રસાયણ છે. દૈનંદિન જીવન જીવતાં થકી પ્રતિદિન લાગેલા દોષોને ભૂંસી નાખવા આવશ્યક છે.

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગના કારણે સાધકની વૃત્તિ-પ્રવૃત્તિ અશુભ થવાથી પાપ-દોષો લાગે છે. દોષોની શુદ્ધિ કરવા અને આત્મગુણોની અભિવૃદ્ધિ કરવા આવશ્યક આરાધના કરવાની છે. આવશ્યક આરાધનાથી અનંતા જીવો મોક્ષે પધાર્યા છે.

છ આવશ્યકના ક્રમમાં પહેલું **સામાયિક** છે. કારણ કે આત્મશુદ્ધિના માર્ગમાં સૌ પ્રથમ સાવદ્યયોગની નિવૃત્તિ જરૂરી છે. બીજું **ચઉવીસંથો**, સમસ્ત જીવો પર સમભાવ આવ્યા પછી તેને ટકાવી રાખવા તીર્થંકરોનું આલંબન સ્વીકારી અપૂર્વ ઉલ્લાસભાવે તેમની સ્તુતિ-ભક્તિ કરે છે. ત્રીજું આવશ્યક **વંદના** - દેવાધિદેવની સ્તુતિ કર્યા પછી પ્રત્યક્ષ ઉપકારી માર્ગદાતા પૂ. ગુરુ ભગવંતને વિધિપૂર્વક વંદના કરી વિનય ધર્મની આરાધના કરે છે. સ્વછંદ બુદ્ધિ રોકી નમ્ર બને ત્યારે જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રગટે છે. ચોથું આવશ્યક **પ્રતિક્રમણ**, શાંત ચિત્ત બન્યા પછી સાધક ગુરુસાક્ષીએ અંતર નિરીક્ષણ દ્વારા પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ દોષોનું શોધન કરી સરળતાપૂર્વક આલોચના - નિંદા - ગર્હાપૂર્વક પ્રતિક્રમણ કરે છે. પાંચમું આવશ્યક આત્માની વિશેષ શુદ્ધિ માટે, સૂક્ષ્મ દોષોના નાશ માટે સાધક હવે ત્રણ યોગ સ્થિર કરે, પછી જ ઉપયોગ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય. **કાઉસગ્ગ** સાધકનો દેહાધ્યાસ છોડાવે છે અને છઠ્ઠું આવશ્યક **પચ્ચક્ખાણ** ભૂતકાળના પાપદોષોની વિશુદ્ધિ કર્યા પછી હવે ભવિષ્યકાળના આશ્રવદ્વાર રોકવા માટ પચ્ચક્ખાણ આવશ્યક રહેલો છે.

**સામાયિક** અર્થાત્ સમભાવ અને સામાયિક અર્થાત્ સંવર જેથી દ્રવ્ય-ભાવ રૂપ મોક્ષ આરાધના શરૂ થતાં મોક્ષમાર્ગમાં આગળ વધી શકાય. સામાયિકથી રાગ-દ્વેષ આદિ વિષયભાવોનો નાશ થાય છે. સમતાભાવને ગ્રહણ કરાય છે. અશુભ કર્મો આવતાં અટકે છે અને પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે. આમ ક્રમશઃ સામાયિકથી ચારિત્રગુણ, વીતરાગતા, કેવળજ્ઞાન, કેવળ દર્શન, અયોગીપણું અને અંતે મુક્તિની પ્રાપ્તિ થાય છે. સામાયિક દરમિયાન નવા પાપનો આશ્રવ આવતો બંધ થઈ જાય છે. જૂનાં ઘણાં પાપનો નાશ થાય છે અથવા પાતળાં થાય છે. કેટલાંક પાપનું પુણ્યમાં સંક્રમણ થઈ જાય છે. ઉચ્ચ કોટિનું પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, જેથી શાતાવેદનીય, શુભનામ, ઉચ્ચગોત્ર અને શુભ આયુષ્ય બંધાય છે, તથા સંસાર છોડવો હોય તો સહેલાઈથી છોડી શકાય એવી અનુકૂળ સામગ્રી અને સારા સાધનો ભેગા કરી દેવાનું કામ પુણ્ય કરે છે. સામાયિક કરવાથી જિનવાણી સાંભળવાનો, વાંચવાનો અને સમજવાનો અવસર મળે છે. સામાયિકથી શ્રાવકને અનેક વિશિષ્ટ લાભ થાય છે, જેમાં મુખ્યત્વે–સર્વ જીવોને અભયદાન દેવાથી શ્રેષ્ઠ દાનધર્મનો લાભ થાય છે, બે ઘડી સાધુપણાં જેવું જીવન હોવાથી શ્રેષ્ઠ શીલધર્મનો લાભ થાય છે, સર્વ પાપોનો ત્યાગ થવાથી શ્રેષ્ઠ તપધર્મનો લાભ થાય છે, શુભભાવથી ઉત્કૃષ્ટ રસે તીર્થંકરપદ પામવાથી શ્રેષ્ઠ ભાવધર્મનો લાભ થાય છે. સિદ્ધના સુખનું સેમ્પલ છે. સાવદ્યયોગોનો ત્યાગ થાય છે. સમભાવની પ્રાપ્તિ થાય છે.

**ચઉવીસંથો**

સામાયિક સમભાવની પ્રાપ્તિ થયા પછી જીવ ગુણીજનોના ગુણોની સ્તુતિ કરવા તત્પર બને છે. ગુણાનુરાગ એ આત્માની ઉન્નતિનું સોપાન છે. ગુણાનુરાગ વિના ગુણ પ્રાપ્તિ સંભવિત નથી. અનંતગુણ રત્નાકર માત્ર તીર્થંકર ભગવંતો જ હોવાથી તેના ગુણોની સ્તુતિ - કીર્તન કરવા માટે બીજો આવશ્યક ચતુર્વિંશતિ સ્તવ યથાર્થ છે.

ઘાતી-અઘાતી કર્મોથી રહિત થઈ કેવળજ્ઞાન-કેવળદર્શન ગુણને પામવા તથા જન્મ-જરા-મરણનો અંત લાવી, અજરામર પદ પામવા માટે ચોવીસ તીર્થંકર પ્રભુની સ્તુતિ કરવામાં આવે છે. લોગસ્સની સ્તુતિ દ્વારા દ્રવ્યથી તનનું આરોગ્ય, ભાવથી મનનું આરોગ્ય એટલે કે સદ્વિચારની પ્રાપ્તિ થઈ શકે છે. સમ્યગ્ જ્ઞાનબોધિ, સમ્યગ્ દર્શનબોધિ અને સમ્યક્ ચારિત્રબોધિનો લાભ થઈ શકે છે. સિદ્ધ ગતિ રૂપ અજર અમરપદની ઉત્તમ શ્રેષ્ઠ સમાધિની પ્રાપ્તિ થઈ શકે છે. ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી દર્શનની એટલે કે શ્રદ્ધાગુણની વિશુદ્ધિ થાય છે. પછી સાધકનો ભક્તિનો સ્રોત્ર ગુરુ તરફ પ્રવાહિત થાય છે, તેથી ત્રીજો આવશ્યક **ગુરુ વંદનાનો** છે.

'ઉત્તરાધ્યયન સૂત્ર' અધ્યયન-૨૯માં દર્શાવેલ છે કે વંદન કરવાથી નીચગોત્ર કર્મનો ક્ષય થાય છે. ઉચ્ચગોત્ર કર્મનો (શુભકર્મ) બંધ થાય છે. સૌભાગ્ય અને અપ્રતિહત આજ્ઞારૂપ ફળને પ્રાપ્ત કરે છે, તે જીવ દાક્ષિણ્યભાવને તથા કુશળતાને પામે છે. ગુરુ પ્રત્યે પોતાનો

આદરભાવ પ્રગટ થતાં તેમના વચન અને આજ્ઞાનું પાલન સહેલાઈથી થાય છે. વિનયગુણ પ્રાપ્ત થાય છે. જ્ઞાન વધે છે. શ્રદ્ધા વધે છે. નવા પાપકર્મોનો બંધ થતો નથી, પુણ્યનો બંધ થાય છે. જૂનાં પાપકર્મોનો નાશ થાય છે. અહંકારનો નાશ થાય. તીર્થંકરની આજ્ઞાનું પાલન થાય. ગુરુની ભક્તિ થાય. લાંબુ આયુષ્ય મળે. શ્રુતધર્મની આરાધના થાય. આદેય નામકર્મનો બંધ થાય. શ્રી કૃષ્ણે પ્રભુ અરિષ્ટનેમિના સાધુને વંદના કરી ચાર નરકના ટાંકા તોડ્યા. બાહુબલીજીને વંદન કરવા જવા પગ ઉપાડતાં કેવળજ્ઞાન – કેવળદર્શનની પ્રાપ્તિ થઈ.

આચાર્ય ઉમાસ્વાતિજીએ ગુરુ પ્રત્યેના વિનયની ફળ પરંપરાનું કથન આ પ્રમાણે કરેલ છે – ગુરુના વિનયનું ફળ–સેવાભાવની જાગૃતિ, તે સેવાનું ફળ–શાસ્ત્રોના ગંભીર અને રહસ્યપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ, જ્ઞાનનું ફળ–પાપાચારથી નિવૃત્તિ, તેનું ફળ કર્મની નિર્જરા, ફળ ક્રિયાની નિવૃત્તિ, તેનું ફળ–યોગનિરોધ, તેનું ફળ–જન્મ મરણની પરંપરાનો ક્ષય અર્થાત્ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. આ રીતે સમગ્ર કલ્યાણોનું એક માત્ર મૂળ કારણ વિનયપૂર્વકના વંદન છે.

**પ્રતિક્રમણ :** સાધકની રોજનીશી છે. જેમ વેપારી સાંજે હિસાબ ચોખ્ખા કરી લે, તેને હંમેશાં લાભ થાય છે, તેમ ઉભય કાળના દોષોનું શોધન કરી પ્રતિક્રમણ કરનાર સાધક ઉત્તરોત્તર આત્મગુણોના લાભને પ્રાપ્ત કરે છે. પ્રતિક્રમણ કરવાથી અનેક લાભ થાય છે; જેમકે પ્રમાદવશ લાગેલા દોષોને કારણે વ્રતોમાં પડેલાં છિદ્રો પ્રતિક્રમણ કરવાથી ઢંકાય છે, તેથી પાપકર્મ આવતાં અટકે છે. દોષોની શુદ્ધિ થતાં ચારિત્ર નિર્મળ બને. આગમનો સ્વાધ્યાય થાય. પાપકર્મ હળવા થાય, નિર્જરા થાય. ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામગોત્ર બંધાય. મોક્ષમાર્ગની આરાધના થાય. રાત્રિભોજન ત્યાગ થાય. ચૌવિહારના પચ્ચક્ખાણનો લાભ મળે. સત્યધર્મની શ્રદ્ધામાં વૃદ્ધિ અને પુષ્ટિ થાય. પાપના અશુભભાવ મંદ થાય અને પાતળા પડે. અતિચાર-દોષ ઘટે, કર્મબંધ ઘટે, અનુબંધ અટકે. અઢાર પાપમાં આનંદ ઘટે છે. કષાયો શાંત, ઉપશાંત થાય. વ્રતોમાં લાગેલા દોષોનું નિવારણ થાય. લીધેલાં વ્રતોની શુદ્ધિ થાય. પ્રતિક્રમણ વખતે પાપ કરતો અટકે. ભવિષ્યમાં પાપ કરતાં ડરે. બીજાને પ્રતિક્રમણ કરવાની પ્રેરણા મળે. નિયમિતતાના સંસ્કાર ઘૂંટાય વગેરે. સમૂહ આરાધના કરવાથી વિશેષ લાભ થાય છે. સમૂહમાં પ્રતિક્રમણ બોલાવે તો ઉચ્ચારશુદ્ધિ થાય, ભૂલ સુધરે, બીજાને શીખવાની પ્રેરણા મળે, પ્રતિક્રમણ ન આવડતું હોય તો પણ કરી શકાય. વિસ્તારપૂર્વક થતી આવશ્યક ક્રિયા પ્રત્યે બધાંને આદર-બહુમાન થાય વગેરે.

**કાઉસગ્ગ** એટલે કે કાયોત્સર્ગ=કાય+ઉત્સર્ગ. કાય એટલે શરીર, ઉત્સર્ગ એટલે ત્યાગવું, છોડવું. કાયોત્સર્ગ એટલે કાયાને છોડવી, કાયાનું હલન-ચલન, કાયાની માયા, આસક્તિ છોડી કાયાને સ્થિર કરવી. ચોથા આવશ્યક દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરતાં અજાણપણે લાગેલાં પાપ-દોષોથી નિવૃત્ત થવાય છે. તેમ છતાં થોડી ઘણી રહી ગયેલી અશુદ્ધિને દૂર કરવા દંડ–પ્રાયશ્ચિત રૂપે વિશેષ શુદ્ધિ કરવા માટે કાઉસગ્ગ કરાય છે. કાઉસગ્ગથી અનેક લાભ થાય જેમકે–શરીર અને આત્મા ભિન્ન છે તેનો અભ્યાસ થાય છે. અનંત કર્મોની નિર્જરા થાય છે. સુખ-દુઃખને સમભાવે સહન કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. અનુપ્રેક્ષા કે ભાવનાનો સ્થિરતાપૂર્વક અભ્યાસ થાય છે. શરીરની અને મનની ચંચળતા દૂર થાય છે. શારીરિક મમત્વ તૂટે છે. મનની એકાગ્રતા વધે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો સહજપણે અભ્યાસ થાય છે. ટેન્શન ઘટે જેથી રોગોથી બચી શકાય, વગેરે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યાય ૨૯–એકાગ્ર શાંત ચિત્તે કાઉસગ્ગ કરવાથી સંસારના તમામ વિચારોનો ભાર ઉતરી જાય છે. મન એકાગ્ર થવાથી નવા કર્મ બંધાય નહિ, જૂના કર્મનો નાશ થાય છે, મન સારા-ઊંચા આત્મહિતના વિચારોમાં લાગી જાય છે તેથી આત્મિક સુખ અનુભવાય છે. કાયોત્સર્ગ કરીને જીવ અતીત અને વર્તમાન પ્રાયશ્ચિત યોગ્ય અપરાધને વિશુદ્ધ કરે છે, પૂર્વે કરેલા કર્મોના નાશથી આત્મા પાપકર્મથી હળવો બની, પ્રશસ્ત ધ્યાનવાળો થઈ સુખ સમાધિમાં રહે છે, માટે આત્માને ધર્મધ્યાનમાં જોડવા, પ્રાયશ્ચિત કરી થયેલી ભૂલોને સુધારવા, આત્માના શલ્યોને કાઢવા કાઉસગ્ગ અવશ્ય કરવો જોઈએ.

ભવિષ્યકાળ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે ભોગ-ઉપભોગની વસ્તુ આદિની મર્યાદા કરવી તથા ત્યાગ કરવો, અશુભ નિવર્તી શુભયોગમાં પ્રવર્તવું, તેને **પચ્ચક્ખાણ** કહે છે. વ્રતમાં લાગેલા દોષોની આલોચના કર્યા પછી ફરીથી દોષની ઉત્પત્તિ ન થાય, એટલા માટે મન ઉપર અંકુશ રાખવા માટે પચ્ચક્ખાણ કરાય છે. લોકમાં અનંતા પદાર્થો છે, તે બધા કોઈ ભોગવી શકતા નથી. વ્યક્તિની ઈચ્છાઓ આકાશસમ અસીમ છે. ઈચ્છાપૂર્તિ ન થવાના કારણે જીવનમાં સદા અશાંતિ રહ્યા કરે છે. ધર્મ આરાધના ગમતી નથી., તેમાં ચિત્ત રહેતું નથી. આ અશાંતિને દૂર કરવા માટેનો એક જ ઉપાય પચ્ચક્ખાણ છે, જેથી આસક્તિ, તૃષ્ણા ઘટે છે. આખા લોક પ્રમાણ ક્રિયા રૂપ આશ્રવના દ્વારો બંધ થઈ જાય છે. જીવ સંવરમાં આવી જાય છે, જૂના કર્મોની નિર્જરા થાય છે. પચ્ચક્ખાણમાં પાપકર્મ ઘટાડવા વિશેષ સંવરની વૃદ્ધિ છે. પચ્ચક્ખાણ કરવાથી ઈચ્છાનો નિરોધ થાય છે. ઈચ્છાનિરોધ એ તપ છે. મોટું તપ છે. વિષયોની આસક્તિ છૂટી થાય છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મ આવવાના દ્વાર બંધ થાય છે. ઈચ્છાઓ પર કાબૂ થાય છે. ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણા શાંત થઈ જાય છે. ચિત્ત શાંત રહે છે. બાહ્ય વસ્તુના ત્યાગ દ્વારા અંતરશુદ્ધિનું લક્ષ વધે છે. જેનું મન કાચું હોય તેનું દૃઢ બને. દૃઢ મનવાળાને કોઈ અંતરાય ન આવે અને વ્રતનું પાલન સહેલાઈથી થાય. અપચ્ચખાણની ક્રિયાનો આશ્રવ બંધ

થાય છે. તીર્થંકરો પણ મહાવ્રતોનું આરોપણ જીવનમાં કરે ત્યારે જ ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે.

છએ આવશ્યકની આરાધના ઉભયકાળ પ્રતિક્રમણ કરતી વખતે થાય છે. એ સિવાય છે આવશ્યક એક-એક કરીને પણ આરાધી શકાય છે. છએ આવશ્યક કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય. પ્રતિક્રમણથી સ્વાધ્યાય-ધ્યાન-કાઉસગ્ગનો લાભ થાય. પ્રતિક્રમણ જીવન જીવવાની અને મૃત્યુ સુધારવાની કળા શીખવે છે.

આવશ્યક એટલે જ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા સૌને અવશ્ય કરવા જેવું.

આજના ભૌતિક-વૈજ્ઞાનિક યુગમાં માનવી અનેક સુખ-સગવડતાના સાધનોનો આદિ બની ગયો છે. જેટલી સુખ-સાહ્યબી વધારે તેટલું તેના પર નિર્ભર વધારે, કે તેના વગર જાણે આપણા જીવનનો કોઈપણ વ્યવહાર ચાલી જ ન શકે. જીવન તેમના વગર અસહ્ય લાગે, તેમ અનેક વિકૃતિ અને વાસનાઓનો ગુલામ પણ બન્યો છે, જેથી અનેક રોગોનો ભોગ બન્યો છે. ડૉક્ટરો, દવાઓ, એક્સરે, સોનોગ્રાફી, માનસિક તાણ, નિરાશા, હતાશા, હાઈપર ટેન્શન વગેરેનો ગ્રાફ ઊંચે ચડ્યો છે અને આત્માના સુખનો ગ્રાફ નીચે ઉતરતો જાય છે. પરમ અને મહાવૈજ્ઞાનિક એવા તારક તીર્થંકર ભગવંતોએ આત્માના સુખનો ગ્રાફ ઉપર લઈ જવા માટે આવશ્યકો બતાવેલ છે–છ આવશ્યક જેની આરાધના કરનાર સાધક ઉપર ચડતો છેક લોકાગ્રે–સિદ્ધક્ષેત્રમાં પહોંચી શાશ્વત સુખનો સ્વામી બની જાય છે.

***

વિશાલ ઍપાર્ટમેન્ટ્સ, 'એચ' બિલ્ડિંગ,
ફ્લેટ નં. ૪૦૨, ચોથે માળે, સર એમ. વી. રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
ફોન નં. : ૨૬૮૩૬૦૧૦. મો. : ૮૮૭૯૫૯૧૦૭૯.

## અવસર

### લબ્ધપ્રતિષ્ઠ સર્જક શ્રી જયભિખ્ખુના જીવનસંઘર્ષને આલેખતું 'અક્ષરદીપનાં અજવાળે ચાલ્યો એકલવીર' નાટક

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલી જયભિખ્ખુની જીવનધારા લેખમાળા ત્રણેકવાર મઠારીને ડૉ. કુમારપાળ દેસાઈએ 'જીવતરની વાટે અક્ષરનો દીવો' એ નામનું ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્નરૂપ જીવનચરિત્ર લખ્યું. ગુજરાતી સાહિત્યમાં પિતા દલપતરામ વિશે કવિ ન્હાનાલાલે, મહાદેવભાઈ દેસાઈ વિશે નારાયણ દેસાઈએ અને પિતા જાદવજીભાઈ વિશે કવિ લાભશંકર ઠાકરે ચરિત્ર આલેખન કર્યું છે. પુત્રએ લખેલા પિતાના ચરિત્રની શૃંખલામાં જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ એમના પિતા જયભિખ્ખુનું વિસ્તૃત જીવનચરિત્ર 'જીવતરની વાટે અક્ષરનો દીવો' આલેખ્યું છે.

આ ગ્રંથ પર આધારિત 'અક્ષરદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' નાટકમાં જીવનમાં કપરાં સંજોગોની વચ્ચે અડગ ખમીરથી જીવનાર એવા લેખકની છબી ઉપસાવવામાં આવી છે. જયભિખ્ખુએ એકવીસમા વર્ષે કલમને ખોળે જીવવા માટે નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ નાટક જયભિખ્ખુના દામ્પત્યજીવનનાં હૃદયદ્રાવક પ્રસંગો અને એક ઝિંદાદિલ લેખકના જીવસટોસટના સાહસો સુપેરે દર્શાવવામાં આવ્યા. પ્રાસાદિકતા, પ્રવાહિતા તથા આગવી શૈલીછટા સાથે લખાયેલા આ વિસ્તૃત ચરિત્ર પરથી ડૉ. અલ્પા નિરવ શાહે નાટ્યરચના કરી છે અને નાટકનું દિગ્દર્શન નિસર્ગ ત્રિવેદીએ કર્યું છે.

અનેક રસપ્રદ પ્રસંગો ધરાવતા આ નાટકમાં લેખકના જીવનસંઘર્ષને ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. આમાં સર્જક જયભિખ્ખુની ભૂમિકામાં મુકેશ રાવે હૂબહૂ અભિનય આપ્યો છે. જ્યારે જયભિખ્ખુના પત્ની જયાબહેનની ભૂમિકામાં હેતલ મોદી, ખાન શાહઝરીનની ભૂમિકામાં પાર્થ અને બીજાં ૧૭ જેટલાં કલાકારો આ નાટકની ભજવણી કરશે.

**આ નાટકના પ્રવેશ પત્ર મેળવવા માટે આ સંસ્થાના કાર્યાલયમાં (૦૨૨-૨૩૮૨૦૨૯૬) નામ નોંધાવવા વિનંતી.**

'જીવતરની વાટે અક્ષરનો દીવો' ગ્રંથ પર આધારિત આ નાટક એ રીતે વિશિષ્ટ છે કે આ રીતે પુત્ર દ્વારા લખાયેલા ચરિત્ર પરથી પિતાની જીવનકથા નાટ્યરૂપે પ્રસ્તુત થવાનો ગુજરાતી સાહિત્યનો આ પ્રથમ પ્રયાસ છે.

'અક્ષરદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' નાટક **શ્રી દિલીપભાઈ એમ. શાહના સૌજન્યથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૫મી નવેમ્બરે સાંજે ભારતીય વિદ્યાભવન (ચોપાટી)માં પ્રસ્તુત થશે** અને એ પછી ગુજરાતના અન્ય શહેરોમાં પણ એની પ્રસ્તુતિ રાખવામાં આવી છે.

# જૈન ધર્મની છ આવશ્યક ક્રિયાનો હેતુ

□ ડૉ. ભદ્રા દિલીપ શાહ

*[ ડૉ. ભદ્રાબેન દિલીપભાઈ શાહ LL.B. થયેલા છે. તેઓએ ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શન હેઠળ 'જૈન ધર્મની સ્તુતિ અને સઝ્ઝાય' પર Ph. D કર્યું છે. ]*

પરમાત્મા મહાવીર સ્વામીએ પોતાના ૪૨ થી ૭૨ વર્ષ સુધીના કેવલી કાળમાં જે દેશના આપી તેને ગણધર ભગવંતોએ સૂત્ર સ્વરૂપે ગૂંથી લીધી જે આગમ સૂત્રો તરીકે પ્રસિદ્ધ છે. આપણને પ્રાપ્ત થયેલા આવશ્યક સૂત્રો પણ આગમ કહેવાય છે. જે ગણધરભગવંત રચિત છે. પરમાત્મા સાથે સંબંધ કરાવનારા આ સૂત્રો મંત્રાક્ષર રૂપે છે, જેમાં તત્ત્વજ્ઞાનનો મહાસાગર ઘૂઘવાટ કરી રહ્યો છે.

અનંત શક્તિના સંપન્ન તીર્થંકોરના ઉપદેશ પર આધારિત જૈનાચારના મૂળ પ્રાણ આવશ્યકસૂત્રો એ ચાર મૂલસૂત્રોમાંનો એક ગ્રંથ છે. આ ગ્રંથ જીવનશુદ્ધિ અને દોષ દૂર કરવા માટેનો એક ભાષ્ય ગ્રંથ છે. જેમાં ચતુર્વિધ સંઘ દ્વારા સમાચરણી નિત્ય કર્તવ્ય કર્મના રૂપમાં આચારના સિદ્ધાંતો પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. જેના જ્ઞાન દ્વારા સાધક પોતાના આત્માને ઓળખે છે. જેની સાધના અને આરાધના દ્વારા આત્મા શાશ્વત સુખનો અનુભવ કરે છે. અને કર્મ રૂપી મળનો નાશ કરીને સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ આચરણ દ્વારા આધ્યાત્મિક વિશ્વને પ્રાપ્ત કરે છે.

જેમ જીવંત રહેવા માટે શ્વાસ લેવો જરૂરી છે એજ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં જીવનની પવિત્રતાને માટે જે ક્રિયાઓ જરૂરી છે તેને આગમમાં 'આવશ્યક'ની સંજ્ઞા આપવામાં આવી છે. જેનાથી દોષોનું નિરાકરણ અને ગુણોની અભિવૃત્તિ થાય છે.

આવશ્યક એટલે **અવશ્ય કરવા યોગ્ય.** જગદ્‌ગુરુ વિશ્વકલ્યાણકર તારક તીર્થંકર ભગવંતો ગણધર ભગવંતોને પ્રશ્નોના જવાબમાં ત્રિપદી આપે છે.

ઉપન્નેઈ વા (જગત ઉત્પન્ન થાય છે.) વિગમેઈ વા (નાશ પામે છે) ધ્રુવેઈવા (સ્થિર છે.) આ ત્રિપદી સાંભળીને ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી. આ દ્વાદશાંગી જ્ઞાના ત્માક છે. પરંતુ એનો સાર ક્રિયાત્મક છ આવશ્યકો છે.

સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓએ આ ક્રિયાત્મક છ આવશ્યકો કરવાયોગ્ય છે. સ્થૂલ દૃષ્ટિએ આવશ્યક ક્રિયાના છ વિભાગ કરવામાં આવ્યા છે.

૧. સામાયિક, ૨. ચઉવિસત્થો, ૩. વંદન, ૪. પ્રતિક્રમણ, ૫. કાયોત્સર્ગ, ૬. પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન).

કવિ જિન હર્ષે બાવીસ કડીની 'શ્રાવક આચારની કરણી'ની સજ્ઝાયમાં શ્રાવકના આચારોનું આલેખન કર્યું છે.

સામાયિક લેજે મન શુદ્ધ, ધર્મ તણી હિયડે ધરી બુદ્ધ,
પડિક્કમણું કરે રયણી તણું, પાતિક આલોઈએ આપણું...૩.
કાયા શકતેં કરે પચ્ચક્ખાણ, સુધી પાળે જિનવરઆણ,
ભણજે, ગણજે, સ્તવનસજ્ઝાય, જિણ હુંતિ નિસ્તારો થાય...૪.

(સજ્ઝાયાદિ સંગ્રહ ભાગ-૪. સંગ્રાહક સંપાદકઃ નગીનદાસ કેવળદાસ શાહ પાટડીવાળા. કડી નં. ૩,૪. )

- *તત્ત્વાર્થ સૂત્રમાં આવશ્યકની વિશિષ્ટ આરાધનાને નહીં ચૂકતો આત્મા તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરે છે તેમ જણાવ્યું છે.*
- *મન્નહજિણાણંની સજ્ઝાયમાં શ્રાવકના ૩૬ કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે. તેમાં છ આવશ્યકને પણ કર્તવ્યરૂપે બતાવ્યા છે.*

**૧. સામાયિક :**

પ્રભુ મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, એમાં સાધુ-સાધ્વીએ તો જીવનભરનું સામાયિક લઈ લીધેલ છે. શ્રાવક અને શ્રાવિકાઓએ શક્ય તેટલા વધુ સામાયિક કરવા જોઈએ એમ કહ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યાયમાં પ્રભુ મહાવીરે સામાયિકની વ્યાખ્યા આપી છે 'સામાઈએણં સાવજ્જોગં વિરઈ જણય ઈ' એટલે કે સામાયિકથી સાવદ્યયોગ (પાપ લાવનારાઓ યોગ)થી નિવૃત્ત થઈ શકાય છે. એમ થવાથી નવા પાપો બંધાતા નથી. સપાપ પ્રવૃત્તિના ત્યાગથી અને નિષ્પાપ પ્રવૃત્તિના સેવનથી ચારિત્ર ગુણની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. વારંવાર સામાયિક કરવાથી મુક્ત થઈ મોક્ષતત્ત્વ પ્રાપ્ત કરી શકાય છે. સામાયિક એ મોક્ષમાર્ગનું અંગ છે.

જૈન ધર્મમાં પરમાત્માએ શ્રાવક માટે બાર વ્રત બતાવ્યા છે. તેમાં પણ નવમા પદે સામાયિક વ્રત સમજાવવામાં આવ્યું છે. સામાયિક વ્રત એટલે અડતાળીસ મિનિટ (બે ઘડી) સુધી મન-વચન અને કાયાથી થતા પાપોનો ત્યાગ કરીને નિર્દોષ અને નિર્મળ થઈ એક આસને બેસી સ્વાધ્યાય, ધ્યાન, જાપ. આદિ કરવાનું વ્રત અથવા અનુષ્ઠાન. આ પ્રતિજ્ઞા 'કરેમિ ભંતે' સૂત્ર દ્વારા કરવામાં આવે છે. અહીં પાપની વૃત્તિ, વિચાર અને ક્રિયાનો ત્યાગ કરીને નિષ્ઠાપૂર્વક ધર્મધ્યાન કરવાની, આત્મચિંતન કરવાની ક્રિયા એ સામાયિક છે. જે ક્રિયાથી સમભાવ અને સમતાનો વિકાસ થાય છે.

સામાયિકના ચાર પ્રકાર બતાવ્યા છે–

શ્રુતસામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને

સર્વવિરતિ સામાયિક. શ્રાવકને છ ભાંગે તથા સાધુ-સાધ્વીને નવ ભાંગે સામાયિક હોય છે. છ ભાંગે એટલે કે મનથી, વચનથી, કાયાથી કરીશ નહીં અને કરાવીશ નહીં તથા સાધુ-સાધ્વીને આ છ ઉપરાંત મનથી, વચનથી અને કાયાથી અનુમોદીશ પણ નહીં સામાયિકના દસ મનના, દસ વચનના અને બાર કાયાના એમ બત્રીસ દોષ બતાવ્યા છે. પરંતુ બત્રીસ દોષોને ટાળીને જે સામાયિક કરે છે એને અવિચળ સુખસંપદા પ્રાપ્ત થાય છે.

સામાયિકનું ફળ બતાવતા કહ્યું છે કે; દરરોજની એક લાખ સોનામહોરોનું દાન કરવાથી જેટલું પુણ્ય મળે છે તેનાથી પણ વધારે પુણ્ય એક ભાવપૂર્વક સામાયિક કરવાથી મળે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહીને કરેલું સામાયિક નિષ્ફળ જાય છે. અહીં સામાયિકમાં મન, વચન અને કાયાની અસત્ વૃત્તિઓને રોકીને નિશ્ચિત લક્ષ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું એ સામાયિક છે. રાગ-દ્વેષરૂપી વિષમ ભાવોમાંથી પોતાની જાતને દૂર કરી સ્વ-સ્વરૂપમાં ભ્રમણ કરવું તે સમતા છે. (સામાયિક છે.). ટૂંકમાં શ્રેષ્ઠ આચરણમાં સામાયિક છે.

શાસ્ત્રોમાં પૂરાવા મળે છે, જેમાં સુલસા તથા રેવતી શ્રાવિકા આદિ સામાયિક કરીને સ્વર્ગે ગયા હતા. અને કેસરી ચોર કેવળજ્ઞાન પામ્યો હતો.

પૂણિયા શ્રાવકનું સામાયિક તો પ્રભુ મહાવીરે વખાણ્યું હતું. સામાયિક કરનારને દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે તથા આંતરિક દુશ્મનોનો નાશ થાય છે.

**૨. ચઉવિસત્થો :**

ચઉવિસત્થો ચતુર્વિંશતિસ્તવનો અર્થાધિકાર ચોવીસ તીર્થંકરોના ગુણોનું અદ્ભુત કીર્તન, દ્વાદશાંગીની રચના અને છ આવશ્યકના મૂળમાં તો તીર્થંકર પરમાત્માનો જ ઉપકાર છે. તેઓને ક્યારેય પણ ભૂલી શકાય નહીં. 'લોગસ્સ' સૂત્ર દ્વારા ૨૪ (ચોવીસ) તીર્થંકરો અને અન્ય સર્વ તીર્થંકરોની સ્તવના થાય છે અને તે દ્વારા દર્શનગુણની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. ચતુર્વિંશતિસ્તવ કરવાથી ઉપસર્ગો તથા પરીષહો સહન કરવાની શક્તિ વિકાસ પામે છે. શ્રદ્ધા પરિમાર્જિત બને છે અને સમ્યક્ત્વ શુદ્ધ બને છે. સાધક આત્મા સાવદ્ય યોગમાંથી નિવૃત્ત થઈને ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરે છે. જૈન સાધનામાં સ્તુતિનું સ્વરૂપ ભક્તિમાર્ગની જપ સાધનાને મળતું આવે છે. ત્રણ ભુવનમાં પ્રકાશ પ્રગટાવનાર અને મુક્તિનો પંથ દર્શાવનારને શુદ્ધભાવથી વંદન કરવાથી ભવપાર કરી શકાય છે.

આમ ભક્તિનું લક્ષ્ય પોતાનામાં સ્વયંનો સાક્ષાત્કાર કરે છે. પોતાનામાં રહેલી શક્તિની અભિવૃત્તિ થાય છે.

**૩. વંદન :**

વંદનનો અર્થાધિકાર જ્ઞાન, ચારિત્ર અને તપમાં વીર્ય (ઉત્સાહ, પરાક્રમ) ફોરવતા ગુરુને રોજ વંદન કરવું જોઈએ. તીર્થંકર ભગવંતોની વાણી આપણને ગુરુભગવંતો પાસેથી જ પ્રાપ્ત થાય છે માટે તેઓનો વિનય કરવો જોઈએ. ગુરુભગવંતોને વંદન કરવાથી જ્ઞાનાદિગુણોની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. સાધનાના આદર્શ રૂપમાં તીર્થંકરોની ઉપાસના બાદ સાધના પથના પ્રદર્શક ગુરુના વિનયને સ્થાન આપવામાં આવ્યું છે. એવી વ્યક્તિને પ્રણામ કરવામાં આવે છે જેઓ સાધના પથ પર આગળ વધેલા હોય છે. જે ચારિત્ર અને સદ્ગુણોથી સંપન્ન હોય તેઓ વંદનીય છે.

જૈન ધર્મની દૃષ્ટિએ સાધકમાં દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર બંનેની આવશ્યકતા છે. સાધકના બંન્ને ચારિત્રો નિર્મળ હોવા જોઈએ. વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ જેમનું જીવન પુણ્યમય હોય તેવા સદ્ગુરુઓ વંદનીય છે. વંદન આવશ્યકમાં સદ્ગુરુને વંદન કરવાનો આદેશ છે. વંદનના ફળસ્વરૂપ ગુરુજનોના સત્સંગનો લાભ પ્રાપ્ત થાય છે. તે દ્વારા શાસ્ત્રશ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, તપ, કર્મનો ક્ષય થાય છે અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સદ્ગુરુને વંદન કરવાથી નીચ ગોત્રનો ક્ષય થઈ ઉચ્ચગોત્રની પ્રાપ્તિ થાય છે અને બીજા ભવમાં સદ્ભાગ્યની પ્રાપ્તિ થાય છે.

જે શ્રીકૃષ્ણ મહારાજાના દૃષ્ટાંતથી સમજી શકાય છે. કૃષ્ણ મહારાજે ગુરુજનોને વંદન કરીને નરકગતિ તોડી તીર્થંકરપદ પ્રાપ્ત કર્યાની વાત શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.

**૪. પ્રતિક્રમણ :**

પ્રતિક્રમણનો અર્થાધિકાર મૂળગુણોમાં કે ઉત્તરગુણોમાં થયેલી સ્ખલના (ભૂલો)ની આત્મસાક્ષીએ નિંદા કરવી, ગુરુ પાસે ગર્હા (નિંદા) કરવી અને ગુરુ પાસે આલોચન (કથન) કરવું. તેનું નામ પ્રતિક્રમણ. સીધો અર્થ કરીએ તો થયેલી ભૂલોથી પાછા હટવાની ક્રિયા. આમાં નિંદા, ગર્હા આલોચના વગેરે આવી જાય છે. પ્રતિક્રમણ દ્વારા મૂળ અને ઉત્તરગુણોની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે.

આમ જોઈએ તો 'પ્રતિક્રમણ' એ જૈન પરંપરાનો વિશિષ્ટ શબ્દ છે, જેનો શાબ્દિક અર્થ પાછા ફરવું થાય છે. પ્રતિક્રમણ એટલે શુભયોગથી અશુભ યોગમાં ચાલી ગયેલા આત્માને (પોતાની જાતને) ફરીથી શુભયોગમાં પાછા લાવવું તે પ્રતિક્રમણ છે. આચાર્ય ભદ્રબાહુએ આવશ્યક નિર્યુક્તિમાં બતાવ્યું છે કે પ્રતિક્રમણમાં માત્ર અતિતમાં થયેલા દોષોની પણ શુદ્ધિ થાય છે. એ જીવન શુદ્ધિનો શ્રેષ્ઠત્તમ ઉપાય છે. અનંત કાળની અજ્ઞાત દશાને કારણે આપણા આત્મામાં હિંસા, જૂઠ, ચોરી વગેરે અઢારેય પાપના દરવાજા ત્રિવિધે ઉઘાડા છે. આત્મા નવા નવા કર્મબંધનથી બંધાતો જાય છે અને નવા કર્મબંધનને કારણે જન્મ-મરણની પરંપરાવાળો આપણો સંસાર ટકી રહે છે. ભૂતકાળથી આજ સુધીના આચરેલા પાપોનો દિલથી સાચા ભાવથી પશ્ચાતાપ થવો તેનું નામ પ્રતિક્રમણ છે. ભૂલ કરવી

એ પાપ છે, તો ભૂલ કરી છૂપાવવી એ મહાપાપ છે. આ પાપમાંથી બચાવનાર ધર્મક્રિયા તે પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણના પાંચ પ્રકાર દર્શાવ્યા છે-

- *દિવસના બાર કલાક દરમ્યાન થયેલા પાપોના શુદ્ધિકરણ માટે સંધ્યા સમયે 'દેવસિપ્રતિક્રમણ'*
- *રાત્રી દરમ્યાન થયેલા પાપોના શુદ્ધિકરણ માટે સવારે 'રાઈ પ્રતિક્રમણ'*
- *અમાસથી ચૌદસ અને પૂનમથી ચૌદસ એમ મહિનામાં બે પક્ષ દરમ્યાન થયેલા પાપોના શુદ્ધિકરણ માટે 'પાક્ષિક પ્રતિક્રમણ'*
- *અષાઢ સુદ પૂનમથી કાર્તિક ચૌદસ*
  *કાર્તિક પૂનમથી ફાગણ સુદ ચૌદસ*
  *ફાગણ પૂનમથી અષાઢ સુદ ચૌદસ એમ ચાર મહિના દરમ્યાન થયેલા પાપોના શુદ્ધિકરણ માટે ચૌમાસી પ્રતિક્રમણ અને*
- *ચાલુ વર્ષના ભાદ્ર સુદ પાંચમથી બીજા વર્ષના ભાદ્ર સુદ ચોથ સુધીના બાર મહિના દરમ્યાન થયેલા પાપોના શુદ્ધિકરણ માટે 'સંવત્સરી પ્રતિક્રમણ'*

જ્ઞાનીઓ કહે છે કે 'પ્રતિક્રમણ ક્રિયા સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રબળને વધારનારી મંગલમય ક્રિયા છે. પ્રતિક્રમણ ક્રિયા આત્માને પૂર્વ પાપોનો પશ્ચાતાપ કરાવી યોગ ક્રિયા દ્વારા આત્મવિશુદ્ધિ કરે છે. એ આત્માની યૌગિક ક્રિયા અવશ્ય કરવાયોગ્ય આવશ્યક ક્રિયા દ્વારા આત્મા સહજ સુખનો અનુભવ કરી શકે છે. આત્મા આંતરદૃષ્ટિ વાળો થાય છે અને સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણો સમૃદ્ધ થાય છે. આ ચોથું આવશ્યક અન્ય બધા આવશ્યકની અપેક્ષા છે. આરાધના અને આત્મશુદ્ધિ માટે 'સર્વશિરોમણિ' છે.

મહાસતી ચંદનબાળા, મહાસતી મૃગાવતી તેમજ નવ વર્ષના અઇમુત્તા મુનિવર આ પ્રતિક્રમણ આવશ્યકના પ્રભાવે જ ઘાતિકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત કરી મુક્તિના અધિકારી બન્યા. અર્જુનમાળી તેમજ દૃઢપ્રહારી જેવા ઘોર હત્યારાઓ પણ મુખ્યત્વે પ્રતિક્રમણ આવશ્યકનું ઉભય પ્રકારે આલંબન લેવાથી અજર અમર શિવપદને પ્રાપ્ત કરી શક્યા.

ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયનમાં ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીરસ્વામીને પૂછ્યું, 'પ્રતિક્રમણથી શું લાભ થાય?' ત્યારે મહાવીરસ્વામીએ ઉત્તરમાં જણાવ્યું કે-'પ્રતિક્રમણથી વ્રતમાં પડેલા છીદ્રો પૂરાય છે. વ્રતના છીદ્રો પૂરાઈ જવાથી આશ્રવનો નિરોધ થાય છે. આશ્રવનો નિરોધ થવાથી ચારિત્ર નિર્દોષ બને છે. નિર્દોષ ચારિત્રવાળો જીવ અષ્ટ પ્રવચનમાતાના પાલનમાં ઉપયોગયુક્ત બનીને સંયમના યોગપૂર્વક સુપ્રણિધાનપૂર્વક વિચરે છે.

**૫. કાયોત્સર્ગ :**

કાયોત્સર્ગનો અર્થાધિકાર મહાન દોષરૂપ થયેલ ભૂલો સ્વરૂપ ભાવવ્રણની ચિકિત્સાથી વિશેષ શુદ્ધિ માટે તેમજ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિની આરાધના નિમિત્તે કાયોત્સર્ગ કરવા જોઈએ. કાયોત્સર્ગ દ્વારા વીર્યાચારની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે.

આવશ્યક સૂત્રમાં પ્રતિક્રમણ પછી કાયોત્સર્ગ કરવાનો કહ્યો છે. કાયોત્સર્ગનો શાબ્દિક અર્થ ક્ષયોપશમ કરવો (શરીરનો ઉત્સર્ગ કરવો) શારીરિક ચંચળતા ને દેહશક્તિનો ત્યાગ કરવો. પ્રતિક્રમણમાં જે દોષો બાકી રહી ગયા હોય તે કાયોત્સર્ગથી નાશ પામે છે.

આ સાધનામાં સાધક બહિર્મુખી સ્થિતિમાંથી નીકળીને આંતર્મુખી સ્થિતિમાં પહોંચે છે. પ્રતિક્રમણ દ્વારા પાપોનું પ્રાયશ્ચિત થવાથી ચિત્ત નિર્મળ થઈ જાય છે. તેથી સાધક ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન દ્વારા એકાગ્રતાપૂર્વક પાપોની આલોચના પ્રાપ્ત કરી શકે છે. કાયોત્સર્ગને પ્રતિક્રમણ બાદ સ્થાન આપવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય એ છે કે આત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું અને માનસિક સંતુલન પ્રાપ્ત કરવું. આમ કરવાથી બુદ્ધિ નિર્મળ અને શરીર પૂર્ણપણે સ્વસ્થ રહે છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ કાયોત્સર્ગનું અધિક મહત્ત્વ છે. કારણ કે મન, શરીર અને ચિત્તનો ઘેરો સંબંધ છે. જ્યારે ત્રણેમાં સામંજસ્ય ન હોય ત્યારે માનસિક તણાવ ઉત્પન્ન થાય છે.

કાયોત્સર્ગને છ આવશ્યકમાં સ્વતંત્ર સ્થાન આપવામાં આવ્યું છે. દરેક સાધકે સવારે અને સાંજે ચિંતન કરવાનું છે. આ શરીર અને પોતે પૃથ્થક છે. પોતે (આત્મા) અજર, અમર, અવિનાશી છે. કાયોત્સર્ગ બેસીને, ઊભા રહીને કે સૂઈને આમ ત્રણેય અવસ્થામાં કરી શકાય છે.

**૬. પ્રત્યાખ્યાન : (પચ્ચક્ખાણ) :**

પ્રત્યાખ્યાનનો અર્થાધિકાર ત્યાગરૂપ ગુણને ખીલવવો તે છે. કોઈપણ કાર્યની સિદ્ધિ માટે પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા)નું પીઠબળ હોવું જરૂરી છે. પચ્ચક્ખાણથી તપાચારની વિશુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. વીર્યાચારની પણ શુદ્ધિ થાય છે. નાનામાં નાનું સવારે નવકારશી આદિ તપ કરવા માટે અને સાંજે રાત્રિભોજન ત્યાગ આદિ માટે પચ્ચક્ખાણ લેવાય છે તેથી તપાચારનું પાલન થાય છે.

પ્રત્યાખ્યાનનો શાબ્દિક અર્થ છે ત્યાગ કરવો. સંયમપૂર્વક, મર્યાદા સાથે પ્રતિજ્ઞા ગ્રહણ કરવી તે પ્રત્યાખ્યાન છે. મર્યાદા સાથે અશુભયોગમાંથી નિવૃત્તિ

**ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય**
**સી. ડી. અને ડી.વી.ડી..**

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.
સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬. હિતેશ-૦૯૮૨૦૩૪૭૯૯૦.

અને શુભયોગમાં પ્રવૃત્તિનું આખ્યાન કરવું એટલે પ્રત્યાખ્યાન. એના દ્વારા સંયમ થાય છે. એનાથી આશ્રવ અટકે છે. આશ્રવ અટકવાથી તૃષ્ણાનો અંત આવે છે અને તૃષ્ણાના અંતથી ઉત્તમ ઉપશમભાવ ઉત્પન્ન થાય છે. તેનાથી પ્રત્યાખ્યાન વિશુદ્ધ થાય છે. ઉપશમભાવની વિશુદ્ધિ દ્વારા ચારિત્ર ધર્મ પ્રગટ થાય છે. કર્મ જીર્ણ થાય છે જેનાથી કેવળજ્ઞાન, કેવળદર્શનની દિવ્ય જ્યોત ઝગમગવા લાગે છે અને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ તથા કાયોત્સર્ગ દ્વારા આત્મશુદ્ધિ કરી શકાય છે. તે છતાં આંતરમનમાં આસક્તિના પ્રવેશનો ભય રહે છે. તેથી 'આવશ્યક સૂત્ર'માં પ્રત્યાખ્યાનનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. તેમાંથી સાધક શુભયોગમાં પ્રવૃત્ત થાય છે અને સદ્‌ગુણો પ્રાપ્ત કરે છે. આ રીતે પ્રત્યાખ્યાનમાં સાધક મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકીને શુભ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાય છે. આશ્રવ પૂર્ણરૂપે અટકવાથી સાધક પૂર્ણપણે નિસ્પૃહ બની જાય છે. જેનાથી શાંતિ પ્રાપ્ત થાય છે. પ્રત્યાખ્યાન દ્વારા સાધકના જીવનમાં અનાસક્તિની જાગૃતિ થાય છે.

આ રીતે જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે 'આવશ્યક સૂત્ર'માં બતાવેલા આચારનું માનવજીવનમાં ઘણું જ મહત્ત્વ છે. એમાં માનવના ઐહિક મૂલ્યો, એકતા, અહિંસા, સમભાવ, નમ્રતા, સંયમ, શાંતિ વગેરે સદ્‌ગુણોનું નિરૂપણ થાય છે. જેના કારણે માનવ પોતાના બધા કેન્દ્રો, વિષમતાઓ, હિંસક તનાવ વગેરેથી મુક્ત થાય છે અને પોતાના જીવનમાં સુખ, શાંતિ, સ્થિરતા વગેરેને પ્રતિષ્ઠિત કરી શકે છે. સાથે સાથે પરિવાર, સમાજ તથા રાષ્ટ્રમાં રાગદ્વેષથી ઉત્પન્ન થતાં સ્વાર્થ, વિષમતા, સંઘર્ષ, હિંસા, તણાવ વગેરે તત્ત્વોને નષ્ટ કરી એકતા, સમતા અને અહિંસા જેવા સદ્‌ગુણોની સ્થાપના કરે છે.

✶ ✶ ✶

૨૦૨, જોલીમેકર એપાર્ટમેન્ટ 111, 111 કફ પરેડ–મુંબઈ-૪૦૦ ૦૦૫.
મોબાઈલ : ૯૮૨૦૫૪૭૬૨૬.

## સામાયિક ઉપર ડોકરીની કથા

એક નગરમાં સુધન નામનો નગરશેઠ રહેતો હતો. તે અન્યધર્મ પાળતો હતો. સુધનશેઠ દાનમાં એક લાખ સુવર્ણ દાનમાં આપ્યા પછી જ ઘરની બહાર નીકળતો હતો. આ શેઠના ઘરની પાસે જ એક ડોકરી – ઘરડી ડોસી - શ્રાવિકા રહેતી હતી, તે ખૂબ ગરીબ હતી. લોકોનું દળણું કરીને, પરાણે પોતાની આજીવિકા ચલાવતી હતી. પરંતુ આ ડોકરી રોજ સવારે અને સાંજના સામાયિક અને પ્રતિક્રમણ શુદ્ધ વિધિપૂર્વક કરતી હતી.

એક વખત, કોઈક કારણસર ખૂબ મોડું થવાથી, ડોસીને પ્રતિક્રમણ થઈ શક્યું નહીં, એટલે ડોશી પોતાના આત્માની નિંદા અને પશ્ચાતાપ કરતી બેઠી હતી.

ડોશીને આ પ્રમાણે પશ્ચાતાપ કરતી દેખીને, શેઠ બોલ્યો કે, શું તને મારી માફક લાખ સુવર્ણ દાનમાં આપવામાં કાંઈ ઓછું થયું તો નથી ને? આટલું બધું તને શેનું દુઃખ છે? આજે ઉઠ, બેસ થોડી થઈ શકી તો કાલે વધારે કરજે.

ડોશી કહેવા લાગી કે, શેઠ? એમ કેમ બોલો છો? આવું ના બોલો. આ સામાયિકમાં મોટો લાભ છે.

ડોશી અનુક્રમે મરણ પામી. મરીને તે જ નગરમાં રાજપુત્રી તરીકે ઉત્પન્ન થઈ. રાજાને તે બહુ જ વહાલી હતી. અનુક્રમે તે રાજપુત્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સુધન શેઠ મરણ પામીને, તે જ નગરની પાસેના જંગલમાં હાથી તરીકે ઉત્પન્ન થયો. જંગલમાંથી એક ભિલે તે હાથીને પકડીને, રાજાને ભેટ આપ્યો.

રાજાએ તે ઉત્તમ લક્ષણવાળા હાથીને પોતાનો પટ્ટહસ્તી બનાવ્યો. આ હાથીની દિવસમાં ત્રણ વખત આરતી ઉતારવામાં આવતી હતી.

એક વખતે હાથી પાણી પીવા માટે રાજમાર્ગ ઉપરથી પસાર થતો હતો, તે વખતે પોતાનું ગયા જનમનું વિશાળ ઘર દેખીને, મૂર્છા પામી ગયો. તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. મનમાં વિખવાદ કરવા લાગ્યો અને મરણ પામ્યાનો ઢોંગ કરી, જમીન ઉપર પડી રહ્યો. રાજાએ હાથીને કાંઈક રોગ થયેલો જાણી, ઘણા ઉપાયો કર્યાં. પરંતુ હાથી કેમે કરીને ઉઠ્યો નહીં અને રાજપુત્રી તરફ જોઈ રહ્યો. તે વખતે રાજપુત્રીએ, પોતાને ઉત્પન્ન થયેલા જાતિસ્મરણજ્ઞાનના બળે બધો વૃત્તાંત જાણીને, હાથીના કાનમાં કહ્યું કેઃ-

***ઉઠો શેઠ મન શાંત કર, ગજ હુઓ કમ્મવસેણ।***
***રાજસુતા સામાઇકે, જનમી પુત્રી હું એમ।। ૧ ।।***

આ ગાથા રાજપુત્રી પાસેથી સાંભળતાં જ, હાથી ઊભો થયો. અણસણ કરીને દેવલોક પામ્યો.

રાજપુત્રી પરણી, સંસારનું સુખ અનુભવી, દીક્ષા લઈ, નિરતિચાર ચારિત્ર પાળી અંતે મોક્ષે ગઈ.

✶ ✶ ✶

# પ્રતિક્રમણ – એક સર્વાંગી ચિકિત્સક

❑ ડૉ. રક્ષા જે. શાહ

*[ ડૉ. રક્ષા શાહે શ્રેષ્ઠ પત્રકારના ત્રણ એવૉર્ડ મેળવેલા છે. પ્રતિક્રમણ વિષય પર Ph. D. કરેલ છે. દેશ-વિદેશમાં તેઓ જૈન ધર્મના સિદ્ધાંતો વિશે ચર્ચા વિચારણા કરવા ભારતના ડેલિગેટ તરીકે ગયાં હતાં. તાજેતરમાં જ અમેરિકા ખાતે The Parliament world's Religions' માં આમંત્રણ મળતાં ગયા હતા. મુંબઈ યુનિવર્સિટીના જૈનોલોજી કોર્સના લેકચરર છે. ]*

ષડ્આવશ્યક એટલે એક ઊત્કૃષ્ટ 'યોગિક' ક્રિયા–

શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગવિંશિકા'ની પ્રથમ જ ગાથામાં લખ્યું છે,

**'મોક્ખેણ જોયણાઓ જોગો'**

એટલે કે જે ક્રિયા આત્માને મોક્ષની સાથે જોડી આપે, તેને 'યોગ' કહેવાય.

**આવશ્યક ક્રિયા એટલે શું ?** જે ક્રિયા અવશ્ય કરવી કરવા જેવી છે, તેને 'આવશ્યક ક્રિયા' કહેલ છે. જે રીતે શરીરને સ્વચ્છ રાખવા નિયમિત રૂપે આપણે દાંત સાફ કરીએ છીએ, સ્નાન કરીએ છીએ, તે જ રીતે આત્મા પર લાગેલા મેલને સાફ કરવા આ ક્રિયા અતિ આવશ્યક છે.

પ્રાકૃતમાં 'આવશ્યક' ને 'આવસ્સય' કહે છે, જેનો અર્થ છે કર્મો પર અંકુશ મેળવવો. આમ આ આવશ્યક ક્રિયા કર્મ મળને દૂર કરવા માટેનું ઉત્તમ સાધન છે. એક ઉત્તમ 'યોગિક' ક્રિયા !

છ આવશ્યકનો ક્રમ આ રીતે છે–સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ તથા પ્રત્યાખ્યાન.

ષડ્આવશ્યકનો પ્રાણ એટલે **'પ્રતિક્રમણ'**–એક અદ્‌ભુત, **આત્મશોધન, આત્મનિરીક્ષણ** તથા **આત્મશુદ્ધિની** આહ્‌લાદક ક્રિયા. શ્રી વીર પ્રભુની આપણને અણમોલ ભેટ.

**પ્રતિક્રમણની વ્યાખ્યા અને અર્થ**

સાદી ભાષા કહીએ તો પ્રતિક્રમણ એટલે 'પાપથી પાછા ફરવાની' ક્રિયા. શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યકવૃત્તિની ટીકામાં પ્રતિક્રમણની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે :

स्वस्थानाद् यत्परस्थानं प्रमादस्य वशात गतः
तत्रैन क्रमेणं भूवः प्रतिक्रमणमुच्चयते ।।१।।

**ભાવાર્થ** - પ્રમાદવશ પોતાનું 'સ્વસ્થાન' છોડીને 'પરસ્થાને' ગયેલ જીવને, પાછો પોતાના 'સ્વસ્થાને' લાવવાની ક્રિયાને પ્રતિક્રમણ કહેવાય.

શ્રી હેમચંદ્રાચાર્યના મતે – અશુભ યોગમાં પછડાયેલ જીવને, ફરી પાછો શુભયોગમાં પ્રવૃત્ત કરવો તેનું નામ પ્રતિક્રમણ. એ જ રીતે મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વમાં આવવું, અવિરતીમાંથી વિરતિમાં આવવું કે પ્રમાદ અવસ્થામાંથી પાછા સંયમ માર્ગે પાછા ફરવું તે પ્રતિક્રમણ.

**શા માટે પ્રતિક્રમણ કરવું ?** શાસ્ત્રકાર ભગવંતોના મતે ગમે તેટલું ધ્યાન રાખીએ છતાં જ્યાં સુધી છદ્મસ્થ અવસ્થા છે ત્યાં સુધી જાણતાં-અજાણતાં, ભૂલો થવાની સંભાવના રહેલી છે, માટે આ ક્રિયા અવશ્ય કરવી ઘટે.

**લેખ લખવાનો મુખ્ય હેતુ :**

આ લેખ ખાસ કરીને આપણા યુવાન મિત્રોની **સમસ્યા, સંશય, ગેરસમજ**ને બને તેટલી દૂર કરવાર્થે લખી રહી છું. તેમના જ શબ્દોમાં કહીએ તો – એક માત્ર સંવત્સરીના દિવસે પણ પ્રતિક્રમણ કરવાનો તેમને કંટાળો આવતો હોય છે. `It is a waste of time' એમ તેઓ માને છે. ન સમજાય તેવી ભાષામાં થતી આ ક્રિયા તેમને બૉરિંગ, નિરસ તેમજ લાંબી લચક લાગે છે !

આજ દિન સુધી આપણે અને આપણા વડીલો શ્રદ્ધાને લઈને આ ક્રિયા કરતાં આવ્યા છે. પરંતુ આજના બુદ્ધિજીવીઓને પોતાના દરેક What, Where તથા Why નો ચોક્કસ જવાબ જોઈએ છે. તેઓને મન વૈજ્ઞાનિક પુરાવાનું મહત્ત્વ ઘણું વધારે છે. એકવાર વાત તેમને ગળે ઉતરી જાય પછી તેઓ ખૂબ જ રસપૂર્વક ઉત્સાહી ક્રિયા કરતાં જોયા છે.

આજે આધુનિક જીવનશૈલીમાં તનાવ તથા ટેન્શન વધ્યા છે. પરિણામે ભલે વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિને લઈને આપણે ટી.બી. જેવા અનેક રોગો પર કાબુ મેળવ્યો હોય, છતાં 'તનાવ'ને લઈને અનેક પ્રકારના 'સાયકોસોમેટીક' ડીઝીઝનો આપણે ભોગ બની રહ્યા છીએ જેમાં હાયપરટેન્શન (B.P.), હાર્ટ પ્રોબ્લેમ્સ, કીડની ડીઝીઝ, આર્થ્રાઈટીસ તથા કેન્સર જેવી બિમારીનો સમાવેશ થાય છે.

આજે આ બાબત પર ઘણી જાગૃતિ આવી ગઈ છે. અને ખાસ કરીને વિદેશમાં, Mind – Body Fitness પ્રત્યે જાગૃતિ આવતાં અનેક પ્રકારના હિલિંગ કેમ્પ્સ તથા વર્કશોપ્સ (Workshop)માં લોકો જતાં થયા છે. જેમાં હિલિંગ વિથ ફરગીવનેસ/મ્યુઝિક/મંત્ર/ કથારસીસ/વોટર થેરેપીનો સમાવેશ થાય છે.

શું છે આપણી પ્રતિક્રમણની ક્રિયાનું રહસ્ય ? શું આપણને આ ક્રિયા કરવાથી માનસિક, શારીરિક, આધ્યાત્મિક લાભ મળી શકે છે ? આગળ ઉપર જોઈએ.

શ્રી ગણધરભગવંતોએ ગૂંથેલ સૂત્રો પાછળનું વિજ્ઞાન, પ્રાણી ઉપર થતી ધ્વનિ, વિચારો, શબ્દોની અસર, ફરગીવનેસ તથા DNA પર થતી હકારાત્મક અને નકારાત્મક વિચારોની તથા ધ્યાનની અસર વિશે વાત કરીશું.

સહુ પ્રથમ વાત કરીશું 'ફરગીવનેસ' વિશે. માફી આપવાથી અને માગવાથી, લોકોને શું અનુભવ થયો, તેમના સ્વાસ્થ્ય પર શી અસર થઈ એનો સઘન અભ્યાસ અમેરિકાની યુવિવર્સિટીમાં થયો છે. તો જાણીએ આ અભ્યાસનું પરિણામ.

**ફરગીવનેસ – માફી વિશે**

'ક્ષમા વિરસ્ય ભૂષણમ્...' સાચે જ, ક્ષમા માગવી તેમજ આપવી એ હિંમત માગી લે છે.

દુનિયાના મોટા ભાગના ધર્મોમાં ક્ષમાનું આગવું મહત્ત્વ રહ્યું છે. ખ્રિસ્તીઓ તેને 'કન્ફેક્શન' કહે છે. મુસલમાનો તેને 'નમાઝ'ના નામે ઓળખે છે. પારસીઓ તેને 'ખોરદેહ અવેસ્તા' કહે છે તો વૈદિક પરંપરામાં તે 'સંધ્યા'ના નામે જાણીતી છે.

**શું માફી માગવા અને આપવાને સ્વાસ્થ્ય સાથે સંબંધ હોઈ શકે?**

જોઈએ તેના પર થયેલ અભ્યાસ શું કહે છે.

**૧. ડૉ. હર્બર્ટ બૅન્સન :** 'ક્રોધ કરવો સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, એમ માઈન્ડ-બૉડી મેડિકલ ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ ડૉ. હર્બર્ટ બેન્સન કહે છે. હાર્વર્ડ યુનિવર્સિટી બોસ્ટનમાં ફરગીવનેસ, પ્રેયર (પ્રાર્થના), ધ્વનિ તથા શબ્દોની અસર પર અભ્યાસ કરી તેમણે એવો મત રજૂ કર્યો હતો, કે જ્યારે આપણે મનમાં દ્વેષ, નફરત, ક્રોધના ભાવ રાખીએ અને સામેની ખોટું કરનાર વ્યક્તિને માફ ન કરીએ, ત્યારે આપણું સ્વાસ્થ્ય કથળે છે. માણસ ડીપ્રેશનમાં સરી જાય છે. તેના હાર્ટ-બીટ્સ વધી જાય છે. બ્લડ પ્રેશર પણ વધે છે. અને તે આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે–નાસીપાસ થઈ જાય છે. જયારે, આવો ડંખ કાઢીને જેઓ ભૂલ કરનારને માફી આપે છે, પ્રાર્થના કરે છે, તેઓનું સ્વાસ્થ્ય સુધરે છે અને મનનો ઘા રુઝાઈ જાય છે તેમજ શાંત થાય છે.

**૨. ડૉ. ફ્રેડરિક લસ્કિન** – સ્ટેનફર્ડ યુનિવર્સિટીના ડિરેક્ટર ડૉ. લસ્કિન પણ કહે છે કે મનમાં વિકારો, નકારાત્મક વિચારો, ક્રોધ, વગેરે સંઘરી રાખવાથી તે આપણા સબ-કૉન્શિયસ માઈન્ડમાં રહે છે અને અનેક પ્રકારની બિમારીઓને નોતરે છે.

વળી, સામાજિક સ્તરે માફી માગવાથી થયેલા સંબંધોના સુધારાના બે દાખલા જોઈએ :

**૨. IRISH POTATO FAMINE–1845-52.** આ દુકાળમાં દસ લાખ લોકો માર્યા ગયા હતા. અને છેક ૧૫૦ વર્ષ પછી ૧૯૯૭ જૂનમાં યુ.કે.ના વડાપ્રધાન શ્રી ટોની બ્લેઈરે જાહેરમાં માફી માગીને કહ્યું હતું કે આ ઘટના માટે તે વખતની સરકાર જ જવાબદાર કહેવાય અને તેઓના વતી હું તમારા સહુની માફી માગું છું. પરિણામે સંબંધો સુધર્યા હતા.

૨. એજ રીતે પૉપ જૉન પૉલ બીજાએ, જ્યુઈશ કમ્યુનિટીની, **રોમન કેથલીક ચર્ચ** વતી ૧૦૦ જેટલી ભૂલોની માફી માગી હતી જેમાં સ્ત્રીઓ પર થયેલ અત્યાચાર, આફ્રિકાના ગુલામોનો વેપાર વગેરેનો સમાવેશ હતો. આમ પોતાની ભૂલને સ્વીકારવામાં ક્ષોભ ન રાખવાથી શાંતિથી પ્રશ્નો ઉકેલાય જાય છે અને યુદ્ધ જેવા યુદ્ધ પણ અટકી શકે છે.

**મંત્ર તથા સૂત્ર વિજ્ઞાન અને પ્રતિક્રમણ**

પ્રતિક્રમણની ક્રિયામાં અનેક સૂત્રોનું પઠણ થાય છે. શા માટે આ સૂત્રો અર્ધમાગધી ભાષામાં લખાયા હશે? આવા અઘરા સૂત્રોને બદલે તેના અર્થ વાંચીને પ્રતિક્રમણ કરવામાં શો વાંધો? શું આ મંત્રો તથા સૂત્રોનું કોઈ વિશિષ્ટ પ્રયોજન છે? આવા અનેક પ્રશ્નો લોકો પાસેથી સાંભળવા મળે છે. શ્રી નંદિઘોષ વિજય મહારાજ સાહેબ લખે છે, 'જૈન દર્શનની કોઈપણ ક્રિયા સંપૂર્ણપણે સપ્રયોજન, સહેતુક અને વૈજ્ઞાનિક હોય છે અને એ ક્રિયામાં આત્માને કર્મથી રહિત બનાવી મોક્ષ આપવાની અચિન્ત્ય શક્તિ હોય છે.

અને હવે ઉપરોક્ત પ્રશ્નોના જવાબ જોઈએ.

**અર્ધમાગધી ભાષા શા માટે :** મોટા ભાગે એવું ટાંકવામાં આવ્યું છે કે શ્રી મહાવીર સ્વામી ભગવાનના સમયની લોકભાષા અર્ધ માગધી હતી એટલે લોકભાષા અર્ધમાગધીમાં સૂત્રોની રચના કરવામાં આવી. પરંતુ એનું અન્ય કારણ જાણવા શબ્દો વિશે થોડું જાણીએ. વર્ણમાળાના પ્રત્યેક શબ્દમાં શક્તિનો સ્રોત્ર રહેલો છે. કોક અક્ષરનો આકાર, તેનો વળાંક, જાડા પતલાપણું, ઉચ્ચારણનું એક વિજ્ઞાન છે. મંત્રો તથા સૂત્રોની રચના અમુક પ્રકારના સ્પંદનો પ્રગટ કરવા માટે થયેલ હોય છે. અને તે માટે શબ્દોની, સમૂહની ચોક્કસ રીતે ગોઠવણી કરવામાં આવી હોય છે. અમુક ભાષાના શબ્દો મૃદુ તેમજ કોમળ સ્પર્શવાળા શુભ હોય જ્યારે અમુક કઠોર તેમજ કર્કશ, સ્પર્શવાળા હોય છે. શાસ્ત્રવિદ્ના મંતવ્ય પ્રમાણે અર્ધમાગધી ભાષાના શબ્દો અત્યંત મૃદુ અને કોમળ હોય છે જે પઠણ કરનારના મનમાં અનેરું પરિવર્તન લાવે છે. વળી આ સૂત્રો અત્યંત શુભ સમયે, સ્થળે, શુભ ભાવથી ગણધર ભગવંતોએ ગૂંથેલ હોવાથી તેનું મહાત્મ્ય અનેરું છે.

ધ્વનિની શક્તિથી આપણે ક્યાં અજાણ છીએ. મેડિકલ સાયન્સ કીડની સ્ટૉન તથા ગોલ-બ્લેડરની પથરી કાઢવા અલ્ટ્રા સાઉન્ડનો ઉપયોગ કરી ધ્વનિના તરંગોની ઉર્જાથી તેનો નિકાલ કરે છે. ઑપેરામાં જો હાય ફ્રીક્વન્સી કોર્ડથી મ્યુઝિક વગાડવામાં આવે તો જાડા કાચ પણ તૂટી જાય છે.

આમ પ્રતિક્રમણ સૂત્રમાં આવતા સૂત્રો તથા મંત્રોના સ્પષ્ટ ઉચ્ચારણથી ધ્વનિ તરંગો વડે ઉર્જા ઉત્પન્ન થાય છે જે કર્મોની નિર્જરા માટે કારણભૂત બને છે. સૂત્રોના શબ્દોના ઉચ્ચારણ સાથે જો તેના અર્થને યાદ કરીએ તેમાં આપણાં ઉત્કૃષ્ટ ભાવ જો ભળે તો તેનાથી જે પ્રખર ઉર્જા ઉત્પન્ન થાય છે તે ઘણાં-ઘણાં કર્મોને નિકાલ કરવામાં મદદરૂપ નિવડે છે.

મંત્ર તથા સૂત્રોની શક્તિનો અભ્યાસ કરનાર ડૉ. હર્બટ બેન્સનનો મત – 'મંત્ર તથા સૂત્રથી ઉત્પન્ન થતો ધ્વનિથી હાર્ટ બીટ્સ, બ્રેઈન વેવ તથા શ્વસન ક્રિયામાં ઘટાડો થાય છે અને સ્ફૂર્તિ તેમ જ તાજગીનો અનુભવ થતો જણાય છે.'

આજે ઘણી જગ્યાએ સાંવત્સરિક પ્રતિક્રમણમાં પણ મૂળ સૂત્રોને બદલે તેના અર્થને વાંચીને પ્રતિક્રમણ કરવામાં આવે છે. આટલું જાણ્યા પછી ખ્યાલ તો આવી જ ગયો હશે કે જે લાભ મૂળ સૂત્રો વાંચીને થાય છે તે ભાષાંતરથી ન જ થઈ શકે. માત્ર મૂળસૂત્રો વાંચીને પ્રતિક્રમણ કરવું ઉચિત ગણાય.

**પાણીના ક્રિસ્ટલ્સ તથા શબ્દો, વિચારો પર ધ્વનિની અસર**

શબ્દ તથા ધ્વનિની વાતને પુષ્ટિ આપતો પ્રયોગ શ્રી મસાસ ઈમૉટોએ કર્યો અને કહ્યું કે પાણી એ ઉર્જાનો વાહક છે અને માનવીના મનના વિચારો, વાણી, ધ્વનિ, તેમજ તેના ઇરાદાની આશ્ચર્યજનક અસર પાણી પર પડે છે.

જાપાનના આ વૈજ્ઞાનિકે પાણીની છ બોટલ પર `Love', `Thank You', `Friend', `Hate', `Hitler', `You Fool' લખીને બોટલને ફ્રીઝ કરી. તેના ક્રીસ્ટલ્સનો ત્યારબાદ અભ્યાસ કરતાં માલુમ પડ્યું કે હકારાત્મક સારા શબ્દો – Love, Thank youના ક્રિસ્ટલ્સ એક ચોક્કસ પ્રકારના ષટકોણ આકારના જણાયા હતા. જ્યારે Hate, Hitler વગેરે લખેલ પાણીના ક્રિસ્ટલ્સનો કોઈ જ આકાર ન હતો, તે અસ્તવ્યસ્ત દેખાતાં હતાં. ડહોળાયેલા પાણી પર મંત્ર બોલાવીને તેના ક્રિસ્ટલ્સનું નિરીક્ષણ કરતાં પણ એવો જ અનુભવ થયો હતો અને મંત્રથી ચોખ્ખા થયેલ પાણીના ક્રિસ્ટલ્સ ષટકોણ આકારના દેખાયા હતા. આ વાત સ્પષ્ટ કરે છે કે હકારાત્મક વિચારો, શબ્દો તથા શુભ ધ્વનિની શુભ અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે અને તેને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

**DNA અને પ્રતિક્રમણ**

શું DNA માં ફેરફાર થઈ શકે ?

શાસ્ત્રોમાં તથા ગુરુભગવંતોના પ્રવચનમાં વારેવારે મૈત્રી, કરૂણા, પ્રેમ, માધ્યસ્થભાવ, ક્ષમતા રાખવાનું કહેવામાં આવે છે. તેજ રીતે કષાયો, નકારાત્મક વિચારોને દૂર રાખવાનું કહેવામાં કેમ આવતું હશે ? આપણા DNA પર તેની શી અસર થાય છે તે જોઈએ.

ક્વોન્ટમ બાયોલોજિસ્ટ ડૉ. વ્લાડિમેર પૉપોનિને તેમના અભ્યાસ દરમિયાન નોંધ્યું છે કે જ્યારે ક્ષમા, મૈત્રી, પ્રેમ, આનંદ, કૃતજ્ઞતા, પશ્ચાતાપના ભાવ મનમાં ચાલતા હોય ત્યારે આપણા DNAનો 'વળ' Twist છૂટી જાય છે. તે શિથિલ (Ralagad) દેખાય છે અને તેની લંબાઈ વધેલી દેખાય છે. પરંતુ નકારાત્મક વિચાર જેમકે ક્રોધ, ડર, તણાવ વગેરે મનમાં હોય ત્યારે આ જ DNA સજ્જડ થઈ જાય છે. તે સંકોચાઈ જાય છે. વળ ખાય ને સંકોચાવાને લીધે તેની લંબાઈ ઓછી થઈ જાય છે.

આ વાત સાબિત કરે છે કે કષાયો તથા નકારાત્મક વલણથી સ્ટ્રેસ ઊભો થાય છે. અને DNA સંકોચાય છે, ખેંચ અનુભવે છે અને તે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થાય છે.

DNA પર ધ્વનિ, મંત્ર, સૂત્રો, ધ્યાનની પણ ઊંડી અસર જોવા મળી હતી. આમ પ્રતિક્રમણ સૂત્રોના પઠણ કરવાથી, તથા કાઉસગ્ગ વખતે લોગસ્સ/નવકાર ગણવાથી DNA પર શુભ અસર થાય છે. વળી આપણા DNA બે સ્ટ્રેન્ડના હોય છે જે એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાથી ૧૨ સ્ટ્રેન્ડના પણ બની શકે છે. ઋષિ મુનિઓના DNA આવા ૧૨ સ્ટ્રેન્ડના થયેલ હોય ત્યારે તેઓને અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

આટલું જાણ્યા પછી પ્રતિક્રમણમાં રહેલ ગૂઢ રહસ્ય વિષે થોડો ખ્યાલ તો આવ્યો જ હશે. જો સાચી રીતે સમજીને ભાવપૂર્વક, શબ્દાર્થ સમજીને કરવામાં આવે તો તે ખૂબ જ ફળદાયી નિવડે છે.

એક વાતની સ્પષ્ટતા કરવા માગું છું કે આ અલૌકિક ક્રિયા કરવાથી અનેક શારીરિક તથા માનસિક લાભ થાય છે. પરંતુ **આ ક્રિયા એવા લાભ માટે બની નથી અને તેના માટે કરવાની નથી.** એ બધું તો **બોનસ** રૂપે એની મેળે આવે છે. પરંતુ એની અપેક્ષા પણ રાખવી ખોટી વાત છે. કોઈ પણ જાતની અપેક્ષા કર્યા વગર આધ્યાત્મિક ઉન્નતિ માટે જ આ ક્રિયા દિલ લગાવી, આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહથી કરવી જોઈએ. સાથે જ સર્વ લોકમાં, સર્વ દિશાઓમાં, જ્યાં જ્યાં જિનબિંબો જિનપ્રતિમા, અરિહંત ચૈત્યો છે તેને યાદ કરી કોટિ કોટિ વંદના કરવી અને સર્વત્ર સર્વે સુખી થાઓ એવી ભાવના ભાવવાનું ચૂકવું નહીં.

સર્વે જીવોને હું ખમાવું છું અને સર્વ જીવો મારા દુષ્કૃત્યોને માફ કરજો.

ખામેમિ સવ્વ જીવે,
સવ્વે જીવા ખમેતુ મે,
મિત્તિમે સવ્વભૂએસુ,
વેરં મજ્ઝં ન કેણઇ.
મિચ્છામિ દુક્કડમ્

✷✷✷

૭૧-બી/૧, આદર્શ, સરસ્વતી રોડ, સાન્તાક્રુઝ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૪. Mob. No. : 9819102060.

# લઘુ પ્રતિક્રમણની મહત્વત્તા

❑ ભારતી શાહ

પાંચ પ્રતિક્રમણની અપેક્ષાએ જે નાનું પ્રતિક્રમણ છે, તે લઘુ પ્રતિક્રમણ કહેવાય છે. તે ઇરિયાવહીયા વગેરે ચાર સૂત્રોનાં ઝૂમખા વડે કરાય છે. જ્યાં સુધી ભૂલનો ભૂલ તરીકે સ્વીકાર થતો નથી ત્યાં સુધી ભૂલ સુધરતી નથી. ભૂલની ભૂલ તરીકે કબૂલાત કરવાની ક્રિયાને આલોચના કહેવાય છે. ભૂલને સુધારવાનો ઉપાય ભૂલ કર્યા બદલ હૃદયમાં પારાવાર દુઃખ થવું તે છે. તીવ્ર પશ્ચાતાપ સાથે ક્ષમા માગવી, તે પ્રતિક્રમણ કહેવાય છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં જીવો સાથે જાણતાં અજાણતાં થયેલી વિરાધનાઓનું આવું પ્રતિક્રમણ જ્યાં સુધી ન કરાય ત્યાં સુધી ધર્મક્રિયાઓમાં આનંદ આવતો નથી. તેથી લઘુ પ્રતિક્રમણનાં ચાર સૂત્રોને એક ઝુમખું કહેવાય છે. તેના વડે જ પ્રતિક્રમણ કરવાની શરૂઆત કરવામાં આવે છે અને આ ક્રિયા પ્રતિક્રમણ તેમ જ ચૈત્યવંદન કરતાં પહેલાં બંનેમાં ફરજીયાત છે. (૧) ઇરિયાવહી, (૨) તસ્સઉતરી, (૩) અનત્થ, (૪) લોગસ્સ. ત્યાર બાદ પ્રગટ લોગસ્સ. આ સૂત્રો દ્વારા આત્મામાં મૈત્રીભાવની ભૂમિકા તૈયાર થાય છે.

અઇમુતા મુનિવરની કથા તો જાણો છો ને ? નાનાં બાળને ગુરુ ગૌતમસ્વામીનો ભેટો થતાં તેમની વાણી સાંભળતાં સંયમ લેવાના કોડ જાગ્યા. અને તેની માતાએ પણ પોતાના લાડકા સુપુત્રના વૈરાગ્ય નીતરતાં વચનોનું પાન કરતાં ધન્ય બની રહી. તરત જ વ્હાલા દીકરાને છાતી સરસો ચાંપીને પરમાત્મા મહાવીરદેવ અને ગણધર ગૌતમસ્વામીનાં શરણે સોંપી દેતાં પહેલાં શીખ આપી કહ્યું, બેટા, તારે દીક્ષા લેતાં પહેલાં મને વચન આપવું પડશે. જો પાપ ન કરવા માટે જ દીક્ષા લેતો હોય તો દીક્ષા પછી તારે કદીયે પાપ ન કરવું. પળે પળે પાપ ન થઈ જાય તેની સાવધાની રાખવી, અને છતાંય ભૂલ થઈ જાય તો છેવટે ગુરુમહારાજ પાસે તેનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ બનવાનું. બોલ બેટા, આટલી ખાતરી તો તું મને આપશેને ?

માતાનાં એકેક શબ્દો સાંભળતા અઇમુતાનાં આનંદનો પાર નથી. એકીશ્વાસે તે બોલી ઊઠ્યો, ઓ મારી વ્હાલી મા, તારા આ દીકરાનું વચન છે કે તે કદી પાપ કરશે નહીં. છતાંય જો પાપ ભૂલમાં થઈ જશે તો તેનું પ્રાયશ્ચિત કરવામાં પાછો નહિ પડે. બસ, મા, હવે તું મને આશિષ આપ. તારા આશિષથી જ મારું સંયમજીવન સફળતાને પામશે. પાપ નહિ કરવાની તાકાત આવશે.

જૈન શાસનને સાચા અર્થમાં સમજેલી આ માતાએ ભાવવિભોર બની શ્રેષ્ઠ મુહૂર્તે અઇમુતાને સંયમ પંથે મોકલી આપ્યો. સમય જતાં સ્વાધ્યાયમાં લીન બનતાં, ગુરુસેવામાં તલ્લીન બનતા એવા બાળ અઇમુતાએ પણ મુનિવર હોવા છતાં એક નાની નિર્દોષભાવે, સહજભાવે, ભૂલ કરી નાખી. કાચા પાણીના દરેક ટીપામાં અસંખ્યાત જીવોની હિંસાનું ભયાનક પાપ તેમનાથી થઈ ગયું.

તેમની સાથે રહેલાં મુનિવરોએ જ્યારે તેમની ભૂલ બતાવી ત્યારે આંખોમાંથી ચોધાર આંસુઓની ધાર વહેવા લાગી. અરરરર... મેં આ શું કર્યું ? પોતાની માતાની શીખ યાદ આવી ગઈ. ઉપકાર માન્યો વડીલ મુનીવરોનો અને તે જ ક્ષણે પ્રભુવીર પાસે પહોંચીને શુદ્ધ પ્રાયશ્ચિત કરવા માટે શરૂ કર્યું. ગદ્ગદિત થઈને, પોતાની ભૂલોનો એકરાર રડતી આંખે ઇરિયાવહી સૂત્ર દ્વારા અઇમુતા મુનિવર કરી રહ્યા છે. ઇરિયાવહિયાએ, વિરાહણાએ... બોલતાં બોલતાં પણગ-દગ-મટી શબ્દો આવ્યા. (પાણીના, માટીના જીવોને મેં હણ્યા હોય તો તેનું હું મિચ્છામિ દુક્કડમ દઉં છું.) આ શબ્દો બોલતાં બોલતાં અઇમુતાને પાતરી તરાવ્યાની ભૂલ યાદ આવી. અનહદ પશ્ચાતાપ થવા લાગ્યો. મારા આ પાપ નાશ પામો... નાશ પામો... નાશ પામો. હવે કદી પણ હું પાપ નહિ કરું. હે ભગવાન, મારી ભૂલની તમે મને માફી આપો... માફી આપો.

આમ ને આમ સાચો પસ્તાવો વધતો જ ગયો, વધતો જ ગયો. પરિણામે માત્ર નાનકડી હોડી તરાવતા થયેલી પાણીની હિંસાનું જ પાપ ન ધોવાયું પણ ભૂતકાળમાં અનંતા ભવોનાં અનંતા પાપો આ પશ્ચાતાપના પાવક અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગ્યા. અઇમુતા મુનિ કેવળજ્ઞાન પામ્યા. વિશ્વમાં ભવ્ય જીવોને ઉપદેશ આપતાં વિચરીને છેલ્લે મોક્ષમાં પહોંચ્યા.

હૃદયમાં પશ્ચાતાપનાં ભાવ સાથે, આ લઘુ પ્રતિક્રમણ કરતાં કરતાં અઇમુતા મુનિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. આપણે પણ લઘુ પ્રતિક્રમણનાં સૂત્રો પશ્ચાતાપથી ભાવવિભોર બનીને બોલવાનો ઉપયોગ રાખવો જોઈ. પાંચસો ધનુષ પ્રમાણની અઠાવીસ હજાર જિનપ્રતિમા ભરાવતા જે પુણ્ય થાય છે, તેટલું પુણ્ય ઇરિયાવહિ પિડકકમતાં (લઘુ પ્રતિક્રમણ) કરતાં બંધાય છે.

ગણધર ભગવંતોએ પ્રભુની દેશના દ્વારા જે સૂત્રોની રચના કરી છે, તે આવશ્યક સૂત્રો આગમ કહેવાય છે. પરમાત્મા સાથે સાક્ષાત્, સંબંધ કરાવનાર આ દરેક સૂત્રો એ વિશિષ્ટ પ્રકારનાં મંત્રાક્ષરો રૂપે છે. આ સૂત્રોનાં પઠન દ્વારા અને તેનાં અર્થથી ગર્ભિત રહસ્યને જાણવાથી આપણા આત્મામાં પ્રસરેલાં કામ, ક્રોધ, ઇર્ષા, નિંદા,

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૨૮)

જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક 卐 જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક 卐 જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક

# હિન્દુ સનાતન ધર્મમાં પંચ મહાયજ્ઞની ભાવના

□ ડૉ. નરેશ વેદ

*[ વેદ અને હિંદુ શાસ્ત્રોના પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદે ગુજરાત યુનિવર્સિટી તેમ જ ભાવનગર યુનિવર્સિટીનું કુલપતિપદ શોભાવ્યું છે. પોતાની પીસ્તાલીસ વર્ષની શૈક્ષણિક કારકિર્દીમાં ગુજરાતની કૉલેજોમાં પ્રધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના અક્ષ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે. ]*

આપણા દેશમાં ધર્મની મુખ્યત્વે બે ધારા છેઃ (૧) બ્રાહ્મણધર્મ અને (૨) શ્રમણધર્મ. આમાં બ્રાહ્મણધર્મ એટલે હિંદુધર્મ. આ હિંદુ ધર્મની મુખ્ય મુદ્રા એટલે યજ્ઞ-ભાવના. હિંદુ ધર્મની પ્રત્યેક શાખા-પ્રશાખામાં, પ્રત્યેક પંથ અથવા સંપ્રદાયમાં યજનીય દેવતાને અર્થે યજમાને પોતાને બહુ ગમતા, એટલે કે પોતે જેના વિશે મમત્વભાવ અનુભવતા હોય તેવા પદાર્થનો ત્યાગ કરી, અર્પણ કરવું, એ સિદ્ધાન્ત છેક વેદકાળથી માંડી આજ સુધી ચાલ્યો આવે છે. પૌરાણિક કાળમાં એ કારણે શ્રૌત યજ્ઞો અને સ્માર્ત યજ્ઞો ઉપરાંત કામ્ય યજ્ઞો પણ થતાં હતાં. એ બધાં યજ્ઞોમાં નિરાસક્તિ અને નિર્મમતાનો ભાવ કેળવી ત્યાગ કરવાની, સ્વાર્થનો ભાવ છોડી પરમાર્થનો ભાવ ધારણ કરવાની ભાવના હતી.

યજ્ઞ શબ્દનો યૌગિક અર્થ તો ત્યાગ હતો. એમાંથી સ્વાર્થત્યાગ એવો અર્થ વિકસ્યો અને એમાંથી આજે પરોપકાર એવો અર્થ વિકસ્યો છે. આવી પરોપકારની પ્રવૃત્તિ એટલે સેવા એવો અર્થ વિકસ્યો છે. અંગત હિતલાભને બદલે નિસ્વાર્થ ભાવે થતી પરોપકારી, પરમાર્થી પ્રવૃત્તિને સેવાયજ્ઞ એવા રૂપક વડે આજે ઓળખવામાં આવે છે. લોકકલ્યાણની ભાવના રાખીને આજકાલ લોકો માટે ખાસ સેવાપ્રવૃત્તિ થાય છે તેને યજ્ઞ શબ્દ જોડીને ઓળખાવાય છે. જેમ કે, નેત્રયજ્ઞ. આંખના દર્દીઓના રોગનિદાન અને ઓપરેશન કેમ્પો સેવાભાવી વ્યક્તિઓ કે સંસ્થાઓ દ્વારા યોજાતા હોય છે. તેમાં સેવાભાવના અને લોકકલ્યાણનો આશય હોય છે. માટે રૂપક બન્યું છે નેત્રયજ્ઞ. એવો જ અર્થ ધરાવતું બીજું રૂપક છે દંતયજ્ઞ.

યજ્ઞ શબ્દના મૂળમાં ત્યાગ ઉપરાંત ઋણમાંથી મુક્ત થવાની વાતનો પણ સંકેત હતો. મનુષ્ય જન્મે, જીવે અને મરણ પામે ત્યાં સુધીમાં એના ઉપર ઘણાંય ઋણ ચડતાં જતાં હોય છે. એમાંથી મનુષ્યે ઉઋણ થવાનું હોય છે. એટલે કે ઋણમુક્ત થવાનું હોય છે. સત્કર્મી મનુષ્યો પોતાના જન્મ, ઉછેર, શિક્ષણ, વિકાસ, શ્રેય વગેરેમાં જેનો જેનો ફાળો હોય તે તમામનો પોતાને દેવાદાર સમજે છે. પોતાના ભણતર, ગણતર, ઘડતર અને ચણતરમાં જેમનું જેમનું યોગદાન હોય તેમની કદર બૂઝી વળતરરૂપે પોતાના તરફથી કંઈક કરી છૂટવાની ભાવના પણ મનુષ્યમાં રહેલી હોય છે. તેથી સત્કર્મી મનુષ્યો જેમણે જેમણે પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તેમનાં ઋણ ચૂકવવા ઈચ્છતો હોય છે.

આપણાં પૂર્વજ જ્ઞાની ઋષિઓએ એ ઋણમુક્તિની ભાવના અને પ્રક્રિયાને યજ્ઞમીમાંસા દ્વારા સમજાવી છે. પ્રત્યેક મનુષ્યે હરરોજ ઋણમુક્તિ માટે પાંચ યજ્ઞો કરવા જોઈએ. આ પાંચ મહાયજ્ઞો એટલે : (૧) બ્રહ્મયજ્ઞ (૨) દેવયજ્ઞ (૩) પિતૃયજ્ઞ (૪) ભૂતયજ્ઞ અને (૫) અતિથિયજ્ઞ. આપણે જરા વિગત સમજીએ.

**(૧) બ્રહ્મયજ્ઞ :**

પ્રત્યેક મનુષ્યે રોજ બ્રહ્મયજ્ઞ કરવો જોઈએ. બ્રહ્મયજ્ઞ એટલે જેની કૃપાથી પોતાનો કોઈ સ્થળકાળમાં, જાતિમાં, જ્ઞાતિમાં, ધર્મમાં, કુળ-વંશમાં જન્મ થયો છે એ પરમ ચૈતન્ય (Super Consciousness). આવું પરમ ચૈતન્ય સચરાચર સૃષ્ટિમાં અને અખિલ બ્રહ્માંડમાં વિલસી રહેલું છે. સર્વત્ર એની રમણા છે. એટલે એના તરફ કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કરવા ઉષઃકાળે, મધ્યાહ્ને અને સાયંકાળે--એમ ત્રણ વખત સંધ્યા કરવી, જલાંજલિ અને મંત્રાંજલિ અર્પવી જોઈએ. વેદસંહિતાઓનું અધ્યયન કરવું. વેદમંત્રોનો પાઠ કરવો અને એ દ્વારા એની પ્રાર્થના કરવી. આ પરમ ચૈતન્યરૂપ સત્તાએ આપણને જે કાંઈ સુખ-સંપત્તિ, યશ-કીર્તિ, અન્ન-આરોગ્ય, પ્રસન્નતા અને શાંતિ આપ્યાં છે, તે માટે તેમના તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરવા પ્રાર્થના કરવી. પ્રાર્થનામાં કશું માગવાને બદલે જે મળ્યું છે એ માટે આભારનો ભાવ વ્યક્ત કરવો. આવી પ્રાર્થનાથી એ પરમ સત્તા સાથે જે ભાવતાદાત્મ્ય અને હૃદયસંવાદ અનુભવાય છે, તેથી વ્યક્તિની જીવનનૌકાનું લંગર એમાં રોપાય છે. એને એનું પ્રતિષ્ઠાન અધિષ્ઠાનરૂપે મળે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના પ્રસંગે એ ક્ષુબ્ધ કે વિચલિત થતી નથી. એને એક આધાર, અધિષ્ઠાન મળે છે તેથી તેને ધરપત રહે છે. પ્રાર્થના અને ઉપાસનાથી એનામાં વિનમ્રતા આવે છે. જો પ્રાર્થના દ્વારા આવી વિનમ્રતા એનામાં આવતી ન હોત તો પોતે જીવનમાં જે કાંઈ હાંસલ કર્યું છે, એ સ્વબળે અને સ્વપરાક્રમે કર્યું છે એવો ભાવ એનામાં દૃઢીભૂત થતો જાય. તે તેનામાં ગુમાન જગાડે. આવી ગુમાની વ્યક્તિ અહંકારી બની જાય અને સરવાળે તેનું પતન થાય, તેની અધોગતિ થાય. માટે સૌ કોઈએ ત્રિકાળસંધ્યા, વેદાભ્યાસ, મંત્રોચ્ચાર અને પ્રાર્થના રોજ કરવા જોઈએ.

(૨) **દેવયજ્ઞ :**

પ્રત્યેક મનુષ્યે હરરોજ દેવયજ્ઞ કરવો જોઈએ. આ દેવ-દેવીઓ એટલે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી. આ દેવ-દેવીઓ એ મનુષ્યને મળેલી શક્તિમત્તા (power) છે. ઈશ્વરે આપણને સાત્ત્વિક, રાજસીક અને તામસિક એવી ત્રણ પ્રકૃતિઓ ગુણરૂપે આપી છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા જેવી પાંચ જ્ઞાનેન્દ્રિયો જ આપણા દેવતા છે. એટલે જ આપણે આંખના દેવ, કાનના દેવ એવા શબ્દપ્રયોગો કરીએ છીએ. ઈશ્વરે આપણને શરીર અને ઈન્દ્રિયો જેવા બાહ્ય કરણો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવાં અંતઃ (અંદરના) કરણો (સાધનો) આપ્યાં છે. આપણને જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ આપી છે. આ બધાં માટે આપણે એમના ઋણી છીએ. આપણું શરીર નિરોગી રહે, ઈન્દ્રિયો સન્નદ્ધ રહે, મન મક્કમ રહે, બુદ્ધિ સ્થિર રહે, ચિત્ત પ્રસન્ન રહે અને અહં સંતુષ્ટ રહે એ માટે આ શક્તિપ્રદાન કરનાર દેવોમાં શ્રદ્ધા રાખીને એમની પૂજા, અર્ચના કરવી જોઈએ. આ માટે પોતપોતાની શક્તિ-ભક્તિ મુજબ અગ્ન્યાધ્યાન, અગ્નિહોમ, દર્શપૌર્ણમાસ, આગ્રયણ, ચાતુર્માસ, હોમ, હવન, જપ, તપ, વ્રત, ઉપવાસ વગેરે કરવાં જોઈએ. પર્વે-ઉત્સવે દાન અને દક્ષિણા આપવા જોઈએ. શાસ્ત્રવિહિત ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચુડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, વેદારંભ, સમાવર્તન, વિવાહ, વાનપ્રસ્થ, સંન્યાસ અને અંત્યેષ્ઠિ–જેવા સોળ સંસ્કારોનું અનુપાલન કરવું જોઈએ. જે રીતે આપણે તાજાં અને નવાં બીજથી મજબૂત અને તંદુરસ્ત છોડ પેદા કરીએ છીએ, તેવું જ કામ આ સોળ સંસ્કારોનો વિધિ, મનુષ્યજીવનમાં કરે છે. સૂર્યનમસ્કાર, ગાયત્રીયજ્ઞ, સત્યનારાયણની કથા–વગેરે ક્રિયાઓ દ્વારા વ્યક્તિ આવો દેવયજ્ઞ કરી શકે છે. મનુષ્ય શરીર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવાં પાંચ મહાભૂતોનું બનેલું છે. તેથી એ બધાં સત્ત્વો તરફ કૃતજ્ઞતા ભાવ પ્રગટ કરવા વ્યક્તિએ પંચાયતનની પૂજા નિત્ય કરવી જોઈએ. પૃથ્વીના દેવ ગણપતિ છે. એ કર્મના દેવતા છે. જળના દેવ વિષ્ણુ છે. એ ભક્તિના દેવતા છે. અગ્નિના દેવ આદિત્ય (સૂર્ય) છે. એ જ્ઞાનના દેવતા છે. વાયુની દેવી ભગવતી પરામ્બિકા છે. એ પ્રાણના દેવતા છે. અને આકાશના દેવતા શિવ છે. એ નૈષ્કર્મ્યના દેવતા છે. જો માણસ હરરોજ આ પંચાયતનની પૂજા કરે તો એ કર્મથી નૈષ્કર્મ્ય સુધીની યાત્રાનું ફળ પામે છે. આ બધાં સત્ત્વોનું આપણી ઉપર ઘણું ઋણ છે. એ ઋણ ફેડવા માટે આપણે આ જાતનાં કર્મો કરવા જોઈએ.

> ***આ વ્યષ્ટિ અને સૃષ્ટિનો આપણે જેટલો ઉપયોગ કરીએ છીએ, તેટલો તેમનો ક્ષય થાય છે. તે આપણે ભરપાઈ કરતા રહેવું જોઈએ. ક્ષયની પૂર્તિ થવી જોઈએ. આ ક્ષતિપૂર્તિનું નામ યજ્ઞ છે. બીજો હેતુ યજ્ઞનો છે, વાપરેલી વસ્તુનું શુદ્ધિકરણ કરવું અને યજ્ઞનો ત્રીજો હેતુ છે કંઈક નિર્માણ કરતા રહેવું. ઘસારો ભરી કાઢવો, શુદ્ધિવૃદ્ધિ કરવી અને નવનિર્માણ કરવું એ આ યજ્ઞભાવનાના ત્રણ હેતુઓ છે.***

(૩) **પિતૃયજ્ઞ :**

પ્રત્યેક વ્યક્તિએ પિતૃયજ્ઞ અવશ્ય કરવો જોઈએ. પિતૃ એટલે માતા-પિતા, વડીલો અને પૂર્વજો. માતા જન્મ આપે છે. પયપાન કરાવી, સંસ્કાર આપીને ઉછેરે છે. પિતા, દાદા-દાદી, જ્ઞાન, વિદ્યા, શિક્ષણ, આધાર અને છત્ર આપે છે. ગુરુ વ્યવહાર જ્ઞાન અને અધ્યાત્મજ્ઞાન આપે છે. વડીલો માર્ગદર્શન આપે છે. માતા આપણું મૂળ છે; આ જગત સાથેનો આપણો નાભિનાળ સંબંધ એ જોડી આપે છે. પિતા અને વડીલો કુળ અને વંશ આપે છે. ગુરુ ગોત્ર આપે છે. પૂર્વજો પરંપરા અને પ્રણાલિકાઓ આપે છે. તેથી આ બધાંનું પણ આપણી ઉપર ઘણું ઋણ હોય છે. એમનો આદર કરવો, એમના વચનોનું અને આજ્ઞાઓનું પાલન કરવું, એમની સેવા-સુશ્રૂષા કરવી એ પ્રત્યેક મનુષ્યની ફરજ છે. વ્યક્તિનો જે કુળ કે વંશમાં જન્મ થયો હોય એ કુળ અને વંશના પૂર્વજોનું પિંડદાન, શ્રાદ્ધક્રિયા, નારાયણબલિ, ભાગવત પારાયણ બેસાડવા જેવી ક્રિયાઓ કરી તર્પણ કરવું એ પિતૃયજ્ઞ છે. પ્રજાતંતુનું સાતત્ય સચવાય એ માટે સંતાનોત્પત્તિ કરવી, કુટુંબપરિવાર અને ગૃહસૂત્રનું સુચારુ ઢંગથી સંચાલન કરવું એ પણ પિતૃયજ્ઞ છે. આપણે આપણા જીવનમાં જે કાંઈ બની શક્યા હોઈએ છીએ, પ્રાપ્ત કરી શક્યા હોઈએ છીએ તેમાં આ સૌનો ઘણો ફાળો હોય છે. આપણા જન્મથી માંડી મરણ સુધી આપણને આ સૌ કાંઈને કાંઈ આપતા જ રહે છે. એમના પાસેથી પ્રાપ્ત થયેલ સ્થૂળ અને સૂક્ષ્મ મૂડીથી જ આપણે આપણા જીવનમાં જે કોઈ પરિસ્થિતિઓ કે પડકારો આવ્યાં હોય, તેમનો યથાયોગ્ય મુકાબલો કરી શક્યા હોઈએ છીએ. એમના અગણિત ઉપકારોનું ક્યારેય વિસ્મરણ થવું ન જોઈએ. એમના ચિત્તની પ્રસન્નતા અને આત્માની શાંતિ માટે આપણે જે કાંઈ કરી શક્તા હોય તે કરવું જોઈએ.

(૪) **ભૂતયજ્ઞ :**

પ્રત્યેક મનુષ્યે હરરોજ ભૂત યજ્ઞ પણ કરવો જોઈએ. ભૂત એટલે મનુષ્ય જાતિ સિવાયના ઉદ્‌ભિજ, અંડજ અને સ્વેદજ યોનિનેં જીવો. આપણા જીવનમાં જેટલો ફાળો ઈશ્વરનો, દેવોનો અને પિતૃઓનો હોય છે, એમ જીવ, જંતુ, પશુ, પંખી, વનસ્પતિ, ઔષધિ અને પ્રકૃતિનો પણ નોંધપાત્ર ફાળો હોય છે. મનુષ્ય જેમ સમાજમાં રહે

છે તેમ ચોક્કસ પર્યાવરણ અને વાતાવરણમાં પણ રહે છે. એમાં આ બધાં સત્ત્વો–તત્ત્વોનો સમાવેશ હોય છે. આપણને ખ્યાલ પણ ન આવે એ રીતે આ સૌ આપણા જીવનમાં ઉપયોગી થતા હોય છે. બેક્ટેરિયા વિના દૂધમાંથી દહીં ન બને. ગાય-ભેંસ દૂધ આપે. વનસ્પતિ અનાજ અને ઔષધિઓ આપે, શ્વાન સંગત આપે અને માલમિલકતની રખેવાળી કરે, અળસિયું ખેતરની માટીને પોચી કરી આપે, મધમાખી અને ભમરાં ઈયળ અને પતંગિયાં પરાગ રજની હેરફેર દ્વારા ફળ પકાવી આપે. એમ અનેક રૂપે આ સૌ આપણા જીવનમાં ઉપયોગી થતાં હોય છે. આપણા જીવન નિર્વાહમાં આપણે આમ અનેક રીતે જીવજંતુ અને પશુપંખીના ઉપકાર હેઠળ આવતા હોઈએ છીએ. એમના એ ઉપકારોમાંથી મુક્ત થવા આપણે કીડિયારાં પુરીને, હવાડા ભરીએ, ગૌગ્રાસ-ભૂમિગ્રાસ આપીએ, ચબૂતરે ચણ નાખીએ, પીડિત કે રોગી અબોલ અને લાચાર જીવોને અન્નજળ અને જરૂરી સારવાર આપીએ એને ભૂતયજ્ઞ કહે છે.

(૫) **અતિથિયજ્ઞ :**

પ્રત્યેક મનુષ્યે અતિથિયજ્ઞ પણ કરવો જોઈએ. અતિથિ એટલે આપણા ઘરઆંગણે આવનાર અભ્યાગત. આપણે સમાજમાં રહીએ છીએ. સમાજ એટલે સંબંધો અને વ્યવહારોનું જાળું. સંબંધો અને વ્યવહારો વિના જીવન શક્ય નથી. આવા સંબંધો અને વ્યવહારો જીવનમાં અનેક જાતના બંધાતા હોય છે. આપણા લાભ માટે, કલ્યાણ કે ઉત્કર્ષ માટે આપણે એ સંબંધોનો ક્યાંક ક્યારેક ઉપયોગ પણ કરતા હોઈએ છીએ. આપણને સ્કૂલ-કૉલેજમાં એડમિશન અપાવવામાં, નોકરી કે બઢતી અપાવવામાં, યોગ્ય કન્યા કે મૂરતિયો શોધી કે મેળવી આપવામાં, અડીઓપટીના પ્રસંગે નાણાં, ઉષ્મા, ખભો, સધિયારો આપવામાં, તમને ઇજ્જત-આબરુ, અવસર, માન-સન્માન-અકરામ અપાવવામાં એ સૌ ઉપયોગી થતા હોય છે. એ ઉપકારનો બદલો વાળવા એવા સ્નેહી સંબંધીઓને ટાણેપ્રસંગે નોતરી એમનું આતિથ્ય કરવું, એમને ઉતારો આપવો, ભોજન કરાવવું, યથોચિત ભેટસોગાદો આપવી એ એટલું જ જરૂરી છે. એમના અડીઓપટીના પ્રસંગે એમની સાથે ઊભા રહી એમને સહાય કરવી આવશ્યક છે. વળી, કુળકુટુંબના ગોર, જેમની પાસેથી શિક્ષણ લીધું હોય એવા વિદ્યાગુરુઓ, જેમની પાસે નામ-સંસ્કાર કે ધાર્મિક દીક્ષા લીધી હોય એવા અધ્યાત્મગુરુ, કોઈ સંત-મહાત્મા, સાધુ-સંન્યાસી ઘરને આંગણે આવીને ઊભા રહે ત્યારે તેમને આવ-આવકાર આપી સત્કારવા, એમને નિવાસ અને ભોજન આપવાં, એમને દાન-દક્ષિણા આપવા એ પણ મનુષ્યની પવિત્ર ફરજ છે. આવા અતિથિઓ આપણા જીવનમાં આનંદ, ઉલ્લાસ ભરી આપતા હોય છે. આપણું કોઈને કોઈ રીતે શ્રેય કરતા હોય છે. આજે માણસના મનહૃદય સંકુચિત થતા જાય છે. એમને અતિથિ અણગમતા જણાય છે. પરંતુ એ યોગ્ય નથી. અતિથિ તમારી રોજિંદી એકતાનતા અને એકવિધતા ભરેલી જિંદગીમાં પોતાની સંગતથી રંગત ઉમેરે છે. એમની ચેતના અને ઊર્જાનો લાભ આપે છે. ગુણીજન, સુજ્ઞજન અને જ્ઞાનીજનનો અતિથિ રૂપે અવશ્ય સત્કાર કરવો જરૂરી છે. કેટલીકવાર તમારા કુટુંબના સભ્યોનું કોઈ કામ તમારાથી નહીં થઈ શકતું હોય તે તેઓ આસાનીથી કરી આપશે. મશીનનાં ચક્રો સરખાં ફરતાં રહે એ માટે આપણે એમાં તેલ પૂરીને ઉંજણ (Oiling) કરીએ છીએ. એવું ઉંજણનું કામ અતિથિઓ આપણા જીવનમાં કરી આપતા હોય છે. માટે એમના ઋણનો સ્વીકાર કરીને એમાંથી મુક્ત થવા માટે પણ જરૂરી કર્મો અવશ્ય કરવાં જોઈએ.

આજકાલ મધર્સડે, ફાધર્સડે, ટીચર્સડે ઉજવીને એકાદ દિવસ માટે એમને યાદ કરાય છે. પણ એમની જરૂરી સારસંભાળ લેવાતી નથી. કુટુંબ સંસ્થા અને લગ્ન સંસ્થા તૂટતી જાય છે. પરિવારો તૂટતા જાય છે. સ્નેહ-પ્રેમ અને સદ્ભાવ મરતા જાય છે. 'હું ને મારી વહુ એમાં આવ્યું સહુ' એટલી સંકુચિતતા આવતી જાય છે. પરિણામે આજનો મનુષ્ય ઈશ્વરથી, ધર્મ-અધ્યાત્મથી, પ્રકૃતિથી, સમાજથી, કુટુંબથી કપાતો કપાતો વેગળો થતો જાય છે. એકલતાથી પીડાતો રહે છે. હૂંક, ઉષ્મા, સાથ, સધિયારા અને ટેકાના અભાવે માનસિક તાણ અને તણાવનો, ડાયાબિટીસ, હાર્ટએટેક, અલ્ઝાઇમર જેવા રોગનો ભોગ બનતો જાય છે. એને Sharing અને Caringની ઝંખના છે, પણ એ સંતોષાતી નથી.

એવા સમયે હિંદુ ધર્મના આર્ષદ્રષ્ટાઓએ આ પાંચ મહાયજ્ઞનો ખ્યાલ મૂક્યો છે. એ આજે પણ કેટલો પ્રસ્તુત અને ઉપયોગી છે તે સમજાય છે. આ આખું બ્રહ્માંડ અને સચરાચર સૃષ્ટિ એ એક ઑર્ગેનિક હૉલ છે. એમાં બધું એકમેક સાથે પ્રાણમય સંબંધથી સંકળાયેલું છે. કશું એકમેકથી વિચ્છિન્ન નથી. એ પાયાની વાત આ મીમાંસા સમજાવે છે. આ વ્યષ્ટિ અને સૃષ્ટિનો આપણે જેટલો ઉપયોગ કરીએ છીએ, તેટલો તેમનો ક્ષય થાય છે. તે આપણે ભરપાઈ કરતા રહેવું જોઈએ. ક્ષયની પૂર્તિ થવી જોઈએ. આ ક્ષતિપૂર્તિનું નામ યજ્ઞ છે. બીજો હેતુ યજ્ઞનો છે, વાપરેલી વસ્તુનું શુદ્ધિકરણ કરવું અને યજ્ઞનો ત્રીજો હેતુ છે કંઈક નિર્માણ કરતા રહેવું. ઘસારો ભરી કાઢવો, શુદ્ધિવૃદ્ધિ કરવી અને નવનિર્માણ કરવું એ આ યજ્ઞભાવનાના ત્રણ હેતુઓ છે. આપણે આવાં યજ્ઞકાર્યો કરીએ તો એ કાંઈ પરોપકાર નથી. આપણે દેવાદાર છીએ. એ દેવું ફેડવા માટે આ નિત્ય કર્મો કરવા જરૂરી છે. આ યજ્ઞ મારફતે ઋણ ફેડવાનું છે. આ પંચ મહાયજ્ઞની ભાવનાથી અનેક પેઢીઓ તરી ગઈ છે. હજુ પણ તરી શકે એમ છે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦). ફોન નં. : 02692-233750
સેલ નં. : 09727333000

# સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય કરાતાં ભક્તિસભર આહ્‌નિક કર્મો

❑ સાધુ અક્ષરવત્સલદાસ

*[ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ અક્ષરવત્સલદાસજી પરમ પૂજ્ય પ્રમુખસ્વામિ મહારાજના કૃપાપાત્ર શિષ્ય છે. ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, સાહિત્ય, અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના વિદ્વાન છે. 'ભગવાન સ્વામિનારાયણ અને અંત્યોદય' જેવા પુસ્તકોના લેખક સાધુ અક્ષરવત્સલદાસજી યુવાનોને ધર્મ અને જીવનવિકાસની પ્રેરણા આપે તેવા પ્રવચનો માટે જાણીતા છે. ]*

સ્વામિનારાયણ સંપ્રદાય એક ભક્તિની ભાગીરથી વહાવતો સંપ્રદાય છે. સંપ્રદાયના ગ્રંથો તેથી જ ભક્તિનું અનન્ય મહત્ત્વ ગાય છે. ભક્તિ આપણા જીવનમાં રસ પ્રગટાવે છે. ભક્તિ વગરનું જીવન નિરસ બને છે. ભક્તિથી જ પરમાત્મા સાથે પરમ પ્રેમનો તાંતણો બંધાય છે. એટલે જ સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગીઓને આજ્ઞા આપી છેઃ 'व्यर्थ कालो न नेतव्यो भक्तिं भगवतो विना' અર્થાત્ ભક્તિ વિના વ્યર્થ સમય ન વિતાવવો.

પરંતુ નિરંતર ભક્તિ-આરાધના કરવી એ સાધારણ જનસમુદાય માટે એક કસોટી બની જાય છે. આથી ભગવાન સ્વામિનારાયણે સાધારણ વ્યક્તિને પણ ભક્તિની શક્તિ પ્રાપ્ત થાય તે માટે આહ્‌નિકનો બોધ આપ્યો છે.

'અહ્‌ન' એટલ્ દિન. આહ્‌નિક એટલે બીજા અર્થમાં દૈનિક.

આહ્‌નિક એટલે પ્રતિદિન પ્રાતઃકાળે જાગ્રત થઈએ ત્યારથી રાત્રે વિરામ લઈએ તે દરમ્યાન દૈનિક કરવાના ભક્તિસભર કાર્યો. બીજા અર્થમાં કહો તો આહ્‌નિક એટલે ભગવાન સાથે આપણું જોડાણ કરતાં નિત્યકર્મો. આ ભક્તિભર્યાં આહ્‌નિકો જીવનનો એક મધુર આનંદ આપે છે. આપણને સાચા માનવ બનવાની જાગૃતિ આપે છે, જીવનની ફરજો પ્રત્યે વધુ કટિબદ્ધ બનાવે છે. અને અનેક સંઘર્ષો સામે મક્કમ હૃદયે અડીખમ રહેવાની શક્તિ આપે છે. આહ્‌નિકોથી વ્યક્તિત્વમાં પવિત્ર સંસ્કારોનું સિંચન અને સંવર્ધન થાય છે. આત્મશુદ્ધિ થાય છે. અને પરિણામે પરમેશ્વર સાથે પ્રીતિ બંધાય છે.

પ્રાચીન સમયથી ભારતીય મનિષીઓએ આ આહ્‌નિકોનો બોધ આપ્યો છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, ધર્મસિંધુ, નિર્ણયસિંધુ, ધર્મશાસ્ત્રો અને પાંચરાત્રશાસ્ત્રની સંહિતાઓ વગેરે શાસ્ત્રોએ પ્રચૂર માત્રમાં આહ્‌નિકો વિશે નોંધ્યું છે. આ આહ્‌નિકોનું શ્રદ્ધાપૂર્વક થતું પાલન આધ્યાત્મિક સાધનામાં ખૂબ મોટું પરિબળ બની રહે છે. આહ્‌નિકો પાછળ શરીરશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્રનાં પાયાના સિદ્ધાંતો છે. તેના દ્વારા વ્યક્તિગત અને સામૂહિક ચારિત્ર્ય પર એક હકારાત્મક (પોઝિટિવ) અસર ઉત્પન્ન થાય છે. આહ્‌નિકોનું નિયમિત આચરણ વ્યક્તિને પરમપદ સુધી લઈ જઈ શકે છે. યોગવસિષ્ઠ ગ્રંથ કહે છેઃ

'उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणां गतिः।
तथैव ज्ञानकर्मभ्यां जायते परम पदम् ।।' (૧/૧/૭)

'જેવી રીતે બંને પાંખો મજબૂત-સલામત હોય તો જ પક્ષી આકાશમાં ઊડી શકે છે, તેવી રીતે જ્ઞાન (માહાત્મ્ય જ્ઞાન) અને કર્મ (નિત્ય ભક્તિકર્મો), એ બંનેના યોગથી જ પરમ પદની પ્રાપ્તિ થાય છે :

**● સ્વામિનારાયણ સંપ્રદાયમાં આહ્‌નિક કર્મો**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી દ્વારા આહ્‌નિકોનો સરળ અને સ્પષ્ટ બોધ આપ્યો છે. (શ્લોકઃ ૧૯ થી ૩૫) આ ઉપરાંત સત્સંગીજીવન તથા સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં પણ કેટલીક વિશેષ છણાવટ કરવામાં આવી છે. આ સર્વેનો સરવાળો કરવા જાઓ તો પ્રત્યેક સત્સંગીનો એક સુંદર નિત્યક્રમ ગોઠવાઈ જાય છે. રોજ અનુસરવાનાં એ કાર્યોમાં ભક્તિરૂપ કાર્યો તો છે જ, પરંતુ સાથે સાથે દિનચર્યાનો પણ સ્પષ્ટ બોધ છે. તેને સરળતાથી આમ ક્રમમાં મૂકી શકાયઃ

૧. નિત્ય સૂર્યોદયથી પહેલાં ઊઠવું.
૨. જાગ્રત થઈને ઈષ્ટદેવ અને ગુરુનું સ્મરણ કરવું.
૩. એક સ્થળે દંતધાવન કરવું, શૌચવિધિ, શુદ્ધ જંતુરહિત જળથી સ્નાન કરવું.
૪. સ્નાન કરીને એક ધોયેલું વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું.
૫. ત્યારબાદ જેના પર સારી રીતે બેસાય એવા ચોખ્ખા આસન પર પૂર્વ કે ઉત્તર મુખે પ્રાતઃપૂજા કરવા બેસવું.
૬. શુદ્ધ આસન પર ઈષ્ટદેવ શ્રીહરિ અને ગુરુપરંપરાની મૂર્તિઓ પોતાની સમક્ષ પ્રાતઃપૂજામાં પધરાવવી.
૭. પૂજાના આરંભે કપાળમાં ભગવાનના પ્રાસાદિક ચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને તેની મધ્યમાં પ્રસાદીભૂત કુમકુમનો ગોળ ચાંદલો કરવો.
૮. ત્યારબાદ ભગવાનનું ધ્યાન કરીને મનથી ભગવાનની માનસી પૂજા કરવી. માનસી પૂજામાં ઋતુ ઋતુ પ્રમાણે ભગવાનને અલગ વસ્ત્રો ધરાવવાં તથા થાળ-ભોગ ધરાવવા. માનસી પૂજામાં પ્રાર્થના કરીને પોતાની સમક્ષ પધરાવેલી મૂર્તિમાં બિરાજમાન થવાનું આહ્‌વાન કરવું.
૯. આવાહ્‌ન મંત્ર બોલી પધરાવેલી મૂર્તિઓને આદરપૂર્વક નમસ્કાર કરવા. ત્યારબાદ પોતાની શ્રદ્ધા અનુસાર સ્વામિનારાયણ મહામંત્રની જપમાળા કરવી. શ્રદ્ધાપૂર્વક એકાગ્ર ચિત્તે 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કરતાં માળા કરવી.

૧૦. ત્યારબાદ એકપગે ઊભા રહીને શ્રદ્ધા મુજબ મહામંત્રનું રટણ કરતા તપની માળા કરવી.

૧૧. ત્યારબાદ માળા કરતાં કરતાં સામે પધરાવેલ મૂર્તિઓની ફરતી પ્રદક્ષિણા કરવી.

૧૨. પછી પુરુષોએ પાંચ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરવા. તે ઉપરાંત કોઈનો જાણતાં કે અજાણતાં અપરાધ થઈ ગયો હોય તો ક્ષમાયાચના રૂપે એક દંડવત્પ્રણામ અધિક કરવો. સ્ત્રીઓએ સાષ્ટાંગ દંડવત્પ્રણામને બદલે પંચાંગ પ્રણામ કરવા.

૧૩. ત્યારબાદ મૂર્તિ સમક્ષ થાળ અર્પણ કરવો.

૧૪. ક્ષમાપ્રાર્થના અને વિસર્જન મંત્ર બોલીને પૂજા સમાપન કરી સંકેલી લેવી.

૧૫. તત્પશ્ચાત્ શિક્ષાપત્રીના શ્લોકોનો નિત્યપાઠ કરવો અને અંતે માતા-પિતા તથા ઘરના સર્વેને નીચા નમીને જય સ્વામિનારાયણ કહેવા.

૧૬. પૂજા કર્યા પહેલાં કાંઈ ખાવું કે પીવું નહીં. પૂજા બાદ વ્યાવહારિક અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કરવી.

૧૭. ઘરમાં સ્થપાયેલા ઘરમંદિરમાં આરતી કરવી, મધ્યાહ્ને ભોજનની સર્વે વાનગીઓ ઘરમંદિરમાં ભગવાનને ધરાવવી. પછી જ એ ભોજન પ્રસાદરૂપે ગ્રહણ કરવું.

૧૮. નિત્ય સવારે અથવા સાંજે મંદિરે દર્શન કરવા જવું.

૧૯. નિત્ય સાધુ-સંતો પાસેથી આદરપૂર્વક કથાવાર્તા સાંભળવી. (નિત્ય અનુકૂળતા ન હોય તેમણે અઠવાડિક સત્સંગસભામાં ઉત્સાહભેર જવું.)

૨૦. સંધ્યા સમયે મંદિરે, ઘરે અથવા જ્યાં હોઈએ ત્યાં આરતી કરવી. ત્યારબાદ ભગવાનની સ્તુતિ કરવી.

૨૧. નિત્યનિયમ રાખીને રોજ ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત, ગુણાતીતાનંદ સ્વામીની વાતોનો પાઠ કરવો. આ ઉપરાંત ગુરુવર્યોના ચરિત્રગ્રંથોનો પાઠ કરવો.

૨૨. શિખરબદ્ધ મંદિરોમાં રોજ પાંચ સમયની આરતી તેમજ પાંચ સમયની કથા યથાયોગ્ય કરવી.

૨૩. ઋતુ ઋતુ, સમય-સમય અને પ્રસંગો-ઉત્સવોને અનુરૂપ મૂર્તિઓને શણગાર કરવા, થાળ ધરાવવા, જલપાન ફળાર્પણ કરાવવું.

૨૪, દર એકાદશીએ સજળ, નિર્જળ કે ફરાળયુક્ત ઉપવાસ કરવો. શ્રાવણમાસ, પુરુષોત્તમ (અધિક) માસમાં મંદિરમાં ઠાકોરજી સમક્ષ કીર્તનભક્તિ કરવી.

૨૫. આ ઉપરાંત ગૃહસ્થોએ ઘરમંદિરમાં પણ નિત્ય આહ્નિકનું પાલન કરવું. ઘરમંદિરમાં બિરાજમાન ભગવાનનું રોજ સવારે ઘંટડી વગાડી ઉત્થાપન કરવું. તેમને ગાળેલું જળ ધરાવવું, ધાતુમૂર્તિને સ્નાન કરાવવું, ચિત્ર-પ્રતિમાઓને પ્રતીકાત્મક સ્નાન કરાવવું. ત્યારબાદ પુષ્પો કે પુષ્પહાર અર્પણ કરવાં.

૨૬. ત્યારબાદ ધૂપ-દીપ કરી આરતી કરવી. તેમાં સૌ પરિવારજનોએ સામૂહિક ભાગ લેવો.

૨૭. ઠાકોરજીને દૂધ અને અલ્પાહાર ધરાવી જળ પાવું.

૨૮. મધ્યાહ્ન પૂર્વે ચોખ્ખાઈપૂર્વક ઘરમાં બનાવેલી રસોઈનો થાળ ઘરમંદિરમાં અર્પણ કરવો. પ્રેમથી થાળ ગાઈને ધરાવવો. ત્યારબાદ જળ ધરાવી ઠાકોરજીને પોઢાડી દેવા.

૨૯. સાંજે ચાર વાગે ઠાકોરજીનું ઉત્થાપન કરવું. જળ ધરાવવું. શક્ય હોય તો ફળ ધરાવવાં.

૩૦. સંધ્યાસમયે આરતી કરી, નિયમ-અષ્ટકો બોલવાં, આમાં પરિવારના ઉપસ્થિત સર્વેએ ભાગ લેવો.

૩૧. ત્યારબાદ ઠાકોરજીને દૂધ તથા અલ્પાહાર અર્પણ કરવાં. રાત્રે નવ વાગ્યા સુધીમાં જળ ધરાવીને ઠાકોરજીને પોઢાડી દેવા.

૩૨. રોજ ઘરસભા કરવી. તેમાં સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન-શ્રવણ કરવું. રાત્રે ચેષ્ટાગાન (શક્ય હોય ત્યાં સુધી) સમૂહમાં કરવું. પછી જ ઈષ્ટદેવ અને ગુરુનું સ્મરણ કરતાં સૂવા જવું.

૩૩. ચાતુર્માસમાં વિશેષ આધ્યાત્મિક વાંચન, વિશેષ માળા-પ્રદક્ષિણાના નિયમોનું પાલન અને વિશેષ તપ કરવું.

**● આહ્નિકોમાં આધુનિક સમયની માંગ**

વહેલી સવારથી સાત સુધીના દૈનિક જીવનમાં વ્યક્તિએ અનુસરવાનાં આ ભક્તિસભર આહ્નિકો છે.

આ બધી જ આહ્નિકોની વિગતો સાથે શિક્ષાપત્રીમાં ભગવાન સ્વામિનારાયણે ભારપૂર્વક જણાવ્યું છે કે સ્થળ, સમય વગેરેને અનુસરીને તેનો યોગ્ય નિર્ણય કરવો. (શિક્ષાપત્રી શ્લોક : ૨૦૪)

આધુનિક સમયમાં લોકોની સમયની વ્યસ્તતાને લક્ષ્યમાં રાખીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેઓના ચતુર્થ આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પંચમ આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આહ્નિકોમાં કેટલીક મહત્ત્વની બાબતો ઉમેરી છે. એ છે – સાપ્તાહિક સત્સંગ સભા. જેઓ નિત્ય સત્સંગનો લાભ લઈ શકે તેમ ન હોય, તેમણે દર અઠવાડિયે એકવાર સત્સંગ સભામાં અવશ્ય જવું જોઈએ. વળી, જેઓ નિત્ય સત્સંગનો લાભ લઈ શકતાં ન હોય તેમણે ઓડિયો-વિડિયોના આધુનિક માધ્યમો દ્વારા પણ ઘરે બેઠાં કે મુસાફરીમાં સંતોની આધ્યાત્મિક વાણીનો લાભ લેવો જોઈએ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના એ અભિયાનને કારણે દેશ-વિદેશમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં લાખો લોકો પ્રતિ સપ્તાહે સત્સંગનો લાભ માણે છે. આ સાપ્તાહિક સત્સંગ દ્વારા જ લાખો લોકોને નિત્ય જીવનમાં આચરવાનાં અન્ય આહ્નિકોની પ્રેરણા મળે છે. આ યુગને અનુરૂપ આ આહ્નિક કર્મો લાખો લોકોને પરમાત્મા સાથે જોડે છે.

અહીં અવશ્ય નોંધવું જોઈએ કે શાસ્ત્રપ્રણીત આહ્નિકોને બદલવામાં નથી આવતાં, પરંતુ આજના યુગની જીવનસંકુલતાને

અનુરૂપ તેનું વ્યવહારુ અનુસરણ કરાયું છે. જેથી 'પરમાત્મા સાથેના સતત અનુસંધાન'નો મૂળભૂત હેતુ અને તેનો દિવ્યાનંદ જળવાઈ રહે, સાધનામાર્ગ ભાર વિનાનો સહજ બની રહે.

આ બધાં જ આહ્નિક કર્મોમાં સૌથી અગત્યનું આહ્નિક છે પ્રાતઃપૂજા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યેક અનુયાયી માટે એના અનુસરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એ વિશે થોડી વિશેષ નજર કરીએ.

**• નિત્ય પ્રાતઃપૂજા**

ન્યાયકોશ કહે છે : 'तत्र पूजा नाम देवता उद्देशेन द्रव्यत्यागात्मकत्वात् याग एव।' અર્થાત્ પરમાત્માને ઉદ્દેશીને પ્રીતિ-ભક્તિથી હુતાદિ દ્રવ્યોની મદદ વગર કરવામાં આવતી પૂજા પણ યજ્ઞ જ છે.'

સાત્વત સંહિતાના ભાષ્યમાં અલશિંગ ભટ્ટ જણાવે છે કે 'यागो बिम्बादिषु भगवदर्चनम् ।' 'મૂર્તિઓની પૂજા પણ 'યજ્ઞ'નું જ સ્વરૂપ છે.'

સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિવિધ પ્રકારોમાં પૂજા કરવામાં આવે છે : (૧) માનસી પૂજા (૨) વ્યક્તિગતરૂપે કરવામાં આવતી પ્રાતઃપૂજા, (૩) મંદિરોમાં કરવામાં આવતી ઠાકોરજીની મૂર્તિઓની પૂજા, (૪) ઘરમંદિરમાં થતી આરતી-થાળ આદિક પૂજા અને (૫) મંદિરોમાં નિત્ય તથા પ્રસંગોપાત થતી મહાપૂજાવિધિ.

ભગવદ્‌ગીતા (૯/૨૪,૨૬) માં ભગવાન કહે છે કે પત્ર, પુષ્પ, ફળ, જળ...જે કાંઈ મને ભક્તિથી ધરવામાં આવે છે તે હું પ્રેમપૂર્વક અંગીકાર કરું છું. અહીં યજ્ઞ દ્વારા મળતું ફળ અને પૂજા દ્વારા મળતું ફળ તુલ્ય દર્શાવ્યું છે.

મોટા ભાગનાં બધાં જ પુરાણોમાં પૂજાનો મહિમા અને વિધિ થોડા ઘણાં ફેરફાર સાથે નિરૂપ્યો છે. શ્રીમદ્ ભાગવતમાં અંબરિષનું આખ્યાન પૂજાવિધિ અને પૂજા કરનાર ભક્ત માટે સુંદર આદર્શ પૂરો પાડે છે. શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કંધમાં પ્રહ્લાદને ઉપદેશેલી નવધાભક્તિનાં નવ અંગો આહ્નિક કર્મનાં જ દ્યોતક છે. બૌદ્ધ અને જૈન ધર્મોએ પણ બુદ્ધની કે તીર્થંકરની ભક્તિ-પૂજાનો વિધિ પોતપોતાની પરંપરા મુજબ સ્વીકાર્યો છે.

પાંચરાત્ર શાસ્ત્રોએ પૂજાના પાંચ અંગો વર્ણવ્યાં છે. પદ્મપુરાણ તેને દોહરાવતાં એ પાંચ અંગો આમ વર્ણવે છેઃ (૧) **અભિગમન :** ઘરમંદિરમાં બિરાજતા ઠાકોરજી પાસે જવું, તેમને જગાડવા, તેમને જળ ધરાવવું, ઘરમંદિર સાફસૂફ કરવું. (૨) **ઉપાદાન :** જળ, પુષ્પ, નૈવેદ્ય, આરતી, ધૂપ-દીપ વગેરે પૂજાસામગ્રી તૈયાર કરવી. (૩) **યોગઃ** ઈષ્ટદેવ અને ગુરુનું એકાગ્ર ચિત્તે સ્મરણ-ચિંતન કરવું. (૪) **સ્વાધ્યાય :** મહિમાપૂર્વક ઈષ્ટદેવના નામમંત્રનો જપ કરવો. ગ્રંથોના સ્વાધ્યાય દ્વારા તેમના ચરિત્રો, ગુણો, મહિમાનું ચિંતન કરવું. (૫) **ઈજ્યા :** પ્રીતિપૂર્વક ઈષ્ટદેવની પૂજા યથા વિધિ કરવી.

આ બધી જ શાસ્ત્રપ્રણીત પૂજાવિધિને સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય પ્રાતઃપૂજામાં સંક્ષેપમાં સમાવવામાં આવી છે.

**• નિત્યપૂજા પ્રાતઃકાળે જ શા માટે ?**

પ્રાતઃકાળે આપણી આંખો ખૂલતાં જ જીવનનું એક નવું કોરું પાનું ખૂલે છે. એનો આરંભ શુભ હોય, માંગલિક હોય, સુખમય હોય એવું સૌ ઈચ્છીએ છીએ.

સવારે દુષ્ટ વ્યક્તિને યાદ કરીએ તો આપણને પણ કોઈકનું પડાવી લેવાનાં દુષ્ટ વિચારો આવશે. ઈર્ષ્યા, રાગ-દ્વેષ, અભિમાનમાં આપણે જ અથડાઈશું. પરંતુ ભગવાન અને સંતને યાદ કરીએ તો ? અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જાગશે. દયા, કરુણા, પ્રેમ, ક્ષમા, ઉદારતા વગેરે શુભ ગુણોથી હૈયું તરબતર થઈ જશે. અંતરમાં શાંતિ ઊભરાશે.

એટલે જ શાસ્ત્રોમાં પણ પૂજા માટે બ્રાહ્મમૂહૂર્તનો મહિમા કહેવામાં આવ્યો છે. મનુસ્મૃતિ (૮-૧૨) કહે છેઃ

ब्राह्मे मुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी।।

અર્થાત બ્રાહ્મમુહૂર્તની નિદ્રા આપણાં પુણ્યનો નાશ કરનારી છે.

બ્રાહ્મમુહૂર્તમાં ભગવાનની પૂજા જેવો દિવસનો મંગળ પ્રારંભ બીજો કયો હોઈ શકે ? સવારે મન અન્ય કાર્યોમાંથી નિવૃત્ત થયેલું, સંકલ્પ-વિકલ્પ રહિત હોય. આથી, પરમેશ્વરની પૂજાવિધિમાં સહેજે એકાગ્ર થવાય. મંત્રજાપ પણ સારી રીતે થઈ શકે. શાંત મનમાં પરમાત્માનો વિચાર સ્થિર થતાં મન વધુ પવિત્ર અને શાંત બને છે. જીવનનું ધ્યેય વધુ સ્પષ્ટ બને છે, પરમેશ્વર અને સંતમાંથી મળતી પ્રેરણાઓ પણ વધુ સ્પષ્ટ થાય છે, જેથી દૈનિક ક્રિયાઓમાં પણ એનું સહેજે અનુસંધાન રહે છે. પરમાત્માના વિચાર સાથે થતી અન્ય સર્વ દૈનિક ક્રિયાઓ પણ ભક્તિમય બની રહે છે. કહો ને કે દિવસ ભક્તિમય, સુખમય પસાર થાય છે.

વળી, પ્રાતઃપૂજાના પરિણામે, ભગવાન અને સંતના દિવ્ય ગુણોથી આચ્છાદિત શાંત મન કૌટુંબિક, વ્યાવહારિક, સામાજિક વિટંબણાઓમાં પણ યોગ્ય નિર્ણયો લઈ શકે છે.

ટૂંકમાં, ભગવાનને ભેટવા માટે છે પ્રાતઃપૂજા.

મનની શાંતિ માટે છે પ્રાતઃપૂજા.

**• નિત્યપૂજા વ્યક્તિગત શા માટે ?**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યેક વ્યક્તિ દ્વારા વ્યક્તિગત નિત્ય પૂજાનો આગ્રહ રખાયો છે. કોઈના બદલે કોઈક પૂજાવિધિ કરી લે, એનો આધ્યાત્મિક માર્ગમાં કોઈ અર્થ નથી.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે છેઃ ભૂખ આપણને લાગી છે, આપણા બદલે બીજો જમી લે તો ચાલે ? તરસ આપણને લાગી છે, આપણા બદલે બીજો પાણી પીએ તો ચાલે ? ઊંઘ આપણને આવે છે, આપણા બદલે બીજો ઊંઘી લે તો ચાલે ? વિદ્યા આપણને ભણવી છે, આપણા બદલે બીજો ભણી લે તો ચાલે ? તેમ આપણાં બદલે બીજો પૂજાવિધિ કરે તે ન ચાલે. આપણે જાતે પૂજાવિધિ કરીએ તો જ આપણી સેવા થાય અને તો જ આપણને એ પૂજાના લાભ થાય.'

વ્યક્તિગત પૂજા ભગવાન સાથેની આપણી અંગત મુલાકાત છે.

**• તિલક-ચાંદલો શું છે ?**

જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક 卐 જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક 卐 જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક

પ્રાતઃપૂજાના ભાગરૂપે સ્વામિનારાયણ સંપ્રદાયમાં તિલક-ચાંદલાનો આગ્રહ રખાયો છે.

તિલક કહો કે ચાંદલો કહો, પૂર્વકાળમાં તો એ એક સૌંદર્યપ્રતીક પ્રસાધન હતું, જે વ્યક્તિની સુંદરતામાં અભિવૃદ્ધિ કરતું હતું. આથી જ, કોઈપણ વ્યક્તિ પ્રત્યે આદર દર્શાવવા-પૂજન કરવા તેના કપાળમાં તિલક અથવા ચાંદલો કરવામાં આવતો. રાજાની નિયુક્તિ થાય ત્યારે પુરોહિતો દ્વારા તેની પૂજાવિધિ કરી તેને તિલક કરવામાં આવતું, જેને રાજતિલક કહેવાતું.

આધુનિક યુગમાં પણ કંઈક વિશેષતા દર્શાવવા જુદાં જુદાં પ્રતીકોનો સહારો લેવામાં આવે છે. કોઈ જે તે સંસ્થાનું પ્રતીક શર્ટ પર કે કોટ પર પહેરે છે. રાજકીય ક્ષેત્રે કોઈક ખાદી પહેરે છે, કોઈક ટોપી પહેરે છે, કોઈ રાજકીય પક્ષનો નિર્ધારિત ખેસ પહેરે છે. યુવાનો પોતાની મનપસંદ સ્પોર્ટ્સ ટીમનાં ચિહ્નથી શર્ટ-ટીશર્ટ-કેપ-બેલ્ટ-જોડાં રાજીખુશીથી પહેરે છે.

બસ, આ જ રીતે ધર્મ-સંપ્રદાયો પોતાની આધ્યાત્મિક વિચારધારાની સતત સ્મૃતિ રાખવા માટે તિલક-ચાંદલો કરે છે. સ્વામી એટલે કે પતિ મળ્યાના સૌભાગ્યના પ્રતીકરૂપે સ્ત્રી પોતાના કપાળમાં ચાંદલો કરે છે. તેમ ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન પણ તેના સ્વામી છે. સ્વામીની પ્રાપ્તિના હર્ષમાં ભક્ત પણ પોતાના કપાળમાં ચાંદલો ધારણ કરે છે.

ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન છે તિલક-ચાંદલો.

મસ્તક એ વ્યક્તિનું આત્મગૌરવ છે. ભક્ત પોતાનું સર્વસ્વ ભગવાનનાં ચરણોમાં સમર્પિત કર્યાના ભાવરૂપે પોતાનું મસ્તક પ્રભુનાં ચરણોમાં મૂકે છે. આથી, પ્રેમની સમર્પણ-ભાવનાવશ ભક્ત પ્રભુનાં ચરણોની છાપ ભક્તના કપાળમાં પાડે છે. એ ચરણની છાપ એ જ ઊર્ધ્વપુંડ્ર તિલક. અને એ ચરણની વચ્ચે ભક્તનું મસ્તક એટલે તિલકની વચ્ચે ચાંદલો. ટૂંકમાં, ભગવાનને સમર્પિત થયાનું ચિહ્ન છે તિલક-ચાંદલો. ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન એટલે તિલક-ચાંદલો. તિલક-ચાંદલો સેવકભાવ વ્યક્ત કરે છે. અંતરમાં 'હું ભગવાનનો સેવક છું' એનું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે, તે માટે કપાળમાં તિલક-ચાંદલો કરવાનું આહ્નિક-વિધાન છે.

પોલીસ, નર્સ, વકીલ, જજ વગેરે ખાસ પહેરવેશ પહેરે છે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, જજને કાળા કોટથી બુદ્ધિ વધી જતી નથી, પણ એમને પોતાની જવાબદારીનું ભાન રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ ભક્તપણાની સતત પ્રેરણા આપતું લાભદાયક ચિહ્ન છે.

તિલક-ચાંદલાથી ભક્તપણાની અસ્મિતા જાગ્રત થાય છે. આંતરિક બળ પ્રગટ થાય છે. આથી, ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. તેનાથી આત્મબળ પ્રગટે છે. ભગવાનના આશ્રયનું બળ પ્રગટે છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે.

**● માનસી પૂજા એટલે શું ?**

પ્રાતઃપૂજાની સાથે માનસી પૂજાના આહ્નિકનું પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સવિશેષ મહત્ત્વ છે.

માનસી પૂજા એટલે મન દ્વારા થતી પૂજા.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છેઃ 'જો કોઈ શુદ્ધ ભાવે, ભગવાન પ્રત્યેના પ્રેમથી, અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ્ કંઠ થઈને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા કોઈ એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે.' વચ. સારંગપુર ૩)

પ્રત્યક્ષ પૂજાની જેમ જ સમય-સમયની માનસી પૂજા થઈ શકે છે. ભગવાનને મધુર સ્વરે જગાડવા, કોમળ દાતણ વડે દંતધાવન કરાવવું, મુખ પ્રક્ષાલન કરાવવું, સ્નાન કરાવવું વગેરે સેવા મનથી પણ થઈ શકે છે. ઋતુ અનુસાર વસ્ત્રો, પુષ્પહાર વગેરે ધારણ કરાવી શકાય. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ-૨ ઉમાં ભગવાન સ્વામિનારાયણે માનસી પૂજા કેવી રીતે કરી શકાય તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. તે અનુસાર સ્વામિનારાયણ આહ્નિકમાં પાંચ સમયની માનસી પૂજાનું વિધાન છેઃ

(૧) પ્રાતઃ માનસી – ભગવાનને જગાડવા; સ્નાનાદિક વિધિ કરાવવી. (૨) શણગાર માનસી – ભગવાનને વિવિધ શણગારો ધરાવવા. (૩) રાજભોગ માનસી – ભગવાનને વિવિધ વાનગીઓનો થાળ ધરાવવો અને વિશ્રામ કરાવવો. (૪) ઉત્થાપન માનસી – બપોરે વિશ્રામમાંથી ઠાકોરજીને જગાડી મુખ પ્રક્ષાલન વગેરે કરાવી, જલ તથા ફળફળાદિ ધરાવવાં. (૫) શયન માનસી – રાત્રી ભોજન બાદ ઠાકોરજીને પોઢાડવા.

માનસી પૂજાનો વિશેષ લાભ એ છે કે તેમાં આપણાં બધા જ ભક્તિભાવ તેમાં પૂરા કરી શકીએ છીએ. માનસી પૂજાથી આપણી આસક્તિ પ્રભુની સેવામાં રૂપાંતરિત થાય છે. તેમાં તવંગર કે ગરીબ પણ વિવિધ ભોગ ધરાવી શકે છે. માનસી પૂજામાં ભગવાન પોતાના બની રહે છે. મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત સારંગપુર પ્રકરણ-ઉમાં ભગવાનનો સાક્ષાત્કાર કરવા મનન-નિદિધ્યાસન જરૂરી દર્શાવે છે, તે મનન-નિદિધ્યાસન માનસી પૂજા દ્વારા શક્ય બને છે.

ઉપરોક્ત આહ્નિક કર્મોનું પાલન કરવાની પ્રેરણા આપણને આપણાં રોલ-મોડેલરૂપ ગુણાતીત ગુરુઓનાં જીવનમાંથી પ્રાપ્ત થાય છે. એ આહ્નિકોનું પાલન કરીને ભૌતિકતાના આ અશાંતિભર્યા સમયમાં સુખ-શાંતિની અનુભૂતિ માણતા રહીએ, પ્રભુના કૃપાપાત્ર બની રહીએ. ✷ ✷ ✷

B.A.P.S. Swaminarayan Mandir,
Shahi Baugh, Ahmedabad - 390009.

# નાથ સંપ્રદાય અને તેની સાધના

❑ સુરેશ ગાલા

*[ સુરેશ ગાલા જૈન ધર્મ તેમ જ અન્ય ધર્મોના અભ્યાસી છે, યોગસાધક છે. એમના પાંચ પુસ્તકો-'અનહદની બારી', 'અસીમને આંગણે', 'મરમનો મલક', 'નવપદની ઓળી' અને 'યોગસાધના અને જૈન ધર્મ' પ્રકાશિત થયા છે. 'અસીમને આંગણે' આ પુસ્તક કાશ્મીરી સંત કવયિત્રી લલેશ્વરીના કાવ્યોનો ગુજરાતીમાં છંદોબદ્ધ ભાવાનુવાદ છે. આ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. ]*

મહાકવિ શ્રી સુમિત્રાનંદન પંતે રજનીશજીને એકવાર પ્રશ્ન પૂછ્યો કે ભારતના ધર્માકાશમાં કયા બાર સહુથી વધારે ચમકતા સિતારા છે? રજનીશજીએ જવાબમાં બાર નામ ગણાવ્યા. ૧. કૃષ્ણ, ૨. પતંજલિ, ૩. બુદ્ધ, ૪ મહાવીર, ૫. નાગાર્જુન, ૬. આદિ શંકરાચાર્ય, ૭. ગોરખનાથ, ૮. કબીર ૯. નાનક, ૧૦. મીરાંબાઈ, ૧૧. રામકૃષ્ણ પરમહંસ, ૧૨. જે. કૃષ્ણમૂર્તિ. રજનીશજીએ આ બાર નામ પસંદ કરવા માટેના કારણ પણ ગણાવ્યા. આ પ્રશ્નની શૃંખલામાં સુમિત્રાનંદન પંતે રજનીશજીને છેલ્લો પ્રશ્ન પૂછ્યો કે તમારે ભારતના ધર્માકાશમાં ઝળહળતી માત્ર ચાર જ વ્યક્તિઓને પસંદ કરવાની હોય તો તમે કોને પસંદ કરશો? રજનીશજીએ જવાબ આપ્યો. ૧. કૃષ્ણ, ૨. પતંજલિ, ૩. બુદ્ધ, ૪. ગોરખનાથ! આ ચાર વ્યક્તિઓને પસંદ કરવા માટેના કારણો પણ રજનીશજીએ જણાવ્યા.

રજનીશજીની દૃષ્ટિએ ગોરખનાથ ન થયા હોત તો કબીર, નાનક, દાદુ, ફરિદ, મીરાં કદાચ ન થઈ શક્યા હોત. ભારતની પૂરેપૂરી સંત પરંપરાના મૂળમાં ગોરખનાથ છે. ગોરખનાથે પરમ સત્યને પામવા માટે, ભીતર આંતરખોજ કરવા વિધિઓ શોધી, સાધનાનો એક ક્રમ બનાવ્યો.

નાથ સંપ્રદાય સાધકોનો સંપ્રદાય છે. જે શિવને પરમ તત્ત્વ તરીકે સ્વીકારે છે. નાથ સંપ્રદાયની મુખ્ય સાધના યોગસાધના છે. દીક્ષા પછી નામના અંતે 'નાથ' ઉપાધિ ધારણ કરે છે.

નાથયોગીઓની એવી પરંપરાગત માન્યતા છે કે નાથ સંપ્રદાયના આદિ પ્રવર્તક શિવજી છે, તેથી જ નાથ સંપ્રદાયમાં તેમને આદિનાથ કહે છે. શિવજી દ્વારા આ જ્ઞાન પાર્વતીજી પાસે આવ્યું ને તે જ જ્ઞાનનું મત્સ્યેન્દ્રનાથજીએ શ્રવણ કર્યું અને જીવનમાં ઉતાર્યું. આ રીતે આ ધરતી પર નાથ સંપ્રદાયનો આરંભ મત્સ્યેન્દ્રનાથજી દ્વારા થયો છે. માનવ તરીકે મત્સ્યેન્દ્રનાથજી નાથ સંપ્રદાયના આદિ પ્રવર્તક છે, આમ છતાં નાથ સંપ્રદાયનું વ્યવસ્થિત અને વ્યાપક સંગઠન એમના જ સમર્થ શિષ્ય ગોરખનાથ દ્વારા થયું છે. અગિયારમી, બારમી અને તેરમી સદી – આ ત્રણસો વર્ષ દરમિયાન નાથ સંપ્રદાય ભારતભરમાં ઘણો વ્યાપક અને લોકપ્રિય બની રહ્યો એનું કારણ ગોરખનાથ છે.

નાથ સંપ્રદાયના અનુયાયીઓ બે પ્રકારના છે. ૧. નાથ સાધુઓ, ૨. નાથ ગૃહસ્થો. સામાન્ય રીતે નાથ સંપ્રદાયમાં સ્ત્રીઓને સાધુ તરીકે દીક્ષા મળતી ન હતી પરંતુ હવે સ્ત્રીઓને સાધ્વી દીક્ષા મળે છે અને તેમને 'નાથની' કહેવામાં આવે છે. નાથ સંપ્રદાયમાં પરસ્પર અભિવાદન માટે 'આદેશ' અને 'અલખ નિરંજન' શબ્દનો પ્રયોગ થાય છે.

કાળાંતરે નાથ સંપ્રદાયની પણ બાર શાખાઓ બની છે. ભારત ભરમાં નવનાથ શબ્દ પ્રચલિત છે. આ નવનાથમાં નવ મહાન સિદ્ધોનો સમાવેશ થાય છે. નવનાથમાં કયા કયા નાથ છે તે વિશે અનેક મત પ્રવર્તે છે. સામાન્ય રીતે નવનાથમાં આ નવ નામ નવનાથ તરીકે પ્રચલિત છે.

૧. મત્સ્યેન્દ્રનાથ, ૨. ગોરખનાથ, ૩. જાલંધરનાથ, ૪. કાનિફનાથ, ૫. ભર્તુહરિનાથ, ૬. ગોપીચંદનાથ, ૭. રેવણનાથ, ૮. ગહનીનાથ અને ૯. નાગનાથ.

નાથ સંપ્રદાયમાં ચોરાશી સિદ્ધો પણ પ્રચલિત છે. ચોરાશી સિદ્ધોના નામો માટે પણ અલગ અલગ મત છે. નવનાથનો સમાવેશ ચોરાશી સિદ્ધોમાં થાય છે.

ભગવાન શિવજી નાથોના ઇષ્ટદેવ અને ઉપાસ્ય છે પણ નવનાથ અને ચોરાશી સિદ્ધોના દીક્ષાગુરુ ભગવાન દત્તાત્રેય છે. તેથી જ ભગવાન દત્તાત્રેયને સિદ્ધોના સિદ્ધ ગણવામાં આવે છે.

ભલે મત્સ્યેન્દ્રનાથ નાથ પરંપરાના પહેલા નાથ છે પરંતુ મત્સ્યેન્દ્રનાથના શિષ્ય ગોરખનાથે ભારતની ત્રણ વખત પદયાત્રા કરી. નાથ સંપ્રદાયની સાધના પદ્ધતિ, યોગસાધનાની ક્રિયાઓ આદિ દર્શાવી નાથ સંપ્રદાયની દૃઢ પ્રતિષ્ઠા કરી.

ગોરખનાથજીએ નાથસંપ્રદાયમાં દીક્ષિત થવા માટે નાતજાતના કોઈ ભેદ માન્યા નથી. નાથ સંપ્રદાયમાં બ્રાહ્મણો, દલિતો અને મહાન રાજાઓ પણ હતા. ગઈકાલ સુધી નેપાળના રાજગુરુ નાથયોગીઓ જ હતા.

જ્યારે કોઈ વ્યક્તિ નાથ સંપ્રદાયના સાધુ બનવાની ઈચ્છા પ્રદર્શિત કરે ત્યારે પ્રારંભમાં તેને ઓઘડ કહેવામાં આવે છે. દીક્ષા મળ્યા પછી જ એને નાથસાધુ કહેવામાં આવે છે. એણે નિમ્નલિખિત ૧૬ વસ્તુઓ સાથે રાખવી પડે છે અથવા ધારણ કરવી પડે છે.

૧. કુંડલ (દીક્ષા વખતે કાનમાં છિદ્ર કરી પહેરાવવામાં આવે છે) ૨. ધંધારી કે ધાંધળી, ૩. કિંગરી, ૪. શૃંગી કે શિંગી, ૫. સુમિરિની અથવા માળા, ૬. આધારી, ૭. સોટા, ૮. મેખલા, ૯. સિંહનાદ જનોઈ, ૧૦. ગુદડી, ૧૧. ખપ્પર, ૧૨. કંથા, ૧૩. ત્રિપુંડ, ૧૪. જરા, ૧૫. ભસ્મ, ૧૬. ઝોલા કે ઝોળી.

નાથ સંપ્રદાય વેદમાન્ય સંપ્રદાય છે. નાથ સંપ્રદાયની પરંપરા પ્રધાનતઃ હઠયોગની પરંપરા છે. છતાં મહર્ષિ પતંજલિ પ્રણીત રાજયોગ અને ગોરખનાથ પ્રણીત હઠયોગ જોડિયા ભાઈઓ સમાન છે. નાથ સંપ્રદાયમાં મહાકાળિની ઉપાસનાની પણ પરંપરા છે. શ્રીનાથ રહસ્ય નામના ગ્રંથમાં નાથ સંપ્રદાયના હજારો મંત્રોનો સમ્મુચય જોવા મળે છે. આ મંત્રો સંસ્કૃતમાં નથી, પરંતુ સાધુકડી હિન્દી ભાષામાં છે.

નાથ સંપ્રદાયમાં શિવ-શક્તિની ઉપાસના છે. નિર્ગુણ, અપરિવર્તનીય, સ્વતઃપ્રકાશિત એક ચરમ આધ્યાત્મિક સત્તા છે. તેને જ શિવતત્ત્વ કહેલ છે. આ શિવતત્ત્વની સાથે તેનાથી અભિન્ન તેની જ શક્તિ અવસ્થિત છે. એક જ પરમતત્ત્વ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત અને નિષ્ક્રિય હોય ત્યારે શિવ કહેવાય છે અને સ્વરૂપમાંથી અભિવ્યક્ત થવા સક્રિય બને ત્યારે શક્તિ કહેવાય છે.

આ પરબ્રહ્મ શિવ અનાદિ અનંત, નિત્ય, નિર્વિકારી, અજ અવિનાશી અને સર્વોપરિ છે. તેનાથી અભિન્ન શક્તિ પ્રકાશદાયિની અને જ્ઞાનરૂપિણી છે. શિવ જગત્પિતા છે અને શક્તિ જગત્માતા છે. શિવ વિના શક્તિનું કોઈ અસ્તિત્વ નથી અને શક્તિ વિના શિવ શબવત્ છે. શિવ અને શક્તિ અભિન્ન હોવા છતાં તેમની વચ્ચે ભેદજ્ઞાનનો આભાસ થાય છે જે સર્વ અનર્થનું કારણ છે.

આ શક્તિ બ્રહ્માંડમાં આદ્યાશક્તિ તરીકે પ્રચલિત છે. જે બ્રહ્માંડમાં છે એ પિંડમાં છે એ નાતે પિંડમાં આ શક્તિ કુંડલિની શક્તિ તરીકે પ્રચલિત છે. માનવ દેહમાં સૌથી પ્રધાન કાર્યકારિણી શક્તિ એટલે કુંડલિની શક્તિ જે બ્રહ્માંડમાં વ્યાપ્ત મહાકુંડલિની કે આદ્યાશક્તિનું જ પિંડગત સ્વરૂપ છે. માનવદેહમાં આ કુંડલિની શક્તિ સુષુપ્ત સ્વરૂપે અવસ્થિત છે. આ કુંડલિની શક્તિ કે પ્રાણશક્તિ અપરંપાર શક્તિઓની અધિષ્ઠાત્રી છે.

માનવ દેહ માત્ર રસ, રક્ત આદિ સપ્ત ધાતુઓનો બનેલો નથી. સપ્તધાતુનું શરીર અન્નમય કોશ છે. મનુષ્ય એટલે આત્મા ઉપર ત્રણ શરીરના આવરણ ધારણ કરનાર વ્યક્તિ. અન્નમયકોશની અંદર પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ અવસ્થિત છે.

૧. સ્થૂળ શરીર-અન્નમય કોશ (પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનું સ્થાન)

૨. સૂક્ષ્મ શરીર-પ્રાણમયકોશ, મનોમય કોશ અને વિજ્ઞાનમય કોશ. (મન અને બુદ્ધિનું સ્થાન)

૩. કારણ શરીર-આનંદમય કોશ (જન્મોજન્મના કર્મો, સંસ્કારો, વાસનાઓ, કષાય આદિનું સ્થાન).

માનવદેહમાં સાત ચક્રો છે. ૧. મૂલાધાર, ૨. સ્વાધિષ્ઠાન, ૩. મણીપુર, ૪. અનાહત, ૫. વિશુદ્ધ, ૬. આજ્ઞા, ૭. સહસ્રાર. સામાન્ય રીતે આ ચક્રો બંધ હોય છે. મૂલાધાર ચક્રમાં કુંડલિની શક્તિ સાડા ત્રણ ગુંચળાવાળી સર્પિણીની જેમ સુષુપ્ત હોય છે. યોગસાધના દ્વારા જ્યારે આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે ત્યારે આ શક્તિનું ઊર્ધ્વારોહણ થાય છે. પરિણામે આ ચક્રોનું ભેદન થાય છે અને ચક્રો ખૂલવા માંડે છે. આ ચક્રો ખૂલવાથી યોગી માટે અધ્યાત્મનો ખજાનો ખૂલી જાય છે.

માનવ દેહમાં ૭૨,૦૦૦ નાડીઓ છે. તેમાં દશ પ્રધાન છે. તેમાં પણ ત્રણ મુખ્ય છે. ૧. ઈડા, ૨. પિંગલા, ૩ સુષુમ્ણા.

માનવ દેહમાં દશ પ્રાણ છે. તેમાં પાંચ પ્રાણ મુખ્ય છે. ૧. પ્રાણ, ૨. અપાન, ૩. સમાન, ૪. ઉદાન અને ૫. ધ્યાન.

માનવદેહમાં સોળ આધાર છે જેવાં કે નાભ્યાધાર, કંઠાધાર, જિહવામૂલ, ભૂમધ્યાધાર, કપાટાધાર, લલાટાધાર, આદિ. આ સોળ આધાર શરીરમાં રહેલાં વિશિષ્ટ અને સંપૂર્ણ સ્થાનો છે. આ સ્થાનોમાં ધ્યાન કરવાનું વિશેષ મૂલ્ય અને વિશેષ ફળ છે. (ગુરુગમ્ય સાધના છે.)

માનવ દેહમાં પાંચ વ્યોમ છે. આકાશ, પરાકાશ, મહાકાશ, તત્ત્વાકાશ અને સૂર્યાકાશ. આ પાંચ આકાશ પાંચ વ્યોમ છે. આ પાંચ વ્યોમમાં ધ્યાનનું વિશિષ્ટ ફળ છે.

માનવ દેહમાં ત્રણ ગ્રંથિ છે. બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ. જે અનુક્રમે નાભિ, હૃદય અને ભ્રૂમધ્યમાં અવસ્થિત છે. માનવ દેહમાં સૂર્ય અને ચંદ્ર છે. ચંદ્ર મસ્તકમાં છે અને સૂર્ય નાભિમાં છે. ચંદ્રમાંથી અમૃત ઝરે છે. માનવ શરીરમાં અપરંપાર રહસ્યમય તત્ત્વો છે. માનવ શરીરને છેદવાથી આમાંનું કાંઈ મળે નહીં. આ તો દિવ્ય દૃષ્ટિથી નાથ સંપ્રદાયનું આંતરદર્શન છે. જેનું સ્થાન સૂક્ષ્મ શરીર છે.

ગોરખનાથ ગોરક્ષ શતકમાં લખે છે-

ષટચક્ર ષોડશાધારં ગિલક્ષ્યં યોમપંચકમ્।

સ્વદેહે યો ન જાનન્તિ કથં સિદ્ધયન્તિ યોગિનઃ।।

છ ચક્ર, સોળ આધાર, ત્રણ લક્ષ્ય (ગ્રંથિ) અને પાંચ વ્યોમ – જે યોગી પોતાના શરીરમાં (સૂક્ષ્મ શરીરમાં) આ તત્ત્વોને જાણતો ન હોય તે સિદ્ધિ કેવી રીતે પામી શકે?

નાથસંપ્રદાય ગહન રહસ્યવાદી સંપ્રદાય છે–જેના રહસ્યપૂર્ણ તત્ત્વો નીચે પ્રમાણે છે-

૧. માનવદેહનું રહસ્યપૂર્ણ સ્વરૂપ (ઉપર આલેખન કર્યું છે), ૨. કુંડલિની અને તેનું જાગરણ, ૩. યોગસાધના, ૪. નાદાનુસંધાન, ૫. અજયાજય, ૬. સમરસીકરણ અને ૭. દેહસિદ્ધિ (દિવ્ય દેહની પ્રાપ્તિ)

યોગસાધનામાં હઠયોગના ચાર અંગ સમાવિષ્ટ છે. ૧. આરાન, ૨. પ્રાણાયામ, ૩. મુદ્રા અને ૪. સમાધિ.

**નાદાનુસંધાન-અજયાજય**

પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ 'ઓમ' અર્થાત્ પ્રણવ છે. સમગ્ર સૃષ્ટિ નાદમાંથી પ્રગટ થઈ છે. પ્રણવનાદ દ્વારા નાદાનુસંધાન સુધી પહોંચાય છે અને નાદાનુસંધાન દ્વારા સમાધિઅવસ્થા સુધી પહોંચાય

છે. નાથ પરંપરામાં આ વિશિષ્ટ ગુરુગમ્ય સાધના છે. આ પ્રણવજપની સાધના માત્ર વાંચીને સમજી શકાય એમ નથી. છતાં આ સાધનાની પ્રાથમિક માહિતી અહીં પ્રસ્તુત છે.

૧. વહેલી સવારે સ્વચ્છ સ્થાનમાં ઉનના આસન ઉપર પદ્માસન અથવા સુખાસનમા ટટાર બેસવું.

૨. આંખો બંધ કરી પૂરક કરવો (નસકોરા દ્વારા શ્વાસ લેવો. શ્વાસ લેતાં લેતાં પેટ ફૂલવું જોઈએ.)

૩. મુખ ખોલી ધીરે ધીરે શ્વાસ બહાર કાઢતાં કાઢતાં 'ઓ' નો ઉચ્ચાર લંબાવી છેલ્લે 'મ'નું ઉચ્ચારણ કરવું. શ્વાસ બહાર નીકળે ત્યારે પેટ અંદર જવું જોઈએ.

૪. આમ ઓમનું ઉચ્ચારણ (ઓ લંબાવી) ૧૧ વખત કરવું.

૫. ઉપર લખેલી પ્રક્રિયામાં 'ઓ'નો ઉચ્ચાર ટૂંકાવી 'મ'નું ઉચ્ચારણ લંબાણપૂર્વક કરવું.

૬. આ પ્રક્રિયા ('મ' લંબાવી) ૧૨ વખત કરવી.

'મ' નું ઉચ્ચારણ કર્યા પછી 'મ'ના નાદના અનુરણનને સાંભળવાનો પ્રયાસ કરવો. આ પ્રક્રિયામાં પહેલાં ઓમનું ઉચ્ચારણ પછી નાદનું અનુરણન અને આખરે અનાહતનાદનું શ્રવણ થાય છે. પરિણામે મનનો લય થાય છે.

આ નાદાનુસંધાન પદ્ધતિમાં પ્રણવનાદ અને પ્રાણાયામનો અભ્યાસ સાથે જ ચાલે છે. આમાં આંતરકુંભક અને બાહ્યકુંભક અલ્પ પ્રમાણમાં થાય છે. આ સાધના ગુરુના માર્ગદર્શન હેઠળ કરવી જોઈએ.

નાદાનુસંધાનની બીજી પદ્ધતિમાં સ્થૂળ શરીરના નવ દ્વારને (બેકાન, બે આંખ, બે નસકોરા, એક મુખ, એક ઉપસ્થ, એક પાયુ (મૂલબંધ દ્વાર) બંધ કરી નાદાનુસંધાનની સાધના કરવાની હોય છે. (અજયાજયની સ્થિતિ). આ સાધના દ્વારા અનાહત નાદ શ્રવણ અને જ્યોતિદર્શન થાય છે. આ ગુરુગમ્ય સાધના છે.

નાદાનુસંધાનની સાધનામાં આગળ વધેલા સાધકો માટે ચક્રધ્યાન છે જે ગુરુગમ્ય છે. ચક્રધ્યાનમાં સૂક્ષ્મ શરીર સ્થિતિ ચક્રો ઉપર ઓમથી વાર કરવાનો હોય છે. પરિણામે ચક્રો ક્રિયાશીલ બને છે.

કાશ્મીરની સંત કવયિત્રી લલ્લેચરી નાદાનુસંધાન માટે લખે છે-

નવદ્વાર બંધ કરી, પકડ્યો પ્રાણચોર,<br>
હૃદયે વિંધ્યો ઓમથી, લાધ્યો અનહદ છોર

**સમરસીકરણ અને દેહસિદ્ધિ**

સમરસીકરણ વિશિષ્ટ સાધના છે. આ સાધના નાથ સંપ્રદાય સિવાય અન્ય કોઈ સંપ્રદાયમાં હોવાનું જાણમાં નથી. આ સાધનાના પ્રથમ પ્રણેતા ગોરખનાથ છે.

૧. પિંડ અને બ્રહ્માંડ અભિન્ન છે. આ સ્વરૂપગત અભિન્નતાનો અજ્ઞાનને કારણે ભંગ થયો છે અને ભિન્નતા પ્રગટ થઈ છે. આ આભાસી ભિન્નતાનો ભંગ કરીને પિંડ અને બ્રહ્માંડ વચ્ચે પુનઃ અભિન્નતા સિદ્ધ કરવી તેનું નામ સમરસીકરણ છે.

શિવ, શક્તિ અને સૃષ્ટિ આ ત્રણેય વસ્તુતઃ એકરૂપ છે. કારણ કે ચિન્મય શિવતત્ત્વનો જ આ વિસ્તાર છે. શિવ અને શક્તિ તો અભિન્ન છે જ પરંતુ સૃષ્ટિ પણ ચિદ્રૂપ છે અને શિવ શક્તિથી અભિન્ન છે. આ અભિન્નતા સિદ્ધ કરવી તેનું નામ સમરસીકરણ છે.

આત્મા અને દેહ બંને અભિન્ન છે. આત્માની જેમ દેહ પણ સમરસીકરણ દ્વારા અજર અમર બની શકે છે. આત્માના અમરત્વ, ચિન્મયતા આદિ ગુણો દેહ પણ પ્રાપ્ત કરી શકે છે. એને સમરસીકરણ કહે છે.

માનવદેહને જરા વ્યાધિ અને મરણથી મુક્ત કહી શકાય અને દેહને અજર અમર કહી શકાય એવો વિચાર ભારતને માત્ર નાથ સંપ્રદાય દ્વારા પ્રાપ્ત થયેલ છે. આવા જરા, વ્યાધિ અને મરણથી મુક્ત અજર અમર દેહને સિદ્ધદેહ કહે છે. નાથયોગીનું લક્ષ્ય કૈવલ્યની પ્રાપ્તિ નથી પણ તેનાથી આગળનું પગથિયું એટલે કે સિદ્ધદેહની પ્રાપ્તિ છે.

સિદ્ધદેહની પ્રાપ્તિને નાથયોગીઓ પરમ લક્ષ્ય ગણે છે. નાથ સંપ્રદાય અનુસાર અનેક સિદ્ધ યોગીઓએ સિદ્ધદેહની પ્રાપ્તિ કરી છે. ગોરખનાથ આદિ સિદ્ધો આજે પણ સિદ્ધદેહમાં પૃથ્વીના વાતાવરણમાં છે.

શિવશક્તિવાદ નાથ સંપ્રદાયનું કેન્દ્ર છે. જગત દુઃખરૂપ, અનિત્ય મિથ્યા કે ત્યાજ્ય નથી પણ આ સુંદર સૃષ્ટિ તો શિવશક્તિની અભિવ્યક્તિ છે અને તદ્નુસાર શિવશક્તિની જેમ ચિદ્રૂપ છે.

જેમ ભાખરી, થેપલા, રોટલી અને પરોઠાં એમ નામ જુદાં છે. બાહ્યસ્વરૂપ પણ જુદું છે. પરંતુ એમાં મુખ્ય દ્રવ્ય તો ઘઉંનો લોટ છે એમ ભિન્ન ભિન્ન સંપ્રદાયની યોગસાધના પદ્ધતિઓના નામ ભલે જુદા હોય, બાહ્યસ્વરૂપ જુદું હોય પણ આ બધી યોગસાધના પદ્ધતિઓના કેન્દ્રમાં, તો કુંડલિની શક્તિ અથવા પ્રાણશક્તિનું ઊર્ધ્વીકરણ જ છે.

નાથ સંપ્રદાયની સાધના એટલે શું એ પ્રશ્નના જવાબમાં એમ કહી શકીએ કે નાથસંપ્રદાયની સાધના એટલે-

૧. યમ નિયમનું પાલન કરવું. નાથસાધુએ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરવું.

૨. હઠયોગની સાધના વડે શરીર અને ઈન્દ્રિયોની શુદ્ધિ કરવી.

૩. પ્રાણાયમ, નાદાનુસંધાન, અજયાજય આદિ ગુરુગમ્ય સાધના પદ્ધતિથી કુંડલિની શક્તિ જાગૃત કરી, પ્રાણશક્તિનું ઉર્ધ્વગમન કરી, ષટ્ચક્ર ભેદન કરી સહસ્રારમાં શિવશક્તિનો સંયોગ રચી પરમ આનંદ અવસ્થા (કૈવલ્ય) પ્રાપ્ત કરવી.

૪. કૈવલ્યની પ્રાપ્તિ પછી પણ સિદ્ધદેહ પ્રાપ્ત કરવો. જે નાથયોગીનું પરમ લક્ષ્ય છે.

✷ ✷ ✷

તા.ક.: આ લેખ તૈયાર કરવા રજનીશજીના પુસ્તક મરૌ હે જોગી મરૌ તથા શ્રી ભાણદેવ રચિત નાથસંપ્રદાય પુસ્તકનો આધાર લીધો છે.)

૬૦૧, નિલકંઠ સદન, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ),<br>
મુંબઈ- ૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૧૦ ૨૫૩૩૬.

# બૌદ્ધ ધર્મસાધના : બોધિચર્યા

❑ ડૉ. નિરંજના શ્વેતકેતુ વોરા

*[ ડૉ. નિરંજના વોરા (M.A. Ph.D.), ઈન્ટરનેશનલ સેન્ટર ઑફ જૈન સ્ટડીઝ અને બુદ્ધીસ્ટ ડિપાર્ટમેન્ટના માજી ડાયરેક્ટર છે. જૈન દર્શન અને બૌદ્ધ દર્શનના ઊંડા અભ્યાસી છે. તેમણે આ બંન્ને દર્શન પર લગભગ ૨૫ થી ૩૦ પુસ્તકો લખ્યા છે, જેમાંના કેટલાકને સાહિત્ય અકાદમી અને સાહિત્ય પરિષદના પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. તેમણે હસ્તપ્રત વિદ્યાનો પણ અભ્યાસ કર્યો છે, જેના આધારે પુસ્તકોનું સંપાદન કર્યું છે. ]*

ગૌતમ બુદ્ધે ભૌતિક સુખો અને સ્વર્ગકામના માટે થતા યજ્ઞ-યાગાદિ ક્રિયાકાંડ, નિર્ગ્રંથોનો તથાકથિત ક્રિયાવાદ, અન્ય શ્રમણ-પંથોની વિરોધી ધારણાઓનું ગહન વિશ્લેષણ કરીને ચાર આર્ય સત્ય, આર્ય અષ્ટાંગિક માર્ગ, પ્રતીત્ય સમુત્પાદ, ઉપાદાનસ્કંધ, અનાત્મવાદ, શૂન્યવાદ, કર્મફળનો પરિપાક અને નિર્વાણ વગેરે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. તેમનું જ્ઞાનદર્શન કેવળ મોક્ષપ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ કરનારું ન હતું, પરંતુ તે સમયની પ્રચલિત ધાર્મિક વિચારધારાઓમાં ક્રાન્તિકારી પરિવર્તન, સામાજિક સંરચનાનું પુનઃનિર્માણ અને નવા જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા માટે પ્રેરક જીવનદૃષ્ટિ આપનારું હતું. તત્કાલીન પ્રચલિત સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિસ્થિતિથી પ્રેરિત પ્રતિક્રિયારૂપે બૌદ્ધધર્મનો આવિર્ભાવ થયો હતો.

બૌદ્ધ ધર્મસાધના અથવા બોધિચર્યામાં ક્રમશઃ સમયના અનુસંધાનમાં મુખ્યત્વે ત્રણ તબક્કા જોવા મળે છે. આરંભકાળમાં બુદ્ધપ્રેરિત શિક્ષાપદોના અનુસરણરૂપે થતું નિયમોનું પાલન જ ધર્મની ઉપાસના અને નિર્વાણપ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ કરનારું હતું. ત્યારબાદ બીજા તબક્કામાં, ભિક્ષુસંઘનો વિસ્તાર થતાં, ભિક્ષુ-ભિક્ષુણીઓ અને ઉપાસકો વગેરે માટે 'વિનયપિટક'માં નિશ્ચિત થયેલા નિયમોનું પાલન અનિવાર્ય બન્યું. મહાયાની પરંપરાના સંદર્ભમાં બૌદ્ધધર્મમાં ભક્તિ અને મૂર્તિપૂજાના થયેલા આરંભને ત્રીજો તબક્કો ગણી શકાય. ત્યારબાદ તાંત્રિક બૌદ્ધસાધના પણ પ્રચલિત બની.

આરંભકાળમાં તેમણે દર્શાવેલા સિદ્ધાંતોને અનુરૂપ સાધનાનું ભિક્ષુઓ પાલન કરતા હતા. ગૌતમ બુદ્ધે ધર્મરહસ્યના સારરૂપ ૧. દુઃખ, ૨. દુઃખ સમુદાય, ૩. દુઃખનિરોધ, ૪. દુઃખનિરોધઃગામિની પ્રતિપદ–એ ચાર આર્ય સત્યો નિર્દેશ્યાં છે. તેમની દૃષ્ટિએ દુઃખની પ્રવૃત્તિ સમજીને તેની નિવૃત્તિ માટે પ્રયત્ન કરાવે તે જ ધર્મ-ચર્યા છે.

**મધ્યમ માર્ગ :**

આર્ય અષ્ટાંગિક માર્ગને તેમણે મધ્યમમાર્ગ કહ્યો છે. મનુષ્યે બંને પ્રકારના અંતનું સેવન ન કરવું જોઈએ. કામ્ય વસ્તુઓમાં ભોગેચ્છાથી લીન રહેવું તે પ્રથમ અંત છે. આ વિષયાનુયોગ મહાન, ગ્રામ્ય અને આધ્યાત્મિકતાથી દૂર લઈ જનાર છે. બીજો અંત છે-અત્યંત કષ્ટ આપનાર તપશ્ચર્યા કરવી. આ માર્ગ પણ અનાર્ય અને દુઃખ ઉત્પન્ન કરનાર છે. આ બંને અંગોનો પરિત્યાગ કરીને વચ્ચેના મધ્યમ વર્ગનું અનુસરણ નેત્રનું ઉન્મીલન કરનાર, જ્ઞાન આપનાર છે.

**બૌદ્ધ ધર્મનો સ્થાપનાકાળ અને શિક્ષાપદોનું અનુસરણ:**

બૌદ્ધ ધર્મમાં પ્રવજ્યા ધારણ કરતી વખતે વ્યક્તિ બુદ્ધને નમન કરવા માટેનો અને બૌદ્ધ ત્રિશરણનો મંત્ર બોલે છે :

**।। ॐ नमो तस्स भगवतो अरहतो सम्मा संबुद्धस्स ।।**
**बुद्धं सरणं गच्छअमि,**
**धम्मं सरणं गच्छामि,**
**संघं सरणं गच्छामि.**

(વિનયપિટક, મહાવગ્ગ, ઉપસંપદાકથા)

'બુદ્ધને શરણે જાઉં છું, ધર્મને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું.' એમ ત્રણ વખત બોલે છે. ત્યારબાદ ઉપાસકને માટે પંચશીલ અને ભિક્ષુ માટે દસ શીલ સૂચવનારા શિક્ષાપદોનું વ્રત લેવામાં આવે છે.

૧. पाणातिपाता वेरमणि सिक्खापदं समादियामि
૨. अदिन्नादाना वेरमणि सिक्खापदं समादियामि
૩. कामेसु मिच्छाचार वेरमणि सिक्खापदं समादियामि
૪. मुसावादा वेरमणि सिक्खापदं समादियामि
૫. सुरा - मेरय - मज्जपमादधट्ठाना - वेरमणि सिक्खापदं समादियामि
૬. परुषवाग्वेरमणी सिक्खापदं समादियामि
૭. संभिन्नप्रलापवेरमणी सिक्खापदं समादियामि
૮. अभिध्यावेरमणी सिक्खापदं समादियामि
૯. व्यापादवेरमणी सिक्खापदं समादियामि
૧૦. मिथ्यादृष्टिवेरमणी सिक्खापदं समादियामि

આમાંથી પ્રથમ પાંચ શિક્ષાપદો ઉપાસકો માટે છેઃ

૧. કોઈપણ પ્રાણીના પ્રાણનો અતિપાત-પ્રાણ લેવાથી-હિંસાથી-વિરમવારૂપ એટલે પ્રાણાતિપાતથી વિરમવા રૂપ શિક્ષાપદ.
૨. કોઈએ ન આપેલ ચીજ લેવાથી વિરમવારૂપ - કોઈની ચીજ ચોરવારૂપ - અદત્તાદાનથી વિરમવારૂપ શિક્ષાપદ.
૩. કામવિષયમાં મિથ્યાચારથી વિરમવારૂપ શિક્ષાપદ.

૪. મૃષાવાદ–જૂઠું બોલવાથી વિમરવારૂપ શિક્ષાપદ.
૫. સુરા (દારૂ) વગેરે પ્રમાદસ્થાનોથી વિમરવારૂપ શિક્ષાપદ.

ભિક્ષુઓએ દસ શિક્ષાપદોનું પાલન કરવાનું હતું. જૈનધર્મના પંચ મહાવ્રત અને અણુવ્રત સાથે તેનું સામ્ય જોઈ શકાય.

બૌદ્ધધર્મના આરંભકાળમાં શિક્ષા-પદ હતાં, પરંતુ તે ધર્મમાં જ અંતર્નિહિત હતાં. બોધિપક્ષીય ધર્મોની ભાવના અને આર્ય અષ્ટાંગિક માર્ગને અનુકૂળ આચારવિચાર સ્વતઃચિત્ત અને કાયાની શુદ્ધિ માટે પરિપૂર્ણ હતાં. સર્વ અનુકૂળ ધર્મોનો ત્યાગ અને કુશળ ધર્મના પાલન માટેના ઉપદેશમાં વિનયનો પરોક્ષ રીતે સમાવેશ થયેલો જ હતો. ગૌતમ બુદ્ધે કહ્યું હતું:

'મેં જે શિક્ષાપદોનો–સદાચારના નિયમોનો ઉપદેશ આપ્યો છે, તેનું મારા શિષ્યો, પોતાના જીવનની રક્ષા માટે પણ ઉલ્લંઘન કરતા નથી.'

બૌદ્ધધર્મનું મહત્ત્વનું હાર્દ ધમ્મપદની આ ગાથામાં દર્શાવવામાં આવ્યું છે:

**सव्व पापस्स अकरणं कुसलस्स उपसंपदा।**
**सचित परियोदपनं एतं बुद्धनुसासनं ।।**

ધમ્મપદ ૧૪/(૫)

સર્વ પાપોથી વિરત - દૂર રહેવું (શીલ), કુશળ (પુણ્ય)નો સંચય કરવો (સમાધિ) અને સ્વચિત્તનું દમન કરવું (જ્ઞા) એ બુદ્ધનું અનુશાસન છે, અર્થાત્ શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણ ધર્મમાર્ગનાં મુખ્ય પગથિયાં છે અને તેને અધિશીલ શિક્ષા, અધિચિત્ત શિક્ષા અને અધિપ્રજ્ઞા શિક્ષા કહે છે. આમાં આર્યઅષ્ટાંગિક માર્ગનાં આઠ અંગ અંતર્ગત થાય છે.

અધિશીલ શિક્ષા — અધિચિત્ત શિક્ષા — અધિપ્રજ્ઞા શિક્ષા

સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત, સમ્યક્ આજીવ — સમ્યક્ દૃષ્ટિ, સમ્યક સંકલ્પ

સમ્યકવ્યાયામ — સમ્યકસ્મૃતિ — સમ્યક્ સમાધિ

**સમ્યક્ અષ્ટાંગિક માર્ગનાં આઠ અંગો:**

આર્ય અષ્ટાંગિક માર્ગનાં આઠ અંગો છે, તે-

''अयमेव अरियो अट्ठङ्गिको मग्गो सेय्यथीदं सम्मादिट्ठी, सम्मासङ्कप्पो, सम्मावाचा, सम्माकम्मन्तो, सम्मा आजीवो, सम्मा वायामो, सम्मा सति, सम्मा समाधि।''

(સમ્માદિટ્ઠિસુત્ત-મજ્ઝિમનિકાય)

સમ્યગ્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યગ્ વાચા, સમ્યક્ કર્મ, સમ્યગ્ આજીવ, સમ્યગ્ વાચા, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ – આર્ય અષ્ટાંગિક માર્ગના આંઠ અંગો છે. જે બૌદ્ધ ધર્મની આચાર મિમાંસાનું મહત્ત્વનું નિર્દેશન છે.

**શીલ-સમાધિ અને પ્રજ્ઞા :**

સ્કંધત્રયનો આધાર શીલ છે. બૌદ્ધધર્મમાં શીલનું મહત્ત્વ અપ્રતિમ છે. સર્વ અકુશળ કર્મ-પાપો-ન કરવા અને કુશળ કર્મોનું ઉપાર્જન કરવું તે શીલ છે. સર્વ પ્રકારનાં દુષ્કૃત્યોમાંથી વિરતી તે શીલ છે.

**સમાધિ :**

સમાધિ એટલે સદ્ વિચારમાં ચિત્તની એકાગ્રતા. તેનાથી અનેક પ્રકારની બુદ્ધિશક્તિ પ્રાપ્ત થાય છે. આસ્રવોનો ક્ષય થાય છે. તે સર્વ ઉપકલેશોનો પણ નાશ કરે છે તેથી પ્રજ્ઞાના ઉદય માટે તે સહાયક બને છે.

**પ્રજ્ઞા :**

સર્વ દ્વંદ્વાત્મક સ્થિતિમાં ઈષ્ટ-અનિષ્ટ વચ્ચે સમભાવ સ્થપાય છે ત્યારે સાધક પ્રજ્ઞાવાન બને છે. પ્રજ્ઞા એ પ્રકૃષ્ટ જ્ઞાન છે. પ્રજ્ઞાની ઉચ્ચત્તમ અવસ્થા જ સમ્યગ્ દૃષ્ટિ કે સમ્યગ્ સંબોધિ છે. આ શિક્ષાત્રયમાં સર્વ બૌદ્ધસાધનાનો સમાવેશ થાય છે. કાળક્રમે પણ આ સાધનાનું મહત્ત્વ બૌદ્ધધર્મમાં અગ્રસ્થાને રહ્યું છે.

**બૌદ્ધ ભિક્ષુસંઘ અને આચાર વિષયક નિયમો :**

ત્યાર બાદ રચાયેલા વિનયપિટકના નિયમો શીસ્તાના શાસનનું બાહ્ય રૂપ છે. ભિક્ષુઓ શીલવાન હતા અને ધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા હતા ત્યાં સુધી બાહ્ય નિયમોની આવશ્યકતા ઊભી થઈ ન હતી. પણ ભિક્ષુઓની સંખ્યા વધતી ગઈ અને સંઘ વિશાળ બન્યો. પછી કેટલાક અસંયમી અને વિદ્રોહી વૃત્તિવાળા ભિક્ષુઓ ધર્મ વિરુદ્ધ આચરણ કરતા હોવાનું જાણીને ગૌતમ બુદ્ધે આવશ્યકતા અનુસાર આચારવિષયક નિયમો તૈયાર કર્યા. બૌદ્ધ વિનયની ઉત્પત્તિ અને વિકાસ ઘટનાઓના માધ્યમથી થયાં છે.

**વિનયપિટક :**

વિનયપિટક બૌદ્ધ ભિક્ષુસંઘની મહત્ત્વપૂર્ણ આચરસંહિતા છે. 'ભિકખુ પાતિ મોકખ' તેનો જ એક ભાગ છે. તેમાંથી સંઘીય અનુશાસનના વાસ્તવિક સ્વરૂપનો પરિચય મળે છે. વિનયનો અર્થ છે સંઘનું અનુશાસન અથવા નિયમ. ગૌતમ બુદ્ધે પોતાના મૃત્યુ પછી સંઘ માટે કોઈ ગુરુપરંપરાની સ્થાપના કરી ન હતી. તેમણે વિનયને–અર્થાત્ વિનયપિટકમાં વર્ણિત સદાચારવિષયક નિયમો જ પોતાના વાસ્તવિક ઉત્તરાધિકારી હોવાનું જણાવ્યું હતું.

વિનયપિટક બૌદ્ધ ભિક્ષુસંઘનું સંવિધાન છે એમ કહી શકાય. જૈન ધર્મમાં 'આચારાંગસૂત્ર'નું જે મહત્ત્વ છે, તેવું બૌદ્ધધર્મમાં વિનયપિટકનું મહત્ત્વ છે. તેનો મુખ્ય વિષય ભિક્ષુ અને ભિક્ષુણીસંઘ છે. બૌદ્ધ ભિક્ષુસંઘની વ્યવસ્થા, ભિક્ષુ અને ભિક્ષુણીઓના નિત્ય નૈમિત્તિક કૃત્ય, ઉપસંપદાના નિયમો, દેશના, વર્ષાવાસ, ભોજન, વસ્ત્ર, પથ્યાદિ ઔષધ વગેરે સંબંધી નિયમો, સંઘનું સંચાલન તથા સંઘભેદ થયો હોય તો તેમાં એકતા સ્થાપવા માટેના નિયમો-આદિ અનેક નિયમોનું સંકલન વિનયપિટકમાં છે.

**પાતિમોક્ખ :**

વિનયપિટકનું વિભાજન સ્થવિરવાદ પ્રમાણે ત્રણ વિભાગમાં કરવામાં આવ્યું છેઃ (૧) સુત્તવિભંગ, (૨) ખન્ધક અને (૩) પરિવાર. સુત્તવિભંગનું પારાજિક અને પાચિત્તિય એમ બે વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. પણ ભિક્ષુ અને ભિક્ષુણીસંઘના ઉદ્દેશ અનુસાર તેના (૧) મહાવિભંગ અથવા ભિક્ખુવિભંગ અને (૨) ભિક્ખુણી-વિભંગ એવા ભાગ પણ આપવામાં આવ્યા છે. ભિક્ખુવિભંગમાં ભિક્ષુઓ સંબંધી અને ભિક્ખુણી-વિભંગમાં ભિક્ષુણી સંબંધી નિયમોનું નિરૂપણ છે. આ નિયમોનો સંગ્રહ 'પાતિમોક્ખ'ના નામથી પ્રસિદ્ધ છે. ભિક્ષુ અને ભિક્ષુણીસંઘ અનુસાર પાતિમોક્ખના બે વિભાગ છે : ભિક્ખુ પાતિમોક્ખ અને ભિક્ખુણી પાતિમોક્ખ. વિનયપિટકના પ્રથમ ભાગ સુત્તવિભંગમાં આ દૃષ્ટિએ 'પાતિમોક્ખ'નું સ્વરૂપ અને વ્યાખ્યા છે. અથવા પાતિમોક્ખ સુત્તવિભંગનું સંક્ષિપ્ત રૂપ છે.

**પાતિમોક્ખ અને ઉપોસથ :**

'પાતિમોક્ખ'નો સંબંધ ઉપોસથ સાથે છે. ભિક્ષુસંઘમાં 'ઉપોસથ' (ઉપવસથ-ઉપવાસ-વ્રત) નામના વ્રતનું પાલન કરવાનું અનિવાર્ય હતું. પ્રત્યેક માસની પૂર્ણિમા અને અમાવસ્યાએ જે ભિક્ષુઓ એક જ ગામ, ખેતર કે પ્રદેશમાં નજીક નજીકમાં જ વિહાર કરતા હોય, તે સર્વ એક નિશ્ચિત કરેલા સ્થળે એકત્ર થઈને 'પાતિમોક્ખ'નો પાઠ કરતા હતા. પાતિમોક્ખમાં પારાજિક, પાચિત્તિય, સંઘાદિસેસ વગેરેમાં વર્ગીકૃત ૨૨૭ અપરાધો અને તે સંબંધી નિયમોનું નિરૂપણ છે. ભિક્ષુ કોઈ નિયમનું ઉલ્લંઘન કરે તો તેણે પોતાના દોષનો સ્વીકાર કરીને સંઘની ક્ષમાયાચના કરવાની રહેતી હતી. અને દોષમુક્ત થવા નક્કી કરેલા નિયમોનું પણ અનુસરણ કરવું પડતું હતું.

ઉપોસથની પ્રથા અન્ય સંપ્રદાયોમાં પણ હતી. પરંતુ ગૌતમ બુદ્ધે તેમાં એક વિશેષ નીતિવિષયક આચારવિચારનું આરોપણ કર્યું હતું. બૌદ્ધ ભિક્ષુઓના પાતિમોક્ખના પાઠ દરમિયાન સભામાં ઉપસ્થિત ભિક્ષુઓ પાસે એવી અપેક્ષા રાખવામાં આવતી હતી કે, તેમાં ઉલ્લેખિત અપરાધ તેમણે કર્યો હોય તો ઊઠીને તેનો સ્વીકાર કરે. પાપકૃત્યનો સ્વીકાર કરવાથી ચિત્ત તેમાંથી મુક્ત બને છે. તેને ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરવાથી મન તેમાં જ નિમગ્ન રહે છે અને સાધનામાં તે વિઘ્નરૂપ બને છે. ચિત્તની શુદ્ધિ માટે અને વિમુક્તિ માટે પાપને પ્રગટ કરવાની આવશ્યકતા ગૌતમ બુદ્ધે ઉપોસથમાં થતા પાતિમોક્ખના પાઠ દ્વારા નિર્દેશી છે. જૈનધર્મની પ્રતિક્રમણની ક્રિયા સાથે આ વિધિ સરખાવી શકાય.

**પાતિમોક્ખનો અર્થ :**

આ દૃષ્ટિએ 'પાતિમોક્ખ'નો સામાન્ય અર્થ 'પાપમાંથી વિમુક્ત થવું' એવો કરી શકાય. જોકે પ્રત્યેક ભિક્ષુ અલગ અલગ સ્વયં પોતાના પાપનો સ્વીકાર કરીને પાપથી વિમોક્ષ મેળવે છે–એવો ભાવ અહીં સંગૃહિત છે. તેમાં સંસ્કૃત 'પ્રાતિ'નો 'પ્રાતિ' એટલે કે 'પ્રત્યેક' એવો અર્થ કરવામાં આવે છે. પ્રત્યેકની અલગ અલગ મુક્તિ તે પ્રાતિમોક્ષ કે પાતિમોક્ખ. દરેક ભિક્ષુ પોતે કરેલા અપરાધનો નિયમાનુસાર સ્વીકાર કરીને તેમાંથી સ્વતંત્રપણે મુક્તિ મેળવે છે. સર્વાસ્તિવાદી આદિ પ્રાચીન બૌદ્ધ પરંપરાઓ (સંપ્રદાયો) આ અર્થનો સ્વીકાર કરે છે.

**પ્રવારણા**

વર્ષાવાસને અંતે પ્રવારણાનું આયોજન થતું. પ્રવારણાને દિવસે પ્રત્યેક ભિક્ષુએ પોતાના વર્ષાવાસમાં કરેલાં પાપોનો સ્વીકાર કરવો પડતો. જો અપરાધ સાધારણ હોય તો તેનો સ્વીકાર કરનારને તરત દોષમુક્ત કરવામાં આવતો. આમ વર્ષાવાસના અંતે સમ્મિલિત સંઘમાં પોતાના દોષનો સ્વીકાર કરવો તેને પ્રવારણા કહેતા. વખત જતાં પ્રવારણામાં કેવળ વર્ષાવાસમાં કરેલા દોષોની જ નહીં પણ આખા વર્ષામાં કરેલા દોષોની કબૂલાત કરવાની પ્રથા પડી. જેમ ઉપોસથ પાક્ષિક પરિશુદ્ધિ માટે આવશ્યક ગણાતો તેમ પ્રવારણા વાર્ષિક પરિશુદ્ધિ માટે આવશ્યક ગણાતી. પ્રવારણામાં ભિક્ષુ સમ્મિલિત સંઘને વિનંતી કરતો કે મારા જે દોષ સંઘની નજરે ચડ્યા હોય, સંઘે સાંભળ્યા હોય કે સંઘને જેમના વિશે શંકા હોય તે બધા દોષ સંઘ મને બતાવે. ખરેખર એ દોષ મેં કર્યો હશે તો હું યોગ્ય પ્રાયશ્ચિત લઈશ. પછી જો કોઈ દોષ બતાવતું તો તેનો તે સ્વીકાર કરતો અને સંઘની માફી માગતો. આ રીતે સંઘમાં એકતા સ્થપાતી.

**મહાયાની પરંપરામાં બોધિચર્યા :**

મહાયાની સાધનાનું અંતિમ લક્ષ્ય પરદુઃખનિર્વૃત્તિ છે. એટલે તે સાધનાને મહાકરુણારંભા કહી છે. આ સાધનાને બોધિચર્યા કહેવામાં આવે છે. બોધિચર્યાના મહત્ત્વના ત્રણ અંગો છેઃ બોધિચિત્ત, અનુત્તર પૂજા અને પારમિતાગ્રહણ. તેમાં સાધકની આધ્યાત્મિક વિકાસયાત્રાની દસ ભૂમિકા ગણવામાં આવી છે.

બુદ્ધત્વ પ્રાપ્તિના માર્ગ પર આગળ વધતાં પહેલાં સાધકે માનસિક તૈયારી કરવી પડે છે, તે માટે તેનામાં તીવ્ર ઈચ્છા હોવી જરૂરી છે. તેના ચિત્તમાં સંબોધિપ્રાપ્તિ માટેની ઉત્કંઠા ઉદ્ભવે છે અને સર્વ જીવોનું કલ્યાણ સાધવાની પુણ્ય ભાવના પ્રાદુર્ભુત થાય છે. આ પુણ્ય ભાવના સતત જાગૃત રહે તેવો દૃઢ સંકલ્પ રાખવો તે જ **બોધિચિત્ત** છે.

સાધક જ્યારે વ્રત ગ્રહણ કરીને એ માર્ગે પ્રસ્થાપન કરે છે અને શુભ કાર્યમાં પ્રવૃત્ત થાય છે ત્યારે બોધિપ્રસ્થાનચિત્ત ઉત્પન્ન થયું હોવાનું કહી શકાય.

**અનુત્તર પૂજા :**

બોધિચિત્ત ઉત્પત્તિ માટે અષ્ટાંગ પ્રકારની અનુત્તર પૂજાનું પ્રતિપાદન થયું છે. આ પૂજાનાં આઠ અંગો આ પ્રમાણે છેઃ વંદના,

પૂજના, શરણાગમન, પાપદેશના, પુણ્યાનુમોદન, બુદ્ધાધ્યેષણા, યાચના અને બોધિપરિણામના.

બોધિચિત્તની ઉત્પત્તિ માટે, બુદ્ધત્વ માટે, બોધિસત્ત્વની વંદના તેમ જ પૂજા આવશ્યક છે. આ પૂજા મનોમય છે. મનોમય પૂજા પછી તે વિવિધ પ્રકારની ઉત્તમ સામગ્રી વડે ગીતવાદ્ય સાથે સ્નાનાદિ વસ્ત્ર-સુગંધી દ્રવ્યો, અલંકારો, ફૂલમાળા, ધૂપદીપ-નૈવેદ્ય, વગેરેથી વિશેષ પૂજા પણ કરે છે અને વંદન કરે છે. ત્યાર બાદ બુદ્ધ કે બોધિસત્ત્વની શરણાગતિ સ્વીકારીને પાપદેશના કરે છે. કરેલાં પાપકૃત્યોનો સ્વીકાર કરીને તેમની શિક્ષાઓનું અનુસરણ કરવાનો અને પુનઃ તેવા પાપકૃત્યો નહીં કરવાનો નિશ્ચય પ્રગટ કરે છે. પાપદેશના પછી તે અન્ય જીવોએ કરેલાં પુણ્ય કર્મો જોઈને પ્રસન્નતા અનુભવે છે અને તેનું અનુમોદન કરે છે. અને બધા જીવોને દુઃખમાંથી મુક્તિ મળે તેવી શુભ ભાવના વ્યક્ત કરે છે. પુણ્યાનુમોદન કરીને સાધક દરેક દિશામાં રહેલા બુદ્ધોને નમસ્કાર કરીને સર્વ જીવોના ઉદ્ધાર માટે પ્રાર્થના કરે છે. અને બુદ્ધને એવી યાચના પણ કરે છે કે તે નિર્વાણમાં પ્રવેશ ન કરે, જેથી તે અજ્ઞાનથી યુક્ત જનોને દુઃખમુક્તિના માર્ગનું જ્ઞાન આપી શકે. પૂજાના અંતમાં સાધક પ્રાર્થના કરે છે કે પૂજાને કારણે એને જે પુણ્ય પ્રાપ્તિ થઈ હોય તેના દ્વારા સમસ્ત પ્રાણીઓના સર્વ દુઃખોનું તે પ્રશમન કરવા અને સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ કરવા સમર્થ બને. આ પ્રાર્થના તે જ બોધિપરિણામના છે.

**પારમિતા :**

બુદ્ધકારક ધર્મોને પારમી અથવા પારમિતા કહેવામાં આવે છે. પારમિતાના સંદર્ભમાં એવા દસ ધર્મોનું કથન છે કે જેની સમ્યક્ પરિપૂર્તિના ફળસ્વરૂપે બુદ્ધત્વની પ્રાપ્તિ ઈષ્ટ માની છે. પરંપરાથી એ સુવિદિત છે કે અતીતકાળના સર્વ બોધિસત્ત્વોએ આ ધર્મોનું પરિપૂર્ણ રીતે પાલન કર્યું હતું–પારમિતાઓને સિદ્ધ કરી હતી.

પારમિતાઓ દસ છે : દાન, શીલ, નૈષ્કમ્ય, પ્રજ્ઞ, વીર્ય, ક્ષાન્તિ, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી તથા ઉપેક્ષા પારમિતા.

પારમિતાનો અર્થ છે (ની) પાર પહોંચી જવું-(પારમ્ ઈતા) અથવા પરાકષ્ઠાને પ્રાપ્ત કરવી.

'મેત્તભાવ' કે મૈત્રીભાવનું બૌદ્ધધર્મમાં ઘણું મહત્ત્વ છે, તેનો અર્થ છે મૈત્રીભાવના કે ઉદારતા. મૈત્રીનો સામાન્ય અર્થ બૌદ્ધદર્શન અનુસાર ચિત્તનું દ્વેષરહિત હોવું તે અને પરહિતચિન્તા છે. અન્ય પ્રત્યે સહૃદયતાનો ભાવ હોવો તે પણ મૈત્રી છે. બોધિસત્ત્વના હૃદયમાં પરહિત, પરલોકસંપત્તિ, સર્વ પ્રાણીઓની લોકોત્તર સંપત્તિ તથા નિર્વાણ માટે કરુણા અને અસીમ મૈત્રી ઉદ્ભવે છે. મૈત્રી ચાર બ્રહ્મવિહારોની ભાવનામાં પ્રથમ કડી છે તથા કરુણા અને મુદિતા તેના અંગ સમાન છે. મૈત્રી વિના કરુણા અને મુદિતાનો ઉદય અસંભવ છે. મૈત્રીભાવ વગર ઉપેક્ષાભાવના પણ ટકી શકતી નથી. ચાર બ્રહ્મવિહારમાં મૈત્રીનું સ્થાન પ્રથમ છે. કરુણાપૂર્ણ મૈત્રી બધા બુદ્ધકારક ધર્મોમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. 'અનુદયા', 'હિતેસિતા', 'અનુકમ્પા', 'અવ્યાપાદ' વગેરે તેનો પર્યાય છે.

સર્વવ્યાપક મૈત્રીભાવ માટે 'સુખિનો વા ખેમિનો હોન્તુ, સબ્બે સત્તા ભવન્તુ સુખિતત્તા'–એમ સર્વ જનના કલ્યાણની મંગલ ભાવનાની અભિવૃદ્ધિ કરવી જોઈએ. જેવી રીતે માતા પોતાના જીવનની પણ પરવા કર્યા વગર પોતાના એકના એક પુત્રની રક્ષા કરે છે, તેવી રીતે મનુષ્ય સર્વ પ્રાણીઓ પ્રત્યે અસીમ પ્રેમની ભાવના કેળવે (સુત્તપિટક-મેત્તસુત્ત). મૈત્રીભાવનાનું આવું અપ્રમાણ્ય સ્વરૂપ જ બ્રહ્મવિહાર કહેવાય છે.

બોધિસત્ત્વના હૃદયમાં સર્વ પ્રાણીઓ માટે અસીમિત કરુણા, પ્રેમ અને દયા હોય છે. વેરીની સાથે પણ તે નિર્વૈર મૈત્રી કરે છે. દ્વેષાગ્નિ વ્યક્તિને સળગતી રાખે છે. પરંતુ મૈત્રીભાવના દ્વેષનું નિર્મૂલન કરીને વ્યક્તિને શાંતિ આપે છે.

અન્ય પારમિતાઓની પરિપૂર્ણતાની જેમ મૈત્રીથી ચિત્ત-વિમુક્તિના અગિયાર ફળ દર્શાવવામાં આવ્યાં છેઃ (૧) સુખથી સુએ છે, (૨) સુખથી જાગે છે, (૩) ખરાબ સ્વપ્ન નથી આવતાં, (૪) મનુષ્યોમાં પ્રિય હોય છે, (૫) અમનુષ્યોમાં પ્રિય હોય છે, (૬) દેવતા તેની રક્ષા કરે છે, (૭) આગ, વિષ કે શસ્ત્રની તેના પર અસર થતી નથી, (૮) તેનું ચિત્ત તરત એકાગ્ર થાય છે, (૯) તે પ્રસન્નવદન હોય છે, (૧૦) તે મૂઢ થઈને મૃત્યુ પામતો નથી અને (૧૧) અર્હત્ ન બની શકે તો પણ બ્રહ્મલોકમાં ઉત્પન્ન થાય છે.

મૈત્રીભાવના કે મૈત્રી પારમિતા નિર્વાણ પ્રાપ્ત કરવાનો હેતુ બને છે.

**બૌદ્ધ ધર્મમાં તાંત્રિક સાધના :**

બૌદ્ધધર્મનો વિકાસ થતાં ઉત્તરકાળમાં તેની સાથે પ્રચલિત એવા શૈવ, શાક્ત, વૈષ્ણવ આદિ ધર્મોની સાધનાના વિવિધ તત્ત્વો તેમાં ઉમેરાતાં ગયાં હતાં. અન્ય ધર્મો સાથે ટકી રહેવાની મથામણમાં બૌદ્ધધર્મમાં મૂર્તિપૂજાનો આરંભ કરવામાં આવ્યો. અને સમય જતાં તેમાં તાંત્રિક સાધનાનો પણ પ્રવેશ થયો. તાંત્રિક બૌદ્ધ સાધનાને મહાયાની સાધનાનો જ પ્રકાર ગણવામાં આવે છે. તે રીતે મહાયાની સાધનાના મુખ્ય બે ભેદ થઈ ગયાઃ પારમિતા સાધના અથવા પારમિતાયાન અને બીજી તાંત્રિક સાધના અથવા મંત્રયાન.

તાંત્રિક બૌદ્ધસાધનાના મુખ્ય ત્રણ પ્રકાર છેઃ વજ્રયાન, કાલયાન અને સહજયાન.

આ તંત્રસાધનાનું ધ્યેય બુદ્ધત્વલાભ જ છે. તેમાં પ્રજ્ઞા અને કરુણાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

અધિકારી સાધકો જ આ તાંત્રિક સાધના કરી શકે છે. ગુરુકૃપા વિના તાંત્રિક સાધના અસંભવ છે.

વજ્રયાનમાં સપ્તવિધ અભિષેક પ્રચલિત છે. આ સાત પ્રકારના અભિષેક છે : ઉદકાભિષેક, મકુટાભિષેક, પટ્ટાભિષેક,

વજઘંટાભિષેક, વજવ્રતાભિષેક, નામાભિષેક અને અનુજ્ઞાભિષેક. તેમાંના પ્રથમ બે દેહશુદ્ધિ માટે, ત્રીજો અને ચોથો વાક્શુદ્ધિ માટે, પાંચમો અને છઠ્ઠો ચિત્તશુદ્ધિ માટે અને સાતમો જ્ઞાનશુદ્ધિ માટે છે. દેહ પંચધાતુથી બનેલો છે. યથાવિધિ સમંત્રક અભિષેક કરવાથી પાંચ ધાતુઓની અને કાયાની પણ શુદ્ધિ થાય છે. આ અભિષેકોના પરિણામે દસ પારમિતાઓ અને ચાર બ્રહ્મવિહારની પ્રાપ્તિ થાય છે તથા ચંદ્ર અને સૂર્યરૂપ બે નાડીઓ પણ શુદ્ધ થાય છે. બુદ્ધત્વનિષ્પાદન અને ઉપાય-કૌશલ્ય માટે સાત અભિષેકો છે તેને પૂર્વસેક કહે છે તે લૌકિક સિદ્ધિઓના સોપાનો છે. આ ઉપરાંત કુંભાભિષેક કે કલશાભિષેક, ગુહ્યાભિષેક અને પ્રજ્ઞાભિષેક–એ બીજા ત્રણ અભિષેકો છે તેને ઉત્તરસેવક કહેવામાં આવે છે.

સહજયાનમાં જપ, તપ, મંત્ર, વિધિ-વિધાન આદિ બાહ્ય સાધનાનો વિરોધ કરવામાં આવ્યો છે. તેમાં સંસારત્યાગનું મહત્ત્વ નથી. જેમ જળ અને તરંગ અભિન્ન છે તેમ સંસાર અને મુક્તિ અભિન્ન છે. ચિત્તથી જ મુક્તિ છે અને ચિત્તથી જ બંધન છે. સહજ સાધનામાં કપટત્યાગ અનિવાર્ય છે.

આ દરેકમાં ગુરુની આવશ્યકતા અનિવાર્ય છે.

**ઉપસંહાર :**

બૌદ્ધધર્મના આરંભકાળમાં નિર્દેશાયેલા શિક્ષાપદો અને વિનયપિટકના નિયમો વગેરેમાં જોઈ શકાય છે કે ભિક્ષુએ પોતે કરેલાં પાપો કે ભૂલોનું પ્રાયશ્ચિત કરવાની ક્રિયાનું ઘણું મહત્ત્વ છે. ઉપોસથ, પાતિમોક્ખ અને પ્રવારણામાં ભિક્ષુ પોતે કરેલા દોષોની કબૂલાત-સ્વીકાર કરીને, તે માટે ક્ષમાયાચના કરે છે અને તેની શિક્ષા ગ્રહણ કરીને દોષરહિત બને છે. મનની વિશુદ્ધિ માટે, બુદ્ધની દૃષ્ટિએ આ વિધિ અનિવાર્ય હતી.

બુદ્ધના સમયમાં વેદોક્ત ક્રિયાકાંડને કારણે ધર્મના ક્ષેત્રમાં વિવાદાસ્પદ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. અંધશ્રદ્ધા, વહેમ, ભૂતપ્રેતાદિની પૂજા, ખર્ચાળ યજ્ઞયાગ – એ બધાંને કારણે ધર્મ વિશેની ભ્રામક માન્યતાઓએ લોકજીવનને ખોટે માર્ગે દોર્યું હતું. ગૌતમ બુદ્ધે વૈદિક ક્રિયાકાંડો અને ધાર્મિક નીતિરીતિઓને તેના વિશેષ શુદ્ધ રૂપમાં પ્રજા સમક્ષ રજૂ કરી. ક્રિયાપ્રધાન નહીં, પણ આચાર-સદાચાર પ્રધાન ધર્મનો પુરસ્કાર કર્યો. યજ્ઞ, દાન, બ્રાહ્મણ વગેરે શબ્દોના સાચા અર્થને પ્રગટ કરીને સામાન્ય જનતાને રાગ-દ્વેષાદિથી મુક્ત થઈને શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો. આ જીવનમાં નિર્વાણની પ્રાપ્તિ એ બૌદ્ધધર્મનું લક્ષ્ય છે. સર્વ સંસ્કારોનું જેમાં નિ:શેષ ઉપશમન થયું છે તે મનની દુ:ખરહિત શાન્ત, પ્રમુદિત સ્થિતિ તે નિર્વાણ.

મનની વિશુદ્ધિને મહત્ત્વ આપતા આ ધર્મના કેન્દ્રમાં મૈત્રી અને કરુણા છે; સ્નેહ, સદ્ભાવ અને ક્ષમાભાવ છે. 'વસુધૈવ કુટુંબકમ્‌ની' ભાવનાને ચરિતાર્થ કરવા માટે આ ભાવનાઓ સર્વ રીતે પ્રેરક અને સહાયક બની શકે તેમ છે. ✷✷✷

૬૯, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.
મો. : ૯૧૭૫૬૭૪૭૩૮૭.

**અવસર**

## ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ઉપક્રમે યુગદિવાકર શ્રી નમ્ર મુનિજીનું મંત્રશક્તિ વિશે વ્યાખ્યાન

આંતરરાષ્ટ્રીય સ્તરે જૈનદર્શન તથા કલા, સાહિત્ય અને સંસ્કૃતિનો પ્રસાર કરતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી સંસ્થાએ મંત્રશક્તિના પ્રભાવ વિશે રાખેલા વ્યાખ્યાનમાં યુગદિવાકર રાષ્ટ્રસંત શ્રી નમ્ર મુનિજીએ જણાવ્યું કે જે શબ્દ મૈત્રીમાંથી પ્રગટ થાય તેમાંથી મંત્ર બનતા હોય છે. જે જીવન પર અસર કરનારા મંત્રો એ સ્થૂળ મંત્રો હોય છે અને જીવ પર અસર કરનારા મંત્રો એ સૂક્ષ્મ મંત્રો છે. કોઈ પણ ધર્મ સાથે જોડાયેલી સૌપ્રથમ બાબત એ એનાં મંત્રો છે અને મંત્ર એવી બાબત છે કે જેમાં તમામ માનવજાતિ એક બની જાય છે. ધર્મની પ્રણાલિકાઓ અલગ હોય, પરંતુ શબ્દોમાં કંઠની ઊર્જા ભળે અને સમગ્ર અસ્તિત્વ સાથે સમગ્ર વિશ્વની શક્તિ જોડાઈ જાય, ત્યારે મંત્ર બને છે. મંત્રો માત્ર શાસ્ત્રોમાંથી જ પ્રગટ થતા નથી, પરંતુ એમાં સત્યનું તત્ત્વ ભળે અને આંતરિક ઊર્જાનું સત્વ ભળે, તો એ આપોઆપ મંત્ર બની જતા હોય છે.

અમદાવાદના એચ. કે. આર્ટ્સ કૉલેજના વિશાળ સભાગૃહમાં આયોજિત આ વ્યાખ્યાનના પ્રારંભે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ વિદેશમાં રહેલી દુર્લભ હસ્તપ્રતોના કૅટલોગની અને વીરચંદ રાઘવજી ગાંધીએ કરેલાં કામો વિશે સંસ્થાના ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ અહેવાલ આપ્યો હતો. જ્યારે ગુણવંત બરવાળિયાએ રાષ્ટ્રસંત પૂ. નમ્ર મુનિની નિશ્રામાં ચાલતી અનેકવિધ ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. ભારતના પૂર્વ ઈન્કમટેક્સ કમિશ્નર એચ. સી. પારખે કહ્યું હતું કે નમ્રમુનિ રાષ્ટ્રસંત નહીં, પણ વિશ્વસંત છે. આ પ્રસંગે કાંતિભાઈ દોશી, મહેશભાઈ ગાંધી, શ્રીયકભાઈ શેઠ, રસિકભાઈ દોશી તથા જિગિશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે ગુજરાત વિદ્યાસભાના મંત્રી શ્રી અંબરીષ શાહે સ્વાગત કર્યું હતું અને શ્રીધર વ્યાસે મંત્રોચ્ચાર કર્યો હતો. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને ભો. જે. વિદ્યાભવન દ્વારા ચાલી રહેલા હસ્તપ્રતવિદ્યાના અભ્યાસક્રમની શ્રી આર. ટી. સાવલિયાએ માહિતી આપી હતી તેમજ પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે કુશળતાપૂર્વક કર્યું હતું.

# વિપશ્યના ધ્યાન - એક પરિચય

□ પ્રીતિ દેઢીયા

*[ પ્રીતિબેન દેઢીયાને વિપશ્યના આચાર્ય પદવી પ્રાપ્ત છે અને 'વિપશ્યના વિશોધન વિન્યાસ'ના ટ્રસ્ટી છે. ]*

'હું આપની પાસે મારા મિત્રના આગ્રહથી આવ્યો છું. પરંતુ મારા મનમાં એક ભય, એક સંકોચ છે કે વિપશ્યના ધ્યાન સાધના આપની પાસેથી શીખવાથી હું બૌદ્ધ તો નહીં બની જાઉં ને ? આખરે તો આ ભગવાન બુદ્ધ દ્વારા અપનાવેલી અને શીખવવામાં આવેલ વિદ્યા છે જ્યારે હું જન્મજાત હિંદુ છું.'

'હું જાણું છું કે તમે અહિંયા બર્માના હિંદુઓના નેતા છો. મને કહો, શું તમારા હિંદુ ધર્મમાં 'શીલ-સદાચાર'ના પાલન પ્રત્યે કોઈ વિરોધ છે ?'

'શીલ-સદાચાર પ્રત્યે તો કોઈનોય વિરોધ ન હોઈ શકે. અમને પણ શા માટે હોય ? અમે તો તેના પક્ષધર છીએ.'

'આ દસ દિવસની શિબિરમાં અમે તમને શીલ-સદાચારનું પાલન કરતાં શીખવાડીશું. પરંતુ શીલનું પાલન કરવા માટે મનને વશમાં કરવું અત્યંત અનિવાર્ય છે. અન્યથા નબળા મનને કારણે સદાચારનું પાલન કરવું અઘરું થઈ પડે છે. એટલે અમે મનને એકાગ્ર કરીને તેને વશમાં કરતાં શીખવાડીશું. આને અમે 'સમાધિ' કહીએ છીએ. હવે કહો, તમારા હિંદુ ધર્મમાં શું સમાધિનો વિરોધ છે ?'

'અમારે ત્યાં તો ઋષિ-મુનિઓ દ્વારા ઊંડી સમાધિ લગાવવાના પ્રસંગો ધર્મગ્રંથોમાં ભર્યા પડ્યાં છે. ભગવાન શિવ પણ ધ્યાનમગ્ન રહેતાં. 'સમાધિ'થી અમને કોઈ વિરોધ નથી.'

'કેવળ સમાધિ સાધવાથી શીલ-સદાચાર અખંડ ન થઈ શકે. સમાધિથી ઉપર-ઉપરનું ચિત્ત તો એકાગ્ર અને નિર્મળ અવશ્ય થઈ જાય છે. પરંતુ ભીતર, અવચેતન મનમાં જૂના વિકાર-સંસ્કારનો સંગ્રહ સંચિત થયેલ છે તે તો અકબંધ પડ્યો રહે છે. તેના નિસ્સરણ કર્યા વગર (તેને કાઢ્યા વગર) અંતરમનના ઊંડાણમાં ધરબાયેલો દૂષિત સ્વભાવ ન બદલાય. સમાધિ પુષ્ટ થયા પછી પણ ભીતર સંગ્રહિત સુષુપ્ત વિકારોનો જ્વાળામુખી ન જાણે ક્યારે ફાટી પડે છે. અને ત્યારે સમાધિ દ્વારા એકાગ્ર અને નિર્મળ થયેલ ઉપર-ઉપરનું ચિત્ત પણ વિચલિત થઈ ઊઠે છે. ન ચાહતાં પણ શીલ-સદાચારનો ભંગ થઈ જાય છે. આવાં અનેક જન્મોના સંગ્રહિત અને સુષુપ્ત વિકારોના નિષ્કાસન માટે અમે 'પ્રજ્ઞા' જાગૃત કરતાં શીખવાડીએ છીએ. સ્વયં પોતાની 'પ્રજ્ઞા' જગાવી લેવાથી નવા વિકારો બનવાના બંધ થઈ જાય છે. અભ્યાસ કરતાં કરતાં એક સમય આવે છે જ્યારે સંપૂર્ણ વિકારોથી માનસ મુક્ત થઈ જાય છે. શું તમારા હિંદુ ધર્મમાં આવી 'પ્રજ્ઞા'નો વિરોધ છે ? વિકારોથી મુક્તિનો વિરોધ છે ?'

'હિંદુ ધર્મમાં 'સ્થિતપ્રજ્ઞ' થવું એ તો સાધ્ય છે. સયાજી, અમને ન શીલ-સદાચારનો વિરોધ છે, ન સમાધિનો વિરોધ છે અને ન તો પ્રજ્ઞાનો વિરોધ છે !'

'બસ, ત્યારે અમે 'વિપશ્યના'માં આ જ શીખવાડીએ છીએ. શીલ-સમાધિ-પ્રજ્ઞા. આ જ ભગવાન બુદ્ધની શિક્ષા છે, તેમનો મુખ્ય ઉપદેશ છે. આ વિદ્યા જે ભારતથી જ અહીં આવી છે તેનો અભ્યાસ કરવો હોય તો આવી જજો !'

ઉપરોક્ત સંવાદ છે બર્માના વિપશ્યનાચાર્ય સયાજી ઊ બા ખિન અને ત્યાં રહેતા ભારતીય મૂળના ઉદ્યોગપતિ, સમાજસેવક અને હિંદુ ધર્મના નેતા શ્રી સત્યનારાયણ ગોયેન્કા વચ્ચે થયેલ પહેલ વહેલી મુલાકાતનો. સયાજીની આ સમજણ, એમની સાદગી, શાંતિ, જે ત્યાંના વાતાવરણમાં પણ અનુભવાતી હતી–આ બધાથી પ્રેરિત થઈ શ્રી સત્યનારાયણ ગોયેન્કાજીએ સયાજી પાસેથી ન કેવળ 'વિપશ્યના ધ્યાન સાધના' શીખી પરંતુ એમના પ્રમુખ શિષ્ય અને પ્રતિનિધિ રૂપે ભારતમાંથી વિલુપ્ત થયેલ આ ધ્યાનવિધિને ફરીથી ભારતમાં પ્રસ્થાપિત કરી અને વિશ્વભરમાં તેનો પ્રચાર-પ્રસાર કરવામાં પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું.

અનાદિકાળથી ચાલ્યા આવતા અનંત ભવસંસ્મરણનું, દુઃખોનું મૂળ કારણ ભીતર સંગ્રહિત કર્મ-સંસ્કારો છે. જ્યારે જ્યારે આ વિકારો જાગે છે ત્યારે ત્યારે શ્વસનક્રિયામાં પરિવર્તન આવે છે તેમ જ સમગ્ર શરીરમાં જીવરાસાયણિક પ્રક્રિયાઓ થાય છે. શરીરના પ્રત્યેક અણુ-અણુમાં આની તરંગરૂપી અસર જણાય છે. આ તરંગોને આધારિત મન તેને અનુરૂપ પ્રતિક્રિયાઓ કરે છે. જેના આધારે જ વિચાર, વાણી અને છેવટે વર્તન થાય છે. આવી પ્રતિક્રિયાઓ જ સંસ્કાર સંવર્ધનનું મુખ્ય અને મૂળભૂત કારણ છે.

વિપશ્યના ધ્યાન ૧૦ દિવસીય નિવાસી શિબિરમાં તબક્કાવાર શીખવવામાં આવે છે. તેની શરૂઆત શિબિર સમય દરમિયાન પાંચ શીલ પાળવાના નિયમ લેવાથી થાય છે. આ પાંચ શીલ છે-સંપૂર્ણ સદાચારનું પાલન-અહિંસા, અચૌર્ય, સત્ય, બ્રહ્મચર્ય અને અવ્યસની રહેવું. સાધક જે આસનમાં લાંબા સમય સુધી બેસી શકે તે આસનમાં બેસવાનું હોય છે. કોઈ ખાસ આસન કે મુદ્રામાં બેસવાનું જરૂરી નથી. પહેલાં નવ દિવસ દરમ્યાન સાધકોએ મૌનનું પાલન કરવાનું હોય છે એટલે કે સાધકોએ આપસમાં વાતચીત નથી કરવાની હોતી. તેઓ કેવળ પ્રશિક્ષકો સાથે વાત કરી શકે છે. આંતરજગતમાં પ્રવેશવા

માટે બાહ્ય જગત સાથે સંપર્ક ન હોવો એ અનિવાર્ય છે. રાત્રિ-ભોજનનો નિષેધ છે. તેમજ કેવળ શાકાહારી ભોજન જ પીરસવામાં આવે છે.

શીલ પાલનનો નિયમ લીધા પછી મનને એકાગ્ર કરવા તેમજ આંતરજગતમાં પ્રવેશ કરવા નૈસર્ગિક રીતે આવતા-જતા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરતાં શીખવવામાં આવે છે. પ્રથમ સાડાત્રણ દિવસ અલગ અલગ સ્તરે આ અભ્યાસ કરતાં મન સૂક્ષ્મ થઈ જાય છે અને કર્મસંસ્કારોના ઉદય પ્રમાણે શરીરમાં થતી જીવરાસાયણિક પ્રક્રિયાને અનુભવવા યોગ્ય બની જાય છે. આ જીવરાસાયણિક પ્રક્રિયાઓ આપણને વિવિધ સંવેદનાઓ રૂપે અનુભવાય છે. મન પોતાની સ્વભાવગ્રંથિઓને આધારે તે સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયા કરતું જ રહે છે અને નવા-નવા કર્મો બાંધતું રહે છે. આ જ સંવેદનાઓને તટસ્થભાવે, કોઈપણ પ્રતિક્રિયા કર્યા વગર તેના અનિત્ય સ્વભાવને જાણતા રહેવાય તો તે-તે કર્મોથી મુક્તિ મળે છે. નવા કર્મો બંધાતા નથી અને જૂના ઉપરના સ્તરે આવી-આવીને સમાપ્ત થતાં જાય છે. વિવિધ સૂચનાઓ સાથે સાધકને આ અભ્યાસ કરતાં શીખવવામાં આવે છે. શિબિરના દસમા દિવસે સમસ્ત વિશ્વ પ્રતિ મંગળ-કામના વ્યક્ત કરીને મૌનનો અંત કરાય છે જેથી શિબિરના અંત પછી સાધકને બાહ્ય જગત સાથે સંપર્ક કરવામાં મુશ્કેલી ન પડે.

આવી આ વિપશ્યના ધ્યાન વિધિ કોઈ જાદુ કે સંમોહન નથી; કોઈ મંત્ર-તંત્ર નથી; કોઈ ચમત્કાર કે ભાવાવેશ નથી; કોઈ બુદ્ધિ કે વાણી વિલાસ નથી, કે નથી કોઈ તર્ક વિતર્ક, દાર્શનિક અથવા તત્ત્વચિંતકોનો અખાડો. વિપશ્યના કોઈ વિશિષ્ટ વેશભૂષા, કોઈ રૂઢિ, કોઈ માન્યતા કે કર્મકાંડ પણ નથી. વિપશ્યના કોઈ દ્રશ્ય-અદ્રશ્ય શક્તિની શરણાગતિ નથી જેના પર આધાર રાખી આપણે મિથ્યા આશ્વાસન પામીએ. વિપશ્યના સત્યની ઉપાસના છે. કોઈપણ પ્રકારના આવરણ, માયા, વિપર્યાસ કે ભ્રમભ્રાંતિ રહિત યથાર્થ સત્ય. સ્થુળ સત્યથી સૂક્ષ્મ, સૂક્ષ્મ સત્યથી સૂક્ષ્મતર સત્યનો સાક્ષાત્કાર કરતાં-કરતાં પરિણામે પરમ સત્યનો સાક્ષાત્કાર કરીને સાધક જન્મ-મરણના ફેરાથી મુક્તિ મેળવે છે.

આવી શિબિર પૂર્ણ કર્યા પછી સાધકોને પ્રગતિ માટે સવાર-સાંજ એક-એક કલાકનો અભ્યાસ કરવા કહેવામાં આવે છે. ઉપરાંત સાધનાને પ્રખર બનાવવા વાર્ષિક ઓછામાં ઓછી એક ૧૦-દિવસીય શિબિરમાં ભાગ લેવાનું સૂચન કરવામાં આવે છે. સાધકે પોતે જ પોતાની પ્રગતિ વિશે જાગૃત રહેવાનું હોય છે. દૈનિક અભ્યાસ ન કરે તો સ્વયંનું જ નુકશાન થાય છે. પ્રગતિ રૂંધાય છે. કોઈપણ કારણથી સાધનામાં ભંગ થાય તો કોઈ વિશેષ પ્રાયશ્ચિત જેવું કંઈ નથી પરંતુ સાધકને ફરીથી આવી શિબિરોમાં ભાગ લઈ નિયમિત થવાનું સૂચન કરવામાં આવે છે. જો કે દૈનિક અભ્યાસની નિરંતરતા ન રાખનાર સાધકને ગંભીર શિબિરો તેમજ દીર્ઘકાળની શિબિરો જેવી કે ૨૦, ૩૦, ૪૫ દિવસીય શિબિરોમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

નાના બાળકો માટે ૧, ૨, ૩ દિવસીય શિબિરો અનેક સ્થળે યોજવામાં આવે છે, જેમાં તેમને વિપશ્યના સાધનાનું પ્રથમ ચરણ 'આનાપાનસતિ' શીખવવામાં આવે છે. સ્વના સહજ, સ્વાભાવિક શ્વાસોશ્વાસના તટસ્થ અવલોકનને 'આનાપાનસતિ' કહેવામાં આવે છે. બાળકો માટે મૌન કે ભોજનમર્યાદા જેવા નિયમો નથી હોતાં. આ અભ્યાસથી તેમની એકાગ્રતા અને ગ્રહણશક્તિ વધે છે. નિર્ણય લેવાની, ભાવનાઓને અંકુશમાં રાખવાની શક્તિ ઉપરાંત અરસ-પરસમાં સદ્ભાવની વૃત્તિ પણ કેળવાય છે. 'આનાપાનસતિ' દરેક વ્યક્તિ ઘેર બેઠાં પણ શીખી શકે છે. વિપશ્યનાની વેબસાઈટ www.vridhamma.org પર `Mini Anapana' વિભાગમાં આ માટેના સત્ર ઉપલબ્ધ છે. કિશોર-કિશોરીઓ માટે ૧૦ દિવસની જગ્યાએ ૭ દિવસની વિપશ્યના શિબિરોનું આયોજન ઉનાળું વેકેશન દરમિયાન વિવિધ કેન્દ્રોમાં થતું રહે છે જેમાં તેમની ઊંમરને અનુરૂપ સમય-સારણી અને નિયમો હોય છે.

સર્વનું મંગળ થાઓ! સર્વનું કલ્યાણ થાઓ! સર્વની મુક્તિ થાય એ જ અભ્યાર્થના!

✷ ✷ ✷

ચંદ્રરશ્મિ, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર,
મુંબઈ-૪૦૦ ૦૭૭.
મોબાઈલ : ૯૨૨૨૩૩૪૭૨૭

## લઘુ પ્રતિક્રમણની મહત્વત્તા (પૃષ્ઠ ૧૧૧ થી ચાલુ)

લાલસા વગેરેના ઝેરો નાશ થાય. જૈન ધર્મ અને જૈન શાસન પ્રાપ્ત થયું, તે માટે એક વિશેષ અહોભાવ જાગે છે. આત્મા ઉપર પડેલાં દોષો નબળાં પડે છે. તે સૂત્રો બોલવાની પ્રત્યેક ક્ષણે અનંતાનંત ભવોના કર્મોનો કચ્ચરઘાણ બોલાય છે.

અમૃત માર્ગના આરાધકો, મોક્ષમાર્ગના પથિકો, ચાલો, આપણે સૌ 'જાગ્યા ત્યારથી સવાર' માનીને આ પર્યુષણમાં સંવત્સરિક પ્રતિક્રમણ કરતાં કરતાં કર્મોની નિર્જરા જરૂર જ કરીએ. પણ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોની જે કંઈપણ વિરાધના જાણતાં અજાણતાં થઈ ગઈ હોય તો માફી માગતા પણ અચકાઈએ નહીં. હૃદયપૂર્વકના ભાવ સાથે સૌને ખમાવી, સ્વને ખમાવતાં આપણું શેષ જીવન સુધારી લઈએ અને અઇમુતા મુનિનું સ્મરણ કરતાં સર્વે જીવોને સુખ-શાંતિ પ્રાપ્ત થાય તેવી મંગલ ભાવના રાખીએ.

જૈનમ્ જયતિ શાસનમ્.

✷ ✷ ✷

# ખ્રિસ્તી ધર્મ (રોમન કેથલિક)માં કરવામાં આવતી ધાર્મિક વિધિઓ

❑ સંકલન : ડૉ. થોમર પરમાર

*[ વિદ્વાન લેખક ડૉ. થોમસ પરમાર એચ. કે. આટ્‌ર્સ કૉલેજ તથા ભો. જે. સંસ્થા અમદાવાદમાં ૩૪ વર્ષ સેવા આપી નિવૃત્ત થયા. હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે. પ્રસ્તુત અંકમાં તેમણે રોમન કેથલિકમાં કરવામાં આવતી ધાર્મિક ક્રિયાઓ વિશે વિચારો રજૂ કર્યા છે. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ નિયમિત લેખક છે. ]*

વ્યક્તિના વિકાસ કે ઘડતર માટે સમાજ, ધર્મ, રાજ્ય, શાળા-કૉલેજ, લશ્કર વગેરેમાં કેટલીક ક્રિયાઓ કરવાનું આવશ્યક ગણવામાં આવ્યું છે. આનાથી માનવ સંસ્કૃતિનો ઉછેર અને જતન થાય છે. જો આવી ક્રિયાઓનું પાલન આવશ્યક ન હોય તો વ્યક્તિમાં સ્વચ્છંદતા પ્રવેશી શકે. વિચારો કે સૈનિકને રોજની પરેડમાં કે વિદ્યાર્થીને શાળા/કૉલેજમાં રોજની હાજરી માટે ફરજ પાડવામાં ન આવે તો શું થાય? આથી આત્મિક કલ્યાણ માટે વિકસેલા દરેક ધર્મમાં શ્રદ્ધાળુઓ માટે કેટલીક ક્રિયાઓ આવશ્યક ગણવામાં આવી છે અથવા તો શ્રદ્ધાળુ આવી ક્રિયાઓનું પાલન કરે તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. ખ્રિસ્તી ધર્મમાં પણ કેટલીક ધાર્મિક ક્રિયાઓનું પાલન શ્રદ્ધાળુઓ દ્વારા થતું હોવાની પરંપરા છે. પ્રસ્તુત લેખમાં ખ્રિસ્તી ધર્મના રોમન કેથોલિક સંપ્રદાયની ધાર્મિક ક્રિયાઓની ચર્ચા છે. 'વિશ્વવ્યાપી ધર્મસભા (ખ્રિસ્તી ધર્મસંઘ-Church)ની બીજી વેટિકન પરિષદે (૧૯૬૨) આધુનિક જીવનની ગતિશીલતા, સમય, સંજોગ, સંસ્કૃતિ, સમસ્યાઓ અને યાંત્રિક યુગના વહેણને ધ્યાનમાં રાખી માનવ જીવનનું સાંગોપાંગ નીરિક્ષણ કરીને એક અદ્‌ભુત અર્વાચીન દર્શન આપણી સમક્ષ રજૂ કર્યું છે.' સાચી શ્રદ્ધા હોય ત્યાં જ ધાર્મિક જીવનનો સાચો અનુભવ થાય છે. જે લોકો ધાર્મિક વિધિઓમાં ભાગ લે છે પરંતુ તેમના વ્યવહારુ જીવનમાં પ્રેમ અને પ્રમાણિકતા ન હોય તો તેમની શ્રદ્ધા નિષ્ક્રિય છે. 'પ્રેમ દ્વારા સક્રિય બનેલી શ્રદ્ધા જ કામ આવે છે.' (ગલતિયા ૫:૬) એટલે ધાર્મિક વિધિઓ અને જીવન સાથેનો સમન્વય હોય અને સુમેળ સધાય તો જ સાચું ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય. સામાન્ય વર્ષની જેમ ધર્મસભાનું પણ આગવું વર્ષ છે. એને 'ઉપાસના વર્ષ' અથવા વાર્ષિક 'ઉપાસના-ચક્ર'ને નામે પણ ઓળખવામાં આવે છે. આખા વર્ષ દરમ્યાન ધર્મસભા પોતાની ઉપાસનામાં ઈસુના મુક્તિદાયક કાર્યનું ભક્તજનોને સ્મરણ કરાવે છે. નીચેની ધાર્મિક ક્રિયાઓ ખ્રિસ્તી શ્રદ્ધાળુ (રોમન કેથલિક) કરે તેમ ધર્મસભા અપેક્ષા રાખે છે.

### ૧. ક્રૂસની નિશાની (Sign of Cross)

'પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે આમીન' એમ બોલીને ક્રૂસની નિશાની દરેક ધાર્મિક ક્રિયા કે પ્રાર્થનાના પ્રારંભમાં કરવાની હોય છે. આમાં ડાબો હાથ છાતી પર હાથ છાતી પર રાખી જમણો હાથ કપાળ પર મૂકી બોલવું 'પિતા', પછી છાતી પર જમણો હાથ મૂકી બોલવું, 'પુત્ર' અને પુત્ર પછી ડાબે અને જમણે ખભે જમણો હાથ અડાડતાં બોલવું 'અને પવિત્ર આત્માને નામે આમીન.' આ નિશાની કરતાં અને બોલતાં ખ્રિસ્તી ધર્મના 'પવિત્ર ત્રૈક્ય'ની શ્રદ્ધા મજબૂત બને છે. ખ્રિસ્તી ધર્મની માન્યતા પ્રમાણે પિતા (વિશ્વના સર્જક), પુત્ર (ઈસુ ખ્રિસ્ત) અને પવિત્ર આત્મા એ ત્રણે થઈને ઈશ્વર બને છે. જ્યારે જ્યારે કોઈ કેથલિક ખ્રિસ્તી આ નિશાની કરે છે ત્યારે તેને ઈશ્વર વિશેની આ વિભાવનાની સ્મૃતિ થાય છે. ઘણાં કેથલિકો ઘરે કે ઑફિસેથી નીકળતા, વાહન ચલાવતાં પહેલાં આ નિશાની કરે છે. ચર્ચમાં દાખલ થતાં પહેલાં પ્રવેશદ્વારની એક બાજુએ ભીંત સાથે જડેલા પથ્થરના વાસણમાં ભરેલા પવિત્ર પાણીમાં જમણો હાથ બોળીને આ નિશાની અવશ્ય કરે છે.

### ૨. બાઈબલ વાંચન

ખ્રિસ્તી ધર્મના બધાં જ પંથોમાં દરરોજ બાઈબલ વાંચનનો આગ્રહ રાખવામાં આવ્યો છે. ઇસુપંથીઓ માટે બાઈબલ સૌથી અગત્યનો ધાર્મિક ગ્રંથ છે. ધર્મસભાની ઉપાસનામાં પ્રભુની વાણી એટલે કે બાઈબલ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રભુની વાણી સાંભળીને શ્રદ્ધાળુઓમાં શ્રદ્ધા અને ભક્તિનો વધારો થાય છે. દરરોજ અથવા તો અવારનવાર બાઈબલનું પઠન અને મનન કરવું યોગ્ય છે. વિશેષ કરીને બાઈબલ અંતર્ગત નવા કરાર (New Treatment) માં શુભ સંદેશ (Gospels)નું પઠન કરવાથી ભક્તને ઈસુના જીવનનો અનુભવ થાય છે અને ઉસુ સાથે નિકટનો સંબંધ બાંધવા પ્રોત્સાહન મળે છે. એટલું જ નહિ પરંતુ ઈસુમય ભક્તિમાં ઉત્સાહ પ્રગટે છે. દર રવિવારે ત્રણ અને બાકીના દિવસોમાં બે શાસ્ત્રપાઠ કરવાના હોય છે. ધર્મસભાએ આ પાઠો કાળજીપૂર્વક પસંદ કર્યા હોય છે. હવે તો 'બાઈબલ ડાયરી' પણ ઉપલબ્ધ છે. જેને આધારે શ્રદ્ધાળુ બાઈબલનું પઠન કરે છે. એટલું જ નહિ તેમાં રોજના પાઠની નીચે મનન-ચિંતન માટેની વિચાર-કણિકા પણ મૂકેલી હોય છે. ઈન્ટરનેટ દ્વારા 'ઓન લાઈન' પર પણ બાઈબલનું પઠન સાંભળી શકાય છે.

### ૩. પ્રાર્થના

જેમ શ્વાસોશ્વાસની પ્રક્રિયા આપણાં દૈનિક જીવનમાં એક બહુ જ અગત્યનો ભાગ ભજવ છે તેમ આપણા જીવનમાં પ્રાર્થના અર્થાત્ ભક્તિ અતિ અગત્યનો ભાગ ભજવે છે. પ્રાર્થના આપણા આધ્યાત્મિક જીવનનો પ્રાણવાયુ છે. આપણો સંપૂર્ણ આધાર પરમેશ્વર છે એવો ઊંડો અનુભવ આપણને પ્રાર્થના વડે થાય છે. પ્રાર્થના કે ભક્તિ વડે

આપણું જીવન વધારે પ્રમાણિક બને છે. સાચી ભક્તિ આપણાં જીવનમાં સાચું પરિવર્તન લાવે છે. નહિતર આપણી ભક્તિ વાંઝણી કહેવાય. આપણે પરમેશ્વર પર દબાણ કરતા હોઈએ એવી રીતે વારંવાર પ્રાર્થના કરવાનો કશો અર્થ સરતો નથી. પરમેશ્વરની યોજના પ્રમાણે તેમની ઈચ્છા પૂરી થાય એવી રીતે પ્રાર્થના કરવી જોઈએ અને તેમનો આભાર માનવો જોઈએ. સમૂહમાં કે એકાંતમાં બંને પ્રકારની પ્રાર્થના જરૂરી અને અગત્યની છે. તેમ છતાં ઈસુએ એકાંતમાં પ્રાર્થના કરવાનું સૂચવ્યું છે.

.'...તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી ઓરડીમાં જઈને બારણા વાસજે, અને એકાંતમાં પણ વસનાર તારા પિતાની (ઈશ્વરની) પ્રાર્થના કરજે. એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે.' (માથ્થી ૬:૬).

નીચેની પ્રાર્થનાઓ અગત્યની છેઃ

**પ્રભુ પ્રાર્થના :**

હે અમારા બાપ, તું સ્વર્ગમાં છે, તારું નામ પવિત્ર મનાઓ, તારું રાજ્ય આવો, જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તારી ઈચ્છા પૂરી થાઓ. અમારી દરરોજની રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા અપરાધીઓને ક્ષમા કરીએ છીએ, તેમ તું અમારા અપરાધોની ક્ષમા કર, અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભૂંડાથી અમને બચાવ. આમીન.

ઈસુના એક શિષ્યે તેમને કહ્યું, 'અમને પ્રાર્થના કરતાં શીખવો.' ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને આ 'પ્રભુ પ્રાર્થના' કરતાં શીખવી હતી. (લૂક ૧૧:૧-૨).

**પ્રણામ મારીઆ :**

પ્રણામ મારીઆ, કૃપાથી પૂર્ણ, પ્રભુ તારી સાથે છે, ભાગ્યવંત તું સ્ત્રીઓમાં અને ભાગ્યવંત તારા ઉદરનું ફળ, ઈસુ. હે પવિત્ર મારીઆ, પરમેશ્વરની મા, અમો પાપીઓને વાસ્તે વિનંતી કર, હમણાં અને અમારા મોતની વખતે આમીન.

**સ્તુતિ :**

પિતા, પુત્ર અને પવિત્ર આત્માની સ્તુતિ થાઓ ! જેમ આદિએ તેમ હમણાં અને હંમેશ યુગોયુગ. આમીન.

**શ્રદ્ધા ઘોષણા :**

એક જ પરમેશ્વરમાં અમે શ્રદ્ધા રાખીએ છીએ. તે પરમપિતા છે, તે સર્વ સમર્થ છે. તે સકળ સૃષ્ટિના સર્જનહાર છે.

એમના એકમાત્ર પુત્ર, અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં અમે શ્રદ્ધા રાખીએ છીએ : પવિત્ર આત્માને પ્રતાપે તે કુમારી મરિયમને ખોળે જન્મ્યા, પિલાતના અમલમાં દુઃખને વર્યા, ક્રૂસે જડાયા મોતને શરણે થયા, કબરે દટાયા, મૃત્યુ લોકમાં ઊતર્યા, ત્રીજે દિવસે ફરી સજીવ ઊઠ્યા ને સ્વર્ગે સિધાવ્યા. તે સર્વસમર્થ પિતા પરમેશ્વરને જમણે આસને બિરાજે છે, ને ત્યાંથી જીવતાં ને મરેલાંનો ન્યાય તોળવા ફરી આવનાર છે.

પવિત્ર આત્મામાં અમે શ્રદ્ધા રાખીએ છીએ : પવિત્ર ને વિશ્વવ્યાપી ધર્મસભા, પુણ્યજનોનો સત્સંગ ને પાપોની માફીમાં માનીએ છીએ, દેહના પુનરુત્થાનનો તથા અમર જીવનનો એકરાર કરીએ છીએ. આમીન.

**પસ્તાવો :**

હે મારા પરમેશ્વર, તમે મારા પ્રેમાળ પિતા છો. તમારી વિરુદ્ધ જઈને મેં પાપ કર્યાં છે. હું બહુ દુઃખી છું, કારણ કે મારા પાપને લીધે જ ઈસુ ક્રૂસ પર મરી ગયા. તેથી હું પાપને ધિક્કારું છું. તમારા પર પ્રેમ કરું છું અને ફરી કદી પાપ નહિ કરવાનો દૃઢ નિશ્ચય કરું છું.

**ભોજન પહેલાંની પ્રાર્થના :**

હે પિતા પરમેશ્વર, સર્વના અન્નદાતા તમારો મહિમા થાઓ ! આ ભોજન બદલ અમે તમારો આભાર માનીએ છીએ. આ વાનગીઓને તમારો આશીર્વાદ આપો અને ભોજન તૈયાર કરનારને તમારી આશિષ આપો. આ પ્રાર્થના અમે અમારા પ્રભુ ઈસુ દ્વારા કરીએ છીએ. આમીન.

**ભોજન પછીની પ્રાર્થના :**

હે પિતા, તમારા બધા દાનો માટે, અમે તમારો આભાર માનીએ છીએ. રોજનો રોટલો આપીને તમે અમારી કાળજી રાખો છો અને સઘળી ભૂખ ભાંગો છો. સદા-સર્વદા તમારી સ્તુતિ હો ! આમીન.

**સારો હેતુ :**

ઓ મારા પરમેશ્વર તથા સ્વામી, બધું તમારા વૈભવને માટે થાઓ !

આ ઉપરાંત સવાર-સાંજની પ્રાર્થના તથા કેટલીક પ્રાસંગિક પ્રાર્થનાઓનો પણ સમાવેશ થાય છે.

**૪. ગુલાબમાળાની ભક્તિ :**

ઘણાં બધાં ધર્મોમાં પ્રભુ ચિંતન માટે માળાના જાપને મહત્ત્વ આપવામાં આવ્યું છે, એ જ રીતે કેથલિક સંપ્રદાયમાં પણ છે, જેને ગુલાબમાળા (Rosary)ની ભક્તિ કહેવામાં આવે છે. ઈસુના માતા પવિત્ર મરિયમની આ ભક્તિ છે. પવિત્ર મરિયમને ઈશજનેતાના ઈલ્કાબથી બિરદાવવામાં આવ્યા છે. આ હકીકત મરિયમ પ્રત્યેની ભક્તિનું મૂળ છે, ને આ જ તેનો આધાર પણ છે. માતાનું સન્માન કરવું એટલે પુત્રનું સન્માન કરવું. પોપ પૉલ છઠ્ઠાએ કહ્યું છે તેમ, 'માતા મરિયમ પ્રત્યેની સાચી ભક્તિ ઈસુ પ્રત્યેની ભક્તિનું પરિણામ છે, ને માતા પ્રત્યેની ભક્તિ દાખવવાથી પુત્ર પ્રત્યેની ભક્તિ વધુ તીવ્ર બને છે...ઈસુ પ્રત્યેની ભક્તિ વધે એ મરિયમ પ્રત્યેની ભક્તિનું અંતિમ લક્ષ્ય અને ફળશ્રુતિ પણ હોવા જોઈએ.' ઈસુ અને મરિયમના પ્રસંગોને કેન્દ્રમાં રાખીને આ ભક્તિ કરવામાં આવે છે. તેમાં બે બાબતો જરૂરી છેઃ ૧. જાપ અને ૨. ચિંતન. જાપમાં દરેક પ્રસંગ દીઠ એક વખત પ્રભુ પ્રાર્થના, દસ વખત પ્રણામ મારિયા અને એક વખત સ્તુતિનો જાપ કરવાનો હોય છે. પાંચ જાપની સાથે તે તે

દિવસ માટે પસંદ કરવામાં આવેલા પાંચ પ્રસંગો પર ચિંતન કરવાનું હોય છે. સોમવાર અને શનિવાર માટે આનંદના પ્રસંગો નક્કી કરેલા છે, જેમકે, મરિયમને દેવદૂત દ્વારા પ્રભુનો સંદેશ, એલિસાબેત સાથે મરિયમની મુલાકાત, ઈસુનો જન્મ, મંદિરમાં બાળ ઈસુનું સમર્પણ તથા ઇસુ ખોવાયા અને મંદિરમાંથી મળી આવ્યાં. મંગળવાર અને શુક્રવાર માટે દુઃખનાં પ્રસંગો પસંદ કરેલાં છે. જેમકે, વાડીમાં ઈસુની વેદના અને પ્રાર્થના, ઈસુને ચાબખાના માર, ઈસુને માથે મૂકાયેલ કાંટાળો મુગટ, ઈસુને ખભે ક્રોસ મૂકવામાં આવે છે અને ક્રોસ પર ઈસુનું મરણ. ગુરુવારે પ્રકાશના પવિત્ર પ્રસંગો પસંદ કરાયા છે. જેમકે ઈસુ સ્નાન સંસ્કાર લે છે, કાના ગામે ઈસુએ કરેલ ચમત્કાર, ઈસુ દ્વારા ઈશ્વરના રાજ્યની ઘોષણા, ઈસુના દિવ્યરૂપનું પ્રગટવું અને ઈસુ દ્વારા પરમ પ્રસાદની સ્થાપના. રવિ અને બુધવારે વૈભવના પ્રસંગો પસંદ કરવામાં આવ્યા છે. જેમકે ઈસુનું પુનરુત્થાન, ઈસુનું સ્વર્ગારોહણ, પવિત્ર આત્માનું અવતરણ, માતા મરિયમનું ઉદ્‌ગ્રહણ અને સ્વર્ગમાં માતા મરિયમની તાજપોશી.

યુરોપમાં આ ભક્તિ માટે પરંપરાગત મે મહિનો છે તેથી આપણે ત્યાં પણ મે મહિનામાં આ ભક્તિ કરવામાં આવે છે. ઑક્ટોબર માસ તો ગુલાબમાળાની ભક્તિનો સુપ્રસિદ્ધ માસ છે. આ ભક્તિ રાત્રે ભજન પછી કુટુંબના બધાં સભ્યો સાથે મળીને કરે છે. અથવા તો જે તે વિસ્તારમાં રહેતાં દરેક કેથલિક કુટુંબના ઘરે વારાફરથી બધાં કેથલિકો ભેગાં થઈને આ ભક્તિ કરે છે. કેટલાંક કેથલિક કુટુંબમાં તો દરરોજ રાત્રે આ ભક્તિ કરવામાં આવે છે. આવી કૌટુંબિક ભક્તિ કરવાથી ઘરમાં ભક્તિ, પ્રેમ, શાંતિ અને સંપનું વાતાવરણ જળવાઈ રહે છે. કુટુંબના ઘણાં પ્રશ્નો આનાથી હલ થાય છે. વધુ તો કુટુંબ ભાવના જળવાઈ રહે છે.

**૫. ક્રૂસના માર્ગની ભક્તિ**

રોમન સૂબા પિલાતે ઈસુને વધસ્તંભે (ક્રોસે) જડવાની સજા ફરમાવી. પિલાતના રહેઠાણથી વધસ્તંભની જગ્યા કાલવારી પર્વત સુધીનો આ માર્ગ ક્રૂસના માર્ગ તરીકે ઓળખાય છે. આ માર્ગે ચાલતાં જે ૧૪ ઘટનાઓ બને છે તેને યાદ કરીને ભક્તિ કરવામાં આવે છે. ૧. પિલાત ઈસુને ક્રૂસે ચડાવવાનો આદેશ આપે છે. ૨. ઈસુ ભારે ક્રૂસ ઉંચકી ચાલે છે. ૩. ઈસુ પહેલી વાર ભોંય પર પટકાય છે. ૪. રસ્તામાં ઈસુ પોતાની દુઃખી માને મળે છે. ૫. જીરેનનો સિમોન ઇસુને ક્રૂસ ઉંચકવામાં મદદ કરે છે. ૬. વેરોનિકા નામની સ્ત્રી પોતાના રૂમાલથી ઈસુના મોં પરનો પરસેવો લૂંછે છે. ૭. ઇસુ બીજી વાર ભોંય પર પટકાય છે. ૮. યેરૂસાલેમની સ્ત્રીઓ ઈસુને જોઈને રડે છે ત્યારે ઇસુ તેમને આશ્વાસન આપે છે. ૯. ઈસુ ત્રીજી વાર ભોંય પર પટકાય છે. ૧૦. સિપાઈઓ ઈસુના વસ્ત્રો ખેંચી કાઢે છે. ૧૧. ખીલા મારીને ઈસુને ક્રૂસ પર જડી દેવામાં આવે છે. ૧૨. ક્રૂસ ઉપર જડાયેલા ઇસુ પોતાના પ્રાણ પરમેશ્વરને સોંપી દે છે. ૧૩. શિષ્યો મૃત્યુ પામેલા ઇસુના દેહને ઉતારીને તેમની માતના ખોળામાં મૂકે છે. અને ૧૪. ઇસુના મૃતદેહને દફનાવવામાં આવે છે.

ભસ્મ બુધવારથી ઈસ્ટર સન્ડેના આગલા શનિવાર સુધીના ૪૦ દિવસો ખ્રિસ્તી ઉપાસના વર્ષમાં તપઋતુ (Lent) તરીકે ઓળખાય છે. આ દિવસોમાં રોજ અથવા તો બુધવાર અને શુક્રવારે આ ભક્તિ કરવામાં આવે છે. આ ભક્તિ કરવાથી ઈસુએ વેઠેલાં દુઃખોનો ખ્યાલ આવે છે અને તે દ્વારા ઈસુના જેવી સહનશીલતા કેળવવાની પ્રેરણા મળે છે.

**૬. ઉપવાસ અને તપ**

તપઋતુ (Lent) દરમ્યાન વ્યક્તિએ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે સતત પ્રાર્થના અને ભક્તિ કરવાની હોય છે. તપઋતુ પસ્તાવા તથા હૃદય પલટાની ઋતુ છે. આપણી જાત પર સંયમ રાખી આપણે આપણી દુર્વૃત્તિઓ પર અંકુશ મેળવવાનો છે. અગાઉ તપઋતુના ૪૦ દિવસો સુધી ઉપવાસ કરવાની પ્રથા હતી. પરંતુ હાલ ધર્મસભાની આજ્ઞા પ્રમાણે તપઋતુના પ્રથમ દિવસ ભસ્મ બુધવારે અને ઈસુના મૃત્યુના દિવસ એટલે કે ગુડ ફ્રાઈડેના રોજ એમ બે દિવસ ઉપવાસ રાખવાનું ફરજિયાત છે. આ બંને દિવસોએ માંસાહાર લેવાની મનાઈ છે. અગાઉ ભસ્મ બુધવાર ઉપરાંત વર્ષના બધા જ શુક્રવારે માંસાહારની પરહેજ રાખવામાં આવી હતી. તપઋતુ દરમ્યાન વધુ પ્રાર્થના, ભક્તિ, બાઈબલનું વાંચન અને તપ-દયાના કૃત્યો કરવામાં આવે છે. ઘણાં લોકો સ્વેચ્છાએ ૪૦ દિવસના ઉપવાસ રાખે છે અને માંસાહાર કરતાં નથી. લોકો સ્વનકારનું પાલન કરે છે. અર્થાત્ પોતાની ઈચ્છાઓને કાબૂમાં રાખે છે. તપઋતુ દરમ્યાન શુભ પ્રસંગોનું આયોજન કરવામાં આવતું નથી.

**૭. પરમયજ્ઞમાં ભાગ લેવો**

સ્થાનિક ધર્મસભાએ મુકરર કરેલાં સમયે દેવળમાં જઈને પરમયજ્ઞમાં શ્રદ્ધાળુએ ભાગ લેવો જોઈએ. બધાં રવિવાર તથા નાતાલ (ક્રિસમસ) અને પવિત્ર માતા મરિયમના ઉદ્‌ગ્રહણના દિવસે પરમયજ્ઞમાં ભાગ લેવાનું કેથલિકો માટે ફરજીયાત છે. પરમયજ્ઞ એ ઈશ્વરની પ્રજાની, ધર્મસભાની પણ પૂજા છે. માનવજાતના કલ્યાણ માટે ઈસુએ પોતાના દેહનું બલિદાન આપ્યું તેની સ્મૃતિમાં આ ઉપાસના કરવામાં આવે છે. એમાં સકલ સંઘ, પુરોહિતો ને ભક્તો વિધિસર ભેગા મળીને પરમપિતાની ઉપાસના કરે છે. પરમ યજ્ઞ ધર્મસભા અને દરેક ઈસુપંથીના સમગ્ર જીવનનું મધ્યબિંદુ છે. પુરોહિત દ્વારા ઈશ્વરને અર્પણ કરવામાં આવતી રોટી અને દ્રાક્ષાસવ એ ઈસુના શરીર અને દ્રાક્ષાસવ ઈસુના લોહીનું પ્રતીક છે. ભક્તજનો પુરોહિતના હાથે રોટી રૂપી આ પરમ પ્રસાદ ગ્રહણ કરે છે. પરમયજ્ઞમાં બાઈબલમાંથી ત્રણ પાઠનું વાંચન કરવામાં આવે છે અને પુરોહિત તેને કેન્દ્રમાં રાખીને ધર્મોપદેશ આપે છે.

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૪૦)**

# ઇસ્લામ ધર્મની દૈનિક આવશ્યક ક્રિયાઓ

❑ ડૉ. રમજાન હસણિયા

*[ કચ્છ મોટી ખાખર સ્થિત જન્મે ઈસ્લામ ધર્મી આ વિદ્વાન યુવા લેખકે પ. પૂ. આચાર્ય વિજયશીલચંદ્રસૂરિ અને મહામહોપાધ્યાય પ. પૂ. ભુવનચંદ્રજી મ. સા. પાસે જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો છે અને 'અર્વાચીન ગુજરાતી કવિતામાં આધ્યાત્મ ભાવનું નિરૂપણ' વિષય ઉપર શોધ-પ્રબંધ લખી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. હાલમાં તેઓ રાપર-કચ્છની ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના વડા છે. આ લેખમાં તેમણે ઈસ્લામ ધર્મમાં કરવામાં આવતી દૈનિક ધાર્મિક આવશ્યક ક્રિયાઓ વિસ્તારપૂર્વક સમજાવી છે. ]*

દરેક ધર્મ કે સંપ્રદાયમાં તેના મૂળભૂત સિદ્ધાંતોની સાથોસાથ નિશ્ચિત ક્રિયાકર્મને પણ સ્થાન આપવામાં આવ્યું છે. વ્યક્તિના દૈનિક જીવન સાથે ધર્મ અનુબંધિત રહે તેવા ઉમદા ઉદ્દેશ્યથી પ્રત્યેક ધર્મના સંસ્થાપકોએ કોઈ ને કોઈ રીતે ક્રિયાનું આલંબન લીધું છે. એ ક્રિયાની નિયમિતતા જળવાય તે અર્થે તેને ફરજિયાત કર્મ, આવશ્યક ક્રિયા કે ફરજ તરીકે સ્થાપિત કરી છે. અલબત્ત આ ક્રિયાઓ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય પરમતત્ત્વ સાથે, જે તે ઈષ્ટ દેવ–દેવી કે કોઈ મહાસત્તા સાથે નિકટતા કેળવવાનો ને તે દ્વારા જીવનનો ઉત્કર્ષ સાધવાનો હોય છે.

કેટલાક લોકો આવી ક્રિયાઓને માત્ર ક્રિયાકાંડ સમજીને તેની અવગણના કરે છે, તો કેટલાક માત્ર ક્રિયાકાંડને જ ધર્મ સમજી લઈ તેના પાલન માત્રથી જ ઈતિશ્રી માની બેસે છે. આ બંને અંતિમો હાનિકારક છે. કોઈપણ ધાર્મિક ક્રિયા એ ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધવાનું પ્રથમ પગથિયું છે. ધાર્મિક ક્રિયા એ પરમેશ્વર અને ભક્તિને જોડનાર સેતુનું કામ કરે છે. વળી, ક્રિયા એટલે કે ઉઠદ્દણ્થ્ત ભક્તની ભાવાભિવ્યક્તિ માટે પણ ઉપકારક થાય છે. આમ, ધાર્મિક ક્રિયા એ અભિવ્યક્તિનું સાધન પણ છે. સાધક ઈશ્વર પ્રત્યેનો પોતાનો આદરભાવ, આભારનો ભાવ, સ્નેહભાવ આદિ પ્રગટ કરવા જે–તે ક્રિયાનો સહારો લે છે. કોઈ હિન્દુ ભક્ત પ્રભુમૂર્તિની આરતી ઉતારી, તેને પ્રસાદ કે ફૂલહાર ધરાવી પોતાની લાગણી અભિવ્યક્ત કરે છે, કોઈ જૈન સાધક પ્રભુપૂજા દ્વારા, તેના સ્તુતિગાન, સામાયિક આદિ દ્વારા પોતાના અહોભાવને વાચા આપે છે. તેમ કોઈ મુસ્લિમ ખુદાની રહેમત (કૃપા) માટેનો આભારનો ભાવ વ્યક્ત કરવા બંદગીના રૂપમાં નમાજ પઢે છે. જે તે ધાર્મિક ક્રિયાઓ અને તેમાં ઉચ્ચારાતા સૂત્રો, સૂર, મંત્ર આદિના મર્મને ખરા અર્થમાં સમજનાર અને તેનું ભાવપૂર્વક પાલન કરનાર વ્યક્તિ ક્રમશઃ ઉન્નત થતો જાય છે. અવધૂત આનંદઘનજી મહારાજે કોઈપણ ક્રિયાને કેટલું મહત્ત્વ આપવું અથવા તો તે ક્રિયા ક્યારે સાર્થક નીવડે છે તેની વાત સમજાવતા પોતાના એક પદમાં કહ્યું છે કે,

*'નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ કહીએ રે.'*

જે ક્રિયા આત્મવિકાસમાં ઉપકારક થાય તે અધ્યાત્મ. માત્ર બાહ્યાડંબરનો છેદ અહીં આપોઆપ ઊડી જાય છે. વ્યવહાર અને નિશ્ચયની આટલી સ્પષ્ટ સમજણ આપી હોવા છતાં બીજો એક વર્ગ એવો પણ છે જે આવી ક્રિયાઓનો સમૂળગો છેદ ઉડાવી દઈ સીધા પરમેશ્વર સાથે તાદાત્મ્ય સાધવાની વાત કરે છે. અધ્યાત્મ માર્ગના આગળના પગથિયા પર સીધી છલાંગ મારવા જતાં ક્યારેક ગબડી પડવાનું પણ આવે છે. આ માર્ગ પણ કાંઈ ઓછો જોખમકારક નથી. માટે ખરો સાધક જીવ બંને અંતિમોથી દૂર રહી ક્રિયાની ઉપકારકતા અને મર્યાદાને ઓળખી, તેના ખરા ઉદ્દેશ્યને પ્રમાણી પરમના માર્ગે પ્રયાણ કરે છે. ધર્મના સંસ્થાપકો દ્વારા જે ઉદ્દેશ્યથી આવશ્યક ક્રિયાનું સ્થાપન થયું હોય તેના મર્મને પામી આત્મવિકાસની કેડી કંડારે છે.

વિશ્વના અન્ય ધર્મોની જેમ ઈસ્લામ ધર્મમાં પણ કેટલીક આવી ક્રિયાઓ નિર્ધારિત થયેલી છે. ઈસ્લામના બંધારણમાં જે ક્રિયાને ફરજિયાત કરવામાં આવી છે તેને 'ફરજ' કહે છે, – જે દરેક મૌમીન – મુસલમાનને લાગુ પડે છે. કેટલીક ક્રિયાઓ કે કાર્યો જેનું આચરણ હજરત મહંમદ પયગંબરસાહેબે પોતાના જીવનમાં કર્યું હોય તેવી ક્રિયાઓ કે કાર્યોના અનુકરણને 'સુન્નત' કહે છે. સુન્નતો પાળનાર વર્ગ પોતાને સુન્ની તરીકે ઓળખાવે છે.

ઈસ્લામ ધર્મના મુખ્ય પાંચ પાયાના સિદ્ધાંતો છે : કલમા, નમાજ, રોઝા, હજ્જ અને ઝકાત. ઈસ્લામની ક્રિયાઓને બે ભાગમાં વહેંચી શકાય. (૧) દૈનિક આવશ્યક ક્રિયાઓ–જેમાં દિવસમાં પાંચ વખતની નમાજ તેમજ સવાર–સાંજના ઝિક્ર (નામસ્મરણ, જાપ)નો સમાવેશ થાય છે. (૨) સમયાંતરે અથવા નિયત સમય સંજોગોમાં થતી આવશ્યક ક્રિયાઓ, જેમાં રમજાન માસના રોઝા, ઝકાત (ફરજીયાત દાન) તેમજ હજ્જ (મક્કા-મદિનાની યાત્રા) આદિનો સમાવેશ થાય છે.

ઈસ્લામ એકેશ્વરવાદી ધર્મ હોવાથી ઈસ્લામ ધર્મમાં જન્મનાર કે દાખલ થનાર વ્યક્તિએ કલમા પર શ્રદ્ધા ધરાવવી ફરજિયાત છે. 'લા ઈલાહા ઇલલ્લાહ મુહમ્મદુર રસૂલુલ્લાહ (અલ્લાહ (ઈશ્વર) સિવાય કોઈ જ પૂજનીય નથી અને મહંમદ અલ્લાહના રસૂલ (દિવ્યદૂત) છે.) કલમા પઢનાર વ્યક્તિ ખુદાની સત્તા તેમજ મહંમદ સાહેબની પયગંબરીનો સ્વીકાર કરે છે, તેના પર ઈમાન (શ્રદ્ધા)

રાખે છે.

જેને ખરા અર્થમાં દૈનિક આવશ્યક ક્રિયા કહી શકાય તે છે નમાજ. ઈસ્લામ ધર્મમાં દિવસમાં પાંચ વખતની નમાજ દરેક બાલીગ (પુખ્ત વયના) સ્ત્રી-પુરુષ પર ફરજિયાત છે, સિવાય કે સ્ત્રી રજસ્વલાના સમયગાળામાં હોય. આ સિવાય બીમારી, મુસાફરી કે અન્ય અનિવાર્ય સંજોગોમાં સમયમાં કેટલીક રાહત જરૂર અપાઈ છે, પરંતુ સંપૂર્ણપણે નમાજ પઢવામાંથી મુક્તિ આપેલ નથી. ઈસ્લામ ધર્મમાં શિયા-સુન્ની કે અન્ય કોઈપણ ફિરકામાં સામાન્યપણે દિવસમાં પાંચ વખતની નમાજ ફરજિયાત છે જેનો સમય નીચે મુજબ છે:

૧. ફજરની નમાજ–પ્રભાત ફૂટ્યા પહેલા
૨. જોહરની નમાજ–મધ્યાહ્ન સમયે
૩. અસરની નમાજ–સાંજના સમયે
૪. મગરીબની નમાજ–સૂર્યાસ્ત પછી તરત જ
૫. ઈશાની નમાજ–સૂર્યાસ્ત બાદ આશરે દોઢ કલાકે/રાત્રિ દરમિયાન

નમાજ એ પ્રાર્થના (બંદગી)નો જ એક પ્રકાર છે. 'ઈસ્લામ દર્શન' નામના ગ્રંથમાં નમાજની મહત્તા સમજાવતા ઈસ્માઈલભાઈ નાગોરી લખે છે કે, 'પ્રભુ પરાયણ જીવનનો પાયો જેમ ઈમાન પર છે તેમ આત્મરચના અને ઉર્ધ્વગમનનું સાધન પ્રાર્થના છે. દેહશુદ્ધિ સ્નાનથી, સમ્યક્ આહારથી, યોગ્ય ઔષધિ વગેરે ઉપચારથી થઈ શકે પણ આત્મશુદ્ધિ તો બંદગીથી જ થઈ શકે. આ કારણસર જ નમાજ–પ્રાર્થના માટે કહ્યું છે કે, 'અસ્સલાતો મિઅરાજુલ મોઅમિનીન' – નમાજ મૌમિનો–ઈમાનદાર (શ્રદ્ધાવાનો) માટે મે'રાજ–ઉર્ધ્વગમન છે.' આમ, નમાજ એ આત્મોન્નતિની સીડી છે, ઈશ્વર સાથે અનુબંધ રચવાની પ્રક્રિયા છે.

આમ તો પૃથ્વીની કોઈપણ પાક (સ્વચ્છ) જગા નમાજ પઢવા માટે સ્વીકૃત છે, માટે વ્યક્તિ ઘરમાં, ઘરની બહાર મેદાનમાં કે અન્યત્ર નમાજ પઢી શકે છે. પરંતુ સામાન્યતઃ એકતા સાથે બંધુત્વ જેવી સામૂહિક ભાવના કેળવાય તે માટે મસ્જિદમાં નમાજ પઢવી ઉત્તમ ગણવામાં આવે છે. નમાજ માટે બંદાને (ભક્તને) સાદ પાડી બોલાવવામાં આવે છે. 'મુલ્લા બાંગ બોલે' જેવી પંક્તિ પ્રચલિત છે. મુલ્લા શબ્દનો અરબી ભાષામાં 'ભરેલો' એવો અર્થ થાય છે. જે જ્ઞાન, વિદ્યાથી ભરેલો છે, ભીતરથી સમૃદ્ધ છે, રિક્ત–ખાલી નથી તે બાંગ બોલે છે. બાંગ એટલે ફારસીમાં બુલંદ સાદે ઉચ્ચારાયેલો મંત્ર – નિમંત્રણ. બાંગને અરબીમાં અઝાન કહે છે. આ અઝાનનો અર્થ પણ સમજવા જેવો છે તે આપણે જોઈએ:

અલ્લાહુ અકબર! અલ્લાહુ અકબર !!
અલ્લાહુ અકબર – અલ્લાહુ અકબર...
(ઈશ્વર સૌથી મહાન છે, મોટો છે.)

આ પદમાં ઈશ્વરની–ખુદાની સર્વોપરિતા દર્શાવવામાં આવી છે. ઈશ્વરની આ સર્વોપરિતા જ વ્યક્તિને તેની નાનપનો ખયાલ અપાવે છે. ઈશ્વર પાસે મારા અસ્તિત્વની કોઈ વિસાત નથી, એનું ભાન થાય છે. વ્યક્તિ પોતાનાથી ઉપરી સત્તાનો સ્વીકાર કરે છે ત્યારે એ ભાવનાથી અહંભાવનો નાશ સ્હેજે થઈ જાય છે. નમ્રતા એ અધ્યાત્મનો–ભક્તિનો પાયો છે.

ઈસ્લામનો એક અર્થ ઈશ્વરાધીન જીવન, સમર્પણ એવો થાય છે. ગુણવંત શાહ ઈસ્લામની વ્યાખ્યા કરતા નોંધે છે કે 'ઈસ્લામ એટલે શરણાગતિ'. જેની શરણાગતિ સ્વીકારી તેની અખિલાઈનો પ્રથમ અહીં સ્વીકાર થાય છે.

અશહદુ અલ્લા ઇલાહા ઇલ્લલ્લાહ
અશહદુ અલ્લા ઇલાહા ઇલ્લલ્લાહ
હું સાક્ષી પૂરું છું કે પરમેશ્વર સિવાય કોઈ ઈશ, કોઈ આરાધ્ય-પૂજ્ય નથી.)
અશહદુ અન્ન મુહમ્મદુર રસૂલ્લાહ
અશહદુ અન્ન મુહમ્મદુર રસૂલ્લાહ
(હું સાક્ષી પુરું છું કે મહંમદ સ. અલ્લાહના રસૂલ – પ્રેષિત નબી – પયગંબર – દિવ્યદૂત છે.)
હૈય્યા અલસસલાત (પ્રાર્થના માટે, નમાજ માટે ચાલો – આવો.)
હૈય્યા અલસસલાત
હૈયા અલલફલાહ (મુક્તિ, ઉદ્ધાર, ઉન્નતિ માટે આવો.)
હૈયા અલલફલાહ

સવારની પ્રાર્થનામાં એક પદ વધુ હોય છે, જે આ પ્રમાણે છે:
અસ્સલાતુ ખૈરૂમ મિનન નૌમ
અસ્સલાતુ ખૈરૂમ મિનન નૌમ (પ્રાર્થના નિંદા કરતાં ઉત્તમ છે.)
અલ્લાહુ અકબર – અલ્લાહુ અકબર લા ઇલાહા ઇસ્સલ્લાહ.

આમ, અઝાનમાં ખુદાની મહાનતા, તેના નબી મહંમદ પયગંબર સાહેબ પરની શ્રદ્ધા સાથે મુક્તિપંથે પ્રયાણ કરવા નિમંત્રણ આપવામાં આવે છે. ખુદા અને તેના રસૂલમાં શ્રદ્ધા ધરાવતી વ્યક્તિને ખુદાના ઘર (મસ્જિદ)માંથી દિવસમાં પાંચ વખત બુલાવો– કહેણ આવે છે કે પધારો અને ખુદાની બંદગી કરો. પરમેશ્વરના ઘરમાંથી થતી આ પુકારને ભાવપૂર્વક સમજનાર વ્યક્તિ જે રોમાંચ અનુભવે છે તે માત્ર અનુભવનો જ વિષય છે, કથન કે લેખનનો નહિ.

નમાજ પઢવા જતાં પૂર્વે નમાજ પઢનાર વ્યક્તિ પાક (સાફ-સ્વચ્છ) હોવી જરૂરી છે. દરેક નમાજ વખતે ન્હાઈને જવું જરૂરી નથી, પરંતુ તેના શરીર કે કપડા પર પેશાબ કે લોહીનો છાંટો સુદ્ધાં ન હોવો જોઈએ. કપડા અને શરીરને પાક રાખવાની ટેવથી આરંભાઈને નમાજમાં મન, આત્માને પાક (પવિત્ર) કરવાની પ્રક્રિયા ચાલે છે. પોતાના પરસેવાની કે બીજી કોઈ દુર્ગંધથી અન્ય કોઈને તકલીફ કે ધ્યાનભંગ ન થાય તે માટે એવો નમાજી સુગંધી અત્તર

લગાડીને મસ્જિદમાં આવે છે. અત્તર લગાડવું એ પયગંબર સાહેબની સુન્નત છે, જેનો ખરો મર્મ જીવનની સુગંધ ફેલાવો એવો છે.

મસ્જિદમાં પ્રવેશતાં પૂર્વે નમાજી પાણીથી હાથ–પગ–મોંઢું ધોવે છે, જે ક્રિયાને વઝુ કહેવામાં આવે છે. મોઢાની દુર્ગંધને દૂર કરવા દાતણ–મિસ્વાક પણ કરે છે, જે સુન્નત (મરજીયાત) છે. દાતણ રોજ-રોજ બદલવાની સ્પષ્ટ મનાઈ છે. આ રીતે ઈસ્લામની વૃક્ષપ્રીતિ – પર્યાવરણપ્રીતિ આડકતરી રીતે દેખાઈ આવે છે.

વજુમાં શરીરના ખુલ્લા ભાગ જેવા કે હાથ, પગ, ચહેરો આદિને પાણીથી ધોઈને સાફ કરવામાં આવે છે. મુસાફરીમાં કે અન્ય કોઈ પાણી વગરની જગાએ રેતી વડે પણ વઝુ કરી શકાય છે. જેને માટે ખાસ શબ્દ 'તયમ્મુમ' વપરાય છે.

મસ્જિદમાં પ્રવેશતાં જ વ્યક્તિ દુન્યવી વાતો બંધ કરી દે છે. ખુદાની બંદગી સિવાય કોઈ આપસી–વ્યક્તિગત વાત અહીં થતી નથી. બધા જ નમાજી સ્વયંશિસ્ત પાળી બીજા કોઈને ખલેલ ન પહોંચે તે રીતે નમાજ અદા કરે છે. નમાજ પઢવા માટે પાક કપડું કે ઘાસની ચટ્ટાઈ જમીન પર પાથરવામાં આવે છે, પણ તે ન હોય તેવા સંજોગોમાં સ્વચ્છ જમીન પણ ચાલે. અતિ ઠંડી કે અતિ ગરમી ન હોય, ખાડા–ખાંચા જેવું કે કંઈ ખૂંચે ને ધ્યાનભંગ થાય તેવું ન હોય તે જોવામાં આવે છે. શારીરિક તકલીફવાળી વ્યક્તિનું શરીરના દુઃખતા ભાગ તરફ ધ્યાન ન જાય તે માટે પોતાને અનુકૂળ પડે તે રીતે બેસી શકે છે.

નમાજ પઢનાર વ્યક્તિ સૌપ્રથમ ખુદા તરફનો પોતાનો ભાવ પ્રગટ કરતાં કહે છેઃ 'ઈન્ની વજ્જ હતુ વજહિયા લિલ્લઝી ફતરસ્સતમાવાતિવલ અર્દા – હનીફઉં વમા અના મિનલ મુશરિકીન.' (જેના થકી આ પૃથ્વી ને અવકાશ ઉદ્ભવ પામ્યા છે તેના તરફ હું અભિમુખ થાઉં છું ને હું ભક્તિમાં – બંદગીમાં એના સિવાય કોઈને શામિલ નહીં કરું.) નમાજનો આરંભ બંને હાથના અંગુઠાને કાનની બુટ સુધી લઈ જઈને 'નિય્યત' (સંકલ્પ) કરવાથી થાય છે. નમાજી સંકલ્પ કરે છે કે હું કાબા શરીફ (મક્કામાં આવેલું ઈસ્લામનું પવિત્ર ધાર્મિક સ્થળ) તરફ મુખ કરી આ સમયની બે કે ચાર રઅકાત (એકમ) નમાજની નિય્યત કરું છું. નિય્યત કર્યા બાદ 'અલ્લાહુ અકબર' કહી બે હાથ નાભી પાસે એકબીજાની ઉપર રાખી, ચહેરો થોડો ઢાળી દઈ, પાંપણોને થોડી ઢળેલી રાખી ઊભા રહેવામાં આવે છે. જેને 'કીયામ'ની સ્થિતિ કહે છે. કીયામની સ્થિતિમાં સૌપ્રથમ સના પઢવામાં આવે છે, જેમાં ખુદાની પવિત્રતા તેમજ મહાનતાની પ્રશંસા કરી તેનું શરણું સ્વીકારવામાં આવે છે. ત્યારબાદ સૂરતુલ ફાતિહા પઢવામાં આવે છે, જે સર્વમાન્ય થઈ શકે તેવી ટૂંકી પ્રાર્થના છે.

'અલ હમ્દુ લિલ્લાહે રબ્બિલ આલમીન, અર્ રહમાન–અર્ રહિમ' - સ્તુતિ હોજો એ અલ્લાહની જે સર્વ જગતનો પરિપાલક, વિકાસકારી ને માંગલ્યસ્વામી છે. જેની કરુણા પાત્ર – અપાત્ર સૌને માટે છે ને જે ભક્ત વત્સલ દયાળુ છે.

'માલિકે યૌમીદ્દીન' – જે કર્મ-ફળ, કાળનો માલિક છે.

'ઇપાકના અબુદુ' – તેને જ અમે ભજીયે છીએ.

'નઈય્યાક નસ્તઈન' – અને અમે તારું જ અવલંબન (મદદ) લઈએ છીએ.

'ઈહદીનસ્સેરાતલ મુસ્તકીમા' – અમને સીધો માર્ગ બતાવ.

'સિરાતલ્લમીના અન્ અમત અલયહીમ' – માર્ગ એ લોકોનો જેના ઉપર તારી કૃપા થઈ.

'ગઈરિલ મગદુલિ અલયહીમ વલદદુલ્લીન – ન કે એ લોકોનો રાહ જે તારી અવકૃપા પામ્યા તેમજ એમનોય નહિ જે ભૂલથી માર્ગ ચ્યુત થયા ને વિમાર્ગે ચડી ગયા.' 'આમીન.' – તથાસ્તુ.

અહીં જોઈ શકાશે કે પ્રારંભે ઈશ્વરની સ્તુતિ બાદ તરત જ સન્માર્ગની માગણી કરવામાં આવી છે. સત્‌ના માર્ગે ચાલી ગયેલા સાધકોના જીવનપથ પર ચલાવવાની માગણી ને માર્ગથી વિમુખ થઈ ગયેલાની રાહથી દૂર રાખવાની પ્રાર્થના કરતો ભક્ત આડકતરી રીતે પથપ્રદર્શનની માગણી જ કરે છે. ઈસ્લામમાં સર્વ સત્તાધીશ ખુદા–અલ્લાહના અવતાર કોઈને ગણવામાં આવ્યા નથી. માટે તેણે દર્શાવેલા માર્ગ પર ચાલનાર પયગંબર કે અન્ય મહાન સાધકોના જીવનપથ પર ચલાવવાની માગણી કરવામાં આવે છે. કોઈપણ ધર્મ–પંથનો અનુયાયી સત્યના માર્ગે ચાલનાર પૂર્વપથિકોના પથ પર ખુદને ચલાવવાની માગણી કરે જ છે. આ કારણસર આ પ્રાર્થનાને 'આશ્રમ ભજનાવલિ'માં ભાષાંતર સાથે સ્થાન આપવામાં આવ્યું છે.

'સૂરતુલ ફાતિહા' બાદ 'સૂરએ ઇખલાસ' નામનું તવહીદ – એકેશ્વર – ઉપાસનાનું સંક્ષિપ્ત પ્રકરણ અથવા કુરઆનના અન્ય કોઈ ભાગનો પાઠ કરવામાં આવે છે. કીયામની સ્થિતિમાં ઊભા રહીને આટલું પઢ્યા બાદ 'અલ્લાહો અકબર' એવા ઉચ્ચારણ સાથે 'રૂકુ'માં જવાનું હોય છે. 'રૂકુ'ની સ્થિતિમાં કમરથી ઝૂકી, ઢીંચણ પર હાથ મૂકી નમ્રતાપૂર્વક 'સુબહાન રબ્બિયલ અઝીમ'નું ઉચ્ચારણ ત્રણ કે પાંચ વખત કરવામાં આવે છે. ખુદા ખૂબ જ અઝમતવાળો (મહાન) છે – હે મહાન તારું સ્તવન હોજો એવા ઉચ્ચારણ બાદ નમાજી 'સમિઅલ્લાહુલિમન હમિદા – રબ્બના લકલહમ્દ' (અલ્લાહ, જે એનું સ્તવન કરે છે, તેનો શ્રોતા છે. હે નાથ સ્તુતિ તારા માટે જ છે) એમ કહીને ભાવપૂર્વક ઊભો થાય છે. 'અલ્લાહો અકબર'નો પુનરોચ્ચાર કરી – સિજદામાં – સમર્પણના ભાવસૂચક નમનમાં કપાળ ધરતીને લગાડીને ત્રણ કે પાંચ વાર 'સુબ્બહાન રબ્બિયલ આલા' (હે સર્વોચ્ચ તારું સ્તવન થજો) કહી અલ્લાહો અકબર પઢી

બેઠો થઈ જાય છે. ફરી પાછા સિજદામાં જઈ ત્રણ કે પાંચ વખત 'સુબ્બહાન રબ્બિયલ આલા' પઢવાનું હોય છે. આ રીતે એક રઅકાત નમાજ પઢી, ફરી ઊભા થઈ 'અલ હમ્દુ...' પઢ્યા બાદ કુરઆનની કોઈપણ આયાત પઢી, ફરી એ જ ક્રમમાંથી પસાર થઈ છેલ્લે 'કાએદહ'ની સ્થિતિમાં (વજ્રાસન જેવી સ્થિતિમાં) બેસીને સર્વ ઉત્તમ પ્રાર્થના ખુદા માટે છે એવા ભાવ સાથે નમાજી ખુદાનો સંદેશ પહોંચાડનાર નબી – પયગંબર સાહેબને સલામ પાઠવી પ્રાર્થના કરે છે. 'તશહહુદ (અત્તહિયાતુ)ના પાઠ બાદ દુરુદે ઇબ્રાહીમ અને દુઆએ માસૂરહ પઢવામાં આવે છે, જેમાં ખુદાના નબીઓ પર જેવી મહેરબાની કરવામાં આવી છે તેવી મહેરબાની – કૃપાની યાચના કરી પોતાના ગુનાહ (પાપ) માટે ક્ષમા પ્રાર્થવામાં આવે છે. ત્યારબાદ નમાજી બે બાજુ મુખ ફેરવીને કહે છે: 'અસ્સલામુ અલયકુમ વ રહેમતુલ્લાહ' (તમારા પર – નમાજ પઢનાર સૌ પર ને અદૃશ્ય દિવ્યગણો પર શાંતિ હો અને અલ્લાહની કરુણા હો.) જો ચાર રઅકાત નમાજ પઢવાની હોય તો ફરીને બીજી બે રઅકાત માટે નમાજી ઊભો થઈ જાય છે ને ચારેય રઅકાતની નમાજ પૂરી કરે છે. પાંચે વખતની નમાજની રઅકાત નિયત થયેલી છે જેનું કોષ્ટક નીચે મુજબ છે.

પાંચ વખતની નમાજની નિયત રઅકાત

૧. ફજરની નમાજ – ૨ સુન્નત, ૨ ફર્ઝ

૨. જોહરની નમાજ – ૪ સુન્નત, ૪ ફર્ઝ, ૨ સુન્નત, ૨ નફિલ

૩. અસરની નમાજ – ૪ સુન્નત, ૪ ફર્ઝ

૪. મગરિબની નમાજ – ૩ ફર્ઝ, ૨ સુન્નત, ૨ નફિલ

૫. ઈશાની નમાજ – ૪ સુન્નત, ૪ ફર્ઝ, ૨ સુન્નત, ૨ નફિલ, ૩ વિત્તર, ૨ નફિલ

ફર્ઝ એ ખુદા તરફથી ફરમાવાયેલ ફરજિયાત નમાજ છે. સુન્નત નમાજ નબી સાહેબ ફર્ઝ નમાજ ઉપરાંત પઢતા તે છે, જે પણ મહદ્ અંશે ફરજિયાત અદા કરવાની હોય છે. નફિલ નમાજ એ મરજિયાત નમાજ છે. વિત્તરની નમાજ માત્ર રાત્રીની ઈશાની નમાજમાં જ ફરજિયાત પઢવાની હોય છે. ઉપર નોંધેલ છે તેમ પાંચે વખતની નમાજમાં ફર્ઝ, સુન્નત, નફિલ, વિત્તર આદિનો ક્રમ પણ નિયત થયેલો છે. ફર્ઝ નમાજ ઈમામ (નમાજ પઢાવનાર)ની પાછળ તેમની સૂચના મુજબ પઢવાની હોય છે. સુન્નત, નફિલ અને વિત્તર નમાજ વ્યક્તિ પોતાની રીતે પઢે છે. ઘરે કે એકલા નમાજ પઢવાની સ્થિતિમાં ફર્ઝ નમાજ પણ પોતાની રીતે પઢી શકાય છે. પાંચે વખતની નમાજના અંતે નમાજી દિવસમાં પાંચ વખત શાંતિ વાંછે છે, સલામતી પ્રાર્થે છે. નમાજી દુઆ માગે છે – પ્રાર્થના કરે છે કે,

'અલ્લાહુમ્મા અન્તસ્ સલામ' – પરમેશ્વર તું શાંતિ છે, શાંતિ સ્વરૂપ છે. (તું જ સલામતી દેનાર છે.)

'વમિન કસ્ સલામ' – તુજમાંથી શાંતિ છે.

'વઈલયક યરજિ ઉસ્સલામ' – તારા તરફ શાંતિ પુનરાગમન કરે છે. શાંતિ તારામાંથી જ ઉદ્ભવી તારામાં જ વિલીન થાય છે.

'ફ હય્યિના રબ્બના બિસ્સલામ' તો હે પરિપોષક રબ્બ અમને શાંતિથી જીવાડ.

'વઅદ્ ખિલના ફી દારિસ્સલામ – અને અમને દારિસ્સલામ' (શાંતિનિકેતન-શાંતિના ગૃહમાં) પ્રવેશ કરાવ.

નમાજના અંતે પઢાતી આ દુઆમાં પોતાને માટે તેમ જ સૌ માટે શાંતિ–સલામતીની ખેવના પ્રકટ થઈ છે. માનવ–અંતરની આ અભિપ્સા જીવનમાં વ્યાપ્ત થઈ જાય તો તેના વ્યવહારમાં પણ તેનો પ્રભાવ પડે. જીવનના સઘળા પાસામાં તેનો સંચાર થાય તો ખરે જ સર્વત્ર શાંતિ વિસ્તરે. અસલામતી અને અશાંતિના આ સમયમાં એક મુસ્લિમ સાધક દિવસમાં પાંચ વખત પોતાની જ નહિ જગતની શાંતિ અને સલામતી ઈચ્છે છે. કોઈ મુસ્લિમ સામેની વ્યક્તિને 'અસ્સલામુ અલયકુમ વ રહેમતુલ્લાહ' કહી સલામ પાઠવે છે તેમાં ખુદા તમને સલામતી બક્ષે અને તેની રહેમત–કૃપા તમારા ઉપર ઉતરે એવી ભાવના ભાવવામાં આવે છે. આમ, શાંતિ અને સલામતીનો ભાવ દિનભર ઘૂંટાયા કરે છે.

વળી, નમાજ પઢતી વખતે નમાજી એક જ સફમાં (કતારમાં) લાઈનમાં ઊભા રહીને નમાજ પઢે છે. અહીં ખભેખભા મીલાવીને ઊભા રહેવાનું હોવાથી ગરીબ-તવંગર, ઊંચ-નીચના સૌ ભેદ ભૂંસાઈ જાય છે. ખુદાના દરબારમાં સૌને એક સમાન ગણવામાં આવે છે. કોઈ વ્યક્તિની નમાજ પૂરી થઈ જાય; ને તેની બાજુની વ્યક્તિ નમાજ–બંદગીમાં મશગૂલ હોય તો તે વ્યક્તિ બંદગી કરનાર ખલેલ પહોંચાડ્યા વિના બહાર નીકળે છે. નમાજ પૂર્ણ થયા બાદ સૌ નમાજી એકબીજાને મળે છે. આમ, નમાજથી થતી આંતરશુદ્ધિ ઉપરાંત વારંવાર મળવાને લીધે લોકોમાં પરસ્પર પ્રેમ-લાગણી બંધાય છે. સંપ અને સંગઠનશક્તિ વધે છે. એકતાની ભાવના પુષ્ટ થાય છે.

નમાજ દરમિયાન શરીર યોગ્ય રીતે ઢંકાય તેવા વસ્ત્રો પહેરવામાં આવે છે, જે સભ્યતાનું પ્રમાણ બની રહે છે. વળી, મસ્તક પર ટોપી પહેરવી તે પણ એક પ્રકારની વિનય પ્રકટ કરવાની રીત છે. આમ, પાંચ વખતની નમાજમાં પ્રભુએ માનવજાત પર કરેલા ઉપકાર બદલ આભાર માનવામાં આવે છે તે તો ખરું જ પણ તે ઉપરાંત વ્યક્તિની આત્મોન્નતિના શિખર પણ ક્રમશઃ સર થતા જાય છે. વ્યક્તિમાં નમ્રતા, પ્રેમ, સદ્ભાવ, કરુણા, મૈત્રી જેવા ગુણોની પુષ્ટિ થતી રહે છે. નમાજી નમાજમાં એવા તો ધ્યાનસ્થ થઈ જાય છે કે શારીરિક પીડા, દુન્યવી દુઃખદર્દને પણ ભૂલી જાય છે. આમ, નમાજ એ સાધનાની એક પદ્ધતિ જ છે. નમાજની સાર્થકતા વિશે શ્રી ઈસ્માઇલભાઈ નાગોરી

ઉચિત રીતે જ નોંધે છે કે – 'નમાજ – પ્રાર્થનામાં પણ એક પ્રકારની લિજ્જત હોય છે – એક મિઠાશનો – સુખનો આસ્વાદ હોય છે, એક ઠંડક અને રસનો અનુભવ હોય છે. પણ જો એ નમાજ – પ્રાર્થના માત્ર ચીલાચાલુ થઈ જાય તો એમાં પ્રાણ કે તેજ, પ્રભાવ કે પ્રાપ્તિ કશું રહેતું નથી. ન્હાઈએ અને સ્વચ્છતા ન થાય તો એ માત્ર પાણી ઢોળ જ કહેવાય ને ?' આમ, ભાવપૂર્વક થતી પાંચ સમયની નમાજ સાચા મૌમિન–મુસ્લિમને અંદર–બહારથી ક્રમશઃ વિકસાવીને ખુદાના–કુદરતના માર્ગે ચાલનાર સાચો બંદો–ભક્ત–અધ્યાત્મ પુરુષ બનાવે છે.

**કોઈપણ ધર્મની આવશ્યક ક્રિયા જે તે ધર્મનું પાલન કરનાર વ્યક્તિના જીવનવિકાસ તેમજ આત્મોત્થાન માટે નિમિત્તરૂપ સાધન હોય છે. આ સાધન તો પ્રત્યેક વ્યક્તિના હાથમાં એક સરખા રૂપમાં જ આવે છે, પણ તેમ છતાં તેની ઉત્પાદકતામાં જે ફેરફાર આવે છે તેમાં જે તે વ્યક્તિની કર્તવ્યનિષ્ઠા જ કારણભૂત હોય છે. આ સંદર્ભમાં વિચારતા શુદ્ધ ભાવથી કરાયેલી ઈસ્લામની દૈનિક ક્રિયાઓ પ્રભુ પરાયણતાની સાથોસાથ ઉત્તમ માનવજીવનની પાઠશાળા પણ બની રહે છે**

નમાજના સમય નિયત કરવા પાછળના પણ કેટલાક ઉદ્દેશો વિચારી શકાય. રાત્રે શયનપૂર્વે ઈશા નમાજ પઢવામાં આવે છે. નિદ્રા એ અર્ધમૃત્યુ જ છે. ઈશા નમાજ એ પ્રતીક રૂપે પઢવામાં આવે છે કે મૃત્યુ પૂર્વે વ્યક્તિ બંદગી કરે છે ને પછી નિદ્રાસ્થ થાય છે. તેવી જ રીતે દિવસનું ઉગવું એ નવજીવનનું પ્રતીક છે, માટે જીવનના પ્રભાતે – જીવનદાતા અલ્લાહની બંદગી કરાય છે. સવારની વેળા તેમજ મધ્યાહ્નની વેળા એ વ્યસ્તતાનો સમયગાળો છે. એ સમયમાં પણ નમાજ અદા કરીને વ્યક્તિ ખુદા અને તેની બંદગીની અગત્યતાનું પ્રમાણ પણ આપે છે. વળી, નિયમિત નમાજ પઢનાર વ્યક્તિ પાક – સાફ રહે છે ને પાંચ વખત નમાજની આગળ નોંધેલ ક્રિયા કરનાર વ્યક્તિના આડકતરાના શારીરિક – માનસિક વ્યાયામથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

નમાજ સિવાય ઝિક્ર – યાદ – નામસ્મરણ – જાપને પણ ઈસ્લામને અનુસરનાર વ્યક્તિના નિત્યક્રમમાં સમાવેશ કરવામાં આવેલ છે. 'ફજર' એટલે કે પ્રભાત ફૂટ્યા પૂર્વેની નમાજથી સૂર્યોદય સુધી તેમજ 'અસર' એટલે કે સાંજના સમયની નમાજથી સૂર્યાસ્ત સુધીના સમયમાં ખુદાનું ઝિક્ર કરવાનું સૂચવવામાં આવ્યું છે, જેમાં પોતાના સર્જનહાર, પાલનહાર એવા ખુદાની પ્રશંસા, તેની અગણિત કૃપા બદલ આભારનો ભાવ પ્રકટ કરવામાં આવે છે. આ ઉપરાંત હજરત મહંમદ પયગંબર સાહેબ પર દૂરુદશરીફ પણ પઢવામાં આવે છે. ઝિક્રમાં 'સુબહાન-અલ્લાહ' (સ્તવન હજો પરમેશ્વરનું), 'અસ્ત ગફિરૂલ્લાહમિન' કુલ્લે ઝમ્બીન ખતીઅતિન વ અતુલો ઇલયહ (હું મારી સર્વ ભૂલો ને ગુનાહો (પાપો) માટે ભગવાનની ક્ષમા યાચું છું ને એના તરફ અભિમુખ થાઉં છું). 'અલ્લાહુ અકબર' આદિનો પાઠ કરવામાં આવે છે. પ્રભાતે અને સાંજના ઝિક્ર સિવાય પણ વ્યક્તિને જ્યારે પણ અનુકૂળતા હોય ત્યારે ઝિક્ર એટલે કે પ્રભુનું સ્મરણ કરવાનું સૂચવવામાં આવ્યું છે. આ રીતે નમાજ અને ઝિક્રને ઈસ્લામની દૈનિક આવશ્યક ક્રિયાઓમાં સ્થાન આપવામાં આવ્યું છે.

નમાજ અને ઝિક્ર જેવી દૈનિક ક્રિયાઓ ઉપરાંત રમજાન મહિનામાં પ્રત્યેક પુખ્ત મુસ્લિમ સ્ત્રી-પુરુષ પર રોઝા ફર્જ કરવામાં આવ્યા છે. જેની પાસે નિયત મર્યાદાથી વધુ ધન સંપત્તિ હોય તેને 'ઝકાત' (ફરજિયાત દાન) કરવાનું કહેવામાં આવ્યું છે. જે શારીરિક અને આર્થિક રીતે સંપન્ન હોય તેને મક્કા-મદીનાની યાત્રા-હજ્જ પઢવા જવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. અહીં માત્ર દૈનિક આવશ્યક ક્રિયાઓની વાત કરવાની હોઈ આ બાબતોની વિસ્તૃત ચર્ચા કરેલ નથી.

આખરે કોઈપણ ધર્મની આવશ્યક ક્રિયા જે તે ધર્મનું પાલન કરનાર વ્યક્તિના જીવનવિકાસ તેમજ આત્મોત્થાન માટે નિમિત્તરૂપ સાધન હોય છે. આ સાધન તો પ્રત્યેક વ્યક્તિના હાથમાં એક સરખા રૂપમાં જ આવે છે, પણ તેમ છતાં તેની ઉત્પાદકતામાં જે ફેરફાર આવે છે તેમાં જે તે વ્યક્તિની કર્તવ્યનિષ્ઠા જ કારણભૂત હોય છે. આ સંદર્ભમાં વિચારતા શુદ્ધ ભાવથી કરાયેલી ઈસ્લામની દૈનિક ક્રિયાઓ પ્રભુ પરાયણતાની સાથોસાથ ઉત્તમ માનવજીવનની પાઠશાળા પણ બની રહે છે.

✷ ✷ ✷

આસી. પ્રોફેસર (ગુજરાતી) ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, આઈ.ટી.આઈ. કેમ્પસ, રાપર-કચ્છ. Mob. No. : 07567064993.

**પુસ્તક આધાર :**

–'ઈસ્લામ દર્શન', લેખક ઈસ્માઈલભાઈ નાગોરી, પ્રકા. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પ્ર. આ. ૧૯૭૬.
–સહયોગ – ડૉ. એમ. એ. અજમેરી (આચાર્યશ્રી, ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, રાપર-કચ્છ).
-મૌલાના સનાઉલ્લાહ ઝઘરાલા
(નાયબ મોહતમીન, મદ્રસા, દારૂલ કુરઆન, છાપી. (બ.કાં.)

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# પતંજલિ પ્રણીત ક્રિયાયોગ

❑ શ્રી ભાણદેવ

*[ અધ્યાત્મપથના પ્રતીક વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્ત્વજ્ઞાનના પ્રચારાર્થે વિદેશભ્રમણ કર્યું છે. લગભગ ૩૫ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે. ]*

અધ્યાત્મપથના પથિકે આરંભમાં કંઈક કરવું ઘટે છે. કોઈક સ્વરૂપના બહિરંગ સાધન વિના માત્ર ચિંતન કે ધ્યાનના બળથી અધ્યાત્મપથ પર ચાલવું સામાન્ય રીતે શક્ય નથી. આના કરતાં વિરોધી એવી વાતો પણ વાતાવરણમાં વહેતી થઈ છે.

'કશું કરવાની જરૂર નથી, માત્ર ભાવ રાખો.' 'કોઈ સાધનાની જરૂર નથી. કોઈ ગુરુની જરૂર નથી. માત્ર છે તે જુઓ અને મુક્ત થાઓ. જાગૃતિ અને સમજ પર્યાપ્ત છે.' આવા વિચારો વારંવાર સાંભળવા મળે છે. પરંતુ આ પ્રકારના અભિગમ અધ્યાત્મના ખરા સ્વરૂપને અને માનવ મનની મર્યાદાઓને ન સમજવા બરાબર છે. એ વાત સાચી છે કે અધ્યાત્મની આગળની ભૂમિકાઓ ક્રિયાત્મક ઓછી અને ભાવાત્મક તથા ધ્યાનાત્મક વધુ છે. પરંતુ સાધનાના પ્રારંભે કોઈ ને કોઈ સ્વરૂપની બહિરંગ સાધના આવશ્યક છે. સાધકે પ્રારંભમાં શું કરવું ? આ જરૂરિયાતને સંતોષવા માટે ભગવાન પતંજલિ યોગસૂત્રમાં ક્રિયાયોગનું સાધન આપે છે.

ક્રિયાયોગ નામ જ સૂચવે છે કે તેનું સ્વરૂપ વિશેષે કરીને ક્રિયાત્મક છે. ક્રિયાયોગના અનુષ્ઠાનમાં કશું કરવાનું છે. પરંતુ કોઈ પણ ક્રિયાને ક્રિયાયોગ કહી શકાય નહિ. દા. ત. કોઈ વ્યક્તિ સવારે ઊઠીને દાંત સાફ કરે તો તે ક્રિયા છે, પરંતુ ક્રિયાયોગ નહિ. ક્રિયાયોગ એટલે એવી ક્રિયાઓનો સમૂહ જે અધ્યાત્મ પ્રત્યે દોરી જાય.

યોગસૂત્રના બીજા પાદના પ્રારંભે ભગવાન પતંજલિ ક્રિયાયોગને સમજાવતાં એક સૂત્ર આપે છે.

तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ।

યો. સૂ. ૨, ૧

'તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન ક્રિયાયોગ છે.'

ક્રિયાયોગમાં અનેક સાધન કર્મોનો સમાવેશ થઈ શકે. આપણાં દેશમાં આવી હજારો પ્રારંભિક સાધનાઓ છે જે સાધકને અધ્યાત્મ તરફ દોરી શકે. આ બધી સાધનાઓને પતંજલિ આ ત્રણ વિશાળ વિભાગમાં વહેંચે છે.

તપ સંકલ્પાત્મક અને ક્રિયાત્મક છે. સ્વાધ્યાય જ્ઞાનાત્મક વિશેષ છે અને ઈશ્વર પ્રણિધાન ભાવાત્મક છે. માનવ ચેતનાના ત્રણ પાસાઓ-ક્રિયા, ભાવ અને જ્ઞાનને દૃષ્ટિ સમક્ષ રાખી સાધન સ્વરૂપોને ત્રણ વિશાળ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

ક્રિયા, જ્ઞાન અને ભાવનું અનુક્રમે પ્રાધાન્ય હોવા છતાં આ ત્રણે સાધન સમૂહો આરંભમાં તો ક્રિયાત્મક જ રહેવાના. કેમ કે સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન પણ પ્રારંભિક અવસ્થાએ ક્રિયાથી જ આરંભ કરે છે. તેથી અહીં ત્રણેને ક્રિયાયોગ કહેલ છે.

હવે આપણે આ ત્રણે સાધનના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ.

**૧. તપ :**

તપ શબ્દ તપ ધાતુ પરથી બન્યો છે. તેનો અર્થ છે તપવું અને તેનું જ પ્રેરક રૂપ 'તપાવવું' બને છે. જેમ સુવર્ણને તપાવવાથી તેમાં રહેલી અશુદ્ધિઓ બળી જાય છે અને સુવર્ણ શુદ્ધ બને છે. તેમ સાધકના શરીર અને ચિત્તને તપાવીને તેમને પરિશુદ્ધ કરનારી કેટલીક સાધનાઓ છે. આ સાધનાઓને તપ કહે છે.

સાધક પરમ સત્યની પ્રાપ્તિ માટે પોતાનું જીવન સમર્પિત કરે છે અને એ ધ્યેયને અનુરૂપ જીવન પદ્ધતિ સ્વીકારે છે, એની શિસ્ત સ્વીકારે છે. આ પદ્ધતિથી જીવન જીવતા શારીરિક–માનસિક કષ્ટો સહન કરવાં પડે છે. આ પણ તપનું જ એક સ્વરૂપ છે.

સાધક પોતાની નિમ્ન પ્રકૃતિમાં રહેલ વાસનાઓ, મર્યાદાઓ, ગ્રંથિઓ વગેરેમાંથી મુક્ત થવા માટે નિયમબદ્ધ જીવનનો સ્વીકાર કરે છે અને અનેકવિધ અનુષ્ઠાનો કરે છે. આ પ્રકારના અનુષ્ઠાનો પણ તપ છે.

તપનો એક અર્થ સંકલ્પ છે. સંકલ્પ ક્રિયાની જનની છે. સંકલ્પ અને તેનો ક્રિયામાં અમલ એ તપનું સ્વરૂપ છે એટલે તપ ક્રિયાત્મક છે.

વ્રત, ઉપવાસ, સ્નાન, તીર્થયાત્રા વગેરે તપના બાહ્ય સ્વરૂપો છે.

तच्च चित्तप्रसादनं बाधमानमनेनासेव्यमिति मन्यते।

'જે તપ ચિત્તની પ્રસન્નતા માટે કારણભૂત હોય અને શરીર તથા ઈન્દ્રિયો માટે બાધાકારક ન હોય તે સેવ્ય છે, અન્ય નહિ.'

તપના ત્રણ પ્રકાર છેઃ

(૧) વાચિક તપ :

સત્ય, પ્રિય અને હિતકર વાણી એ વાચિક તપ છે.

(૨) શારીરિક તપ :

સાત્ત્વિક આહારવિહાર, ઉપવાસ, વ્રત ઈન્દ્રિયોનો સંયમ વગેરે શારીરિક તપ છે.

(૩) માનસિક તપ :

મૌન, સમતા, ભાવશુદ્ધિ, મનોનિગ્રહ, ચિત્તની પ્રસન્નતા વગેરે માનસિક તપ છે.

તપનું ફળકથન કરતાં પતંજલિ કહે છેઃ

कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः ।

યો.સૂ.૨, ૪૩.

'તપાચરણથી અશુદ્ધિ ક્ષય થતાં શરીર અને ઈન્દ્રિયોની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

**૨. સ્વાધ્યાય :**

ક્રિયાયોગના ભાગરૂપે સ્વાધ્યાયનું આરંભનું સ્વરૂપ ક્રિયાત્મક છે છતાં તેનું મૂળ સ્વરૂપ બૌધિક છે. સ્વાધ્યાયનો હેતુ સમાજનો વિકાસ છે. તેનો સંબંધ વ્યક્તિત્વના જ્ઞાનાત્મક પાસા સાથે છે.

અધ્યાત્મપથનો પથિક વિદ્વાન થવા માટે નીકળ્યો નથી, પરંતુ એનો અર્થ એમ પણ નથી કે તેણે બાઘા કે અણઘડ રહેવું જોઈએ. અધ્યાત્મ વિષયક સમજ તેનામાં હોય એ આવશ્યક ને ઉપયોગી છે. તેથી સ્વાધ્યાય આવશ્યક છે.

સ્વાધ્યાયની ત્રણ કક્ષાઓ છે :

૧. શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન.

૨. અધ્યયન કરેલ વિષય પર ચિંતન-મનન.

૩. પ્રણવ, ગાયત્રી આદિ મંત્રોનો જપ તથા વૈદિક સૂક્તો કે અન્ય સ્તોત્રોનો પાઠ.

સમાહિત ચિત્ત વિના અધ્યાત્મશાસ્ત્રોના અર્થો ચિત્તમાં પ્રસ્ફુરિત થતા નથી. પ્રણવ અને ગાયત્રીની ઉપાસના ચિત્તને સમાહિત કરવા માટે ઉપકારક છે. એટલે સ્વાધ્યાયમાં ઉપકારક બને છે. તેથી તેમનો સમાવેશ સ્વાધ્યાયમાં કરવામાં આવ્યો છે.

સ્વાધ્યાયનું ફળકથન કરતાં પતંજલિ કહે છેઃ

स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः।

યો. સૂ. ૨, ૪૪

'સ્વાધ્યાયથી ઈષ્ટદેવનો સાક્ષાત્કાર થાય છે.'

સ્વાધ્યાયના ફળકથનનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ જણાય છે કે સ્વાધ્યાયમાં માત્ર શાસ્ત્રાધ્યયન જ નથી પરંતુ તેનાથી વધુ આગળ જવાનું છે કેમ કે માત્ર અધ્યયનથી ઈષ્ટ દેવતા સંપ્રયોગ ન થાય. તેથી જ પ્રણવ, ગાયત્રી આદિ મંત્રોના જપને પણ સ્વાધ્યાય ગણવામાં આવેલ છે. કેમ કે જપથી ઈષ્ટ દેવતા સંપ્રયોગ થાય છે. વૈદિક સૂક્તો કે અન્ય સ્તોત્રોના પાઠથી પણ આ જ હેતુ સિદ્ધ થાય છે.

**અધ્યાત્મયોગની કક્ષાઓ :**

અધ્યાત્મયોગના પથ પર ચાલનાર પથિકની ત્રણ કક્ષાઓ આવે છે. પ્રથમ કક્ષા ક્રિયાત્મક છે. અહીં કશું કરવું (to do) મુખ્ય છે. આ કક્ષાની સાધનામાં શરીર અને ઈન્દ્રિયો પ્રધાન ભાગ ભજવે છે. આ કક્ષાની શાસ્ત્રીય સંજ્ઞા ભૂઃ છે. યજ્ઞ, પૂજા, પાઠ, આસન, પ્રાણાયામ, તીર્થયાત્રા, સ્વાધ્યાય વગેરે અનેક પ્રકારનો ક્રિયાકલાપ આ પ્રથમ કક્ષામાં આવે છે. વૈદિક પરંપરા મુજબ આને જ ક્રિયાકાંડ કહેવામાં આવે છે જે પ્રથમ કાંડ છે. ક્રિયાકાંડના યથોચિત પરિશીલનથી સાધકનું ચિત્ત શુદ્ધ થાય છે, વૃત્તિઓ અંદર વળે છે. લાંબા સમય સુધી પર્યાપ્ત માત્રામાં તેના અનુષ્ઠાનથી સાધકનો દ્વિતીય કક્ષામાં પ્રવેશ થાય છે.

અધ્યાત્મપથની દ્વિતીય કક્ષા અનુભવાત્મક છે. તેમાં આંતરિક રીતે કંઈક અનુભવવું (to feel) પ્રધાન છે. આ કક્ષામાં પ્રવેશ થતાં ક્રિયાત્મક પાસું ઓછું થવા માંડે છે અને અનુભવાત્મક પાસાનો વિકાસ થાય છે. આ કક્ષાની શાસ્ત્રીય સંજ્ઞા ભૂવઃ છે. વૈદિક પરંપરા મુજબ આને ઉપાસના કાંડ કહે છે. આ કક્ષા દરમિયાન જપાદિ કર્મો સૂક્ષ્મ અને ઊંડા બને છે. આ કક્ષામાં અંતઃકરણ પ્રધાન ભાગ ભજવે છે.

આ દ્વિતીય કક્ષા પ્રથમ કરતાં વિકસિત છે એ સાચું પણ એનો અર્થ એવો નથી કે પ્રથમ કક્ષા એટલે કે ક્રિયાકાંડનું મૂલ્ય ઓછું છે. પ્રથમ કક્ષાના પર્યાપ્ત પરિશીલનથી જ બીજી કક્ષામાં પ્રવેશ થાય છે. એટલે બીજી કક્ષાને વિકસીત માની પ્રથમ કક્ષાની સાધનાનો ઈન્કાર કરનાર વ્યક્તિ અધ્યાત્મના તત્ત્વને સમજી નથી એમ ગણવું જોઈએ. સાથે સાથે એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે ક્રિયાકાંડના પરિશીલનનો હેતુ આ દ્વિતીય કક્ષામાં પ્રવેશ છે. જીવનભર માત્ર પ્રથમ કક્ષામાં જ રમમાણ રહેનાર અધ્યાત્મના અર્થ અને સ્વરૂપને સમજતાં નથી, એ વાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

અધ્યાત્મની ત્રીજી કક્ષા 'હોવાની' છે. અહીં કરવું કે અનુભવવું નહિ પરંતુ 'હોવું' (to be) મુખ્ય છે. આ કક્ષાની શાસ્ત્રીય સંજ્ઞા સ્વઃ છે. વૈદિક પરંપરા મુજબ આને જ્ઞાનકાંડ કહે છે.

પ્રથમ કક્ષાને શાસ્ત્રીય પરિભાષામાં 'પ્રયોગ', બીજીને 'સંપ્રયોગ' અને ત્રીજીને 'સંપ્રસાદ' કહે છે.

અધ્યાત્મપથ એ અનંતની યાત્રા છે. સાધના સાન્ત છે અને પ્રાપ્તિ અનંતની છે. એટલે માત્ર પોતાની સાધનાના બળે અનંતની પ્રાપ્તિ કરી શકાય નહિ. એટલે આખરે તો ઈશ્વરપ્રણિધાન (ભગવત્ સમર્પણ) અને ભગવત્કૃપા જ તરણોપાય છે. પરંતુ ભગવત્કૃપાને નામે સાધક આરંભથી જ બેસી રહે તો શૈથિલ્યમાં સરી પડે. આરંભમાં કશુંક કરવું પડે છે અને તે જ છે આ ક્રિયાયોગ.

કૃપાક્ષેત્રમાં પ્રવેશ થાય એટલે સાધકને આ મહાચૈતન્ય જ ખેંચી લે છે. જ્યાં કશું કરવાનું નથી પણ પ્રપત્તિભાવમાં રહેવાનું જ હોય છે, એટલે જ પતંજલિએ યોગસૂત્રમાં ઈશ્વર પ્રણિધાનને આટલું મૂલ્ય આપ્યું છે.

**ક્રિયાયોગનું ફળકથન :**

ક્રિયાયોગના ફળકથન અંગે ભગવાન પતંજલિ કહે છેઃ

समाधिभावनार्थः क्लेशतनुकरणार्थश्च ।

યો. સૂ. ૨, ૨

'(આ ક્રિયાયોગ) સમાધિની ભાવના અને કલેશોને ક્ષીણ કરવા માટે છે.'

ક્રિયાયોગના અનુષ્ઠાનથી બે હેતુઓ સરે છે. અવિદ્યાદિ પાંચ કલેશો ક્ષીણ થાય છે અને સમાધિની યોગ્યતાનું નિર્માણ થાય છે.

'યોગસૂત્ર'માં માત્ર અષ્ટાંગયોગની જ સાધના પરંપરા પ્રબોધેલ છે એવી પ્રચલિત માન્યતા સાચી નથી એટલું ઉપરોક્ત વિચારણાથી સ્પષ્ટ થાય છે. 'યોગસૂત્ર'માં પતંજલિએ અષ્ટાંગયોગ સિવાયની સાધનાઓ અંગે પણ કહ્યું છે. યોગસૂત્ર એ સમગ્ર અધ્યાત્મનું શાસ્ત્ર છે. તેથી તેમાં વ્યાપક અને સમન્વયાત્મક દૃષ્ટિબિંદુથી અધ્યાત્મ વિચારણા થઈ છે.

'યોગસૂત્ર'માં બતાવાયેલ સાધનોમાં 'અષ્ટાંગયોગ' પ્રધાન સાધન છે, પરંતુ એ સિવાય પણ ઘણું છે અને ક્રિયાયોગ પણ ભગવાન પતંજલિએ સૂચવેલ એક મહત્ત્વપૂર્ણ સાધન છે.

'ક્રિયાયોગ' પ્રમાણમાં સૌમ્ય, સાત્ત્વિક અને સર્વજનસુલભ છે. તેમાં તીવ્રતા નથી અને તેથી જોખમ પણ નથી.

ગુરુપદિષ્ટ માર્ગે શ્રદ્ધા અને સમજપૂર્વક ક્રિયાયોગનું લાંબા સમય સુધી પરિશીલન સાધકના અધ્યાત્મપથને ઉજાળવામાં મૂલ્યવાન સાધન પૂરવાર થશે એટલું તો નિશ્ચિત છે.

**પ્રાણાયામ-પ્રણવ-ગાયત્રી :**

આપણે ક્રિયાયોગનો વિચાર કરીએ છીએ ત્યારે સાથે સાથે સનાતન પરંપરાની એક મહત્ત્વપૂર્ણ સાધનાનો વિચાર કરવો ઉચિત ગણાશે.

પ્રાચીન કાળથી જ આપણે ત્યાં ત્રણ સાધનો સર્વમાન્ય સ્વરૂપે પરંપરાગત ચાલ્યા આવે છે, જે આપણી સાધન પ્રણાલિના સારરૂપ છે. ૧. પ્રાણાયામ, ૨. પ્રણવોપાસના, ૩. ગાયત્રી જપ.

વેદને સ્વીકારનાર બધા જ સંપ્રદાયો આ ત્રણ સાધનોનો સ્વીકાર કરે છે.

આ ત્રણેયના સમન્વયથી જ સાધનપથ બને છે તે સાત્ત્વિક, સર્વમાન્ય, સૌમ્ય અને પ્રમાણભૂત છે. સાધક પોતાના અધ્યાત્મપથને પ્રશસ્ત બનાવવા માટે તેનો યથોચિત ઉપયોગ કરી શકે છે.

આ ત્રણેના સમન્વયથી જ આપણી ત્રિકાળ સંધ્યા બનેલી છે. સંધ્યાકર્મમાં સંકલ્પ, આસનશુદ્ધિ, અઘમર્ષણ, ન્યાસ વગેરે અનેક અંગો પણ છે. પરંતુ તેઓનું સ્થાન મુખ્ય નથી. મુખ્ય છે પ્રાણાયામ, પ્રણવ અને ગાયત્રી. એટલે કોઈ પણ જિજ્ઞાસુ દ્વિકાલ કે ત્રિકાલ સંધ્યા કર્મ નીચેના સ્વરૂપે પણ ગોઠવી શકે.

૧. પ્રાણાયામ-૧૦ (અનુલોમ-વિલોમ)

૨. પ્રણવ-૧૦ થી ૧૦૦ સુધી

૩. ગાયત્રી જપ-૧૦ થી વધુ-અનુકૂળતા પ્રમાણે.

**૧. પ્રાણાયામ :**

પ્રાણાયામ અંગે અન્યત્ર વિસ્તારથી લખેલું હોવાથી અહીં આપણે સંક્ષેપમાં જ તેનો વિચાર કરશું.

શ્વાસ-પ્રાણ-ચિત્ત આ એક સાંકળ છે. ચિત્તવૃત્તિઓનો નિરોધ હેતુ છે. પરંતુ તેમનું સ્વરૂપ સૂક્ષ્મ છે. એટલે આરંભ સ્થૂળથી કરવો ઘટે છે. તે જ સાંકળનો બાહ્ય છેડો શ્વાસ આપણી પાસે છે. એટલે તેના સંયમ દ્વારા પ્રાણસંયમ સાધીને, ચિત્તવૃત્તિઓનો નિરોધ સાધી શકાયછે. આમ પ્રાણાયામ એ શ્વાસના નિયંત્રણ દ્વારા અંદર વળીને ચિત્ત સંયમની સાધના છે. તપના બંને હેતુ સંયમ અને શુદ્ધિ પ્રાણાયામથી સિદ્ધ થઈ શકે તેમ છે. તેથી જ પ્રાણાયામને પરમ તપ કહેલ છે.

પ્રાણાયામના અનેક સ્વરૂપોમાંથી ઉજ્જાયી, અનુલોમ-વિલોમ-શીતલી અને ભસ્ત્રિકા–આ ચાર સાધકો માટે ઉપયોગી છે.

**૨. પ્રણવોપાસના :**

વેદ-ઉપનિષદોમાં સર્વત્ર પ્રણવનો મહિમા ગવાયો છે. પ્રણવ એ સાર્વભૌમ મહામંત્ર છે અને આપણી સાધન પરંપરાના પાયારૂપ છે.

સમગ્ર જગત નાદમાંથી ઉત્પન્ન થયું છે. પ્રણવનો ઉચ્ચાર આ મૂળ નાદને કંઈક મળતો આવે છે. તેથી સાધક તેના નાદથી અને તેના અર્થચિંતનથી મૂળ તત્ત્વ સુધી પહોંચી શકે છે. પ્રણવ એ બ્રહ્મવાચક મંત્ર છે. તેને જ ઓમકાર (ૐકાર), તારકમંત્ર વગેરે સંજ્ઞાઓ અપાયેલ છે. યોગસૂત્રમાં ઈશ્વરની વ્યાખ્યા કર્યા પછી પતંજલિ પ્રણવ અંગે બે સૂત્રો આપે છેઃ

तस्य वाचकः प्रणवः ।

યો. સૂ. ૧, ૨૭

તેનો (ઈશ્વરનો) વાચક પ્રણવ (ઓમ્) છે.

तज्जपस्तदर्थ भावनम्

યો. સૂ. ૧, ૨૮

'તેનો જપ અને તેના અર્થનું ચિંતન કરવું.'

અહીં આપણે પ્રણવોપાસના અંગેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સંક્ષેપમાં નોંધીએ.

૧. સિદ્ધાસન કે પદ્માસન જેવા કોઈ આસનમાં બેસવું.

૨. રેચક સાથે ખૂબ નીચા સ્વરથી 'ઓ'નો ઉચ્ચાર કરવો. 'ઓ'ની ત્રણ માત્રા છે. ત્રણ માત્રા જેટલો સમય વિત્યા પછી મુખ બંધ કરી 'મ'નો ઉચ્ચાર કરવો. 'મ'નો ઉચ્ચાર પોતાની શક્તિ મુજબ ગમે તેટલો લંબાવી શકાય. જ્યારે 'મ'નું ઉચ્ચારણ પૂરું થાય ત્યારે થોડી ક્ષણો બાહ્યકુંભકની અવસ્થામાં જ રહેવું પછી પૂરકનો પ્રારંભ કરવો. ધીમી ગતિએ પૂરક દ્વારા શ્વાસને પૂરો અંદર ભરી લેવો. ત્યારબાદ ફરી રેચકપૂર્વક ઓમકારનો ઉચ્ચાર કરવો તે તેના ઉચ્ચારણની પદ્ધતિ છે.

૩. નાદ કરવામાં આવે ત્યારે ધ્યાન તે નાદ પર રાખવું. એટલે નાદનું ઉત્પન્ન થવું અને શ્રવણ કરવું બંને ક્રિયા એક સાથે થવી જોઈએ, જેથી નાદસર્જન અને નાદશ્રવણનું એક ચક્ર પૂરું બને.

૪. દરેક આવર્તનમાં નાદને અંતે નાદના અનુરણનનું ધ્યાન

કરવું. અનુરણન એટલે નાદના અંતે ચિત્તમાં ગુંજતી નાદની પ્રતિમા.

૫. નાદના અનુસંધાન સાથે સાથે ઓમકારના અર્થનું ચિંતન કરવું.

પ્રણવની સાડા ત્રણ માત્રા છે. અ, ઉ અને મ. ત્રણે અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ અવસ્થાની પ્રતીક છે. અર્ધમાત્રા તુરીયાવસ્થાની પ્રતીક છે. પ્રણવોપાસના દ્વારા આ ત્રણે અવસ્થાઓ ભેદીને તુરીયાવસ્થામાં જવાનું છે.

**૩. ગાયત્રી જપ :**

પ્રણવની જેમ ગાયત્રીજપ પણ સાર્વભૌમ મહામંત્ર છે. સનાતન પરંપરાના બધા અનુયાયીઓ ગાયત્રીમંત્રનો સ્વીકાર કરે છે. ગાયત્રીને વેદ માતા કહેવામાં આવે છે. 'ગાયત્રી' છંદનું નામ છે. ઉપાસનાનું મૂળ નામ સવિતૃ ઉપાસના છે. મંત્રના ઋષિ વિશ્વામિત્ર અને દેવ સવિતૃ છે. સવિતૃનો અર્થ અહીં સૂર્યનો સ્થૂળ ગોળો નહિ પરંતુ તેમાં સ્થિત નારાયણ-પરમ તત્ત્વ છે. ગાયત્રી મંત્રમાં પરમ તત્ત્વનું ધ્યાન, પ્રાર્થના અને સ્તુતિ છે.

મંત્રનો જપ ત્રણ રીતે થાય છે. વાચિક, ઉપાંશુ અને માનસિક . ગાયત્રી જપની પદ્ધતિ સંક્ષેપમાં આ પ્રમાણે છે.

૧. ધ્યાનમંત્ર-પ્રથમ ધ્યાનમંત્રનો પાઠ કરવો જોઈએ અને સાથે સાથે તે દેવનું ધ્યાન કરવું જોઈએ.

૨. વ્યાહૃતિ ઉચ્ચારણ- **ૐ ભૂ ભૂર્વઃ સ્વઃ** નો ઉચ્ચાર કરવો. **ભૂ, ભૂર્વઃ** અને **સ્વઃ** આ ત્રણ વ્યાહૃતિઓ છે.

સમજની ત્રણ ભૂમિકા છે. સાધનાના ત્રણ ટપ્પા છે. અસ્તિત્વના ત્રણ સ્વરૂપો છે-આજ વાત અહીં વ્યાહૃતિ દ્વારા સાંકેતિક રીતે સૂચવાય છે.

૩. ત્યાર પછી ગાયત્રી મંત્રનો જપ શરૂ કરવો અને ૧૦ થી માંડીને યથાવકાશ સંખ્યામાં જપ કરી શકાય.

ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि

धियो यो नः प्रचोदयात् ।।

'એ સવિતૃદેવના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ, જે અમારી બુદ્ધિને તેજસ્વી બનાવો.'

૪. ગાયત્રી જપના અંતે શીર્ષમંત્રથી તેનું સમાપન કરવામાં આવે છે.

૫. અંતે પરિધાન મંત્રનો પાઠ કરવામાં આવે છે.

શુદ્ધ ઉચ્ચાર, અર્થનું અનુસંધાન, વેદોક્ત સ્વરભારની વિધિથી ગાયત્રી મંત્રનો જાપ કરવો જોઈએ.

પ્રાણાયામ, પ્રણવ અને ગાયત્રી જપ—આ ત્રણેમાંથી કશું પુસ્તક વાંચીને પોતાની મેળે શીખી શકાય તેવું નથી. કોઈ અધિકારી વ્યક્તિ પાસેથી શીખવું જોઈએ.

✱ ✱ ✱

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપુર (નદી)-૩૬૩૬૪૨
વાયા-મોરબી. ફોન : (02822) 292688.
મોબાઈલ : 09374416610.

## ખ્રિસ્તી ધર્મ (રોમન કેથલિક)માં કરવામાં આવતી ધાર્મિક વિધિઓ (અનુસંધાન પૃષ્ઠ ૧૩૧થી ચાલુ)

**૮. સંસ્કારો**

સંસ્કારો એટલે ઈશ્વરની કૃપાના વાહકો. એનો એક અર્થ થાય છે—ઈશ્વરે માણસ પ્રત્યેની પોતાની કરુણા પ્રગટ કરવા પસંદ કરેલા સંકેતો. સંસ્કાર એ માત્ર વિધિ જ નથી પરંતુ ઈસુ આપણી વચ્ચે હાજર છે એવા જીવનદાયી સંકેતો એમાં સમાયેલા છે. સંસ્કારો સાત છે. ૧. સ્નાન સંસ્કાર (નવજીવન સંસ્કાર): એ ઈશ્વરના રાજ્યનું અને શાશ્વત જીવનનું પ્રવેશદ્વાર છે. તેનાથી વ્યક્તિ ધર્મસભાની સભ્ય બને છે. અર્થાત્ ખ્રિસ્તી બને છે. બીજા સંસ્કારો માટેનું તે પ્રવેશદ્વાર છે. ૨. બળ સંસ્કાર (ચૈતન્યપૂર્ણ સંસ્કાર) : આના દ્વારા ભક્તને પવિત્ર આત્માનું દાન મળે છે. આ સંસ્કારથી પવિત્ર આત્માના પૂર્ણ સંચારથી ઈસુપંથી પોતાની શ્રદ્ધા દૃઢ રીતે કબૂલ કરવા, જગત, દેહ તથા શેતાન પર વિજય મેળવવા અને ઈસુનું રાજ્ય ફેલાવવા સબળ થાય છે. ૩. ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર : ઈસુ પોતે પ્રેમની નિશાની તરીકે આપણા શાશ્વત જીવનના પોષણ માટે પરમ યજ્ઞ વેળાએ રોટલી તથા દ્રાક્ષના રસના રૂપમાં પોતાના દેહ-રક્તનો આહાર કરાવે છે તે ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર છે. ૪. પ્રાયશ્ચિત સંસ્કાર (સમાધાન સંસ્કાર) : શ્રદ્ધાળુ પોતે કરેલાં પાપનો સાચો પસ્તાવો કરીને પુરોહિત સમક્ષ પોતાના પાપોની કબૂલાત કરી તેમના દ્વારા પાપોની માફી મેળવે છે. તે પ્રાયશ્ચિત સંસ્કાર છે. ૫. આરોગ્ય પ્રદાન સંસ્કાર : આમાં પુરોહિત બિમાર પડેલ વ્યક્તિના કપાળે અને હાથ પર પાવન તેલ લગાડી ઈસુની પુણ્ય શક્તિ વડે પ્રાર્થના કરી તેને આધ્યાત્મિક અને શારીરિક તંદુરસ્તી બક્ષવામાં આવે છે. ૬. પુરોહિત દીક્ષા સંસ્કાર. ૭. લગ્ન સંસ્કાર.

**સંદર્ભ ગ્રંથો :**

૧. ફા. ફ્રાન્સિસ મેન્ડોસાઃ
ઈસુ દર્શન : કેથલિક ધર્મની પ્રશ્નોત્તરી (ત્રીજી આવૃત્તિ)
૨. ઈગ્નાસ એચાનિસ, ઈસુદાસ કવેલી અને પ્રા. આર. આર. પરમાર
પ્રભુને ચરણે (બીજી આવૃત્તિ)
૩. ગુજરાત સાહિત્ય પ્રકાશ દ્વારા પ્રકાશિત 'પ્રાર્થના પુસ્તિકા' (ચોથી આવૃત્તિ)

✱ ✱ ✱

૨૩, મહાવીર નગર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. નં. : 9825384623

# આવશ્યક ક્રિયાસાધના અને આપણું વર્તમાન જીવન

❑ મુનિ ત્રૈલોક્યમંડન વિજય

આવશ્યક ક્રિયાસાધનાની વર્તમાન જીવનમાં ઉપયોગિતા, તેનાથી થતા ફાયદા-આ બધા વિશે આપણે વિચારીએ તે પહેલાં એક સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. આ સ્પષ્ટતા એક પ્રસંગના માધ્યમથી જ કરું.

એક માણસ એમેઝોન નદી અને એના આસપાસના પ્રદેશોના પ્રવાસોથી વતનમાં પાછો ફર્યો. લોકોએ જોયું કે એના ચહેરા પર કંઈક અનોખો જ આનંદ હતો. બધા એને વીંટળાઈ વળ્યા અને આનંદનું કારણ પૂછવા માંડ્યા. પેલો માણસ બિચારો મૂંઝાઈ ગયો. એણે કહ્યું, 'આનું કારણ તમને હું તો કઈ રીતે બતાવું ? એ સમજવા માટે તો તમારે પોતે ત્યાં જવું પડે અને એ ધોધનો અવાજ, એ રાની પશુઓની દહાડ, એ વૃક્ષોની ઘેઘૂર ઘટા, એ નીલો અંધકાર, એ પાંદડામાં ચળાઈને આવતો તડકો, એ ફૂલોની સુગંધ, એ અલૌકિક વાતાવરણ-આ બધું તમારે પોતે અનુભવવું પડે. બાકી જાતઅનુભવ સિવાય એ બધું સમજવું અઘરું છે.'

માણસની વાત તો સાચી છે. કેટલીક જણસ માત્ર અનુભૂતિનો જ વિષય હોય છે. અભિવ્યક્તિનો નહિ. આવશ્યક ક્રિયાની બાબત પણ કાંઈક આવી જ છે. એનો જીવનમાં પડતો પ્રભાવ, એના આચરણથી સાંપડતી પ્રસન્નતા–આ બધું અનુભવી શકાય, વર્ણવી ન શકાય. છતાંય માણસજાતે જ્યારે સ્વસીમિત અનુભતિઓને પણ બીજા સુધી પહોંચાડવા માટે ભાષાસૃષ્ટિ રચી જ છે, ત્યારે આપણે એના સહારે આવશ્યક ક્રિયાની વર્તમાન જીવનમાં ઉપયોગિતા સમજવા થોડોક પ્રયત્ન અવશ્ય કરીશું.

આવશ્યક ક્રિયા-સાધનાને જ્યારે આપણે વર્તમાન સંદર્ભમાં તપાસીએ છીએ ત્યારે સૌથી મોટો પ્રશ્ન એની પ્રાચીનતાનો આવે છે. અત્યારે જે સ્વરૂપે આવશ્યક ક્રિયા આરાધવામાં આવે છે, તેવા જ સ્વરૂપે તેની આરાધના છેક મહાવીરસ્વામીના કાળથી ચાલી આવતી હોવાનું જૈન પરંપરા દૃઢપણે માને છે. આ વાતના ૧૫૦૦-૧૭૦૦ વર્ષ જેટલા પ્રાચીન લેખિત પુરાવા પણ મળે છે. આ વાત એક તરફ જૈન રૂઢિ પરસ્ત વર્ગમાં એના પ્રત્યે બહુમાન કેળવવામાં નિમિત્ત બને છે તો બીજી તરફ વિચારકોના મનમાં અણગમો પેદા કરે છે કે અત્યારના તદ્દન નવા જ પ્રકારના દેશ-કાળમાં આટલી જૂની ક્રિયા કઈ રીતે ઉપયોગી બની શકે ? આ ક્રિયા જે સમય-સંજોગોને અનુલક્ષીને ઘડાઈ હતી, તે તો આજે રહ્યા જ નથી. તો પછી આ જૂનવાણી ક્રિયાને વળગી રહેવાનો કોઈ મતલબ ખરો ?

ખરી વાત એ છે કે જૈન શાસન મૂળભૂત રીતે અત્યંત લચકદાર (Flexible) છે. એમાં સમય-સંજોગોને સાપેક્ષપણે અધિકારી વ્યક્તિઓ દ્વારા પરિવર્તનને ગુંજાઈશ છે જ. એ કોઈપણ બાબતને જડની જેમ વળગી રહેવામાં નથી માનતું. અને તેમ છતાં આવશ્યક ક્રિયા આટલી સદીઓથી મહદંશે અપરિવર્તનીય રહી છે, તેમાં મુખ્ય કારણ એની ઉપયોગિતાની શાશ્વતતા છે. સમયના વહેવા સાથે સંજોગો બદલાતા રહે છે, માણસની પ્રવૃત્તિઓ પણ સમય સાથે તાલમેલ જાળવવા બદલાતી રહે છે, પરંતુ એના અંતઃકરણની વૃત્તિઓ તો તેવી ને તેવી જળવાઈ રહે છે, વૃત્તિઓનું બાહ્ય સપાટી પર દેખાતું સ્વરૂપ ભલે નવું નવું જણાય, પણ એનું આંતરિક સ્વરૂપ તો એવું ને એવું અકબંધ જ હોય છે. માટે આવશ્યક ક્રિયાને જો મનુષ્યની પ્રવૃત્તિ સાથે જ સંબંધ હોત તો તો આચાર્યોએ એનામાં પરિવર્તન અવશ્ય આણ્યું હોત. પરંતુ એને વાસ્તવમાં મનુષ્યની આંતરિક વૃત્તિઓ સાથે નિસબત છે. આ વૃત્તિઓનું વિમલીકરણ અને તે દ્વારા ઊર્ધ્વીકરણ એ જ આ ક્રિયાનું પ્રયોજન અને લક્ષ્ય છે. અને તેથી જ તે દરેક દેશ-કાળમાં એકસરખી ઉપયોગિતા ધરાવતી રહી છે.

આવશ્યક ક્રિયા આ કારણથી જ 'યોગ'નો દરજ્જો પામે છે. મહર્ષિ પતંજલિએ 'योगस्थितवृत्तिनिषेध' એવું સૂત્ર આપ્યું છે. ચિત્તની વૃત્તિઓનો નિરોધ. ચિત્તનું સ્થિરીકરણ એ યોગ એવો આ સૂત્રનો સામાન્ય ભાવ છે. જૈન શાસનનું યોગ અંગેનું મંતવ્ય આનાથી પણ એક પગલું આગળ વધે છે. આ મંતવ્ય મુજબ આત્માને શુદ્ધતા અને સિદ્ધતા તરફ પ્રગતિ કરાવનારી માનસિક, વાચિક કે દાયિક કોઈપણ પ્રવૃત્તિ 'યોગ' ગણાય છે. વૃત્તિઓનું સ્થિરીકરણ જેમ યોગ છે, તેમ વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ પણ યોગ બને છે. આવશ્યક ક્રિયાને આ દૃષ્ટિથી પણ તપાસવા જેવી છે.

'આવશ્યક' શબ્દ સૂચવે છે તેમ, આ પ્રત્યેક આરાધકે અવશ્ય કરવાની ક્રિયા છે. પ્રભુ વીરના માર્ગમાં દાન-પ્રભાવના, તપ-જપ બધું જ વૈકલ્પિક છે. આરાધક પોતાની અનુકૂળતા અનુસાર તેને આચરવા-ન આચરવાનું વિચારી શકે છે. પરંતુ આવશ્યક ક્રિયાની બાબતમાં આવું નથી. એ તો પ્રત્યેક આરાધકે અવશ્યપણે દરરોજ ઉભયદંડ આરાધવાની

*દુનિયાની કઈ કોર્ટ ગુનેગારને પશ્ચાતાપના બદલામાં છોડી મૂકવા તૈયાર હોય છે ? જ્યારે જૈન શાસનની કરુણા જુઓ. એ કહે છે કે સાચા હૃદયથી કરેલો પશ્ચાતાપ ગમે તેવા પાપકર્મોને બાળી નાખવા સમર્થ છે !*

છે. વિચિત્રતા તો એ છે કે આજે જૈન સમાજમાં આવશ્યક ક્રિયા પ્રત્યે જ ભારોભાર ઉપેક્ષા સેવવામાં આવે છે. સરેરાશ જૈન અનુકૂળતાએ અન્ય આરાધના કરવાનું કદાચ વિચારશે, પણ આવશ્યક આરાધના એને નહિ ગમે. આ વ્યાખ્યાનના વિષય તરીકે આવશ્યક ક્રિયાને વર્તમાન જીવનના સંદર્ભે તપાસવાનો ઉપક્રમ પસંદ કરવાનું આ પણ એક કારણ છે.

પ્રશ્ન થાય છે કે દરેક મનુષ્યની આવશ્યકતા કંઈ એકસરખી નથી હોતી. કોઈકને ધનોપાર્જન આવશ્યક લાગે છે, તો કોઈકને ભોગપભોગના સાધનો ભેગા કરવાનું જરૂરી જણાય છે. હવે જો બધાની જરૂરિયાતો જુદી જુદી હોય તો આ ક્રિયા 'આવશ્યક' કોના માટે ? આ પ્રશ્નનો જવાબ મેળવવા આપણે તાત્ત્વિક ભૂમિકાએ વિચાર કરવો પડશે.

સુખની શોધ એ જીવમાત્રનું જીવનચાલક પરિબળ છે. કીડી ગોળના ટુકડા પાછળ દોડે કે માણસ કરોડ રૂપિયા મેળવવા મથે–હોય છે તો સુખની શોધ જ. એ જ રીતે દુઃખદાયક બાબતનો પ્રતિરોધ પણ સુખની ઈચ્છાથી જ થતો હોય છે. માણસજાત પૂરતી વાત કરીએ તો એની સમગ્ર જિંદગી સુખ મેળવવાની મથામણમાં જ પસાર થઈ જતી હોય છે. પોતે સુખદાયક તરીકે કલ્પી લીધેલી ચોક્કસ પરિસ્થિતિઓનું સર્જન કરવામાં અને સુખદાયક માની લીધેલાં સાધનોનું નિર્માણ કરવામાં જ એની હયાતી સમાપ્ત થઈ જાય છે. આ સુખની પાછળની ભાગદોડ કરતાં કરતાં કેટલાંક બડભાગી મનુષ્યોને સમજણ જાગે છે કે પોતે જેને સુખ માની લીધું છે તે કંઈ વાસ્તવિક સુખ નથી, એ તો દુઃખનો પ્રતિકાર જ હોય છે. તમને પાણીનો પ્યાલો ત્યારે જ સુખ આપી શકે કે જ્યારે તમે તરસથી પીડાઓ. વગર તરસનું પાણી પણ પીવાનું ગમતું નથી. એ જ રીતે કરોડ રૂપિયા મેળવવાનું સુખ હોય કે ગુલાબજાંબુ ખાવાનું સુખ હોય-એ સુખ માણસે પહેલાં એ મેળવવાની ઇચ્છાથી પીડાવું જ પડે. વગર ઈચ્છાનું મેળવેલું ગમતું નથી જ. અને આ ઈચ્છાઓનો પણ ક્યાં પાર આવે છે ? એક પૂરી થાય ત્યાં બીજી, એની પાછળ ત્રીજી. એમ હારબંધ ચાલી આવે છે. એ બધી તો પૂરી થવી શક્ય નથી જ હોતી, અને માનો કે ઈચ્છા પૂરી થઈ પણ ખરી અને ગમતી વસ્તુ મળી પણ ખરી. પણ એ મેળવેલી વસ્તુ કાયમ ટકશે ખરી? અને ટકે તો કાયમ એટલી ને એટલી ગમશે પણ ખરી ?

ખરું જોઈએ ને તો ભોગ-ઉપભોગમાં મળતું સુખ તદ્દન નજીવું હોય છે. અને એની સામે ભોગવવું પડતું દુઃખ ભયંકર હોય છે. પહેલાં વસ્તુ મેળવવાની ઈચ્છાથી પીડાવાનું, પછી વસ્તુ મેળવવા આકરો પરિશ્રમ કરવાનો, પરિશ્રમ કર્યા પછી પણ જો વસ્તુ ન મળી શકી તો પણ દુઃખ અને મળી જાય તો એને કોઈ ઝૂંટવી ન જાય-એ નષ્ટ ન થઈ જાય એની ફિકરનું દુઃખ, અને એમ કરતાંય જો સાચવી ન શકાય તો એનો પણ આઘાત વેઠવાનો. આમાં સુખ કેટલાં ટકા બચે ?

આવી પારમાર્થિક વિચારણાને પરિણામે મનુષ્યના મનમાં સાચું સુખ મેળવવાની અભીપ્સા જન્મે છે. અને એને સમજાય છે કે આવું સાચું સુખ-સહજ સુખ અંદરથી-આત્મા પાસેથી જ સાંપડી શકે. આ સહજ સુખ પ્રાપ્ત કરવાની મથામણનો આરંભ આવી ભૂમિકાએ જ થાય છે. અને ત્યારે આ સુખની પ્રાપ્તિના ઉપાયો 'આવશ્યક' બને છે. આપણે જે સંદર્ભે વાત કરી રહ્યા છીએ તે ચોક્કસ ક્રિયાઓ પણ 'આવશ્યક' એટલે જ ગણાય છે કે સહજ સુખની પ્રાપ્તિ તેના વગર શક્ય નથી.

જે મહાત્માઓ અધ્યાત્મની એક ટોચ હાંસલ કરી ચૂક્યા છે, તેમને આવશ્યક ક્રિયા પ્રયત્નપૂર્વક નથી કરવી પડતી, તેમને તો તે કાયમ પ્રવર્તમાન જ હોય છે. તેઓ સદૈવ સમતાભાવમાં સ્થિર જ હોય છે. પાપોથી તેઓ કાયમ બચતા જ રહે છે, કાયાની મમતા અને દુન્યવી લાલસાથી તેઓ મુક્ત જ હોય છે. પણ આપણાં જેવા જીવો કે જેઓ અધ્યાત્મના માર્ગે હજુ પા-પા પગલી ભરી રહ્યા છે, તેઓએ આ બધા માટે મથવું પડે છે. મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે 'अभ्यासवैराग्याभ्यां तन्निवेषः' સાધક આત્માએ સિદ્ધતા ન સાંપડે ત્યાં સુધી સતત અને સંન્નિષ્ઠ અભ્યાસ કરતાં રહેવું પડે છે. જાગૃતિ અધ્યાત્મયાત્રાની પૂર્વશરત છે. સાધક આત્માને જાગૃતિ સિવાય કંઈ ખપે નહિ અને જાગૃતિથી ઓછું કંઈ ખપે નહિ. આવશ્યક ક્રિયા એ જાગૃતિ માટેની મથામણનો જ એક ભાગ છે, કે જે દરેક સાધક આત્માએ દરરોજ ઉભયદંડ અનિવાર્યપણે આરાધવાની છે. દશવૈકાલિક સૂત્રમાં ફરમાવાયું છે કે-

'जो पुव्वरत्ताऽवारत्तकाले, संपिक्कपइ अप्पगप्पगेणं ।<br>
किं मे कडं ! किं च मे किच्चसेसं ? किं सक्कणिज्जं न समायरामि ? ।।<br>
किं मे परो पासइ ? किं व अप्पा ? किं वाऽहं खलियं न विवज्जयामि ? ।<br>
इच्चेवं सम्भं अणुपासमाणो, अणागयं णो पडिबंध कुज्जा ।।'

જે સાધક આત્મા ઉભયકાળ પોતાની જાતે જ પોતાનો હિસાબ લે છે કે મેં શું કર્યું અને શું કરવાનું મારે બાકી રહ્યું ? એવું કયું સત્કાર્ય છે કે જે હું કરી શકું તેમ છું અને છતાં પણ કરતો નથી ? મારા કયા કામો જગજાહેર છે ? અને કયા કામો ફક્ત હું જ જાણું એવા ખાનગી રાખવા પડે છે ? તથા મારી કઈ સ્ખલનાઓ હું છોડી દેવા તૈયાર નથી ? આમ પોતાની જાતને સમ્યક્ રીતે તપાસતાં સાધક નવા પાપકર્મોથી બચી જાય છે.

આવશ્યક ક્રિયા જાતનો હિસાબ લેવાની જ એક પ્રક્રિયા છે. આ ક્રિયા કરનારો આત્મા દર ૧૨ કલાકે આત્મિક વધ-ઘટનું સરવૈયું કાઢી શકે છે અને પોતાની આધ્યાત્મિક પ્રગતિનો યથાર્થ ચિતાર મેળવી શકે છે. તેમ જ આવનારા ૧૨ કલાક માટે વ્યવસ્થિત તૈયારી

કરી શકે છે. ટૂંકમાં, સાવધાની એ આધ્યાત્મિક જીવનનો પ્રાણ છે. અરે આવશ્યક ક્રિયા સાવધાની જાળવવાનું જ એક પગલું છે.

આવશ્યક ક્રિયા વાસ્તવમાં ૬ નાની ક્રિયાઓનો સમૂહ છે. સામાયિક ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન-એમ ૬ ક્રિયાઓ ભેગી મળીને 'આવશ્યક ક્રિયા' તરીકે ઓળખાય છે. આમાં પ્રતિક્રમણ એ સૌથી મુખ્ય ક્રિયા છે. અન્ય ક્રિયાઓ તેના અનુષંગે જ ગોઠવાયેલી છે. તેથી સામાન્યતઃ આવશ્યકક્રિયા 'પ્રતિક્રમણ' તરીકે જ ઓળખાય છે અને જનસમાજમાં 'હું પ્રતિક્રમણ કરવા જાઉં છું' જેવા વ્યાપક વાક્યપ્રયોગ પણ થાય છે.

આવશ્યક ક્રિયાનું સૌપ્રથમ અંગ છે 'સામાયિક'. સામાયિક એ સમત્વભાવ કેળવવાની પ્રક્રિયા છે. ચિત્તને વિક્ષોભ-ખળભળાટ કોઈ પણ કાર્યમાં બાધક બને છે. આપણે સૌ જાણીએ છીએ કે ચિત્તની સ્થિરતા-એકાગ્રતા વગર કોઈ કામ વ્યવસ્થિત થઈ શકતું નથી. માનસિક એકાગ્રતા કેળવવામાં ચિત્તની ચંચળતા અડચણરૂપ બને છે. આ અડચણના મૂળમાં હોય છે આપણી રાગ-દ્વેષાત્મક મલિન વૃત્તિઓ. સમત્વભાવ આત્માની રાગદ્વેષભરેલી વિષમતાઓને દૂર કરે છે અને આત્માને શાંતિ તેમજ સ્થૈર્ય અર્પે છે. પારમાર્થિક નિર્દ્વન્દ્વતા આ પ્રક્રિયાના માધ્યમથી જ કેળવી શકાય છે.

વાસ્તવમાં સમત્વનો અર્થ રાગ-દ્વેષનો ઉપશમમાત્ર નથી, 'આ મારું-આ પરાયું' આ ભાવનો ત્યાગ પણ એનો જ ભાવ વિસ્તાર છે. રાગ અને દ્વેષ જેમ ચિત્તસ્થૈર્યમાં બાધક બને છે, તેમ મારા-પારકાપણાની વૃત્તિ પર સમતાને ટકવા નથી દેતી. આ વૃત્તિ હોય ત્યાં સુધી સાધક આ વૃત્તિની નીપજસમી જંજાળમાં અટવાયા જ કરે છે. સમતા આ વૃત્તિને નષ્ટ કરે છે અને પરિણામે સાધક જીવમાત્ર સાથે સમાનપણાનો-પોતીકાપણાનો અનુભવ કરે છે. સર્વ જીવો તેને આત્મતુલ્ય જણાય છે. સર્વભૂતાત્મભાવ, આત્માંપમ્ય જેવા શબ્દો આ અર્થમાં સમતાના પર્યાયવાચી બને છે.

વાસ્તવમાં બીજા જીવને પરાયો ગણ્યા વગર એને પીડા આપવાનું શક્ય જ નથી હોતું. કીડી પર આપણે ત્યારે જ પગ મૂકી શકીએ-એને કચડી શકીએ કે જ્યારે આપણે એને પરાઈ ગણાતા હોઈએ, એની પીડાને અનુભવવા તૈયાર ન હોઈએ. બાળકને આપણે જ્યારે જોઈને ચાલવાનું અને કીડી પર પગ ન મૂકવાનું શીખવાડતાં હોઈએ છીએ, ત્યારે ખરેખર તો આપણે એના હાથમાં સુરક્ષિત દુનિયા સોંપતાં હોઈએ છીએ. કીડીની સંભાળ લેનારું બાળક ISIS નું એજન્ટ બની શકે ખરું ?

મહાવીરસ્વામીનું સર્વભૂતાત્મભાવનું શાસ્ત્ર હોય કે ગુણવંત શાહની

***બાળકને આપણે જ્યારે જોઇને ચાલવાનું અને કીડી પર પગ ન મૂકવાનું શીખવાડતાં હોઇએ છીએ, ત્યારે ખરેખર તો આપણે એના હાથમાં સુરક્ષિત દુનિયા સોંપતાં હોઇએ છીએ.***

કોસ્મિક લયની છણાવટ હોય, બંનેનો સાર એક જ છે કે તમે જ્યારે વૃક્ષનું એક નાનકડું પાંદડું પણ તોડો છો, ત્યારે તમારા માટે એ ઘટના ભલે નજીવી હોય, વિશ્વચેતનામાં એના લીધે પડતું ભંગાણ નાનુસૂનું નથી હોતું. અને તમારા દ્વારા થયેલી એ અડચણ આખરે તો કોઈક ને કોઈક રીતે તમારી સામે જ બેકફાયર થયા વિના રહેતી. આજની ઘણી ખરી કુદરતી આફતો આપણાં દ્વારા વૈશ્વિક ચેતનામાં પાડવામાં આવેલી અડચણોના પરિણામોનો સરવાળો જ હોય છે.

સામાયિક એ બીજું કશું નહિ આપણાં દ્વારા વિશ્વચેતનામાં સર્જાતાં ભંગાણો પર રોક લગાવવાની તાલીમ જ છે. અને માટે જ એમાં તે પૂર્વે પાડવામાં આવેલી અડચણોની માફી માંગવામાં આવે છે, હવે પછી અડચણો ન પાડવા માટેનું મનોબળ કેળવવામાં આવે છે, તથા વર્તમાનમાં અડચણો ન પાડવાની તાલીમ લેવામાં આવે છે. આમાં પણ એટલી સૂક્ષ્મતા કેળવવામાં આવે છે કે સાધક મન-વચન-કાયાથી સ્વયં અડચણો તો નથી જ જન્માવતો, પરંતુ અન્યને એ માટે પ્રેરણા પણ નથી આપતો કે અન્ય દ્વારા થતી અડચણોની અનુમોદના પણ નથી કરતો.

વર્તમાન-જીવનના સંદર્ભે આ વાત કેટલી જરૂરી છે તે સમજાવવું પડે તેમ નથી. અશાંતિ અને ભયથી ત્રસ્ત આ દુનિયાને સમતા જ ઉગારી શકશે. અને એ સમતા કેળવવાની પ્રક્રિયારૂપ સામાયિક આપણે વહેલી તકે અપનાવવું જ પડશે.

તે પછી આવતી આવશ્યક ક્રિયા છે ચઉવીસત્થવો ચતુર્વિંશતિસ્તવ. જીવનના કોઈપણ ક્ષેત્રમાં તમારી સામે કોઈક આદર્શ હોય છે. તમે જે ક્ષેત્રમાં મથી રહ્યાં છો, તે ક્ષેત્રમાં આદર્શભૂત વ્યક્તિએ એવી ટોચ હાંસલ કરેલી હોય છે કે તમને થાય છે કે હું પણ આવું કંઈક કરું. એ આદર્શભૂત વ્યક્તિ આપોઆપ તમારા માટે આદરપાત્ર સ્તુત્ય બનતી હોય છે. આ એક સર્વસ્વીકૃત હકીકત છે.

અધ્યાત્મમાર્ગમાં પણ આ જ હકીકત લાગુ પડે છે. આપણાં નજીકના સમયમાં એવી ૨૪ વ્યક્તિઓ થઈ છે કે જેમણે અધ્યાત્મની સર્વોચ્ચ ટોચ હાંસલ કરેલી છે, કોસ્મિક લયમાં બિલકુલ વિક્ષેપ ન પાડવાની. એને સુવાંગ જાળવી રાખવાની કક્ષાએ જે પહોંચેલી છે, અને એટલું જ નહિ, એ સ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ લોકોના હૃદય સુખી પહોંચાડવા જેઓએ જીવનભર મથામણ કરી છે. આવશ્યક ક્રિયામાં આ ૨૪ વ્યક્તિઓ-તીર્થંકરોનું સ્મરણ-સ્તવન કરવામાં આવે છે. અધ્યાત્મમાર્ગે ચાલવા માટેનું બળ કેળવી શકાય તેવી કૃપા-કરુણાની તેમની પાસે નમ્ર માંગણી કરવામાં આવે છે. એ પૂજ્ય-આરાધ્ય વ્યક્તિત્વોને નજર સામે રાખી, તેમના માર્ગે ચાલવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવે છે. આને જ

કહેવાય છે ચતુર્વિંશતિ સ્તવ.

જૈન તત્ત્વજ્ઞાન મુજબ જોઈએ તો પરમતત્ત્વ પાસે કૃપા-કરુણાની માગણી થોડી મૂંઝવણ પેદા કરે છે. કેમ કે જેમની પાસે માગણી થાય છે તે તીર્થંકર સિદ્ધ ભગવંતો એવી સચ્ચિદાનંદમય અવસ્થાને પામેલા છે કે જ્યાં કશું જ કર્તૃત્વ શેષ નથી બચતું; ઈચ્છાનો અંશ પણ ત્યાં નથી સંભવતો. તો તેઓ ભાવકને ઉગારવાની ઈચ્છા કરે અને એ માટે કરુણા વરસાવે એ સંભવિત જ નથી. તો પછી તેમની પાસે માગણી કરવાનો કોઈ મતલબ ખરો ?

આ મૂંઝવણ વાજબી નથી કેમ કે આ મહાપુરુષોએ સર્વજીવકલ્યાણની ભાવનાને એટલી બધી ઘૂંટેલી હોય છે કે સર્વોચ્ચ કક્ષાની અવસ્થાએ એમને પરકલ્યાણ માટે કોઈ કર્તૃત્વભાવ લાવવો નથી પડતો. એમનું અસ્તિત્વ જ બીજાનું કલ્યાણ કરતું રહે છે. કૃપા-કરુણાની વર્ષા ત્યાં થયા જ કરે છે. આમ બનવું કંઈ અસંભવિત નથી. ભલભલા પોલીસ અધિકારીઓ થર્ડ ડિગ્રી ટ્રીટમેન્ટ આપીને પણ ગુનેગારો પાસે જે કબૂલાત ન કરાવી શકતા, તે રવિશંકર મહારાજની કરુણાભીની આંખો કરાવી શકતી, એ બહુ જાણીતું છે. પ્રાર્થના આપણામાં ભગવંતોની કૃપા-કરુણાની વર્ષાને ઝીલવાની પાત્રતા કેળવી આપે છે. એ વગર તો એ વર્ષા પણ નિષ્ફળ જાય. સૂર્યમાંથી સૌર ઊર્જા સતત વરસ્યા જ કરે છે. પરંતુ એને ઝીલવા માટે સૌરકોષોની બિછાત પાથરવી પડે નહિ તો એ બાતલ જ જાય.

એ પછીના ક્રમે આવતું 'વંદન' આવશ્યક પણ ગુણાનુરાગ સાથે જ સંબંધિત છે. તીર્થંકર અને સિદ્ધ ભગવંતો દ્વારા પ્રદર્શિત માર્ગ પર ચાલવાની પ્રેરણા આપવી, ઉન્માર્ગે જતાં અટકાવીને સન્માર્ગે વાળવા, એ માર્ગ પર ચાલવાનો ઉત્સાહ વધારવો, ચાલનારને ડગલે-ડગલે માર્ગદર્શન આપવું-આવી બધી ફરજો ગુરુતત્ત્વ નિભાવે છે. આ આદરણીય ગુરુતત્ત્વ પ્રત્યેનું સમર્પણ વંદન આવશ્યક દ્વારા અભિવ્યક્ત કરાય છે.

ધ્યાનપાત્ર વાત એ છે કે સમર્પણ ગુરુતત્ત્વ પ્રત્યેનું હોય છે, વ્યક્તિ પ્રત્યેનું નહિ. તત્ત્વ પ્રત્યેની નિષ્ઠા તારે છે, વ્યક્તિ પ્રત્યેની નિષ્ઠા ડૂબાડે છે. અલબત્ત, વ્યક્તિને તત્ત્વની પ્રતિનિધિના રૂપમાં જોઈએ, આરાધીએ તો તો ઉત્તમ જ છે. પણ વ્યક્તિ પ્રત્યેનું આંધળું સમર્પણ તો હેય જ ગણાય. અત્યારે સમાજમાં અમુક 'ગુરુઓ' દ્વારા જે વિષમતા સર્જાઈ છે, તે આપણી આંધળી વ્યક્તિનિષ્ઠાને જ આભારી છે. એથી કરીને કંઈ સમગ્ર ગુરુપરંપરા તિરસ્કરણીય નથી બનતી. જિજ્ઞાસા સાચી હોય તો એને સંતોષનારા જ્ઞાનીઓ ગુરુઓ જ હોય છે.

વર્તમાન જીવનના સંદર્ભમાં જોઈએ તો ગુણાનુરાગ, ગુણીજનો પ્રત્યેનું બહુમાન, ગુણ કેળવવાની મહેનત-આ બધાં સખ્ત તત્ત્વોની અત્યારે ભયંકર ખોટ વર્તાય છે. આવશ્યક ક્રિયા દ્વારા જીવનમાં ધીમે ધીમે આ બધાં તત્ત્વો જામતાં જાય છે અને વ્યક્તિ દેવ-ગુરુ પ્રત્યે તો ખરો જ, પણ સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિના ગુણો પ્રત્યે અહોભાવ કેળવાતો જાય છે. એના વ્યવહારમાં એક પ્રકારનું સામંજસ્ય સધાતું જાય છે.

વંદન આવશ્યક બાદ પ્રતિક્રમણ આવશ્યક કરવામાં આવે છે. પ્રતિક્રમણ શબ્દનું તાત્પર્ય શાસ્ત્રકાર મહાત્માઓ આવું દર્શાવે છેઃ

'स्वस्थानात् यत् स्थानं, प्रमादस्त्वशाद् गतम्।

तत्रैव क्रमणं भूयम्, प्रतिक्रमणमुच्यते।।'

આત્માનું સ્વભાવમાંથી પરભાવમાં ગમન થયું હોય, તેમાંથી પુનઃ સ્વભાવ તરફ પાછા ફરવું તે 'પ્રતિક્રમણ' કહેવાય છે.

અત્યારે આખી દુનિયામાં ક્રમણ, આક્રમણ, અતિક્રમણની જ વાતો ચાલે છે. કોઈ પ્રતિક્રમણ-પાછા ફરવાની વાત નથી કરતું. બધે બસ 'આગળ વધો, દોડો દોડો'ની બૂમરાણ મચી છે. થોભવાનું-પાછા ફરવાનું ડહાપણ જાણે ક્યાંય બચ્યું જ નથી. માણસને આગળ ધપવાનું-ધપાવવાનું આવડે છે. પણ પાછા વળવાનું કે પાછું વાળવાનું માણસ ભૂલી ચૂક્યો છે.

અર્જુન અને અશ્વત્થામા-બેય દ્રોણના શિષ્યો. બંને અજોડ બાણાવળી. પણ અર્જુન અશ્વત્થામા કરતાં ઊંચા દરજ્જાનો લેખાયો કેમ ? એનું કારણ આપણને મહાભારતમાં છેક છેલ્લે જડે છે. અર્જુન પોતે ફેંકેલા બ્રહ્માસ્ત્રને પાછું વાળી શકે છે. અશ્વત્થામા એ બાબતમાં લાચાર છે. પીછેહઠ પણ પ્રગતિનું પગલું બની શકે છે. એ વાત માણસજાત ક્યારે સમજશે ?

પ્રતિક્રમણમાં થયેલાં દુષ્કૃત્યોની માફી માગવામાં આવે છે. પોતાના એક એક દુષ્કૃત્યને યાદ કરો, તેની જાહેરમાં નિંદા કરવી અને એ બદલ પશ્ચાતાપ કરવો તેમજ હવે પછી ફરીથી એની એ ભૂલ એવા ને એવા ભાવથી ન કરવાનું નક્કી કરવું એનું નામ પ્રતિક્રમણ.

પ્રતિક્રમણમાં જ પગથિયાં છેઃ remember — દુષ્કર્મોને યાદ કરો. return — એવી દુષ્કર્મોથી ભરેલી જિંદગીથી પાછા ફરો. rethink — નવેસરથી જિંદગી વિશે વિચારો. relive — નવી જિંદગી જીવવાનું શરૂ કરો. દર ૧૨ કલાકે કરાતું પ્રતિક્રમણ આપણને શીખવાડે છે કે હવેના નવા ૧૨ કલાક વીતેલા ૧૨ કલાક કરતાં વધુ સ્વસ્થ, શાંત અને વધુ સુખી હોવા જોઈએ.

પ્રતિક્રમણ એ માત્ર ફરજ કે કર્તવ્ય જ નથી. એ આપણને જિનશાસને આપેલો હક પણ છે. દુનિયાની કઈ કોર્ટ ગુનેગારને પશ્ચાતાપના બદલામાં છોડી મૂકવા તૈયાર હોય છે ? જ્યારે જૈન શાસનની કરુણા જુઓ. એ કહે છે કે સાચા હૃદયથી કરેલો પશ્ચાતાપ ગમે તેવા પાપકર્મોને બાળી નાખવા સમર્થ છે !

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૪૬)**

# વંદનવિધિ – અન્ય દર્શનોની ધર્મ પ્રણાલિ

☐ ડૉ. રતનબેન ખીમજી છાડવા

*[ જૈન વિદ્યા તથા સંસ્કૃતમાં M.A. છે. ૨૦૦૯માં Ph. D.ની ઉપાધી મેળવી છે. જૈન સાહિત્ય પર વિવિધ સામયિકોમાં લેખો લખે છે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવામાં પારંગત છે. ]*

જૈનદર્શનમાં પરમ તત્ત્વને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયા. જેને 'ષડ્ આવશ્યક' કહેવામાં આવે છે. જેનું બીજું નામ પ્રતિક્રમણ છે જેનો અર્થ છે 'To go, To pure spirit' અર્થાત્ શુદ્ધ આત્મા પ્રત્યે કે નિર્મળ ચૈતન્ય પ્રત્યે ફરવું, જવું અથવા સંચરણ કરવું. જેના છ અંગ છે. તેમાંનું એક અંગ 'વંદના' પણ છે.

વંદ ધાતુથી વંદન શબ્દ બન્યો છે. વંદન એટલે નમસ્કાર, પ્રણામ વગેરે. 'धर्म प्रति मूलभूता वंदना।' ધર્મ પ્રત્યે લઈ જવા માટે મૂળભૂત વંદના જ છે. વંદન વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મ બહુમાનરૂપી બીજને વાવે છે. જે અનુક્રમે મોક્ષ સુધી પહોંચાડે છે. દરેક ધર્મ-દર્શનમાં પરમ તત્ત્વને પામવા પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા માટે વંદન કરાય છે. માટે જ વંદન એ ભારતીય સંસ્કૃતિનું અણમોલ નજરાણું છે. હિંદુ સંસ્કૃતિ પર હજારો સૈકાઓના પ્રવાહ વહી ચૂક્યા છે. બીજી અનેક સંસ્કૃતિઓ તેમાં ભળી અને એકરૂપ બની ગઈ છે જે આજના યુગમાં પણ અડીખમ ઊભી છે. માટે જ આજે પણ ભારતીય સંસ્કૃતિમાં વંદનવિધિનું મહત્ત્વ રહેલું છે. જોકે દરેક ધર્મ-દર્શનમાં તેની વિધિ ભિન્ન ભિન્ન જોવા મળે છે. જે નીચે મુજબ છે.

### શીખ ધર્મ અને વંદનવિધિ (ધાર્મિક ક્રિયા)

શીખ ધર્મનો ઉદય પંજાબમાં ૧૫મી ૧૬મી શતાબ્દીમાં થયો ગણાય છે. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક છે. શીખ ધર્મમાં કર્મ (અવિદ્યા), સંસારચક્ર, જ્ઞાન અને મોક્ષ–આ ચતુષ્પદી સ્તંભનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શીખધર્મમાં માનવજીવનને સાર્થક કરવા માટે ગુરુના ઉપદેશ અનુસાર આચરણ, નામજપ, નમ્રતા, સાધુસંત, સદ્‌ગુરુ અને પરમાત્માની કૃપા વગેરે ઉપાયો દર્શાવ્યા છે. ગુરુ ગ્રંથસાહેબ તેમનો મહાપવિત્ર ગ્રંથ છે. ૧૫૩૦ પૃષ્ઠોમાં ગ્રંથસાહેબનું સંકલન થયું છે. જાણે કે ભારતના સંતોનો ગુલદસ્તો. ગુરુ ગ્રંથસાહેબ બધાજ માટે શ્રદ્ધાનું પાત્ર છે. તેમ છતાં દેવ-દેવીઓની જેમ તેની પ્રાર્થના કરવામાં આવતી નથી. શીખ ધર્મમાં મૂર્તિપૂજાનું કોઈ સ્થાન નથી.

### શીખ ધર્મની પ્રાર્થના :

ગુરુ નાનક દ્વારા રચિત જુપજી (જપજી) મુખ્ય ભજન છે. જેને પ્રતિ દિવસ ગાવામાં આવે છે. તેમ જ તેને શીખ ધર્મની કૂંચી ભજન અને જ્ઞાન ગણ્યું છે. આ જુપજીની પ્રથમ પંક્તિમાં જ ઈશ્વરનું સ્વરૂપ દર્શાવ્યું છે. જેમ કે,

૧ (એક) ૐકાર સત્‌નામ કરતા પુરુષ
નિર્લેપ, નિર્વૈર અકાલ, મૂર્ત, અયોની, સ્વંભૂ, ગુરુપ્રસાદ.
-આદિગ્રંથ

અર્થાત્, આ એક ઈશ્વર નિરંજન, સગુણ, સર્વશક્તિમાન, શાશ્વત, અજન્મા, અનાદિ છે. એટલે કે તે એક છે, ૐકાર સ્વરૂપ છે. સત્ય એનું નામ છે. તે જગતકર્તા છે. આદિ પુરુષ, નિર્ભય, નિર્વૈર, અવિનાશી, અયોની સ્વયંભૂ છે, તેમ જ ગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે. શીખોનો આ મૂળમંત્ર છે. તેમાં શીખ ધર્મનું સમગ્ર તત્ત્વ આવી જાય છે. પ્રત્યેક શીખ આ મંત્રનું પાંચ વખત રટણ કરે છે.એનું સંક્ષિપ્ત રૂપ '૧ ૐકાર સતિગુર પ્રસાદ' છે.

### વાહિગુરુનું જપ :

શીખોમાં પ્રભુનું 'વાહિગુરુ' નામ, જપ અને સ્મરણ માટે પ્રચલિત છે. આ જપ વાસુદેવ, હરિ, ગોવિંદ અને રામ આ ચાર હરિનામોના આદ્યાક્ષરો લઈને બનાવેલું છે. 'વાહિગુરુ'ને ગુરુમંત્ર પણ કહે છે. એનો અર્થ છે – વિસ્મયકારી મહાન પરમાત્માને ધન્યવાદ હોજો. આ નામના જપથી પાપ-મળ ધોવાઈ જાય છે. આ નામ જપને તેઓ સાચા હૃદયનો જાપ માને છે. શીખ ધર્મમાં પરસ્પરનું અભિવાદન (વંદનવિધિ) : 'વાહ ગુરુજી કા ખાલસા (પવિત્ર)', 'વાહ ગુરુજી ફતેહ' એ શબ્દો વડે શીખો પરસ્પર અભિવાદન કરે છે. ગુરુદ્વારામાં પણ જ્યારે ગ્રંથી 'બોલે રે સો નિહાલ'નો પોકાર પાડે ત્યારે એના ઉત્તરમાં ભક્ત નરનારીઓનો સમુદાય 'સત શ્રી અકાલ' શબ્દો બોલે છે. 'સત શ્રી અકાલ' એટલે કાલ રહિત પરમાત્મા સત્ય છે.

શીખ ધર્મમાં ભક્તિભાવની અભિવ્યક્તિ સવાર, સાંજ, રાતની પ્રાર્થનાઓ, ગુરુ ગ્રંથસાહેબના દર્શન, શીખ સમાજનો સત્સંગ, કીર્તન અને નામસ્મરણ દ્વારા થાય છે.

### પારસી ધર્મની વંદનવિધિ (ધાર્મિક ક્રિયા)

પારસી પ્રજાનો ધર્મ તે જરથુસ્તી ધર્મ. પારસી ધર્મના પ્રવર્તક જરથુસ્ટ્ર છે. એમ કહેવાય છે કે જરથુસ્ટ્રને સાતવાર પરમાત્મા (અહુરમઝદ)ના દર્શન થયા હતા. આ ધર્મને 'ભલા દીન' તરીકે ઓળખવામાં આવે છે. આ ધર્મમાં અઝુરમઝદના પ્રતીક અગ્નિ (આતશ)નું અત્યંત મહત્ત્વનું સ્થાન છે.

જરસ્થુસ્તી ધર્મમાં ત્રણ પ્રકારના અગ્નિ મંદિરો છે. (૧) આતશ બહેરામ (૨) આતશ આદરાન અને (૩) આતશ દાદગાહ. ભારતના

પારસીઓમાં અગ્નિ મંદિરો માટે અગિયારી શબ્દ પ્રચલિત છે.

**અગિયારીમાં આતશનો વંદનવિધિ**

પારસીઓ અગિયારીમાં જઈને આતશની પૂજા-વંદના કરતાં કહે છે કે, 'તમામ ચીજોને પવિત્ર કરનાર આતશ તારું અને અન્ય આતશોનું હું ઈજન કરું છું.' તેવી જ રીતે ત્રણ મુખ્ય મંત્રોનું (૧) યથા અહુ વૈર્યો (પવિત્ર મન અને સેવા) (૨) અષેમ વોહુ (૩) યે ધહે હાતામ (બંન્નેનો મુખ્ય વિચાર છે સત્ય) આ અષ તમામ જરથુસ્તી સદ્ગુણોનો મૂળ આધાર છે. આ ત્રણ મંત્રોનું દિવસમાં અનેકવાર પઠન કરે છે.

પારસી નવા વર્ષને 'પતેતી' કહેવામાં આવે છે. પતેતી એટલે ક્ષમાયાચના. તેઓ તે દિવસે એકબીજાને શુભેચ્છા આપી દિલથી ક્ષમા યાચના માંગે છે. આતશ બહેરામમાં જઈ દુઆઓ માંગે છે અને અગ્નિની પૂજા કરે છે. તેમ જ રોજ સવારે ઊઠીને પ્રથમ સૂર્યને વંદન કરે છે. ગાથા ભણે છે જેને સૂર્ય નમસ્કાર કહી શકાય.

પારસી ધર્મમાં 'નવજોત' મુખ્ય ગણાય છે. એટલે પુત્ર કે પુત્રીને સાત, નવ કે અગિયાર વર્ષે ઢાકાની મલમલનો સદરો પહેરાવવામાં આવે છે. અને ૭૧ તારવાળી વણેલી ઉનની કસ્તી (જનોઈ) પહેરાવવામાં આવે છે. ત્યારે તે બાળક ધર્મમાં દાખલ થયેલું ગણાય છે. આ કસ્તી સદરાની ઉપર કમરમાં ત્રણ વખત વીંટાળવામાં આવે છે. માથે મલમલની ટોપી રાખી તેઓ પ્રાર્થના કરે છે. ગાથા ભણે છે. દિવસમાં પાંચ વખત તેઓ ગાથા ભણે છે. (પ્રાર્થના કરે છે.)

આમ દરેક ધર્મ દર્શનોમાં ધાર્મિક ક્રિયાઓ, ઉપાસના કે વંદનવિધિ ભિન્ન ભિન્ન હોવા છતાં બધા ધર્મોનો ઉદ્દેશ તો એક જ છે. શાશ્વત સુખની પ્રાપ્તિ, ઈશ્વર કૃપા કે સ્વર્ગીય સુખ, કે મોક્ષની પ્રાપ્તિ. ✷ ✷ ✷

F/૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨
મોબાઈલ : ૯૮૯૨૮૨૮૧૯૬

## આવશ્યક ક્રિયાસાધના અને આપણું વર્તમાન જીવન (અનુસંધાન પૃષ્ઠ ૧૪૪થી ચાલુ)

આપણાં ઘણાખરા પાપકર્મોના મૂળમાં આપણી આસક્તિ ભાગ ભજવતી હોય છે. અને આસક્તિનું મુખ્ય આધારસ્થાન છે શરીર. શરીર પ્રત્યેની મમતાથી પ્રેરાઈને માણસ ગમે તેવા અધમ કૃત્યો આચરતાં અચકાતો નથી. 'કાયોત્સર્ગ' આવશ્યક શરીર પ્રત્યેની મમતામાંથી છૂટવાની તાલીમ આપે છે. એનો શબ્દાર્થ જ થાય છે કાય+ઉત્સર્ગ=શરીર પ્રત્યેની મમતાનો ત્યાગ. કાયોત્સર્ગમાં નિશ્ચિત સમય સુધી શરીર પ્રત્યેના સ્વામિત્વનો ત્યાગ કરીને, મન-વચન-કાયાની એકાગ્રતા સાધીને રહેવાનો અભ્યાસ કરવામાં આવે છે. આના લીધે દેહાધ્યાય તો તૂટે જ છે, પરંતુ સત્કાર્યો માટે આવશ્યક એવું સંકલ્પબળ પણ કેળવાય છે. આ રીતે આ આવશ્યક પ્રતિક્રમણ આવશ્યકનું જ એક પૂરક અંગ બને છે.

> ***આપણાં ઘણાખરા પાપકર્મોના મૂળમાં આપણી આસક્તિ ભાગ ભજવતી હોય છે. અને આસક્તિનું મુખ્ય આધારસ્થાન છે શરીર. શરીર પ્રત્યેની મમતાથી પ્રેરાઈને માણસ ગમે તેવા અધમ કૃત્યો આચરતાં અચકાતો નથી. 'કાયોત્સર્ગ' આવશ્યક શરીર પ્રત્યેની મમતામાંથી છૂટવાની તાલીમ આપે છે.***

છેલ્લું 'પ્રત્યાખ્યાન' આવશ્યક પણ એ જ રીતે પ્રતિક્રમણનું જ પૂરક અંગ છે. પ્રત્યાખ્યાન દ્વારા આહારસંજ્ઞાને નાથવામાં આવે છે. સંતોષ એ સુખી અને સુરક્ષિત જીવનની પૂર્વશરત છે. અને અમર્યાદિત ઈચ્છાઓ તેની શત્રુ છે. પ્રત્યાખ્યાન આ ઈચ્છાઓ પર અંકુશ મૂકે છે. અને એ રીતે સંતોષની જીવનમાં સ્થાપના કરીને સહજ સુખની દિશામાં મનુષ્યને પ્રેરે છે.

આવશ્યક ક્રિયા દરમ્યાન આ છયે પ્રક્રિયાઓ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં થતી હોય છે. ઘણાં લોકોની 'આ બધું સમજાતું નથી' એવી ફરિયાદ આવતી હોય છે. આ ફરિયાદમાં વાજબી સમાધાન અનેક જ્ઞાનીઓ દ્વારા અનેક વખત અપાઈ જ ચૂક્યા છે. છતાં આ સમાધાનો તપાસવાની તે લોકોને પડી જ નથી હોતી. અનુભવે જણાયું છે કે આવી ફરીથી સમજવાની જિજ્ઞાસા કે ન સમજવાનો અફસોસ ભાગ્યે જ હોય છે. પણ વાંકદેખા વૃત્તિ કે છટકવાની ઈચ્છા જ મુખ્ય ભાગ ભજવતી હોય છે. બાકી સમજવું જ હોય એ લોકો માટે તો હજાર રસ્તા ખુલ્લા છે.

છેલ્લે એક ઝેન કથા કહીને વાત પૂરી કરું. શ્રી સુભાષ ભટ્ટે એ સરસ પ્રસંગ ટાંક્યો છે. એક જિજ્ઞાસુ ઝેન ગુરુ પાસે પહોંચ્યો. એનો પ્રશ્ન હતો કે 'અધ્યાત્મની ટોચ હાંસલ કરવા કેટલો પ્રયત્ન કરવો જોઈએ?

ગુરુએ કહ્યું, 'સૂર્ય ઉગે તે માટે જેટલો પ્રયત્ન કરીએ છીએ એટલો કરી શકાય.'

જિજ્ઞાસુ મૂંઝાયો, 'તો પછી આ બધી આધ્યાત્મિક મથામણોનો અર્થ શો?'

ગુરુએ મંદ મંદ સ્મિત સાથે કહ્યું, 'એનો અર્થ એટલો જ કે સૂર્ય ઊગે ત્યારે આપણે ઊંઘતા ન હોઇએ.'

આવશ્યક ક્રિયાની આપણી ઊંઘ ઉડાડવાની મથામણ જ છે. સૂર્ય તો પરમતત્ત્વની કૃપાથી જ ઉગવાનો છે. આપણે તો એ માટે જાગૃતિ જ કેળવવાની છે. એ મથામણ આજથી જ આરંભીએ એ જ મંગલકામના.

✷ ✷ ✷

શ્રી અલકાપુરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
૪-એ, શ્રીનગર સોસાયટી, શ્રેણીક પાર્ક ચાર રસ્તા,
અકોટા, વડોદરા-૩૯૦ ૦૨૦. ફોન નં. : ૨૩૫૦૧૭૬.

# ૨૦૧૫ની પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે આર્થિક સહયોગ આપવા માટે નક્કી કરેલી સંસ્થા

# વિશ્વનીડમ્-રાજકોટ

## (ઝુંપડપટ્ટી-સ્લમ એરીયા-ના ઉપેક્ષિત બાળકોને સંસ્કાર અને શિક્ષણ આપતી સંસ્થા)

૧૯૮૫થી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતની શૈક્ષણિક અને તબીબી સંસ્થાને આર્થિક સહાય કરવા વ્યાખ્યાનમાળા દરમિયાન ટહેલ નાખવામાં આવે છે. આ સહાય માટે નાના-મોટા દાતા આવી સંસ્થા માટે પોતાના દાનનો પ્રવાહ વહાવે છે.

અત્યાર સુધી ગુજરાતની આવી ત્રીસ સંસ્થાઓને આશરે રૂા. પાંચ કરોડની આર્થિક સહાય પહોંચાડી છે.

આ બધી સંસ્થાઓ વર્તમાનમાં પ્રગતિ કરી રહી છે. લીસ્ટ આ અંકમાં પ્રસ્તુત છે.

આર્થિક સહાય માટે ગુજરાતની આ પ્રકારની સંસ્થાઓ પોતાની બેલેન્સશીટ સાથે વિનંતિ પત્ર મોકલે છે. આ બેલેન્સશીટનો અભ્યાસ કરી લગભગ ત્રણેક સંસ્થાની રૂબરૂ મુલાકાત આ કમિટિના સભ્યો લે છે. સંસ્થાની પ્રવૃત્તિનો બારીકાઈથી અભ્યાસ કરીને વધુ જરૂરિયાતવાળી સંસ્થાને આર્થિક સહાય કરવાનો નિર્ણય લે છે.

આ વર્ષ માટે સંસ્થા નક્કી કરવા આ કમિટિના સભ્યો ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા, શ્રી દિલીપભાઈ કાકાબળિયા, શ્રી પ્રકાશભાઈ ઝવેરી અને મેનેજર શ્રી હેમંતભાઈ કાપડિયાએ જુલાઈ ૧૩ અને ૧૪ના બે સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી. ૧. અંજલિ હૉસ્પિટલ, રણાસાર-હિંમતનગર અને ૨. વિશ્વનીડમ્ રાજકોટ.

અંજલિ હૉસ્પિટલમાં સમાજના સાધારણ વર્ગની ફ્રી તબીબી સેવા થાય છે. આ હૉસ્પિટલના કાર્યકરો અને કર્મચારીઓ દર્દીની ઉત્તમ સેવા કરે છે તેમ જ આર્થિક, સામાજિક અને પર્યાવરણને લગતી સેવા પણ અહીં થાય છે.

બીજી સંસ્થા વિશ્વનીડમ્-રાજકોટમાં જોવા ગયા. આ સંસ્થાના પ્રાણસમા ભેખધારી જિતુભાઈ એક ગજબનો સંસ્કાર-શિક્ષણ યજ્ઞ લઈને અહીં કાર્યરત છે.

ગુજરાતના પછાત વર્ગના આદિવાસી માટે સરકારે આશ્રમશાળાની એકલવ્ય યોજના કરી છે, પણ શહેરની ઝૂંપડપટ્ટીમાં શિક્ષણ અને સંસ્કારથી વંચિત બાળકોનું શું ?

ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ દિવસે પોતાની રોજી કમાવા જાય ત્યારે એના બાળકોને શિક્ષણ સંસ્કાર કોણ આપે ? આ ભગીરથ કાર્ય જિતુભાઈ અને એમના સહકાર્યકરોએ ઉપાડી લીધું.

વિશ્વનીડમ્‌ની થોડી વાત...

વિશ્વનીડમ્ અત્યારે રાજકોટમાં બાર-૧૨ સ્લમ વિસ્તારોમાં કાર્ય કરે છે. આ સ્લમ વિસ્તારમાં વિશ્વનીડમ્ એક કલરવ કેન્દ્ર શરૂ કરે. ત્યાં એક ટીચર બાળકોને ભણવા/અભ્યાસમાં અને હોમવર્ક કરવામાં અને રમતો રમવા ગીતો ગાવામાં મદદ કરે છે. કલરવ કેન્દ્ર જે તે સ્લમ વિસ્તારમાં બાળકોની એક કલબ જેવું છે. બીજા દસ સ્લમ વિસ્તારમાં કાર્ય શરૂ થશે. આ કલરવ કેન્દ્રના બાળકો, વિશ્વનીડમ્‌ની હૉસ્ટેલના બાળકો અને અન્ય બાળકો બધા મળીને આશરે ૧૦૦૦થી વધુ બાળકોને અભ્યાસમાં મદદ કરે છે.

> *શહેરની ઝૂંપડપટ્ટીમાં શિક્ષણ અને સંસ્કારથી વંચિત બાળકોનું શું ?*

વિશ્વનીડમ્ પોતે સ્કૂલ ચલાવતું નથી. પણ નિર્મલા સ્કૂલ અને અન્ય બીજી ઘણી સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ વિશ્વનીડમ્‌ના બાળકોને અભ્યાસમાં મદદ કરે છે. વિશ્વનીડમ્ આ બાળકોને અભ્યાસ માટે જરૂરી યુનિફોર્મ, સ્કૂલબેગ, પુસ્તકો, નોટબૂક, સાયકલ તથા બસથી પરિવહનની વ્યવસ્થા કરે છે. આ ઉપરાંત બે હૉસ્ટેલ પણ સ્લમ બાળકો માટે ચલાવે છે. જેમાં અત્યારે ૧૦૦ બાળકો રહે છે અને અભ્યાસ કરે છે. વિશ્વનીડમ્‌ને ૧૨ કલરવ કેન્દ્ર અને ૨ હૉસ્ટેલ વગેરેના વ્યવસ્થાપનમાં વરસે એંસી લાખ રૂપિયા વપરાય છે. કોઈ સ્કૂલ વિશ્વનીડમ્‌ના બાળકોની ફી લેતી નથી. બધી સેલ્ફ-ફાયનાન્સ સ્કૂલો છે. આ બધી ફી ગણીએ તો વિશ્વનીડમ્ વરસે રૂપિયા સવાથી દોઢ કરોડ વાપરે છે.

નિર્મલા સ્કૂલ વિશ્વનીડમ્‌ના ૬૦૦ થી ૭૦૦ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપે છે. તે સ્કૂલ એક અલગ શિફ્ટ વિશ્વનીડમ્ માટે ચલાવે છે. બધા કલરવ કેન્દ્રથી નિર્મલા સ્કૂલ બાળકોના લાવા-જવા બસ

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

રાખી છે. બાકી અન્ય સ્કૂલ અને હૉસ્ટેલથી જવા આવવા માટે સાયકલ અને રિક્ષા રાખી છે.

ખૂબ જ ઝીણવટથી તપાસ કર્યા બાદ આ વરસે આર્થિક સહાય માટે આ સંસ્થાનું નામ સૂચવવું એવો આ કમિટિએ નિર્ણય કર્યો અને તા. ૨૫ જુલાઈના મળેલી સંસ્થાની કાર્યવાહક સમિતિ સમક્ષ ઉપપ્રમુખ શ્રી નીતિન સોનાવાલાએ આ સર્વ વિગતો પ્રસ્તુત કરી. સમિતિએ સર્વાનુમતે આર્થિક સહાય માટે આ વરસ ૨૦૧૫ની પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે આ સંસ્થા વિશ્વનીડમ્ માટે આર્થિક ટહેલ નાખવી એવો નિર્ણય કર્યો.

તા. ૧૦-૯-૨૦૧૫, ગુરૂવારથી તા. ૧૭-૯-૨૦૧૫, ગુરૂવાર સુધી યોજાયેલ ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આ સંસ્થા 'વિશ્વનીડમ્' માટે દાન આપવા દાતાઓને અમે વિનંતી કરીએ છીએ.

આપની દાનની રકમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે ચેકથી મોકલી શકશો, અથવા મુંબઈ જૈન યુવક સંઘના બેંક ખાતા નં. ૦૦૩૯૨૦૧ ૦૦૦ ૨૦૨૬૦ બેંક ઓફ ઈન્ડિયા-પ્રાર્થના સમાજ બ્રાન્ચ-મુંબઈમાં - આપ ભરીને અમને સ્લીપ મોકલવા વિનંતિ.

આ દાન માટે અમે ઈન્કમટેક્સ ૮૦ જી સર્ટિફિકેટ આપીશું.

આશા છે કે સહૃદયીઓ દાનની ઝોળી છલકાવી દેશે.

ઝૂંપડપટ્ટીમાં એક બાળકને શિક્ષણ અને સંસ્કાર એટલે આવતી કાલનું ઉજળું ભારત. આવા ઉજળા ભારતના નિર્માણના સહયોગી બની દાન-પુણ્ય પ્રાપ્ત કરવા વિનંતિ.

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

xxx

शतेषु जायते शूरः
सहस्त्रे च पंडितः।
वक्ता दश सहस्त्रेषु
दाता भवति वा न वा।।

સો માણસોમાં એક જ શૂરવીર ઉત્પન્ન થાય છે,
હજારમાં એક વિદ્વાન હોય છે.
દશ હજારમાં એક સારો વક્તા હોય છે,
પરંતુ દાનવીર તો હોય કે ન હોય.

xxx

● દાનથી શીલ વધે છે, દાનથી રાગનો નાશ થાય છે, તેનાથી દેહ અને બુદ્ધિથી ઉત્પન્ન થતો મોહ વિલય પામે છે.

● દાનથી સંવર થાય છે, દાનથી કર્મ નિર્જરા થાય છે, તપ જપ વગેરે થાય છે અને કષ્ટ વિનાનું સુખ મળે છે.

**યોગનિષ્ટ આચાર્ય**
**બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

### હેમચંદ્રાચાર્ય કથા ડી.વી.ડી. સૌજન્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૬૫૦૦૦ | શાન્તિલાલ સી. મહેતા હસ્તે : શ્રી શીરીશભાઈ મહેતા |
| ૬૫૦૦૦ | |

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫૦૦૦ | શ્રી કાકુભાઈ સી. મહેતા |
| ૨૫૦૦૦ | |

### પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | શ્રી ભરતભાઈ મેઘજી મામણીયા (સ્વ. લોપાબેનની પુણ્ય સ્મૃતિમાં) |
| ૫૦૦૦ | |

### પર્યુષણ વ્યાખ્યાનમાળા સંયુક્ત અંક

| રૂપિયા | નામ |
|---|---|
| ૬૦૦૦ | શ્રી કિરીટભાઈ ગોહિલ (પ્ર.જી. ૧૦૦ નકલ માટે) |
| ૬૦૦૦ | |

### સંઘે વિતરણ કરેલ દાન

(૧) શ્રી કિશોર ટીંબડિયા સ્કૉલરશિપ ફંડમાંથી તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૧-૮-૨૦૧૫ સુધીમાં રૂા. ૧,૩૪,૦૦૦/- વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપેલ છે.

(૧) આ ઉપરાંત અનાજ રાહત ફંડમાંથી જરૂરિયાતમંદોને અનાજ અપાય છે

### સરળ આત્મા શ્રી રત્નાકરસૂરિજી

શ્રી રત્નાકરસૂરિજી મધ્યાહ્નના સમયે મોતી ને હીરા ટાંકેલા રૂમાલ જતનથી પોતાની પોટલીમાં મૂકતાં હતાં. કોઈ ગૃહસ્થ જોઈ ગયેલો. એણે બીજા દિવસે પ્રવચન સમયે સૂરિજીને પરિગ્રહ વિષે પૂછ્યું. સૂરિજીએ ઉત્તર વાળ્યો, પણ એ ગૃહસ્થે કહ્યું કે, 'મને આ પ્રત્યુત્તરથી સંતોષ થયો નથી.' આવું ત્રીજા દિવસે પણ બન્યું.

બે દિવસ પછી શ્રી રત્નાકરસૂરિજી એ મોતી જડેલ રૂમાલનું પડિલેહણ કરતા હતા ત્યારે એમને થયું કે મારી ખુદની પાસે પરિગ્રહ છે ને હું તો તેના ત્યાગનો ઉપદેશ આપું તો બીજાને શું સમજાય? એમણે હીરા-મોતીના ભુક્કા કરી નાખ્યા. શ્રાવકે આ દૃશ્ય જોયું.

વળતા દિવસે આચાર્યશ્રીએ પ્રવચનમાં અપરિગ્રહનો મહિમા કર્યો. એ શ્રાવકે સજળ આંખે કહ્યું: 'જી, ગુરુદેવ! મને સંતોષ થયો છે.'

શ્રી રત્નાકરસૂરિજીએ ત્યાર પછી આત્મપ્રક્ષાલન માટે એક અદ્ભુત ગીત રચ્યું જે આજે જૈન સંઘમાં 'રત્નાકર પચ્ચીશી'ના નામે સુપ્રસિદ્ધ છે.

# ભાવ-પ્રતિભાવ

(૧)

પ્રબુદ્ધ જીવન, જૂન-૨૦૧૫ના અંકમાં આ. ડૉ. ગીતાબેન જૈનનો અમારી સંસ્થા વિશેનો લેખ 'રણમાં વીરડી' છાપવા બદલ પ્રથમ તો આભાર અને કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરીએ છીએ. આપશ્રીની સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ગ્રામ સ્વરાજ સંઘને દસેક વર્ષ પૂર્વે મળેલ આર્થિક ઓથનું સ્મરણ પણ હજુ ગઈ કાલ જેટલું જ તાજું છે. આ લેખ નિમિત્તે આપની સાથે પુનઃ સંધાન થતાં ખરે જ ખૂબ આનંદ અનુભવીએ છીએ. આ. ડૉ. ગીતાબેન જૈનનો પણ સંસ્થા પ્રત્યેનો સ્નેહ અમારી મોંઘી મૂડી છે.

આપને જણાવતાં હર્ષ થાય છે કે હજુ તો 'પ્રબુદ્ધ જીવન'માં છપાયેલ લેખ અમારા હાથ સુધી નહોતો પહોંચ્યો ત્યાં જ આપના સુજ્ઞ વાચકોના ઉત્સાહસભર પ્રતિસાદો સાંપડવા લાગ્યા હતા. સૌના અવાજમાં એક મીઠાશ હતી. સંસ્થાને ઉપયોગી થવાનો ઉમળકો હતો ને સૌથી વધુ હતો માનવતાનો સ્પર્શ. જે સંસ્થાને જોઈ નથી, જે લોકોને ઓળખતા નથી, એવા કોઈ અજાણ્યા પ્રદેશની, તેમનાથી અજાણ્યા એવા બાળકો માટે કામ કરતી સંસ્થાની વાત વાંચીને તેમના સૌના હૃદય ઝંકૃત થઈ ઉઠ્યા હતા. એ વાત પણ સુખદ આશ્ચર્ય પમાડે તેવી હતી. એટલું જ નહિ પણ પોતે સંસ્થાને કઈ રીતે મદદરૂપ થઈ શકે એ માટેની તાલાવેલી પણ હતી. ભારતીય સંસ્કૃતિ ભોગના નહિ પણ ત્યાગના આનંદને મહત્ત્વ આપે છે. આ વાત સુજ્ઞજનોના લોહીમાં-સંસ્કારોમાં કેવી તો વણાઈ ગઈ છે તેની પ્રત્યક્ષ પ્રતિતિ અમને થઈ છે. કોઈએ ફોન દ્વારા તો કોઈએ પત્ર લખી સંસ્થાની બેંકની વિગતો મંગાવી તાત્કાલિક આર્થિક મદદ મોકલી. એટલું જ નહિ શ્રી નિરંજનભાઈ ઢીલા (ઘાટકોપર-મુંબઈ) જેવા સહૃદય વાચકોએ તો બીજાને લેખ વંચાવીને કે વાત કરીને સંસ્થાને મદદરૂપ થવાની પ્રેરણા આપી. ને શ્રી બલવંતરાય દોશી જેવાએ એટલી જ ત્વરાથી મદદનો હાથ લંબાવી દીધો. કોઈએ કન્યા કેળવણી માટે તો, કોઈએ ગૌશાળા માટે તો, કોઈએ વિદ્યાર્થીઓને જમાડવા સહાય મોકલી. પ્રસ્તુત લેખ વાંચીને ઘાટકોપરના શ્રી જયંતભાઈ ગંગર તો એવા પ્રભાવિત થયા કે તેમણે કચ્છ ભ્રમણમાં જુદુ-જુદી જગ્યાએ દાનરૂપે આપવા ધારેલ રકમ રૂા. ૫૦,૦૦૦/- આ સંસ્થાને જ આપી દીધી. કોઈ વાચક આટલી સહૃદયતાથી વાંચે છે, તેના ભાવોને આ રીતે આકાર આપે છે તે પણ એક સુખદ સંભારણું બની રહ્યું. કોઈ સામયિકમાં છપાયેલ લેખ વાંચીને તેના વાચકો વિશ્વાસપૂર્વક જે-તે સંસ્થાને મદદરૂપ થવા તત્પરતા દાખવે છે તે આપના સામયિક 'પ્રબુદ્ધ જીવન'ની પ્રતિષ્ઠા અને વિશ્વસનિયતાનું આડકતરું પ્રમાણપત્ર પણ બની રહે છે. લોકો 'પ્રબુદ્ધ જીવન' તેના લેખકોને અને તેમાં છપાયેલ વાતને કેટલા ઉમદા અને આદરના ભાવથી વધાવે છે તેની પણ અહીં ખાતરી મળી છે. સંસ્થાથી તદ્દન અપરિચિત એવા લોકોએ ખૂબ ભાવપૂર્વક, સહાનુભૂતિથી ઉદારતાપૂર્વક દાનની સરવાણી વહાવીને જરૂરિયાતવાળાને મદદરૂપ થઈ આપણી ભારતીય સંસ્કૃતિની ઉમદા ભાવનાઓની અભિવ્યક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

| | |
|---|---|
| શ્રી બળવંતરાય મ. દોશી | ૧૫,૦૦૦/- |
| શ્રીમતી કોકિલાબેન દોશી | ૧૨,૦૦૦/- |
| શ્રીમતી કોકિલાબેન દોશી | ૮,૦૦૦/- |
| શ્રી અંકુર ચેરીટીઝ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી પલ્લવીબેન વોરા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી શાંતાબેન વોરા | ૧૨,૦૦૦/- |
| શ્રી નિરંજનભાઈ ઢીલા | ૧૨,૦૦૦/- |
| શ્રી જશવંતલાલ શાહ | ૧૧,૦૦૦/- |
| શ્રી જયંતભાઈ ગંગર | ૫૦,૦૦૦/- |

જે સુજ્ઞવાચકોના ભાવ દાનની સરવાણીરૂપે વહીને સંસ્થા સુધી પહોંચ્યા તે બદલ આનંદ અનુભવીએ છીએ. તેમનો ખૂબ ખૂબ આભાર.

સંસ્થાને જ્યારે વર્ષે રૂા. ૩૫,૦૦,૦૦૦/- (પાંત્રીસ લાખ) સરેરાશ આર્થિક જરૂરિયાત હોય છે ત્યારે આપના દ્વારા છપાયેલ લેખ વાંચીને આટલી મોટી રકમ મદદરૂપે સાંપડે છે ત્યારે સંસ્થા સંચાલક તરીકે એક ધરપત પણ મળે છે. આ પત્રના માધ્યમથી અમે આપનો, આપની સંસ્થાનો, 'પ્રબુદ્ધ જીવન'નો, ડૉ. ગીતાબેન જૈનનો તેમજ સર્વ વાચકો તથા દાતાશ્રીઓનો સામૂહિક આભાર પ્રગટ કરીએ છીએ. આ આભાર માત્ર આર્થિક સહયોગ માટેનો જ નથી પણ આપ સૌના હૃદયની ભીની લાગણીઓ માટેનો છે. હૃદયની કુમાશ એ બહુ મોટી મૂડી છે. આપ સૌના અંતરના તારનો રણઝણાટ અમને પણ રોમાંચિત કરી ગયો છે. જગત બંધુત્વના ગાંધી વિચારને વરેલી આ સંસ્થા માટે આમ તો સૌ આપ્તજનો જ છે. તેમ છતાં 'પ્રબુદ્ધ જીવન'ના સર્વ વાચકોને વિશેષ ભાવે સંસ્થાના મહેમાન બનવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. આ સ્નેહ અકબંધ રહે તેવી અભ્યર્થના સાથે અટકીએ છીએ.

□ **નકુલ ભાવસાર-મુક્તા ભાવસાર, ગ્રામ સ્વરાજ સંઘ**
સોનટેકરી, નીલપર, તા. રાપર-કચ્છ, ગુજરાત,
મોબાઈલ : ૦૯૮૨૫૦ ૧૪૦૭૪.

(૨)

આ પત્ર સાથે 'નવકારનો રણકાર'નો જેઠ મહિનાનો અંક બીડું છું. છેલ્લા પાને પૂ. નયપદ્મસાગર મહારાજ સાહેબની વ્યથા તથા મનનીય, ચિંતનીય પરિસ્થિતિનું આલેખન બીડું છું. (આ અંકમાં પાના ૧૫૨ ઉપર પ્રકાશિત કર્યું છે.)

'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમથી આ વિષય 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સમક્ષ મૂકવા જેવો છે. ભાવ-પ્રતિભાવ વિભાગમાં અપીલ કરવા યોગ્ય લાગે છે એટલે આપને વિનંતી કે આ બારામાં તમો એક સક્ષમ તથા શક્તિશાળી વ્યક્તિ છો એટલે ન્યાય આપવા ઘટતું કરશો.

'પ્રબુદ્ધ જીવન'ને તમો એક એવી ઊંચાઈએ લઈ ગયા છો કે તે ઊંચાઈ ઉત્તરોત્તર વધતી રહે એવું બળ પ્રભુ તમને આપે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

સાથે વિરમું છું. તમારું સ્વાસ્થ્ય સારું રહે અને ૧૦૦ વર્ષ પૂરા કરો અને એની જયતીમાં અમે સૂર પૂરાવીએ એ દિવસ પ્રભુ આપે એવી પ્રભુ પાસે માગણી સાથે વિરમું છું.

**□ રજનીકાંત ચીમનલાલ ગાંધી**

પ્લૉટ નં. ૧૧૨, બ્લૉક નં. ૩, શાંતિ સદન, જૈન સોસાયટી પાસે, સાયન (વે.), મુંબઈ-૪૦૦૦૨૨. મો. ૯૮૬૭૪૨૩૦૨૫

(૩)

સવિનય પ્રણામ. આપ કુશળ હશો. હું સારો છું. મે માસનો 'પ્રબુદ્ધ જીવન' અંક મળ્યો. સમૃદ્ધ વાંચન માણી આનંદ થયો. સંસ્થા દ્વારા આયોજીત પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીના ઉત્તરાધ્યયન સૂત્રના ૩ પ્રવચનોની વિગતો જાણી. સંસ્થાના સંચાલકોને આવા ઉત્તમ આયોજન માટે હાર્દિક અભિનંદન. અમો લાભ ન લઈ શક્યાનો રંજ છે જ. પરંતુ સંસ્થા તરફથી ત્રણ DVD વિતરણની વ્યવસ્થા થઈ છે એ માટે આ પત્ર લખી માગણી કરું છું. પ્રવચન સાંભળીને આનંદ માણીશ. આપશ્રીને વિનંતી છે કે આપ આંગડીયા મારફત આ ૩ DVD મોકલવા કૃપા કરશો. મહાવીર વંદના કાર્યક્રમ માટે અંતરના અભિનંદન. કમલેશભાઈ જે. શાહ પાસે આ કાર્યક્રમની ઑડિયો CD મેળવી મોકલશો તો આભાર. મારી પાસે એમનું સરનામું નથી. આપને તકલીફ આપું છું. માફ કરશો. આંગડીયા ખર્ચ હું આપીશ. આપના સહકારની અપેક્ષા સાથે.

**□ મહેશ ઝવેરી**

શ્રી શરદ આર. શેઠ, C/o. મહેશકુમાર એફ. ઝવેરી અમરદીપ કૉમ્પ્લેક્સ, અંબાજી ચોક, વલસાડ. મોબાઈલ : ૦૯૪૨૮૦૬૫૬૯૦

(૪)

મા. શ્રી રેશ્માબેન જૈને અનુભવેલી, 'અલૌકિક અનુભૂતિ' હૃદયસ્પર્શી રહી. 'સમયમ્ ગોયમ્ મા પમાયે', કેટલું સુંદર વિધાન છે. જૂઓ, ખુદ આપણું અસ્તિત્વ પણ સમયાધીન છે. આપણે સૌ ચોક્કસ સમય સાથે આ પૃથ્વીના પારસે-ખાટલે, મહેમાન-અતિથિ તરીકે જ પધાર્યા છીએ. આ દુનિયા કંઈ આપણાં પરમ પૂજ્ય પિતાશ્રીની જાગીર નથી! આવું સમજીને જ જીવન જીવવું રહ્યું. પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી લેવો રહ્યો. દેહાંતરો, એક સ્વાભાવિક પ્રક્રિયા છે. આપણને વારસામાં મળેલાં શરીરમાં હવા ભરીએ, તેને સુગંધી બનાવીએ, ભવિષ્યની પેઢીને ઉજાળતાં જઈએ, ધનનો એક સાધન તરીકે ઉપયોગ કરતાં રહીએ, તેની પાછળ વધુ પડતો સમય બરબાદ કરવાને બદલે શરીર સ્થિત, આત્માની ઉન્નતિ કરવામાં રસ લેતાં થઈએ, દૂર જઈએ, અને જોઈએ, જીવનમાં અને જગતમાં જે કંઈ અશાંતિ છે, તેને દૂર કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરતાં રહીએ. સૌનાં આત્માનું નિરીક્ષણ-પરીક્ષણ કરીને તેમાંથી સદ્‌તત્ત્વ ગ્રહણ કરતાં રહીએ તો યે ઘણું!

વિવિધતામાં રહેલી એકતા, અને તેને દૃઢ કરવાની યુક્તિ-પ્રયુક્તિ અજમાવતાં રહીએ, કુદરતાં નિયમોનું પાલન કરતાં રહીએ, તો જીવન આપોઆપ શ્રેષ્ઠતા તરફ વળતું થાય. આપણે ભવિષ્યની પેઢીને સ્થૂળ ઉપરાંત સૂક્ષ્મ-વારસો આપતાં જવાનું છે. તેનું ચારિત્ર્ય ઉન્નત થાય, એનું ચિંતન કરતાં રહેવાનું છે. આજે સ્થૂળતા લગભગ બધે પ્રસરી રહી છે, તેથી બિચારી સૂક્ષ્મતા મનોમન મૂંઝાઈ રહી છે. ખરેખર, તો તે પાયાની બાબત છે. સૂક્ષ્મતામાંથી જ સ્થૂળતા પ્રસરતી હોય છે.

ડૉ. ગંભીરસિંહ ગોહિલની કલમે પ્રસ્તુત લેખ 'જીવતરની વાટે અક્ષરનો દીવો', વિચારી ગયો. કુમારપાળ દેસાઈએ પોતાના પિતા 'જયભિખ્ખુ'નું સુંદર પ્રાણવાન શબ્દચિત્ર આલેખ્યું છે. તેમનું બાળપણ, 'ગઈ ગુજરી' રોજનીશિ, ઈંટ અને ઈમારતનું પત્રકારિત્વ, આદિ સાહિત્ય સર્જન ઉપરાંત જૈન ધર્મ વિષેનાં તેમના વિચારો પ્રેરક-પ્રભાવક નીવડે તેવી સુંદર રજૂઆત થઈ છે.

'કુમાર' માસિક (મે-૧૫) માં રાધેશ્યામ શર્માની કલમે આજ પુસ્તકનો પરિચય, 'ચરિત્ર ગંગામાં વહેતો મુકાયેલો એક ગ્રંથ દીપ' નામે અવલોકન પ્રસિદ્ધ થયું છે, તે પ્ર.જી.ના સુજ્ઞ વાચકોએ વિચારી જવા જેવું છે. 'સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું જોઈએ' એ તેનો ધ્વનિ છે. તેમાં રાધેશ્યામ લખે છે—'અક્ષરનો દીવો તો અક્ષય અક્ષત હોવાથી શાશ્વત છે, અખંડ છે. જયભિખ્ખુ એક ઝિંદાદિલ સર્જક હતા. જૈન ધર્મ અને સાહિત્યના ઊંડા અભ્યાસુ પણ ખરા.' કવિ દુર્ગેશ શુક્લે લખ્યું: ભિક્ષાપાત્ર વિના અવ ભિખ્ખુ, લાગે સઘળું લુખ્ખું લુખ્ખું. ઈશ્વર પેટલીકરે તો તેમને 'પ્રખર સુધારક' ગણાવ્યા. 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકો જો 'કુમાર'માં રસ ધરાવતા હોય તો તેમણે ફોન નં. ૨૨૧૪૩૭૪૫ ઉપર તંત્રી શ્રી ધીરુભાઈ પરીખનો સંપર્ક સાધવો અથવા પત્ર દ્વારા 'કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪ રાયપુર ચકલા, પોલીસ ચૌકી પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧નો સંપર્ક સાધવો. 'કુમાર'નું વા. લ. રૂા. ૩૦૦/- છે, તે જાણ ખાતર. ૩૮ ડૉલર કે ૨૧ પાઉન્ડ અથવા રૂા. ૧૫૦૦/- છે.

કલા દ્વારા જીવનને ઉર્ધ્વગામી બનાવતું. ૯૧ વર્ષથી પ્રસિદ્ધ થતું 'કુમાર' વસાવવા જેવું સુંદર પૂરા પરિવારનું બુદ્ધિપૂર્ણ સામયિક છે.

**□ હરજીવનદાસ થાનકી**, પોરબંદર

(૬)

વિ.માં જણાવવાનું કે 'પ્રબુદ્ધ જીવન'ના ૩ જૂન-૨૦૧૫ના અંકમાં મારો લેખ છપાયો છે. **ત્રિગુણની સીડી ગુણાતીતતાને મળે.** આ લેખમાં ક્ષમાયાચનાપૂર્વક એક ફેરફાર કરવાનો છે. શરતચૂકથી એમાં રજોગુણનું એંજિન અને સત્વ ગુણના પાટા' લખ્યું છે, એના બદલે **હોવું જોઈએ—સત્વગુણનું એંજિન અને રજોગુણના પાટા.** કૃપયા આટલું શુદ્ધિ પત્ર છાપવા વિનંતિ.

**□ મીરા ભટ્ટ**

રાજસ્થંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા-૩૯૦ ૦૦૪. મો. ૦૯૩૭૬૮૫૫૩૬૩.

(૭)

**બુદ્ધિશાળી પોતાની બુદ્ધિથી શ્રીમંત બની શકે છે, પણ શ્રીમંત માણસ પૈસાથી બુદ્ધિશાળી બની શકતો નથી**

'પ્રબુદ્ધ જીવન'માં દરેક અંક ઉપર એક પૂજનીય દેવીનું સુંદર ચિત્ર

હોય છે. અને તે ચિત્ર એમ બતાવે છે કે, તે ફક્ત ભીંત ઉપર લટકતું ચિત્ર નથી, પરંતુ તે દેવીની મૂર્તિ છે, જો મારી આ કલ્પના સાચી હોય તો આવી મૂર્તિઓ આપ ક્યાં જૂઓ છો, કોને ત્યાં જૂઓ છો, અને તે જો આધુનિક ન હોય અને જૂની હોય તો તેનો સંગ્રહ કોણ કરે છે? હું એટલા માટે જાણવા માંગું છું કે, આવી મૂર્તિઓની અંદર જે કળા છે, અને એ મૂર્તિમાં જે વળાંકો આપીને જે વિશિષ્ટતાઓ ઊભી કરે છે. એટલે **'પ્રબુદ્ધજીવન' સિવાય સેંકડો સામયિકો ગુજરાતીમાં નીકળે છે, છતાં એમાં કોઈ પર પણ એના મુખપૃષ્ઠ ઉપર આવી સરસ અને બધી રીતે કલાત્મક મૂર્તિઓ જોવા મળતી નથી.** આપ જો એ મૂર્તિઓ અંગે વિગતથી જણાવશો તો ઘણો જ આનંદ થશે. એ મૂર્તિઓનું નાના કદનું કેલેન્ડર બનાવીને 'પ્રબુદ્ધજીવન' તેના વાંચકોને જણાવે તો એવા કેલેન્ડરો મોટી સંખ્યામાં લોકોની માગણી થશે. 'પ્રબુદ્ધજીવન'ના વાંચકોને તે ગમે તે માટે 'પ્રબુદ્ધજીવન'માં પણ એનો ઉલ્લેખ કરશો તો એ વિશેષ ગણાશે. મજામાં હશો.

◻ **સૂર્યકાન્ત પરીખ**, સ્વાતંત્ર્ય સેનાની

મો. નં. : ૯૮૯૮૦૦૩૯૯૬

(૮)

('પ્રબુદ્ધજીવન'નો મે માસનો અંક તો ટપાલ ખાતાની બેદરકારીને કારણે હજુ સુધી મને મળેલ નથી, પણ શ્રી મગનભાઈ સંઘવી પાસેથી આજ રોજ મેળવીને વાંચી ગયો.)

'ધર્મગ્રંથોનું પુનઃ સંકલન' એ વિષયને છેડીને ખરેખર જ ગરમ તાવડી પર હાથ મૂક્યો છે. ઈસ્લામ વિશે પૂરેપૂરી સારી ભાવનાથી, ભલી લાગણીથી, લખવામાં પણ જાનનું જોખમ હોય છે.

જગતમાં હાલે ઘણાં ધર્મો વિદ્યમાન છે. લગભગ બધા જ ધર્મોમાં થોડા કે વધારે સંપ્રદાયો છે. આ અલગ અલગ સંપ્રદાયોમાં ક્રિયાની બાબતમાં કે નિયમોની બાબતમાં તફાવત હોઈ શકે છે. પરંતુ એક જ ધર્મવાળા પોતાના જ ધર્મના અન્ય સંપ્રદાયવાળાઓની હત્યા કરતા નથી.

પરંતુ આ બાબતમાં ઈસ્લામ અપવાદ છે. ઈસ્લામમાં ગેરઈસ્લામીઓને તો 'કાફર' ગણવામાં આવે જ છે. પણ એક જ અલ્લાહને માનવાવાળા એક સંપ્રદાયના લોકો પોતાના જ ધર્મના અન્ય સંપ્રદાયવાળા લોકોની હત્યા કરતા જ રહે છે. 'કાફરો'ને તથા પોતાના જ ધર્મના અન્ય સંપ્રદાયવાળા લોકોને 'કાબિલે કત્લ' ગણવામાં આવે છે. આવું માત્ર ઈસ્લામમાં જ જોવા મળે છે.

ઈસ્લામની આ પ્રકારની માનસિકતાને કારણે જ દુનિયા આખીમાં જુદા જુદા દેશોની પ્રજામાં મુસ્લિમોને શંકાની નજરથી જોવામાં આવે છે અને તેઓ લગભગ બધી જગાએ અળખામણા ગણાય છે.

અલબત્ત ઉદાર વિચારવાળા અને સમજદાર મુસલમાનોની સંખ્યા જગતમાં ઓછી નથી જ, પણ તેઓનો કશો અવાજ નથી, તેઓ ડરને કારણે કશું લખીને કે બોલીને વિરોધ કરી શકતા નથી.

દુનિયાના જે જે દેશોમાં તેઓ વસે છે તે તે દેશની સ્થાનિક પ્રજા સાથે તેઓ એકરૂપ થઈને ભળી જતા નથી. જે તે દેશના કાયદા-કાનૂન કરતાં પણ તેઓ મઝહબને વધારે મહત્ત્વ આપે છે.

આવી જ રીતે કેટલાક વૈદિક ગ્રંથોમાંથી તેમ જ જૈન ગ્રંથોમાંથી કેટલીક વાંધાજનક અને ખામીવાળી બાબતોને રદ કરવાની જરૂર છે. ધર્માચાર્યો તો આ વાત ક્યારેય કબૂલ નહીં કરે, પ્રજાએ જ આ કામ કરવું પડશે, પણ આપણાં દેશની પ્રજા હજુ મેચ્યોર નથી એટલે આ કામ સરળ નથી.

◻ **શાંતિલાલ સંઘવી**

અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯.

(૯)

'ધર્મગ્રંથોનું પુનઃ સંકલન (લેખાંક બીજો)' લેખ ઉપર પ્રતિભાવ આવકારનારા આપ 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ પ્રબુદ્ધ તંત્રીશ્રીને પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે મધપુડાને પથ્થર મારીને છંછેડવાની અવળચંડાઈ કરવાની પાગલતા આપ કેમ દાખવો છો?

અન્યોના પ્રતિભાવને આવકારનારા આપ શા માટે સ્વયંનો પ્રતિભાવ દર્શાવવાનું સૌજન્ય દાખવતા નથી? કે પછી આપને આ માનસિક લડાઈને તમાશા રૂપે જોવાનો તામસી આનંદ લેવાની વાત છે?

વસ્તુ શ્રુત-દૃષ્ટ અનુભૂત હોય છે. જ્યાં વસ્તુત્વ શ્રુતથી અનુભૂત સુધી લઈ જઈ શકાતું હોય ત્યાં તેની અનુભૂતિ કરવાનું શાસ્ત્રો જ કહે છે. અનુભૂતિ ન થતી હોય ત્યાં દૃષ્ટ સુધી પહોંચવા જણાવેલ છે. બાકી જે માત્ર શ્રુત જ છે તેને તો આગમ પ્રમાણથી શ્રદ્ધેય કરવાની છે. યુક્તિયુક્ત વિદ્વાનો તો યુક્તિથી જ માનવાને શાસ્ત્રો કહે છે. કસ-છેદ-કસોટીની પરીક્ષા કરવા જણાવેલ છે.

ગાયનું હોય કે ભૂંડનું માંસ માત્ર ખાવાનો નિષેધ છે. માત્ર ભૂંડનું નહિ, બધું જ માંસ આરોગ્યને હાનિકારી છે. આ ભૂતલ ઉપર કેટલાંક પ્રદેશોમાં કેનિબાલ જેવી વ્યક્તિઓ હોય છે તે નરમાંસ પણ ખાય છે. વળી ગાય, ઘેટા, બકરા, હરણ કે ભૂંડ હોય જે પણ માંસ ખવાતું હોય છે તે પ્રાય અહિંસક વનસ્પત્યાહારીનું જ માંસ, મોટે ભાગે ખવાતું હોય છે. હિંસક પ્રાણીઓનું નહિ!

કૃષ્ણને જેમ નરકમાં ગયેલ છે એવું કહેલ છે તો સાથે એમ પણ કહેલ છે કે તે 'અમલ' તરીકે આગમી ચોવિસીના તીર્થંકર પણ થનાર છે. એટલું જ નહિ પણ ભગવાન મહાવીરને નરક તથા નિગોદમાં ગયેલ એમ પણ જણાવેલ છે. ગતિ નિકૃષ્ટમાંથી જ ઉત્કૃષ્ટ પ્રતિ હોય છે.

ચડાસણી એ કરવાની છે કે જે તત્ત્વની રજૂઆત થઈ છે, તેનાથી આત્મવિકાસ શક્ય છે કે નહિ? ઉપયોગી છે કે નહિ? કોણે, કેમ, ક્યારે, ક્યાં કયા સંજોગોમાં રચના કરી તેની પિષ્ટપેષણમાં શા માટે પડવું? ચૂંથણાં શા માટે ચૂંથવા અને ફીફા ખાંડવા? મમ-મમ સાથે કામ છે કે ટપ-ટપ સાથે?

શ્રદ્ધાભંજક નહિ, શ્રદ્ધા સમર્થક થવામાં લાભ છે!

◻ **સૂર્યવદન જવેરી**

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ,

મુંબઈ-૪૦૦ ૦૬૪. મોબાઈલ : ૯૮૬૯૭૧૨૨૩૮.

✷ ✷ ✷

# હમારે સાધર્મિક પરિવારકી ઉપેક્ષા, તિરસ્કાર મત કરે !

☐ પૂ. મુનિશ્રી નયપદ્મસાગરજી મહારાજ સાહેબ

ભગવાન મહાવીર કે બાદ હમને ખોયા ક્યા ઔર પાયા ક્યા... ? પિછલે ૨૫૦૦ વર્ષો કી યાત્રા મેં હમને ક્યા પાયા ઔર ક્યા ખોયા ? ગહરાઈ સે અવલોકન કરને કા વિષય હૈ...સમ્પૂર્ણ ચતુર્વિધ જૈન સમાજ કે લિએ...ગહરાઈ સે ચિંતન કરને પર યહ બાત સામને આતી હૈ કિ પાને કી બાત તો છોડ દે, સિર્ફ ખોયા હી ખોયા હૈ. જૈન સાહિત્ય સાક્ષી હૈ...જૈન ધર્મ કી જ્યોતિ **બર્મા, સુમાત્રા, લંકા, કાબુલ, કન્ધાર, અફગાનિસ્તાન, ઈરાન** કે અલાવા કઈ દેશોં મેં પ્રજ્વલિત થી, યહ સામાન્ય પ્રજા ઔર સમ્રાટોં દોનોં કા ધર્મ થા, લેકિન ધીરે ધીરે ચિંતન ધૂમિલ હોતા ગયા ઔર **આડમ્બર યુક્ત જડ ક્રિયાઓં કી પકડ મજબૂત હોતી ગઈ,** પરિણામ સ્વરૂપ હમ સિમટતે ગયે. ઇતિહાસ બતાતા હૈ, તબ **હમારી જનસંખ્યા ૪૦ કરોડ સે જ્યાદા થી**, જો આજ સિમટકર દો કરોડ સે કમ રહ ગયી હૈ. એક વહ સમય થા જબ હમારે પૂર્વજોં ને લાખોં અજૈનો કો બોધ દેકર જૈન ધર્મ કી દીક્ષા દી થી, જૈન ધર્મ કી આદર્શ વૃદ્ધિ કી થી ઔર આજ યહ દિન હૈ કિ અપને પૂર્વજોં કી સંચિત ઇસ સમ્પતિ કો ભી હમ સંભાલકર નહીં રખ સકેં હૈ, યોગ્યતા પર શર્મ કરને જૈસા હૈ. ગત **રવિવાર ૨૯-૩-૨૦૧૫ કો ચેન્નઈ મેં પૂ. ગુરુદેવ નયપદ્મસાગરજી** કા ચિંતન શિવિર થા, ઉન્હોંને જો તથ્ય સામને લાયે વો ચૌકાને વાલે થે. આપશ્રી ને કહા, દો વર્ષ પહલે મેરા મુમ્બઈ મેં ચૌમાસા થા, વહાં પર કરીબન પાંચ હજાર જૈન જિન્હોંને ધર્માન્તર કર દૂસરા ધર્મ સ્વીકાર કિયા થા, ક્યોંકિ ઉન્હેં દૂસરે ધર્મ મેં મુલભૂત સુવિધા કે સાથ મેં આર્થિક મદદ મિલ રહી થી...ઉન્હેં હમારી સંસ્થા ને વાપિસ ઘર લાકર ઉનકી આર્થિક મદદ કી, મુખ્ય ધારા સે જોડને કે લિએ શિક્ષણ આદિ કી સુવિધાએં ઉપલબ્ધ કરાઈ !

પૂજ્યશ્રી ને કહા...આપકે ચૈન્નઈ-તમિલનાડુ મેં ભી કરીબ આઠ હજાર જૈન પરિવાર પિછલે કુછ વર્ષો મેં જૈન ધર્મ ત્યાગ કર દૂસરે ધર્મ કી શરણ મેં ગએ, જિસકી એક માત્ર વજહ આર્થિક પરેશાનિયાં, સામાજિક ઉપેક્ષા થી. યહ તો સિર્ફ દો શહરોં કી બાત હૈ, યહ ભી હમારી જાનકારી સે કહીં જ્યાદા હોગી, અબ પુરે ભારત વર્ષ કે બારે મેં સોચેં તો...ક્યા આંકડા હોગા... ? હમારી સોચ, આકલન સે બહુત જ્યાદા હૈ. ક્યા જૈન સમાજ કી કોઈ સર્વોચ્ચ સંસ્થા હૈ, જિસને કભી યહ સર્વે કરાયા હૈ, જો જૈન સમાજ કે સભી વર્ગો કે બારે મેં ચિંતન કરતી હૈ... ? બહુત ગંભીર સમસ્યા હૈ, લેકિન હલ સાધારણ હૈ...હમ જો સાધર્મિક ભાઈ કી ભક્તિ કો ભૂલ ગએ હૈ, ઉસે બહુત તીવ્રતા સે ફિર લાના પડેગા, હમેં અપને નામ કે વાસ્તે આડંબર કો રોકના હોગા, જહાં મેરા મેરે પરિવાર કા નામ લિખા જાયગા, પત્રિકાઓં મેં ફોટો, સ્ટેજ પર બહુમાન આદિ જહાં મુઝે મિલેગા, વહાં પર હી કરોડોં ખર્ચ કરુંગા, ઇસ સોચ કો બદલના હોગા, યહ સોચ જિનવાણી કે ભી વિરુદ્ધ હૈ. **જહાં જિનમંદિર, હાઈવે તીર્થો કી જરુરત નહીં હૈ, વહાં પર ભી ઉનકા નિર્માણ હો રહા હૈ,** સેંકડોં કરોડોં રુપયા ખર્ચ કિયા જા રહા હૈ, ક્યોંકિ મેરા મેરે પરિવાર કા નામ સેંકડોં વર્ષો તક અમર હો જાયેગા, અધિકતર સાધુ ભગવંત ભી ઇસી તરીકે કો પ્રોત્સાહન દેતે હૈ, ઉનકા ભી નામ ભગવાન કી પ્રતિમાજી પર અંકિત હોતા હૈ, તીર્થ કે ઇતિહાસ મેં લિખા જાતા હૈ, હમ પુણ્ય કર્મ કી ભાવના સે જ્યાદા સ્વઃ પ્રશંસા કી ઓર આગે બઢ રહે હૈ. જો અતિ પ્રાચીન પ્રતિમાજી ભૂગર્ભ સે નિકલતી હૈ, ઉન પર નામકરણ નહીં હોતા હૈ, સ્વપ્રશંસા ભી કર્મ બન્ધ કા દોષ હૈ. હજારોં સુન્દરતમ આધુનિક પત્રિકાએં છપવા કર વિતરિત કી જાતી હૈ, એક પત્રિકા કા મૂલ્ય **૨૦૦/- સે ૧૦૦૦/-** તક હોતા હૈ, લેકિન ઉસે ૧૦% લોગ ભી ખોલકર પઢતે નહીં હૈ, ક્યોંકિ ઉસમે સભી જગહ નામ વ ફોટોજ હી દિખાઈ દેતે હૈ, જ્યાદાતર ચઢાવેં લેને વાલોં કે પરિવારજન હી ઉસે ખોલકર ટટોલતે હૈ, કિ વેં કહાં પર હૈ, યહ હાલાત હૈ, હમારી સોચ કા, ઇસમેં જ્ઞાન કી આશાતના કા કર્મ બંધ હોતા હૈ, લેકિન સામાજિક પ્રશંસા પાનેવાલોં કો યહ ફિઝૂલ ખર્ચી નહીં લગતી હૈ.

હમ કિતને ભટક ગએ હૈ, ગુપ્ત દાન કી મહિમા કો ભૂલ ગએ, જિનવાણી કે આદર્શ કો ભૂલ ગએ, સિર્ફ સામાજિક વાહ વાહ પ્રશંસા પ્રાપ્ત કરને મેં જુટ ગએ હૈ, યહ સબસે બડી વજહ હૈ, કિ સામાન્ય જૈન પ્રજા કા મોહ જિનધર્મ સે દૂર હોતા જા રહા હૈ, ક્યોંકિ વે અપને કો ઇસ વર્તમાન જૈન વ્યવસ્થા સે બહુત દૂર પાતે હૈ. હમારે પ્રેરક, પ્રેરણા દેને વાલે સાધૂ ભગવંતોં કો, સમાજ કે અગ્રણી વર્ગ કો ઇસ વિષય પર ગહરા ચિંતન કરના હોગા, જૈન સમાજ કો બચાના હોગા, સામાન્ય વર્ગ કો મુખ્ય ધારા મેં લાને કી ઔર કદમ બઢાને હોંગે. ઇસ ગંભીર સમસ્યા કા હલ એક માત્ર હૈ, જ્યાદા સે જ્યાદા પ્રથમ શ્રેણી સે લેકર ઉચ્ચ ડિગ્રી પાને તક કી **શિક્ષણ સંસ્થાએં, છાત્રાવાસ, હૉસ્પિટલ, કમ બજટ કે ગૃહ આવાસ, વૃદ્ધાશ્રમ ખોલને હોંગે**–જહાં નિઃશુલ્ક યા ન્યૂનતમ ચાર્જ હી હો. ઇસ સમસ્યા સે નિધાન પાને કે લિએ હમારી કઈ આદર્શ સંસ્થાએં, પૂ. મુનિવર કાર્ય કર રહે હૈં, હમ ઉન સભી કે આભારી હૈ, ઉનકો વંદન, અભિનંદન કરતે હૈ કિ વે હમારે જૈન સમાજ કે શુભચિંતક હૈ...લેકિન યહ સંખ્યા બહુત કમ હૈ...ઇસે તીવ્ર ગતિ સે આગે બઢાના હોગા, વરના હમ સિર્ફ સોચતે રહેંગે ઔર ગાડી નિકલ જાયેગી અર્થાત્ હમ હી અપનોં સે બિછુડ જાયેંગે. આજ જૈન સમાજ જિતના રુપયા (હજારોં કરોડ) ખર્ચ કરતા હૈ, ઉસકા ૧% ભી સાધર્મિક ભાઈયોં પર ખર્ચ નહીં હોતા હૈ, **ઉસે બઢાકર ૨૫% તક લાને કી આવશ્યકતા હૈ,** અગર હમારે સાધુ ભગવંત ઔર સમાજ કા અગ્રણી વર્ગ, ટ્રસ્ટીજ, પ્રતિભાશાલી, સમાજરત્ન ચાહે તો...યહ નામુમકિન નહીં હૈ, તભી હમ જોર જોર સે બોલ સકતે હૈં...**જૈનમ્ જયતિ શાસનમ્...! દેશ કે સભી પૂજ્ય મુનિભગવંતોં, ટ્રસ્ટીજ, ગુણીજનોં સે અપીલ કરતા હૂં, વે ઇસ ઓર ગંભીરતા સે વિચાર-મનન કરેં, ઉસે કાર્યાન્વિત કરેં, જૈન સમાજ મેં બઢતી દૂરિયોં કો મિટાયેં, આડંબર મુક્ત સમાજ કા નિર્માણ કરેં, સકલ સંઘ મુખ્ય ધારા સે જુડે, હમારે પિછુડે હમારે ભાઈ ફિર ઘર વાપસી કરેં, સકલ સમાજ કા ઉત્થાન હોં...ઐસી વ્યવસ્થા કરેં.**

સૌજન્ય : નવકારનો રણકાર

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૩, મહંમદી મીનાર, ખેતવાડી ૧૪મી ગલ્લી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬

## છેલ્લા ૩૦ વર્ષથી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ તરફથી આર્થિક સહયોગ માટે પસંદ થયેલ સંસ્થાઓની યાદી

| અનુ. | વર્ષ | આર્થિક સહાય મેળવનાર સંસ્થાનું નામ | સહાયની રકમ |
|---|---|---|---|
| ૧. | ૧૯૮૫ | શ્રી ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર - ધરમપુર-૩૯૬૦૫૦ જિ. વલસાડ | ૨,૮૦,૦૦૦ |
| ૨. | ૧૯૮૬ | શ્રી ઋતંભરા વિદ્યાપીઠ - સાપુતારા-૩૯૪૭૨૦, તા. આડવા. જિ. ડાંગ | ૧,૫૧,૦૦૦ |
| ૩. | ૧૯૮૭ | શ્રી નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ - મુંબઈ-૪૦૦ ૦૨૫ | ૫,૧૧,૦૦૦ |
| ૪. | ૧૯૮૮ | શ્રી શ્રમ મંદિર, સિંધરોટ-૩૯૧૩૩૦, જિલ્લો-વડોદરા | ૫,૬૧,૦૦૦ |
| ૫. | ૧૯૮૯ | શ્રી મુનિ સેવા આશ્રમ, ગોરજ -૩૯૧૭૬૦, તા. વાઘોડીયા, વડોદરા | ૫,૭૨,૫૧૩ |
| ૬. | ૧૯૯૦ | શ્રી સર્વોદય પરિવાર ટ્રસ્ટ - પોસ્ટ-પિંડબળ, તા. ધરમપુર, જિ. વલસાડ | ૩,૫૭,૧૨૫ |
| ૭. | ૧૯૯૧ | શ્રી સર્વોદય કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ - રાજેન્દ્રનગર-૩૯૩૨૭૬. જિ. સાબરકાંઠા | ૧૦,૦૦,૦૦૦ |
| ૮. | ૧૯૯૨ | શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ - પોસ્ટ-ચિખોદર-૩૮૮૩૨૦. તા. ખેડા. જિ. આણંદ | ૧૦,૦૦,૦૦૦ |
| ૯. | ૧૯૯૩ | શ્રી શિવાનંદ મિશન હૉસ્પિટલ - વિરનગર-૩૬૦૦૬૦, જિ. રાજકોટ | ૧૦,૫૫,૮૪૫ |
| ૧૦. | ૧૯૯૪ | શ્રી આર્ક માંગરોલ, જિલ્લો-ભરૂચ | ૭,૩૪,૧૦૦ |
| ૧૧. | ૧૯૯૫ | શ્રી દરબાર ગોપાલદાસ ટી. બી. હૉસ્પિટલ - આણંદ-૩૮૮૩૨૧ | ૧૧,૭૩,૫૬૧ |
| ૧૨. | ૧૯૯૬ | શ્રી કસ્તુરબા કન્યા વિદ્યાલય - પોસ્ટ-કોબા-૩૮૨૦૨૮, જિ. ગાંધીનગર | ૧૧,૦૦,૦૦૦ |
| ૧૩. | ૧૯૯૭ | શ્રી આત્મવલ્લભ હૉસ્પિટલ - ઈડર-૩૮૩૪૩૦, જિ. સાબરકાંઠા | ૧૫,૦૦,૦૦૦ |
| ૧૪. | ૧૯૯૮ | શ્રી લોક સ્વાસ્થ્ય મંડળ - શિવરાજપુર (વડોદરા) | ૧૦,૭૫,૦૦૦ |
| ૧૫. | ૧૯૯૯ | શ્રી કે. જે. મહેતા હૉસ્પિટલ જીંથરી, અમરગઢ-૩૬૪૨૧૦, જિ. ભાવનગર | ૨૧,૦૦,૦૦૦ |
| ૧૬. | ૨૦૦૦ | શ્રીમતી પી. એન. આર. સોસાયટી ફોર રીલીફ એન્ડ રીહેબીલીટેશન ઑફ ડીસેબલ્ડ- ભાવનગર-૩૬૪૦૦૨. | ૨૨,૦૦,૦૦૦ |
| ૧૭. | ૨૦૦૧ | શ્રી મંથન અપંગ કન્યા સેવા સંકુલ - પોસ્ટ-હાજીપુર-૩૮૨૭૨૧. તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૨,૦૮,૪૦૪ |
| ૧૮. | ૨૦૦૨ | શ્રી સેવા મંડળ મેઘરજ, પોસ્ટ-કસાણા-૩૮૩૩૫૦, તા. મેઘરજ, જિ. સાબરકાંઠા | ૧૬,૦૦,૦૦૦ |
| ૧૯. | ૨૦૦૩ | શ્રી મંગલ ભારતી ગ્રામ સેવા નિધિ ટ્રસ્ટ, બહાદરપુર-૩૮૨૭૨૧, જિ. વડોદરા | ૧૫,૩૯,૫૩૪ |
| ૨૦. | ૨૦૦૪ | શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજ-૩૮૭૬૨૦. જિ. ખેડા | ૧૫,૦૧,૪૨૬ |
| ૨૧. | ૨૦૦૫ | શ્રી ડાંગ સ્વરાજ આશ્રમ - પોસ્ટ-આહવા-૩૯૪૭૧૦. જિ. ડાંગ | ૧૬,૮૫,૯૬૦ |
| ૨૨. | ૨૦૦૬ | શ્રી ગ્રામ સ્વરાજ સંઘ નીલપર, નીલપર-૩૭૦૧૬૧, તા. રાપર-કચ્છ | ૨૦,૧૫,૪૨૧ |
| ૨૩. | ૨૦૦૭ | શ્રી ભગિની મિત્ર મંડળ - પાલીતાણા-૩૬૪૨૭૦, જિ. ભાવનગર | ૨૩,૯૪,૮૧૦ |
| ૨૪. | ૨૦૦૮ | શ્રી કસ્તુરબા સેવાશ્રમ, પોસ્ટ-મરોલી-૩૯૬૪૩૬, જિ. નવસારી | ૨૫,૦૦,૦૦૦ |
| ૨૫. | ૨૦૦૯ | શ્રી લોક વિદ્યાલય, વિનય વિહાર એજ્યુકેશન ટ્રસ્ટ, વાલુકડ-૩૬૪૨૭૦. તા. પાલિતાણા, જિ. ભાવનગર | ૨૪,૦૦,૦૦૦ |
| ૨૬. | ૨૦૧૦ | શ્રી સ્વરાજ આશ્રમ, પોસ્ટ-વેડછી-૩૯૪૬૪૧, તા. વાલોડ, જિ. તાપી. | ૨૮,૨૭,૩૪૩ |
| ૨૭. | ૨૦૧૧ | શ્રી વિચરતા સમુદાય સમર્થન મંચ, બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૫૧. | ૫૬,૭૫,૮૦૮ |
| ૨૮. | ૨૦૧૨ | શ્રી લોક સેવક સંઘ, મુ. થોરડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી-૩૬૪૫૨૨ | ૨૨,૪૦,૭૭૪ |
| ૨૯. | ૨૦૧૩ | શ્રી માલવી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, મુ. હુકેરી તા. ચીખલી, જિ. નવસારી-૩૯૬૫૨૧ | ૩૬,૦૦,૦૦૦ |
| ૩૦. | ૨૦૧૪ | શ્રી વિશ્વ મંગલમ્ અનેરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧. (ડાયરેક્ટ રૂા, ૪, ૦૬,૦૦૦) | ૩૪,૭૨,૫૧૫ |
| | | કુલ રૂા. | ૫,૧૪,૩૮,૩૬૫ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

- 'પ્રબુદ્ધ જીવન' (સંઘનું માસિક મુખપત્ર) દર માસની ૧૬ તારીખે પ્રગટ થાય છે.
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ આર્થિક સહયોગથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા
- સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટના ઉપક્રમે ચિંતનાત્મક પ્રકાશનો
- સ્વ. વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે જરૂરીયાતવાળાને દવાની મદદ કરતો વિભાગ
- શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અને ભાનુ ચેરિટી ટ્રસ્ટ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારોને અનાજ આપતો વિભાગ
- સ્વ. સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી ચશ્માબેંક ફંડ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારને ચશ્મા આપવામાં આવે છે.
- શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડના ઉપક્રમે વિદ્યાર્થીને સ્કૉલરશીપ આપવામાં આવે છે.
- પ્રત્યેક વર્ષે જૈન ધર્મના મહાન ગ્રંથોના સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરો. આ વર્ષે 'ઉત્તરાધ્યયન સૂત્ર'.
- વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા મહાવીર વંદના ઉપક્રમે દર વર્ષે મહાવીર જયંતી નિમિત્તે ભક્તિ સંગીતનો પ્રોગ્રામ કરવામાં આવે છે.
- પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ : 'પ્રબુદ્ધ જીવન' માસિક મુખપત્ર માટે આર્થિક સહાય સ્વીકારતો વિભાગ

આપ ઉપરની કોઈ પણ પ્રવૃત્તિ માટે આપના દાનનો પ્રવાહ વહાવી શકો છો. લગભગ ૭૫ વર્ષથી સંસ્થાનું વૈચારિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રગટ થાય છે. આપ કોઈ પણ એક અંકના રૂા. ૨૦,૦૦૦/-નું દાન આપી એ અંકના દાતા બની શકો છો. વિચાર દાન એ ઉત્તમ દાન છે. આ ધન દાનથી આપ બન્ને દાનના લાભાર્થી બની શકો છો.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-વર્તમાન કાર્યવાહક સમિતિ

**૨૦૧૩-૨૦૧૫**

**પ્રમુખ :**

શ્રી ચંદ્રકાંત ડી. શાહ ૯૮૨૦૬૪૬૪૬૪

**ઉપપ્રમુખ :**

શ્રી નિતીનભાઈ કે. સોનાવાલા ૯૮૨૦૦૬૧૨૫૯

**મંત્રીઓ :**

શ્રીમતી નિરુબહેન એસ. શાહ ૨૩૬૮૨૨૭૦
ડૉ. શ્રી ધનવંત ટી. શાહ ૯૮૨૦૦૦૨૩૪૧

**સહમંત્રી :**

શ્રીમતી વર્ષાબહેન આર. શાહ ૯૮૨૦૩૩૮૧૬૨

**કોષાધ્યક્ષ :**

શ્રી જગદીપ બી. ઝવેરી ૯૮૨૧૦૦૭૭૩૮

**સભ્યો**

| | |
|---|---|
| શ્રી લલિતભાઈ પી. શાહ | ૯૮૨૧૦૫૩૧૩૩ |
| શ્રી દિલીપભાઈ એમ. શાહ | ૯૮૨૧૦૯૫૯૬૮ |
| શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી | ૯૮૧૯૦૯૩૭૧૭ |
| શ્રી બિપિનભાઈ કે. જૈન | ૯૮૯૨૨૮૮૦૦૧ |
| શ્રીમતી ઉષાબહેન પી. શાહ | ૯૮૧૯૭૮૨૧૯૭ |
| કુ. વસુબહેન સી. ભણશાલી | ૯૮૨૧૧૬૮૩૧૯ |
| કુ. મીનાબહેન શાહ | ૯૮૨૦૧૫૮૪૯૪ |
| શ્રીમતી પુષ્પાબહેન સી. પરીખ | ૨૩૮૭૩૬૧૧ |
| શ્રીમતી રમાબહેન વી. મહેતા | ૨૨૮૧૯૧૭૪ |
| શ્રીમતી રમાબહેન જે. વોરા | ૨૩૫૧૯૯૯૧ |
| શ્રી કિરણભાઈ એચ. શાહ | ૯૮૨૦૦૨૪૪૯૧ |
| શ્રી પીયૂષભાઈ એચ. કોઠારી | ૯૮૨૧૦૩૫૪૬૫ |
| શ્રી પ્રેમળભાઈ એન. કાપડીયા | ૯૮૨૧૧૪૧૪૦૦ |
| શ્રી પ્રવીણભાઈ કે. શાહ | ૯૮૩૩૧૨૬૩૨૯ |
| શ્રી ચંદુલાલ જી. ફ્રેમવાલા | ૯૮૧૦૦૦૦૪૨૨ |

## કો-ઓપ્ટ સભ્યો

શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ
શ્રી પુષ્પસેન સી. ઝવેરી
શ્રી પન્નાલાલ કે. છેડા

## નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી
શ્રી ભરતભાઈ મેઘજી મામણિયા
શ્રી હસમુખભાઈ એચ. શાહ
શ્રી ગિરીશ આર. વકીલ
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
ડૉ. રેણુકા જિનેન્દ્ર પોરવાલ
શ્રી મનીષ મોદી
ડૉ. સ્નેહલ સંઘવી
કુ. યશોમતીબહેન શાહ
શ્રી શાંતિભાઈ કરમશીભાઈ ગોસર
ડૉ. કામિની ગોગરી
કુ. રેશ્માબહેન બિપિનભાઈ જૈન
શ્રી વિનોદભાઈ વસા

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અન્ય પ્રવૃત્તિઓ

### પ્રેમળ જ્યોતિ

**સંચાલકો :**

શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ — ટે. નં. ૨૩૬૩૧૨૮૫
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ — ટે. નં. ૨૩૮૭૩૬૧૧

### કિશોર ટિંબડીયા કેળવણી યોજના ફંડ

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા — મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ — મો. ૯૮૧૯૭૮૨૧૯૭
કુ. વસુબહેન ચંદુલાલ ભણશાલી — મો. ૯૮૨૧૧૬૮૩૧૯

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા — મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ — મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ — ટે. નં. ૨૩૮૭૩૬૧૧

### ભાનુ ચેરિટી ટ્રસ્ટ : અનાજ રાહત ફંડ

**સંચાલકો :**

શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ — મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા — મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ — ટે. નં. ૨૩૮૭૩૬૧૧

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વિવિધ સબ કમિટીઓ

### રસધારા સોસાયટી કમિટી

શ્રી ચંદુલાલ જી. ફેમવાલા-કન્વીનર-૯૮૭૦૦૦૦૪૨૨
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી લલિતભાઈ પી. શાહ-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી-૯૮૧૯૦૯૩૭૧૭
શ્રી દિલીપભાઈ વી. કાકાબળીયા-૯૩૨૨૮૯૩૬૬૬

### પર્યુષણ સમયે અનુદાન માટે સંસ્થા પસંદ કરવાની કમિટી

શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-કન્વીનર-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી દિલીપભાઈ વી. કાકાબળીયા-૯૩૨૨૮૯૩૬૬૬
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ-૯૮૧૯૭૮૨૧૯૭
કુ. મીનાબહેન શાહ-૯૮૨૦૧૫૮૪૯૪
શ્રી પ્રકાશભાઈ ઝવેરી-૯૮૨૩૮૯૦૩૪૦
શ્રી કાકુભાઈ મહેતા-૦૨૨-૨૮૯૮૮૭૮

### બંધારણ સુધારણા કમિટી

શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી-કન્વીનર-૯૮૧૯૦૯૩૭૧૭
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ધનવંતભાઈ ટી. શાહ-૯૮૨૦૦૦૨૩૪૧
શ્રી લલિતભાઈ પી. શાહ-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી દિલીપભાઈ એમ. શાહ-૯૮૨૧૦૯૫૯૬૮
શ્રી પ્રવિણભાઈ કે. શાહ-૯૮૩૩૧૨૬૩૨૯

### ફંડ રેઈઝીંગ કમિટી

શ્રી લલિતભાઈ પી. શાહ-કન્વીનર-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રીમતી નિરુબહેન એસ. શાહ-૨૩૬૩૧૨૮૫
શ્રી ધનવંતભાઈ ટી. શાહ-૯૮૨૦૦૦૨૩૪૧
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી દિલીપભાઈ એમ. શાહ-૯૮૨૧૦૯૫૯૬૮
શ્રી પીયૂષભાઈ કોઠારી-૯૮૨૧૦૩૫૪૬૫
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ-૯૮૧૯૭૮૨૧૯૭
શ્રી કિરણભાઈ શાહ-૯૮૨૦૦૨૪૪૯૧

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **સોને મઢ્યું પરોઢ-૧**
પ્રવચનકાર : પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન
પ્રાપ્તિસ્થાન : જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય-સાહિત્ય સેવા રૂા. ૧૦૦/-, પાના-૨૮૮, આવૃત્તિ-પ્રથમ. વિ. સં. ૨૦૦૧.

ભાવશ્રાવકના ક્રિયા વિષયક છ ગુણો પર પાવાપુરી-તીર્થધામ (રાજસ્થાન)માં થયેલ કુલ છ પ્રવચનો પૈકીના પહેલા ત્રણ પ્રવચનો અહીં પ્રકાશિત થયાં છે.

વાદ્વિતાવ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ શાંતિસૂરીશ્વરજી મહારાજાએ રચેલા 'શ્રી ધર્મરત્ન પ્રકરણ' અને ટંકશાલી વચનના સ્વામી પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ આપેલા ૩૫૦ ગાથાના સ્તવનની બારમી ઢાળનો આધાર લેવાયો છે. પૂ. મહોપાધ્યાયજીએ ધર્મરત્ન પ્રકરણના ભાવોને સરળ ગુજરાતી પદ્યરૂપે આબાદ અવતાર્યા છે.

આ ત્રણ પ્રવચનોમાં ભાવ શ્રાવકના ક્રિયાગત છ ગુણો પૈકીના પ્રથમ ત્રણ ગુણો (૧) કૃતવ્રતકર્મા, (૨) શીલવાન અને (૩) ગુણવાન ઉપરની વિવેચના આપવામાં આવી છે.

આ પ્રવચનો સંયમી વર્ગ માટે આલંબન રૂપે બનશે. સૌ કોઈ આ પ્રવચનોના વચનોના માધ્યમ દ્વારા પરમાત્મ-શાસનની ભાવ શ્રાવકપણાની ક્રિયા વિષયક છ એ પ્રકારની ગુણ સમૃદ્ધિના દર્શન કરી એને સ્વભૂમિકા અનુરૂપ સ્વજીવનમાં આત્મસ્થ કરી, ભવ્યજીવોના જીવનમાં તેનું અધિષ્ઠાન સ્થાપી ભાવકપણાના સત્તર ગુણોને પામી-પમાડી તેના ફળ સ્વરૂપે શિવસુખના સ્વામી બને એ જ શુભાભિલાષા.

x x x

પુસ્તકનું નામ : **સચિત્ર શ્રી જિનેન્દ્ર ભક્તિ**
(યંત્ર, મંત્ર, અર્થ, ભાવાર્થ, બોધ સહિત)
લેખક સંકલન : સાધ્વી શ્રી પવિત્રા કુમારી (લીંબડી અજરામર સંપ્રદાય)
પ્રકાશક : શ્રી વાગડ વિશા ઓશવાળ સ્થાનકવાસી જૈન સંઘ (ચીરાબજાર)
મૂલ્ય-જ્ઞાનાર્થે રૂા. ૩૦૦/-, પાના-૨૯૨, આવૃત્તિ-પ્રથમ ઈ. સ. ૨૦૧૨.

શ્રી માનતુંગાચાર્ય વિરચિત 'ભકતામર સ્તોત્ર' પ્રત્યે સમસ્ત જૈન સમાજ અત્યંત શ્રદ્ધાન્વિત છે.

શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના જ્ઞાનાભિલાષી પૂ. શ્રી પવિત્રા કુમારી મહાસતીજીના ભક્તામર સ્તોત્રના આધ્યાત્મિક ભાવરૂપ 'સચિત્ર જિનેન્દ્ર ભક્તિ ગ્રંથ'ના સંકલન આલેખનનું ગ્રંથ રૂપે સર્જન થયું છે. ભકતામર સ્તોત્રને આધ્યાત્મિક ભાવોથી વિસ્તૃત કર્યું છે. તેમાં છુપાયેલાં ભાવોનો નિર્દેશ કર્યો છે. જે સર્વ માટે ઉપયોગી છે.

'ભક્તામર સ્તોત્ર'માં શ્રી તીર્થંકર પરમાત્મા આદિનાથ ભગવાનના આત્માના ગુણોનો અને ભક્તિથી સહજ સાર્થકતાનો મહિમા દર્શાવ્યો છે જેનું ભાવપૂર્વક પઠન કરતાં ભક્ત જિનસ્વરૂપમાં તાદાત્મ્ય બની નિજ સ્વરૂપમાં સ્થિર થાય છે.

આ ભક્તામર સ્તોત્રનો આ ગ્રંથમાં વિશેષ રીતે પરિચય થાય છે. ભક્તામર સ્તોત્રનું પ્રયોજન, ચિત્રની સાર્થકતા, સ્તુતિ ફળ સ્તોત્રનો મહિમા વગેરે વર્ણવ્યા છે. સ્તોત્રકારનો પરિચય, પાદપૂર્તિઓ વૃત્તિઓ વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

મૂળ શ્લોક, અંગ્રજી અનુવાદ, ગુજરાતીમાં શબ્દાર્થ અને ભાવાર્થ તથા ઋદ્ધિ, મંત્ર અને હેતુ આપવામાં આવ્યા છે અને સૌથી આકર્ષક છે આ ગ્રંથનાં ચિત્રો. આમ આકર્ષક એવો આ ગ્રંથ 'ભક્તામર' સ્તોત્ર પ્રત્યેના ભક્તિભાવનો અન્ય ગ્રંથ છે.

x x x

પુસ્તકનું નામ : **આત્મચૈતન્યની યાત્રા**
લેખક : આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.
સંપાદક : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
પ્રકાશક : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર, સ્ટેશન રોડ, વિજાપુર-૩૮૨૮૭૦. જિ. મહેસાણા (ઉ. ગુ.)
મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૧૯૨+૦૮, આવૃત્તિ-પહેલી, જૂન-૨૦૧૫.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજીના સૂરીપદ શતાબ્દી વર્ષ પ્રસંગે પ્રગટ થયેલ આ ગ્રંથ વિરલ છે.

જિનશાસનમાં ઘણાં ધર્મ પ્રભાવક આચાર્યો થયા છે. એમાં સૂરિપુંગવ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું સ્થાન અતિ વિશિષ્ટ છે. વિજાપુરના કણબી કુટુંબમાં જન્મેલા બહેચરદાસ પોતાના યુગની ભાવનાઓના બુદ્ધિસાગર કહેવાયા. સમાજને સાચી દિશા દર્શાવનાર કર્ણધાર બની રહ્યા. જિન શાસનના સૂત્રધાર બન્યા.

આ ગ્રંથની બીજી એક વિશેષતા એ છે કે એમાં આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીની રોજનીશીમાંથી થોડાંક કાવ્યો, નિબંધો અને વિચારો દર્શાવવામાં આવ્યા છે. એ દૃષ્ટિએ આ ગ્રંથ યોગનિષ્ઠ આચાર્યશ્રીના યોગનિષ્ઠ આત્માની ઉચ્ચ ભવ્યતાની ઝાંખી આપે છે. એમના વિચારોની ઉદાત્તતાનો પરિચય આપે છે. આ બધાને પરિણામે આપણે મહાન આચાર્યના હૃદયમાં ચાલતી ભાવનાઓને દૃષ્ટિગોચર કરી શકીએ છીએ.

યોગનિષ્ઠ આચાર્યશ્રીએ પોતાના ધ્યાનપૂર્ણ જીવનથી અને ઉત્કૃષ્ટ ગ્રંથરચના કરીને યોગની પરાકાષ્ટા બતાવી બાહ્યાચારમાં ડૂબેલા સમાજને આત્માના ઉર્ધ્વ માર્ગનો પરિચય આપ્યો અને અલૌકિક આપતી અધ્યાત્મ-સાધનાની ઓળખ આપી છે.

આ ગ્રંથમાંથી મળતો આત્મિક ઉર્ધ્વતાનો સંદેશ વાંચનાર સહુને સ્પર્શી જશે.

x x x

પુસ્તકનું નામ : **કાવ્યશાસ્ત્ર વિનોદેન**
લેખક : ડૉ. કવિન શાહ
પ્રકાશન : રીટાબહેન કે. શાહ
૧૦૩, જીવન જ્યોત એપાર્ટમેન્ટ, સી બિલ્ડીંગ, વખારીયા બંદર રોડ, પો. બિલીમોરા-૩૮૬૩૨૧. ફોન નં. : ૦૨૬૩૪-૩૯૫૪૬૮.
મૂલ્ય-રૂા. ૧૧૦/-, પાના-૩૧૫, આવૃત્તિ-પ્રથમ.

જૈન દર્શનના સિદ્ધાંતો અને આત્મસ્વરૂપની પ્રાપ્તિને સ્પર્શતા આ લેખોનો સંચય ધર્મ સમજવા ને જાણવા માટે જરૂરી છે. આ લેખોથી શાસ્ત્રના ગૂઢ રહસ્યને પામવા માટે માર્ગદર્શન મળે તેમ છે. આ પુસ્તકમાં આત્માને કેન્દ્રમાં

રાખીને લખાયેલા લેખો આત્મતથ વિચારણાને સ્પર્શે છે. ચરિત્રાત્મક લેખો ગુણાનુરાગથી પ્રેરાઈને વ્યક્તિના જીવનમાં ગુણ બીજ રોપાય તેવા હેતુથી સ્થાન આપવામાં આવ્યું છે. જૈન સાહિત્ય સમારોહમાં નિબંધ રૂપે રજૂ થયેલા લેખોને સ્થાન આપવામાં આવ્યું છે. આમ ત્રણ પ્રકારના લેખોનો સંચય આ પુસ્તકમાં થયો છે. દરેક લેખ માહિતી પ્રધાન હોવાની સાથે ધર્મ આત્મલક્ષી છે. લેખના સમર્થનમાં ચિંતનાત્મક વિચારો દર્શાવવામાં આવ્યા છે તેનો સ્વસ્થ ચિત્તે વિચાર કરતાં આત્માની પરમ શાંતિની સાથે તત્ત્વબોધ પામી શકાય છે.

બુદ્ધિમાન માણસો સમયનો વિવિધ રીતે સદુપયોગ કરે છે તેમાં સત્સંગ, શાસ્ત્રવાર્તા વિનોદ મહત્ત્વનો છે. તે દૃષ્ટિએ પુસ્તકનું શીર્ષક કાવ્યશાસ્ત્ર વિનોદેન નિયત કરવામાં આવ્યું છે. શાસ્ત્રવાર્તા-ચર્ચા સ્વાધ્યાય કે ચિંતન મનનમાં સમયનો સદ્વ્યય શુભ આશ્રયરૂપ બને છે અને મિત્ર સમાન સહયોગ પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્ય સમારોહમાં રજૂ કરાયેલા લેખોનો આ સંગ્રહ અધ્યાત્મ રસિક વર્ગને માહિતી મેળવવા ઉપયોગી થાય તેમ છે.

x x x

પુસ્તકનું નામ :
**કેફ : દારૂનો, દારૂડિયાનો...તંત્રનો**
લેખક-સંપાદક : દેવશી પટેલ
પ્રકાશક : દેવશી ખોડાભાઈ પટેલ
એ/૧૬, અંજના સોસાયટી, ઈન્ડિયા કોલોની, ટી.બી.રોડ, અમદાવાદ-૩૮૨ ૩૫૦.
મોબાઈલ-૯૩૨૭૦૪૬૩૮૩.
પાના-૧૭૬, આવૃત્તિ-બીજી, ઑગસ્ટ-૨૦૧૧.

દેવશીભાઈ પટેલ સર્જકની સાથે સાથે સમાજસુધારક પણ છે. એમણે સમાજની વેદનાને જાણી છે અને એ વેદનાને શબ્દસ્થ કરી છે. તેઓએ સરકારી નોકરી કરી અને ઊંચા હોદ્દા પર રહ્યા પરંતુ તેઓ કર્મચારીઓની ચિંતા કરતા અને એમની સમસ્યાઓનું નિવારણ શોધવા સતત પ્રયત્નશીલ રહેતા.

આ પુસ્તકમાં એમના મનોમંથનનો નિચોડ વ્યક્ત કર્યો છે. સમાજ, બુદ્ધિજીવીઓ, સમાજ સુધારકો, ધર્મ અને સંત, મહંતો શું કરી શકે એની વાત આ પુસ્તક દ્વારા રજૂ કરી છે. વીસ પ્રકરણમાં આ પુસ્તકનો ફલક વિસ્તરેલો છે. પ્રત્યેક પ્રકરણ સમાજનું દર્પણ બનીને આવે છે. તેઓ પ્રશ્નો ઊભા કરે છે અને હલ પણ બતાવે છે. દારૂબંધીના પ્રશ્નની વાત કરતાં આ વિદ્વાન સર્જકે પરદેશના વિદ્વાનો અને તત્ત્વચિંતકોએ કહેલી વાતને સરસ રીતે વણી લીધી છે. મહાત્મા ગાંધીજીએ કરેલી દારૂબંધીની વાતને દેવશીભાઈએ આ પુસ્તકમાં સરસ રીતે વ્યક્ત કરી છે.

સમાજના ઉત્થાનમાં પ્રેરક બની શકે એવું આ પુસ્તક દેવશીભાઈનું સાહિત્યિક નજરાણું છે.

x x x

પુસ્તકનું નામ : **જીવન અને મૃત્યુની આરપાર**
Across Life & Death
લેખક-સંપાદક : હરકિશન એન. ઉદાણી
૫૧, સાખર ભવન, નરિમાન પોઈંટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૧૦૮.
આવૃત્તિ-પ્રથમ, ઈ. સ. -૨૦૧૪.

એક ઉદ્યોગપતિ દ્વારા સાકાર થયેલ-પામેલ આ પુસ્તક તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં સમયને તેમણે કેવી રીતે માણ્યો તેની પ્રતીતિ કરાવે છે. જીવનમાં માણસને કોઈ ને કોઈ શોખ હોવો જોઈએ. વાંચન અને સંગીત એમનો શોખ છે. ફોટોગ્રાફ્સ અને પેન્ટિંગ દ્વારા તેઓ આંખનો ઉત્સવ ઉજવે છે. પોતે જે કાંઈ વાંચ્યું વિચાર્યું હોય તેનો સંગ્રહ કરે છે અને એમની આ પ્રવૃત્તિ એમને જીવંત રાખે છે અને પોતાના આનંદનું અત્તર સૌને પહોંચાડે છે.

આ પુસ્તકમાં સ્વચરિત અંગ્રેજી અને ગુજરાતી કાવ્યકૃતિઓ છે. શ્રીમદ્ રાજચંદ્રના અમૂલ્ય રત્નો છે અને સુરેશ દલાલ રચિત અંગ્રેજી અને ગુજરાતી કાવ્યો ગ્રંથસ્થ કરવામાં આવ્યો છે. આ પુસ્તકનું સૌથી આકર્ષક અંગ છે તેમાં પસંદ કરીને મૂકાયેલા ચિત્રો અને તેની સાથેની કાવ્ય પંક્તિઓ.

અંગ્રેજી અને ગુજરાતીમાંથી એમને ગમ્યું એ એમણે અહીં પ્રસ્તુત કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર હોય કે રવીન્દ્રનાથ હોય કે ગુજરાતી ભાષાના કોઈ કવિ-લેખક હોય, શબ્દો દ્વારા પ્રગટ થતા વિચાર અને એ વિચારમાંથી કયારેક પ્રગટ થતી આચાર યાત્રામાં એમને શ્રદ્ધા છે.

આ પુસ્તકનો હેતુ સદ્વિચારો અને સદ્ભાવનાના પ્રચાર-પ્રસારનો છે.

x x x

પુસ્તકનું નામ :
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય શતાબ્દી મહોત્સવ ગ્રંથ** – ભાગ-૧-૨.
સંપાદક : ડૉ. કુમારપાળ દેસાઈ
પ્રકાશક : મંત્રીશ્રી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય C/o શ્રી કચ્છી વિશાઓશવાળ જૈન મહાજન વાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, બીજે માળે, ચિંચબંદર-મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન નં. : ૨૩૭૫૯૧૭૯.
પાના-૧૬+૨૧૨, ભાગ-૧.
પાના-૧૨+૩૩૬,ભાગ-૨
આવૃત્તિ-પ્રથમ ઈ. સ. ૨૦૧૫.

આચાર્ય પ્રવર, યુગદ્રષ્ટા શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજની ઉત્કૃષ્ટ પ્રેરણાથી સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું શતાબ્દી વર્ષ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે રજત મહોત્સવ સ્મારક ગ્રંથ, સુવર્ણ મહોત્સવ મહોત્સવ સ્મારક ગ્રંથ, અમૃત મહોત્સવ સ્મૃતિ ગ્રંથ જેવા ગ્રંથો પચીશીની ઉજવણી રૂપે પ્રકાશિત કર્યા છે અને આ શતાબ્દી મહોત્સવ સમયે સાહિત્ય, સંશોધન અને વિવેચનના બે દળદાર ગ્રંથો પ્રગટ કરે છે. પ્રથમ ગ્રંથમાં સાહિત્ય, ચરિત્ર અને નિબંધો જેવા લોકભોગ્ય વિષયને શામેલ કર્યા છે અને બીજા ગ્રંથમાં વિવેચન સંશોધન, તત્ત્વચિંતન અને કેળવણી વિષયક લેખો લીધા છે.

આ પુસ્તકના સંપાદન કાર્યનો યશ જૈન દર્શનના જાણીતા અને માનીતા બહુ પ્રખ્યાત ડૉ. કુમારપાળ દેસાઈને જાય છે. સદીઓથી સાહિત્યમાં સમાજ, તેની વાસ્તવિકતાઓ અને આદર્શોનું પ્રતિબંબ ઝીલાતું આવ્યું છે. સારું સાહિત્ય યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં આવે છે ત્યારે શબ્દની શક્તિ પ્રબળ બને છે. પ્રસ્તુત પુસ્તક ગ્રંથો વિદ્વાનો, અભ્યાસીઓ અને સાહિત્યકારોને ઉપયોગી થાય તેમ છે.✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩. મોબા.: ૯૨૨૩૧૯૦૭૫૩.

આ અંકની
છૂટક નકલનું
સૌજન્ય
રૂા. ૮૦/-

# સમણસુત્તંની જ્ઞાનયાત્રા

શ્રી પાર્શ્વચંદ્રગચ્છ વરિષ્ઠ જ્ઞાનભાસ્કર અધ્યાત્મનિષ્ઠ પ. પૂ. મહોપાધ્યાય **શ્રી ભુવનચંદ્રજી મ.સા.**ના સંયમ સુવર્ણ વર્ષની ઉજવણી નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને સંયમ સુવર્ણ વર્ષ મહોત્સવ સમિતિએ જૈન ધર્મના ઉપરોક્ત મહાન ગ્રંથ વિશે ઘેર બેઠા પરીક્ષાનું આયોજન કરેલ છે.

આ પ્રશ્નપત્રના નિર્માતા અને સંયોજક છે ડૉ. ધનવંત શાહ અને ડૉ. ગુલાબ દેઢિયા.

આ સમણસુત્તનો ગુજરાતી અનુવાદ પૂ. શ્રી ભુવનચંદ્રજી મ.સા.એ કરેલ છે, એ પુસ્તક ઉપર આધારિત આ પ્રશ્નો છે અને ઉત્તરદાતાઓએ પુસ્તકના આધારે જ ઉત્તરો આપવાના રહેશે. ઉત્તરો તા. ૩૦-૧૧-૨૦૧૫ પહેલાં મોકલવાના રહેશે. વધુ ગુણ મેળવનારને પુરસ્કાર આપવામાં આવશે તેમ જ ઉત્તમ ઉત્તરો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થશે.

વધુ વિગત માટે જીજ્ઞાસુઓ પ. પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ને શ્રી સુમતિનાથ જૈન દેરાસર, મુ. તલવાણા-૩૭૦૪૬૦. જિલ્લો કચ્છ અને ડૉ. ગુલાબ દેઢિયાનો– 09820611852 ઉપર સંપર્ક કરી શકે છે.

આ પ્રશ્નપત્રો અને સમણ સુત્તમ્ પુસ્તક (ગુજરાતી)આપ આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી મેળવી શકશો. ટેલિફોન ૦૨૨ - ૨૩૮૨ ૦૨૯૬.

**'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકોને**
**આ પરીક્ષામાં ભાગ લેવા વિનંતિ છે.**

પ્રશ્નો નીચે મુજબ છે :-

**પ્રશ્ન ૧.**

**આ પંક્તિઓ જે ગાથામાં હોય તે ગાથાનો માત્ર ક્રમાંક લખો. (ગુણ-૦૫)**

૧. ૐકાર પંચ પરમેષ્ઠીનું પ્રતીક છે.
૨. સ્વમાં લીન સાધુ સાચો ભાવલિંગી મુનિ છે.
૩. મુનિ શુભ કે અશુભ – કોઈ આસ્રવ કરતો નથી.
૪. મૂઢ લોકો અનંત સંસારમાં ખોવાઈ જાય છે.
૫. સ્વાદનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ તપ છે.
૬. ગણ, ગચ્છ, સંઘ અને નિર્મળ એવો આત્મા છે સમય.
૭. તૃષ્ણામાંથી મોહ અને મોહમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે.
૮. નિશ્ચય દૃષ્ટિએ મૌન (મુનિત્વ) એ જ સમ્યક્ત્વ છે.
૯. આંધળાની આગળ કરોડો દીપક પ્રગટાવીએ તે નકામા છે.
૧૦. મુક્તાવસ્થા બાધારહિત છે.

**પ્રશ્ન ૨.**

**બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગુણ-૨૦)**

૧. 'ઉપયોગ' શબ્દનો વ્યાવહારિક અને શાસ્ત્રીય અર્થ શું થાય છે?
૨. બાળ અને પંડિત કોને કહ્યા છે?
૩. 'પુદ્‌ગલ'નું સ્વરૂપ શું છે?
૪. ભાવશુદ્ધિ એટલે શું?
૫. અભવ્ય આત્મા ધર્મ કરે પણ તે મિથ્યા હોય છે. શા માટે?
૬. પર્યાય કોને કહેવાય?
૭. જિનેશ્વરોના ઉપદેશનો સાર શું છે?
૮. જ્ઞાનાભ્યાસ કરવાના લાભ ક્યા ક્યા છે?
૯. કર્મબંધ ન થાય તે માટે શું કરવું જોઈએ?
૧૦. ક્યું દાન, ક્યું વચન, ક્યો તપ અને ક્યા પુરુષને શ્રેષ્ઠ કહ્યા છે?

**પ્રશ્ન ૩.**

**ટૂંકમાં દરેકની વ્યાખ્યા લખો. (ગુણ-૨૦)**

૧. 'ક્ષીણકષાય' ગુણ સ્થાનકની વ્યાખ્યા કરો.
૨. 'ભોગોપભોગ પરિમાણ'ની વ્યાખ્યા કરો.
૩. 'તીવ્રકષાયી' વ્યક્તિના લક્ષણ દર્શાવો.
૪. 'એવંભૂત નય'નું સ્વરૂપ સમજાવો.
૫. 'કાયોત્સર્ગ'ની સમજૂતી આપો.
૬. 'ગુપ્તિ' એટલે શું?
૭. 'ધ્યાન'ની વ્યાખ્યા શું છે?
૮. 'નિક્ષેપ સમિતિ' એટલે શું?
૯. 'પરમાણુ'ની વ્યાખ્યા આપો.
૧૦. 'મનઃપર્યવ જ્ઞાન' કોને કહે છે?

**પ્રશ્ન ૪.**

**નીચે આપેલા શબ્દજૂથોમાં એક શબ્દ જૂથ બહારનો છે. જૂથ બહારનો શબ્દ કયો છે તે જણાવો. કારણ બતાવો. (ગુણ-૧૦)**

૧. સમતા, માધ્યસ્થ, શુદ્ધોપયોગ, આનંદ.
૨. જન્મ, મરણ, જરા, ચિંતા.
૩. વાચના, પૃચ્છના, મંગલાચરણ, અનુપ્રેક્ષા.
૪. આળસ, ક્રોધ, વેર, દુષ્ટતા.
૫. અંગવિચ્છેદ, અતિભારારોપણ, જૂઠ, બંધન.
૬. સંયમ, તપ, અહિંસા, અનેકાંત.
૭. કંટાળો, ભૂખ, લોભ, ઠંડી.
૮. નગર, તાળું, દ્વાર, સાંકળ.
૯. મનુષ્યત્વ, પુરુષાર્થ, પ્રેરણા, શ્રવણ.
૧૦. જ્ઞાન, ધ્યાન, તપ, ગોચરી.

**પ્રશ્ન ૦૫.**

**નીચે આપેલ ઉપમાઓ કોને અપાઈ છે તેનાં માત્ર નામ લખો. (ગુણ-૧૦)**

| | |
|---|---|
| ૧. કેળનું ઝાડ | ૧૧. દોરો પરોવેલી સોય |
| ૨. અળસિયું | ૧૨. નિધાન |
| ૩. રંગીન પત્થર | ૧૩. માતા |
| ૪. લોઢાની/સોનાની સાંકળ | ૧૪. ખુજલી |
| ૫. પાણીમાં મીઠું | ૧૫. ભમરો |
| ૬. પગમાં લાગેલો કાંટો | ૧૬. કમળનું પાંદડું |
| ૭. દહીં અને ગોળ | ૧૭. નાવમાં કાણા |
| ૮. કાચબો | ૧૮. અગ્નિ |
| ૯. પદ્મરાગ રત્નની કાંતિ | ૧૯. અમૃત |
| ૧૦. કડવી દવા | ૨૦. ગરુડ |

**પ્રશ્ન ૬.**

**વાક્યપૂર્તિ કરો. (ગુણ-૧૦)**

૧. મુનિઓને નગર કે શૂન્ય વન વચ્ચે કોઈ અંતર જણાતું નથી, કારણ કે...

૨. જે અસાવધાન છે તેને હિંસાનું પાપ લાગે છે, કારણ કે...

૩. અભ્યંતર શુદ્ધિ થતાં આચરણની શુદ્ધિ થાય છે, કારણ કે...

૪. દેહથી મુક્ત આત્માની ઊર્ધ્વગતિ થાય છે, કારણ કે...

૫. પ્રયોજન વિના કાર્ય કરવાથી કર્મબંધન વધુ થાય છે, કારણ કે...

૬. હવે મને કશાનો-મરણનો પણ ભય નથી, કારણ કે...

૭. પરમાણુના ટૂકડા થતા નથી, કારણ કે...

૮. કષાય થોડો હોય તો પણ સારો નથી, કારણ કે...

૯. અંત સમયે સાધુ ધ્યાન કરવા સમર્થ હોય છે, કારણ કે...

૧૦. મનુષ્યને સંતોષ થતો નથી, કારણ કે...

**પ્રશ્ન ૦૭.**

**ખાલી જગ્યા પૂરો (ગુણ-૧૦)**

૧. ........ થી અર્હંતોને જે જાણે છે તે પોતાના ......... ને જાણે છે.

૨. આત્માની ............. માટેનું વ્રત ............. છે.

૩. ચારિત્રનો ........ ભાગ સમિતિ છે, ચારિત્રનો ....... ભાગ ગુપ્તિ છે.

૪. ............. હોય એ અહિંસક છે, ............. હિંસક છે.

૫. .......... આત્મા જાગતો સારો, ............. આત્મા સૂતેલો સારો.

૬. .............. ની જેમ સદા સાવધાન રહેવું.

૭. જ્ઞાન ........... વિના નકામું છે, .......... જ્ઞાન વિના નકામી છે.

૮. સમતાથી ............. બનાય અને બ્રહ્મચર્યથી ............. થવાય.

૯. સાધુના સર્વ ધર્મોમાં ............. મુખ્ય છે.

૧૦. ............. કરવું તે આલોચના તપ છે.

૧૧. આ લોક પુદ્ગલના ............... અને .............. સ્કંધોથી ઠાંસી ઠાંસીને ભરેલો છે.

૧૨. ........... ને સમજ્યા વિના કોઈ .......... ને સમજી શકે નહિ.

૧૩. આચરણ થોડું દોષયુક્ત હોય તેને ............. ............. ગુણસ્થાનકે રહેલો જાણવો.

૧૪. વિનયી વ્યક્તિ ............. ને પણ ............. બનાવી લે છે.

૧૫. ગુરુકૃપાથી .......... જાણી ......... એ નિજ આત્માનું ધ્યાન કરવું.

૧૬. ............. પદાર્થો ઉપર ............. ન હોવી એ મિથ્યાત્વ છે.

૧૭. બે સાધના માર્ગ છે : એક ............., બીજો .............

૧૮. ............. ધર્મ પ્રતિપાદક દૃષ્ટિકોણને ............. નય કહેવાય.

૧૯. ............. હોય ત્યાં તેની પૂર્વે ............. હોય જ.

૨૦. ......... કર્મનો નાશ થતાં ........ કર્મનો પણ નાશ થઈ જાય છે.

**પ્રશ્ન ૮.**

**સાચો વિકલ્પ શોધીને માત્ર તેનો ક્રમાંક લખો. (ગુણ-૧૦)**

૧. શુદ્ધ સંગ્રહનય કોને કહેવાય ?
- (i) વ્યાકરણ દ્વારા જે અર્થ નીકળે તેને મહત્ત્વ આપે તે.
- (ii) શબ્દાર્થ પ્રમાણે પદાર્થની વિદ્યમાનતા જરૂરી ગણે.
- (iii) વિરોધને લક્ષ્યમાં લીધા વગર પદાર્થોને એકમાં સમાવી લેવામાં માને છે.
- (iv) દરેક શબ્દ ભિન્ન-ભિન્ન પદાર્થનો વાચક છે એવું માનનારો નય.

૨. દ્રવ્યનિક્ષેપ એટલે શું ?
- (i) ચિત્રરૂપે કોઈ વસ્તુ દર્શાવવી તે.
- (ii) વસ્તુના પૂર્વ અને પશ્ચાત્કાલીન સ્વરૂપને પ્રાધાન્ય આપીને રજૂઆત કરવી.
- (iii) વસ્તુની વર્તમાન સક્રિય અવસ્થાને મહત્ત્વ આપીને વર્ણન કરવું તે.
- (iv) વસ્તુ વિશે કલ્પનાઓ કરવી તે.

૩. ભાવ પ્રતિક્રમણ શું છે ?
- (i) પાપની આલોચના-નિંદા-ગર્હા કરી, ફરીથી તે ન થાય એવી તત્પરતા.
- (ii) સર્વ વાણી વ્યાપારનો ત્યાગ.
- (iiii) ભાવ-અભાવ વગેરે છોડી સ્વભાવમાં રહેવું તે.
- (iv) કેવળ સૂત્રપાઠ કરવો તે.

૪. ઈન્દ્રિયોના સંયમ માટે શું આવશ્યક છે ?
- (i) મમત્વનો ત્યાગ કરવો.
- (ii) ઈન્દ્રિયોની સર્વ પ્રવૃત્તિ બંધ કરવી.
- (iii) ઈન્દ્રિયાનો નાશ કરવો.
- (iv) પરિગ્રહ-સંગ્રહનો ત્યાગ કરવો.

૫. અપ્રમત્ત સંયત ગુણસ્થાનક અવસ્થા કોને કહેવાય ?
- (i) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદ હજી હોય તેવી સ્થિતિ.
- (ii) પ્રમાદ પણ હોય અને ચારિત્ર પણ હોય એવી સ્થિતિ.
- (iii) પ્રમાદ બિલકુલ ન રહ્યો હોય એવી અવસ્થા.

(iv) સર્વવિરતિ હોય પણ કેવળજ્ઞાન ન હોય તેવી સ્થિતિ.

**પ્રશ્ન ૯.**

**A ને B થી જોડો (માત્ર ક્રમાંક લખો) (ગુણ-૧૦)**

| A | B |
|---|---|
| ૧. ભવનિર્વેદ | ૧. સ્વાધ્યાય |
| ૨. નય | ૨. બ્રાહ્મણ |
| ૩. અળસિયું | ૩. ભગવાન |
| ૪. અભ્યંતર પરિગ્રહ | ૪. સંઘ |
| ૫. અશુભ આચરણનો ત્યાગ | ૫. પ્રાયશ્ચિત |
| ૬. વેરની ગાંઠ વાળવી | ૬. સમ્યગ્ દૃષ્ટિ |
| ૭. ધર્મની પાલિકા | ૭. અનર્થ દંડ |
| ૮. ગુણનો સમૂહ | ૮. અરતિ |
| ૯. દાન્ત | ૯. ઉપવાસ |
| ૧૦. બ્રહ્મચર્ય | ૧૦. વ્યક્તિનો આશય |
| ૧૧. પિતામહ | ૧૧. વિશિષ્ટ શક્તિશાળી |
| ૧૨. ઉત્પાદ | ૧૨. અધોગતિ |
| ૧૩. પરિવર્તના | ૧૩. સાધ્ય |
| ૧૪. વ્યુત્સર્ગ | ૧૪. ચારિત્ર |
| ૧૫. ઈન્દ્રિયની ઉપશાંતિ | ૧૫. કૃષ્ણલેશ્યા |
| ૧૬. નીલ લેશ્યા | ૧૬. વ્યય |
| ૧૭. કુચેષ્ટા | ૧૭. શ્રમણ |
| ૧૮. નિશ્ચય ચારિત્ર | ૧૮. આસક્ત માનવી |
| ૧૯. નૈમિત્તિક | ૧૯. સંસાર પ્રત્યે વિરક્તિ |
| ૨૦. નિઃશંકર | ૨૦. યતના |

**પ્રશ્ન ૧૦.**

**દરેકનો સમાનાર્થી શબ્દ (આ પુસ્તકમાં પ્રયોજાયો હોય તેવો) આપો. (ગુણ-૧૦)**

| | | | |
|---|---|---|---|
| ૧. આશય | ૬. ઉપસર્ગ | ૧૧. યતના | ૧૬. ભવનિર્વેદ |
| ૨. ભંગ | ૭. પચ્ચક્ખાણ | ૧૨. પરિણામ | ૧૭. શ્રુતજ્ઞાન |
| ૩, મૂર્ચ્છા | ૮. હેતુ | ૧૩. આરંભ | ૧૮. વિકથા |
| ૪. અનુપ્રેક્ષા | ૯. અક્ષ | ૧૪. પ્રાસુક | ૧૯. તત્ત્વ |
| ૫. ગર્હા | ૧૦. ઈર્યા | ૧૫. વિપર્યાસ | ૨૦.શુભ ભાવ |

**પ્રશ્ન ૧૧.**

**ફક્ત આંકડામાં જવાબ આપો. દરેકની સંખ્યા કે ભેદ લખો. (ગુણ-૧૦)**

| | | |
|---|---|---|
| ૧. શિક્ષાવ્રત | ૮. જ્ઞાનના પ્રકાર | ૧૫. ભય. |
| ૨. વ્યસન | ૯. આભિનિબોધિક જ્ઞાન | ૧૬. પ્રવચન માતા |
| ૩. કરણ | ૧૦. નયના મૂળ ભેદ | ૧૭. વિકથા |
| ૪. ગુપ્તિ | ૧૧. અભ્યંતર | ૧૮. અનર્થદંડના પ્રકાર |
| ૫. એષણા સમિતિ | ૧૨. સમ્યગ્દર્શનના અંગ | ૧૯. તત્ત્વ |
| ૬. નિક્ષેપ | ૧૩. અનુપ્રેક્ષા | ૨૦. બાહ્ય તપ |
| ૭. સ્થાપનાના ભેદ | ૧૪. પ્રભાવક પુરુષો | |

***

**પ્રશ્ન ૧૨.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો શબ્દ પસંદ કરી, ગાથા ક્રમાંક સાથે લખો. (ગુણ-૧૦)**

૧. સાધુના સર્વ ધર્મોમાં ............. મુખ્ય છે. (મૌન-જ્ઞાન-ધ્યાન)

૨. સમ્યગ્દૃષ્ટિ આત્મા ............. ગુણયુક્ત છે. (વૈદુષ્ય-વાત્સલ્ય-વૈરાગ્ય)

૩. કર્મના ઉદય વખતે ............. રહીને ફળ ભોગવવું પડે છે. (સ્વતંત્ર-પરતંત્ર-સ્વસ્થ)

૪. સન્માર્ગે ચાલનારો આત્મા પોતે પોતાનો ............. છે. (સ્વામી-સાથી-મિત્ર)

૫. આત્મા ............. છે. (સમયસાર-અધ્યાત્મસાર-જ્ઞાનસાર)

૬. મોહ આદિને તજે નહિ તેવો મુમુક્ષુ ............. આત્માને પામી શકતો નથી. (પરમ-શુદ્ધ-પ્રબુદ્ધ)

૭. વસ્તુના સંગ્રહને ભગવાને પરિગ્રહ નથી કર્યો, ............. ને પરિગ્રહ કહ્યો છે. (મોહ-મૂર્ચ્છા-માન્યતા)

૮. જ્ઞાતાનો હૃદયગત જે ............. તેને નય કહે છે. (હેતુ-આશય-તર્ક)

૯. ધ્યાન જ સર્વ અતિચારોનું ............. છે. (અતિક્રમણ-પ્રતિક્રમણ-પ્રયોજન)

૧૦. દેહ અને આત્માને એક સમજે છે તે ............. કહેવાય છે. (અજ્ઞાની-અંતરાત્મા-બહિરાત્મા)

**પ્રશ્ન ૧૩. સંલેખના વિશે સમણસુત્તં શું કહે છે તે તમારા શબ્દોમાં લખો. (૧૦ પંક્તિ) (ગુણ-૧૦)**

**પ્રશ્ન ૧૪. ગાથા ૬૬માં આઠ કર્મો માટે આઠ દૃષ્ટાંત કે ઉપમાઓ અપાઈ છે. તેના આધારે દરેક કર્મનું કાર્ય સમજાવો. (ગુણ-૧૦)**

**પ્રશ્ન ૧૫. ગાથા ૩૦-૩૧માં આલંકારિક ભાષામાં સંઘનું વર્ણન છે. તેનું વિતરણ તમારા શબ્દોમાં કરો. (ગુણ ૦૫)**

**પ્રશ્ન ૧૬. 'સમણસુત્તં'માં વિવિધ વિષયના સૂત્ર છે. તમને જે સૂત્ર વિશેષ સ્પર્શી ગયું હોય તેનો સારાંશ તમારા શબ્દોમાં આપો. (ઓછામાં ઓછા ૩૦૦ શબ્દો) (ગુણ-૧૫)**

**પ્રશ્ન ૧૭. 'સમણસુત્તં' ગ્રંથના સર્જન વિશે, તેના પ્રેરક વિશે તેમજ આ ગુજરાતી અનુવાદના કર્તા વિશે માહિતી આપો, આ ગ્રંથની વિશેષતા અને ઉપયોગિતા વિશે તમારા વિચારો જણાવો. (ઓછામાં ઓછા ૫૦૦ શબ્દ). (ગુણ-૨૦)**

***

# SIGNIFICANCE OF SIX ÂVASYAAKAS

## (OBLIGATORY DUTIES)

□ DR. KOKILA HEMCHAND SHAH

It is said in Jainism that `conduct is the First Religion.'

According to Jainism the highest goal of an individual is Liberation. Both knowledge & action are necessary for attainment of liberation. Knowledge is no doubt, important but `Kriyâs' — daily practices & observance. which are devotional, ceremonial & spirituals are of significance. The purpose for the rituals is spiritual. They help to stop the influx of karmas & lead to Nirajarâ, that is, shedding of the accumulated karmâs. These rituals are customary observances or practices which keep religion alive. In Jainism rituals are a part of right conduct, which can rescue man from miseries of worldly existence. Right conduct is said to be the foundation of religion. A spiritual aspirant is supposed to carry out certain daily practices, perform certain disciplinary acts that include six obligatory duties pronounced by the Omniscients as the `six essentials'. They are as follows :

**Six-Avasyakas : Obligatory duties.**

1. Equanimity – Sâmâyika
2. Prayer of the twenty four Jinas – Caturvimsatistava
3. Obesisance – Vandanâ
4. Repentance of the past sins – Pratikarmaṇa
5. Bodily steadiness to meditate upon soul – Kayotsarga
6. Renunciation from future evil acts – Pratyakhyanâ

These six necessary duties are beneficial both theoretically & practically. They are essentials, hence need to be preformed.

`Śâdavaśyaka' or six essential acts include the activities performed consciously by ascetic or a layman keeping in mind that this act is essential absolutely, for the manifestation of soul's qualities. Performance of this act is indispensable duty & has bearing upon spiritual progress fo an aspirant. According to Pandit Sukhlalji an âvasyak Kriya – necessary duty is an act that is meant for people who are trying hard to attain natural long-lasting happiness.

Let us discuss each of the nececary duties.

(1) Sâmâyika – the first essential duty. It means equanimity. Literally it means to be in oneness with the soul. Sâmâyika is abstinence from sinful activities. One has to dissociate oneself from acts like violence, falsity & other sinful alttitudes. It is said that to treat as equal a blade of glass & gold, an enemy & a friend, as also to develop a mind devoid of all attachment & incline towards performing proper acts, this is what constitutes Sâmâyika. According to Haribhadrasuri, detachment from attachment & aversion, that means, the act of gaining the equanimity is Samayika. It is right, faultless conduct leading to liberation. It is a balanced state of mind in the midst of life & death, loss & gain, pleasant & unpleasant events. This is the state of absorption in the soul which is equanimity.

In Short, Sâmâyika negatively implies the abandonment of sinful actions & positively, the practice of non-sinful actions. For a layman it is supposed to be observed for a duration of 48 minutes.

It is clear that Sâmaâika is the greatest spiritual duty. It relievs the aspirant of all the stress & strain & keeps him fit & healthy. Most of the diseases today are stress related & regular true practice of this act helps to bring down the Blood Pressure, Cardiac & other diseases. Apart from this practical benefits, from spiritual point of view, it is instrumental in the development of soul. The essence of Jain religion is included in Sâmâyika. It is the act of gaining equanimity. The first chapter of Âvasyaka Sutra is Sâmâyika. In reality it is to meditate on true nature of soul.

**2. Caturvimssatistava –** or praising the twenty-four Tirthankaras – Prayer of the twentyfour Jinas.

In Jainism Tirthankara is considered as God. Tirthankara occupies the highest position. Tirthankara is the Jina – the passion-free Omniscient. To recite, chant the names & to devotedly speak about the virtuous qualities of the Tirthankaras. This helps to purify the soul and it results in destruction of Karmas. Faith is recitified by purification of heart through prayer. Twentyfour Tirthankaras are therefore worthy of salutation. There is devotion. It is also known


JAIN DHARM ANE ANYA DHARMNI AAVASHYAK KRIYAO VISHESHANK 卐 JAIN DHARM ANE ANYA DHARMNI AAVASHYAK KRIYAO VISHESHANK 卐 JAIN

as Loggassa, Nama-Jina-Stava. It occupies second place in the six essential duties. It is considered as a part of daily activity of a laity. It can be recited at the temple or at home. It is also considered to be a sacred mantra consisting of Sutra. It is a form of holy contemplation of the divine characteristics. In a Jaina text it is said that mere reciting the names of Tirthankars can dstroy Karma. This stuti or stotra is significant & is recited with devotion while performing Sâmâyika, Pratikramaò, Kâyotsarga & such rites & rituals. It is said to have enormous power. It helps in shedding of Karma & purification of the soul. It has its own importance. One remembers the names of twentyfour Tirthankars from Rusabha to Mahâvira. It may lead to achievement of right faith & which is the basic of religion. Tirthankars are benefactors. They promote equanimity. A spiritual aspirant can get inspiration from Tirthankaras who are ford-makers – makers of Jain order or Doctorine. They establish Tirth & help aspirtants in the path of liberation. Hence it is significant.

**3. Vandanâ –** It is obeisance. It means offering of respectful ceremonical salutation to the Jina – the conquerer of passions. It also means salutation to deserving monks or sacred scriptures.

In the Jain text, Vandanâ is defined as the activity by mind, speech & body to express great regard for those who deserve to be worshiped. It may be said to be the process of dismissing vanity, arrogance. So it is homage to venerables. So it is veneraton of the merits, virtues of meritorious*:* Souls endowed with special qualities need to be saluted. Obesiance has fixed method. It directs the spirituals aspirant to the righteous path. It dispells ego & pride. This essential has its own benefits. It helps the soul in shedding Karmas.

**4. Pratikramaṇa –** It is the fourth essential duty. It is repentance of past evil acts. The literal meaning of Pratikramaṇa is simply to go back. From ultimate point of view, it is to move towards the true self. Its own true nature. It is an act of introspecting wrong deeds, faults, committed mentally, physically & verbally. In short, Pratikramaṇa is process of getting rid of the faults that have occured during the day due to one's neglignce. It is the return from sinful acts to virtuous act. There are certain confessional fromulae which are to be recited to retire from all kinds of violent acts committed in the past. The soul's return to its own pure of pristine state is called Pratikramaṇa. On account of Pratikramaòa a layman or a monk becomes steadfast in conduct devoid of attachment. It needs to be performed for bliss here & hereafter.

**5. Kâyotsarga –** It means giving up of body. It is to get deatched from the body in one's living state. It does not literally means renunciation of the body. It rather means to leave attachment towadrs the body. This act requires one to meditate on the pure nature of the soul or recite the auspicious mantra like Navkar Mantra or Loggassa. One who is spitirually oriented is qualified for this act. It is performed in different rites & rituals. It is a kind of Yogic act. Its purpose is to stop inflow of Karmâs and to eradicate already accumulated Karms. Thus soul is purified gradually. Jain texts discuss in detail postures etc. related to Kâyotsarga. It needs to be performed as it helps retention of the state of equanimity & helps to make the soul gradually free of impurities & steadfast in its pure nature.

6. **Pratyâkhyâna –** It is defined as avoiding all that is unfitting to retrain from commission of sins in the future. It is formal renunciation of certain activities for certain period of time. For instance, taking a vow, not to eat after sunset. The act of renuciation resultes in stoppage of Karmas. It helps to eradicate passions & one gets control over one's desires. Thus it is the practice of self restraint which helps discipline our lives. It is, therefore a stepping stone to liberation.

These are six obligatory duties to be performed by a spiritual aspirant. They are special features of Jainism. They help in maintaining physical fitness, mental equalibrium & thereby help the spiritual developmnt of the soul. It is the characteristic feature of Jainism that both knowledge & actions are required for liberation. It speaks of multidimensional character of Jainism, hence importance and significance of six necessary duties or six essentials is very high in Jain philosophy.

✷ ✷ ✷

B-14, Kakad Niketan, Derasar Lane,
Ghatkopar (East) Mumbai-400 077.
Mob. No. : 9323074422.

THE SEEKER'S DIARY

## KRAM AGAINST KARMA

'Aavashyak kram or compulsory is such a strong term and yet in the world of 'within' or 'spirituality' this strong term becomes lighter and lighter if we actually follow it to the tee.

Mandatory, compulsory, this is how it must be done, non- negotiable - Even though these words apparently seem constrictive, in its very fold lies vastness, freedom and liberation.

The discipline helps you pave your highway upon which the path to moksha and the speed of it achieved effortlessly.

We are in a time called Kalyug, Pancham aaro, ( kaal),and even as we see tremendous worldly progress, we are seeing our own natures, moral fabric being shredded to pieces. We are easily distracted, extremely fickle minded, unable to really be able to be still and sahajta and nirdoshta are even more far fetched.

So; to anyone following the 2500 year old tradition of samayik, pratikraman, poushad in any language, *Ardh Maagdhi*, *Prakrit*, *Sanskrit* , all our respects for you . I was asked to write on the everyday compulsory *dincharya* or '*Kram*' as written by Shrimad Rajchandra ji and made *Krambadh* by Prabhushri Lallu ji Maharaj. I am about to give a brief insight into it.

These are all followed in different capacities in all Shrimad Rajchandraji Ashrams like in Agas, Vavania, Rajkot, Khambat, Vadva, Naal, Uttarsandha, but I am the most familiar with the ShrimadRajchandra Mission-Dharampur as it is a place I go to the most. The minor differences if any are based on due to the changing *kshetra, samay and kaal.* And ofcourse the disciples themselves and their capacities.

I need to just give you a briefer synopsis into why I believe Pujyashri Gurudev Dr. Rakeshbhai Jhaveri and before him Param Kripadu Shrimad Rajchandra ji and his disciple Prabhu Shri ji, all the people who have contributed to this Kram chose it the way they did. – they chose a different language, simplified it, made it more understandable.

The path as written by Shrimad ji is not inspite of or overlooking the traditional Jain ritual that already is but it is a path or a 'Kram' keeping in mind how all of us in Pancham Kaal are, our actions and reactions, our thick and thin skinnedness and our mental and moral capacities are in this day and age.

This is further more simplified by Gurudevshri Rakeshbhai considering the large youth following he has. It is a 'Kram' out of sheer Karuna( compassion) of our Sadguru to give us a sugar coated pill we can easily swallow, in a language we can understand, with some flexibilities to motivate us first to willingly and happily come on to the path; then help us stay in the path and not go astray. Essentially help us inspite of us.

At Dharampur; we as of today, have a five level Sadhana, - a simple and progressive road map with small achievable milestones marked in each to help our progression on the path to disciplining our wandering mind which we choose according to our ability to commit but if we are a follower of the Ashram and want to be in the Arpit family (then we have to commit to Ankuram atleast.

If we just glance through this chart , we will realise that the first step or **Beejam** is as the word describes just to put that seed to plant the path inside you in the very beginning. - that we atleast accept and believe there is something like the Aatma and our first steps/ efforts to be on the journey to discovering it.

**Ankuram** is when the seed has started to sprout and you are beginning to feel inside you the slight small changes, and the strength of prayer.

**Parnam** is really choosing this practice with a more committed force and conviction and giving it that much of our time, energy and yourself into it.

**Pushpam** ( can be also called Vanprastha Diksha) is to physically, mentally, emotionally choosing this life all the time with genuinely little time and space involved in the sansaar by removing ourselves from saansarik activities.

Below paragraph is straight from www.shrimadrajchandramission.org website for us to know how Gurudev has planned it.

'Every soul has the same inherent power as the liberated souls. Just as a tiny seed has the potential of transforming into a vast tree, similarly each soul has the inherent potential to manifest divinity... to be God. When a seed is sowed, watered, nourished, cared for and protected, it develops into a huge tree. Similarly an aspirant who diligently follows the spiritual practices of bhakti, *satsang,* and meditation etc. as per his Guru's guidance and safeguards it with the fence of vows *(vrats)* develops spiritually and attains liberation *(Moksh)*.

The 5 stages of development in a tree are:

- The seed stage
- The sprout stage
- The leaf stage
- The flower stage
- The fruit stage

With the sole aim of the spiritual well being of all souls, Pujya Gurudevshri, out of selfless compassion, has conceived a 5-levelled journey of spiritual progress, corresponding to the 5 stages of progressive development in a tree. Thus the 5 spiritual stages are named: *Beejam, Ankuram, Parnam, Pushpam, Falam.*

Just as a fence is required for the protection of the small seed, similarly for the protection of the fragile seed of spiritual initiation, Shrimad Rajchandraji recommends in Updeshnondh - 36, the avoidance of the following:

- The *Sapta Vyasan* i.e. 7 addictions (hunting, alcohol, non-vegetarian food, stealing, gambling, adultery and prostitution)
- The *Saat Abhaksha* i.e. 7 forbidden food items (fruits of the banyan, peepal and peepla tree, *umarda*, figs, honey and butter.)
- Consuming root vegetables, eating after sunset, and consuming green vegetables

Along with this discipline, the aspirant is expected to live an honest and virtuous life.'

The first 4 levels of the *Panchdiksha Vikasyatra* is given below. (as given by Pujyashri)

| | PANCHDIKSHA VIKASYATRI | | | |
|---|---|---|---|---|
| | *BEJAM (MANTRA DIKSHA)* | *ANUKRAM DHYAN DIKSHA)* | *PARNAM NIJABHYAS DIKSHA* | *PARNAM NIJABHYAS DIKSHA* |
| *Bhakti* | *3 Paath*<br>*3 Mala* | *3 Paath, 3 Mala*<br>*Pranipat Stuti* | Morning *Ajnabhakti*<br>Evening *Ajnabhakti* | Morning *Ajnabhakti*<br>Evening *Ajnabhakti* |
| | | Evening *Devvandan*<br>*Shri Atmasidhi Shastra* | *Chaityavavdan, Devvandan* | *Chaityavabdan, Devvandan* |
| Swadhyay-Satsang | 3 hours per fortnight | 3 hours in a week. | 7 hours in a week | 14 hours in a week |
| Dhyan | -- | 15 minutes twice a day | 45 minutes in 2 sittings every day<br>Two Sadhana Bhattis in a year | 1 hour daily<br>Three Sadhana Bhattis in a year |
| Anushthan | -- | -- | Everyday 3 samayiks or 3 hours maun | Everyday 4 samayiks or 4 hours maun |

| | | | | |
|---|---|---|---|---|
| Vishesh Abhyas | -- | -- | one day in a week<br>12 hours maun (can be done in two parts) preferably with some form of tapa e.g. fruit day | one day in a week<br>12 hours maun preferably with some form of tapa e.g. fruit day. |
| Nivruti | -- | -- | -- | Minimum 125 days stay in *nivrutti kshetra*·<br>Minimum 9 hours of *seva-sadhana* during *nivrutti* days During *nivrutti* days: Observe complete celibacy.<br>Abstinence from business activity and eating after sunset. |
| Prayashchit | *Besnu* or 2 *tunks.*·<br>(i.e. 2 meals a day) | *Besnu* or 2 *tunks.*·<br>11 times recitation of *Kshamapna* | *Besnu* or 2 *tunks.*·<br>11 times recitation of *Kshamapna.*<br>500 written *japas* of the *mantra* - 'Sahajatmaswaroop Paramguru'. | *Besnu* or 2 *tunks.*·<br>11 times recitation of *Kshamapna.*<br>500 written *japas* of the *mantra* - 'Sahajatmaswaroop Paramguru' |
| | For any reason if your *sadhana* (spiritual practices mentioned above) is done in advance there is no need for *prayashchit* | | | |
| Avadhi Duration | Lifelong | Lifelong | If lifelong–<br>then *'Dikshit'* (Initiated)<br>If for 1 year –<br>then *'Abhyasi'*<br>(In practice) | If lifelong–<br>then *'Dikshit'* (Initiated)<br>If for 1 year –<br>then *'Abhyasi'*<br>(In practice) |
| Eligibility | -- | -- | Read the *Vachanamrutji*minimum once | (For lifelong Diksha)·<br>Vanprastha Abhyas for minimum one year ·<br>Read the *Vachanamrutji* minimum twice |

In a further description, what are these Paath or Aajnabhakti that we are doing.

3 Paath consists of two Pad and one Kshamapna letter written by Param Kripadu Dev in Vachnamrutji ( the sacred text studied , followed in Dharampur- our foundation.)

The first pad' Shri Sadguru Bhakti *rahasya*' is only and only looking at our own *dosh* and repenting or *prayashchit* , which would also enable us ultimately to always look within. ( Our flaws not only of this birth but of lifetimes, questions our belief systems, our *anadi sanskars*). The second is ' Shri Sadguru Mahatmya(to really instill in us the importance of a Sadguru and third is Kshamapna is asking for forgiveness to the divine ( Guru, Bhagwan and our own pure souls) that we have forgotten and help us back in our path.

The three Malas are of ' Sahaj Aatma Swaroop Param Guru'
' Param Guru Nirgranth Sarvagna Dev'
and ' Aatam Bhavna Bhaavta Jeev Lahe Keval Gyan re.'

The words are self explanatory but the *gahanta*, the depth of these can be understood by listening to their explanations . But the most important part of these mantras is that they are considered 'Agori Mantra' so one can say them anywhere and anyhow unlike the kind of shuddhi required for a Navkar Mantra because in it you are addressing the Siddhs and the Arihants , one has to be sure that we dont do *aashadhna* . While in the above three mantras because it is only about one's pure soul versus one's ignorant self, one can do it anywhere.

Kram kriya rituals had become a habit for many and was being performed without any thought or belief. Many times it feels that we perform pooja, do samayik, pratikraman so mechanically without being involved in it. Our mind wanders and we are not benefitting or achieving anything.

I had so often taken up the traditional disciplines and given up exactly because of this. It all seemed waste of time. Where was my inner peace o*r shuddi*. ? The mind questioned the purpose of it all.

And then when I would hear in satsang about the innumerable life and deaths one has been through and one sees the effect of ones bad karma around - I would scamper back out of fear to the same pooja and kriya since that's what we were taught since childhood - it's wired in our brains( sanskars) and we don't know better. Kram is not a magic wand that will make your karma disappear; nor is it like a crutch to hold on to out of fear of falling ,instead it is a walking stick to help tread and trudge ahead on the path.

Pujya Gurudev is helping change that by implanting and providing small achievable goals which anyone can easily do and more importantly everyone can understand the meaning and thus by it feel motivated to move on to different levels. Once they move ahead they keep feeling the benefit and that acts as a further proof of the effectiveness and thus motivates and most importantly empowers one.

As Gurudevshri often says – All this is not going to take away your karma – but it can certainly take away the effect of the karma.

Kram empowers us by building our power against karma, strengthening our immunity against *kashays.* Facing them in bad times without losing ground and progressing ahead on the journey during normal days.

Kram is my tool to increase my *shakti* and *ulhas* instead of a panic button or an escape pod to rush into to protect myself from what I don't wish to face.

Inculcating the habit of sitting still for a few minutes daily and progressing to staying away from the outside world and rooting within oneself. Learning to overcome ones moods by switching from *gnyan maarg* to *bhakti maarg* and vice versa and thus instead of leaving the path you are just changing gears until one learns to master over moods.

Reading scriptures and growing your gnyan which increases *aho bhaav* for Tirthankar Dev and Jin dharma. And participating in Bhakti to express the same. Two wheels of the same cart - not two carts.

We are following the same Jina path - there are no two ways nor is there any short cut. But now it feels like travelling rather than wandering. It's not out of fear of losing out and inviting the wrath of karmas but to create your own strength within and learning to withstand the karmas objectively instead of reactively

(In case anyone wishes to take this *sanyam* Marg, there are ways to do it. In Dharampur Ashram , Gurudev himself initiates one into it with proper guidelines and force. Agas Ashram has a room dedicated to take Aagnya. Please forgive me if I have said anything virudh to Guru Aagnya. This is just a tiny glimpse into this world. Michhammi Dukkadam if I have unknowingly made any error, omission, addition, half truths on my part. )

Reshma Jain
The Narrators
Tel: +91 99209 51074
Email : reshma.jain7@gmail.com

**JAIN MYTHOLOGY**

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

**LESSON – 7 (2)**

□ DR. KAMINI GOGRI

## TEMPORAL CYCLES IN JAIN SYSTEM

According to Jainism, not only is the Universe eternal, the time is also conceptualized to be eternal implying that it has no begining and no end. According to the Jain belief, the human life simply goes through a series of paradisiacal to catastrophic periods back and forth, in a well-defined cyclical manner like that of a pendulum. These endless temporal cycles are devided into two parts, the *avasarpini* (regressive half) and the *utsarpini* (progressive half). Each part lasts for 10 Kodakodi-sagars. The unit of Kodakodi-sagar is use in scriptures to measure a vast period of time, which is equivalent to large but finite number of years. Each of the *avasarpini* and the *utsarpini* is further subdivided into six time stages, known as *kala* or *yuga*. During the *avasarpini*, the six kalas characterized with the descending order of happiness, are as follows:

1. *Susama-susama* (Extermely happy) – Not fit for *moksa*.
2. *Susama* (Happy) – Not fit for *moksa*.
3. *Susama-dusama* (More happy than unhappy)– Fit for *moksa*.
4. *Dusama-susama* (More unhappy than happy)– Fit for *moksa*.
5. *Dusama* (Unhappy) – Not fit for moksa.
6. *Dusama-dusama* (Extremely unhappy) – Not fit for *moksa*.

Attainment of *moksa*, i.e., liberation of the soul, is not considered possible from extreme conditions of either happiness or unhappiness.

### Transition from Avasarpini to Utsarpini Cycles, and Their Natural Progression.

Prior to the end of the *avasarpini*, there is a mention of a brief period of 49 days which feels like a period of complete destruction of all living beings caused by devastating storms, winds, heat and rain. It is also stated that during this period of time, a large population moves to safe areas with the guidance of devas and Indras, and the cycle of *utsarpini* starts, with level of happiness increasing from sixth *kala* to first *kala* (i.e. from *dusama-dusama* pan of time *susama-susama* span of time). It should be noted that no god or tirthankara is inplicated in the movement of these temporal cycles, either as creative force or in an overseeing role. Human beings and other living creatures are repeatedly born under the impulse of their own deeds and actions.

### Formation of Class System by the First Tirthankara

The era of Bhogha-bhumi ended towards the end of the third kala of susama-dusama, and with that the efficacy of the kalpa-vrksas went down, human population started to insrease, and the society became disorganized and incapable of self-sustenance. The first *tirthankara, Risabhnath*, prior to his renunciation, introduced agriculture, a legal code, and the institution of monarchy and the path of spiritual liberation. Thus, in the Jain's viewpoint, *Risabhnath* was responsible for laying the formation of organized social living. He trained people in basic living skills, construction and business, and created a class system. People who undertook construction and similar work were called *sudras*, and those who adopted trade and business were called *vaisyas*. People who fought against enemies external and internal, as well as spiritual, were termed as *ksatriyas*. They were required to possess strong physique and self-discipline in order to withstand the severity of the self-adopted austerities, penances and adversities faced by them. This is stated to be reason that all of the 24 tirthankars were born in *ksatriya* families.

### Bharat *Cakravati* and Class System

After Lord *Risabhnath's* renunciation, *Cakravati Bharat*, one of the hundreds sons of Lord *Risabhnath*, is said to have been the First emperor of this land. He inculcated the spirit of charity and kindness, and laid down a daily routine of healthy activities and religious practices. He established a new class of Brahmans (in addition to the other three classes established earlier by Lord *Risabhnath*), who were well

versed in religious theory and practice. With the rising influence fo Brahmanical system, the original class system disappeared, and was replaced by a strongly segregated caste system. Faithful to the principle of non-violence, the followers of Jainism largely remained confined to the vaisya class in fact, one does not find the closed, conservative and narrow caste system as prevalent among the Jains as it had been in a certain section of Hindu community.

**The Unhappy Fifth and Sixth *Kalas***

The fourth *kala* of *dusama-susama* ended 3 years and 8 ½ months after the *nirvana* of Lord *Mahavira* – the last 24th tirthankara. Thus, we are already about 2,500 years into the fifth *kala*. During the unhappy fifth and sixth *kalas* in our world, spiritual knowledge and power of saints in all religions, as well as self-discipline and general character of people gradually diminishes with time. The struggle for living, stress and suffering go on increasing during the *dusama* and *dusama-dusama kalas* in both the *avasarpini* and *utsarpini* time cycles. In such suffering dominated periods no tirthankars are born.

**Environmental Pollution if Fifth and Sixth *Kalas***

If one attempts to rationalize things and situations mentioned above, they could have been caused by diverse natural causes, as well as, human activites. In recent years, great concern has been shown towards global warming. Recently, it was reported in the *New York Times* that the earth's surface temperature has risen by one degree Fahrenheit since 1900. Based on a new generation of computer studies, scintists on a U. N. Panel Climate Change have confirmed that human activities such as, burning of wood, oils and coal, which releases carbon monoxide into the air, is atleast partly responsible for the so called greenhouse effect, or warming of the earth's atmosphere. At a U. N. Climate Conference in April 1995, held in Berlin, the panel proposed that the emissions of heat-trapping gases must be cut by 60 percent to reverse the eventually catastrophic effects of global warming. With this awareness, it is apparent that humans on this earth will have to make adjustments in their life style, and take resort to using safer energy sources such as hydro-electric, solar, geothermal, wind and nuclear fusion. However, with the fast industrial growth on global scale and other factors not known to us as yet, reduction in industrial and developmental activities, needed for the reversal of the global warming may not be achieved, and the rate of increase in earth's temperature might at best be negligibly slowed down. It would then seem natural that changes in a physical structure and other characteristics of humans, as projected in Jain scriptures, could occur to adapt to the increasing temperature of the earth and other variations. But, with the increase in the earth's temperature, sea-level will rise, ecosystems disrupted, deserts expand and storms become more frequent and violent. The conditions at their extreme levels, could be correlated with the end of the *avasarpin*i era of the tine cycle.

It would be appropriate to note that destruction of trees and vagetation, production of waste and growtth of pollution are considered as forms of violence in Jainism. Also, the Jain vow of non-possession (or non-acquisitiveness) implies abstinence from consuming nature's resources beyond the satisfaction of one's bare minimum needs.

**The Jain Concept of the Universe**

The geography of the universe has been described in details in Jain scriptures. Though, it is said to have similarities with the geopgraphy accepted in the *Vedas*, the description does not seem to easily match the geography of the world as we know it today. Also, the duration of time assigned to various *kalas* appears to greatly exceed the age of the earth, which is about 4.6 billion years based on recent astronomical estimates. It is probable that we might learn new truths about the origin of the earth, and that's the estimate about the earth's age could change, as better techniques are developed to understand the astronomical phenomenon. Geographical details of the Jain Universe are mentioned in Jinendra Varni's ***Jainendra Siddhant Kosh,*** Volume III. However, the subject is still open for Jain researchers to seek explanation as to how the Jain concept of the Universe can be corroborated with the Universe as known today.

Based on the Jain scriptures, the Universe is a three dimensional space, which is again very vast in size but has finite dimensions. It has a shape like that of a man standing in an akimbo position, with legs apart and the two arm resting on both sides of his waist with elbows stretched out. It is divided vertically in three tiers, The upper tier, called *urdva-loka,* consists of sixteen heavens where various Indras reside. The Indras and *devas* are human-like individuals who

achieve their divinity through good deeds, and possess a higher level of knowledge and transuniversal powers of communication. They are stated to become instruumental in inspiring and providing guidance to human beings in extreme situations.

All of the world's where human activity and liberation of soul are feasible, lie in the middle tier, which is called *Madhya-loka*. There are said to be countless worlds in the *madhya-loka*, arranged in concentric rings surrounding a central island, of which each ring is separated by water. The land area of each world is stated to be twice that of its preceding inner ring world. Each world is supposed to have an indentical arrangement of continents and bhumis, the number of continents and *bhumis* being twice of those in the preceding world on the inner ring. The lower tier, called *adho-loka* is an analogue to hell. It is further subdivided into seven hells. Details of the dimensions and other physical features of all three lokas can be had from the scriptures.

**Conclusion**

Accoridng to the Jain scriptures, Jainism is believed to be everlastng; it always existed and will continue to exist. Human life goes through a series of paradisiacal to catastrophic periods back and forth, in a well-defined cyclical manner. We are currently in a *dusama kala* (fifth stage of time) of the *avasarpini*, where unhappiness will continue to increase with time until the end of the *dusama-dusama kala* (sixth stage of time). In our current stare of life styles, it is difficult to comprehend spcecific details of the life span, physical structure and self-sustained life of human beings during the first three kalas of extreme happiness. But, at the same time, it can be self-deluding to assume that we have perfected our knowledge in the physical and metaphysical sciences. It's only during last half of the century that we have gathered evidences revealing the age of the earth and the age of man. As we continue to perfect our knowledge in physical and metaphysical sciences, we hope to find evidence to rationalize it with the historical and/or conceptual details described in the Jain scriptures.

The legendry history of Jainism pertains to detailed description of the 63 *salaka purusas* (most illustrious men) born during the fourth *kala*, which included the 24 *tirthankar*s. Each *tirthankara* invigorated the spiritual faith and preached the path for purification and liberation of soul. All the *tirthankars* had striking similarities in their birth, renunciation from worldly life and the path they followed to attain *kevala-jnana* (absolute knowledge). It is note-

SHRAVAKA KATHA

## CHAMPA SHRAVIKA

Champa Shravika was a Jain lady staying at Fatehpur Sikri. She was a typical religious lady performing her daily puja ceremonies. Like Mira of Mevad she was famous for her devotion amongst Jain community. Ofcourse she has not composed devotional songs. She had good faith in her guru Sri Vijayhirsuriji. She used to observe many penances. Once she decided to observe fast for six months. Since then she became famous and people used to go for her darshan. The two secretaries Thansing and Todermal of king Akbar were nephews of Champa Sravika. They had decided to celebrate their aunt's penance by having a procession. A great procession was arranged and many people joined it. Even the king Akbar happened to see the procession. He was impressed by it and inquired about the reason of the procession. He could not believe that a person can remain hungry for such a long period. Afterwords he asked the secretaries about the reason behind this. They said, `Such type of fasting is possible only with the grace of god and faith in him. Still the king could not believe it. He ordered her to stay in the palace and observe her penance. Champa was bold enough to stay in the palace and observe her penance as per her desire.

After observing Champa in the palace the king was really surprised. since then the king considered her as his sister and asked her the reason of her penance. How could she servive without eating anyhing? She had a strong faith in her guru. So she told the king, It is possible only with the grace of my guru that I can observe this penance. `The king was impressed by her answer and invited her guru at the palace. Even the guruji accepted it gladly and came to Agra. The king was so much impressed by the Jain guruji that he ordered the slaughter houses to be kept closed for six months.

The penance of one Jain lady was the cause of such an important event of history

worthy that the basic ideology of Jainism has not changed much since the first *tirthankara Risabnath*.

The Vedic system, having the same goal of liberation of soul, appears to have emerged in the era of *Bharat Cakravarti*, the son of first *tirthankara Risabnath.* The *sramana* philosophy (currently known as the Jain philosophy), with no expectations of any kind from any God-like individuals, stressed on renouncing the householder's life in the search of liberation. The Vedic and later Brahmanical systems concentrated on the theory of sacrifice and the praise of the Gods. Attepmpts to reconcile the two approaches by several prominent kings and salaka purusas are cited in the historical literature. Jain logic propounded the theroy of *Anekantvada* (multiplicity of viewpoints) and the Brahmanical tradition propagated tolerance and respect for all faiths. The fact that the 63 *salaka purusas* in the *sraman* tradition included many of the Risis and avatars (replicates of God) of the Vedic and Brahmanical traditions and that the references to tirthankars exist in the Vedas and Upanishads suggest that the followers of the two traditions had mutual respect for one another.

Both the *sramana* and the Brahminical systems coexisted and had been preaching the path of liberation in their own separate ways. But, during the period between *Parsvanath* and last the 24th *Tirthankara Mahavira*, animal killing for the purpose of making sacrifices in the vedic *yajnas* and other forms of violence had become so wide spread that the followers of the *sramana* faith distinguished themselves by practicing the principle of *ahimsa* (non-violence in thought, speech and action) in their personal behaviour, as well as their daily life routine. *Tirthankara Mahavira* raised the message of ahimsa sky-high and spread it to the world in the glorious way and powerful manner.

**[To be continued]**

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019.
Mobile : 96193 / 79589 / 98191 79589
Email : kaminigogri@gmail.com

## The Story of Puniya Sravaka and his Samayika Vrata

In the city of Rajagrihi a Jaina Sravaka Punamchand Sheth more known as Puniya Sravaka was living happily with his wife. Being a great devotee of Mahavira, he used to listen his sermons daily. The couple decided to walk on the path of salvation with the help of three jewels- Right knowledge, right perception and Right conduct. They donated their wealth and used to keep themselves in highest Samatabhava. Both were observing fast alternate day and performing first Avasyaka- the samayika-vrata followed with contemplation of 12 Bhavanas. For family income both started preparing Punis from the cotton. With this ethical income and purity of mind they were happy.

In samayika-vrata, sadhaka is taking vow of being an ascetic for 48 minutes. During this period he is like a sadhu therefore in this vrata he holds a Pratilekhana whenever he has to walk or to stand. During this period he is in total Samata-bhava with cool and calm mind. Here a sadhaka attains transequality of mind, speech and body. All the philosophical systems in India accept the importance of Vratas as the first step towards Samadhi i.e. eternal bliss. Once the couple heard about 'Sadharmic bhakti' from Mahavirasvami. They started inviting people with honour and devotion and offering meals. By this way they gathered more auspicious karmas.

One day King Shrenik visited Puniya Sravaka as advised by Mahavira, to get the benefit of his Samayika against very attractive offer of jewels. Bhagavana Mahavira wanted to show him the real valuation of SAMATA in comparison of JEWELS. The king requested to sell him Samayika in favour of jewels, but Puniya explained that Samayika is not a material but it is a ritual performed with great devotion and contemplation of 12 Bhavanas viz. Ekatva, Anyatva, Bodhi-durlabha, etc. This way Sadhaka is marching on spiritual uplift leaving behind Kashayas, Mithyatva and ill thought.

King Shrenik on being enlightened went to Samavasarana of Mahavira. He understood the real concept of meditation that it is not mere a ritual but it increases Samatabhava in follower by which soul can reach to Moksa.

## SamayikaVrat of PuniyaSravaka - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Puniya Sravaka, a devotee of Mahavira, donated his all wealth after listening the sermons of Mahavira. Then couple started performing first Avasyaka -Samayika keeping highest Samatabhava with contemplating 12 Bhavanas. He and his wife makingPunis out of cotton.



Both were very happy with their ethical income. They started inviting people with honour and devotion and offering meals as the mark of **'Sadharmic Bhakti'.**



Once king Shrenikvisited PuniyaSravaka to get his Samayikas against very attractive offer of jewels as advised by Mahavira to show him the real value of SAMATA. Puniya explained that Samayika is not a material but it is a ritual performed with great devotion and contemplation of 12 Bhavanas viz. Ekatva, Bodhi-durlabha etc.



The king Shrenik enlightened & went to Samavasarana of Mahavira. He understood the real concept of meditation that it is not mere a ritual but it increases Samatabhavain follower by which soul can reach to Moksa.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પર્યુષણ વ્યાખ્યાનમાળા–૨૦૧૫

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૮૧ મા વર્ષે પ્રવેશે છે.**

**ગુરૂવાર, તા. ૧૦-૯-૨૦૧૫ થી ગુરૂવાર તા. ૧૭-૯-૨૦૧૫ સુધી રોજ બે વ્યાખ્યાનો.**

**સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**

**પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫.**

**પ્રમુખ : ડૉ. ધનવંત શાહ**

| દિવસ તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| ગુરૂવાર - ૧૦-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. છાયાબેન શાહ | શ્રી કલ્યાણ મંદિર અને શ્રી નમિઉણ સ્તોત્રનું રહસ્ય |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | બ્રહ્મકુમારી ગીતાદીદી | ભક્તિ કા પ્રભાવ |
| શુક્રવાર - ૧૧-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. અભય દોશી | શ્રી બૃહત્ શાંતિ અને અજિત શાંતિ સ્તોત્રનું રહસ્ય |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. વીર સાગરજી | આત્મા હૈ હી |
| શનિવાર - ૧૨-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | ભાણદેવજી | બૌધ્ધ દર્શન |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | ભારતીય અને પાશ્ચાત્ય દર્શનમાં આત્મા પરમાત્મા |
| રવિવાર - ૧૩-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. સુબ્રમણ્યમ સ્વામી | રાષ્ટ્ર મેં ધર્મ, ધર્મ મેં રાષ્ટ્ર |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | મારે જૈન થવું છે, મારે શું કરવું ? |
| સોમવાર - ૧૪-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | જાગૃતિ ઘીવાલા | આપણું જીવન અને જૈન ધ્યાન |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | સુરેશ ગાલા | જૈન ધર્મ અને ભગવદ્ ગીતા |
| મંગળવાર - ૧૫-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | સોનલ પરીખ | મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | યોગી અમરનાથજી | મન અને સાધક |
| બુધવાર - ૧૬-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | મનીષ મોદી | 'સમાધિ તંત્ર' કા રહસ્ય |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | વલ્લભભાઈ ભંશાલી | મહાવીર કા સચ્ચા માર્ગ |
| ગુરૂવાર - ૧૭-૯-૧૫ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રાહુલ જોષી | ઉવ્વસગ્ગહરમ્ સંગીતમય ગાન |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | સવ્વે જિવા ખમંતુ મે...છે ખરૂં ? |

**સંચાલન : ડૉ. સેજલ શાહ**

**ભક્તિ સંગીત : સવારે ૭-૩૦ થી ૮-૨૫. સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ અને ડૉ. કામિની ગોગરી**

**ભક્તિ સંગીત રજૂ કરશે :** અનુક્રમે ૧. અયોધ્યાદાસ, ૨. સાધના શાહ, ૩. ઉષા ગોસલીયા, ૪. ગોપી શાહ, ૫. મોના શાહ, ૬. કાનન કોટેચા, ૭. શર્મીલા શાહ અને ૮. ગૌતમ કામથ.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમજ ભક્તિ સંગીતની સી. ડી. **સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર (દિલ્હીવાળા)** તરફથી વ્યાખ્યાનના બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com પર આપ સાંભળી શકશો.

**સંપર્ક : હિતેશ માયાણી-મો. નં. ૯૮૨૦૩૪૭૯૯૦.**

**તા. ૧૦-૯-૨૦૧૫ના ડૉ. રશ્મિબેન ભેદા અને ભારતીબેન શાહ સંપાદિત, 'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ પ્રસંગે પ્રગટ કરેલ 'જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ વિશેષાંક'નું જિન શાસનને સમર્પણ.**

**આર્થિક સહાય માટે આ વરસે ઝૂંપડપટ્ટીના બાળકોને શિક્ષણ આપતી રાજકોટની સંસ્થા 'વિશ્વનીડમ્'ની પસંદગી કરેલ છે.**

**૧૯૮૫ થી અત્યાર સુધી ગુજરાતની ૩૦ સંસ્થાઓને રૂા. ૫,૧૯,૩૯,૨૪૮ નું અનુદાન પહોંચાડ્યું છે.**

**'વિશ્વનીડમ્' સંસ્થાને આર્થિક સહાય કરવા દાતાઓને વિનંતિ.**

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| જગદીશ ઝવેરી | નીતિન સોનાવાલા | ચંદ્રકાંત સી. શાહ | નિરૂબેન એસ. શાહ<br>ધનવંત શાહ | વર્ષાબેન શાહ |
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ | સહમંત્રી |

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.